★
★★

"યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ તત્ત્વવિત્. સામાન્ય વાંચનાર જડ જગત અને તેની સ્થૂલ વસ્તુઓમાં બંધાઈ રહ્યો છે, અને કિવસૃષ્ટિનું તત્ત્વ એ જડ અને એ સ્થૂલ "નામરૂપ"થી પર એવી અન્ય કોઈ વસ્તુ છે, જે વધારે ખરી છે, વધારે જીવંત છે, વધારે તેજોમય છે, વધારે હિતકર છે, શાશ્વત છે, એકરસ છે, સર્વવ્યાપી છે. સામાન્ય વાંચનાર ખરે જ 'સામાન્ય' રહે ત્યાંસુધી તેને આમાં ક્યાંથી ગમ પડે! એવા વાંચનારે આ **સાક્ષર જીવન** જેવા નિબંધ આગળ હાથ જોડીને વિનમ્ર શિષ્યભાવે આવવાનું છે. આમાં બોધેલી 'સાક્ષરદૃષ્ટિ' કે સંસ્કારી મનોમય સૃષ્ટિ કે "સરસ્વતીનું મનોરાજ્ય" કિવસૃષ્ટિની તત્ત્વદૃષ્ટિનો જ એક રૂપસુંદર અવતાર છે...

આ નિબંધ કર્તાએ પોતાના જ્ઞાનયોગવિહાર તરીકે લખ્યો નથી. ઉત્તમ અધિકારીઓના કરતાં કર્તાએ આ પોતાની દલીલો દૃષ્ટાન્તો અને અવતરણોની રચના ખાસ કરીને મધ્યમ અને કનિષ્ઠ અધિકારીઓને માટે કરેલી છે, અને તેથી આમાં સાક્ષરદૃષ્ટિનો વિકાસક્રમ અમૂર્ત વિચારો-રોહથી નિરૂપવાને બદલે સ્થૂલ અને આકર્ષક પ્રતિહાસો અને જીવનચરિતો વડે વર્ણવ્યો છે... નિબંધ જે વડે આદિથી અંત સુધી સુગ્રથિત છે તે **સાક્ષરદૃષ્ટિના વિકાસ સ્વરૂપ અને ફલની સાંકળ** એના દરેક ભાગમાં એકસરખી દૃઢ અને સ્પષ્ટ છે...."

★

—બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

સાક્ષર જીવન

# સા. ક્ષ. ર જી વ. ન

★

પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના
પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાન સાથે

★

## ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

પ્રવેશક તથા ટિપ્પણ
બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

•

રૂ. ૩. ૭૫

પ્રકાશક:
ફાર્બસ ગુજરાતી સભા : મુંબઈ
મુખ્ય વિક્રેતા:
એન. એમ. ત્રિપાઠી પ્રાઈવેટ લિમિટેડ
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ – ૨

"આપણી પ્રાચીન આશ્રમ વ્યવસ્થા નામશેષ થઈ છે, અને વર્ણવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. એ વ્યવસ્થાઓને અંગે જે નાનીમોટી વિધિનિષેધની આજ્ઞાઓ હતી તેમાંની આપણે થોડી જ પાળીએ છીએ, થોડી જ પાળી શકીએ એમ છે...ટૂંકામાં, સુધારક સામેનો 'શુ-ઉદ્ધારક' પક્ષ જે જીર્ણોદ્ધારની સંતોષક રીતે ભલામણ કરે છે, તે શક્ય જ નથી... હાલ આપણા સમાજમાં મનુષ્યની ઉચ્ચ પાત્રતાની દૃષ્ટિએ જેને પામર અથવા પાશવ કહેવા પડે એવા જ વિત્તવ્યાપાર અને પ્રજાવૃદ્ધિવ્યવહાર પ્રવર્તે છે. આપણા નામના બ્રાહ્મણ ક્ષત્રિય અને વાણિયાની અસંખ્ય નાતજાતો ધર્મને ઠેકાણે આ અધર્મ જ આચરે છે, અને ઉપરાંત પોતપોતાના "વર્ણધર્મ"ના ગુમાનમાં મસ્ત છે, આવી અધોગતિ અને અવ્યવસ્થામાંથી રાજ્ય પણ આપણા સમાજને તારી શકે એમ નથી...આવી અધમ સ્થિતિમાંથી તરવાને માટે આપણા સમાજને બીજા સમાજોના કરતાં સાક્ષરજીવનના સેવનની સવિશેષ જરૂર છે, કારણ કે હાલની અધોગતિની ચિકિત્સા કરવી અને તેના વિજયી નીવડે એવા ઉપાયો યોજવા એ તો લોકજ્ઞ, તત્ત્વદર્શી હિતેચ્છુ અને સર્વમાન્ય સાક્ષરજીવનથી જ થઈ શકે એમ છે."

—બ. ક. ઠાકોર

સદ્‌ગત ગોવર્ધનરામનું પહેલી સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાનેથી અપાયેલું વ્યાખ્યાન પ્રેરક અને અનેક દૃષ્ટિએ મનનીય છે. સાહિત્ય પરિષદે કરવાના કાર્યની દિશા સૂચવવા ઉપરાંત આ વ્યાખ્યાનમાં ગુજરાતના ઐતિહાસિક યુગોના નિરૂપણ સહિત ગુજરાતી સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસને સાંકળી લેવાયેલ છે. ગુજરાતી સાહિત્યના ઉદય પહેલાં કેવું સાહિત્ય, કઈ ભાષામાં હતું? નરસિંહ અને મીરાંની ભક્તિ-જ્વાળાઓ ક્યાંથી પ્રગટી? જેવા પ્રશ્નો આ જ વ્યાખ્યાનમાં સાક્ષરસત્તમને હાથે ચર્ચાયેલા હોવાથી ઇતિહાસદૃષ્ટિએ આ વ્યાખ્યાનનું મૂલ્ય જેવુંતેવું નથી. સાહિત્યનો ઇતિહાસ રચવા માટેની સાચી દૃષ્ટિ આ વ્યાખ્યાનમાં આપણને કદાચ પહેલી જ વાર પ્રાપ્ત થાય છે.

# ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

☆

નડિયાદમાં નાગરજ્ઞાતિમાં જન્મ તા. ૨૦-૧૦-૧૮૫૫ (વિજયાદશમી:સં. ૧૯૧૧). વિદ્યાર્થીકાળમાં શ્રી. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીના નિકટ સંપર્કજન્ય સંસ્કારોપાર્જન.

૧૮૭૫માં બી. એ. થઈ સંકલ્પ કર્યો કે એલએલ. બી. થઈ વકીલાત કરવી પણ કોઈની નોકરી કદી કરવી નહિ અને લગભગ ૪૦મે વર્ષે ધંધામાંથી નિવૃત્ત થઈ, શેષ જીવન સાહિત્ય દ્વારા જનસેવામાં ગાળવું.

પરિણામે કચ્છ વડોદરા અને બીજાં રાજ્યોમાં અનાયાસે અને આગ્રહપૂર્વક મળતી મોટી નોકરીઓનો અસ્વીકાર કર્યો.

૧૮૮૩માં એલએલ. બી. થયા અને ૧૮૮૭માં 'સરસ્વતીચન્દ્ર' ભાગ ૧ લો પ્રગટ કર્યો: ૧૮૮૪થી મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત: ૧૮૮૯માં 'સ્નેહમુદ્રા' અને ૧૮૯૨માં 'સરસ્વતીચન્દ્ર' ભાગ ૨ જો છપાયો. ૧૮૯૪માં Classical Poets of Gujarat વિશે વ્યાખ્યાન આપ્યું.

૧૮૯૮માં વકીલાતમાંથી નિવૃત્તિ: અને 'સરસ્વતીચન્દ્ર' ભાગ ૩જો બહાર પડ્યો. ૧૯૦૧માં 'સરસ્વતીચન્દ્ર' ભાગ ૪ થો અને ૧૯૦૫માં 'લીલાવતી જીવનકલા' ગુજરાતને મળ્યાં.

૧૮૯૬થી ૧૯૧૦ના દેઢ દાયકામાં 'સમાલોચક' અને 'વસન્ત'માં તેમના અભ્યાસપૂર્ણ લેખો વિદ્વાનોને આકર્ષતા, જેમાંથી કેટલાક 'સાક્ષરજીવન' રૂપે પાછળથી પુસ્તકાકાર પામ્યા.

૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનના પ્રમુખપદે વરણી. 'નવલરામનું કવિજીવન' અને 'દયારામનો અક્ષરદેહ' લખી અર્પિતપણું કર્યું.

૧૯૦૨માં અમદાવાદમાં મળેલી કોંગ્રેસની બેઠકમાં સક્રિય ભાગ લીધો. બંગભંગના પ્રત્યાઘાતરૂપે જાગેલી સ્વદેશીની પ્રવૃત્તિને વેગ આપ્યો.

૧૯૦૭ની તા. ૪થી જાન્યુઆરીના સાયંકાળે મુંબઈમાં તેમના પરમમિત્ર પ્રો. ગજ્જરના બંગલામાં ગુજરાતના આ પ્રથમ પંક્તિના લેખક, વિચારક, કવિ અને તત્ત્વચિંતકનું 'વિનશ્વર શરીર કાળધર્મને પામ્યું'.

★

# સાક્ષરજીવન

*

પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના
પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાન સાથે

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

પ્રવેશક તથા ટિપ્પણ
બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

પ્રકાશક
ફાર્બસ ગુજરાતી સભા : મુંબઈ

મુખ્ય વિક્રેતા
એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

સાક્ષરજીવન
પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના
પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાન સાથે

कुलं पवित्रं जननी कृतार्था वसुन्धरा पुण्यवती च येन



સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

જન્મ : સં. ૧૯૧૧ વિજયાદશમી
તા. ૨૦મી ઑક્ટોબર ૧૮૫૫

અવસાન : સં. ૧૯૬૩ પોષ વદ ૫
તા. ૪થી જાન્યુઆરી ૧૯૦૭

# સાક્ષરજીવન

પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદના
પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાન સાથે

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

પ્રવેશક તથા ટિપ્પણ
બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

પ્રકાશક
ફાર્બસ ગુજરાતી સભા : મુંબઈ

મુખ્ય વિક્રેતા
એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

પ્રથમ આવૃત્તિ : ઈ. સ. ૧૯૧૯ વિ. સં. ૧૯૭૫
બીજી આવૃત્તિ : ઈ. સ. ૧૯૫૮ વિ. સં. ૨૦૧૪

રૂા. ૩ : ૭૫

| મુદ્રક | પ્રકાશક |
|---|---|
| મણિલાલ છગનલાલ શાહ | પ્રવીણચન્દ્ર છ. રૂપારેલ |
| નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ | સહાયક મંત્રી |
| નોવેલ્ટી ટૉકિઝ પાસે | ફાર્બસ ગુજરાતી સભા |
| ઘીકાંટા રોડ | ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ |
| અમદાવાદ | મુંબઈ-૪ |




## પ્રસ્તાવના

મારા પિતા—સદ્ગત રા. ગોવર્ધનરામના અપ્રસિદ્ધ લેખો ગુજરાતી પ્રજા સમક્ષ મૂકવા અનેક દિશાઓમાંથી મને ઘણા સમયથી વારંવાર કહેવામાં આવ્યાં કરે છે. સરસ્વતીચંદ્રની નવલકથાનાં લેખક તરીકે મારા વડીલે ગુજરાતની પ્રજા પાસે જે અનેક ભવ્ય આદર્શો અને નવી વિચારસૃષ્ટિ ઊભાં કરી લોકપ્રીતિ અને અસાધારણ સન્માન મેળવ્યાં છે તેના જ પરિણામે આ માગણી થાય છે એ સહજ સમજી શકાય તેમ છે. ૧૯૦૭ના તેમના સ્વર્ગવાસ પછી ગુર્જર પ્રજાએ તેમની નવલકથાનો કંઈક વધારે પ્રમાણમાં સત્કાર કરવા માંડ્યો છે એ સદ્ગતની કૃતિ માટે પ્રજાના વધતા જતા પ્રેમનું જ ચિહ્ન છે. સરસ્વતીચંદ્રની નવલકથાદ્વારા સ્વર્ગસ્થે ગુર્જરપ્રજામાં જે સ્થાન મેળવ્યું છે તેની વીગતમાં ઊતરવાનું મારું કર્તવ્ય નથી, પરંતુ સાક્ષરજીવન પ્રસિદ્ધ કરવા મારા મને મને જે આગ્રહ કર્યો છે તેનાં અનેક કારણોમાં એ વસ્તુસ્થિતિની મને થયેલી પ્રતીતિ મુખ્ય છે.

સાક્ષરજીવનના આ લેખનો લેખનકાળ સત્તર અઢાર વર્ષ પૂર્વેનો છે. સમાલોચક (ત્રૈમાસિક)માં થોડે થોડે તે પ્રસિદ્ધ થતું હતું અને વિધિના ક્રૂર પંજાએ સ્વર્ગસ્થના એ જીવનસમયમાં અંતરાયો ના નાંખ્યા હોત અને પછી જીવનને ટુંકાવી ના નાંખ્યું હોત તો આ લેખ જરૂર પૂરો થાત. પરંતુ ગુજરાતના ભાગ્યમાં એ વાત નિર્માઈ ન હતી અને પરિણામે સાક્ષરજીવન તેમના બીજા કેટલાક લેખોની માફક અધુરું જ રહ્યું છે. સાક્ષરજીવન જે કાળે સમાલોચકમાં પ્રગટ થતું હતું તે વખતે આ લેખે પ્રજાનું સારું ધ્યાન ખેંચ્યું હતું અને 'સાક્ષરજીવન પૂરું થયું હોત તો આપણી સમક્ષ આજ એક ઉત્તમ પુસ્તક પડ્યું હોત' એમ તેના વાચકોની દર્શાવેલી પ્રબલ ઇચ્છા મેં ઘણીવાર સાંભળી છે. સાક્ષરજીવનનો લેખ સાધારણ મનુષ્યને માટે ભારે છે, પરંતુ ગુજરાતના શિક્ષિત વર્ગને માટે તો તેનો અભ્યાસ આવશ્યક છે. આમ આ પુસ્તકને આપણી પ્રજા સમક્ષ રજુ કરતાં મને આનંદ થાય છે અને ઈશ્વરકૃપા હશે અને અનુકૂલ

સંયોગો હશે તો સ્વર્ગસ્થના બીજા લેખો પણ ક્રમશઃ પ્રસિદ્ધ કરવાનો હું અભિલાષ રાખું છું. મને આશા છે કે જે ટૂંકા ભાવથી મેં આ અધૂરો લેખ ગુજરાતની પ્રજા સમક્ષ આજે મૂક્યો છે તેનો યોગ્ય સત્કાર અવશ્ય થશે જ અને તે રીતે સ્વર્ગસ્થના લેખને યોગ્ય ન્યાય મળશે.

સાક્ષરજીવન એ વિદ્વદ્‌ભોગ્ય લેખ છે. પ્રજા તેને વધારે સહેલાઇથી સમજી શકે એ વિચારથી તેનાપર પ્રવેશક લખાવવાનું મને ઠીક લાગ્યું. અને ગુજરાતના જાણીતા સાક્ષર રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ બી.એ. ને એ કામ સુપ્રત કરવામાં આવ્યું હતું, પરંતુ એ માન્યવર વિદ્વાન કેટલાક વખતસુધી ચિંતાભરી માંદગીમાં હોવાથી આપણા બીજા જાણીતા વિદ્વાન લેખક પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર બી.એ.ને એ કાર્ય સોંપવું પડ્યું હતું. એ વિદ્વાન લેખકે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી સાક્ષરજીવનના લેખ માટે જે પરિશ્રમ ઉઠાવ્યો છે તે કેવળ અભિનંદનને પાત્ર છે એવું મારું માનવું છે. પ્રો. ઠાકોરે પ્રવેશક ઉપરાંત પુસ્તકને અંતે એક વિસ્તૃત પરિશિષ્ટ અને ટિપ્પણ લખી પુસ્તકની ઉપયોગિતા વધારી છે અને મારું ધારવું છે કે એથી સાધારણ વાચકોને પણ પુસ્તક વિશેષ સરલ થઈ પડશે. પ્રો. ઠાકોર જેવા અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યોના સંસ્કારી અભ્યાસીએ આ કાર્ય સ્વીકાર્યું એ હું મારું પોતાનું જ નહિ, પરંતુ ગુજરાતનું સદ્‌ભાગ્ય ગણું છું. એમણે જે હૃદયપૂર્વક અતિશય પરિશ્રમ લીધો છે તે માટે જ માત્ર નહિ, પરન્તુ જે ઊંચા પ્રકારની ધર્મબુદ્ધિથી તથા જે સ્તુત્ય ઉત્સાહથી તેમણે માથે લીધેલું કાર્ય પાર ઉતાર્યું છે તે માટે તેમનો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

શ્રી ગોકુળઅષ્ટમી, ૧૯૭૫ }
નડિઆદ }
રમણીયરામ ત્રિપાઠી

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| | પ્રવેશક ... ... ... ... | ૧ |
| ૧ | સાક્ષરજીવનના પ્રકાર ... ... ... | ૪૧ |
| ૨ | આત્મકલ્યાણ અને લોકકલ્યાણ શામાં છે ! ... | ૫૮ |
| ૩ | સાક્ષરજીવનની તટસ્થતા અને સાક્ષિતા ... ... | ૭૦ |
| ૪ | સાક્ષરજીવનનાં ભાવસ્થાન ... ... ... | ૯૧ |
| ૫ | પ્રવાહ, સાક્ષી, તેમનો યોગ, અને તેનાં ફળ ... | ૧૦૮ |
| ૬ | શુકદશાઓ ... ... ... ... | ૧૧૩ |
| ૭ | બાલદશા ... ... ... ... | ૧૨૩ |
| ૮ | લક્ષણદશા ... ... ... ... | ૧૪૬ |
| | પરિશિષ્ટ : તરજુમા અને ટિપ્પણ... ... | ૨૧૦–૨૫૪ |

★

ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન ૧–૩૨
( પહેલી સાહિત્ય પરિષદમાં અપાયેલું વ્યાખ્યાન )

# નિવેદન

સાક્ષર શ્રી ગોવર્ધનરામની શતાબ્દી નડિયાદમાં તા. ૨૬ મી (દશેરા) ઓક્ટોબર ૧૯૫૫ ને દિવસે શ્રી કનૈયાલાલ મુનશીને પ્રમુખપદે અને મુંબઈમાં નવ સાહિત્યસંસ્થાઓ તરફથી તા. ૧૦ મી જાન્યુઆરી ૧૯૫૬ને દિવસે શ્રી કૃષ્ણલાલ ઝવેરીને પ્રમુખપદે ઊજવાઈ હતી.

મુંબઈની એ સભાએ, શ્રી ગોવર્ધનરામનું સ્થાયી સ્મારક રચવાના ઉદ્દેશથી, શ્રી કૃષ્ણલાલ ઝવેરીના નેતૃત્વ નીચે એક સમિતિ નીમી હતી. આ સ્મારક સમિતિએ સ્વર્ગસ્થ સાક્ષરનું નડિયાદનું નિવાસસ્થાન ખરીદીને ત્યાં ગોવર્ધનરામસ્મૃતિમંદિર સ્થાપવાનો અને એ મહાન લેખકના અપ્રસિદ્ધ અને અપ્રાપ્ય ગ્રંથોનું પ્રકાશન થાય એવી યોજના કરવાનો નિર્ણય કર્યો હતો.

આ બે ઉદ્દેશો પાર પાડવા સ્મારક સમિતિએ ઓછામાં ઓછા પચાસ હજાર રૂપિયા ભેગા કરવાની ધારણા રાખી હતી : પણ તે લગભગ પચીસ હજારનું ભંડોળ ભેગું કરી શકી હતી.

ગોવર્ધનરામનું ઘર ગીરો મુકાયેલું હતું. એ પાછું મેળવતાં સમિતિને પચીસ હજારથી વધારે ખર્ચ થયું. આ સંયોગોમાં સમિતિએ ઘરનો પાછલો ભાગ લલિતાવનિતાશ્રમને રૂ. ૧૩,૫૦૦માં વેચ્યો અને ઘરનો આગલો મુખ્ય ભાગ ગોવર્ધનરામસ્મૃતિમંદિર તરીકે રાખ્યો. ગોવર્ધનરામનાં સ્વ. પત્ની લલિતાગૌરીના સ્મારક તરીકે નડિયાદમાં નરહરરામે વનિતા-આશ્રમ સ્થાપ્યો હતો, એટલે સંયોગવશાત્ એક જ સ્થલે "ગોવર્ધનરામ સ્મૃતિમંદિર" અને "લલિતા વનિતા-આશ્રમ" સ્થપાયાં એ પણ બહુ ઉચિત થયું.

વહીવટ માટે "ગોવર્ધનરામ સ્મૃતિમંદિર", આ સમિતિએ નડિયાદના શ્રી ડાહીલક્ષ્મી લાયબ્રેરી ટ્રસ્ટને, રૂ. ૬૦૦૦)ની રકમ સાથે, સોંપી દીધું છે; એટલે હવે સ્મૃતિમંદિરનો સ્થાયી નિભાવ થશે એવી આશા છે.

ગોવર્ધનરામનાં અપ્રાપ્ય પુસ્તકોના પ્રકાશન માટે સમિતિએ હમણાં મુંબઈમાં શ્રી ફાર્બસ સભાને રૂ. ત્રણ હજારની રકમ સોંપી છે,



અને એમાં હજી થોડો ઉમેરો થશે. સ્મારક સમિતિએ અને ફાર્બસ સભાએ આ રકમમાંથી શરૂઆતમાં ગોવર્ધનરામનાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું ઠરાવ્યું છે :

૧. કવિ દયારામનો અક્ષરદેહ
૨. નવલરામ લક્ષ્મીરામની જીવનકથા
૩. સાક્ષરજીવન
૪. "ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન"– પહેલી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે આપેલું ભાષણ
૫. Classical Poets of Gujarat

એ યોજના અનુસાર 'દયારામનો અક્ષરદેહ' અને 'નવલરામની જીવનકથા' પ્રકટ થઈ ચૂક્યાં છે અને આજે આ 'સાક્ષરજીવન' તથા 'ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું દિગ્દર્શન' પ્રકટ થાય છે. છેલ્લું પુસ્તક પ્રકટ થતાં આ યોજના પૂરી થશે. અભ્યાસીઓની અનુકૂળતા ખાતર પહેલાં બે પુસ્તકો અને બીજાં બે પુસ્તકો સાથે બંધાવ્યાં છે. ભંડોળ વધશે તેમ ગોવર્ધનરામનાં બીજાં લખાણોનું પ્રકાશન કરવાનું પણ ધ્યેય છે.

તા. ૨૦ મી ઓક્ટોબર ૧૯૫૭ને દિવસે ગોવર્ધનરામની જન્મતિથિએ "ગોવર્ધનરામ સ્મારકમંદિર"નો ઉદ્ઘાટનનો વિધિ શ્રી ઉમાશંકર જોશીને હસ્તે સમિતિ તરફથી થયો હતો અને એ પ્રસંગે ગોવર્ધનરામની અંગ્રેજી નોંધપોથી–સ્ક્રેપ બુક–નો એક મહત્ત્વનો ભાગ, જુદા પુસ્તકરૂપે, એન. એમ. ત્રિપાઠી લિ. તરફથી પ્રસિદ્ધ થયો હતો.

સ્મારકસમિતિના કાર્યમાં જે જે વ્યક્તિઓ અને સંસ્થાઓએ સહકાર આપ્યો છે તે સહુનો આ સ્થલે હું સમિતિ તરફથી આભાર માનું છું. સમિતિનું કાર્ય પૂરું થતાં પહેલાં તેના પ્રમુખ શ્રી કૃષ્ણલાલભાઈનું ખેદજનક અવસાન થયું તેથી આ કર્તવ્ય મને પ્રાપ્ત થયું છે.

ખાર-મુંબઈ
૧-૧૨-૧૯૫૭

કાન્તિલાલ છ. પંડ્યા

## શ્રી ગોવર્ધનરામ : જીવન અને સર્જન

**સરસ્વતીચન્દ્ર :** શતાબ્દી આવૃત્તિ : પડતર કીમતે : શુદ્ધ વાચના
ભાગ પહેલો રૂા. ૨.૦૦ ભાગ બીજો રૂા. ૧.૭૫
ભાગ ત્રીજો રૂા. ૨.૫૦ ભાગ ચોથો રૂા. ૫.૨૫

**દયારામનો અક્ષરદેહ અને નવલરામની જીવનકથા**
બંને સાથે એક ગ્રંથમાં : નવી આવૃત્તિ : રૂા. ૩.૦૦

**સાક્ષરજીવન અને પ્રાચીન ગુજરાતી સાહિત્યના**
**ઇતિહાસનું દિગ્દર્શન :** નવી આવૃત્તિ : રૂા. ૩.૭૫

CLASSICAL POETS OF GUJARAT છપાય છે

SCRAP BOOK Vol. VII : ગોવર્ધનરામની નોંધપોથી
તેમનું આંતર જીવન અને મનોરાજ્ય : અંગ્રેજીમાં રૂા. ૨.૦૦

**સ્નેહમુદ્રા અને हृदयकवितशतकम् :** કાવ્યસંગ્રહ
**લીલાવતી જીવનકલા**

**ગોવર્ધન-સૂક્તિ-સૌરભ :** ચૂંટેલાં સુવાક્યો અને
રત્નકણિકાઓ : સંપાદક : પ્રા. ઉપેન્દ્ર પંડ્યા છપાય છે

★

**ગોવર્ધનશતાબ્દી ગ્રંથ :** અધ્યયનો, અંજલિઓ અને જીવનરેખા
સંપાદક : પ્રા. ઉપેન્દ્ર બ. પંડ્યા રૂા. ૬.૨૫

**ગોવર્ધનરામનું જીવન : સાલવારી અને સમકાલીન**
સંયોજક : ડૉ. કાન્તિલાલ બ. પંડ્યા રૂા. ૦-૫૦

ત્રિપાઠી : બુકસેલર્સ : મુંબઈ-૨

## પ્રવેશક

રા. રા. મગનલાલ હરગોવિંદદાસ કટારાવાળા, એમ. એ., અને બીજા કેટલાક સરળ ગુજરાતીની હિમાયત કરે છે ત્યારે 'ઘણુંખરું' 'કાનફાડુ' 'જડબાતોડ' શબ્દો સામે અને સંસ્કૃતમય શૈલી સામે ફરિયાદ કરે છે. જરૂર વગરના ભારે શબ્દો અને અપરિચિત રચનાઓવાળું કે આડંબરી લખાણ નિન્દાપાત્ર ગણાવું જોઈએ, એ વિશે પરિપક્વ લેખકો અને પરીક્ષક વાંચનારાઓમાં બે મત સંભવતા પણ નથી. પરંતુ 'જરૂર વગરના' એટલે શું? ભાષાના ઔચિત્ય અને સ્વારસ્યની પણ ફિલસૂફી છે, જેમાં શબ્દના વાચ્યાર્થને તો લેખકના પ્રથમ જ સાધન તરીકે ગણાવેલો છે. શબ્દોનું સામર્થ્ય વાચ્યાર્થ સાથે કે તેમાંથી કે તેને ટાળી દઈને બીજા પણ અર્થો આગળ કરે છે. આ અર્થો યથાયોગ્ય આવે તેમતેમ જ લેખ સાહિત્ય તરીકે અમર 'સાક્ષરતા'માં દીપે છે, અને એક વાચ્યાર્થવાળા જે અનેક શબ્દો હોય છે, તે સર્વનું આ બીજા અર્થો આપવાનું સામર્થ્ય એકસરખું હોતું નથી, એ નિર્વિવાદ છે. અર્થને ઘડીક બાજુ ઉપર રાખી પદ કે પદ્યનો વિચાર કરીએ, તો તેના લેખકનો ઉદ્દેશ અમુક અર્થસંદર્ભ જણાવવાની સાથેસાથે અમુક પ્રકારનું સંગીતમાધુર્ય કે કવિતામાધુર્ય વહેવડાવવાનો હોય છે, અને સંગીત કે કવિતા તરીકે ઉત્તમ કૃતિઓમાં આ માધુર્ય વડે જ બરાબર ખીલે અર્થાત્ સોળે કલા જણાવાય એવો એ અર્થસંદર્ભ હોય છે; અને આ માધુર્યને માટે તો એ કૃતિમાંના શબ્દોના અર્થ ઉપરાંત કે તેની જોડે જ એ શબ્દસંકલનાથી—એ અર્થાનુસારી પતિબંધ કે એ રાગાનુસારી તાલબંધમાં વહેતી શબ્દસંકલનાથી—કેવી સુરાવટ જામે છે તે ખાસ જોવાનું હોય છે. આથી કરીને જોઈતા વાચ્યાર્થવાળો સરલસુતર શબ્દ જ વાપરવો—ઉ૦ ત૦ મહિષી શબ્દ સંસ્કૃત તેથી અને ભેંસ ભૂંડાથી ખાસને ઠેલીએ ત્યારે બોલાય તેથી એ બંનેને ટાળીને ઓઠ વડે બબડાય તેમ કોણી ખેંચુ સર્વ સમજે માટે ઠેઠનું શબ્દ જ યોજવો—એવો નિયમ પડે અને પદ્યોના પ્રદેશમાં નકામો જ પડી જાય છે. ગદ્યમાં—સાહિત્યના ગદ્યમાં—સ્વરમાધુર્ય જેવા શ્રુતિઆહ્લાદક સૌષ્ઠવને તેમ વાચ્યાર્થથી જુદા પ્રકારના

અર્થીના બુદ્ધિઆહ્લાદક સૌંદર્યને સ્થાન છે એમ સ્વીકારીએ તેટલે દરજ્જે ગદ્યના પ્રદેશમાં પણ આ સરલસુતરાં લખાણ માટેની માગણીનું વજન ઘટી જાય છે.

વિજ્ઞાનના વિષયોમાં પણ એ સરલસુતરાં લખાણની માગણી ચાલી શકે નહીં. વનસ્પતિશાસ્ત્ર લો કે અસ્થિશાસ્ત્ર લો, અર્થશાસ્ત્ર ઉઘાડો કે રાષ્ટ્રશાસ્ત્રમાં માથું મારો, વિજ્ઞાનના વિશ્વવ્યાપી ક્ષેત્રમાં જ્યાં નજર નાખશો ત્યાં મર્યાદા પરિમાણ ગુણદોષ આદિ વડે સુનિશ્ચિત સુઘટિત કરવામાં આવેલા વિચારોના જડીભૂત એકમો ( units ) પારિભાષિક શબ્દો વડે જ વહાતા જોશો. વળી એ સર્વ વિષયોમાં દલીલો અને નિરૂપણોના પ્રકારો પ્રવાહો વાંકવળાંકો અને કચાકચિ મુદ્દો અને અથડાઅથડી પારિભાષિક યુક્તિઓ અને સ્વીકૃતિઓ વડે જ નિર્વિવાદ સ્પષ્ટતા પામતા જોવામાં આવશે. આવા કોઈ વિષયની જેટલી પરિભાષા આપણે પ્રયાસે પ્રયાસે પોતાની કરી હોય છે તેટલે દરજ્જે જ આપણને એ વિષય સુગમ બને છે અને રસિક પણ લાગે છે, અન્યથા કોઈ રીતે નહીં. મતલબ કે આવા વિષયોમાં સુગમતા અને રસનો ઘણો આધાર વાંચનારની પોતાની પાત્રતા ઉપર છે. આવા વિષયોના લેખકોમાં કોઈ મુકાબલે સરલ અને કોઈ અઘરા ગણાવાને કારણ આપે છે એ ખરું; પરંતુ જે વાંચનારે પ્રયાસ કરીને એ વિષયમાં ચંચુપાત કરવાની જ શક્તિ મેળવી નથી હોતી, તેને તો એ ઉપરના સરલ અઘરા સર્વ ગ્રન્થો ' તુમડીમાં કાંકરા ' જેવા છે. અને આ ઉપરથી એ વાત તરી આવે છે, જે વિજ્ઞાનના વિષયોને માટે ખરી છે તે સાથે સર્વ પ્રકારનાં લખાણો માટે વત્તીઓછી ખરી છે, કે સરલતા રસિકતા આદિનો આધાર કોઈ પણ લેખના પોતાના ગુણદોષ ઉપર છે તે કરતાં વાંચનારની પોતાની પાત્રતા ઉપર વધારે છે. અંગ્રેજી ત્રીજી ચોપડી ભણનારને શેક્સપીયરનું નાટક વાંચવા આપીએ તો તે બીચારાનું મગજ એક પાનું વાંચતાં વાંચતાં યે ઊંઘી જવાનું. ઊંચી કોટિનાં લખાણ સરલતા ઉપરાંત રસભર ઉમંગથી પણ વંચાય એવી શક્તિ ક્રમેક્રમે જ આવે છે. જે જે ભાષાનું સાહિત્ય ખેડાયેલું હોય છે તેમાં વાચકોનો અધિકાર ઉત્તરોત્તર વધે એવા વાંચનક્રમ પણ યોજેલા હોય છે, જે શાળાપાઠશાળાઓમાં અને સાહિત્યશોખી મંડળોમાં વત્તાઓછા અનુસરાય છે. સંસ્કારી અર્થઘન



સુશ્લિષ્ટ ગુજરાતી લખાણ અવગમ્ય પડવાનો શોરબકોર ઘણી વાર ઊઠે છે, તેનું મૂલગત કારણ એ પણ છે કે ગુજરાતી ભાષા અને સાહિત્યનું ક્રમબદ્ધ પઠનપાઠન હજી આપણા દેશમાં અસ્તિત્વમાં આવ્યું નથી. સાહિત્ય વિજ્ઞાન અને ફિલસુફીના સરલથી માંડીને ગહનમાં ગહન સર્વ અંગોનું પઠનપાઠન જ્યારે આપણી પ્રજામાં ગુજરાતી ભાષા દ્વારા ફેલાઈ રહેશે, ત્યારે જ આ સરલસુતરાં ગુજરાતી લખાણ માટેની માગણી પૂરેપૂરી શાંત પડશે.

ફિલસુફીમય લખાણ પણ સામાન્ય વાંચનારને માટે સરલ નથી, તેનું કારણ એ લખાણના અંતર્ગત દોષ કરતાં એવા વાંચનારમાં એ માટેના અધિકારના અભાવને ગણવાનું છે. ફિલસુફી તે તત્ત્વવિદ્યા છે અને

**" या निशा सर्वभूतानां तस्यां जागर्ति " तत्त्ववित्.**

સામાન્ય વાંચનાર જડ જગત અને તેની સ્થૂલ વસ્તુઓમાં બંધાઈ રહ્યો છે, અને ફિલસુફીનું તત્ત્વ એ જડ અને એ સ્થૂલ 'નામરૂપ"થી પર એવી **અન્ય** કોઈ વસ્તુ છે, જે વધારે ખરી છે, વધારે જીવંત છે, વધારે તેજોમય છે, વધારે હિતકર છે, શાશ્વત છે, એકરસ છે, સર્વવ્યાપી છે. સામાન્ય વાંચનાર ખરે જ 'સામાન્ય' રહે ત્યાંસુધી તેને આમાં ક્યાંથી ગમ પડે! એવા વાંચનારે આ **સાક્ષરજીવન** જેવા નિબંધ આગળ હાથ જોડીને વિનમ્ર શિષ્યભાવે આવવાનું છે. આમાં યોજેલી 'સાક્ષરદૃષ્ટિ' કે સંસ્કારી મનોમય સૃષ્ટિ કે "સરસ્વતીનું મનોરાજ્ય" ફિલસુફીની તત્ત્વદૃષ્ટિનો જ એક રૂપસુંદર અવતાર છે, અને અહીં જે શબ્દપ્રવાહવડે તે આલેખવામાં આવી છે તેમાં એ દૃષ્ટિ નવાનવા વાક્યોમાં ઉઘાડવાનો પ્રવાહ છે ખરો, તથાપિ તે વાચકના પોતાના નિખાલસ પ્રયત્નના પ્રમાણમાં જ વિકસી થાય એવો નિયમ છે. સોક્રેટિસ વિદ્યા માત્ર માટે કહેતો કે શિક્ષક કે ગ્રંથકર્તા ફક્ત સુયાણી છે, વિદ્યારૂપ ગર્ભ શિષ્યે પોતે પોતાની બુદ્ધિમાં ઝીલી સંઘરી પોષવાનો છે, અને તેના પ્રસવ માટે પણ માતાએ સુયાણી કરતાં પોતા ઉપર મુખ્ય આધાર રાખવાનો છે. અને આ રૂપક ઊતરતી પાયરીની વિદ્યાઓને ઓછુંવત્તું જ લાગુ પડે છે, ત્યારે ફિલસુફીની મહાવિદ્યાને એ પૂરેપૂરું બંધબેસતું છે.

બેશક, આ નિબંધ કર્તાએ પોતાના જ્ઞાનયોગવિહાર તરીકે લખ્યો નથી. ઉત્તમ અધિકારીઓના કરતાં કર્તાએ આ પોતાની શૈલી દૃષ્ટાન્તો અને અવતરણોની રચના ખાસ કરીને મધ્યમ અને કનિષ્ઠ અધિકારીઓને માટે કરેલી છે, અને તેથી આમાં સાક્ષરદૃષ્ટિનો વિકાસક્રમ અમૂર્ત વિચારારોહથી નિરૂપવાને બદલે સ્થૂલ અને આકર્ષક ઇતિહાસો અને જીવનચરિતોવડે વર્ણવ્યો છે. વળી હાલ આપણામાં ઉત્તમ મધ્યમ અધિકારીઓ મોટે ભાગે પાશ્ચાત્ય ઇતિહાસ અને ફિલસૂફીથી જેટલા પરિચિત છે અને આકર્ષાય છે, તેટલા આપણાં પ્રાચીન સાહિત્ય ફિલસૂફીના ભોગી નથી, એટલે કર્તાએ આમાં આપણી પ્રાચીન ભાવનાઓ અને સિદ્ધ કરેલી દૃષ્ટિઓ અને આશ્રમપ્રણાલિઓને તેમને ગમતા આવતા યુરોપીય દાખલાઓવડે બતાવી છે, અને એ રીતે પણ વિષયની ગહનતા ઘટાડી છે. આ પ્રમાણે કરવા જતાં કર્તાએ અવતરણો છૂટથી વાપર્યાં છે, તે એટલે સુધી કે અવતરણોની લંબાઈ અને સંખ્યા જોનાર પ્રથમ દર્શને વહેમાય પણ, કે આમાં કદાચ સ્વતંત્ર વસ્તુ કે નિબંધનું પોતાનું વક્તવ્ય બહુ ઓછું હશે. આવો વહેમ તો નિબંધને જરાતરા વાંચતાં પણ દૂર થઈ જાય એમ છે, કારણ કે નિબંધ જે વડે આદિથી અંત સુધી સુગ્રથિત છે તે **સાક્ષરદૃષ્ટિના વિકાસ સ્વરૂપ અને ફૂલની સાંકળ** એના દરેક ભાગમાં એકસરખી દૃઢ અને સ્પષ્ટ છે. આટલાં બધાં અવતરણો છે તોપણ દરેક કેવું યથાયોગ્ય પસંદ કર્યું છે અને સર્વ કેવી ચતુરાઈથી ગોઠવ્યાં છે, તે વાંચનાર જેમ જેમ આ દૃઢ અને વિશિષ્ટ સાંકળ જુએ છે તેમ તેમ તેને આપોઆપ જણાઈ રહે છે. અને એ પ્રમાણે એને ખાતરી થાય છે કે આટઆટલાં અવતરણો પણ આમાં દોષ નથી, અથવા તો વિષયની ગહનતાને બનતાં સુધી ઓછી કરવાના શુભ હેતુથી કર્તાએ એ જાણીને જ સ્વીકારી લીધેલો દોષ છે. આવો દોષ વહોરવાની કે આવી છૂટ લેવાની હિંમત સાધારણ લેખક સકારણ પણ જવલ્લે કરે: સુપ્રતિષ્ઠિત, કે પોતાની વિચારસૃષ્ટિમાં ચકચૂર, કે વાંચનારનું હિત સાધવાની પોતાની રીતમાં સંપૂર્ણ શ્રદ્ધાવાળો, કે વાંચનારને કેવું લાગશે તેની રજ પણ પરવા વિનાનો હોય, તેવો જ કોઈ લેખક આમ વર્તે. વળી આ નિબંધ સમાલોચક ત્રિમાસિકમાં કકડે કકડે પ્રકટ થયેલો હતો



અને લખાયો પણ કકડે કકડે હતો, એ હકીકતમાંથી અવતરણોની સંખ્યાનો કંઈક ખુલાસો મળે છે. માસિક ત્રિમાસિક માટેનાં લખાણમાં અવતરણો કંઈક વધારે હોય તો યે ચાલે, અને ત્રણ ત્રણ મહિનાને અન્તરે એક વિભાગ જોવામાં આવે, તે ઉપરથી આખો વિષય આટલાં અવતરણોવાળો હોય તો કેવું તેનો વિચાર વાંચનારને આવે પણ નહીં. આ અવતરણોના તરજુમા અને સ્પષ્ટીકરણ કર્તાએ લખેલાં નથી તેનું કારણ એવું જણાય છે કે પ્રથમ સમાલોચકની એટલી વધારે જગા રોકાય અથવા વિષયના એટલા વધારે કકડા પડી જાય તે યોગ્ય લાગ્યું નહીં હોય, અને પછી તો નિબંધ પૂરો જ ન થયો એટલે લખવાં રહી ગયાં.

કર્તાએ પોતાનો વકીલાતનો ધંધો માત્ર બેતાળીસ વર્ષની વયે ઈ. સ. ૧૮૯૭ના ઓક્ટોબર માસમાં તજી દીધો અને સાક્ષરજીવન સમાલોચકમાં તે પછીના જાન્યુઆરીથી આરંભાયું છે, એ ઉપરથી અનુમાન સહજ સ્ફુરે છે કે આ નિબંધ લખવામાં કર્તાના પ્રેરક હેતુઓમાં પોતાના એ પગલાનો પૂરેપૂરો અને માનવ કર્તવ્યનીતિની ઊંડામાં ઊંડી કસોટી અને ઊંચામાં ઊંચી દૃષ્ટિએ માન્ય થાય એવો પર્યેષક ખુલાસો રજુ કરવાનો હેતુ પણ હોવો જોઈએ. ઈ. સ. ૧૮૯૮થી માંડીને એમનો દેહ પડ્યો ત્યાંસુધીની કર્તાની કૃતિઓમાં બીજી કેટલીકમાંથી યે આવા અનુમાનને ટેકો આપે એવા વિચારો ઉદ્‌ગારો અને દૃષ્ટિબિંદુઓ મળી આવે એમ છે. પણ એ સર્વ નોંધીને ચર્ચતાં લંબાણ થઈ જાય; વળી એવી ચર્ચા કર્તાના જીવનચરિતમાં અથવા જીવનમાંથી તેમ ગ્રંથોમાંથી દોહન કરતા હોઈએ ત્યાં સર્વ દોહનના સમન્વયમાં યોગ્ય અને મહત્વની ગણાય, પરંતુ અહીં તો આગન્તુક જેવી ગણાય; એટલે એ વિષયને આટલાં સૂચનથી જ પડતો મૂકીશું, અને આ હાથમાંના ગ્રંથમાં વાંચનારને ઊંડા ઊતરવામાં સરલતા કરી આપવી એ જ અહીં મુખ્ય કર્તવ્ય ગણી, નિબંધમાંના વિષયોના ટૂંકાં અને બનતાં સુધી સાદાં વિવરણ તરફ વળીશું. આવા ગ્રંથોના આરંભમાં કર્તા પોતે કે બીજો કોઈ લેખક ઉપોદ્‌ઘાત યોજે છે તેમાં પુસ્તકના સંદર્ભનો ઉદ્‌ઘાત સહેલા રૂપમાં અને વિચારની સંકલના સ્પષ્ટ થાય એમ આપવામાં આવે છે, એ ધોરણે અહીં કર્તાની વિચારમાળાનો સાર પ્રકરણ વાર આપીશું, તેમાં વિષયપરિપોષક કોઈ કોઈ નવા દાખલા

દલીલ વાપરીશું તો ક્વચિત્ જુદા દૃષ્ટિકોણથી વિષયભાગને નવા પ્રકાશમાં જોઈશું અને એકાદ સ્થળે થોડી ચર્ચામાં પણ ઊતરીશું.

પ્રકરણ ૧ માં કર્તા આર્યસંસ્કૃતિના આદિ કાલની-શ્રીરામચંદ્ર, અને શ્રીકૃષ્ણના કાલની-વર્ણાશ્રમવ્યવસ્થાનું જ્વલંત ચિત્ર આલેખે છે. તે કાલમાં બ્રાહ્મણો બચપણ બ્રહ્મચર્યાશ્રમમાં, જુવાની સંતોષી ગૃહસ્થાશ્રમમાં, અને પાછલું વય વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમમાં, એમ આખું આયુષ્ય સાક્ષરજીવનમય ગાળતા. તે કાલના ક્ષત્રિય અને વણિક વર્ણોનાં જીવન વાનપ્રસ્થાશ્રમમાં પ્રધાનપણે સાક્ષરજીવન હતાં, અને તેમના ગૃહસ્થાશ્રમ બેશક સંતોષી ન હતા, તથાપિ આર્ય સંસ્કૃતિના એ કીર્તિકાલમાં એમની લક્ષ્મીની કે રાજ્યલક્ષ્મીની ઉપાસના વિત્તવૈભવ અને વિલાસના કરતાં ઉચ્ચતર સાધ્યના સાધન રૂપે હતી. વળી ક્ષત્રિયો તો આયુષ્યના આદિકાલમાં બ્રહ્મચર્યાશ્રમના ધર્મોનું પણ ખરી નિષ્ઠાથી સેવન કરીને મધ્યકાલના ગૃહસ્થાશ્રમ અને ઉત્તરાવસ્થાના વાનપ્રસ્થાશ્રમનાં કર્તવ્યો બજાવવાને માટે જરૂરની યોગ્યતા મેળવી લેતા હતા. સાનુકૂલ કુદરત, આછી સશક્ત અને ઉચ્ચાભિલાષી વસ્તી, અને આવી સંસારવ્યવસ્થા, એ પરિસ્થિતિમાં વિદ્યા અને વ્યવસ્થાની સમુત્ક્રાન્તિ (ઈવોલ્યુશન evolution) સૈકાઓ સુધી આગળ આગળ વધતાં, આર્ય સંસ્કૃતિના પરિપક્વ સર્વોત્કૃષ્ટ રૂપે વસિષ્ઠ, વાલ્મીકિ, અને વ્યાસ જેવાનાં સાક્ષરજીવન તેમના પોતાના અજરામર અક્ષરબ્રહ્મ-યોગવાસિષ્ઠ, રામાયણ, અને મહાભારત જેવા અનુપમ ગ્રંથો-દ્વારા આપણા જોવામાં આવે છે.* સાક્ષરજીવનનું શિખર તે આ. બ્રહ્માની સૃષ્ટિમાં બ્રહ્માને પણ હેરત પમાડે અને અતર્ક્ય સ્થાયી પ્રમોદ અનુભવાવે એવી સર્વાંગસુંદર પ્રસૂતિ તે આ.

પ્રાચીન ગ્રીસમાં પણ પાયથેગોરસ, સોક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ આદિ ફિલસુફો, અને હોમર, ઈસ્કિલસ, પોલિગ્નોટસ, પિન્ડાર, સોફોક્લીસ આદિ કવિઓ અને કલાકારોનાં જીવન પ્રધાનપણે સાક્ષરજીવન હતાં. પ્રાચીન ગ્રીસની વસ્તીમાંથી ગુલામો અને વિદેશીઓને બાદ કરીએ, તો બાકીના સર્વ આપણે દ્વિજ કહીએ એવા હતા, અને દ્વિજત્વની કેટલીક ભાવનાઓને પોતાના જીવનમાં સિદ્ધ કરવાને માટે રાતદિવસ

* પૃ. ૯૫ પણ જોવું.



મથતા હતા. સાક્ષરજીવન સિદ્ધ કરવા માટેની કડક આજ્ઞા—**तृष्णां छिन्धि**—ઉપર આપણા સ્મૃતિકારો અને નીતિપંડિતો જેટલો ભાર મૂકે છે, તે પ્રકારનું જ મિતભોગ મિતાચાર અને સંયમનું ગૌરવ ગ્રીક વિદ્વાનો પણ ગણતા, એ કર્તા એક સુંદર દંતકથાને દૃષ્ટાંત તરીકે ઉતારીને બતાવી આપે છે ( પૃ. ૪૮ ).

અને અર્વાચીન યુરોપીય સમાજમાં પણ વિદ્યાની ખાતર જ વિદ્યોપાસના, કલા માટે જ કલાપરાયણતા, આદિ સાક્ષરજીવનના ઉચ્ચઆદર્શ ત્યાંના આચાર્યો ( પ્રોફેસરો professors ) વિદ્વાનો કર્તાઓ વૈજ્ઞાનિકો કલાકારો વગેરે ત્યાંની શારદાપીઠો આદિ અનેક સંસ્થાઓમાં ઉમંગભર સેવે છે, અને યુરોપીય વિદ્યા અને યુરોપીય સમાજ અત્યારે ચઢતી કળાએ છે, તેનું મુખ્ય કારણ ત્યાં આ પ્રમાણે પ્રવર્તી રહેલું અને વધારેવધારે ફેલાતું સાક્ષરજીવન છે.

આપણી પ્રાચીન આશ્રમવ્યવસ્થા નામશેષ થઈ છે, અને વર્ણવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. એ વ્યવસ્થાઓને અંગે જે નાનીમોટી વિધિનિષેધની આજ્ઞાઓ હતી તેમાંની આપણે થોડી જ પાળીએ છીએ, થોડી જ પાળી શકીએ એમ છે, અને એ આજ્ઞાઓનું પાલન ગમે તેટલું સુધારીએ તોપણ હાલની અત્યંત જુદી પરિસ્થિતિમાં આગલા વખતના જેવાં ફલ સંભવતાં જ નથી. ટૂંકામાં, સુધારક સામેનો ‘સુ-ઉદ્ધારક’ પક્ષ જે જીર્ણોદ્ધારની સર્વતોભદ્ર લેખે ભલામણ કરે છે, તે શક્ય જ નથી. હાલના બ્રાહ્મણ, હાલના ક્ષત્રિય, હાલના વણિક, અને હાલના શૂદ્ર પ્રાચીન કાલના નિયમો પાળશે તથાપિ પ્રાચીન કાલના બ્રાહ્મણ ક્ષત્રિય વણિક શૂદ્ર બની શકવાના નથી. હાલ આપણે ત્યાં છે માત્ર બે વર્ણ: વણિક અને શૂદ્ર; અને પ્રાચીન આશ્રમોમાંથી રહ્યો છે માત્ર એક: ગૃહસ્થાશ્રમ. વળી વણિકવર્ણ જૂના કાલમાં લક્ષ્મીસેવન જે ઉચ્ચઆદર્શને સાધ્ય સ્થાને સ્થાપીને તેનાં સાધન પૂરાં પાડવાની ખાતર કરતો, અને ગૃહસ્થાશ્રમ જે જૂના સમયમાં બીજા આશ્રમોના પોષણનું કાર્ય કરતો, તે ઉચ્ચઆદર્શ અને તે પાલકશક્તિ જતાં રહ્યાં છે, એટલે હાલ આપણા સમાજમાં મનુષ્યની ઉચ્ચ પાત્રતાની દૃષ્ટિએ જેને પામર અથવા પાશવ કહેવા પડે એવા જ વિત્તવ્યાપાર અને પ્રજાવૃદ્ધિવ્યવહાર પ્રવર્તે છે. આપણા નામના બ્રાહ્મણ ક્ષત્રિય અને

વાણિયાની અસંખ્ય નાતજાતો ધર્મને ઠેકાણે આ અધર્મ જ આચરે છે, અને ઉપરાંત પોતપોતાના "વર્ણધર્મ"ના ગુમાનમાં મસ્ત છે. આવી અધોગતિ અને અવ્યવસ્થામાંથી રાજ્ય પણ આપણા સમાજને તારી શકે એમ નથી. એ તો પ્રતિજ્ઞા લઈને જ બેઠું છે કે એમાં વચ્ચે ન પડવું એ જ એનો ધર્મ છે; અને વિદેશી અન્યધર્મી અને પરાયી સંસ્કૃતિના રાજ્યકર્તાઓને માટે આ તટસ્થતા-ધર્મ જ ગોઠે છે, એ પણ નિઃસંશય. એટલે આપણી હાલની સ્થિતિ એવી તો કફોડી છે કે એક તરફથી જ્યારે એમ જણાય છે કે આપણામાં સાક્ષરજીવન છેક નહીં જેવું છે, ત્યારે બીજી તરફથી જોતાં આવી અધમ સ્થિતિમાંથી તરવાને માટે આપણા સમાજને બીજા સમાજોના કરતાં સાક્ષરજીવનના સેવનની સવિશેષ જરૂર છે. કારણ કે હાલની અધોગતિની ચિકિત્સા કરવી અને તેના વિજયી નીવડે એવા ઉપાયો યોજવા એ તો લોકજ્ઞ, તત્ત્વદર્શી, હિતૈકલક્ષી, અને સર્વમાન્ય સાક્ષરજીવનથી જ થઈ શકે એમ છે.

જે વસ્તુની આપણી હાલની સ્થિતિમાં આમ સર્વોપરી જરૂર જણાય છે, તે સાક્ષરજીવન અત્યારે આપણને છેક જ અલભ્ય છે શું? ના, ના. (૧) આપણા મહેતાજીઓને સાક્ષરજીવનની વાસના હોય છે, તે એઓ અંગ્રેજી કે સંસ્કૃતનું જ્ઞાન સંપાદન કરે તે પ્રમાણમાં તૃપ્ત કરી શકે એમ છે. (૨) આપણા શાસ્ત્રીપુરાણીઓને સંસ્કૃતનું જ્ઞાન હોય છે જ. પણ એમને પોતાના અલ્પ જ્ઞાનથી અતૃપ્તિ નથી અને પોતાની અલ્પ થઈ ગયેલી પ્રાપ્તિથી તૃપ્તિ નથી. આથી ઊલટી વૃત્તિઓ એમના હૃદયમાં વસે તે પ્રમાણમાં એમનામાં સાક્ષરજીવન વિકસે. (૩) આપણા બીજા વિશેષજ્ઞી વર્ગમાં વિદ્યાપીઠ ( યુનિવર્સિટી university ) માં ભણી ઊતરેલાનો વર્ગ મોટો થતો આવે છે, અને સમાજનું ભાવિ હિતાહિત ઘણુંખરું આ વર્ગના આચારવિચાર ઉપર અવલંબે છે એટલું એ વર્ગનું ગૌરવ છે. એ વર્ગમાં વિત્ત વૈભવ અને વિલાસની એષણા મર્યાદામાં આવવી જોઈએ. એમનો વ્યવહાર અને એમનો ગૃહસ્થાશ્રમ પાભર ભરીને ઉચ્ચતર સાધ્યના સાધનરૂપ બનવો જોઈએ. અને એમાંના કેટલાક ઉત્તમ પુરુષોએ આથી પણ આગળ વધીને પોતાની શક્તિઓના મધ્યાહ્ન કાલમાં જ લક્ષ્મી પદવી આદિના વધારાની પ્રવૃત્તિ માત્રને બંધ પાડીને બાકીનું આયુષ્ય સાક્ષરજીવનને



અર્પી દેવું જોઈએ.* (૪) આપણા શ્રીમંતોમાં પણ લક્ષ્મીને વિદ્યાકલાઆદિ સદ્વસ્તુઓની ખીલવટના સાધનરૂપે ગણનારાઓ વધવા જોઈએ (૫) અને છેવટ શ્રીમંતો અને વિદ્વાનોના સુઘટિત સહકારથી યુરોપીય દેશોમાં ઘણી ઘણી સંસ્થાઓ ચાલે છે, જે અનેક સંતોષી વિદ્વાનોને સાક્ષરજીવન માટેના ઉચ્ચગ્રાહ્ય આચારમાં આણવાની શક્તિ મેળવવામાં સીધી કે આડકતરી રીતે મદદ કરે છે. આવી સંસ્થાઓ આપણા દેશમાં પણ ઊભી થવી સંભવિત છે, જો કે એવી જે કોઈ પ્રવૃત્તિઓ આપણે ત્યાં શરૂ થઈ છે તે આજ સુધી તો છેક નિર્બલ જોવામાં આવી છે.

પ્રકરણ ૨ માં આત્મકલ્યાણ અને લોકકલ્યાણ સાથે સાક્ષરજીવનનો કાર્યકારણ સંબંધ બતાવાય છે. ભૂખ, તરસ, નિદ્રા, સ્નાયુચાંચલ્ય, સ્ત્રીપુંઆકર્ષણ ( sexual impulses ), બંધુતા, ઉપકાર કરે તેના તરફ અનુરાગ અને વફાદારી, બાળકો અને પોતાનાઓને માટે આત્માર્પણ, અને આત્મસંરક્ષણ, એ હાજતો અને વાસનાઓ પ્રાણીમાત્રને સામાન્ય છે. પ્રાણીમાત્ર આ હાજતો અને વાસનાઓના પ્રેરેલા વત્તીઓછી બુદ્ધિપૂર્વક, સ્મૃતિ અને અનુભવના વત્તાઓછા ઉપયોગ સાથે, અને વત્તીઓછી દીર્ઘદૃષ્ટિથી કારણકાર્ય સંકલના અને ભાવિનો અડસટ્ટો યથાશક્તિ કરીને પ્રવર્તે છે. માણસ જાતિના પ્રથમ પહેલા વંશકર મનુ, આદમ, રોમ્યુલસ, કે હેલીન જેવા લોકોત્તર

---

*પ્રકરણ ૨ નો અંતભાગ પણ જુઓ. ઈ. સ. ૧૮૮૪માં ડેક્કન એજ્યુકેશન સોસાયટી સ્થપાઈ ત્યારથી આ વર્ગમાંથી દેશસેવાને આત્માર્પણ કરનાર જુવાનોની સંખ્યા વધતી આવે છે. ભણી ઊતરીને આજીવિકાનો માર્ગ પસંદ કરતાં જ આત્માર્પણ કરવું એ હાલની પરિસ્થિતિમાં આયુષ્યના પાછલા કોઈ ભાગમાં તેમ કરવાના કરતાં સહેલું પણ થઈ પડે છે. પરંતુ આ વિશે આપણા કવિનો આશય ગૃહસ્થાશ્રમ સેવી તેમાં આપેલ જન્મારો ચાલે એટલો "અન્નપૂર્ણાનો પ્રસાદ" મેળવી લઈને એટલે કે નિર્વાહની આવકની મોટી બાબતમાં સ્વતંત્રતા સિદ્ધ કરીને પછી જ દેશસેવાને કે સાક્ષરજીવનને આત્મસમર્પણ કરવું એવો જણાય છે; જો કે કવિએ આત્માર્પણના આ બે ક્રમની સ્પષ્ટ તુલના કરીને હાલની પરિસ્થિતિમાં કયો ક્રમ સારો એ વિશે મત આપેલો નથી. એટલે ગ્રંથના આશય ઉપરથી જે અનુમાનાય છે તે જ એમનો મત એમ નક્કી કહી શકાતું નથી.

ઈશ્વર કે દેવાંશી "પ્રજાપતિ" ન હતા. આપણે બીજા પ્રાણીઓથી હાલ ભલે તેટલા આગળ વધેલા છીએ, પણ પશુ જેવા પશુની જ ઓલાદ છીએ (પૃ. ૬૨ અને ૬૪-૫). હવે ઉપલી હાજતો અને વાસનાઓ પશુઓને તેમ આપણને જે જે લક્ષ્યો તરફ ધકેલે છે, તે સર્વ કૃત્યહેતુઓનો સમાવેશ આપણી ફિલસૂફીમાં 'અર્થ' અને 'કામ' એ બે 'પુરુષાર્થો'માં કરી લીધો છે. આ વાસનાઓ અને હાજતો પશુના આચરણોનો સંપૂર્ણ ખુલાસો કરી આપે છે, ત્યારે માણસ જાતનાં આચરણો અને વળણોનાં કારણ તરીકે આ બે જ પુરુષાર્થો પૂરતા નથી. અમુક ચીજ ભક્ષ્ય, અમુક ચીજ બીડમાં હોઈએ તો જ ભક્ષ્ય, અને અમુક તો સર્વથા અભક્ષ્ય. એ પ્રમાણે ભૂખની તૃપ્તિ કરતાં પણ માણસો વિવેક કરે છે, તેના ખુલાસા માટે આ બે ઉપરાંત કોઈ ત્રીજો પદાર્થ ધ્યાનમાં લેવો આવશ્યક છે. આહારાન્નના આવા વિવેકની વિગતોમાં દેશકાળ પ્રમાણે જુદાં જુદાં ટોળાં ઘણા જુદા જુદા નિયમો પાળે, એક ટોળું કોઈ અન્ય ટોળાથી તદ્દન ઊલટા નિયમો પાળતું જણાય, તેથી આપણી વ્યાપ્તિને બાધ આવતો નથી કે અર્થ અને કામના વિષયોના અનુશીલનમાં માણસ માત્ર કંઈકંઈ નિયમો પાળે છે, જે અર્થ અને કામની કુદરતી હાજતો અને વાસનાઓને માથે કોઈ બીજી દૃષ્ટિમાંથી ઊપજતા અંકુશ મૂકે છે. લોકમતે સ્વીકારેલા અંકુશ આચરણમાં બરોબર પળાતા ન જણાય, તેથી પણ આપણી વ્યાપ્તિને બાધ નથી. એવા અંકુશનાં મૂળ ઊગમસ્થાન તરીકે કોઈ ઈશ્વરને ગણાવે છે અને કોઈ કુદરતને ગણાવે છે, કોઈ એને ધર્મની આજ્ઞા કહે છે, કોઈ માત્ર શુદ્ધતર સ્વાર્થની કે વિજ્ઞાનની ભલામણ જણાવે છે, તેથી એ આપણી વ્યાપ્તિને બાધ આવતો નથી, કે માણસના આચરણોના પ્રેરક હેતુઓમાં ત્રીજો પદાર્થ, ત્રીજો પ્રાણ, ત્રીજું બલ પ્રવર્તે જ છે, જે અર્થ અને કામની હાજતો અને વાસનાઓની તૃપ્તિને વિષય, વિધિ, કાળ, નિમિત્ત, અન્ય કોઈ વ્યક્તિના હક્ક આદિ અનેકાનેક વિગતોમાં નિયમે છે. પાશવ તૃષ્ણાઓના આવા નિયમનથી જ તેઓની શ્રેષ્ઠ તૃપ્તિ સધાય છે એમ ગણો; અથવા એથી તેઓ ઉચ્ચતર સૂક્ષ્મતર સુંદરતર રૂપની બની શકે છે એમ ગણો; અથવા એથી મનુષ્યનો તૃષ્ણારૂપ પશુભાગ કાબૂમાં આવી તેના અપાશવ મનુષ્યભાગનો યથાયોગ્ય વિકાસ થઈ શકે છે એમ ગણો;



તૃષ્ણાઓનું બધે અવિચારી દાસત્વ ત્યજી આવા નિયમોને પાળે તે પ્રમાણમાં જ વ્યક્તિ આત્મકલ્યાણ સાધી શકે છે.

આ પ્રમાણે આત્મકલ્યાણ સાધનારી વ્યક્તિઓ જેમ વધે, વ્યક્તિઓને પોતપોતાના આત્મકલ્યાણના માર્ગમાં બીજી વ્યક્તિઓની અટક અડચણ અને હરીફાઈ જેમ જેમ ઓછી થાય, તેમતેમ જુદીજુદી વ્યક્તિઓના આત્મકલ્યાણના સરવાળારૂપ જે લોકકલ્યાણ છે તે પણ વધતું અને ખીલતું આવે. અથવા લોકકલ્યાણને આમ એક ગાણિતિક સરવાળાને બદલે પ્રરોહ તરીકે તપાસીએ. મનુષ્ય અનુકરણશીલ પ્રાણી છે. સરખેસરખાં માણસો એકબીજાની નકલ કરે છે ને સરસાઈ કરવા મથે છે, ગુરુઓની નકલ નાનાં કરે છે, અને નાનાઓની નકલ ગુરુઓ પણ કરે છે, એટલું જ નહીં પણ જે કોઈ શક્તિ વિજયી જણાય છે તેની મૂર્તિરૂપ મૂલ વ્યક્તિની નકલ અનેકાનેક વ્યક્તિઓ જાણેઅજાણ્યે કરે છે, અને તે શક્તિ પોતાનામાં વત્તીઓછી સિદ્ધ કરે છે. વ્યક્તિ વ્યક્તિના અનુકરણ ઉપરાંત બે કે વધારે ટોળાં વચ્ચે પરસ્પર સમાગમ વધતાં આખાં ટોળાં એકબીજાની નકલ કરે છે—કાયદાઓમાં, સંસ્થાઓમાં, રિવાજોમાં, રહેણીકરણીમાં, રાજ્ય કે રાજ્ય તરીકેના અભિલાષોમાં, તે સિદ્ધ કરવાના ઉપાયોમાં, એવું ઇતિહાસમાં ઘણું જોવામાં આવે છે. **महाजनो येन गतः स पन्थाः** એ મહાવાક્ય અર્ધસત્ય જ છે. **महाप्रज्ञा येन गता स पन्थाः** એ કેટલાક કાલવિભાગોમાં વધારે મહત્ત્વનું સત્યાર્થ લાગે છે. આમ વ્યક્તિગત અનુકરણથી કે પ્રજાગત અનુકરણથી આત્મકલ્યાણબીજ ફેલાતું ફેલાતું લોકકલ્યાણ ફેલાવે છે. આમાં કારણ તરીકે સ્પષ્ટ નિર્દેશી શકાય એવું સર્વોત્તમ બલ બુદ્ધ, પોલ (St. Paul), અને મહમ્મદ જેવા ધર્મપ્રવર્તક આત્માઓ છે; જે આત્મકલ્યાણ અને લોકકલ્યાણની પોતપોતાના સમયની આખી આચારવિચારસૃષ્ટિને બે ત્રણ દાયકાનાં સ્વલ્પ અવધિમાં ઉથલાવી નાખે છે, અને કલ્યાણની નવી જ ભાવના, મનુષ્યત્વની નવી જ ભૂમિકા એવી તો રચે છે, બોધે છે, અને પ્રસારે છે કે તે સૈકાઓ સુધી અગણિત મનુષ્યોનું ચિદાકાશ સર્જે છે. પરંતુ ખરું જોતાં, આ મહાપુરુષો અને ધર્મપ્રવર્તકો પોતાના જમાનાના સાક્ષરજીવનના—સૈકાઓના સાક્ષરજીવનથી જ્વલંત રહેલ સાહિત્ય, વિદ્યા અને કલાકલાપના—ઉચ્ચ સ્થાનથી જ પોતપોતાની ફલંગ મારે છે. અને એમના

જીવનચરિત અને વચનામૃત સાથે આચારવિચાર અને ભાવનાનો જે પરિવર્ત પછીના જમાનાઓ સાંકળે છે, તે એમની કે એમના શિષ્યો કે વિરોધીઓની પ્રેરણાથી શરૂ થતા નવા અને વધતા જતા સાહિત્ય કલા અને ફિલસુફીમય બુદ્ધિવ્યાપારથી જ લોકસમુદાયને ભીંજવે છે, પલાળે છે, અને પોતાનો બનાવે છે. અને, ઊલટ, ફિલસુફી અને વિદ્યા, સાહિત્ય અને કલાની પોતાની અસર ધીરી, ઠંડી, અને અગમ્ય ક્રમે જામનારી તથાપિ સૈકાઓના ઇતિહાસનો સરવાળો જોઈ શકીએ તો ધર્મપ્રવર્તકોની અસરને પણ કદાચ ટક્કર મારે એવી નીવડે છે. ઈશ્વરે નીપજાવેલો મહાપુરુષ પુરુષ જ હોઈ સાત આઠ દાયકા જ જીવી શકે છે, એની પ્રત્યક્ષ અસર આટલા કાલાવધિમાં જ થઈ શકે છે; ત્યારે સાહિત્યમાં આલેખાયેલો મહાપુરુષ અને ફિલસુફીએ સ્થાપેલો ઉચ્ચગ્રાહ ભાષા જીવતી રહે છે,– કે મરી ગયેલી ભાષાને પાછી ઉઠેલી આપે એવી વિદ્યાજ્યોત જ્યાંસુધી ઝગે છે,—ત્યાંસુધી એવો ને એવો નવયૌવન પ્રકાશે છે, આકર્ષે છે, અને જમાને જમાને અનન્ય ભક્તોના વંશને વિસ્તારે છે. આ વિચારસીડી પદે પદે ચઢી, પગથિયે પગથિયે એની અસર બુદ્ધિ હૃદય અને કલ્પનામાં યથાયોગ્ય સ્વીકારો, એટલે માનવજીવનની ઇતિહાસભૂમિમાં આત્મકલ્યાણ અને લોકકલ્યાણનાં જે ગંગાજી વહે છે, તેનો મૂલ ઝરો **સાક્ષરજીવન** જ છે, એની રોમરોમે ખાતરી થઈ જશે.

આ પ્રકરણનાં છેલ્લાં પાંચ પાનામાં કર્તા સાક્ષરજીવનના ઉત્તમ અધિકારીઓના બે વિભાગ દર્શાવે છે. ઘણાખરા

"સંસાર શું સરસો રહે ને મન મારી પાસ,"

એ ન્યાયે પ્રવૃત્તિમાં લાગેલા રહે છે, જો કે તેઓનું દરેક આચરણ દરેક વચન દરેક દૃષ્ટિસ્ફુરણ બતાવી આપે છે કે તેઓ પોતાના અનુભવ-પ્રવાહના બિંદુ બિંદુને પોતાનો વિશિષ્ટ ઓપ આપે છે. જયાજય, લાભાલાભ, સુખદુઃખ, આદિ દ્વંદ્વોની સૃષ્ટિના મધ્યમાં ઊભા હોય છે તથાપિ પ્રાકૃત મનુષ્યોના રાગદ્વેષ તેમને લેપતા નથી,—તેમની નિર્મમતા અને શાંતિ પ્રાકૃત મનુષ્યોથી સમજાતી યે નથી. પરંતુ કેટલાક પ્રવૃત્તિમાત્રથી જુદા પડી જઈને એકાંત ધ્યાનસ્થ જીવનને વરે છે. એમના આ ધ્યાનના વિષય શા શા હોય છે? મનુષ્યને મનુષ્યના કરતાં વધારે ઊંચો ઊંડો કે આકર્ષક ધ્યાનવિષય છે જ ક્યાં! કર્તા પ્રથમ વર્ગના



–પ્રવૃત્તિમાં સરસા રહેનાર–સાક્ષરને સરસ્વતીના વાહન મયૂરની ઉપમા આપે છે, અને બીજા વર્ગના સાક્ષરને એ વીણાધારિણી દેવીના ગાનલીન ભક્ત કે સાક્ષીની ઉપમા આપે છે, અને બને વર્ગને અન્યોન્ય પોષ્યપોષક ભાવ જ ઘટે એવો બોધ કરે છે.

પ્રકરણ ૩ માં ધ્યાનસ્થ એટલે પ્રવૃત્તિ–પ્રવાહમાં બહુ નાહી એવી વૃત્તિથી અગર ખરું અવગાહન તો ઓર એવી વૃત્તિથી બહાર નીકળેલો સાક્ષર એ પ્રવાહ તરફ જે તટસ્થની કે કેવલ સાક્ષીની નજરે જોઈ રહે છે તેનું વર્ણન છે. પ્રજાનું પરમ ધન અને ઉત્કૃષ્ટ દૈવત જે તેનો અક્ષરરાશિ, તે તરફ બચપણથી આકર્ષાયેલો જીવ ઉંમર થતાં પોતે ભવસાગરને હિલોળે ચડે છે, અને થોડા વખત એ મોજાંઓનાં વાંકાચૂકાં વહેણોમાં હાથ મારવામાં અને ઇષ્ટ દિશાએ ઇષ્ટ વેગથી ગતિ કરવામાં મગ્ન રહે છે ખરો; પરંતુ વખાઓના સમયમાં એ અનુભવોથી ઉત્પન્ન થતા રાગથી કે દ્વેષથી, અગર તો નિસર્ગસિદ્ધ વૃત્તિથી, કે કોઈના સમાગમથી, કે અક્ષરમનન વા નવલ રચના કરવાના આનંદથી, અગર તો કેવલ યદૃચ્છાથી એ અક્ષરરાશિ તરફ તે પાછો વળે છે, પ્રવાહમાં વહેતાં વહેતાં યે અક્ષરરાશિ અને તેમાંનાં પ્રતીક સ્વપ્નો અને ઉદ્ભાસનોને મુકાબલે પ્રવાહમાંની 'પ્રત્યક્ષ' સૃષ્ટિ તેને ફીકી લાગે છે, અને બહાર કાંઠે નીકળી આવે છે. "**तृष्णा न जीर्णा वयमेव जीर्णाः**" એ વાર્ધક્યનું પરાવર્તન આ નથી. "O what a world is this, and how are mortals mocked!"* એવું સિનિકશાહ સંપૂર્ણ હારી ગયેલાનું પરાવર્તન પણ આ નથી. સશક્ત સશક્ત મરદ ભરજુવાનીમાં નીકળી આવે છે. સંસારની બાજીને જીતીને વા ઇષ્ટ સંકેલી લઈને અથવા તો અધૂરાંપૂરાંને ને હારજીતને તણખલાં તોલે ગણીને આત્મદેકની સીડીનું શિખર ચડતો હોય એમ નીકળી આવે છે. વિજયમત્ત ડિક્ટેટર સેનાનું સોળ જ દિવસમાં ધમસાણ વાળી ક્વિન્કશિયસ સિન્સિન્નેટસ પાછો પોતાના ખેતરમાં જઈને વિરાજ્યો, તે ધીરોદ્ધત મતિએ નીકળી આવે છે. એની બુદ્ધિઊર્મિકલ્પના પ્રવાહના શ્રમ અને વિક્ષેપોથી મુક્ત થતાં, અને પોતાના પ્રિય વ્યાપારમાં એકાગ્ર થતાં,

* બોલિંગ્બ્રોક:—"અરે આ તે દુનિયા! માણસ માત્ર ક્ષુદ્ર જંતુઓ ભલે હોઈએ, પણ અમે અશક્ત પડ્યા તેથી શું અમારો આવો ઉપહાસ!"

આપણા કર્તાની ભાષામાં, સપક્ષ બની વ્યોમવિહારે ચડે છે, અને એનું દર્શન એકદેશી સંકુચિત અને રાગદ્વેષમલિન મટી સકલદર્શી પારદર્શક અને સુદર્શન ચક્ર જેવું અમોઘ બને છે. સાક્ષરજીવનની તટસ્થતા તે આ. સંન્યાસીની સાક્ષિતા કરુણા અને મૈત્રી તે આ. જીવન્મુક્તનું લોકરથનું સારથિત્વ તે આ. આવા વેદદ્રષ્ટા ત્રિકાલજ્ઞો પેદા કરી શકે તેવી લોકવ્યવસ્થામાં જ સંસ્કૃતિની સ્વયમેવ ક્રમોત્ક્રાન્તિ ( evolution ઇવોલ્યુશન ) સધાતી આવે. લોકવ્યવસ્થાનો આત્મા સંસ્કૃતિ છે, સંસ્કૃતિની વિશુદ્ધિ અને વિવૃદ્ધિ સત્યથી છે, અને આવા પ્રશાંત દ્રષ્ટા સકલજ્ઞ આત્માઓની લોકોત્તર દૃષ્ટિ જ સત્ય અને હિતનાં નવાં કિરણો ઝીલવા સમર્થ છે. એ કિરણો તરફ ઊડવું, આકાશમાં વ્યાપી રહેલા અનંત તેજાભાસોમાંથી એ કિરણોને પૃથક્ કરવા ઝીલવા અને ઝિલાવવા, પામર દૃષ્ટિ સહી શકે તેવા એ કિરણોના નાનાવિધ અપૂર્વ સુંદર અક્ષરદીપ સૃજવા, એ જ આ આત્માઓનું વિશિષ્ટ જીવન અને અનન્ય સાધારણ રસાયન છે; એ જ આ મહાશયોની સર્વકલ્યાણી "સર્વકામાપ્તિ" છે.

પ્રકરણ ૪. પણ–પણ–દ્રષ્ટા રહેવું રમત વાત નથી. વળી પ્રાકૃત માણસ સામાન્ય રીતે જડ, બીકણ, પશુ, અને અંધ હોય છે ત્યારે આ રસલોલુપ, નીડર, સાહસિક, આત્મબલશ્રદ્ધાળુ, ભોળા, અને ખાસ કરીને તીવ્ર જિજ્ઞાસુ હોય છે. એમની વાસનાઓનું જોર જેટલું પ્રબળ તેટલું નાજુક હોય છે ( પૃ. ૧૦૧–૨ ). તટસ્થતા સ્વીકાર્યા પછી પાછા તેઓમાંના અનેક પ્રવાહમાં પડે છે, તણાય છે, લગભગ ડૂબે છે. પ્રાકૃત માણસોના કદાપિ ન થાય એવા પણ એમાંના કોઈ કોઈના હાલહવાલ થાય છે. કર્તાના વહાલા કવિ ભર્તૃહરિ વિશે કહે છે કે એણે સંસાર અને સંન્યાસ વચ્ચે સાત ગોથાં ખાધાં.* બર્ન્સ, શેલિ, બાયરન, અને ગટે ( Goethe ) ની કથાઓ જાણીતી છે. રૂસો, ટૉલ્સ્ટોય, અને બીજાઓએ પોતાના પ્રલોભનોની કહાણી હાથે લખેલી છે. જગન્નાથ પંડિત અને કવિ દયારામના દાખલા કર્તાએ જ નોંધ્યા છે. કવિ નર્મદના અને પોતાના સમયના કોઈ કોઈ દાખલા એઓ ખાનગી વાતચીતમાં ક્વચિત્ છેડતા. યોગભ્રષ્ટતા ભ્રષ્ટતા છે,

*ડૉ. મેકડોનેલ, *History of Sanskrit Literature* પૃ. ૩૮૦.



ભયંકર છે, નિંદ્ય છે, કડક બહિષ્કારની સજાને પાત્ર છે; સાક્ષર વિદ્રોહી તે રાક્ષસ તો શું પણ બ્રહ્મરાક્ષસ; સામાન્ય માણસોના પાપાચરણ કરતાં એનું ઘણું જ વધારે અકલ્યાણકર, કેમ કે એવાનું તો બધું જ અનુકરણીય ગણાય; એવાનો સૌ વિશ્વાસ કરે એટલે એ તો સંખ્યાબંધ નિર્દોષોને ફસાવે અને લેતો પડે; એ મતમાં કર્તાએ કદાપિ ઢીલું મૂક્યું નથી. પરંતુ સાથેસાથે આવા દાખલાઓમાં એઓ સંપૂર્ણ ચિકિત્સા અને સંપૂર્ણ ન્યાય હમેશાં માગતા. અને ખાસ કરીને ચાર બાબત ઉપર વિશેષ ભાર મૂકતા.

(૧) ખૂનીને ખૂન કરવાનાં પ્રેરક કારણો જેમ વધારે બળવાન તેમ–ખૂન તે ખૂન એ મુદ્દાને વળગી રહીએ તોપણ–તેને સજા ઓછી ઘટે. હવે આ માણસોનું આખું બંધારણ એવું અપવાદરૂપ હોય છે, કે તેમને પોતાના રસવિષયમાં સંયમ સામાન્ય માણસોના કરતાં ઓછો સાધ્ય છે, એ નિઃસંશય. એમનું અસાધારણ મનોબળ પણ એમની અતીવ સતેજ વૃત્તિઓનો નિગ્રહ કરવામાં ન ફાવે તેમાં કશી નવાઈ નથી. માટે આ વર્ગમાંથી જેમનો મનોનિગ્રહ પૂરતો જણાય તેઓ અસાધારણ માનને પાત્ર છે. અને જેમનો ઓછો દેખાય તે કંઈક દયા, ક્ષમા, અને ઉદારતાને પાત્ર છે.


(૨) લોકનીતિનું ધોરણ અવગણવાનો કે નબળું પાડવાનો એમને પણ અધિકાર નથી. એટલે આ દયા ક્ષમા અને ઉદારતા વૃત્તિ આપણે સામાન્ય જનસમૂહ એમના પ્રતિ રાખીએ, તો તેમાં આપણું ભૂષણ છે, પણ તેનો લાભ માગવાનો તેમને પોતાને લેશ પણ હક્ક નથી.

(૩) દોષૈકદૃષ્ટિ તે ન્યાય નથી. એમના દોષ આપણને ગમે એટલા ખૂંચે, તથાપિ એમના જે ગુણ છે, એમનો જે સૌ ઉપર ઉપકાર છે, એમની પ્રવૃત્તિનિવૃત્તિ બંનેમાંથી જે કલ્યાણપ્રવાહ વહે છે, તેમ એમની પછી સમાજના નેતાઓ અને ગુરુઓની છે ( પૃ. ૯૯, ૧૦૪–૫ ), તે સર્વ જમા પાસે મુજરે આપવાનું છે. આપણે એમનો ન્યાય કરનાર એમના ઋણ તળે દબાયેલા છીએ, એમના અનુચર અને બાળક જેવા છીએ, એ ભુલાવું ન જોઈએ. વળી કોઈ કોઈ વાર એમના વ્રતભંગમાંથીયે અતર્ક્ય કલ્યાણ ફૂટે છે ( પૃ. ૯૬ અને ૧૦૬–૧૧૨ ), એ વિધિની લીલા પણ લક્ષ બહાર રહી જવી ન જોઈએ.

(૪) અને, ઉલટ, એમને દંડ દઈએ તે એવો ન હોવો જોઈએ

કે નાળિયેર ભાગતાં કપાળ ફૂટે. એમની જાતને સજા કરતાં એમના અક્ષરદેહની વિશુદ્ધિને એમના લોકોત્તર વાણીપ્રવાહને રજ પણ ઈજા કે વિકાર થઈ જાય, એ તો મસો કાપતાં પોરી નસ કાપવા જેવું થાય.

પ્રકરણ ૫ના સાર તરીકે નીચેનું આક્ષરદૃષ્ટિસોપાન બસ છેઃ—




આક્ષર — દૃષ્ટિ — સોપાન.

---

પ્રકરણ ૬ માં શુકદૃષ્ટિના ઉત્તમ દૃષ્ટાંત તરીકે આપણા વૈદિકોએ વેદાદિ વિદ્યા કેવી વિશુદ્ધ જાળવી છે અને તેથી આખી જનતા ઉપર કેટલો મોટો ઉપકાર થયો છે તે બતાવ્યું છે. જ્યારે લેખનકલા જ ન હતી, ત્યારે જે કંઈ વિદ્યા હતી તે પ્રથમ કંઠસ્થ થાય પછી જ બુદ્ધિમાલા થઈ શકે; જેટલું કંઠસ્થ થયું હોય તેટલું જ બુદ્ધિગમ્ય થઈ



શકે અને વિચારને પોષી શકે. હાલ લેખનકલા ઉપરાંત મુદ્રણ, પ્રતિસ્વરોત્પાદન (reproduction of the sound-phonography) નૃત્ય અભિનય આદિ ગતિ અને ચેષ્ટાઓનું બિંબીકરણ યથેષ્ટ વધ્યાં છે, અને હજી વધતાં જાય છે. વળી પુસ્તકો છાપીઓ, નકશા, ચિત્રો, બંસરીઓ (discs) ફિલ્મો (films), આદિના કોશો, સૂચિઓ, અનુક્રમણીઓ પણ થયાં છે અને મનમાન્યાં વધારી શકાય એમ છે. અને તોપણ અત્યારે શુકદૃષ્ટિ નકામી પડી ગઈ છે શું! અગર કોઈ કાળ એવો આવશે ખરો કે આજે નહીં તો ત્યારે એ છેક નકામી થશે! નહીં જ. આજ પણ આપણે સ્મૃતિને જેટલી જોઈએ તેટલી ખેડતા નથી અને બુદ્ધિ ઉપર ઘટે નહીં એ પ્રકારના ભાર મૂકવા જઈએ છીએ, તેથી કરીને આપણી વિદ્યા અનેક રીતે લૂલી અને નબળી માલૂમ પડે છે. ગણિત પંડિતો અને વિદ્યાર્થીઓ મુખગણિતમાં આપણા ગામડી મહેતાજીઓ હતા તેવા કીટ ન હોવાથી જ એમની લાંબી લાંબી ગણતરીઓમાં લોગરિથમ (logarithm) આદિ મદદો હોવા છતાં ગોથાં ખાય છે, ઘણો વખત ખૂએ છે, અને કંટાળે છે. બીજું ઉદાહરણ લઈએ. હાલ રચાય છે તે કોશો અને વિશ્વકોશો સેંકડો પરિપક્વ વિદ્વાનોનો સહકાર હોય છે અને બીજી સાધન સંપત્તિ મોંમાગી એકત્ર થઈ શકે છે, તથાપિ બધા ભાગોમાં એક ધોરણે અને સરખી કિંમતના રચાતા નથી. વળી હાલની વિદ્યાદૃષ્ટિને સમયે જેટલાં વિદ્યાઓ ઘણી વધી છે, તે દરેકનો વિસ્તાર પણ વધી પડ્યો છે, અને નિકટના સંબંધવાળી વિદ્યાઓમાંની દરેકમાં પણ એકસરખું પાંડિત્ય મેળવેલું હોય એવા વિદ્વાન થઈ ગયા છે, અને વધારે વિરલ થતા જાય છે. આથી કરીને અર્વાચીન વિદ્યાનો રાશિ મોટો દેખાય છે ખરો, અને વધતો પણ જાય છે, પણ તેમાં સુગ્રથિત, પાયાથી શિખર પર્યન્ત સંગીન પૂર્વાપરસંબદ્ધ અને સત્ત્વ વીર્યવાન હિતકર ભાગ પ્રમાણમાં ઓછો છે. વિદ્વાનો મોટે ભાગે એકદેશી હોય, સ્પેશિયલિસ્ટ (specialist) હોય, ત્યાં વાદવિવાદ ઘણા થાય, અને તેમાંથી સર્વમાન્ય નિર્ણયમાં પરિણમે એવા તો કોઈક જ જોવામાં આવે. પ્રયોગપત્રો ઘણા વધી પડે, અને સાથે સાથે સ્વચ્છ સર્વમાન્ય જ્ઞાન વધવાને બદલે ઘટતું પણ જાય. સારાંશ કે આપણે હાલ કરીએ છીએ તે કરતાં શુકદૃષ્ટિનો ઘણો વધારે

ઉપયોગ કરવાની આવશ્યકતા છે. "વિદ્યા પાઠે" એ સૂત્ર કાઢી નાખવા જેવું તો નથી જ. શુકદષ્ટાઓની આપણે ટીકા કરીએ છીએ, પરંતુ આપણે પોતે જ હોવા જોઈએ એવા શુકદષ્ટાઓ નથી તે માટે ટીકાપાત્ર છીએ.

પ્રકરણ ૭. આપણી પ્રાથમિક શાળાઓમાં બાળકો ભણે છે તે પાછું ભૂલી જાય છે, એટલે એ શાળાઓ શુકદૃષ્ટિ પણ જેવી તેવી જ આપે છે. આ શાળાઓનો પ્રધાન હેતુ શુકદૃષ્ટિ ખીલવવાનો રાખવામાં આવે તો કદાચ પ્રાથમિક કેળવણી વધારે ફળદાયી નીવડે અને એમાંથી આગળ વધી માધ્યમિક શાળાઓનો લાભ લેતાં કિશોર કિશોરીઓ હાલના કરતાં વધારે સારી બાલદૃષ્ટિ મેળવી શકે. સારી બાલદૃષ્ટિવાળો વાચકવર્ગ પ્રજામાં જેમ વધારે તેમ લક્ષ્યાર્થદૃષ્ટિ લક્ષ્યદૃષ્ટિ અને પર્યેષક દૃષ્ટિની કૃતિઓના સહૃદય અધિકારી સતેજ ગ્રાહક પ્રજામાં વધારે; એટલે પ્રજાના સંસ્કૃતિજીવન વા સાક્ષરજીવનનાં પરિપક્વતા શક્તિ અને વિકાસમાં પરિપોષક પરિસ્થિતિ રૂપે બાલદૃષ્ટિની હાલત અને વિશાલતાનું ગૌરવ—બીજા શબ્દોમાં બોલીએ તો પ્રજાની સામાજિક કેળવણી માટેની સંસ્થાઓની સંપત્તિનું ગૌરવ—જેવું તેવું ગણવાનું નથી. બાલદષ્ટાઓની શક્તિ અને સંખ્યા પ્રજાની સંસ્કૃતિની કારણભૂમિ અને સ્થિતિહેતુ છે.

આટલે સુધી કર્તાના વિચારો અને એ વિચારોમાંથી ઉત્થાન પામતી અભિલાષાઓ ભાવનાઓ અને બોધોક્તિઓ પૂરેપૂરી સ્વીકારી શકાય છે. પણ બાલદૃષ્ટિ વિશેના આ પ્રકરણમાં કર્તા ઉમેરે છે કે બાલદષ્ટાઓએ ગ્રંથો લખવાના મોહમાં પડવું ન જોઈએ. આ સલાહનાં કારણો તપાસીએ.

જે પ્રવાહ જે વર્ગની સાક્ષરદૃષ્ટિનો વિષય હોય તે પ્રવાહના સુદર્શનને માટે તે વર્ગના સાક્ષરે તેમાંથી બહાર તેના તટ ઉપર રહેવાનું છે, અને તેના સાક્ષીનું જીવન જીવવાનું છે. ગ્રંથો એ જ બાલદષ્ટાઓને માટેનો પ્રવાહ છે. આથી તેમનું સાક્ષરજીવન ગ્રંથો વાંચવા, વિચારવા, ચર્ચવા, સરખાવવા, સમાનધર્માઓને ગ્રંથસૃષ્ટિમાં માર્ગ બતાવવો, એવી પ્રવૃત્તિઓમાં છે. પણ બાલદષ્ટાઓ પોતે ગ્રંથો લખવાની પ્રવૃત્તિમાં પડે એ એમને માટે પ્રવાહપાત છે અને જે પગથિયાના સાક્ષરજીવનની તેમની પાત્રતા છે તેમાંથી તેમની ચ્યુતિ છે.



કર્તાએ બાંધેલી વ્યાખ્યાઓમાંથી આ પ્રમાણે અનુમિતિ ફળે છે એ ખુલ્લું છે. પરંતુ ગ્રંથ લખવો—લેખક બનવું—એમાં ધર્મ, રાજ્ય, સમાજ કે વ્યક્તિની નીતિની દૃષ્ટિએ લેશ પણ પાપ નથી. એ આચરણ કોઈ રીતે દુરાચરણ ગણાય એવું નથી. પ્રવાહપાત ચ્યુતિ આદિ શબ્દો સામાન્ય રીતે દોષસૂચક હોય છે, અને ઉચ્ચતર કોટિના સાક્ષરોને માટે પ્રવાહપાત જગતની કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં પાછા પડવું એ રૂપનો હોવાથી અતિવિરલ સંજોગોમાં જ દોષમુક્ત હોઈ શકે છે, ત્યારે અહીં તો વાચક વ્યક્તિ લેખક થવાનું ડગલું ભરે છે એ જ બનાવ છે, અને એ ડગલું નિર્દોષ છે.

માટે કેવલ બાલદષ્ટા હોય એવા લેખકના હાથના ગ્રંથથી સમાજને સંસ્કૃતિને કે વિદ્યાકલાને લાભ થવાનો નથી અને બાલદષ્ટા પોતાનો સમય ગ્રંથલેખનમાં ગાળે તેથી એને પોતાને નુકસાન છે, એ સમય વાંચનમાં ગાળવાથી જ એને લાભ છે,—એટલો જ પ્રવાહપાત આદિ વચનોનો અહીં આશય લઈએ. એ પણ સ્વીકારી શકાય એમ જણાતું નથી. બીજી મૂકેલી બાબત પહેલી જોઈએ, લેખન પણ વાંચન મનન આદિ અભ્યાસનો એક પ્રકાર છે અને તેને વધારે છે. લખવા તરફ વળે તેનું વાંચન બંધ પડે કે ઓછું થઈ જાય, અભ્યાસમાંથી એનું ચિત્ત ઊઠી જાય,

"નાર નાનડી હતું પ્રસૂત."

તેના જેવું એને થાય, એની શક્તિઓનો વિકાસ અટકી પડે, હ્રાસ જ થવા માંડે, એ મત તો અવાસ્તવિક લાગે છે. કેટલીક વ્યક્તિઓને એમ બને પણ ખરું; પણ બનવું જ જોઈએ અથવા તો મોટે ભાગે બને છે, એમ કંઈ નથી. ઘણુંખરાનો બુદ્ધિવિકાસ બાલદૃષ્ટિના પગથિયા આગળ અટકી પડે છે તેનું મોટું અને સ્થાયી કારણ કુદરત છે. માણસ જાતની બુદ્ધિશક્તિ જ એટલી પરિમિત છે કે ઉચ્ચતર દૃષ્ટિઓ બહુ જ થોડી વ્યક્તિઓને સાધ્ય થઈ શકે. બાલદષ્ટાઓ ગ્રંથ લખવા મંડી પડે છે તેથી તેમનો વિકાસ અટકે છે એવું કંઈ કારણ કલ્પવા જરૂર નથી. લેખક થવાની ગરજ અને અનુકૂલતા વધારે હોય છે એવા સમયોમાં પણ બાલદષ્ટાઓની વસ્તીનો ઘણો મોટો ભાગ કંઈ લખતો જ નથી; તથાપિ તેમનો વિકાસ પણ એ પગથિયાથી જ અટકી જાય છે.

બાલદ્રષ્ટાઓના ગ્રન્થો કવિતાઓ આદિ નિર્માલ્ય જ હોય, એવાં કથન ઝટકબારીવાળાં છે. નિર્માલ્ય કોને કહેવાં એ નક્કી કરતાં ભાંજગડ પડે છે; અને વળી સામા પક્ષથી પણ નિર્માલ્ય ન ગણાય એવા નમૂના રજુ કરવામાં આવતાં, તેના કર્તાઓ બાલદ્રષ્ટાઓ નહીં પણ ઉચ્ચતર ગણાય એવા સાક્ષરો છે માટે ગ્રંથ ન લખવા એ પ્રતિબંધ એમને લાગુ નથી, એવો પ્રત્યુત્તર તુરત આગળ આવવાનો.

ઊંચા પ્રકારની ન હોય અને ચિરંજીવ ન નીવડે એવી કૃતિઓ પણ પોતાના દેશકાલમાં લોકપ્રિય થઈ શકે છે અને તેટલે દરજ્જે ઉપયોગી પણ છે, એટલું કર્તા પોતે અને (આ વિષયમાં જેનાં અવતરણો એઓ ટાંકે છે તે) હેલમ સ્વીકારે છે. પણ આવી બે કૃતિઓની ઉપયોગિતા એઓ સ્વીકારે છે તે કરતાં વધારે છે. એવી એવી કૃતિઓથી પણ ભાષા ખેડાય છે, વિદ્યાકલાનાં મૂલતત્ત્વોનું જ્ઞાન ફેલાય છે, અને ધીરે ધીરે ભાષા અને લેખકો વધારે સત્ત્વવાળી ઊંચા પ્રકારની અને ચિરંજીવ રહે એવી કૃતિઓ ઉત્પન્ન કરવાની શક્તિ મેળવે છે. અને આખો વિષય ઐતિહાસિક પર્યેષણથી નિહાળીએ, તો સંસ્કૃતિ ભાષા અને કોઈ પણ શાસ્ત્ર કે કલાના જીવનમાં એક યુગ પૂરો થયો હોય ત્યારે બીજો યુગ બરાબર બંધાતાં સુધીના સંક્રાન્તિના લાંબાટૂંકા ગાળા અનેક વાર જોવામાં આવે છે. બીજી પ્રજા સંસ્કૃતિ અને ભાષા સાથેનો સમાગમ એવો નિકટ થાય કે તેની અસર આપણા ઉપર થવા મંડે, ત્યારે પણ આવી સંક્રાન્તિદશા લાંબોટૂંકો સમય ચાલે છે. આવા ગાળાઓમાં અનેકાનેક પ્રયોગો થવા અનિવાર્ય છે. પ્રયોગો થતાં થતાં જ તેમાંથી અમુક પ્રયોગો પ્રયોગસંકરો અને પ્રાચીનનવીન દેશીવિદેશી મિશ્રણો અને વલણો વિજયી નીવડે છે અને બીજાં અસ્ત પામે છે. પ્રયોગાદિમાંથી કયાં અસ્ત પામશે અને કયાં વિજયી થશે તે અટકળવાની કોઈની પણ મગદૂર છે નહીં. એક તરફ લોક-સમસ્તની બુદ્ધિ અને રસેન્દ્રિય અને બીજી તરફ પ્રતિભા (genius)—આ અશરીર જોડાના ચેતન વિહારથી શાસ્ત્ર કલા અને સંસ્કૃતિનો નવો યુગ કોણ જાણે કેટલા સમયમાં અને કોઈ અકલ્પ્ય રીતે જન્મે છે, પોષાય છે, અને લોકસ્વીકારના સિંહાસન ઉપર આરૂઢ થાય છે. એટલે અસ્ત પામ્યું તે મોટે ભાગે લખાયું જ ન હોત તો બહેતર થાત, એ લખાયું ન હોત તો પણ પરિણામે જે ચિરંજીવ અને વીર્યવાન નીવડ્યું તેનો ઉદય થાત,—કદાચ ઊલટો વહેલો થાત, એવા એવા મત નિરાધાર



જ લાગે છે. "સ્ફુલિંગો તડતડિયા અને તનખા"* અને "ચેષ્ટાનુકરણ" (પૃ. ૧૪૨) ક્ષણભંગુર છે, ખરી પ્રભા કે ઉપયોગિતા બુદ્ધિપોષકતા કે શાંતિદાયકતા વિનાના છે, સાહિત્યરાશિમાં જીવંત ભાગ નાનીમોટી "જ્વાલાઓ" જ છે, સ્વતંત્ર અવાજો જ છે, નહીં કે પડઘા, લક્ષણદ્રષ્ટા લક્ષ્યદ્રષ્ટા અને પર્યેષકદ્રષ્ટાઓની સમર્થ કૃતિઓ જ છે બાલદ્રષ્ટાઓની નહીં, એ ખરું સત્ય છે. પરંતુ બાલદ્રષ્ટાઓનું પ્રાબલ્ય ઉચ્ચતર અધિકારીઓની પ્રવૃત્તિને રજ પણ નડે એ ભય તો તારાઓ અને ગ્રહોના કિરણોને લીધે ચંદ્રસૂર્ય રખે ને ઝંખવાય એના જેવો છે! ઉચ્ચતર દ્રષ્ટાઓ હોય છે ત્યારે બાલદ્રષ્ટાઓની પ્રવૃત્તિ અને લોકપ્રિયતા આપોઆપ સંકોચાઈ જાય છે. ઉચ્ચતર દ્રષ્ટાઓ ક્ષિતિજારૂઢ નથી હોતા ત્યાં સુધી જ લોકસમૂહ જિજ્ઞાસા અને રસવાસનાની જેવી બની આવે એવી તૃપ્તિને માટે બાલદ્રષ્ટાઓની પ્રવૃત્તિથી રેડવી લે છે.

આટલી ચર્ચા આ પ્રકરણમાંના વિષયોનું વાસ્તવિક સ્વરૂપ વાંચનાર અનુસરી શકે તે માટે પૂરતી છે. ઉપરાંત આ પ્રકરણમાં કર્તાએ પાઠશાળા (યુનિવર્સિટી)ની પદવીઓ મેળવેલા ગુજરાતીઓનો મોટો ભાગ પોતે પરીક્ષાઓ ઉત્તીર્ણ થવા ભણેલી સંસ્કૃત અને પરીક્ષાઓ માટે તેમ ઉદરનિર્વાહ માટે ભણેલી અંગ્રેજી એ બે ભાષાઓમાંથી એકેમાં બાલદષ્ટિ પણ સિદ્ધ કરતો નથી, સરસ્વતીનું દર્શન કે આસ્વાદન કોઈ કાળે કર્યું જ ન હોય એમ વર્તે છે, અને અદ્રષ્ટા જ રહે છે, તે માટે ખરી લાગણીની અને સખ્ત ટીકા કરેલી છે, જે નિબંધનો આ ભાગ પ્રકટ થયા પછી બીજાં સત્તર વર્ષ વહી ગયાં છે તો યે આજે પણ અક્ષરે અક્ષર લાગુ પડે છે.

**પ્રકરણ ૮ લક્ષણદૃષ્ટિ.** જે બુદ્ધિ વા દૃષ્ટિનો વિકાસ અપૂર્વ વ્યાપાર એટલે સ્વતંત્ર વિચાર કે સર્ગશક્તિ સુધી પહોંચ્યો હોય તે પોતાનો વ્યાપાર અને તજ્જન્ય પરિણામ બીજાઓને ન જણાવે તો લોકને હાનિ થાય. માટે તેને માથે ગ્રંથ રચવાનો કે શિષ્યોને પ્રબોધવાનો કે સમાનાધિકારી વિદ્વાનો સાથે ચર્ચા કરવાનો ધર્મ પ્રાપ્ત થાય છે. આ સ્વતંત્ર વિહારિણી દૃષ્ટિનું પહેલું પગથિયું, સાક્ષરદૃષ્ટિ સોપાનનું

---

* ૬ ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ભાષણ: જુઓ એ પરિષદનો રિપોર્ટ, પૃ. (૧૬)

ત્રીજું પગથિયું, તે લક્ષણદૃષ્ટિ. આના (૧) લક્ષ્યસંસ્કારક એટલે વિષય-સંસ્કારક લક્ષણદૃષ્ટિ અને (૨) ભૂમિતિ જેવા અમૂર્ત (abstract, conceptual) શાસ્ત્રમાં એકમાંથી અનેક લક્ષણપરંપરા અનુમિતિઓ વડે ઉપજાવવામાં રાચનારી લાક્ષણિક લક્ષણદૃષ્ટિ એવા બે પેટાભેદ પડે છે.

આ બીજીની પ્રધાન ઉપયોગિતા ચાર પ્રકારની છે. (૧) મૂર્ત (concrete) જગત અનંતાનંત વસ્તુઓ ગુણો પરસ્પર ગૂંથણીઓ આદિથી ભરેલું છે. અમૂર્ત અને મૂર્તામૂર્ત (પૃ. ૧૫૧) લાક્ષણિક લક્ષણદૃષ્ટિના સમર્થ સાધન વડે જ માનવબુદ્ધિ તેમાં કંઈયે માર્ગ કરી શકે છે. (૨) રાગદ્વેષઆદિ અતિ પ્રબલ હોય એવા ભરજુવાનીના સમયમાં, અને વિચાર પહેલાં જ કૃતિ કરી બેસે પછી વિચારે અને પસ્તાય એવા વલણવાળી કિશોરાવસ્થામાં, માણસ ધર્મ અને નીતિની કડક આજ્ઞાઓ થોડી ઘણી યે ધ્યાનમાં રાખે છે અને અમૂર્ત ભાવનાઓ પ્રમાણેનાં વર્તન અને ચારિત્ર્ય થોડાં ઘણાં યે રચી શકે છે તે આ લાક્ષણિક લક્ષણદૃષ્ટિનો પ્રભાવ છે. (૩) વ્યક્તિનીતિ ઉપરાંત સમાજનીતિ અને બંધારણના વિકાસ તરફ જોઈએ, તો કાયદાઓ સંસ્થાઓ આદિમાં ન્યાય અને સહાનુભૂતિ કે દયાનાં અને વળી સમષ્ટિહિત અને વ્યષ્ટિહિતનાં સામસામાં સંઘટ્ટન એટલાં અને એવાં તો થવાં સંભવિત છે કે પ્રાકૃત મતિ મુંઝાઈ જાય અને સંસ્કૃતિનું વહાણ આ દૃષ્ટિ સુકાન ઉપર બેઠી ન હોય તો—ડુબાડી જ દે. પણ બંને પ્રતિસ્પર્ધી બળોનાં જોડકાંને સમતોલ રાખી બડી ધીરજથી અને અપંડિતને તો કંટાળો આવે એવી ઝીણવટભરી ચતુરાઈથી આ દૃષ્ટિ બધું ઠીકઠાક નભાવે જાય છે, હડહડતા અન્યાય કે રાક્ષસી ક્રૂરતાના ક્ષોભ ઉત્પન્ન થવાના પ્રસંગ જ બનતાં સુધી ટાળે છે, અને જમાને જમાને માનવજાતિનું જીવન પરિસ્થિતિના સંકુલ (complicated) ગુંથારાથી બની આવે તેટલે દરજ્જે વધારે વધારે અપાશ્રવ બનાવે છે. (૪) અમૂર્ત અને મૂર્તામૂર્ત લાક્ષણિક લક્ષણદૃષ્ટિએ વિસ્તારેલી અનુમિતિસૃષ્ટિ વૈજ્ઞાનિક અને યાંત્રિક હુન્નરોના અતિ વ્યવહારુ અને અતીવ ઉપયોગી ક્ષેત્રમાં અજબ જેવી કામગીરી બજાવે છે. બાષ્પ હવા અને વીજળી જેવી અતિ ભયાનક શક્તિઓને માણસ કાબૂમાં લઈ પાળેલા પ્રાણી હોય તેમ મનમોજે પહોડે છે, તે આ દૃષ્ટિનું કાર્ય છે. સંખ્યા, પરિમાણ,



પૃથક્ત્વ, સંયોગ, અને વિભાગ, તેમ ન્યાય અને દયાના મૂર્તામૂર્ત ગુણોના વિશિષ્ટ બ્રહ્માંડમાં ભાવનામય જીવન ગાળનારી આ દૃષ્ટિ આ પ્રમાણે જ્ઞાન નીતિ અને દ્રવ્યોત્પત્તિનાં અનેક મહાકલ્યાણ આપે છે. ટૂંકામાં, અંગ્રેજીમાં જેને Deductive (ડિડક્ટિવ) કે Dialectical (ડાયાલેક્ટિકલ) Reason (રીઝન) કહે છે તે જ આ લાક્ષણિક લક્ષણદૃષ્ટિ છે.

પણ આ પેટાભેદ અમૂર્ત ભેદ છે, મૂર્ત વિભાગ કે વર્ગીકરણ નથી, એટલે કે લાક્ષણિક લક્ષણદૃષ્ટિમય શુદ્ધિ થઈ જાય એ સંભવિત નથી; ઇષ્ટ પણ નથી. લક્ષણદૃષ્ટિના એ પ્રકારથી ઉત્પન્ન થતાં જે કલ્યાણ ઉપર દર્શાવ્યાં તે એ દૃષ્ટિવ્યાપારનાં અનુમિતિપરંપરારૂપ પરિણામો સામાન્ય લક્ષણદૃષ્ટિ લક્ષ્ય પદાર્થોને એટલે કે પ્રત્યક્ષ જગતના યોગ્ય પ્રદેશને લાગુ પાડે અને તેને એ પરિણામો વડે સંસ્કારે ત્યારે જ ફળે છે. લાક્ષણિકદૃષ્ટિ કેવળ પોતાના વ્યાપારમાં નિમગ્ન રહે તેથી અવનવી અનુમિતિપરંપરાઓ ઉદય પામે તે ઉપરાંત બીજું કશું જ ફળ દેખાતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો લાક્ષણિક દૃષ્ટિ સેવક તરીકે અનન્યસાધ્ય સેવા બજાવે છે, પણ તેનું સ્થાન સેવકનું જ છે; ગૃહપતિ તો લક્ષ્યસંસ્કારક લક્ષણદૃષ્ટિ છે. આ લાક્ષણિક લક્ષણદૃષ્ટિને સેવામાં યોજે છે અને તેની પાસેથી યોગ્ય કામ લે છે એટલું જ નહીં પણ ઘણું અને અતુલ મહત્ત્વનું કલ્યાણ અને સાધે છે. માટે હવે એના વ્યાપાર અને ફલ તરફ વળીએ.

શુકદૃષ્ટિ અને બાલદૃષ્ટિ વચ્ચે દીસી આવે એટલો મોટો ફરક છે. બાલદૃષ્ટિ અને લક્ષણદૃષ્ટિ વચ્ચે પણ મોટો ફરક છે; કારણ કે અપૂર્વ ફલ, સ્વતંત્ર મગજશક્તિ, જ્યાં જ્યાં જોવામાં આવે, ત્યાં ત્યાં લક્ષણદૃષ્ટિનો સ્થાયી વ્યાપાર નહીં તો આછકડો પણ ચમકાર હોવો જ જોઈએ. પણ લક્ષ્યદૃષ્ટિ અને પર્યેષકદૃષ્ટિ (જેને આપણે ઉચ્ચતર પગથિયે મૂકેલી છે તે) લક્ષણદૃષ્ટિથી જુદી પાડવી સહેલી નથી. કર્તાએ આ બેનાં પ્રકરણ લખ્યાં નથી એટલે તેઓ એમને લક્ષણદૃષ્ટિથી કેવી રીતે જુદી પાડત તે જાણવા સાધન નથી. સાક્ષરદૃષ્ટિસોપાન રચ્યું છે તે પ્રકરણમાં લક્ષણો કે લક્ષણમાલારૂપ શાસ્ત્ર-શાસ્ત્રોના અભ્યાસથી ઉત્થાન પામી તે વડે પ્રત્યક્ષ સૃષ્ટિને સંસ્કારે તે લક્ષણદૃષ્ટિ, પ્રત્યક્ષ સૃષ્ટિના અવલોકન અને અનુભવ દરમિયાન શાસ્ત્રની મદદ

વગર જ ઉત્થાન પામી પ્રત્યક્ષને સંસ્કારે અને નવું શાસ્ત્ર પણ બાંધે તે લક્ષ્યદૃષ્ટિ, અને કોઈ પણ એક બિંદુમાંથી ઉત્થાન પામી દૃશ્ય વિષય સકલતા એ જોવા મથે, જગતની વસ્તુઓના અનંતાનંત પરસ્પર સંબંધો ઉકેલવાનો વ્યાપાર જેને સૌથી વધારે પ્રિય—તે પર્યેષકદૃષ્ટિ એમ ભેદ પાડેલા છે. એટલે શાસ્ત્રમાંથી જ ઉત્થાન પામે અને પોતાને જેટલું શાસ્ત્ર મળ્યું હોય તે ભલે ને સંપૂર્ણ પોતાનું કરી લે પરંતુ તેની સીમામાં જ બંધાઈ રહે તે બાલદૃષ્ટિ; શાસ્ત્રમાંથી જ ઉત્થાન પામે અને જેટલું શાસ્ત્ર ( આગલા જમાનાઓનું સંચિત ) મળ્યું હોય તે સંપૂર્ણ પોતાનું કરી લેવા ઉપરાંત તેને સુધારવા ખીલવવા અને વધારવામાં અપૂર્વતા દેખાડે, પરંતુ જેનો વ્યાપાર આ જૂની નવી અનુમિતિ પરંપરાઓમાં જ બંધાઈ રહે, તે લાક્ષણિક લક્ષણદૃષ્ટિ; અને આથી વિશેષ કે જુદાં ફલ અને વધારે કે જુદી તરેહના વ્યાપાર દેખાડે તે આથી ઊંચી દૃષ્ટિ વા દૃષ્ટિઓ: આથી વધારે સ્પષ્ટીકરણ આ અપૂર્ણ ગ્રંથમાં કોઈ ઠેકાણે જણાતું નથી.

લાક્ષણિક લક્ષણદૃષ્ટિ તે ડિડક્ટિવ કે ડાયાલેક્ટિકલ રીઝન (deductive or dialectical reason) એ ઉપર કહેવાઈ ગયું છે. આ ઉપરાંત પાશ્ચાત્ય ફિલસૂફીમાં કલાદૃષ્ટિ ( ઇસ્થેટિક રીઝન Aesthetic Reason) અને લક્ષ્યદૃષ્ટિ ( પ્રૅક્ટિકલ રીઝન Practical Reason ) ગણવામાં આવે છે. કર્તાની વ્યવસ્થા પ્રમાણે લાક્ષણિક લક્ષણદૃષ્ટિનો પેટાભેદ કાઢી લેતાં લક્ષણદૃષ્ટિનો જે લક્ષ્યસંસ્કારક ભેદ રહે તે આ પાશ્ચાત્ય ફિલસૂફીમાં કલાદૃષ્ટિ અને લક્ષ્યદૃષ્ટિમાં પડે છે. પર્યેષક દૃષ્ટિ (Philosophical or Architectonic Reason) ને પાશ્ચાત્ય ફિલસૂફી ક્વચિત્ જુદી ગણે છે, પણ ઘણુંખરું ઉપલી બે ( કે લાક્ષણિક લક્ષણદૃષ્ટિને પણ ગણતાં ત્રણ ) માં સમાવી લે છે.

લક્ષણદૃષ્ટિના લક્ષ્યસંસ્કારક અને લાક્ષણિક એવા પેટાભેદ કરવાને બદલે પહેલા ભેદને કર્તાએ લક્ષ્યદૃષ્ટિમાં લઈ લીધો હોત અને લાક્ષણિક લક્ષણદૃષ્ટિને જ લક્ષણદૃષ્ટિ કહી હોત તો ચાલત એટલું જ નહીં પણ કદાચ સરલતા વધત એમ લાગે છે. લાક્ષણિક વ્યાપારમાં જે અનુમાન પરંપરાઓ આવે છે તેમાંના દરેક અનુમાનમાં આવતા ઉદાહરણ ( મેજર પ્રેમિસ Major premiss ) અને ઉપનય



( માઇનોર પ્રેમિસ minor premiss )* આગલાં અનુમાનોથી તારવેલા કે સ્વીકૃત ન હોય, ત્યાં લક્ષ્યસંસ્કારક દૃષ્ટિએ પ્રત્યક્ષ કરેલા પદાર્થ છે. એટલે શેઠ જેમ સેવકને સીધું લાકડાં વાસણ આદિ આપીને રસોઈ બનાવવા કહે છે તેમ લાક્ષણિક વ્યાપાર લક્ષ્યસંસ્કારક દૃષ્ટિએ પૂરા પાડેલા પદાર્થો ઉપર જ ચાલે છે. ( ઉ. ત. ) 'લૉર્ડ કર્ઝન માણસ છે' એવી માઇનોર પ્રેમિસ પ્રત્યક્ષ વસ્તુનું અનશુદ્ધ કથન છે એ નક્કી કરવાનું, 'સર્વ માણસો મર્ત્ય છે' એવી અન્વય વ્યાપ્તિ કે 'કોઈ માણસ અમર નથી' એવી વ્યતિરેક વ્યાપ્તિ બાંધવાનું, તેમ ખાતરીપૂર્વક અનશુદ્ધ વ્યાપ્તિઓ કારણકાર્ય સંબંધના નિશ્ચય વડે જ બાંધી શકાય માટે કારણ કાર્ય સંબંધોને લગતા શોધો કરવાનું કર્તવ્ય લક્ષ્યસંસ્કારક દૃષ્ટિનું છે. આ કારણો શોધવાનો વ્યાપાર શાસ્ત્રને વિસ્તારવા માટેના પ્રયત્નોને લગતા વ્યાપારોમાં મોટામાં મોટો છે, અને એ વ્યાપારમાં લક્ષ્યસંસ્કારક દૃષ્ટિ ઘણીવાર અમુક પ્રકારનો કાર્યકારણ સંબંધ હશે એવી કલ્પના કરે છે. અને પછી તે કલ્પના કે ઉપન્યાસ (હાઇપોથિસિસ hypothesis) શુદ્ધ નીવડે છે કે નહીં તે નક્કી કરવાને માટે તેને અનશુદ્ધ માની લઈને તેના ઉપરથી અનુમિતિઓ કાઢવાનું કામ લાક્ષણિકદૃષ્ટિ પાસે લે છે, એટલે એ અનુમિતિઓનાં પરિણામ પ્રત્યક્ષ સાથે સરખાવી જોતાં ઉપન્યાસમાં અશુદ્ધિ હોય છે તો તે પકડાઈ આવે છે. આ રીતે પણ લાક્ષણિક લક્ષણદૃષ્ટિ લક્ષ્યસંસ્કારકની સેવા કરે છે.

વ્યાપ્તિઓ બાંધવી અને કાર્યકારણસંબંધો શોધવા એ લક્ષ્યસંસ્કારક દૃષ્ટિનું શાસ્ત્ર બાંધવા અને વિસ્તારવાનું મહત્કાર્ય છે. અને એને આથી મોટું અને વળી આગવું બીજું કર્તવ્ય પણ છે. વ્યક્તિઓ, સંસ્થાઓ, સમાજ, ધર્મ, અને રાજ્યને લગતું ઘણું ઘણું કાર્ય શાસ્ત્રબોધિત નહીં, તેમ શાસ્ત્રજ્ઞાન જેમાં પ્રસ્તુત નહીં કે લાગુ

* સામાન્ય રીતે વપરાય છે તે શબ્દો ઉપર લખ્યા છે, બાકી મેજર પ્રેમિસ માટે ઉદાહરણ તેમ જ માઇનોર માટે ઉપનય એ બેમાંથી એકે પર્યાય બંધબેસતો નથી. આપણા ન્યાય દર્શનનું અનુમિતિ પ્રકરણ અને પાશ્ચાત્ય તર્કશાસ્ત્ર એ બે વચ્ચે એમ તેઠકી ફરકાટથી પણ તોડ કાઢી ન શકાય એવા મૂળગત ભેદ છે, અને એની પરિભાષા બીજામાં યોજતાં અનેક મુશ્કેલીઓ આવે છે.

પડી શકે જ નહીં, એવું હોય છે. માનવ જીવનના આ અતિવિશાલ ક્ષેત્રને વ્યવહાર કહે છે. આમાં અસાધારણ કુશળતા અને ડહાપણ (પૃ. ૧૫૫–૬ ) એ પણ આ લક્ષ્યસંસ્કારક દૃષ્ટિનું કાર્ય છે.

લાક્ષણિક લક્ષણદૃષ્ટિ અને લક્ષ્યસંસ્કારક લક્ષણદૃષ્ટિથી આત્મકલ્યાણ અને લોકકલ્યાણ કેવાં તો સધાય છે તે સ્પષ્ટ કરવા માટે કર્તા આટલી ચર્ચાથી સંતોષ ન માનીને તટસ્થતા શબ્દમાંના ગર્ભિત રૂપકને ખીલવે છે. તટસ્થતા એટલે પ્રવાહથી અલગ હોવું તે. જે ભૂતલ ઉપર થઈને પ્રવાહ વહે છે તે તલ, જે વચ્ચે થઈને પ્રવાહ વહે છે તે તટો, અને જેની નીચે પ્રવાહ વહે તે વાતાવરણ. એ ત્રણે પ્રવાહથી અલગ હોઈ "તટસ્થ" છે. સાક્ષરજીવનને પ્રિય તટસ્થતાથી સધાતું આત્મકલ્યાણ અને લોકકલ્યાણ આ ત્રણમાંથી કોઈ ને કોઈ રૂપનું હોય છે. પ્રવાહને લીધે તે ઉપરનું વાતાવરણ આઘેના વાતાવરણ કરતાં ઠંડક આદિ ગુણો વડે ચડિયાતું હોય છે. પ્રવાહને લીધે તટભૂમિ વધારે ફલદ્રુપ હોય છે. અનાવૃષ્ટિમાં અને ગ્રીષ્મમાં પ્રવાહ હોતો નથી ત્યારે પણ તલભૂમિમાં જલ હોય છે. બીજા વાતાવરણ અને બીજી જમીન કરતાં આ ત્રણે પ્રવાહના સ્થાયી સમાગમને લીધે ચડિયાતાં હોય છે એ એમનું આત્મકલ્યાણ છે. અને ત્રણે પોતાની સરસાઈનો લાભ પોતાની સંગતિ અનાયાસે પામેલા કે શોધવાને આવતા સર્વને આપે છે અને એ પ્રમાણે લોકકલ્યાણ પણ કરે છે.

પરંતુ આવા રૂપકથી યે મનમાનતી અસર નહીં થાય એમ ધારીને કર્તા આ વિષય એપિક્ટેટસ, સેનેકા, અને માર્કસ ઓરીલિયસ એન્ટોનાઈનસનાં જીવનચરિતો, જીવનસૂત્રો અને લક્ષ્યસંસ્કરણ ઉપર સ્વતંત્ર વ્યાખ્યાનો લખતા હોય એવો લેખ લખીને વિસ્તારે છે. કર્તાના આશયો તરફ વાચનારાઓને આકર્ષવાને માટે આ ત્રણ કરતાં વધારે સારી પસંદગી ભાગ્યે જ થઈ શકી હોત. અને આ ભાગ એવો રસિક લખાયો છે કે તેનો સાર આપવાની જરૂર જ નથી. નિબંધનાં આગલાં પ્રકરણ જેમને શુષ્ક લાગે અને અઘરાં પડે એવા વાંચનારાઓ પણ આ ગંભીર ચિત્તવેધક ઇતિહાસચર્ચા હોંસથી વાંચી શકશે. અને આવા વાંચનારાઓની ખાતર આ ભાગ ઉપર એક જ ટીકા નોંધીશું. સેનેકા વિશે કર્તાએ જે અતિશય ઊંચો અભિપ્રાય દર્શાવ્યો છે તે એ દેશકાલના ઇતિહાસના અભ્યાસીઓથી એકદમ સ્વીકારાય એવો નથી.



## શું શું રહી ગયું અને શા કારણથી ?

નિબંધને ઉપર ટપકે જોતાં પણ જણાઈ આવે છે કે— (૧) છેલ્લા પ્રકરણનો અંત જોઈએ એવો નથી, "પરંતુ પ્રથમ દર્શનથી એટલું તો જણાય છે કે આપણા લોકનું યોગશાસ્ત્ર ભ્રમરૂપ છે એવું આજની પાશ્ચાત્ય વિદ્વાનું કહેવું અસત્ય હોય" (પૃ. ૨૦૮), એ વાક્યથી શરૂ થતો અંતભાગ પ્રકરણ અધૂરું નથી રહ્યું એમ કહી શકાય એટલા પૂરતો જ લખી નાખેલો છે; (૨) સાક્ષર દૃષ્ટિસોપાનનાં ઉપલાં બે પગથિયાં વિશેનાં બે પ્રકરણ રહી ગયાં છે; (૩) અને બધી દૃષ્ટિઓનું વર્ણન પૂરું કરી ગ્રંથના ઉપસંહાર તરીકે દરેક દૃષ્ટિમાં નિવાસ કરતા તેના આત્મા જેવા તેના અધિષ્ઠાતા દેવની "અને અંતે એ દેવોના જય-મંગલ સ્વરૂપ" (પૃ. ૧૧૨)ની આરતી ઉતારવા અભિલાષ હતો, તે પણ રહી ગયું છે. આ સર્વ રહી ગયું તેના કારણ માટે પણ ઉપલક જોનારને તેની પ્રકૃતિ વિરુદ્ધ વિશેષ વિચાર કરવો પડે એમ નથી. પ્રથમ દર્શને પણ જણાય એવું, (૧) કર્તાનું ટૂંકું આયુષ્ય; (૨) લીલાવતી જેવી પ્રિયતમ પુત્રીની ગંભીર માંદગી અને મૃત્યુ, (૩) બીજી કૌટુંબિક ઉપાધિઓ, અને (૪) કર્તાની વધુ ને વધુ લથડતી જતી તબિયત, એ કારણજૂથ નજર આગળ પડેલું જ છે, એટલે આપણો ઉપલક જોનાર આથી કોઈ ઊંડા કારણનો સંભવ પણ શા માટે કલ્પે ?

હવે બીજી બાજુ જુઓ. આ નિબંધ આરંભ્યો છે કર્તા નિવૃત્ત થયા ને તુરત—નિવૃત્ત થયા તે સાથે જ, ઈ. સ. ૧૮૯૮ના અન્તમાં. એમનો દેહ પડી ગયો ઈ. સ. ૧૯૦૭ની સાલ બેસતાં. 'સરસ્વતીચંદ્ર' ભાગ ચોથો પૂરો ન થાય ત્યાંસુધી કર્તા બીજા કોઈ પણ લેખન વાંચન કાર્યને થોડો જ વખત આપી શકે એ ખરું. પણ એ મહાપ્રવૃત્તિ ઈ. સ. ૧૯૦૦ના અંત પહેલાં સમાપ્ત થઈ છે. લીલાવતી વિશેની ગંભીર ચિન્તાએ ઈ. સ. ૧૯૦૧નું આખું વર્ષ લઈ લીધું અને તેના મૃત્યુજન્ય ઉત્કટ શોક અને વૈરાગ્યને લીધે કર્તા ઈ. સ. ૧૯૦૨ નો કેટલોક ભાગ નિષ્ફળ રહ્યા હોવા જોઈએ એ પણ સ્વીકારીએ. ઉપરાંત, ઈ. સ. ૧૯૦૬ ના જુલાઈથી માંડીને એમના આયુષ્યના આખરના છ માસ પણ છોડી દઈએ; અગર જો કે આમાંના પહેલા ત્રણ માસ દરમિયાન એઓ કેટલુંક અતિ મહત્વનું વાંચન મનન અને કાચું લેખન કરી શકતા હતા, એટલું હું મારી જાતમાહિતી ઉપરથી ચોક્કસ

કહી શકું છું (જુઓ આગળ). ઉપરના ઉપલકિયા મતમાં તથ્યાંશનો ભાગ આથી વધારે મોટો આંકી શકાય એમ છે જ નહીં. એટલે કે સરસ્વતીચંદ્ર પૂરો થયા પછી અને લીલાવતીએ અને પોતાના શરીરે લઈ લીધેલો સમય જતો કરતાં ચાર સવાચાર વર્ષનો ચોખ્ખો ગાળો એમની વાંચનમનનલેખનની સાહિત્યપ્રવૃત્તિ માટે રહે છે, અને આ 'સાક્ષરજીવન' સમયના અભાવે અધૂરું રહી ગયું એ મતને ખોટો ઠરાવે છે.

આ અરસા દરમિયાન એમની જાહેર પ્રવૃત્તિ અને લેખન પ્રવૃત્તિ સારી રીતે ચાલેલી પણ છે. જાહેર પ્રવૃત્તિ અહીં ગણવી ઘટે છે તેનાં કારણ છે. એક તો લેખન પ્રવૃત્તિનો લેશ પણ ભોગ આપીને જાહેર પ્રવૃત્તિમાં પડે એવું એમનું વલણ ન હતું. બીજું, આવું કોઈ કર્તવ્ય વિરલ સંજોગોમાં માથે લેતા તો તે સંબંધમાં એમની કાર્યપદ્ધતિ અને પોતાની જવાબદારીની એમની અસ્મિતા એવા પ્રકારનાં હતાં કે આવો પ્રસંગ એમનો સામાન્ય રીતે ધારવામાં આવે તે કરતાં વધારે વખત ખાઈ જતો. 'સતી સૂની', 'લીલાવતી જીવનકલા', Conflicts of Laws between Converts and Non-Converts, Higher Brahmanism in Ancient India, The Hindu Ideal of Poverty, The Keystone of the Economics of Hinduism, ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેના ભાષણમાં કરેલું અવલોકન, કવિ દયારામનો અક્ષરદેહ, અધ્યાત્મજીવન (અપ્રસિદ્ધ), Physics in Ancient India (અપ્રસિદ્ધ), અને Notes on Yoga (અપ્રસિદ્ધ), રા. રા. દયારામ ગિદુમલને કાગળો—એ એમની આ અરસામાંની મુખ્ય લેખન પ્રવૃત્તિ હતી. આથી ટૂંકાં લખાણો ભાષણો કાગળો આદિને માટે તેમ એમની જાહેર પ્રવૃત્તિને માટે જિજ્ઞાસુએ કર્તાના ભાણેજ પ્રોફેસર કાન્તિલાલ છગનલાલ પંડ્યા કૃત "શ્રીયુત ગોવર્ધનરામ" એ રસિક સરલ અને ઘણી વિગત ચોક્કસ કાલનિર્દેશ સાથે પૂરી પાડતું જીવનચરિત જોવું.*

* આ જીવનચરિત પ્રકટ થયું ઈ. સ. ૧૯૧૦ માં. તે પછી આજ સુધીમાં એની એક આવૃત્તિ પણ ખપી રહી નથી એ જાણીને કોને સખેદાશ્ચર્ય નહીં થાય? સરલ લખાવટ, જીવનચરિત જેવો વર્ણનાત્મક અને આધુનિક રસ



ત્યારે સમય હતો, લેખન પ્રવૃત્તિ સારા વેગમાં ચાલુ જ હતી, અને હિંદી સંસ્કૃતિ અને વિચારદૃષ્ટિનું હાર્દ અંગ્રેજી જ વાંચનાર વિશાલ દુનિયાને યથાશક્તિ જણાવવા અંગ્રેજી લખાણો લખવા તરફ ઢળી વળેલા હતા, તથાપિ—આગળ જોવામાં આવશે કે—સાક્ષરજીવનનો

પડે અને વિચાર ઉત્પન્ન થાય એવી બાબતોની ચર્ચા કુદરતી રીતે ઘણી આવે એવો વિષય, ચરિત્રનાયકની આખી ગુજરાતી આલમમાં શ્રેષ્ઠ સાક્ષર તરીકે ખ્યાતિ, મુદ્રણ કાગળ આદિની સફાઈ, પ્રસિદ્ધિ અને વેચાણ માટે ઘટતી વ્યવસ્થા, ખરેખર ઓછી કિંમત,—એમ કોઈ પણ ચોપડીના સારા ઉઠાવ માટે જે કંઈ માગીએ તે સર્વ આ ચોપડીના લાભમાં જણાય છે, અને તોપણ નવ વર્ષમાં બે એક હજાર નકલ પણ ખપી નથી! ગુજરાતી સાહિત્યની હાલની દશાની ખરી અને પૂરી ચિકિત્સા કરવા માગતા હોય તે સર્વને માટે આ દાખલો ખરે મનનીય છે.

વાત આથી વધારે મહત્ત્વની એક બાબત પણ અહીં જ કહું છું. ગોવર્ધનરામના આચારવિચાર પ્રજાના અણુરાગમાં પ્રેરણા આવે અને તેમાંથી આ જમાનો પૂરતો બોધ તારવી શકે તેને માટે આ ટૂંકું જીવનચરિત બસ નથી. ગુજરાત શાળાપત્રના અંકોમાંથી નવલરામ લક્ષ્મીરામ પંડ્યાકૃત ઇંગ્લંડના ઇતિહાસની અપૂર્ણ ચોપડીનો ઉદ્ધાર કર્યો તે વખતે તેના પ્રવેશકમાં મેં ઇશારો કરેલો જ છે, કે આવા વિચારશીલ લોકહિતાકાંક્ષી પુરુષોના વિસ્તાર જીવનચરિતથી જ એમના લેખોમાં જણાતા એમના વિચારો અને એમની ભાવનાઓ, તેમનાં નાનાંમોટાં કારણો સાથે, યથાર્થ જાણી શકાય. આવા આન્તર અનુભવો અને માનસિક ઘડતરના ઇતિહાસો વિશ્વસનીય મેળવી શકાય તો પ્રજાની ઉત્તરોત્તર સર્વાંગ ઉન્નતિને માટે એક મૂલ્યવાન મોટું સાધન થશે. કવિ નર્મદના આવા જીવનચરિતને માટે સાધનો હતાં તે જેઓને કબજે હતાં તેમના પ્રમાદ અને સંકુચિત દૃષ્ટિને લીધે લગભગ નાશ પામ્યાં જણાય છે. ગોવર્ધનરામની નિત્ય નોંધો વગેરે પુષ્કળ સાધનો અત્યારે છે, અને સારી રીતે ગોઠવેલાં અને સુરક્ષિત છે. આમાંથી એમનું વિસ્તીર્ણ જીવનચરિત જલદી બહાર પડવાની આવશ્યકતા છે. આવાં પુસ્તકનો છપામણી ખર્ચ પણ લગભગ માથે પડે એવી ગુજરાતી વાચકવર્ગની અત્યારે ગાઢ અજ્ઞાનને લીધે સ્થિતિ છે, એ ખરું. પણ તેનો બે ઉપાય નથી એમ નથી. પ્રજાની પ્રગતિ માટે લાગણીવાળા કોઈ ધનાઢ્ય વ્યક્તિ કે સંસ્થાએ આવાં કાર્યો તરફ ઉદારતાનો હાથ લંબાવવો ઘટે છે. ગોવર્ધનરામના વિસ્તીર્ણ જીવનચરિતનું કાર્ય આ જમાનામાં જ થવું જોઈએ નહીં તો એ સાધનો પણ વહેલામોડાં કાલાધીન થયા વગર નહીં રહે.

નિબંધ પૂરો કરવાની વૃત્તિ તો નિબંધ આરંભ્યો તે વખતે હતી તેવી ને તેવી સતેજ હતી. છતાં યે એ નિબંધ પૂરો નથી થયો. કારણ? શક્તિનો અભાવ. નિબંધના હવે પછીના ભાગમાટે એમણે જે વિષય નક્કી કરી રાખેલો હતો તે વિષયનું એમને હજી જ્ઞાન—પાકું અનુભવસિદ્ધ જ્ઞાન થયેલું ન હતું. એ જ્ઞાન મેળવવાને માટે એમનો હરએક પ્રયાસ ચાલુ હતો; પણ તે દુનિયા—અભણ દુનિયા આગળ નિર્ણયાત્મક રૂપમાં મૂકી શકે ત્યારે જ એમને એ લખવો હતો, અને એ સ્થિતિ આવે—એમનો આત્મા એ ભૂમિકા સુધી ચડે—તે પહેલાં તો દેહ પડી ગયો.

સ્નેહમુદ્રા અને સરસ્વતીચંદ્રના કર્તામાં અમુક જ્ઞાન કે શક્તિનો અભાવ એ મત સહસા ગળે ઊતરે એવો નથી તે જાણું છું. માટે જ મારી દલીલનું દરેક ડગલું લંબાણ થાય છે તે થવા દઈને—બનતાં સુધી સ્ફુટ અને ચોક્કસ કરતો જાઉં છું. ત્યારે આ નિબંધના હવે પછીના ભાગમાં લખવાનો એવો તે કયો વિષય હશે જેના સંબંધમાં ગોવર્ધનરામ જેવામાં પણ જ્ઞાન અને શક્તિનો અભાવ હતો, અને તે એટલો કે તે ટાળવાને માટે એમણે લાંબા વખત સુધી બનતો ઉદ્યોગ કર્યો, અને એ વિષય સુધી પહોંચવાને માટે એ તેના માર્ગ ઉપરનાં શાસ્ત્રો વિદ્યાઓ આદિ બનતી સૂક્ષ્મતા સાચવીને અને ખંતથી જોઈ વળ્યા, છતાં યે એમનો મનોરથ મનમાં જ રહ્યો?

કાર્લાઇલના 'સાર્ટર રીસાર્ટસ' માંથી કર્તાએ ટાંકેલાં અવતરણોમાંનું એક અહીં આબાદ લાગુ પડે છે:

"We say as before, with all his malign indifference what mad hopes this man may harbour!" (પૃ. ૭૩).

નિબંધમાંથી એક બીજું અવતરણ પણ જુઓ:

"'વસ્તુ' ઉપર મોહ પામતા અને 'નામરૂપ' પાસેથી નાસી જતા જીવનની—સાક્ષરજીવનની—કથાઓ નામરૂપના સંસારની વસ્તીની દૃષ્ટિએ આપવી કઠિન છે, એ કથા સમજવી કઠિનતર છે, અને એ જીવન સમાપ્ત થતાં સુધી એ કઈ વસ્તુ ભણી દોડે છે તે જાણી લેવું તે હજી વધારે કઠિનતર છે." (પૃ. ૭૬)

ખરી વાત છે. કર્તાનું આ નિબંધરૂપ સાક્ષરજીવન, એમનો આ



બુદ્ધિવ્યાપાર, અપૂર્ણ રહેલ છે, એટલે તે " કઈ વસ્તુ ભણી " દોડતો હતો તે છાતી ઠોકીને કહેવું અત્યંત કઠિન છે. પણ મારા મતની તરફેણમાં જુદી જુદી અનેક વિગત એકત્ર કરીને ઉપજાવેલી કલ્પના કે અનુમિતિ ઉપરાંત પ્રત્યક્ષ પ્રમાણ ગણાય એવો પણ થોડો પુરાવો છે.

સપ્ટેમ્બર ૧૯૦૬ ના ત્રીજા અઠવાડિયામાં હું નડિયાદ ગયો હતો ત્યારે ચાર કે પાંચ દિવસ રોજ હું એમની પાસે ચાર કલાક ઉપર બેસતો. હું કેટલાક સવાલ વિચારીને ગયો હતો તે સર્વના જવાબ એમણે વિસ્તારથી અને પૂરી નિખાલસતાથી આપેલા—ખરા 'અતિથિ' સાથે એમનો એવો રિવાજ જ હતો એ ચોક્કસ જાણ્યા પછી જ હું વિનાસંકોચે ગયો હતો—અને એ સવાલ જવાબ ઉપરાંત પણ આ વખતે મને એમની સાથે ઘણી વાતચીતનો લાભ મળ્યો હતો. આ વિશેની ટૂંકી નોંધ "મારો છેલ્લો મેળાપ" એ નામે વસંતના સ્મારક અંકમાં* પ્રકટ થઈ હતી, તેમાંથી જરૂરનો ભાગ ઉતારું છું; મહત્ત્વનાં વાક્યો કાળાં બીબાંથી છાપ્યાં છે.

" મેં સાંભળેલું કે 'ગુજરાતી સાહિત્ય પ્રતિની મારી ફરજ હું પૂરી થયેલી સમજું છું,' એ મતલબનું એ જુદે જુદે પ્રસંગે... બોલેલા. આ વિશે પૂછતાં એ વાતનો એમણે સ્વીકાર કર્યો અને કહ્યું,...'અપવાદ માત્ર મારા મનમાં એક વસ્તુનો છે, તે એ કે **સાક્ષરજીવનનો નિબંધ અધૂરો રહ્યો છે તે પૂરો કરવા મારી ઇચ્છા છે.**

" એમણે મને એમના Physics in the Upanishads ની પ્રસ્તાવના વંચાવી. તે વખતે અને તે પછી ઉપનિષદો, સાયન્સ, ચરક, સુશ્રુત, યોગ, યોગ અને વેદાંતના જૂનામાં જૂના ગ્રંથો ક્યા, અને તે ક્યા સમયના, હઠયોગ અને રાજયોગ, ઉપનિષદો પૂરાં સમજવા માટે રાજયોગનો ક્યાં સુધીનો પરિચય જોઈએ, થિયોસોફી, વિવેકાનંદ, વગેરે વિષયો ઉપર વાતચીત થઈ. **એમના પોતાના રાજયોગના પરિચય વિશે આ પ્રમાણે જણાવ્યું.—**

" **પ્રાણાયામ—વિવેકાનંદનાં ભાષણો અને યોગના મૂળ**

* વિ. સં. ૧૯૬૩નું વસંત, અધિક ચૈત્રનો અંક, પૃષ્ઠ ૧૮૯–૧૯૩. એ 'મેળાપ' આખો જોઈ જવા જવા વાંચનારને વિનંતિ છે.

સંસ્કૃત ગ્રંથો તેમાં મુખ્યત્વે કરીને પાતંજલ અને યોગવાસિષ્ઠ ઉપરથી જ. ગુરુ કોઈ નહીં—એ વિચિત્ર. હઠયોગ જરા પણ નહીં.

"ધારણા સુધી પહોંચ્યા છે. અનાહત નાદ સંભળાવા માંડ્યો હતો. પણ પછી......એકાદ વર્ષનો કે વધારે ગાળો પડ્યો છે.

"સમાધિ સુધી ગયેલો કોઈ પણ માણસ એમને અદ્યાપિ મળેલો નથી. સમાધિ વિશે બોલતાં એમણે વિવેકાનંદનું વાક્ય કહ્યું—A man drops into *sleep* a fool, and wakes up again a fool; *a man, however, drops into Samadhi a fool, and wakes up a sage.*"

Physics and Physiology in the Upanishads ની પ્રસ્તાવના વાંચી રહ્યા પછી મેં સૂચના કરી કે આ પુરું થાય તે પછી *Psychology in the Upanishads* નો વિષય આપે લખવો. એમણે કંઈ જવાબ દીધો નહીં. વાતચીત ચાલી. તેમાં પોતે જે કંઈ જે વખતે લખ્યું-કર્યું તે તે વખતે જ થાત, એ વખત ચુકાત તો એ રૂપનું ન થાત, તથા એમ જે કંઈ એમને હાથે બની શક્યું છે તે ઈશ્વરેચ્છાથી ઈશ્વરની કૃપાથી* જ થયું છે, એમ પોતાની શ્રદ્ધા પ્રકટ કરી...... "આ પ્રસ્તાવના તમે વાંચી. હજી પુસ્તક લખવાનું આખુંયે બાકી છે. એ માટેનાં તમામ સાધનો તો આ નોટબુકોમાં ભરી રાખેલાં છે. અને તેનો યથેતિ વિચારે થઇ ગયેલો છે. લખતાં લખતાં એક વિષય પછી બીજો અને એક પ્રકરણ પછી બીજું એમ પૂર્વાપર સંબંધ જોવાતો જાય અને વિચારમાં ફેરફાર કે વધઘટ થાય એ જુદી વાત. પણ આ શરીરે જુઓ છો ને? ઈશ્વર કરે તે ખરું."

* ઓગણીસમી સદીના વિચારવાતાવરણમાંનો નાસ્તિક્ય-વાયુ એમને સ્પર્શ્યા જ પામ્યો ન હતો એમ કોઈ ધારે તો તે વાસ્તવિક નથી. આ દિવસોની વાતચીત દરમિયાન જોન સ્ટુઅર્ટ મિલ અને પ્રોફેસર [illegible] વિશે આડાઅવળા સવાલજવાબો વચ્ચે એમણે કહ્યું હતું—'Atheismનો વારો મારા મનમાં બહુ મોટો વખત જ રહેલો." ઉપર ટાંકેલા આ સ્મારક અંકમાં પૃ. ૨૦૭ મે [illegible] કર્તાની નોંધપોથીઓમાંથી જે અંગ્રેજી પંક્તિઓ ટાંકી છે તે આ નાસ્તિકતાના સમયની લાગે છે.



"બધા વિચાર કરી જોતાં મારી સૂચનાનો મને જ સૂઝેલો જવાબ તે વખતે જ નોંધેલો છે કે, "**સમાધિ સુધી પહોંચી શકાશે તો જ ગોવર્ધનભાઈ સાઇકોલોજીનો વિષય ઉપાડશે, નહીં તો નહીં.**"

આ પછી સાડાત્રણ માસ ન થયા ત્યાં તો..."

આ નિબંધ પૂરો ન થયો તેનો ખરો ખુલાસો, મારા અધીન મતે, એ જ છે. બાકી રહેલા ભાગમાં કર્તાનો અભિલાષ **સમાધિ-દૃષ્ટિનો** * વિષય અશ્રદ્ધાળુ જગત તેનું ગૌરવ કંઈક સ્વીકારે એવા પ્રત્યક્ષાનુભવજન્ય રૂપમાં લખવાનો હતો; સમાધિદૃષ્ટિ જાતે પ્રસિદ્ધ કરવાને માટે પોતે બન્યો તેટલો પ્રયાસ પહેલી તકે ફરી પાછો આદરવા પોતે સજ્જ હતા જ. એમણે ઈ. સ. ૧૮૯૮ ની આખરે નિવૃત્ત થવા તેના પ્રેરક હેતુઓમાં પણ આ સિદ્ધિ બને તો મેળવવી એવી અભિલાષાને બહુ ઊંચું સ્થાન ઘટે છે એમ ધારું છું.

સમાધિ.

ઉપલો મત જરાયે વાસ્તવિક હોય તો 'સમાધિ એટલે શું?' ગોવર્ધનભાઈ જેવાના યે મનોરાજ્યમાં જેનું સ્થાન આ પ્રમાણે સર્વોપરી તે તે કેવો યે પદાર્થ હશે?'—એવી જિજ્ઞાસા કુદરતી છે. સંતોષવાનું કાર્ય જે કોઈ સમાધિ સુધી પહોંચ્યો હોય તેનાથી જ બને એ દેખીતું છે. પણ તેથી જો આ બાબત અહીં જ પડતી મૂકવામાં આવે તો તો આખી ચર્ચા અશ્રદ્ધાળુને એટલે કે ઘણાખરા વાંચનારાને ઉપહસનીય થઈ જવા સંભવ છે. માટે કર્તા જે આ વસ્તુને આવા વિલક્ષણ પ્રકાશમાં જોતા હતા તે એને કયા દૃષ્ટિકોણથી જોવાનું પરિણામ હશે એટલું દેખાડી આપવા થોડો ઘણો પ્રયત્ન કરીને પછી આ પ્રવેશક પૂરો કરીશું.

કોઈ પણ શાસ્ત્ર કે વિજ્ઞાનની વિચારસૃષ્ટિ સામે જોઈએ તો આકારમાં ડુંગર કે ત્રિકોણના જેવી દેખાય છે. એમાંનાં સિદ્ધાન્તો

* અહીં વાંચનાર નિબંધનો અંતભાગ ફરી જોવા તસ્દી લેશે તો—"એની યોગ્ય તુલા," 'આપણા લોકનું યોગશાસ્ત્ર" "સચ્ચિદાનંદાનુભવમાં ઋતુક્રમ ઉપરાંત કાંઈ વિશેષ સત્યાનુભવ,"—વગેરે ખંડો તેને અત્યંત સૂચક લાગ્યા વગર નહીં રહે. ખરી રીતે તો એ ખંડો પણ આ બાબતનું મોટું પ્રત્યક્ષ પ્રમાણ છે.

અને વ્યાપ્તિઓ, કથનો અને નિર્દેશો, વિધિઓ અને નિષેધો, સત્યો અને વિગતો, દરેકની વ્યાપકતા (extension) પ્રમાણે ગોઠવીએ, તો ઓછી ઓછી વ્યાપકતાવાળી વસ્તુઓ અસંખ્ય જણાશે અને તેમનું સ્થાન આ ત્રિકોણની બેઝરેખા ( બેઝ base ) માં આવશે. સૌથી વધારે વ્યાપક ભાવનાઓ સિદ્ધાન્તો સત્યો અને સ્વીકૃતિઓ બહુ ઓછી જણાશે અને તેમને ત્રિકોણના શિખરકોણ (એપેક્સ apex) કે શિખરમાં મૂકવી પડશે, અને બાજુઓની બે રેખાઓમાં અને ત્રણે રેખા વચ્ચે બંધ થયેલા સ્થાનમાં શાસ્ત્રમાંથી બીજી તમામ વસ્તુઓ પોતપોતાની વ્યાપકતા પ્રમાણે ઊંચેનીચે મુકાશે. સાક્ષરને કોઈ પણ શાસ્ત્ર ઉપર અનુરાગ હોય છે તો તેની દૃષ્ટિ એ શાસ્ત્રના ત્રિકોણમાં વિહરે છે, શિખર-ભાવનાઓથી તે ઝીણામાં ઝીણાં અવલોકનબિંદુઓ સુધી ઊંચેનીચે ચક્કર કર્યા કરે છે અને આડીઅવળી રમે છે, અને કોઈ વાર કોઈ અપૂર્વ વિચારવિદ્યુતથી ઝળકેલી ફૂરપાટ દોડે છે ત્યારે ચઢાવ ઉતાર વાંક બાકાબેંચા કશું લેખવતી નથી, તો સામાન્ય રીતે ચિંત્ય વિષયાંશોમાંના કોઈ ને કોઈમાં લાંબોટૂંકો સમય આખું આળસુ અક્રિય હોય એમ પડી રહેલી જણાય છે. આ સર્વ વ્યાપારમાં એની ચડતી ગતિને લક્ષ્યસંસ્કારક લક્ષણદૃષ્ટિ કહી શકીએ, એની ઊતરતી ગતિને લાક્ષણિક લક્ષણદૃષ્ટિ કહી શકીએ, અને એની શાસ્ત્ર ત્રિકોણમાંના એક બીજાથી છેટે છેટે પડેલાં સ્થાનોને તેમ આખા ત્રિકોણને સુદૃષ્ટ કરી લેવાની પ્રવૃત્તિને પર્યેષક દૃષ્ટિ કહી શકીએ.

શાસ્ત્રોમાં શિખરસ્થાને ભાવનાઓ યા ઉચ્ચગ્રાહો ( ideals ) હોય છે. નીતિશાસ્ત્રની એટલે કે માનવજીવનશાસ્ત્રની પરમ ભાવના શી છે ? માનવ ફિલસૂફીનો ઉન્નતોન્નત ઉચ્ચગ્રાહ કયો ? શ્રેયસ્ અને પ્રેયસ્‌ની વાસનાઓથી પ્રેરાતો અને કંઈક અનુભવ અને વિચારથી તો કંઈક અનુકરણ અને શ્રદ્ધાથી તેમ કંઈક બાહ્ય બળોના દબાણથી તો કંઈક યદૃચ્છાથી ડગલાં ભરતો માણસ, પાકટ થવા આવે છે અને અનેકાનેક જુદી જુદી સ્થિતિઓ, પ્રકૃતિઓ અને સામગ્રીઓના પ્રત્યક્ષ શ્રુત કે કલાદત્ત સંસ્કારો વડે એનું ચિદાકાશ સમૃદ્ધ સંસ્કૃત અને જીવંત બન્યું હોય છે, તેમ એની શારીરિકથી માંડીને ઊંચામાં ઊંચી શક્તિઓ મધ્યાહ્ને હોય છે, ત્યારે તેને પરમ આકર્ષક જીવન, સ્વર્ગોપમ જીવન, મોટામાં મોટા દેવોના જેવું જીવન, અજરામર હોઉં



તો આ જ જીવનસ્વર્ગને બધો શક્તિકલાપ પૂરેપૂરો સમર્પી અનંતકાલ વિહરું એવો સ્થાયી ભાવ ઉત્પન્ન કરનારું જીવન,—કયું લાગે છે ? Summum Bonum, Highest Good, Beatitude, Virtue, પરમ પુરુષાર્થ, સર્વોત્કૃષ્ટ નિઃશ્રેયસ, સર્વ કામાપ્તિ, પરા શાન્તિ, વગેરે સંજ્ઞાઓ વડે જે પદાર્થ કથવાનો પ્રયત્ન થાય છે તે આ છે. આ મહાપ્રશ્નનો જવાબ આર્ય સંસ્કૃતિએ ઉપનિષદ્ કાલથી ચાર અક્ષરમાં આપેલો છે-

**ज्ञानं ब्रह्म !**

અને એ ચાર અક્ષરનો વિસ્તાર આર્ય સંસ્કૃતિ, ખાસ કરીને યોગદર્શન, એ પ્રમાણે કરે છે કે—

વીતરાગ ઉપાધિરહિત જન્મમુક્ત બન અને **सत्य**-પરાયણ ધ્યાનપ્રવૃત્તિમાં લીન, એ પ્રવૃત્તિમય બન, એ પ્રવૃત્તિ જ બન : રે મૂઢ ! આ ત્રિગુણાત્મક માયાસાગરમાં રઝળતા તણખલા ! આ **सत्य**-પરાયણ ધ્યાનપ્રવૃત્તિથી ત્રિગુણાત્મક પંચકોશ અને સપ્તલોકને આરપાર વીંધી **कूटस्थ**ને નિહાળીશ, કૂટસ્થમાં સમાઈશ, સ્વયં કૂટસ્થ બનીશ, ત્યારે તું પોતે, તારું જીવન, તારા વિહાર, તારી શક્તિઓ, તારી સિદ્ધિઓ, કેવાં યે અવર્ણનીય લોકોત્તર વિશ્વહિતસાધક બની રહેશે તે તું પોતે અનુભવીશ ત્યારે જ જાણી શકીશ !

અનીશ જીએ તેમાંથી ઈશ બનવાની આ ભાવના બીજી કોઈ સંસ્કૃતિ ફિલસૂફી કે સાહિત્યકલા સૃષ્ટિમાં આપણે ત્યાંના જેવા ઉત્કટ રૂપમાં, નિશ્ચયાત્મક પ્રત્યક્ષાનુભવના હોય એવા દેખાતા શબ્દોમાં, અને અનેકાનેક વિવિધરંગી અદ્ભુત મોહક આકારોમાં જોવામાં આવતી નથી. અને વળી આપણી સંસ્કૃતિમાં, આપણા ધર્મમાં, આપણી સમાજવ્યવસ્થામાં જે જે અસંખ્ય નાનમોટાં વ્યાવર્તક અનન્યસાધારણ લક્ષણો સર્વત્ર જણાય છે, તેમાંથી કેટકેટલાનું આદિકારણ આ ભાવના અને તે સંસિદ્ધ કરવા માટે યોજવા અને અનુસરવામાં આવેલી પ્રક્રિયાઓ જ જણાય છે ! એ ભાવના અને એ યોગદર્શનમાં બતાવેલા માર્ગ શું ખરા હશે ? વાસ્તવિક અનુભવકથન હશે ? કેટલે દરજ્જે ? મનુષ્યને માટે નિઃસંશય સર્વોત્કૃષ્ટ જીવન આ કે કોઈ બીજા પ્રકારનું ? આ મહાપ્રશ્નનો ખરો જવાબ શો ? કેમ શોધવો ? કોણ શોધી શકે ?

આપણો સાહિત્યરાશિ કોઈ સૈકાઓ પૂર્વે થઈ ગયેલા મહાસમર્થ રાજાધિરાજના ગગનચુંબી મહાલયના સૂના ઘેર ખંડેર જેવો પડ્યો છે. એમાં કચરાના અને ગંધાતા વિષપ્રસારક સડાના ડુંગર જેવા ઉકરડા થઈ ગયા છે એ નિઃસંશય. એમાં ઘણું સાફ ખોટું છે, ઘણું ભ્રામક છે, ઘણું પ્રમત્તોન્મત્તાવસ્થાના પ્રલાપ જેવું છે, ઘણું આવશ્યક અંગો વગરનું છિન્નભિન્ન છે, ઘણું આગન્તુક છે. પરંતુ એ તો જે છે તે છે. અને આપણે એનાં સન્તાન છીએ; એના હકદાર વારસ છીએ. વિદેશીઓ ભલે એના તરફ અપહાસે હૃદયહીન ટીકાકાર તરીકે જુએ. આપણું કર્તવ્ય એના દોષોમાં પણ જ્યાં અને ત્યાં ગર્ભમાં રહેલા ગુણો જોવાનું છે,* અને જે એના ગુણો જણાય તે અને તેટલા ખીલવવાનું છે. બીજા સુશિક્ષિત દેશોમાં સૌ પોતાની સંસ્કૃતિમાતા તરફ આવું કુદરતી વલણ રાખે છે. આપણે ત્યાં જ અત્યારે જુદું અને ઊલટું જ વલણ દેખાય છે અને સુધારાનું પવિત્ર નામ ધારણ કરે

* જુઓ આ નિબંધમાં બ્રાહ્મણને વેદાન્તશિક્ષા ન કરવી એ સ્મૃતિ આજ્ઞાના ખ્યાલ; હાલના બ્રાહ્મણ વૈશ્ય કે શૂદ્ર જ છે એમ કર્તા સ્વીકારે છે; આવી આજ્ઞા બ્રાહ્મણ-શાસક વિશે હોય તો જ સમજાય છે એ પણ કર્તા સ્વીકારે છે પછી પક્ષપાત કરવાનો રહ્યો શું? છતાં કર્તા કરે છે. વળી જુઓ મધ્યકાલીન ખ્રિસ્તીધર્મ અને ખ્રિસ્તી ધર્મગુરુઓના દોષો વિશે હેલમમાંથી ટાંકેલાં ખ્યાલનાં અવતરણો અને એ અવતરણોના સમર્થનમાં કર્તાનું લખાણ. એમનાં બીજાં પુસ્તકોમાંથી પણ આવા દાખલા મળશે. અહીં આટલા જ દાખલા નોંધીશ: (૧) न स्त्री स्वातंत्र्यमर्हति એ સ્મૃતિવિધાનને કર્તા સ્ત્રીના હિત માટેનું જણાવે છે. (૨) વિધવાઓ અને કમને સંન્યસ્ત પાળે, અથવા કન્યાઓમાંથી સંખ્યાબંધ આખો જન્મારો અવિવાહિત રહે, એ બે વિકલ્પમાંથી જે સમાજને જે ઠીક લાગે તે પ્રવર્તાવે, એક નહીં તો બીજો વિકલ્પ અનિવાર્ય છે, પણ આવો વિષય વ્યક્તિદષ્ટ કે વ્યક્તિરુચિનો છે જ નહીં લોકવ્યવસ્થાનો છે, એ પ્રમાણે કર્તાનો પક્ષપાત; (૩) સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં કર્તા પ્રમાદધન અને કુમુદસુંદરીના પ્રસંગેડા એવું જ કરે છે, અને છતાં જુઓ એમણે પહેલા ભાગમાં divorce અને divorce ના કાયદા અને કોર્ટો સામે કરેલા હુમલા. એમના પક્ષપાતી દૃષ્ટિકોણના દર્શનમાં વાંધો નથી એમ કહેવાનો આશય નથી. આવી આવી બાબતોમાં એમનો દૃષ્ટિકોણ પક્ષપાત જ એમનો ધર્મ છે એવી દૃઢ મુદ્દિનો હતો, એટલું જ બતાવી આપવાનો આશય છે.



છે, તથાપિ તે પાશ્ચાત્ય આચારવિચારના અર્ધગૃહીત વિકૃત રૂપોનું માત્ર બાલિશ ચેષ્ટાનુકરણ છે. ખરી જ્ઞાનદૃષ્ટિ અને સ્વતંત્ર વિચારશક્તિ ઊઘડતી આવે છે તેમ તેમ જોઈ શકાય છે, કે એ આપણા પ્રાચીન ખંડેરમાં વિકૃત થઈ ગયેલું તો પણ એના મૂળ રૂપમાં ખરું, અદ્ભુત ઢાળમાં ચીતરેલું તો પણ તત્ત્વમાં ખરું, આપણને વિચિત્ર લાગે અને પૂરેપૂરું ન સમજાય તો પણ જેટલું સમજાય છે અને સંશોધી શકાય છે તેટલું ખરું, એવું પણ ઘણું ઘણું છે.

અને તેમાં યે આપણા યોગદર્શનમાંનું માનસશાસ્ત્ર ( સાઇકોલોજી psychology ): પાશ્ચાત્ય માનસશાસ્ત્ર એરિસ્ટોટલ સુધીના ગ્રીક ફિલસૂફોના બુદ્ધિવ્યાપારથી જે યત્કિંચિત્ અને ખરુંખોટું બંધાયું હતું, ને જે પછીના સૈકાઓમાં છિન્નભિન્ન થઈ ગયું હતું, તે પાછું અઢારમી સદીના અંતભાગમાં ઉત્થાન પામી બંધાતું જાય છે, ઓગણીસમી સદીમાં તે ખીલી આવ્યું છે, અને એમાં જેમ જેમ નવાં પ્રકાશકિરણ વધતાં આવે છે તેમ તેમ તે આપણાં ઉપનિષદો અને યોગદર્શનના માનસશાસ્ત્રને વધતો જતો ટેકો આપતું આવે છે. "પડે તે ભડાકે": અન્તર્દૃષ્ટિ પંડમાં જેમ જેમ ઊંડી ઊતરતી જાય, ચડે પછી ચડે ખેડતી જાય અને શક્તિમાં વધતી જાય, તેમ તેમ બ્રહ્માંડમાં પણ એ દૃષ્ટિને સૂક્ષ્મતર અને બલવત્તર શક્તિઓ નજરે પડે, તેમને યોજવાની કૂંચીઓ જડે અને સાથે તે શક્તિઓને પ્રયોજતાં શા શા નિયમો પાળવા જોઈએ અને ક્યાં ક્યાં બંધનો સ્વીકારવાં જોઈએ, નહીં તો કેવાં ભયાનક પરિણામો આવી પડે, એ પણ તેને અવગત થાય. આપણા યોગદર્શનનું આ માનસશાસ્ત્ર જેટલા અંશમાં અને જેટલી મર્યાદા સુધી વાસ્તવિક ઠરે, તેટલે દરજ્જે ઉત્કૃષ્ટ માનવ જીવનની ઉપલી ( ज्ञानं ब्रह्मના વિસ્તારરૂપે બતાવેલી અનીશમાંથી ઈશ થવાની ) ભાવના સંગીન પાયા ઉપર સુસ્થાપિત છે એ અનુભવગમ્ય થઈ શકે; જેટલે દરજ્જે તે અવાસ્તવિક ઠરે તેટલે દરજ્જે એ ભાવના પણ નિરાધાર અને ગન્ધર્વનગર જેવી જ ગણવી પડે, ગુરુકૃપાથી, મંત્રસામર્થ્યથી અને અનુકૂલ સ્વપ્નના પ્રભાવથી કોઈ કોઈ મહાભાગ્યશાળી વ્યક્તિની આવી સંસિદ્ધિ અનાયાસે અને એકાએક થઈ આવે અને અન્તર્દૃષ્ટિની સંસિદ્ધિનો આ ચમત્કારિક ક્રમ કર્તાએ સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં નાયક-નાયિકાને ચિરંજીવશૃંગની સિદ્ધોના ચિરનિવાસથી સાત્ત્વિક અને

પ્રાપક થયેલી ગુફાઓમાં સ્થાન આપીને બાંધો પણ છે. પરંતુ સામાન્ય વ્યક્તિઓને માટે તો આવી સંસિદ્ધિ મેળવવાને સારુ યોગસાધનાનો જ માર્ગ છે.

આદું શાંત વ્યવહારનિરત સ્વાર્થત્યાગી પરંતુ કર્તવ્યવિમુખ નહીં એવું વિદ્યાકલાપરાયણ જીવન પ્રાચીન ગ્રીક પ્રજાને પરિચિત હતું. મહાનુભાવ પુરુષની—મહાપુરુષ (હીરો hero)ની–ગ્રીક ભાવના હોમર આદિ કવિઓએ સૂજેલી સામાન્ય રીતે પ્રવૃત્તિમય જીવનની હતી. પણ ફિલસૂફી ખીલતાં પ્લેટોએ બોધ કર્યો કે ખરી લોકોપકારતા આ મહાપુરુષમાં નહીં પરંતુ એ મહાપુરુષ જો જ્ઞાની ફિલસૂફ હોય તો જ તેનામાં હોઈ શકે. "જ્ઞાની રાજ્યસત્તારૂઢ થાય અથવા સ્વધર્મનિષ્ઠ રાજા જ્ઞાની પણ હોય એવા પુરુષને હાથે જ જગદુદ્ધાર બની આવે." પછી એરિસ્ટોટલે પોતાના સમય સુધી સંચિત થયેલા વિચારરાશિને સમગ્રે જોયો, ગ્રીક પ્રજાના ઇતિહાસાનુભવ સાથે અને સાહિત્યરાશિ સાથે પણ તેનો સમન્વય કર્યો, ઘણી ઘણી શુદ્ધિ કરી, ઘણુંઘણું નવું જ જોયું તપાસ્યું અને ઘટાવ્યું, અને ગ્રીક વાસનાઓ, અનુભવો, વિચારો, અને ભાવનાઓની સંહિતા જેવી ફિલસૂફી બાંધી, જે માનવ સંસ્કૃતિના એક તેજસ્વી સુંદર પ્રતીકની સમર્થ પર્યેષક મીમાંસા લેખે સદા ય મનનીય અને બોધપ્રદ ગણાશે. એ ફિલસૂફીમાં એરિસ્ટોટલે ધ્યાનસ્થ જીવનને પ્રવૃત્તિમય જીવન કરતાં ઊંચું—દેવોના જીવનને નિકટતર—ગણ્યું છે. પછી ગ્રીક સ્વાતંત્ર્ય લુપ્ત થયું, ગ્રીક જીવનની અવનતિ થઈ, અને સ્ટોઈક ફિલસૂફી ખીલી. ખરો સદ્ગુણ, ખરી માનવતા, ખરું સુખ અન્તરદૃષ્ટિનાં છે એ સ્ટોઈક બોધ નિબંધમાં કર્તાએ સદા સ્મરણીય અને ધ્યાન એકાગ્ર કરે એવાં ચરિતોમાં મૂર્ત થયેલો જટાથી વણેંવેલો છે.

ત્યારે તટસ્થ અંતર્દૃષ્ટિમય જીવનમાં લક્ષણદૃષ્ટિ અને સહૃદદૃષ્ટિ પર્યંત જ સંસિદ્ધિ મળે, તો પણ તે પ્રવૃત્તિમય જીવન કરતાં આત્મકલ્યાણ ઘણું ઘણું વધારે સાધે છે, એટલું તો સિદ્ધ છે. પૂર્વપશ્ચિમ બન્નેની આ મર્યાદા સુધી તો એકવાક્યતા છે. પણ આથી ઉચ્ચતર દૃષ્ટિ યે છે એવી "શ્રુતિ" છે. એ દૃષ્ટિને ખરી પર્યેષકદૃષ્ટિ, વા 'ઋતંભરા' દૃષ્ટિ, વા વિશ્વદૃષ્ટિ, વા 'કૂટસ્થ' દૃષ્ટિનું નામ આપી શકાય. પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ શ્રવણ મનન નિદિધ્યાસનના સાક્ષરજીવનમાં પ્રવૃત્ત



થઈ રાગદ્વેષ જીતેલો યમનિયમાદિના પાલનવડે સત્ત્વશુદ્ધ અને અધિકારી માણસ યોગસાધના કરે તો 'પ્રાણાયામ', 'ધ્યાન', અને 'ધારણા,' એમ ક્રમે ક્રમે સિદ્ધ કરી 'સમાધિ'ની સ્થિતિએ પહોંચી શકે એવી પણ "શ્રુતિ" છે. અને સમાધિ એ જ આ "તુરીયા" દૃષ્ટિ. પ્રાચીન શ્રુતિઓમાં શ્રદ્ધા શિથિલ હોય તો આ રહ્યું સ્વામી વિવેકાનંદનું અર્વાચીન વચન : "માણસ મૂર્ખ હોય છે અને નિદ્રામાં પડે છે તે પાછો જાગે છે ત્યારે પણ મૂર્ખ જ હોય છે; પણ તે સમાધિમાં પડે છે અને પછી જાગે છે ત્યારે જ્ઞાની (sage) બની ગયેલો હોય છે."

વારુ : જે કોઈ જ્ઞાન અને સમજણમાં બીજાઓથી આગળ વધે તેને માથે તેટલો વધારે તે નવો ધર્મ પ્રાપ્ત થાય છે. શ્રુતિ અને દર્શનની આ સર્વોત્કૃષ્ટ ભાવના વાસ્તવિક પણ હોય એ શ્રદ્ધા કે સંભાવના જે વ્યક્તિના મસ્તિષ્કમાં જીવંત જ્યોત જેવી પ્રકટે છે, તેને એ જાણે પોતાના જ પ્રિય અને પસંદ કરેલા બાલક તરીકે "અણુસારે અણુસારે પોતાની પાસે બોલાવી રહે છે." (પૃ. ૭૫). આ એને દેખાતા અણસારા, આ એના અંતર્ગર્ભમાં ગાજી રહેતું આહ્વાન. આ ગેબી પયગામને તે ભ્રામક ગણી તેનાથી પીઠ ફેરવી દૂર સુદૂર જતા રહેવામાં કૃતકૃત્યતા માનો, કે તેને જ પરમાર્થ ગણી તેનામાં અધીનલીન બનવામાં પોતાનું જીવનસર્વસ્વ માનો:—ગરીબ બિચારો માણસ તેનો દરકદાનો દુશ્મન બની જાય અગર તો દાસાનુદાસ બની જાય એટલી માનવ હયાતીના તારા ઉપર એની સત્તા છે જ. અને વળી એમાંથી ગમે તે દિશામાં જતાં એ માનવબાલ **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** એટલી Formal Religion (બાહ્ય નીતિધારા)ની આજ્ઞા તો માથે ચઢાવે છે જ. કર્તાએ આ આહ્વાનના દાસાનુદાસ બનવા દરેક પ્રયત્ન કરવાનો માર્ગ લીધો, એ જ એમના આયુષ્યનો ઉત્તર ભાગ ઉકેલવાની ખરી ચાવી જણાય છે.

આભાર.

પ્રકટકર્તાએ તરજુમા ટિપ્પણ અને પ્રવેશક લખવાનું કામ મને સોંપી આ જમાનાના ગુજરાતના ગુરુવર્ય જેવા કર્તાની આટલી સેવા કરવાની તક આપી તે બદલની મારી ઉપકારસ્મૃતિ આ કાર્ય સાથે જ છાપેલી રાખવા ઇચ્છું છું.

પૂના, તા. ૩૦-૬-૧૯૧૯.

બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

# સાક્ષરજીવન

## પ્રકરણ ૧

### સાક્ષરજીવનના પ્રકાર

આ દેશના પ્રાચીન કાળમાં સાક્ષરજીવનના બે પ્રકાર હતા. ક્ષત્રિયોને અને વૈશ્યોને પોતાના વ્યવહારકાળને એટલે ગૃહસ્થાશ્રમને અંતે વાનપ્રસ્થ આશ્રમ પાળવા અને પરમાત્મચિંતનમાં આયુષ્યશેષ ગાળવા આદેશ હતા. એ ચિંતન શાસ્ત્રાદિના સાધનથી જ થતું અને શાસ્ત્રાક્ષરમાં ગાળેલાં આ જીવન સાક્ષરજીવન જ હતાં. દ્વિજોના આ બે વર્ગથી જુદો પડી ત્રીજો એટલે બ્રાહ્મણવર્ગ ઉપનયન કાળથી તે મરણસુધી સાક્ષરજીવનમાં જ આયુષ્ય ગાળતો, અને વ્યવહારનું દ્રવ્યરૂપ સાધ્ય વ્યવહારમાં ભળ્યા વિના તેમને મળી શકે એ દૃષ્ટિ ધર્મશાસ્ત્રના આચારપ્રકરણમાં સ્થળે સ્થળે પડે છે. યુરોપના વિદ્વાનો અને આપણા દેશના આધુનિક વિદ્વાનોનો કેટલોક અંશ એમ માને છે અને તિરસ્કારથી બોલે છે કે બ્રાહ્મણોએ શાસ્ત્ર રચ્યાં અને શાસ્ત્રોમાં અન્ય વર્ણોને ઠગી પોતાની દ્રવ્યવૃદ્ધિની ઇચ્છાથી જ્યાં ત્યાં એવી જ આજ્ઞાઓ આપી કે અમે તેમ કરી અમારા જ પુત્રોને દાનદક્ષિણા આપો. જે કાળે બ્રાહ્મણો સાક્ષરજીવન ધરતા હતા તે કાળને બાદ કરી અક્ષરશત્રુ બ્રાહ્મણોને માટે જ આ શાસ્ત્ર રચાયાં હોત તો આ આરોપમાં સત્ય ગણાવું જોઈએ. પણ અક્ષરશત્રુ બ્રાહ્મણોને આ લાભ અર્વાચીન કાળમાં મળે છે એ તો માત્ર કાકતાલીય છે અને અર્વાચીન પુસ્તકકારો બ્રાહ્મણોની નિરક્ષરતા જોયા છતાં તે લાભ તેમને આપવાના માર્ગ વધારતા ગયા છે તેટલે જ વિષયે આ આરોપ સત્ય છે. દાન કુપાત્રને આપવાથી દોષ છે અને વિદ્યાદિસંપન્ન પુરુષો જ સત્પાત્ર છે એ પ્રાચીન દૃષ્ટિ લક્ષ નષ્ટ થઈ છે તેને લીધે જ યોગ્ય માર્ગ દર્શાવનાર શાસ્ત્રોને શિર અયોગ્ય માર્ગ દર્શાવવાનો આ આરોપ આવેલો છે.

હાલના બ્રાહ્મણોમાં સેંકડે નવાણું મનુષ્યો કેવળ "બ્રહ્મબંધુ" છે અને યથાર્થ બ્રાહ્મણ નથી. તેઓ સર્વ વૈશ્યત્વ પામ્યા છે અને વ્યાપાર અથવા સેવાથી ઉદરનિર્વાહ કરે છે અથવા તો ભીખ માગી નામમાં તેમ અર્થમાં "બ્રાહ્મણ" મટી અપભ્રષ્ટ યથાર્થ "ભ્રામણ"—ભ્રમણ કરનાર અથવા ભ્રમરૂપ—થયા છે. વ્યાપાર અને સેવાથી ઉદરનિર્વાહ કરવા વિના શુદ્ધ સાક્ષરજીવન પામનાર વર્ગને અક્ષય રાખવાના માર્ગ હાલમાં આ દેશમાં સાધ્ય નથી. પણ જેઓ એટલી અસાધ્યતાના નિમિત્તથી આયુષ્યનો સર્વ ભાગ દ્રવ્યોપાસનામાં ગાળે છે અને સાક્ષરજીવન ગાળવા જેટલી સંપત્તિ હોવા છતાં પાઠશાળાઓમાં પરણેલી સરસ્વતીને ગમે તો હૃદયમાંથી પણ વિસારે પાડે છે અથવા તો લક્ષ્મીની દાસીનું પદ સરસ્વતી પાસે કરાવે છે તેઓ તો બ્રાહ્મણત્વનો ત્યાગ જ કરે છે અને વણિકપણાનો સ્પષ્ટ સ્વીકાર કરે છે. કારણ કાલિદાસ કવિ સત્ય વાક્ય કહી ગયા છે કે

यस्यागमः केवलजीविकैव ।
तं ज्ञानपण्यं वणिजं वदन्ति ॥

દેશની સ્થિતિને લીધે "જ્ઞાન" વેચી જીવિકા કર્યા વિના ચાલે એમ નથી એ ઘણાકને માટે સત્ય અને અનિવાર્ય છે; પરંતુ જ્ઞાનને કેવળ જીવિકાનું રૂપ જ આપવું એ વાત જે બ્રાહ્મણોને દુઃસહ લાગવાને સ્થાને પ્રિયતમ લાગે તેમને તો શુદ્ધ વણિક જ ગણવા એવું આ મધ્યકાળના કવિરાજનું વચન છે. જે બ્રાહ્મણોને વાણિયા થવું પ્રિય હોય તેને તેમ વર્તવામાં બાધ નથી, પણ બ્રાહ્મણપણાનું અભિમાન રાખનારાઓ જ્યારે આવી રીતે વર્તે છે ત્યારે તેમને માથે તો આ વર્ણનાશનો આરોપ સંપૂર્ણ પડે છે. ભોજનાદિકના વટાળથી વટલાવા કરતાં આ બુદ્ધિના વટાળથી વટલાવું તે બ્રાહ્મણત્વનો નાશ વધારે સંપૂર્ણ કરે છે. એ બ્રાહ્મણત્વનો નાશ જેટલે અંશે થાય છે તેટલો જ સાક્ષરજીવનનો નાશ તે જ દ્વારા થાય છે.

જે બ્રાહ્મણત્વનો અને સાક્ષરજીવનનો નાશ આ દેશમાંથી થાય છે તેનો ઉદ્ધાર પાશ્ચાત્ય દેશોમાં પ્રત્યક્ષ થાય છે. યુનિવર્સિટી અથવા વિદ્યોત્તેજક સમાજોએ આપેલી વિદ્યાનો ઉચ્ચગ્રાહ ( ideal ) દર્શાવતાં કાર્ડિનલ ન્યૂમેન કહે છે કે શુદ્ધ વિદ્યા ઉપયોગી ન હોવી જોઈએ, અર્થાત્ વ્યવહારમાં દ્રવ્યાદિની સાધક ન જોઈએ. એ વિદ્યાની સાર્થકતા



બુદ્ધિરૂપ શરીરના પ્રાણનું કામ સારવામાં જ આવી જાય છે. જે પોષણ, જે બળ, અને જે આનંદ શુદ્ધ અરણ્ય આદિના સ્વતંત્ર પ્રાણપોષક વાયુથી શરીરને મળે છે તે જ ફળ બુદ્ધિને આપવામાં આ વિદ્યાની સફલતા છે. એવી સ્વતંત્ર સરસ્વતીના શોધનમાં જ સાક્ષરજીવન આવી જાય છે તે કથા શ્રીકણ્ઠ ભવભૂતિ ઉત્સાહક વાણીથી કહે છે કે

ते श्रोत्रियास्तत्त्वविनिश्चयाय ।
भूरिश्रुतं शाश्वतमाद्रियन्ते ॥

"Truth for truth's sake" "Knowledge for knowledge's sake" આદિ શબ્દથી જ્યારે યુરોપની વિદ્યા ગાજે છે ત્યારે લક્ષ્મીના દાસીકર્મમાં આપણા વિદ્વાનોની સરસ્વતીનું જીવન સમાપ્ત થાય છે. ધારાશાસ્ત્ર, ઔષધશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર આદિ સર્વ સાક્ષર વિષયોનો લય આમ આ દેશમાં લક્ષ્મીસેવનમાં જ થાય છે. લક્ષ્મીનો તિરસ્કાર કરવાનું કારણ નથી, કારણ લક્ષ્મી ઉપર વ્યવહારનો અને વ્યવહાર ઉપર સરસ્વતીનો આધાર છે. પરંતુ લક્ષ્મી પાસે સરસ્વતીનું દાસીકર્મ કરાવવું છોડી સરસ્વતી પાસે લક્ષ્મીનું દાસીકર્મ કરાવવાનો દોષ ચારે પાસ થતો જોવામાં આવે છે તેને માટે જ આ કથન છે. લક્ષ્મીનો પણ ઉચ્ચગ્રાહ છે, લક્ષ્મી પણ ગ્રાહ્ય છે, લક્ષ્મીની તૃષ્ણા ન ભાગે તો તે વાત પણ દૂષિત નથી—પણ તે ક્યારે ! પરોપકારને માટે સત્પુરુષોની વિભૂતિ છે અને લક્ષ્મીની વિભૂતિ એવી રીતે તેનો સંપાદક અથવા સ્વામી વેરે કે અન્ય જીવો તે વિભૂતિના અંશભાગી થાય ત્યારે જ લક્ષ્મીની અપ્રતિહત તૃષ્ણા હોવામાં બાધ નથી. પ્રાચીન "ગૃહસ્થાશ્રમ" માં પણ આવો જ ઉચ્ચગ્રાહ દર્શાવેલો હતો. અને તે ઉચ્ચગ્રાહ વિનાનો ગૃહસ્થાશ્રમ નથી પણ જડ લક્ષ્મીનું પામર દાસત્વ છે.

હાલમાં સંન્યાસી સંન્યાસી નથી અને ગૃહસ્થો ગૃહસ્થ નથી. બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થ તો નામમાં પણ અપરિચિત છે. આશ્રમ આમ નષ્ટ થયા છે. બ્રાહ્મણોને સાક્ષરજીવન નથી અને ક્ષત્રિયોને ક્ષાત્રજીવન નથી. તો માત્ર આશ્રમહીન વૈશ્યો અને બ્રહ્મબંધુઓ બ્રાહ્મણાદિ નામ ધારી આ દેશમાં વસે છે એવે કાળે સાક્ષરજીવન કેવી રીતે પ્રાપ્ત કરાય, કેવી રીતનું રૂપ ધરે, અને કેવું ફળ આપે એટલા વિષય અત્ર વિચારવાના છે.

સાક્ષરજીવનનું સર્વસામાન્ય એટલે સર્વ દેશકાળમાં માનેલું સ્વરૂપ કેવું છે તેનો વિચાર પ્રથમ કરીશું.

સાક્ષરજીવનનું પ્રથમ લક્ષણ સ્વતંત્ર એ જોવામાં આવેલું છે કે દ્રવ્યની ચિન્તા જગતને કરવી પડે છે તે સાક્ષરજીવન ગાળનારને કરવી ન પડે. આ ચિન્તાભાર પામર જીવોને આનંદ આપે છે અને એ ભારના વહનથી જ તેમનાં જીવનના પ્રાણનું વહન થાય છે. દ્રવ્યને માટે દ્રવ્ય, દ્રવ્યના દર્શનથી ઉત્સાહ, દ્રવ્યના લાભથી ભોગ, દ્રવ્યના વિયોગથી દુઃખ, ઇત્યાદિ સંસ્કારોથી બનેલાં દ્રવ્યજીવન આ લોકમાં અનેક જીવોને પ્રિય થઈ પડે છે, અને દ્રવ્યલોકમાં જ્ઞાન માત્ર દ્રવ્યના સાધનરૂપે જ ઇષ્ટ હોય છે અને અન્યદા બાળકની રમત જેવું ગણાય છે. એ જ રીતે સાક્ષરજીવનમાં પણ દ્રવ્ય માત્ર સાક્ષરજીવનના સાધનરૂપે જ ઇષ્ટ હોય છે અને અન્યદા બાળકની રમત જેવું ગણાય છે.

સાક્ષરજીવનને દ્રવ્ય સાધનરૂપે કેટલું ઇષ્ટ હોય છે, તેનું સાધનરૂપ ક્યારે બંધ થાય છે, તે પછી એ જીવનમાં દ્રવ્યના સ્વીકાર, ત્યાગ અને ઉપયોગ કેવા થાય છે, અને દ્રવ્ય બાળકના રમકડા જેવું કેવે પ્રકારે ભાસે છે તે વિષય હવે સ્પષ્ટ કરીશું.

ક્વચિત્ અમેરિકામાં દ્રવ્ય "સ્વતંત્રતાનું સાધન" ગણાયું છે. આજીવિકાને માટે દ્રવ્યનો ઉપયોગ છે. પ્રખ્યાત ધર્મોપદેશક બેકન કહી ગયો છે કે અમુક કાળ પછી દ્રવ્ય ઉપયોગી થતું મટે છે અને તેનું મૂળ માત્ર તેને દૃષ્ટિએ જોવામાં સમાપ્ત થાય છે. એ મર્યાદા પછીનું દ્રવ્ય ગમે તો જાળવી રાખો, ગમે તો વધારો, અને ગમે તો પરમાર્થમાં કે અનર્થમાં કે નિરર્થક ખરચી નાખો, પણ એ મર્યાદાબહારના દ્રવ્યનો ઉપભોગ માણસ પોતાને માટે કરી શકતો નથી. મનુષ્યોની વ્યક્તિ અને જાતિના પ્રમાણમાં આ મર્યાદા મોટી નાની હોય છે. અન્ન-ઉપયોગને માટે અંગ્રેજને દ્રવ્ય જોઈએ તેટલું સાધારણ પાસે દેશીને જોઈતું નથી, મહાશ્રીમંતને જોઈએ તેટલું ગર્ભદરિદ્રને જોઈતું નથી, અને બાલંપટને જોઈએ એટલું સાધુજનને જોઈતું નથી. આવી આવી અનેક રીતે મર્યાદાઓ સ્ફુરે છે. પણ તે સર્વમાં આત્મભોગને માટે દ્રવ્ય નિર્મર્યાદ જોઈતું નથી એટલું સર્વત્ર જણાય છે. આત્મભોગને માટે જોઈતું ધન મળે તો મનુષ્ય સ્વતંત્ર થાય છે અને એ સ્વતંત્રતાના સાધન જેટલું ધન બુદ્ધિમાન મનુષ્યના પ્રયત્નને સ્થિર મોડો વહેલો આપી રહે છે એ



શ્રદ્ધાને તૃપ્ત કરનાર ઐશ્વરી શક્તિને આર્યોએ અન્નપૂર્ણા નામ આપેલું છે. ઉક્ત મર્યાદામાં ધન આપવું એ અન્નપૂર્ણાનું કામ છે. એ મર્યાદા બહાર ધન આપવું એ લક્ષ્મીનો પ્રસાદ છે. અન્નપૂર્ણાનો પ્રસાદ સર્વને માટે છે. લક્ષ્મીનો પ્રસાદ સંસારની દૃષ્ટિએ ભાગ્યશાળી દેખાતાં મનુષ્યોને માટે છે. અન્નપૂર્ણાના પ્રસાદ વિનાય જ્ઞાન કે વૈરાગ્યની સિદ્ધિ થતી નથી. લક્ષ્મીના પ્રસાદની કોઈને આવશ્યકતા નથી, ઇચ્છા હોય તે જુદી વાત. સાક્ષરજીવનને અન્નપૂર્ણાના પ્રસાદની આવશ્યકતા છે; લક્ષ્મીનો પ્રસાદ એ જીવન સાથે ભળે તો સરસ્વતીના આરાધનમાં તે જાય પણ એ જીવનને તેની આવશ્યકતા નથી.

ચતુર્થાશ્રમ ધારણ કરનારને માટે ભુજબલતાનું ઉશીકું, પૃથ્વીરૂપ શય્યા અને મૂળફળનો આહાર જોઈએ તે જ્યાં જાય ત્યાં મળે એવો આપણા આદિકાળમાં પ્રસંગ હતો. કાળબળે જડ પૃથ્વીમાં એટલો આહાર મળવો કઠણ થઈ પડ્યો અને ઋષિલોકે આજ્ઞા કરી કે ગૃહસ્થને ઘેર સંન્યાસીનાં દર્શન થાય કે તેને તેનું ભોજન આપવું. સંન્યાસીને માટે આવું અયાચિત ભિક્ષ તૈયાર કર્યું અને સંન્યાસી લોભી થઈ તે ભિક્ષ આપનારની શ્રદ્ધા નષ્ટ ન કરે એવી મર્યાદાઓ પણ તે સાથે બંધાઈ. સંન્યાસીઓને પરિવ્રાજકપણું થવું તેનાં અનેક કારણોમાંનું એક આ.

દિવસે દિવસે સંન્યાસીઓ મર્યાદા તોડતા થયા અને ગૃહસ્થો શ્રદ્ધા છોડતા થયા. અશુદ્ધ ભેગા શુદ્ધ સંન્યાસીઓ તિરસ્કાર પામવા લાગ્યા અને યોગીરાજ ભર્તૃહરિ પોતાના કાલના શ્રીમંતોને ગર્વિત જોઈ પૂછવા લાગે છે કે શું ગિરિકન્દરમાંથી કન્દ ખૂટ્યાં છે ને ઝરામાંથી પાણી ખૂટ્યું છે કે લોક શ્રીમંતોનાં ગર્વિત મુખ જુએ છે! આ કાળમાં શુદ્ધ સંન્યાસ અને શુદ્ધ ગાર્હસ્થ્ય ઉભય નષ્ટ થયાં છે અને ચતુર્થાશ્રમ અને તેને માટે અન્નપૂર્ણાએ રચેલી યોજના ઉભય નષ્ટ થયાં છે. જો એ આશ્રમ નષ્ટ છે તો એ યોજનાનો નાશ પણ યોગ્ય ગણવો એ દેશકાળને ઉચિત છે.

એ જ ન્યાયે બ્રાહ્મણો નષ્ટ થતાં તેમને માટે અન્નપૂર્ણાએ રચેલી યોજનાનો નાશ પણ યોગ્ય ગણવો એ આ દેશકાળને ઉચિત છે. એ બ્રાહ્મણોનો શિષ્ટાચાર એવો હતો કે ગૃહસ્થ પાસે દાન માગવું ખરું, પણ ઉદરપોષણ માટે અને ધર્મકાર્યમાં જોઈએ તે કરતાં

અધિક સંગ્રહ કરવો નહીં. ગૃહસ્થ અધિક આપે તો પણ બ્રાહ્મણે તે લેવું નહીં. ક્ષત્રિય પુરુષે દ્રવ્યસંચય કરવો તો માત્ર યજ્ઞપૂર્તિને માટે જ કરવો એમ ભવભૂતિ કહી ગયા છે. આ શિષ્ટાચાર નષ્ટ થયો છે માટે જ બ્રાહ્મણો દ્વારે દ્વારે ભિક્ષા માગે છે તે શાસ્ત્રવિરુદ્ધ છે અને એ ભિક્ષામાં આપેલાં દાન કુપાત્રે દાન છે. એવા નિરક્ષર બ્રાહ્મણુઓને ભિક્ષા ન આપવી અને વૈશ્યમાર્ગે કે શૂદ્રમાર્ગે દ્રવ્યોપાર્જન કરવા કહેવું એ જ યોગ્ય છે અને કુપાત્રે દાન કરવા કરતાં અ-દાન વધારે સલાહ છે.

ભિક્ષાદૈન્ય ક્ષત્રિયોને અને વૈશ્યોને વિહિત ન હતું. આત્મોપાર્જન-માંથી કરેલા સંગ્રહવડે અથવા દાયાદોએ પ્રતિવર્ષ આપેલા ઉદરપૂરણ-યોગ્ય પિંડદાનથી વાનપ્રસ્થ વૃદ્ધ દંપતીઓનો નિર્વાહ થતો અને અન્નપૂર્ણાની યોજના સફળ થતી. દેશમાં નિરક્ષરતા વધતાં વાનપ્રસ્થ આશ્રમ અપરિચિત થયો, અને વૃદ્ધો તેમ યુવાનો ગૃહવાસ સેવવા લાગ્યાં અને લક્ષ્મીપૂજા મરણસુધી ચાલી. ગૃહસ્થો, બ્રાહ્મણો અને વાનપ્રસ્થ બ્રાહ્મણોમાં પણ એ પ્રણાલિકા ચાલી. વ્યાસ, વાલ્મીકિ, અને વસિષ્ઠ જેવા સાક્ષર ઋષિરાજોનાં ચરિત લખાયાં નથી અને તેમણે લખેલા અક્ષરો આજ સુધી અક્ષય છે. રામ, કૃષ્ણ અને પાંડવો વિશે આટલું બધું લખાયેલું છે ત્યારે તેમના આ કવિઓ, ગુરુઓ, અને વડીલો વિશે કાંઈ લખાયું નથી તેનું કારણ શું? એ ઋષિરાજો કાલક્ષેપ કેમ કરતા? તેમને જ્ઞાન મેળવવા અને આપવા કાળ ક્યારે મળ્યો? તેઓ નગરોમાં રહેતા કે વનોમાં? તેમનો ઉદરનિર્વાહ કેમ થતો? તેમનું કુટુંબપોષણ કેમ થતું? ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તર કોઈએ લખ્યા નથી. સૂર્ય, ગ્રહો, અને ઉપગ્રહો પેઠે આ મહાત્માઓની સતત ગતિ કોઈએ માપી નથી. માત્ર ધૂમકેતુ પેઠે મહાન પ્રસંગોએ આવી જઈ અદૃષ્ટ થતા તેમને વર્ણવેલા તેનું કારણ શું? તેઓ સાક્ષરજીવન ભોગવતા, અન્નપૂર્ણાનો પ્રસાદ ગૃહોની યોજના પ્રમાણે તેમના આશ્રમોમાં વર્ષી રહેતો, અને તેમના સંસાર ઉપાધિશૂન્ય, શાંત, અને પ્રમોદમય ગુપ્ત વહન કરતા, અને તેમનાં ઉત્તમાંગમાં અક્ષરબ્રહ્મ અને શબ્દબ્રહ્મના પ્રકાશ અને આનંદ સિવાય કાંઈ બીજો પદાર્થ જવા પામતો નહીં. એ મહાત્માઓએ સાક્ષીરૂપે કરેલા ઐહિક અને આમુષ્મિક અનુભવના ઉદ્ગાર સિવાય એમનાં જીવન વિશે બીજું કાંઈ આપણે જાણતા નથી. સાક્ષરજીવનનો



ઉત્તમોત્તમ ઉચ્ચગ્રાહ એ મહાત્માઓમાં મૂર્તિમાન થયો હતો. અને એવાઓને માટે જ કહેવાયું છે કે જગત પોતાના શ્રેષ્ઠ પુરુષોનાં જીવનચરિત્ર વિશે અંધકારમાં છે—The world knows nothing of its greatest men. જ્યાં જીવનનાં સર્વ વાદિત્ર શાંત થઈ જાય છે અને માત્ર અક્ષરનો અનહદ નાદ ઊઠે છે અને સુણાય છે, જ્યાં સંસારના સર્વ તાર તોડી નાંખી સરસ્વતીની વીણા વાગી રહે છે અને એ કોઈના ચિત્તને પણ મોહમાં નાંખી દે છે, એ જીવનનું ચરિત લખવાનું રહેતું નથી. તેના અક્ષરમાં તે જીવન અને તેનું ચરિત સમાપ્ત થાય છે. એ અક્ષર કીર્તિને માટે નીકળતા નથી, કારણ કીર્તિનો લોભ હોય ત્યાં અક્ષર લોકની વાસનાઓને પરતંત્ર રહે છે. એ અક્ષર આલેખનાર મહાત્મા કવિ હોય તો તેના અક્ષરના ગાનની આસપાસ, મધુવનના મોહની મોરલીના સ્વરથી સ્વતઃ આકર્ષાયેલી ગોપીઓ પેઠે, જગત સ્વતઃ આકર્ષાય છે. એ સાક્ષર જ્ઞાની હોય તો તેનું જ્ઞાન, સમુદ્રનાં અદૃષ્ટ બાષ્પ આકાશમાં ઊડી મેઘ પેઠે દૃષ્ટિગોચર થઈ વૃષ્ટિરૂપે પૃથ્વીપર પડી તેનું કલ્યાણ કરે છે તેમ, ઉચ્ચ પદને પામી ત્યાંથી પામરજીવોના કલ્યાણ માટે અક્ષરરૂપે વૃષ્ટિપાત કરે છે. બ્રહ્મલોક અને સાક્ષર જીવનો આવો સંબંધ છે તે સિવાય અન્ય વિષયમાં સાક્ષર જીવનું જીવન પવન જેવું અશરીર છે. એવાં જીવન અંતે જ લોકને કલ્યાણકારક ગણી, તેમના શાંત સંસારને જ લોકોદ્ધારક ગણી, આ દેશના ઉત્તમ આર્યોએ એ જીવનનાં પોષણ માટે અન્નપૂર્ણાના પ્રસાદની વૃષ્ટિ વર્ષાવી હતી, અને વાલ્મીકિ, વ્યાસ, અને વસિષ્ઠ જેવા મહાત્માઓનાં સાક્ષરજીવન આવી વૃષ્ટિના પ્રભાવથી જ ઉદ્ભૂત થયેલી વનસ્પતિ હતાં.

એવાં જીવનની સરસ્વતીનું લક્ષ્મી કેવું દાસત્વ કરતી હતી તેનું વર્ણન કરનારે કહેલું છે કે, "હે બાપુ, દૂર્વાંકુરનો આહાર કરનાર અને એકાંત વનમાં વિહાર કરનાર મૃગોને ધન્ય છે, કારણ અપ્રયત્ને સુલભ થયેલાં દ્રવ્યથી તેમનાં જીવન નિર્વાહ છે."

दूर्वाङ्कुरसमाहारा धन्यास्तात वने मृगाः
अयत्नसुलभैर्द्रव्यैर्जीवितं यैस्तु जीव्यते ॥

અન્નપૂર્ણાના પ્રસાદના સાધકરૂપે જ દ્રવ્ય આટલું સાક્ષરજીવનને ઇષ્ટ છે. પ્રાચીન આર્યોને એ જીવન પ્રિય હતાં તેથી આટલાં સાધન

આટલી મર્યાદામાં રચી ગયા હતા. હાલ એવા સાક્ષર નામધારી મળશે કે જેને "અપ્રયત્નસુલભ દ્રવ્ય"થી જીવવું પ્રિય હશે; પણ એ દ્રવ્ય દુર્વાંકુર જેવું અને દુર્વાંકુર જેટલું જ પામી તેમાંથી સંતોષ અને આનંદ લેવાની શરત તેઓ ના પાડશે; તેમ જ એકાંત વનમાં કૃત્રિમ વૈભવનો ત્યાગ કરી રહેવું પણ તેમને અપ્રિય લાગશે. એવાં જીવન શુદ્ધ સાક્ષરજીવન નથી. નિર્મળ, તેજસ્વી, શાંત, શીતળ, એકાંતવાસી, અને સૂર્યના ભભક વિનાના કેવળ ચંદ્રપ્રકાશના ભોક્તા ચંદ્રકાંતમણિ જેવાં સાક્ષરજીવનને આ નિર્દોષ મૃગલાંના જેટલી જ દ્રવ્યવાસના છે, અને એટલા દ્રવ્યનો તેમનો ભોગ પણ સક્ષમ છે. જ્યાં અન્નપૂર્ણાની પૂજા માટે તે દ્રવ્યની આહુતિ થઈ રહી એટલે એ દ્રવ્યનું સાધનરૂપ થઈ રહ્યું, અને તે પછીના દ્રવ્ય માટે સાક્ષરજીવનને વાસના નથી.

ગ્રીસ દેશમાં પણ પ્રાચીનકાળનાં સાક્ષરજીવન આવી જ જાતનાં હતાં. પૈરિક્લીસ અને થેમિસ્ટોક્લીસનાં જીવન જગત જાણે છે તેવાં સોક્રેટીસ અને એરિસ્ટોટલનાં જીવન કોઈ જાણતું નથી. તેમના તો માત્ર અક્ષરોદ્ગાર જ જળવાયા છે. સોક્રેટીસનું મૃત્યુ જાણ્યું છે, તેની સ્ત્રીની દુષ્ટતા જાણી છે, પણ એ અમર મહાત્માના તો અક્ષર જ જાણવા અને તે પણ એના શિષ્યોદ્વારા જણાઈ આવેલા વાંચીએ છીએ. એરિસ્ટોટલની શાળામાં આવવા ઉત્સુક એક લક્ષ્મીપતિના બાળકે એ મહાત્માને કહાવ્યું કે આપને ત્યાં શીખવા આવવાની ઇચ્છા છે પણ આપ મૃત્તિકાપાત્રથી કામ ચલાવો છો ને મારે તો સુવર્ણપાત્રોનો પરિચય છે માટે આપ જ મારે ત્યાં પધારો અને સુવર્ણપાત્ર ભોગવો. આના ઉત્તરમાં એ મહાત્માએ કહાવ્યું કે "ભાઈ, મારે ત્યાં આવતાં તો તારે માત્ર સુવર્ણપાત્રની ખોટ પડે છે, પણ મારે ત્યાં એવી સુવર્ણમય દૃષ્ટિ છે કે તે જે મૃત્તિકા ઉપર પડે તે પણ સુવર્ણ થઈ જાય છે અને તારે ત્યાં એવી મૃત્તિકાદૃષ્ટિ છે કે તે સુવર્ણ ઉપર પડતાં સુવર્ણ મૃત્તિકારૂપ થાય છે; માટે મારે ત્યાં આવતાં તને ખોટ જાય તેના કરતાં તારે ત્યાં આવતાં મારે વિશેષ ખોટ છે."

હાલની પાશ્ચાત્ય વિદ્યાએ સાક્ષરજીવનમાં ઘણો વિપર્યય કરી દીધો છે, અને અન્નપૂર્ણાના મંદિરમાં લક્ષ્મીદેવીને પણ જોડે જોડે પધરાવી દીધાં છે. એ સાક્ષરજીવનમાં જ્ઞાનપ્રધાન વાણિજ્ય આવશ્યક થઈ ગયું છે, અને સંસારના કોલાહલ એ જીવનની શાંતિમાં વિઘ્ન નાંખે છે.



એવું છતાં ત્યાં પણ ઉચ્ચઆદી સાક્ષરજીવન સ્ફુરે છે, અને ત્યાંના પ્રકાશનાં પ્રતિબિંબ આ દેશમાં થોડાં ઘણાં પડવાનાં માટે તે વિષયનો વિચાર પણ આવશ્યક છે. આપણાં પ્રાચીન સાક્ષરજીવન અને તેમની કુલદેવી અન્નપૂર્ણા ઉભય આ દેશમાંથી અસ્ત થયાં છે, પણ તેમના નવા અવતારનાં પગલાં કેવાં અને કેટલાં સંભળાય છે તે જાણવાનું છે. આપણી પ્રાચીન સરસ્વતી અને વર્તમાન પાશ્ચાત્ય સરસ્વતી એ ઉભય ગંગાયમુનાનો પ્રવાહ કેવી રીતે અને ક્યાં મળશે ઇત્યાદિ પણ વિચારવા જેવું છે.

આ વ્યવસ્થાને અંગે યુરોપ અને હિંદુસ્તાનની લોકવ્યવસ્થાનો એક ભેદ સમજવો આવશ્યક છે. આ તેમ અન્ય પ્રાચીન લોકમાં લોકલક્ષણને ઉદ્દેશી લોકની સંજ્ઞા પડતી અને લોકવિભાગને જાતિનું નામ આપતા. હાલના પાશ્ચાત્ય વ્યવહારમાં દેશવિભાગ કરી નિવાસને ઉદ્દેશી લોકની સંજ્ઞા પડે છે. હાલ જેઓનું નામ સિન્ધુનિવાસ ઉપરથી હિંદુઓ પડેલું છે તેઓ પૂર્વે પોતાને આર્ય કહેતા. હિંદુ, મુસલમાન, આદિ શબ્દો લોકવાચક છે, દેશવાચક નથી. અંગ્રેજ, ફ્રેંચ આદિ શબ્દો દેશવાચક છે. આવી જાતના વ્યવહારભેદને લીધે અર્વાચીન પાશ્ચાત્ય પ્રજાઓમાં જેવું ઐક્ય ત્યાંના પ્રત્યેક કુટુંબમાં રહે છે તેવું ઐક્ય લોકસંજ્ઞાવાળી જાતિમાં રહેતું. જ્યારે દેશવિભાગવાળી પ્રજાઓ દેશના સ્વાર્થ જુએ છે અને આખા દેશને કુટુંબવત્ ગણી અથવા પોતપોતાના ભિન્ન સ્વાર્થને જ ઉદ્દેશી એ પ્રજાઓનાં મનુષ્યો પ્રવર્તે છે, ત્યારે લોકવિભાગવાળી પ્રજાઓનાં મનુષ્યો દેશના કે પોતપોતાના ભિન્ન સ્વાર્થ સમજતાં નથી પણ માત્ર લોકના અને લોકવિભાગના સ્વાર્થ ઉપર જ દૃષ્ટિ રાખે એ સ્વાભાવિક છે. આ દેશમાં આવેલા આર્યોએ લોકકલ્યાણ ઉપર આવી રીતની દૃષ્ટિ રાખી વર્ણાશ્રમના નિયમ ઘડ્યા છે. યુરોપમાં એવા નિયમ ઘડાવાના પ્રસંગ પરિપક્વ થતાં પહેલાં દેશવિભાગની વ્યવસ્થા પરિપાક પામી, અને એ વ્યવસ્થાવાળા તંત્રમાં આ દેશ એક અવયવરૂપ થયો છે.

આપણા દેશના જેવા લોકવિભાગના અંશરૂપે વર્ણવિભાગ બીજે સ્થાને નથી પડ્યા એમ નથી. પ્રાચીન ઇજિપ્ટમાં એવા વિભાગ પ્રાચીન ગ્રીકલોકોએ જોયા હતા અને તેનું સાદૃશ્ય એટલું બધું લાગ્યું હતું કે ઇજિપ્ટવાસીઓ અને હિંદુઓ એક જ જાતના હશે એવું

અનુમાન તેમનામાં થતું. ઉત્તરકાળમાં યુરોપમાં ફ્યૂડલ સિસ્ટમના યંત્રમાં પણ યોદ્ધાઓ, ગુરુઓ, ઉદ્યોગપતિઓ, અને દાસો, એવા ચાર વર્ગ બંધાયા હતા. જ્યારે એવા દેશોમાં અનેક કારણોથી એ વર્ણવિભાગ પરિપક્વ થતા પહેલાં નષ્ટ થયા ત્યારે આપણે ત્યાં ભોજનાદિકમાં પણ તે વિભાગ સિદ્ધ કર્યો. બીજી દ્રષ્ટિએ જોઈએ છીએ તો અન્યત્ર દેશવિભાગથી વર્ણાચાર નષ્ટ થયા છે ત્યારે આપણે ત્યાં ચાતુર્વર્ણ્યના પણ વિભાગ અને તેના પણ વિભાગ થઈ ગયાથી વર્ણાચાર નષ્ટ થયા છે; એટલું જ નહીં પણ વડનગર ઉપરથી વડનગરા, વીસનગર ઉપરથી વીસનગરા, મોતા ઉપરથી મોતાળા, કોંકણ ઉપરથી કોંકણસ્થ ઇત્યાદિ રીતે દેશવિભાગથી, કુલંપથી, અને અનેક કારણોથી દળાઈ ચૂર્ણ થઈ વર્ણવિભાગમાંથી અણુપરમાણુ થયા છે અને થશે. આપણા પૂર્વજોએ રચેલાં ક્ષાત્રજીવન, સાક્ષરજીવન, અને દ્રવ્યજીવનનો સંકર આવી રીતે આપણે જ કરેલો છે, અને કમોદ, કોદરા વગેરે અનેક ધાન્યોને એકઠાં કરી પછી તેને વીણી કાઢવામાં દુષ્કરતા છે તો આ નાતજાતોને નામે કહેવાતા વર્ણાચારોથી પ્રાચીન જીવનપરત્વે રચાયેલા વર્ણાચારોનો પ્રધ્વંસ થયો છે તેનો ઉદ્ધાર કરવા કદી અમેરી વિદ્યાવાળા હા કહેશે પણ આપણી ખાતર વસ્તી તો હા કહેવાની જ નથી. પ્રાચીન રીતના સાક્ષરજીવનનો ઉદ્ધાર કરવો અને તેને માટે અન્નપૂર્ણાની યોજના કરવી એ તો આમ આપણા અર્વાચીન લોકસમાજે જ અશક્ય કરેલું છે. **चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः**—એ ગીતાકાળની સૃષ્ટિ હતી. હવે ચાતુર્વર્ણ્ય નથી, ગુણકર્મવિભાગ નથી, સાક્ષર વર્ણ નથી, અને સાક્ષર આશ્રમ નથી. ત્યારે શું છે? શું કર્તવ્ય છે? અને તેનું સાધન શું છે?

જો સાક્ષરજીવનને અંગે અન્નપૂર્ણાનો પ્રસાદ આવશ્યક સાધન હોય તો તે સાધન શી રીતે સાધવું? એ સાધનને ઉપયુક્ત કરવાના ક્લેશ જેટલું ફળ સાધ્ય થશે કે નહીં? જેટલું ફળ સાધ્ય થશે તેનું ગૌરવ અને માહાત્મ્ય કેવું છે?

વર્ણાશ્રમ હાલ નથી તો શું છે? લોકસમાજની દશા અણુ-પરમાણુઓના અવ્યવસ્થિત સમુદાય જેવી છે. એ સમુદાયની વ્યવસ્થા કરવાનું કામ રાજકર્તાઓ માથે રાખતા નથી. તેઓ તે વાતમાં તટસ્થ છે. જ્યાં સુધી લોકના આચારવિચાર તેઓ સમજતા નથી



ત્યાં સુધી એ તટસ્થતા યોગ્ય છે. જ્યાં સુધી તેમનું અને આપણું પરસ્પર વિરોધિત્વ છે ત્યાં સુધી પરસ્પર સમભાવ અને પરસ્પર વિશ્વાસ સુલભ નથી; ત્યાં સુધી એમની તટસ્થતા ઉભયવર્ગને કલ્યાણ-કારક છે. ત્યારે લોકપરમાણુઓના સમુદાયની વ્યવસ્થા કોણ કરશે? એ વ્યવસ્થા કરવા પહેલાં તેનો વિચાર પણ કોણ કરશે?

આ વિચાર કરવા એ કામ અનુભવી અને લોકજ્ઞ વિદ્વાનોનું છે. કુટુંબજાળ અને લક્ષ્મીસેવનના વ્યાધિઓથી ગ્રસ્ત થયેલા જીવોને આ વિચાર કરવાને અવકાશ પણ નથી અને શક્તિ પણ નથી. અનુભવી અને લોકજ્ઞ વિદ્વાનોનો વર્ગ ઊભો થાય, તેમને અવકાશ મળે, અને એ અવકાશનો સદુપયોગ કરવા તેમને વૃત્તિ થાય તો જ આ વિષયના વિચાર થઈ શકે. તે થયા પછી એવો કાળ આવશે કે જ્યારે આ વિચારો પરિપાક દશાને પામશે અને સર્વત્ર સંમત થશે. એ વિચાર પ્રમાણે પ્રયોગ કરી લોકસમુદાયની વ્યવસ્થા કરવાનો પ્રસંગ તે પછી આવશે. લોકવ્યવસ્થાને ઉદ્દેશી હાલ જે જે પ્રયત્નો થાય છે તેના ઉદ્દેશ સ્તુત્ય છે, પણ બાળવિવાહથી જોડાયલાં અપક્વ દમ્પતીના અપક્વ સંસારથી જેવાં અપક્વ ફળ થાય છે તેના જેવાં જ ફળ હાલના લોકવ્યવસ્થાના પ્રયત્નોથી થાય છે. એ ફળ ઉદયકાળ જોતાં પહેલાં અન્તે નષ્ટ થાય છે, તેનો ઉપભોગ વિરલ જ થાય છે, અને તેની વાતો કરનારાઓ વાગ્યુદ્ધ ઊભું કરે છે, અને શિષ્ટ પુરુષોમાં પણ મતભેદ થાય એવા પક્ષમતથી પક્ષવાદ થાય છે, બાળકો અને યુવકોનાં મન ભ્રમિત થાય છે અને અવ્યવસ્થા ઘટવાને ઠેકાણે વધે છે. જ્યાં સુધી આ ભેદ વ્યવહારને ભ્રાન્ત કરતા નથી ત્યાં સુધી બાધ નથી; એટલું જ નહીં પણ ચર્ચા સંપૂર્ણ થતાં સુધી સર્વ પક્ષવાદ આવશ્યક છે અને તે પ્રસંગ સુધી થોડી ઘણી માનસિક અવ્યવસ્થા અનિવાર્ય છે. એવી અવ્યવસ્થા ઘણા કાળ સુધી પહોંચશે એ પણ નિઃસંશય છે. પરંતુ ચોપટ અને ચતુરંગ રમનારાઓ ખેલન-યુદ્ધમાંથી ખરા યુદ્ધના આવેશમાં આવી જાય છે તેમ આ પક્ષવાદીઓ વાદદશાને ભૂલી સિદ્ધાંતદશામાં આવ્યા હોય એવી ભ્રાન્તિ પામે છે, તેનો આગ્રહ કરે છે, વિરુદ્ધ પક્ષવાદીને માથે દોષ મૂકે છે, અપક્વ પક્ષવાદને બળે લોકવ્યવહારનાં ચક્ર ચલાવવા પ્રયત્ન કરે છે, અને તેથી જે લોકમન્થન અને નવીન અવ્યવસ્થા થાય છે તે સ્તુત્ય છે એમ સહસા કહેવાતું નથી. એ નવીન અવ્યવસ્થાનું વાદળ વેરી

નાંખવાનાં સાધનમાં મુખ્ય વસ્તુ ધૈર્ય, લોકજ્ઞતા, અનુભવ, વિદ્યા, શાન્તિ, નિષ્પક્ષપાત, અવકાશ, અને વિચાર છે. આવાં સાધનથી સંપન્ન વર્ગ ઊભો થાય ત્યાં સુધી લોકસમુદાયના ચક્રનો સ્પર્શ કરવો પડતો મૂકી વિચાર અને ચર્ચાના વિષયમાં રહેવામાં સર્વનું કલ્યાણ છે. આવાં સાધનથી સંપન્ન થવાનો એક જ માર્ગ છે અને તે સાક્ષરજીવન છે. જે એકાન્ત, અવકાશ, લોકજ્ઞતા, વિદ્યા, અને બુદ્ધિ આદિને પામી પ્રાચીન ઋષિઓ લોકવ્યવસ્થા કરી ગયા હતા તેમનાં આયુષ્ય સાક્ષરજીવનમય હતાં. દેશકાળ ફરી ગયા છે. એ ઋષિઓએ કરેલી વ્યવસ્થા સાંપ્રત દેશકાળને રુચતી નથી. નવી ચિકિત્સા કરવા અને નવાં ઔષધ કરવા એ ઋષિઓના જેવાં જ સાક્ષરજીવન જોઈએ છે. પણ તે પ્રાપ્ત કરવાં સુલભ છે કે નહીં ! આવાં સાક્ષરજીવન પ્રાપ્ત કરાવવાને સાંપ્રત લોકવ્યવસ્થા સર્વથા અશક્ત છે એમ નથી. આપણા દેશમાં રાજ્યકર્તાઓ જે લોકવ્યવસ્થા કરી શકતા નથી તે પાશ્ચાત્ય દેશોમાં થાય છે. ખ્રીસ્તી ધર્મના પ્રચારણને માટે ઉત્પન્ન થતા અનેક સમાજો દ્રવ્ય એકઠાં કરે છે અને મહાન વિદ્વાનો તેમાંથી અન્નપૂર્ણાના પ્રસાદ જેટલું કંઈ સંતોષ પામે છે અને દેશવિદેશે સમાજનાં કાર્યોમાં પ્રવર્તે છે. ગ્રંથકારનો ઉદ્યોગ એ દેશોમાં લક્ષ્મી અને સરસ્વતી ઉભયને અનુકૂળ થાય છે. શાળાઓના શિક્ષકો અને પાઠકો વિદ્યાનંદ શોધે છે. સૃષ્ટિશાસ્ત્ર અને તત્ત્વશાસ્ત્રના શોધ માટે રાજાઓ, અને શ્રીમંતો અનેક યોજનાઓ કરે છે. એ દેશોમાં એવા અનેક માર્ગોથી સાક્ષરજીવન સધાય છે. એવી યોજનાઓ આ દેશમાં વિરલ છે. થિયોસોફિક સોસાયટી, એન્થ્રોપોલોજિકલ સોસાયટી, નેચરલ હીસ્ટરી સોસાયટી, ઇત્યાદિ યોજનાઓ પાશ્ચાત્ય ગૃહસ્થોની કરેલી છે તેમાં દેશી ગૃહસ્થો ભળે છે. બંગાળામાં અને મદ્રાસમાં આ વિષયની કંઈક સામાજિક વ્યવસ્થા દેખાય છે. પરંતુ એ સર્વ અપક્વ છે અને દેશી વિદ્વાનોમાં સાક્ષરજીવનનું પોષણ કરવાની વ્યવસ્થા તો કોઈ પણ સ્થાને નથી. માત્ર બીજ છે તો કોઈ દિવસ વૃક્ષની આશા છે એટલું જ કહેવાનું પ્રાપ્ત થાય છે. સરકાર તટસ્થ છે અને લોકસ્થિતિ અવ્યવસ્થિત છે, ત્યાં ભાવીકાળના સાક્ષરજીવનને આટલી આશા છે.

પણ એ આશા હાલ તો સ્વપ્ન જેવી છે. સાક્ષરજીવન ગાળનારને અન્નપૂર્ણાના મંદિરમાં નિવાસ કરાવનાર કે પ્રવેશ કરાવનાર શ્રીમંત



વ્યક્તિ કે શ્રીમંત સમાજ દૃષ્ટિમર્યાદામાં નથી. આ દેશની પ્રાચીન વ્યવસ્થા આ વિષયમાં હતી તે નષ્ટ થઈ છે અને તેનો જીર્ણોદ્ધાર અશક્ય છે. હવે તો જેને સાક્ષરજીવનની વાસના હોય તેણે જાતે સાધનનું સંપાદન કરવાનું છે. શું તે સાધન દુર્લભ છે ?

અંગ્રેજીમાં કહેવત છે કે Where there is a will, there is a way. વાસના હોય તો વૃત્તિ થાય, વૃત્તિ હોય તો પ્રવૃત્તિ થાય, અને પ્રવૃત્તિ હોય તો પ્રાપ્તિ થાય. એ વાસના સદ્વસ્તુ પ્રતિ હોય તો મોડીવહેલી તે વાસના ઈશ્વરકૃપાએ ફળે છે. દમ્ભની વાસના ન ફળે, ભોગની વાસના ન ફળે, પાપકર્મની વાસના ન ફળે, પણ પુણ્યવાસનાનો ફલોદય તો સહાયકના જ હાથમાં ઈશ્વર રાખે છે. એક અન્નપૂર્ણાના પ્રસાદનો જ લાભ જોઈતો હોય તો તે વિષયનો પ્રશ્ન ઈશ્વર કેમ સિદ્ધ નહીં કરે ?

ઘણુંખરું આ પ્રશ્નના ઉત્તરમાં મનુષ્યનો અસંતોષ જ વિઘ્નકર થાય છે. **શતી**–સો રૂપિયાનો સ્વામી–**સહસ્રી** થવા ઇચ્છે છે, અને **સહસ્રી લક્ષપતિ** થવાને ઇચ્છે છે. "And the minds of men are largened with the process of the suns." આશા શબ્દનો અર્થ દિશા પણ થાય છે. આશા અને દિશા અનંત છે, પણ શૂન્ય છે. તેમાં ઊડનાર પોતાના પ્રવાસને લંબાવે છે તેમ તેમ દૃષ્ટિમર્યાદા વધે છે, અને દૃષ્ટિમર્યાદા વધતાં મન પોતાનું નિર્ણીત લક્ષ્ય ભૂલી જાય છે અને નવું લક્ષ્ય શોધે છે. આમરણાન્ત આ દોડાદોડ ચાલી રહે છે. સાધનરૂપ દ્રવ્યના શોધમાં મનુષ્ય તેનું સાધનરૂપ ભૂલી જાય છે અને તેને સાધ્ય જ ગણી લે છે. આ રૂપે દ્રવ્યનું શોધન નિષ્ફળ કે સફળ થશું એ વાત અનિશ્ચિત છે અને તેને માટે મરણ સુધીનો પ્રવાસ એકલો જેવો નિશ્ચિત છે તેવું જ બીજું નિશ્ચિત એ છે કે મરણ પછી તેમાંથી કોઈ સ્વાર્થ સાધવાનો નથી. એવા સાધ્યશૂન્ય–objectless–જીવનને માટે પ્રવાસ કરવાથી મનુષ્ય અન્ય પ્રાણીઓની કોટિમાં પોતાના જીવનને સમાપ્ત કરી દે છે. "હું શું કરું છું, અને શાને માટે !" એવા વિચારથી શૂન્ય થયેલું આ જીવન **પામર છે–પાશવ છે.** જડ પદાર્થની સ્થિતિમાં પણ કંઈક આવું જ સાદૃશ્ય છે; કારણ વિચારશૂન્યતા તેનું પણ લક્ષણ છે. આ વિચાર-શૂન્યતાનો ત્યાગ કરી મનુષ્ય કંઈ પણ વિચાર કરે છે ત્યારે તેને

દ્રવ્યશોધનને અન્તે બીજું કંઈ સાધ્ય વસ્તુ સૂઝે છે.—બીજું કાંઈ પણ લક્ષ્યસ્થાન દેખાય છે. આ નવો ઉપલંભ થતાં તેને નવી વાસના ઉત્પન્ન થાય અને નવા સ્થાન ભણી તેને આકર્ષે છે. આમ વિચારથી તત્ત્વદર્શી સાત્ત્વિક પુરુષને સંપૂર્ણ બ્રહ્મરૂપે અથવા તેના કલાભાગ ઈશ્વરરૂપે અદષ્ટપૂર્વ સત્ય દૃષ્ટિગોચર થાય છે. પુણ્યદર્શી સાત્ત્વિક પુરુષને લોકકલ્યાણના માર્ગ દૃષ્ટિગોચર થાય છે. દેહદર્શી રાજસિક પુરુષને શરીરકુટુંબાદિકના ભોગાદિક દૃષ્ટિગોચર થાય છે. આમાંનું ગમે તે સત્ય દૃષ્ટિગોચર થાય છે તો પણ તે દૃષ્ટિને તે દ્રવ્યના સાધ્યરૂપે જણાય છે. બાલક સ્તન્યપાનનો ત્યાગ કરી અન્ન સ્વીકારે છે અને યુવાન માતાપિતાની છાયામાં રહીને પણ ધર્મપત્નીનો અભેદ સ્વીકારે છે તે બેમાંથી એક રીતે આ વિચારશીલ પુરુષ ગમે તો દ્રવ્યનો ત્યાગ કરી અને ગમે તો દ્રવ્યની છાયાનું સેવન કરીને પણ આ નવા સાધ્ય સત્ય સાથે જોડાય છે. આ ત્રણમાંથી ગમે તે ફલોદય વિચારને થાય તો પણ દ્રવ્યના શોધનને માથે કાંઈક મર્યાદા મૂકે છે, અને એ દ્રવ્યની આશા નિઃસીમ દિશા જેવી મટી ગમે તો સમુદ્ર જેવી થાય છે અને લાંબે કાળે પણ તેનો તટ આવે છે અને ગમે તો એ આશાપાશમાંથી પુરુષ સહસા અથવા પ્રયત્નથી મુક્ત થાય છે અને સ્વસ્થ બને છે. મનુષ્ય કહે છે કે હું વિચાર કરું પણ તેને વિચાર કરવામાં ક્લેશ લાગે છે. જ્યારે તે શાંત થઈ વિચાર કરે છે ત્યારે આવો ફલોદય થાય છે. એ ફલોદય થતાં મનુષ્યનું દ્રવ્યશોધન સાધનરૂપ બને છે અને સાધ્ય વસ્તુ મળતાં એ શોધનનો અંત આવે છે.

દ્રવ્યશોધનને સાધનત્વની મર્યાદામાં આણતાં આટલાં વિઘ્ન છે તો દ્રવ્યશોધનનો ત્યાગ કરી માત્ર અન્નપૂર્ણાના પ્રસાદથી જ સંતોષ પામી બેસી રહેવામાં મનુષ્યનાં મન જે વિઘ્ન નાંખે તે સમજવાં કઠિન નથી. પણ મનને સ્વાધીન કેમ કરવું તે વિષય અત્ર ચર્ચવાથી દૂર રહી, આવો સંતોષ સાધ્ય છે કે નહીં તે ચર્ચીશું. સંતોષની વાતો સુલભ છે, પણ ઘણાક વ્યવહારપંડિતોને મન સંતોષ વ્યવહારમાં ત્યાજ્ય છે અને સાધારણ મનુષ્યોમાં દ્રવ્યશોધનની ક્રિયાનો ત્યાગ કરનાર ગમે તો મૂર્ખ પંડિત ગણાય છે અને ગમે તો તેને માન આપવું શિષ્ટ ગણાય છે પણ તેનું અનુકરણ કરવામાં શાણપણ નથી ગણાતું. શાણપણ વિચારમાં છે અને વિચારશૂન્યતા ક્યાં છે તે આપણે હમણાં જ જોઈ ગયા છીએ તો તેની પુનરુક્તિ નહીં કરીએ. મનુષ્યના જીવનમાં એક



સ્થાન એવું આવવું જોઈએ કે જ્યાં આગળથી દ્રવ્યશોધનની ક્રિયા બંધ પડી સાધ્યભોગ થવો જોઈએ. આટલું જોવા આ પ્રયત્ન કર્યો છે. પણ અન્નપૂર્ણાના પ્રસાદથી સંતોષ પામી બેસી રહેવું કે દ્રવ્યરાશિના સંચય કરી અન્ય વસ્તુની સાધના કરવી, ઉભય સાધ્ય હોય તો કયું સાધ્ય સ્વીકારવું અને કયું ત્યજવું એ વિચાર કરવો પ્રાપ્ત થાય છે.

વ્યવહારમાં સુલભતાનો વિચાર કરીએ તો તો લક્ષ્મીદેવીના પ્રસાદ કરતાં અન્નપૂર્ણાનો પ્રસાદ વધારે સુલભ છે. વધારે દ્રવ્ય મેળવવું ભાગ્યાધીન છે. ઉદરપોષણ આ દેશકાળમાં પ્રયત્નની આકાંક્ષા રાખે છે, પણ એટલા પુરુષાર્થને અંતે એટલું ફળ મળ્યા વિના રહેતું નથી. કારણ

Man wants but little here below,
Nor wants that little long.

મનુષ્યને થોડી પૃથ્વી સૂવાને અને થોડુંક અન્ન ખાવાને જોઈએ છે અને તે પણ થોડાક કાળને માટે જોઈએ છે. પ્રાચીન આર્યોની લોકવ્યવસ્થાને કાળે જેની પાસે વધારે હોય તે જેની પાસે કંઈ ન હોય તેમને ઉદરપોષણ યોગ્ય આપતા. આ કાળમાં ઈશ્વરે આપેલા હાથપગ હલાવવાથી અને બુદ્ધિ વાપરવાથી થોડુંઘણું સાધારણ રીતે મળી રહે છે, અને પાશ્ચાત્ય દેશોમાં ખાવા પહેરવા માટે જે વ્યય કરવો પડે છે તેના કરતાં ઘણીક સ્વલ્પ દ્રવ્યપ્રાપ્તિથી આ દેશમાં વ્યવહારનિર્વાહ થાય છે ત્યાં સુધી એમ કહેવાનું કારણ નથી કે ઉદરપોષણે આવો ભય ભગાડ્યો. ભવિષ્યમાં એ કહેવાનો કાળ પણ આવશે એવો ભય છે, પણ તેના પ્રતિકારનો વિચાર અત્ર પ્રસ્તુત નથી.

પ્રાચીન કાળમાં બ્રહ્મચર્ય પછી ગૃહસ્થાશ્રમ, અને તે પછી વાનપ્રસ્થ વિહિત હતો. આ કાળમાં તેમનો એક પણ આશ્રમ શાસ્ત્ર રીતે સાધ્ય નથી. હાલ પ્રથમ વિદ્યાભ્યાસનો કાળ આવે છે અને તે જ કાળમાં સાધારણ વર્ગમાં થોડીક દ્રવ્યચિન્તા પણ હોય છે અને એ ચિન્તા ન હોય તો વિદ્યાર્થીનું ભાગ્ય. તે પછી દ્રવ્યચિન્તાનો સાક્ષાત્કાર આવિર્ભાવ થાય છે. બુદ્ધિદ્વારા કે અન્ય નિમિત્તકારણથી કેટલાકનો ભાગ્યોદય થાય છે અને મોટો ભાગ હાથપગ પછાડતાં નિર્વાહ કરે છે, અને યથાશક્તિ કંઈ બચાવી શકે પણ શાસ્ત્રવિરુદ્ધ પડેલા આચારથી થતા જ્ઞાતિભય નીચે તે દબાઈ રહે છે.

હવે આ સમજથી નિર્ધન વર્ગ મોટે ભાગે નિરક્ષર હોય છે તેના સાક્ષરજીવનનો વિચાર તો પ્રાપ્ત જ થતો નથી. એ વર્ગનો કેટલેક ભાગ ગુજરાતી શાળાઓના મહેતાજીઓનો હોય છે, તેમનાં સાધન ટૂંકાં હોય છે પણ તેમને અક્ષરવાસના હોય છે. એ વાસના તૃપ્ત કરવા જેટલાં સાધન તેમ અવકાશ તેમને સુલભ નથી. પણ અંગ્રેજી અથવા સંસ્કૃતના જ્ઞાનની ઉપેક્ષા રાખે ત્યાંસુધી તેમની સાક્ષરતા ઉચ્છિષ્ટ જ સમજવી.

શાસ્ત્રીપુરાણીઓને તો દ્રવ્યોપાર્જન અને અક્ષરજીવન ઉભય કાર્યને માટે ઉભયસામાન્ય એક જ પંથ છે. શોચનીય એટલું છે કે એવી સ્થિતિનો સદુપયોગ કરનાર અને વિદ્યાનંદનું આસ્વાદન કરનાર તેઓમાં વિરલ હોય છે અને તેમાં પણ અન્નપૂર્ણાથી સંતુષ્ટ રહેનાર તો ક્વચિત જ હોય છે. એ દ્રવ્યનો સંતોષ તેમને રહે અને પોતાની વિદ્યાનો અસંતોષ રહે તો તો સાક્ષરજીવનનો આનંદ અને લોકના કલ્યાણના માર્ગ આપવા ગીર્વાણ ભાષા ક્યાં સમર્થ નથી !

ત્રીજો વર્ગ શ્રીમંતોનો છે. તેમણે ગૃહસ્થાશ્રમના શાસ્ત્રીય આચાર પાળવા આ દેશકાળને અનુકૂલ નથી. પણ ગૃહસ્થોએ જેવાં હૃદય અને જેવી ઉદારતા રાખવાની આજ્ઞા શાસ્ત્ર કરે છે તે પળી શકે એવી છે, અને તેનો લાભ દેશકાળને ઉચિત લોકકલ્યાણના માર્ગને મળે તો તેમની દ્રવ્યવાસનાને સાધ્યવસ્તુ પ્રાપ્ત થાય તે નાની વાત નથી. સરસ્વતીની તેઓ આરાધના કરે તો લક્ષ્મી પણ વધારે પ્રસન્ન થાય એવા આ દેશકાળ છે. અન્નપૂર્ણાથી સંતોષ માની તેઓ બેસી રહે કે નહીં એ પ્રશ્નમાં વ્યાઘાતદોષ છે. કારણ અન્નપૂર્ણાના પ્રસાદ કરતાં જેની પાસે અધિક પ્રાપ્ત થયેલું છે તેને માટે આ પ્રશ્ન છે. તેઓએ તો સાધ્ય શું ગણવું એ જ પ્રશ્ન છે. એ વર્ગે વૈશ્યધર્મ પાળવાનો છે. વૈશ્યોને અને ક્ષત્રિયોને માટે સંતોષ વિહિત નથી. પોતાને **અજરામર** ગણી બ્રાહ્મણે વિદ્યાનું ચિન્તન કરવું, વૈશ્યે અર્થનું ચિન્તન કરવું, અને ક્ષત્રિયે રાજ્ય-અર્થનું ચિન્તન કરવું. આ કાળમાં યજ્ઞોપવીતધારી નિરક્ષર બ્રાહ્મણ વ્યાપારી હોય તો તે વૈશ્ય છે અને રંક અનુપવીતધર વણિક સાક્ષર હોય તો તે આ કાળનો બ્રાહ્મણ છે અને તે પ્રમાણે પોતપોતાની જાતિ ગણી સાધ્ય ગણવું અને સાધ્ય ગણી સંતોષઅસંતોષનો ઉપર પ્રમાણે શાસ્ત્રવિચારે વિવેક કરવો યોગ્ય છે–એથી ઊલટો પ્રયોગ કરવાથી અવ્યવ-



સ્થાનો ભય છે. શ્રીમંતોએ લક્ષ્મીને સાધન ગણી તેનું ફલ સાધ્ય લક્ષમાં રાખવું એ જ ધર્મ છે. સાક્ષરોએ અન્નપૂર્ણાથી તૃપ્ત થઈ યથાકાલે અક્ષરસેવન કરવું એ જ ધર્મ છે, અને એ તૃપ્તિકાળ શોધવાને વ્યવહારની ઉપાસના આયુષ્યના મધ્ય કાળમાં કરવી એ તેમને જેવી આવશ્યક છે તેવી જ રીતે તૃપ્તિકાળનાં દર્શન થતાં તેને તરત ઓળખી ઝડપી લેવો આવશ્યક છે. એ તૃપ્તિકાળ પ્રત્યક્ષ છતાં જે સાક્ષર તેને લેવા પ્રયત્ન નથી કરતો તે અતૃપ્તિના મુખમાં પેંસાય છે, અને એ રાક્ષસી સ્વરૂપે તેવા વિતણ્ડાવાદના ઉદ્ગાર કરી પોતાની અશક્તિનો પક્ષવાદ કરે છે. દિવ્યજીવનનું સ્વપ્ન દેખી **क्षीणे पुण्ये मृत्युलोके पतन्ति** તે આ જ!

આ સર્વ વ્યવસ્થાથી સાક્ષરોએ સાક્ષરજીવન સિદ્ધ કરવાનું છે. આત્મકલ્યાણ અને લોકકલ્યાણ એ બેમાંથી સાક્ષરજીવનનું લક્ષ્ય શું? વિધિ કેવો? એ જીવન સિવાય બીજા લોકકલ્યાણના માર્ગ સાક્ષરોને માટે યોગ્ય છે કે નહીં? જો હોય તો તે માર્ગનો અને સાક્ષરજીવનનો પરસ્પર સંબંધ કેવા પ્રકારનો છે?

# પ્રકરણ ૨

## આત્મકલ્યાણ અને લોકકલ્યાણ શામાં છે?

આપણામાં ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર કલ્યાણસાધક પુરુષાર્થ કહેલા છે. એમાં અર્થ અને કામ મનુષ્ય અને ઇતર જીવોને સામાન્ય છે. મનુષ્યો દ્રવ્યાદિકને અર્થ ગણી શોધે છે તો કીડીઓ કણનો સંગ્રહ કરે છે અને પ્રાણીમાત્ર માળા વગેરે ગૃહાદિકને રચે છે તે તેમનો અર્થ જ છે. અર્થ અને કામના શોધનમાં મનુષ્ય ઝાઝી બુદ્ધિ વાપરે છે તો અન્ય પ્રાણીઓ થોડી વાપરે છે. પણ બુદ્ધિ અને સર્વ પ્રાણીઓને સામાન્ય છે. હાથી, કાગડા, કૂતરા વગેરેની બુદ્ધિનાં કાર્ય સુવિદિત છે. પણ ધર્મની બુદ્ધિ અને એ બુદ્ધિથી ધર્મને માર્ગે પ્રવૃત્તિ, એ ઉભય તો મનુષ્યનું જ લક્ષણ છે અને પશુને ધર્મનું ભાન નથી. જેમ બુદ્ધિ સર્વ પ્રાણીઓમાં સામાન્ય હોય છે તેમ "પ્રીતિ" પણ સર્વસામાન્ય છે, અને રંક કૂકડી પોતાનાં બાળક ઉપર ઘાત કરનારના સામી જે પ્રીતિથી થાય છે તે મનુષ્યમાતાની પ્રીતિ કરતાં જુદી જાતની નથી. જે કાર્ય વિચારશીલ મનુષ્યો પાસે ધર્મવાસના કરાવે છે તે જ કાર્ય અમુક મર્યાદા સુધી ઇતર પ્રાણીઓ પાસે પ્રીતિ કરાવે છે. પાળેલાં પ્રાણીઓ પોતાનાં પાલક મનુષ્યોને મરણથી ઉગારવા પ્રત્યુપકારથી જે બુદ્ધિ અને પ્રયત્ન વાપરતાં જોઈએ છીએ તે બુદ્ધિ અને પ્રયત્ન પ્રીતિનાં ફળ હોય છે. મનુષ્યજાતિમાં પણ માતાપિતા અને દંપતીની પ્રીતિ પ્રથમતઃ વિચારશૂન્ય પશુસામાન્ય મનોવૃત્તિરૂપે જ ઉત્પન્ન થાય છે. પ્રીતિસાધ્ય અથવા પ્રીતિવગરનો કામ, અને બુદ્ધિસાધ્ય અર્થ, ઉભય આમ સર્વ પ્રાણીઓમાં સામાન્ય હોય છે પણ અર્થ અને કામ સિવાય કંઈક અન્ય પદાર્થો પણ દેખાય છે કે જેના ભણી મનુષ્યની બુદ્ધિ પ્રવર્તે છે, એ પદાર્થોથી મનુષ્યના શરીરભોગને પ્રત્યક્ષ ફળ થતું નથી, અને એ પદાર્થો મનુષ્યની બુદ્ધિને દેખાય છે પણ સર્વસામાન્ય ચર્મચક્ષુને દેખાતા નથી. આવી બુદ્ધિ અને આવી વૃત્તિનો "ધર્મ" શબ્દના અર્થમાં એકદેશીય સમાસ થાય છે. એ ધર્મ ઇતર પ્રાણીઓમાં આવિર્ભાવ પામતો નથી માટે જ કહેલું છે કે



धर्मो विशेषो हि नरस्य राजन् ।
धर्मेण हीनाः पशुभिः समानाः ॥

Religion, moral duty, legal duty, વગેરે સર્વ વૈચિત્ર્ય ધર્મ શબ્દના અર્થમાં સમાસ પામ્યું છે. આ વિવેચનનો ઉદ્દેશ એવો નથી કે કામ અને અર્થના શોધનમાં મનુષ્યે કદી પણ પ્રવૃત્ત ન થવું. જ્યાંસુધી મનુષ્યદેહમાં પશુભાગ સહજ છે ત્યાંસુધી તે સ્થિતિ ઈશ્વરને રચેલી ગણી તેનો નિર્વાહ કરવો એ પણ એક ધર્મ જ છે. ફેર માત્ર એટલો છે કે જ્યારે પશુઆદિમાં અને પામર મનુષ્યોમાં આ પશુભાગનો મોહ અપ્રતિહત હોય છે ત્યારે ધર્મબુદ્ધિ એ મોહનો નાશ કરે છે અને પશુભાગ મનુષ્યનો સ્વામી મટીને દાસ થાય છે અને દાસત્વના ધર્મ પાળવા સિવાય તેને ઇતર અધિકાર રહેતો નથી. આર્યોનો આદેશ અને આચાર એવો હતો કે ચારે વર્ણો પોતપોતાના પુરુષાર્થ સાધવા પણ ધર્મબુદ્ધિથી સાધવા. વૈશ્યવર્ગને અર્થનું શોધન વિહિત હતું, ક્ષત્રિયોને રાજ્યાધિકાર સાધ્ય હતો. પણ તે ઉભયની સાધનાને માથે કોઈ ઉદાત્ત ઉચ્ચગ્રાહ (Ideal) નો અંકુશ મૂકવામાં આવેલો હતો. ગીતા સાંભળી અર્જુન યુદ્ધમાં પ્રવૃત્ત થયો, વાસિષ્ઠયોગના બોધથી રામચંદ્રે સંસાર સ્વીકાર કર્યો, ગૃહસ્થાશ્રમને માથે ધર્મનો ભાર મુકાયો, અને એવા અનેક પ્રસંગોમાં આ ઉચ્ચગ્રાહ સ્પષ્ટ સ્ફુરી આવે છે; અને તેમાં પશુભાગનું દાસત્વ અને ધર્મનો વિકાસ ઉભય જુદે જુદે પણ સ્પષ્ટ રંગે પ્રકટ થતાં આપણે જોઈએ છીએ.

પાશ્ચાત્ય દેશોમાં પણ એ જ કથા છે–એક પ્રખ્યાત વિદ્વાન લખી ગયો છે કે *Laborare est orare:* શ્રમજીવન–મજૂરી–તે એક ઈશ્વરાર્ચન છે. આનો વિસ્તાર કરતાં એક ગ્રન્થકર્તા એક રંક શ્રમજીવીના મુખમાં વચન મૂકે છે કે

"We must have something beside Gospel i' this world Look at the canals, an' th' aqueducs, an' th' coalpit engines, and Ark wright's mills there at Coromford; a man must learn somewhat beside Gospel to make them things, I reckon. But t' hear some o' them preachers, you'd think

as a man must be doing nothing all's life but shutting's eyes and looking what's agoing on inside him. I know a man must have the love o' God in his soul, and the Bible's God's word. But what does the Bible say? Why, it says as God put his sperrit into the workman as built his tabernacle, to make him do all the carved work and things as wanted a nice hand. And that is my way o' looking at it: there's the sperrit o' God in all things and all times—weekday as well as Sunday—and i' the great works and inventions, and i' the figuring and the mechanics. And God helps us with our headpieces and our hands as well as with our souls; and if a man does bits o' jobs out o' working hours—builds oven for's wife to save her from going to the bakehouse, or scrats at his bit o' garden to make two potatoes grow instead o' one, he 's doing more good, and *he 's just as near to God,* as if he was running after some preacher and a-praying and agroaning."×

"સંસારસું સરસો રહે ને મન મારી પાસ" એ ઉપદેશ પાળે તે પણ હરિનો "દાસ" છે એવી પાંડવગીતા છે. સર્વ કર્મ થાય અને તેનું પ્રકાશપણું થાય, અને એ કર્મમાં આયુષ્ય વહી જાય અને રાત્રિદિવસ એ કર્મ પાળતાં શ્રમજીવનમાં જ સમાધિ થાય તો તે પ્રાકૃતકર્મ સમાધિ છે, ઇત્યાદિ ઉપદેશનું હાર્દ અને પાંડવગીતાનું હાર્દ પણ આ પાશ્ચાત્ય દૈવચન જેવું જ છે. શ્રમજીવન પણ ઈશ્વરતાથી થાય તો તે પ્રકૃતિનું મૂળ ધર્મબુદ્ધિ છે. પશુપક્ષીઓ અને પામર જીવનનાં શ્રમજીવન સર્વસામાન્ય અને અંતે જ સાધ્યરૂપ હોય છે. ત્યારે શ્રમજીવન પાસે

× Adam Bede by G. Eliot.



ધર્મનું દાસત્વ કરાવવામાં આવે એવો આ વિધિ છે. આમ ધર્મ જ પશુભાવને આવશ્યક શ્રમના હેતુનો પ્રેરક રૂપ થાય છે, અને આ ધર્મ મનુષ્યનું વિશેષ લક્ષણ બને છે.

પશુવૃત્તિ પ્રીતિમાં પણ એ જ રીતે ધર્મની પ્રતિષ્ઠા થાય છે; અને પશુવૃત્તિ પ્રીતિને નિમિત્તકારણરૂપે ઉત્પન્ન થવા દઈ અથવા પુત્રવાસનાને નિમિત્તે વિવાહધર્મ રચાય છે અને તેમાં મનુષ્યની પ્રવૃત્તિ થાય છે. વ્યભિચારી મનુષ્યોની પ્રીતિમાં જ્યારે પશુવૃત્તિ જ પ્રેરક હોય છે ત્યારે વિવાહવાસનામાં ધર્મવૃત્તિને પ્રેરક કરવા સર્વ દેશોમાં સત્પુરુષોએ અને મહાત્માઓએ આચાર રચેલો છે. ખરી વાત છે કે વિવાહ કરનાર સર્વ દંપતીઓ આ આચારની પ્રતિજ્ઞા લેતી વેળાએ ધર્મબુદ્ધિ રાખતાં હોય એમ નથી હોતું, તેમ બાળવિવાહમાં એ ધર્મબુદ્ધિનું ભાન ધરનાર બુદ્ધિનું અસ્તિત્વ જ વરકન્યામાં હોતું નથી. પણ લોકપક્ષે અને રાજ્યાધિકારીઓ વ્યભિચારને શિક્ષાપાત્ર ગણે છે અને વિવાહને ધર્મ માને છે તે એટલું જ ગણીને કે જે ધર્મ પશુકર્મ પાસે દાસત્વ કરાવે છે તે ધર્મ જ લોકકલ્યાણનો હેતુ છે, અને જ્યાં સુધી મનુષ્યો ધર્મના આચાર પાળે ત્યાં સુધી તે આચારનો મૂળભૂત વિચાર હૃદયમાં અસ્તિત્વમાં ખરેખરો છે કે નહીં તે વાત દરેક વ્યક્તિએ અંતે જ આત્મકલ્યાણને નિમિત્તે જોઈ લેવાની છે. પ્રસ્તુત પ્રસંગમાં તો એટલું જ જોવાનું છે કે પ્રીતિ જેવી પશુવૃત્તિ પાસે પણ ધર્મનું દાસત્વ કરાવવાનો વિધિ સુપરિચિત છે. ઉપર કહેલી ગ્રન્થકર્ત્રી જ પોતાના નાયક પાસે વિવાહ પહેલાં કહેવડાવે છે કે—

"Dinah, how can there be anything contrary to what's right in our belonging to one another, and spending our lives together? Who put this great love into our hearts? Can anything be holier than that?"

તેના ઉત્તરમાં થનાર ધર્મપત્ની કહે છે કે—

"Yes, Adam, I know marriage is a holy state for those who are truly called to it, and have no other drawing."

જે કાળે આ દેશમાં બાળલગ્નને સ્થાને સ્વયંવરઆદિ આચાર હતા તે કાળના મુનિઓ અને કવિઓ પણ આવાં જ વાક્યો આ દેશમાં પતિ અને "ધર્મપત્ની" ના સંબંધમાં કહી ગયા છે.

"અર્થ" અને "કામ" એ ઉભય પુરુષાર્થ આપણામાં કહેલા છે તે મનુષ્યના પશુભાગને નિમિત્તે એટલે પશુભાગના કલ્યાણને માટે વિહિત છે; પણ તે ઉભયને માથે ધર્મનો અંકુશ મૂકવો એટલું જ નહીં પણ ધર્મને જ તેમનો પ્રેરક કરવો એવી વ્યવસ્થા પૂર્વ તેમ પાશ્ચાત્ય લોકમાં મહાત્માઓએ શિષ્ટ ગણી છે. આ પ્રમાણે કરવાથી લોકનું કલ્યાણ છે, આ આચાર પાળનાર મનુષ્યના આત્માનું કલ્યાણ છે, અને ઈશ્વરેચ્છાને પણ આ જ માર્ગ અનુકૂલ છે : આ ત્રણમાંથી એક અથવા અનેક કારણને સ્વીકારી સર્વ દેશોમાં શિષ્ટ મનુષ્યોના મનુષ્યભાગે આત્મકલ્યાણ અને લોકકલ્યાણમાં ધર્મને યોજ્યો છે, અને પ્રસ્તુત પ્રસંગે ચતુર્થ પુરુષાર્થ મોક્ષનો પણ આપણે ધર્મમાં અંતર્ભાવ કરીશું.

### शरीरं प्रथमो धर्मः

પ્રાણીવિદ્યા વગેરેની શાસ્ત્રીઓએ કરેલી શોધો જણાવે છે કે એક કાળે મનુષ્યના પૂર્વજો પશુ હતા. ધીમે ધીમે તે પશુવંશમાં જંગલી મનુષ્યો થયાં અને અંતે એ જંગલી મનુષ્યોમાંથી વિચારશીલ શોધક મનુષ્યો ઉત્પન્ન થયાં. મનુષ્યમાં પશુધર્મપાલનમાંથી મનુષ્યધર્મ-પાલન ઉત્પન્ન થવાનો આ ક્રમ છે. પશુભાગ અને મનુષ્યભાગનો અનિવાર્ય સહવાસ અને સહચાર હોવા છતાં ઉભય ભાગની વ્યવસ્થા કરી, ઉભયનું રક્ષણ કરી, પશુભાગની ધર્મરૂપ સુવર્ણઅંકમાં નવી નિયંત્રણા કરી, મનુષ્યભાગ એટલે આ ધર્મરૂપ સુવર્ણ અંકનું પણ ઉત્તરોત્તર નવા નવા ધર્મોથી પોષણ અને વિકસન કરી, પૂર્વ અને પાશ્ચાત્ય લોકના શિષ્ટવર્ગ આ શિષ્ટવર્ગનું પોતાનું અને અશિષ્ટ વર્ગનું એટલે ઇતર વર્ગનું કલ્યાણ કરતા આવ્યા છે અને કરી જશે. જે આ માર્ગથી લોકકલ્યાણ સર્વ ભાગ્યશાળી દેશકાળમાં સધાયાં છે તે જ માર્ગથી આત્મકલ્યાણ શોધાય છે. દેહને આત્મા કહો કે વિશુદ્ધ દેહાતીતને આત્મા કહો તે સર્વ લક્ષણવાળા આત્માનું "પરમસુખ" —પરમાનંદરૂપે અથવા પાશ્ચાત્ય લોકના પૂર્વજોએ માનેલાં Summum



bonum રૂપે અથવા આ કાળમાં મનાતા અનેક ઉચ્ચઆદર્શરૂપે—શોધાયું છે અને ગણાયું છે, અને સર્વ મતમતાંતરોના વિભ્રમો વચ્ચે આત્મકલ્યાણનું કારણશરીર ધર્મવિચારરૂપ છે તે સર્વત્ર સદા તે જ અધિકાર ભોગવશે. ધર્મ કોને કહેવો, અને અધર્મ કોને કહેવો, ધર્મ કયો અને અતિધર્મ (superstition) કયો, ઇત્યાદિ પ્રશ્નો વિશે મનુષ્યો યુદ્ધ કરશે અને ધર્મને હસનારા કહેશે કે **अत्र युद्धं कचाकचि** ! પરંતુ તે હસનારાઓને પણ એ યુદ્ધમાં કે યુદ્ધ બહાર ઊભાં રહેવું પડશે અને કેમ વર્તવું તેનો વિચાર કરવો પડશે.

**श्रुतयो विभिन्नाः स्मृतयोपि भिन्नाः**
**नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।**
**धर्मस्य तत्त्वं निहितं गुहायां**
**महाजनो येन गतः स पन्थाः ॥**

સર્વ ભ્રમ અને વિભ્રમના દર્શન વચ્ચે આવો **पन्था**-માર્ગ-તે તો તે દર્શનના સાક્ષીઓને હસતાં કે રડતાં પણ શોધવો પડશે. Laughing philosopher અને weeping philosopher, Cynics અને Epicurians, સર્વની બુદ્ધિમાં નટ જેવાં અનેક રૂપરંગ ધારણ કરીને પણ ધર્મવિચાર ઉત્પન્ન થાય છે અને **कचाकचि धर्मयुद्धो**ના સમુદ્રમન્થન વચ્ચેથી જેવાં અનેક રત્નો અને હલાહલ વિષ નીકળે છે તેવું જ અન્તે અમૃત પણ નીકળે છે.

આ મનુષ્યભાગનો વિશેષ—જે વૃત્તિઓનો નિયામક વિચારવિહિત ધર્મ છે—**धर्मो विशेषो हि नरस्य राजन्**—તે ધર્મ પૃથ્વીના અનેક દેશકાળમાં નવે નવે રૂપે પણ એક આત્માથી સ્ફુરી રહે છે. એ ધર્મથી દેહનું કલ્યાણ છે, એ ધર્મથી આત્મકલ્યાણ છે, એ ધર્મથી લોકકલ્યાણ છે. એ ધર્મ આસ્તિકમાં હોય છે, નાસ્તિકમાં હોય છે, આર્યોમાં હોય છે અને અનાર્યોમાં પણ હોય છે. જ્હોન સ્ટુઅર્ટ મિલ અને બ્રેડ્લો જેવા જગદ્ધિતચિન્તક બુદ્ધિઓ અને વૃત્તિઓવાળા નાસ્તિકો, ક્રાઇસ્ટ અને બુદ્ધ જેવા આર્ય અને અનાર્ય જગતના ઉદ્ધારકો આ દેશના ક્ષિતિજમાં સર્વદા પાસે પ્રકાશી રહેલા ચન્દ્ર જેવા કે દૂર પ્રકાશી રહેલા અમર વાલિખલ્ય મુનિરૂપ તારાગણ જેવા ઋષિઓ, પરિવ્રાજકો, અને પંડિતો—એ સર્વ ચિત્ર ધર્મના ઇતિહાસના પડદા ઉપર પડી રહેલું

છે, અને જોનારને આશા, ઉત્સાહ અને પ્રકાશ આપ્યા કરે છે. હિંદુઓ અને મુસલમાનો આજ જેને ધર્મ કહે છે તે આ પડદા ઉપરનાં માત્ર બિંદુઓ છે. આપણા પૂર્વજો જે જે પરમાર્થચિંતન કરી ગયા છે અને લૌકિક શોધ અને વિચાર આચાર આલેખી ગયા છે તે સર્વ આ પડદા ઉપર એકપાસ વિરાજતી એક ભવ્ય અને સુંદર પણ કાળપાસે જૂની ઝાંખી કરી નાંખેલી આકૃતિ છે, અને બીજી પાસ પાશ્ચાત્ય સાક્ષરોની નવીન જાજ્વલ્યમાન વિજયવતી મૂર્તિ ચિત્રિત છે. એ સર્વના આ પડદા ઉપર બુદ્ધિ, શોધકબુદ્ધિ, સુન્દરતા, રસિકતા આદિ તેજ અને અંધકાર આદિ ગુણોને દર્શાવવાની અનેક રંગોની ઘાટી કે આછી છાયાઓ છે. પણ એ ચિત્ર કોણે કાઢ્યું ! એ છાયાઓ કોણે રંગી ! આદિ પ્રશ્નોનો ઉત્તર એવો જ છે કે મનુષ્યના હૃદયમાં કોઈક એવું સત્ત્વ છે કે જે પશુમાં નથી અને પામરમાં નથી પણ આત્મકલ્યાણ અને લોકકલ્યાણના શોધકના અન્તરાત્મામાં જાગે છે અને તેને પ્રવૃત્ત કરે છે અને આ સર્વ ચિત્ર તે તે જ પ્રવૃત્તિનું ફળ છે. જ્યાં જ્યાં મનુષ્યનો પશુભાગ આ સત્ત્વની દૃષ્ટિએ પડે છે ત્યાં ત્યાં આ સત્ત્વ પશુભાગને કાંઈક નવીન જ આકાર આપે છે, નવીન જ રૂપ આપે છે અને નવીન જ વ્યાયામ અને પ્રવૃત્તિ આપે છે. આ સત્ત્વ મનુષ્યને નવી અપૂર્વ દૃષ્ટિ—દિવ્યદૃષ્ટિ—આપે છે, નવું બળ આપે છે, નવા અધિકાર આપે છે, નવી વૃત્તિ આપે છે, નવી પ્રવૃત્તિ આપે છે, અને નવી નિવૃત્તિ આપે છે. આ સત્ત્વ ન હોય તો કાલાંતરે મનુષ્યનું મનુષ્યત્વ નષ્ટ થાય અને મનુષ્યસૃષ્ટિ જંગલી થઈ જાય. આ સત્ત્વ તે મનુષ્યનો મનુષ્યભાગ છે, આ સત્ત્વ મનુષ્યને આત્મકલ્યાણમાં પ્રેરે છે, આ સત્ત્વ મનુષ્યને લોકકલ્યાણમાં પ્રેરે છે, આ સત્ત્વ મનુષ્યને ઉત્સાહ આપી ઊડવાની શક્તિ આપે છે, આ સત્ત્વ કવિના હૃદયમાં પ્રવર્તે છે, કવિની જિહ્વાની અને લેખિનીની પાસે કલાપ કરાવે છે—નૃત્ય કરાવે છે—ગાન કરાવે છે, અને એ સૃષ્ટિથી મનુષ્યજાતિ સુન્દર સૂક્ષ્મ અને રસિક ઉત્સાહ પામે છે. આ સત્ત્વથી ચિત્રકારો, ગાયકો અને સૂક્ષ્મ કલાઓના ભોક્તાઓ, મનુષ્યના **પશુભાગને**, સૂક્ષ્મતર કરી, શાંત અને શુભ અન્નને કરે છે એમ, વર્તમાન અવસ્થામાં આણી, મનુષ્યના કારણદેહના ચેતન જઠરાગ્નિમાં લીન કરે છે અને મનુષ્યભાગના એ દેહને શક્તિ-પુષ્ટિ આપે છે; કવિઓના ઘટ ઉત્સાહમાં આ પશુ સંપાદી થાય છે. અર્થ અને કામનાં પ્રથમ સ્વરૂપને આવા આવા



અનેક ઉત્સાહથી કલાધરો અને કવિઓ જેમ સૂક્ષ્મ કરતા જાય છે તેમ એ પ્રથમ સ્વરૂપને ઉદ્યોગ—ગીર્વાણો બુદ્ધિ અને સાહસ આદિના અપૂર્વ વિકાસથી પશુભાગની સાથે જોડી રાખે છે અને મનુષ્યજાતિના પશુત્વને સુદૃઢ કરી, મનુષ્યભાગરૂપ નૌકાને, નીરના ભારથી, પવન અને સમુદ્રના બળ સામે ટકવાની શક્તિ આપે છે. એ જ સત્ત્વ રાજાઓને રાજધર્મ શીખવે છે અને રાજાઓના ઉત્સાહને પ્રજાકલ્યાણમાં પ્રવૃત્ત કરે છે. આ પ્રવૃત્તિનિવૃત્તિનો આત્મા થનાર આ સત્ત્વ તે જ મનુષ્યનો મનુષ્યભાગ છે, તે જ મનુષ્યધર્મ છે, અને તે જ મનુષ્યનો વિશેષ છે.

જ્યારે શિષ્ટ મનુષ્યોનો મોટો ભાગ, આ મનુષ્યધર્મ સાથે જ્ઞાત અથવા અજ્ઞાત અભેદ પામી, એ અભેદસ્વરૂપથી બંધાયેલી અનેક નાડીઓમાં પ્રવાહપતિત અને પ્રવૃત્ત થાય છે અને પ્રવાહમાં પડી ગતિમાન થાય છે, ત્યારે એ મનુષ્યોનો અવશિષ્ટ ભાગ, એ પ્રવાહમાં ન પડતાં તેના તટ ઉપર ઊભો રહી, એ આખા પ્રવાહને અથવા એ પ્રવાહના કોઈ ભાગને તટસ્થરૂપે પ્રત્યક્ષ કરે છે. આ પ્રત્યક્ષીકરણ કરનારા તટસ્થ સાક્ષીઓનું જીવન કેવળ **સાક્ષરજીવન** છે. આત્મકલ્યાણ અને લોકકલ્યાણના પ્રવાહમાં અન્ય મનુષ્યોને પડેલા તેઓ જુએ છે, તે પ્રવાહપતન ઉપર દૃષ્ટિ કરવી એ તેમનું એક લક્ષ્ય છે, એ તટસ્થતા આ જીવનનો એક વિધિ છે, એ તટસ્થતા વર્જ્ય કરી લોકકલ્યાણના વેગવાન પ્રવાહમાં જાતે પડવું એ આ જીવનને પ્રતિકૂલ છે, એ સાક્ષીસ્વરૂપતામાં આ જીવનનો ભોગ છે—મોક્ષ છે—ઉપયોગ છે—લય છે—અન્ત છે—અને શમ છે. આ વિધિ, આ જીવન, તેના ભોક્તાના પશુભાગનું, મનુષ્યભાગનું અને આત્માનું કલ્યાણ સાધે છે. આ જીવન જીવનાર તટસ્થ પ્રવાહને અને પ્રવાહમાં પડેલા જીવોને ઉપયોગી થઈ શકે છે અને લોકકલ્યાણનું જાતે સ્વશક્ત્યનુસાર સાધન થઈ શકે છે. અર્જુને રથમાં બેસી યુદ્ધ કર્યું અને વિજય મેળવ્યો ત્યારે કૃષ્ણે અશસ્ત્ર રહી માત્ર સારથિત્વ કર્યું. પાણ્ડવોનો વિજય મહારથીએ મેળવ્યો કે સારથિએ મેળવ્યો ? જ્યારે એ મહારથી એ સારથિ વિનાનો થયો ત્યારે એને જ જંગલી કાબા લોકોએ લૂંટ્યો અને સારથિનો પ્રભાવ સિદ્ધ થયો. તે જ ન્યાયે સાક્ષરજીવન એ મનુષ્યજીવનના મનુષ્યભાગના પ્રવાહજીવનનું અશસ્ત્ર સારથિપણું કરે છે, અને લોકકલ્યાણ આ મહારથી તેમ સારથિ ઉભયના સંયોગ વિના યોજાતું નથી.

આપણા લોકે ગણેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારે પદાર્થોની વ્યવસ્થા મહા મુનિજનોનાં સાક્ષરજીવને કરેલા સારથિપણામાંથી જન્મ અને વિકાસ પામી છે. પાશ્ચાત્ય દેશોમાં એવી વ્યવસ્થા કર્યા સિવાય લોકકલ્યાણને અર્થે રંકથી તે રાજાઓ સુધીના સર્વ વર્ગોના પ્રવાહના બળથી જ પશુભાગ અને મનુષ્યભાગની અમુક વ્યવસ્થા દેશકાળપ્રમાણે બંધાતી ચાલે છે તે વ્યવસ્થા પણ ગ્રીસ-એથેન્સના કાળથી તે આજ સુધીના કાળના સાક્ષરોએ કરેલા સારથિપણાનો પ્રભાવ છે.

**यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।**
**तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥**

સાક્ષર સારથિનો અક્ષય યોગ, અને પ્રવૃત્તિનાં દૂરગામી શસ્ત્ર અસ્ત્ર નાંખવા સંસારયુદ્ધના પ્રવાહો વચ્ચે ઘૂમનાર ધનુર્ધર મહારથી, એ બેના સંયોગથી લોકકલ્યાણ છે.

સાક્ષરજીવનની આ તટસ્થતા કેવા પ્રકારની છે? તેનું સારથિત્વ કેમ પ્રવર્તે છે? પ્રવાહના વેગમાં પડવું એ તેને કેમ પ્રતિકૂલ છે? એ જીવનમાં બોધ, આનન્દ, અને શમ કેવે પ્રકારે સ્ફુરે છે? એ જીવન જીવનારના પશુભાગનું, મનુષ્યભાગનું, અને આત્માનું કલ્યાણ કેવી રીતે સાધવામાં આવે છે? એ જીવન લોકપ્રવાહથી તટસ્થ રહી તેનું સારથિત્વ કેવી રીતે કરે છે? એ સારથિત્વનું ફળ કેવી રીતે અને કેવો ઉદય પામે છે? એ જીવનનો અંત કેવી રીતે આવે છે? એ મહાધર્મે ભરેલા જીવનના ભોક્તા થવાનો અધિકાર, અભિલાષ, અને ધર્મ કોનો છે? જગન્નાથ કવિએ આ સાક્ષરજીવનનું રહસ્ય સુન્દર શ્લોકમાં મૂકીને પણ રહસ્યનું પ્રકટીકરણ અનધિકારીને થાય નહીં એવી ચતુરતા વાપરી છે.

**अन्या जगद्धितमयी मनसः प्रवृत्तिः**
**अन्यैव कापि रचना वचनावलीनाम् ।**
**लोकोत्तरा च कृतिराकृतिरार्तहृद्या**
**विद्यावतां सकलमेव चरित्रमन्यत् ॥**

ઉપરના સર્વ પ્રશ્નોનો ઉત્તર કવિરાજે માર્મિક "અન્ય" શબ્દમાં અંતર્ભૂત રાખેલો છે તેનો આવિર્ભાવ કરવાનો પ્રયત્ન કરવા જેવો



છે. અનધિકારી અને અધિકારી–એ ભેદનો વિચાર કરવો આ યુગમાં પડતો મૂકીશું, પોષકવાયુ–Oxygen–જેવા પદાર્થનો ઉપભોગ સર્વને પ્રાપ્ત થવા દેવા માટે મનથી ઉત્પન્ન થતા સર્વ અંતરાય દૂર રાખીશું–અને અક્ષરમન્દિરમાં જે કોઈ જીવનભક્તિ કરવાનો અભિલાષ રાખે તેને, ભ્રાતૃભાવથી સહાયભૂત થવાય એમ ચર્ચવા માંડેલો વિષય ચર્ચીશું.

પ્રાચીન કાલમાં થયેલી આ દેશની વ્યવસ્થાઓની આ કાલમાં અવ્યવસ્થા થઈ છે, તેમાંથી સાક્ષરજીવનની વ્યવસ્થા નિરાળી કરી નાંખી તે પછી એ જીવનનાં તત્ત્વ દર્શાવવાના હેતુથી અત્યાર સુધીની ચર્ચા કરેલી છે. એ ચર્ચાનો હવે સંક્ષેપમાં ઉપસંહાર કરી એ તત્ત્વોનું સ્પષ્ટીકરણ કરવા ઉપરના પ્રશ્નોની ચર્ચા કરીશું. દેશકાલે કરેલી અવ્યવસ્થા કચરાપેઠે આ વિષય ઉપર બાઝી રહી હતી તેને યથાશક્તિ માંજી નાંખી તેથી મુક્ત થયેલા કાચનો ઉપયોગ કરવો સુતર પડશે.

સાક્ષરજીવનની સિદ્ધિ, આયુષ્યને ઇતર પ્રવૃત્તિઓમાંથી પૂર્ણ નિવૃત્તિ મળ્યા વિના, પ્રાપ્ત થાય એમ નથી. દ્રવ્યોપાર્જન માટેની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મળવી આ દેશકાલમાં અતિકઠિન છે. તે છતાં તેને કેમ મેળવવી એ ચર્ચા આપણે પ્રથમ કરી ગયા છીએ. સાક્ષરજીવન માટે અન્નપૂર્ણાની યોજના પ્રાચીનકાળથી આ દેશમાં હતી, પણ તે હવે છિન્નભિન્ન થઈ ગઈ છે. પાશ્ચાત્ય તંત્રોએ સરસ્વતીદેવીના મંદિરમાં પ્રવેશ કરતાં પહેલાં દ્વારમાં જ વચ્ચોવચ્ચ દ્વારપાલસ્થાને લક્ષ્મીદેવીની મૂર્તિને પધરાવી દીધી છે તેની પૂજા કર્યા પહેલાં સરસ્વતીદેવીની ષોડશોપચાર પૂજા કેવળ દુઃસાધ્ય છે. આપણો લોકસમુદાય ઘણુંખરું લક્ષ્મીદેવીની જ પ્રદક્ષિણા કરી રહે છે ને તે પ્રદક્ષિણાથી જ તૃપ્ત થાય છે. નિરક્ષરવર્ગને તો આટલા પરિક્રમણમાં અહોનિશ આયુષ્ય ગાળવું અનિવાર્ય હોય. પણ સાક્ષરવર્ગને તે વસ્તુ અનિવાર્ય નથી. **સરસ્વતીની માત્ર દ્વારપાલિની–સ્થાને અન્નપૂર્ણારૂપે જ લક્ષ્મીની પૂજા સાક્ષરોને ઉચિત છે, સંભાવ્ય છે, અને ધર્મ્ય છે.** સાક્ષરો જ્યારે લક્ષ્મીનું વધારે પરિક્રમણ કરે ત્યારે તો પરિક્રમણ કોઈ અન્ય પ્રયોજનથી પ્રયુક્ત ન હોય તો અધર્મ્ય જ ગણવું જોઈએ. સરસ્વતીના સહવાસમાં આવી, પાઠશાળાઓમાં અને વિદ્વાનો વચ્ચે રહી, તેમના સુઘડ સૂક્ષ્મ ઉચ્ચ સંસ્કારો પામી, સંસ્કૃત અને અંગ્રેજ મહાત્માઓના લેખ–સરોવરોમાં દિવ્ય સ્નાન કરી,

અનેક અનુભવવાળા અને દૂરદર્શી વિદ્વાનોની ચિન્તાઓએ ચતુરતાથી રચેલા પરીક્ષાયંત્રોમાં મહાકષ્ટથી અને મહાતાપથી સિદ્ધ થઈ અને એ દેવીનો મહાપ્રસાદ લેવાનો અધિકાર પામી, તે અધિકાર પામનાર વર્ગને શિર શું કંઈ નવું ધર્મબંધન અને નવો રસાભિલાષ પ્રાપ્ત થતાં નથી ? શું સરસ્વતીદેવીના સ્વરૂપમાં, જ્ઞાનમાં અને આત્મામાં આ સાક્ષરોને મોહ પામવાનું કારણ મળતું નથી અથવા મળે છે તોપણ ઉખરભૂમિમાં પડેલા બીજ પેઠે નિષ્ફળ થાય છે ? વાંચનાર, જો તું સાક્ષર હોય તો આ પ્રશ્ન તારા હૃદયને અવશ્ય પૂછજે અને તેનો ઉત્તર તારી વિદ્યા તને દઈ શકે તેમાં માત્ર સાધનભૂત થવાને જ આ લેખ લખવા પ્રયત્ન કરેલો છે. નક્કી, તારામાં તારા મનુષ્યભાગનો ઉદય એટલો તો થયો હશે કે આત્મકલ્યાણ અને લોકકલ્યાણની વૃત્તિની છાયાનો તું કેવળ અપરિચિત નહીં હોય. શરીરધર્મ ઉપરાંત કંઈ પણ તારા "પરમસુખ", "પરમાનન્દ", અથવા Summum bonum, ની મુદ્રા તારા હૃદયમાં ન જ પડે એમ છેક નહીં હોય. જો તારે વિશે આ લેખકની આટલી કલ્પના કંઈક પણ ખરી સત્ય હશે તો તને તારી પોતાની બુદ્ધિ પ્રમાણે કંઈ પણ ઉચ્ચતર ઉચ્ચગ્રાહ–ideal–જડશે, કંઈ પણ નવી કર્તવ્યતા–line of duty–સૂઝશે, અને તું આસ્તિક હોઈશ કે નાસ્તિક તો પણ, તારી બુદ્ધિમાં કોઈક નવું ધર્મતંત્ર ખડું થશે અને લક્ષ્મીદેવીનું પરિક્રમણ તજાવી તને કોઈ નવીન દિશામાં પ્રેરશે. એ નવી દિશા પ્રવૃત્તિના પ્રવાહમાં ભળશે તો પણ તે લોકકલ્યાણની સાધક થશે. તે પ્રવાહમાં ન ભળતાં એ દિશા નિવૃત્તિમાં લય પામશે તો તો તું સાક્ષરજીવનને જ પામશે. તું આમ પ્રવૃત્તિમાં પડે કે નિવૃત્તિમાં પડે તે તારી વ્યક્તિની શક્તિવૃત્તિની વાત છે. આ લેખકને તે ઉભય પરિણામ ઇષ્ટ અને અભિનંદનીય છે, કારણ અર્જુનનું યુદ્ધ અને કૃષ્ણનું અશસ્ત્ર સારથિત્વ ઉભયના યોગથી જ લોકકલ્યાણ સાધ્ય છે, ઉભયમાંથી એક પણ કાર્ય ઉપેક્ષ્ય નથી, અને એ બેમાંથી આ કાર્યમાં સાધનભૂત થવું કે એ કાર્યમાં થવું એ પ્રત્યેક વ્યક્તિની પોતાની શક્તિવૃત્તિની વાત છે તે તેણે પોતે શોધી કાઢવાની છે. વાંચનાર, ઉપર સૂચવેલા પ્રશ્નો જો તું તને પોતાને પૂછશે, અને લક્ષ્મીદેવીને અન્નપૂર્ણાને જ સ્થાને રોકી રાખી, દર્શાવેલે માર્ગે તૃપ્તિયોગ પામીશ તો તને કોઈ પણ ધર્મ્ય માર્ગ જ જડશે. આ લેખકનો પ્રયત્ન તો માત્ર તારા મનુષ્યભાગને જાગૃત કરી એટલું જ કહેવાનો છે કે



અરે તમે ઘડી ઘડી પૂછો છો–"કહેની તું જ કરવું શું તે !"
નહીં પ્રશ્ન એ ચાલે ! ઉત્તર તમે લ્યોની શોધી પોતે.
જાગ્યો ભાનુ વિદ્યાનો તમમાં; પૂછો પછી બીજાને શું ?
નહીં ચાલે એ ! નહીં ચાલે એ ! રોઈ રોઈ આખર મરશું !

(સ્નેહમુદ્રા કાંડ ૯.)

પ્રિય સાક્ષર ! અન્નપૂર્ણાથી તૃપ્ત થઈ તારો ધર્મ તું જાતે જ શોધી લે. સરસ્વતીનું વાહન મયૂર જેવું અનેક રમણીય રંગ અને અવયવવાળું સુસ્વર અને ઉદાત્ત ઉન્નતકંઠ છે તેવું જ તે ઊડવાની પ્રવૃત્તિવાળું છે. તે વાહન પેઠે સરસ્વતીદેવીના પવિત્ર રમણીય ભારને ઊંચકી અનેક વ્યવહારોમાં પ્રવૃત્તિમાન થવું હોય તો એ દેવીનું વાહનત્વ તું ભલે સ્વીકારે. રાજકીય, સાંસારિક અથવા જે કોઈ વ્યવહારમાં તું એ રમણીય મયૂરરૂપે ટૌકા અને કલાપ કરતો કરતો સરસ્વતીદેવીની પ્રતિષ્ઠા કરીશ તે સર્વ વિષયમાં એ દેવી નવા પ્રકાશ અને નવું જ્ઞાન ભરશે, અને લોકકલ્યાણની પ્રવૃત્તિ સંવૃદ્ધ થશે. પણ આમ પ્રવૃત્તિમાટે એ દેવીનું વાહન થવા કરતાં તે દેવીના ચરણપાસે નિવૃત્તિ પામી સ્વસ્થ રહી એની વીણા અને એનું જ્ઞાન તારા હૃદયમાં તું ઉતારીશ તો તે માર્ગ સાક્ષરજીવનનો છે. તે જ્ઞાનની તૃપ્તિમાટે અન્નપૂર્ણાથી તૃપ્ત રહી ઇતર પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ, એ જ્ઞાનનો અભિલાષી તું થાય તો સાક્ષરજીવનનો તું અધિકારી છે; અને આજ અથવા ભવિષ્યમાં એ અધિકાર પામી આ વીણાધારિણી દેવીના જ્ઞાનનું સાહિત્ય તારે પામવાનું હોય તો તે ભાવિ અવસ્થાના ચિત્રની છાયા તને પ્રત્યક્ષ કરાવવા આ લઘુ પ્રયત્ન છે. જો આ ચિત્ર ઉપર દૃષ્ટિ કરતાં તારી ભાવના આ પ્રકારની ન હોય અને તું આ દેવીનું મયૂરત્વ ઇષ્ટ ગણતો હોય તોપણ તું અને સાક્ષરજીવનનો અધિકારી ઉભય એક જ દેવતાના મન્દિરના ગર્ભાગારમાં જુદા જુદા અધિકારે નીમાયેલા સત્ત્વ છો અને એક જ દેવીના ભક્ત છો માટે પણ તું આ ચિત્રને પ્રીતિથી સુદૃષ્ટ કરી લે કે તું અને એ અધિકારી, અન્યોન્યાશ્રય આપી અને અન્યોન્યાશ્રય પામી, સંગત રહી, વિધાતાની પ્રિય પુત્રીની ઐશ્વરકરિણી યોજનાઓનો નિર્વાહ કરી શકો.

## પ્રકરણ ૩

### સાક્ષરજીવનની તટસ્થતા અને સાક્ષિતા.

અજ્ઞાન, પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયને, અનુકૂલ છે; પ્રવૃત્તિમાન જનક અને કૃષ્ણ, અને નિવૃત્ત શુકદેવ અને શંકરાચાર્ય, એ સર્વ મહાત્માઓ જ્ઞાનસ્વરૂપ થવાનાં દૃષ્ટાંત છે. પણ સાક્ષરજીવનને તો નિવૃત્તિની જ આવશ્યકતા છે. પ્રવૃત્તિના અને નિવૃત્તિના, ઉભયના, પ્રવાહોને તટે ઊભાં રહી, એ પ્રવાહોનું અવલોકન કરવું એ જ સાક્ષરજીવનનું તત્ત્વ છે. પ્રવૃત્તિના પ્રવાહમાં પડવાને આ જીવનને અવકાશ નથી એટલું જ નથી, પણ નિવૃત્તિના પણ પ્રવાહ છે તેને નિવૃત્તતર થઈ સાક્ષરજીવન સુદૃઢ કરે છે. આ અવલોકન આ દૃશ્યમાત્રનું સુદર્શન, એ જ સાક્ષરજીવનનું સાક્ષિત્વ છે. સાક્ષિત્વને સાધનરૂપે એ જીવનની તટસ્થતા છે. એ તટસ્થતા અને સાક્ષિત્વનાં વર્ણન અને દૃષ્ટાંત પૂર્વ અને પશ્ચિમના સાક્ષરોને મુખેથી આપણે પ્રથમ સાંભળી લઈશું.

અંગ્રેજ પર્યેષક વિદ્વાન કાર્લાઈલે ટ્યુફેલ્સડ્રોખ નામનો પંડિત કલ્પી, તેનું સાક્ષરજીવન Sartor Resartus નામના ગ્રંથમાં આપેલું છે.

પ્રવૃત્તિના પ્રવાહમાં પડ્યા વિના તેના તટ ઉપર જ કેવી વૃત્તિથી ઊભા રહેવાય ? યુદ્ધ મચી રહેલું હોય ત્યાં ઊભા રહેનારનું રુધિર ભયથી અવસન્ન થાય કે શૌર્યથી તપ્ત થાય તે સમજાય પણ તેને જડ ચિત્ર જેવું જ ગણી, જીવતાં માણસનાં મરતાં શરીર જોઈ હૃદયમાં કંઈ પણ વિકાર ન અનુભવી, ઉદાસીનતા રાખવી એ શું શક્ય છે ? અર્જુનને વિરાટ સ્વરૂપમાં સમાપ્ત થતા પ્રવાહો દેખાડનાર વ્યાસે એ ઉદાસીનતા શક્ય અને સાધ્ય ઉભય ગણી છે એવે પ્રસંગે એવી સ્થિતિ કાર્લાઈલે પોતાના સાક્ષર નાયકમાં કલ્પી છે.

"How prospered the inner man under so much outward shifting? Does Legion still lurk in him, though repressed; or has he exercised that Devil's Brood? We can answer that the symptoms



continue promising × × ×. We can rather say that Legion or the Satanic School was now pretty well extirpated and cast out, but *next to nothing introduced in its room.*"

આ જીવનનું અંતઃકરણ આમ શૂન્ય થઈ જાય છે એટલે સંસાર જેને મોટાં સત્ત્વ ગણે છે તે એ હૃદયમાં પેસી શકતાં નથી અને તેને સારુ પ્રવૃત્તિનાં કે નિવૃત્તિનાં કોઈ પણ, હૃદયચક્રની નાડીઓમાં વેગ મૂકનાર, સત્ત્વ ઊભાં થઈ શકતાં નથી. એ હૃદય આમ ખરેખરું તટસ્થ થઈ જાય છે અને માત્ર સંસારની આકારસૃષ્ટિનાં પ્રતિબિંબનું ચિત્ર દૃષ્ટિમાં પ્રવાહરૂપે સ્ફુરે છે. એ આકારોના પ્રવાહ પારદર્શક બની જાય છે અને તેની અંદરનાં સત્ત્વ દૃષ્ટિગોચર થાય છે. તટસ્થતામાંથી સાક્ષિત્વ પોષણ પામે છે. કાર્લાઈલ તે વિશે પોતાના સાક્ષરના મુખમાં વચન મૂકે છે કે

"What highest mortal, in this inane existence, had I not found a Shadow-hunter or Shadow-hunted; and, when I looked through his brave garnitures, miserable enough? Thy wishes have all been sniffed aside, thought I; but what, even had they been all granted! Did not the Boy Alexander weep because he had not two planets to conquer; or a whole Solar System; or, after that a whole Universe? When I gazed into these Stars, have they not looked-down on me as if with pity, from their Serene Spaces; like eyes glistening with heavenly tears over the little lot of man! Thousands of human generations, all as noisy as our own, have been swallowed up of time, and there remains no wreck of them any more; and Arcturus and Orion and Sirius and the Pleiades are still shining in their courses, clear and young, as

when the Shepherd first noted them in the plain of Shinar Pshaw! What is this paltry little Dog-cage of an Earth: what art thou that sitest whining there? Thou art still Nothing, Nobody: true; but who then is Something, Somebody? For thee, *the family of man has no use; it rejects thee; thou art wholly as a* DISSEVERED LIMB; *So be it; perhaps it is better so! This was* THE CENTRE OF INDIFFERENCE *I had now reached; through which whoso travels* from the Negative Pole to the Positive *must necessarily pass.*"

જે સર્ ધાતુ ઉપરથી સરિતા શબ્દ નીકળેલો છે તે જ ધાતુ ઉપરથી નીકળેલો એ જ સરિતા જેવો સરી જતો સંસાર અનેક પ્રવાહમય બનેલો છે. એ પ્રવાહના આપણે અવયવરૂપ છીએ તે છતાં તેનાથી આપણે જુદા હોઈએ અને તેના અવયવરૂપ ન હોઈએ તેમ તેનાથી બહાર તેના પ્રવાહના તટ ઉપર ઊભા રહીએ, અને એ પ્રવાહિત વસ્તુને પારકાં કરી જોઈ શકીએ–તે આ જીવનની તટસ્થતા છે. કાર્લાઈલ કહે છે તેમ જ એના સાક્ષરની પેઠે તટ ઉપરના સર્વ પ્રવાસીઓને માટે આ ભૂમિકામાં થઈ ને જ માર્ગ છે.

સાક્ષરજીવનને આખું વિશ્વ, કાર્લાઇલના (Dog-cage) શ્વાનના પંજર જેવું–કારાગૃહરૂપ–દેખાય છે; તેમાંથી બહાર નીકળી તેના તટ ઉપર સ્થિત થઈ, સ્વતંત્ર થઈ, પોતાની સ્વયંપ્રકાશ દીવાસળી સળગાવી તિમિરને પણ સુદષ્ટ કરવું એ આ તટસ્થ જીવનો લોભ છે.

નિત્ય પ્રમોદ ભરવા ઉરમધ્ય વિશ્વ-
કારાગૃહે નહીં શકાય તું થી કદાપિ;
તો વ્યોમચારી રવિ-અસ્ત-સમે પ્રસાઈ,
તું, બુદ્ધિ-દીપસળી ! ધાર પ્રભા સ્વકીયા.
( સ્નેહમુદ્રા કાંડ ૭૦. )

સંસારપ્રવાહની આ ઘોર નિદ્રામાં ભમતાં નિશાચર સત્ત્વોને



જાગતાં ગણીએ તો તેવી જાગૃત દશાના સાક્ષી તટસ્થને કાર્લાઇલનો પંડિત તે સર્વને સ્વપ્ન જેવું જોતો ગણે છે.

"It is Night of the world, and still long till it be Day: we wander among the glimmer of smoking ruins, and the Sun and Stars of Heaven are as if blotted out for a season; and two immeasurable Phantoms, Hypocrisy and Atheism, with the Gowl, Sensuality, stalk abroad over the Earth and call it theirs: *well at ease are the Sleepers for whom Existence is a shallow dream.*"

એ જીવનની દૃષ્ટિએ સર્વ પ્રવાહ કેવળ સ્વપ્ન પેઠે ચાલ્યા કરે છે એટલું જ નહીં પણ તે સ્વપ્નની વેળાએ એ પ્રવાહમાં આવિર્ભાવ પામી ઊછળતા જગતના સુખદુઃખના તરંગોને પણ સ્વપ્નરૂપ જ ગણી તટસ્થ એ સર્વને ઉદાસીનતાથી જુએ છે. તેનું પણ કંઈક ચિત્ર કાર્લાઇલ આપે છે.

"When the whole Gans was one vast cackle of laughter, lamentation, and astonishment, our sage sat *mute.*"

એ તટસ્થતામાંથી, એ ઉદાસીનતામાંથી, એ સ્વપ્નદૃષ્ટિમાંથી, અંતે કંઈ ફળ આવવાની આ સાક્ષીને કંઈ આશા છે ? એ પ્રશ્ન કાર્લાઇલ જ પૂછે છે—

"We say as before, with all his malign indifference, what mad hopes this man may harbour?"

આ પ્રશ્નના ઉત્તરમાં આ સાક્ષરજીવનને કેવી કેવી વસ્તુ ઉપર પ્રીતિ છે તેનો શોધ કાર્લાઇલ કરે છે અને એટલું સમજે છે કે પ્રથમ તો આ જીવનને એકાંતવાસ અને એકાંતવાસમાં સ્ફુરતી ચૈતન્યશક્તિ ઇષ્ટ છે. જ્યાં કોઈ પ્રાણીનો પગસંચાર જણાય નહીં અને

શબ્દ સંભળાય નહીં એવું સ્થાન આ જીવનને પ્રિય છે. ધ્રુવપ્રદેશની છ માસની નિશા તો અતિપ્રિય છે. ત્યાં તો હિમના મહાસાગર–ક્ષીરસાગર–ના પ્રવાહનો દિનરાત ભરી રહેલો ખળખળાટ સાંભળવાનો છે. દિવસભરને પ્રકાશમાન જગતો સૂર્ય પણ, આ નિવૃત્તિના રાજ્યના અદૃષ્ટ રાજાની આજ્ઞા સ્વીકારી, આકાશમાં ઊંચો ચડતો નથી. એ સૂર્યકિરણના પ્રવાહ આ સાક્ષરને માથે આવતા નથી પણ એના ચરણ નીચે સંતાઈ, લીન થઈ, નિવૃત્ત થઈ જાય છે. તપ સાધવા બેઠેલા વાલિની કક્ષામાં ઉન્મત્ત રાવણ ભરાઈ ગયો અને અગસ્ત્યના મુખમાં સમુદ્ર આચમનપાનરૂપ થઈ ગયો તેમ આ ધ્રુવપ્રદેશના સૂર્ય-કિરણના આ પ્રવાહ આ સાક્ષરજીવન જીવનારના ચરણ નીચે ભરાઈ અદૃશ્ય થઈ જાય છે. સંસારના પદાર્થો ઉપર પ્રીતિ ન થતાં કાર્લાઈલના સાક્ષરને આ નિવૃત્તિની નિશા અતિપ્રિય થાય છે.

"Silence as of death, for Midnight, even in the Arctic latitudes, has its character: nothing but the granite cliffs ruddy-tinged, the peaceable gurgle of that slow heaving Polar Ocean, over which in the utmost North the great Sun hangs low and lazy, as if he too were slumbering. Yet is his cloud-coach wrought of crimson and cloth-of-gold; yet does his light stream over the mirror of waters, like a tremulous fire-pillar, shooting downwards to the abyss, and hide itself under my feet. In such moments, solitude also is invaluable; for who would speak, or be looked-on, when behind him lies all Europe and Africa, fast asleep, except the watchmen; and before him the silent Immensity, and Palace of the Eternal, whereof our Sun is but a porch-lamp?"

જેમ કુરુગર્જનાઓ વચ્ચે તટસ્થ રહી શકનાર અર્જુનને વૈરાટદર્શન કરવાની શક્તિ આવી, અને જેમ એ દૃષ્ટિ આવતાં એને નવી પાંખો આવી તેમ સંસારની ગર્જનાઓ વચ્ચે તટસ્થ રહી શકનાર



ટ્યૂફેલ્સડ્રોખને ધ્રુવપ્રદેશમાં જડપ્રકૃતિને પણ નિવૃત્તિની જોઈ નવી પાંખો આવી. ચાનપંજર જેવા કારાગૃહમાંથી મુક્ત થઈ બહાર ઊડી જવાની શક્તિ આવી.

"The imprisoned Chrysalis is now a winged Psyche; and such, wheresoever be its flight it will continue."

કીટની ભમરી થઈ ગઈ, અને પાંખ મૂકી શુદ્ધ આકાશમાં ઊડવા લાગી. હવે એની તટસ્થતા ( જેના એક અંગને કાર્લાઈલ Passivity કહે છે તે ) સપક્ષ થઈ. એના ઇષ્ટ એકાંત પ્રદેશમાંથી સર્વ નામરૂપની માયા સરી ગઈ અને તેમની પાછળ ઊભેલી વસ્તુ દૃષ્ટિગોચર થઈ. એ વસ્તુમાંથી, એ સત્ત્વમાંથી, નવી સંજ્ઞાઓ થઈ–કોઈક અલક્ષ્ય સત્ત્વ હાથવડે આ સાક્ષરને પોતાની પાસે આવવાની સંજ્ઞા કરવા લાગ્યું.

"The Passivity given him by birth is fostered by all turns of his fortune. Everywhere cast out, like oil out of water, from mingling in any Employment, in any public Communion, he has no portion but Solitude, and a life of Meditation. The whole energy of his existence is directed, through long years, on one task: that of enduring pain if he cannot cure it. Thus everywhere do the Shows of things oppress him, withstand him, threaten him with fearfullest destruction: only by victoriously penetrating into Things themselves can he find peace and a stronghold. But is not this same looking-through the Shows, or Vestures, into the Things, even the first preliminary to a Philosophy of Clothes? Do we not, in all this, discern *some beckonings* towards the true higher purport of such philosophy: and what shape it must assume with such a man, in such an era?"

આમ "વસ્તુ" ઉપર મોહ પામતા અને "નામરૂપ" પાસેથી નાસી જતા જીવનની–સાક્ષરજીવનની–કથાઓ નામરૂપના સંસારની વસ્તીની દૃષ્ટિએ આવવી કઠિન છે, એ કથા સમજવી કઠિનતર છે, અને એ જીવન સમાપ્ત થતાં સુધી એ કંઈ વસ્તુ ભણી દોડે છે તે ભણી જોવું તે હજી વધારે કઠિનતર છે. એ જીવનમાં દૃષ્ટિ કરવાને દ્વાર નથી–માત્ર દ્વારમાં છિદ્રો છે તેમાંથી એ બંધ કરેલી કોટડીમાં બહારથી જોનાર એ છિદ્રોમાંથી જ કંઈક જોઈ શકે છે.

"Through many a loophole we have had glimpses into the internal world of Tewfelsdroch; his strange mystic, almost magic Diagram of the Universe, and how it was gradually drawn, is not henceforth altogether dark to us."

આ સાક્ષરના બાહ્યજીવનની કથા સંસારરસિક સંસારીઓને નીરસ લાગે એવી છે. બાકી તેનું પણ કંઈક ફળ થાય છે. પૃથ્વી ઉપરથી અદૃશ્યરૂપે ચડેલું પાણી આકાશમાંથી વૃષ્ટિરૂપે પડે છે ને મનુષ્યને ઉપયોગી થાય છે તેમ આ જીવનનું પણ ફળ સંસાર અનભિજ્ઞાત ચાખે છે.

"His outward biography therefore, which, at the Blumine Lover's Leap, we saw churned utterly into spray-vapour, may hover in that condition, for aught that concerns us here. Enough that by survey of certain 'pools and plashes' we have ascertained its general direction. Do we not already know that, by one way and other, it *has* long since again rained down into a stream?"

આ જીવનને ધર્મબંધન છે. મનુષ્ય દૃષ્ટિ જેટલી સ્ફુરે તેના પ્રમાણમાં ધર્મબંધન પ્રાપ્ત થાય છે. ધર્મ ઉપર દૃષ્ટિ પડે એટલે તે ધર્મ દ્રષ્ટાને પ્રાપ્ત થાય. પરમાત્માના દર્શનથી પરમાત્મા પ્રાપ્ત થાય



सत्यं च मां तत्सहितं बिभर्ति ॥

(અને હું ધર્મ અને એ ભુવનો–એ ઉભયને સાથે લાગાં ધારનાર તો સત્ય છે.)

એ સત્ય શુદ્ધ દૃષ્ટિમાં જ સ્ફુરે છે. ધર્મની સૃષ્ટિ કંઈ નવી જ છે અને એ સૃષ્ટિની ઉત્પત્તિ સત્ય દૃષ્ટિથી જ થાય છે તે ચંડકૌશિકના કર્તાની પેઠે ટ્યૂફેલ્સડ્રોખ બીજી ભાષામાં કહે છે.

"But it is with man's Soul as it is with Nature: the beginning of Creation is—Light. *Till the eye have vision*, the whole members are in bonds. Divine moment, when over the tempest-tost Soul, as once over the wild-weltering Chaos, it is spoken; Let there be Light! Even to the greatest that has felt such moment, it it not miraculous and God-announcing; even as under simpler figures, to the simplest and least. The mad primeval Discord is hushed; the rudely jumbled conflicting elements bind themselves into separate Firmaments: deep silent rock-foundations are built beneath; and the skyey vault with its everlasting luminaries above: instead of a dark wasteful Chaos, we have a blooming, fertile, heaven-encompassed World. I too could now say to myself: Be no longer a chaos, but a World, or even World-kin."

સાક્ષરજીવનમાં આમ નવી દૃષ્ટિ સ્ફુરતાં ત્યાં આગળ નવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. સાક્ષરજીવનની એ સૃષ્ટિ વીર્યવતી થાય તો તેના પ્રભાવથી વિશ્વામિત્રે રચવા માંડેલાં જેવાં નવાં ખરાં બ્રહ્માણ્ડ આકાશમાં તરવરવાનાં. જ્યારે દૈવોની શક્તિ બ્રહ્મતેજના પક્ષપાતભૂતના પાત્ર રાજા ત્રિશંકુને પ્રતિકૂળ થઈ ત્યારે એ તેજના પ્રભાવથી સૃષ્ટિની વ્યવસ્થા ફેરવવા વારો આવ્યો. સાક્ષરજીવન સફળ થાય છે ત્યારે તેની શક્તિ

છે અને પરમાત્મરૂપ થવાય છે. તેમ જ ધર્મના દર્શનથી ધર્મ પ્રાપ્ત થાય છે અને ધર્મરૂપ થવાય છે. દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, ઉપલબ્ધિ, આદિ શબ્દો કેટલીક રીતે એકબીજાના પર્યાય છે. એ દૃષ્ટિનું પોષણ એ મનુષ્યભાગનું સત્ત્વ છે–તત્ત્વ છે. એ દૃષ્ટિની વૃદ્ધિ અને શુદ્ધિને પગલે પગલે પ્રમાણમાં ધર્મની વૃદ્ધિ અને શુદ્ધિ થાય છે, અને એ ધર્મ જ મનુષ્યભાગનો વિશેષ છે તે આપણે વિચારી ગયા છીએ. ધર્મનું મૂળ સત્ય છે અને સત્યનું મૂળ દૃષ્ટિ છે. કાર્યજીવનના પ્રવાહના રસની રક્ષા અને રસિક દૃષ્ટિ કોઈના સમગ્ર જીવનમાં સ્ફુરે તો તે જીવન દૃષ્ટિમય થાય છે, દૃષ્ટિરૂપ થાય છે, કેવળ સાક્ષી થાય છે. આમ દૃષ્ટિરૂપ જીવન થાય તો તે સત્યને પોષે છે અને નવી ધર્મસૃષ્ટિ અને આત્મસૃષ્ટિને જુએ છે. માટે જ આવાં સાક્ષરજીવન સર્વ દેશમાં અને કાળમાં ધર્મ અને જ્ઞાનના મેઘરૂપે અનેકધા વર્ણવ્યાં છે. અશુદ્ધ દૃષ્ટિ શુદ્ધ પ્રતિબિંબ દેખાડી શકતી નથી અને અશુદ્ધ સત્યે પળાવેલા ધર્મ જગતને હાનિકારક હોય છે; માટે જ્યારે મનુષ્યોનો મોટો ભાગ કાર્યજીવનમાં રોકાયેલો છે ત્યારે તેનો યોગ્ય ભાગ દૃષ્ટિજીવનમાં રોકાયેલો રહે તો જ સમગ્ર જગતનું કલ્યાણ છે અને એવો ભાગ ક્ષીણ થાય તો જગતના કલ્યાણની પણ તેટલી ક્ષતિ જ સમજવી. બ્રાહ્મણવર્ણું યોજનામાં આ દેશના પ્રાચીન આર્યોની આવી જ વ્યવસ્થા હતી. હવે બ્રાહ્મણરૂપે દૃષ્ટિજીવન આકાલિક છે તો સાક્ષરજીવનરૂપે આ દેશમાં દૃષ્ટિજીવન યોગ્ય પ્રમાણમાં સ્ફુરે તે દેશના કલ્યાણનું આવશ્યક સાધન છે. ટ્યૂફેલ્સડ્રોખના મુખમાંથી વચન નીકળે છે,

"The situation that has not its Duty, its Ideal, was never yet occupied by man."

"જે દેશકાળને માટે ધર્મ ન હોય અને ઉચ્ચાશય ન હોય તો મનુષ્યજીવનમાં અભૂતપૂર્વ દશા છે." અર્થાત્ મનુષ્યમાં મનુષ્યભાગ સ્ફુરે અને ધર્મ ન સ્ફુરે એ વાત અશક્ય છે. ચંડકૌશિકનો કર્તા ધર્મના મુખમાં પ્રથમ વચન આ મૂકે છે કે

मया ध्रियन्ते भुवनान्यमूनि ।

(આ સર્વ ભુવનોને હું ધર્મ ધારું છું.)

અને પછી બીજું વચન મૂકે છે કે



સર્વ ક્રિયાવતી સૃષ્ટિની અવ્યવસ્થાને વ્યવસ્થિત કરી શકે છે. આથી વધારે વીર્યવાન ધર્મ કયો? આથી વધારે શ્રેયસ્કર ફળ જગત શું માગી શકે? આવાં ફળથી ભરેલી સૃષ્ટિની કારણભૂત દૃષ્ટિની શક્તિ અને ભૂમિકા દર્શાવતાં ટ્યૂફેલ્સડ્રોખ આનંદ અને ઉત્સાહથી ભરેલું સ્તોત્ર ભણે છે. તેમ કરતા પહેલાં "નામરૂપ"ની સૃષ્ટિને વસ્ત્રની ઉપમા આપી વસ્ત્રનું લક્ષણ આપે છે અને 'વસ્તુ' ભણી દૃષ્ટિ વળે છે.

"The thing Visible, nay the Thing Imagined, the Thing in any way conceived as Visible, what is but a Garment, a Clothing of the higher, celestial Invisible, unimaginable, formless, dark with excess of bright?"

તે પછી એ દૃષ્ટિના અવતારની સ્તુતિ આવે છે.

"The beginning of all Wisdom is to look fixedly on Clothes, or even with armed eyesight, till they become *transparent*. "The philosopher," says the wisest of this age, "must station himself in the *middle*:" How true! The Philosopher is he to whom the Highest has descended, and the Lowest has mounted up: who is equal and kindly brother of them all."

આ દૃષ્ટિનો–આ યોગનો–અવતાર દૃષ્ટ પદાર્થોના મધ્યમાં આવી ઊભો રહે ત્યારે જ દૃષ્ટિ સફળતાને પામે. કુરુક્ષેત્ર ઉપરના અર્જુનના યોગનો અવતાર કૃષ્ણરૂપે હતો અને તે પણ ક્ષેત્રના મધ્ય ભાગમાં જ હતો. ઉભય પક્ષ જાળવવા કૌરવને પોતાની સેના આપી હતી અને પાંડવોને પોતાની બુદ્ધિ આપી હતી–જેને જે પ્રિય હતું તેને તે આપ્યું હતું. બુદ્ધિ–દૃષ્ટિ–ના ગ્રાહકના ભાગમાં જય અને ખેંચાતો આવ્યો.

गुणभूतो जयो राजन् पृष्ठतोऽन्वेति माधवम् ॥

તટસ્થને પોતાના દૃષ્ટિપાતથી જ કોઈક અપૂર્વ આનંદનો અનુભવ થાય છે અને નવીન સત્ય દૃષ્ટિગોચર થાય છે. ટ્યૂફેલ્સડ્રોખ ઉદ્ગાર કરે છે કે

"*Happy* he who can look through the Clothes of a man (the Woolen, and fleshly, and official Bank-paper and State-paper Clothes) into the Man himself; and discern, it may be, in this or the other Dread Potentate, a more or less incompetent Digestive apparatus; yet also an inscrutable venerable Mystery, in the meanest Tinker that sees with eyes!"

કાર્લાઈલનો આ તટસ્થ મનુષ્ય લોકના મહાન પ્રવાહ ઉપર ઊભો રહી તેમાં દૃષ્ટિ નાંખે છે, એ પ્રવાહના ગત અને આગંતુક ભાગ સુધીનો સર્વ ગોચર ભાગ પ્રત્યક્ષ કરી લે છે, અને તેનું કથન કરે છે.

"Reader, the Heaven-inspired melodious Singer; loftiest Serene Highness; nay, thy own amber-locked snow-and-rose-bloomed Maiden, worthy to glide sylphlike almost on air, whom thou lovest, worshipest as a divine Presence, which, indeed, symbolically taken, she is—has *descended* like thyself, from that same hair-mantled, flint-hurling Aboriginal Anthropophagus! Out of the eater comes forth meat; out of the strong comes forth sweetness. What changes are wrought, not by time, yet in time! For not Mankind only, but all that does or beholds, *is in continual growth*, regenesis and self-perfecting vitality."

આ સંસારના પ્રવાહનો પટ "મધ્યે વ્યક્ત" થતો, સુંદરતર થતો, જણાય છે. તેના દર્શનથી જ કૃતકૃત્ય થતો તટસ્થ સાક્ષર, હવે બીજું કાંઈ જોવાનું કે કરવાનું બાકી ન લાગતાં, એવા સુંદર પ્રવાહ જોડે જોડે પોતાનો સૂક્ષ્મતર પ્રવાહ ચલાવી દે છે—આ નવા પ્રવાહરૂપ પોતે થઈ જાય છે–તટસ્થની નિવૃત્તિ જ પ્રવાહરૂપ થાય છે. આ નિવૃત્તિનો પ્રવાહ અક્ષરરૂપે ઇતર સંસારના પ્રવાહની જોડે જોડે વહન



કરતો સર્પ પેઠે ચાલ્યો જાય છે. તટસ્થે જે જોયું તે જગતને વર્ણવી દેખાડે છે; આ અક્ષરધારા, આ સરસ્વતી, આ ક્રિયા, આ જ આ નિવૃત્તિનો પ્રવાહ. ટ્યૂફેલ્સડ્રોખનો ઉત્સાહ આ નવા પ્રવાહમાં ભમરતા દેખે છે, સર્વનું કલ્યાણ દેખે છે, અને તેમાં લય પામે છે.

"Cast forth thy Act, thy *Word*, into the ever-living, ever-working Universe; it is a seed grain that can not die; unnoticed to-day (says one), it will be found flourishing as a Banyan-grove (perhaps alas, as a Hemlock-forest!) after a thousand years."

આ તટસ્થતા અને આ પ્રવાહદૃષ્ટિ આ દેશના સાક્ષરોને સુપરિચિત છે અને તેમની દૃષ્ટિનું પ્રથમ ફળ, માયાના પ્રવાહ આગળથી ખસી જઈ, "ચિત્સ્વરૂપ"ના પ્રવાહમાં લય પામવાથી સિદ્ધ થાય છે.

दिवसरजनीकूलच्छेदैः पतद्भिरनारतम्
वहति निकटे कालस्रोतः समस्तभयावहम् ।
इह हि पततां नास्त्यालम्बो न चापि निवर्तनम्
तदिह महतां कोऽयं मोहो य एष मदाविलः ॥

કાલપ્રવાહનું દર્શન કરનાર અનલ્પ આર્ય એ પ્રવાહ છોડી તટ ઉપર રહે છે, એટલું જ નહીં પણ ત્યાંથી દૂર નાસવા ઇચ્છે છે. એની તૃપ્તિ આવી બીજાને પ્રવાહ જોવામાં થાય છે.

यस्मिन् वस्तुनि ममता मम तापस्तत्र तत्रैव ।
यत्रैवाहमुदासे तत्र मुदासे स्वभावसंतुष्टः ॥

જીવન્મુક્ત સાક્ષરનું જીવન તો સ્વભાવથી જ તટસ્થ, સાક્ષી, અને આનંદરૂપ હોય તેમાં આશ્ચર્ય નથી. પણ ઇતર વિદ્વાનો વિલાસી પણ પોતાની વિદ્યાથી પ્રકાશિત થયેલા નવા પ્રવાહોને દૃષ્ટિગોચર કરી એટલા સાક્ષિત્વથી જ તૃપ્ત જીવન ગાળી શકે છે.

नास्माकं शिबिका न चास्ति कटकाद्यालंक्रियासत्क्रिया
नोत्तुङ्गस्तुरगो न कश्चिदनुगो नाप्यम्बरं सुन्दरम् ।
किं तु क्ष्मातलवर्त्यशेषविदुषां साहित्यविद्याजुषाम्
चेतस्तोषकरी शिरोनतिकरी विद्यानवद्यास्ति नः ॥

આવી દૃષ્ટિ, આવી પ્રજ્ઞા કેવો ઉન્મેષ પામે છે ?

उदन्वच्छन्ना भूः स च निधिरपां योजनशतम्
सदा पान्थः पूषा गगनपरिमाणं कलयति ।
इति प्रायो भावाः स्फुरदवधिवेलानियमिता
सतां प्रज्ञोन्मेषः पुनरयमसीमा विजयते ॥

પૃથ્વી, સમુદ્ર, અને ગગનને મર્યાદા છે પણ સત્પુરુષોના વિજયી પ્રજ્ઞોન્મેષને મર્યાદા નથી જ. આવી પ્રજ્ઞા અને પ્રતિભાવાળાં જીવન મેઘ પેઠે અમૃતસાગરનાં પય સર્વદા પીધાં કરે છે. અને મનુષ્યસંસારની સૃષ્ટિમાં વાણીરૂપે વર્ષે છે એ જ એ સૃષ્ટિનું કલ્યાણ.

अमृतजलधेः पायं पायं पयांसि पयोधरः
किरति करकास्ताराकारा यदि स्फटिकावनौ ।
तदिह तुलनामानीयन्ते क्षणं कठिनाः पुनः
सततममृतस्यन्दोद्गारा गिरः प्रतिभावताम् ॥

આવી દૃષ્ટિ સાથે હિમના કટકા–કરા–પડે તો તે પણ અમૃતસ્યન્દી હોય છે. સાક્ષરોની દૃષ્ટિ જેવો વિષય જુએ છે તેને યોગ્ય પોતાની વાણીને કરે છે. જેવો પ્રવાહ સાક્ષરજીવનમાં પ્રતિબિંબિત થાય તેવું જ તેવું પ્રતિવચન થઈ અક્ષરરૂપે અન્ય મનુષ્યો પાસે નીકળે એટલી પ્રવૃત્તિને, આ નિવૃત્તિમાં નિવૃત્તિને અંતે, સાક્ષરજીવન પામે છે. કોઈ કવિ તો કોઈ જ્ઞાની, કોઈ પંડિત તો કોઈ વૈદ્ય, કોઈ જડપદાર્થશાસ્ત્રી તો કોઈ ચેતનશાસ્ત્રી અને કોઈ વ્યવહારવિદ તો કોઈ કલાવિદ એમ અનેક રૂપે સાક્ષરજીવન સ્ફુરે છે અને કોઈ વેળા તો બહુશ્રુત બહુમેધ પુરુષોની બુદ્ધિરૂપ જીવન જે જે પ્રવાહ આગળ તટસ્થ થાય તેને સુદૃષ્ટ કરી–કરાવી શકે છે.

साहित्ये सुकुमारवस्तुनि दृढन्यायग्रहग्रन्थिले
तर्के वा मयि संविधातरि समं लीलायते भारती ।
शय्या वाऽस्तु मृदूत्तरच्छदपटा दर्भाङ्कुरैरास्तृता
भूमिर्वा हृदयंगमो यदि पतिस्तुल्या रतिर्योषिताम् ॥

બહુમેધ સાક્ષરની વાણી તેમ દૃષ્ટિ અનેક ગમે તેવા વિષયમાં ક્રીડા કરી શકે છે.



જેવા પ્રવાહના તટ આગળ સ્થિત થઈ જેવી વસ્તુને આ જીવન પ્રત્યક્ષ કરે તે પ્રમાણે એ જીવનમાં પડેલા પ્રતિબિંબનાં રૂપરંગમાં ચિત્રભેદ પડે છે. તટસ્થતામાં પણ તેવા જ ભેદ હોય છે. કોઈ પ્રવાહ પાસેનો તટ રેતીના કોમળ રાશિનો બનેલો હોય છે, તો કોઈ તટ કેવળ કર્કશ શિલાઓથી ભરેલો હોય છે. કોઈ તટ ઉપર સૂર્યનો ઉગ્ર તાપ, તો અન્યત્ર વૃષ્ટિ હોય છે કે વાદળાંની ઘટા હોય છે કે અંધ રાત્રિનો અંધકાર હોય છે કે ચંદ્રની ચંદ્રિકા હોય છે. તટસ્થતાના પણ આવા ભેદ હોય છે અને પોતાને એક પ્રવાહ પાસે તટસ્થ સમજનાર જીવન બીજા અનેક પ્રવાહોની મધ્યે હોય છે અથવા પ્રવાહરૂપ જાતે પણ હોય છે. જેમ જળના તટ ઉપર ઊભેલો મનુષ્ય વાતાવરણના પ્રવાહમાં ઊભો રહે છે, જેમ વાતાવરણના તટ ઉપર સરતા ખરતા તારા ગુરુત્વાકર્ષણના પ્રવાહમાં વહે છે, અને જેમ એવા અનેક પ્રવાહોને ગર્ભરૂપે ધરનાર બીજા અનેક અનંત પ્રવાહો અનાદિ અનંત હોય છે, તેમ એ સર્વ પ્રવાહોની સાક્ષીભૂત ચેતનવ્યષ્ટિ–વ્યક્તિઓ પણ અનંત અને અસંખ્ય છે. જો પ્રવાહોનાં બિંબ આમ બહુરૂપ હોય તો તેનાં પ્રતિબિંબ પણ તેવાં જ પડે એમાં આશ્ચર્ય નથી. પણ એ પ્રતિબિંબોનાં ગ્રાહક જીવનોમાં સાક્ષરજીવનનું વ્યાવર્તક લક્ષણ તો એની તટસ્થતા, દૃષ્ટિ અને તૃપ્તિ છે. એ વ્યાવર્તક કાર્લાઇલમાં તેમ વ્યાસમાં, શેકસ્પિયરમાં તેમ બેકનમાં, શંકરમાં તેમ કાલિદાસમાં, ન્યાયદર્શનમાં તેમ ચરકસુશ્રુતાદિના કર્તાઓમાં, નાસ્તિકમાં તેમ આસ્તિકમાં, અને અનેક વર્ગોમાં, કેટલીક રીતે સધર્મ છે. આવા અનેક વર્ગોમાંની આ સધર્મતા ઉપર જ આ લેખની દૃષ્ટિ છે. સત્ય છે કે એ વર્ગોમાં પણ જાત્યભિમાન હોય છે અને કદાચિત્ પરસ્પર તિરસ્કાર પણ હોય છે. પણ એ ભાગ આ લેખના દૃષ્ટિબિંદુની દૃષ્ટિમર્યાદામાં આવતો નથી. આ પ્રમાણે પ્રસ્તુત વિષયનો ભાગત્યાગ કરી, સર્વ બુદ્ધિઓમાં, સર્વ વિદ્યાઓમાં, અને સર્વ સાક્ષરજીવનમાં, ચકિતત્વની એકતા પ્રત્યક્ષ ગણીને આ લેખ આગળ વિસ્તારીશું.

જેમ જનસમુદાયમાં સર્વ પોતપોતાના ઇષ્ટ દેવને ભજે છે, જેમ વ્યવહારમાં સદાચારી દંપતી ઇતર મનુષ્યોની ભોગસૃષ્ટિ ઉપર દૃષ્ટિ ન કરતાં પરસ્પર–પક્ષપાતને જ ધર્મ ગણે છે, તેમ સાક્ષરજીવન જીવનારે પ્રત્યેક વ્યક્તિને પોતાના પ્રિય વિષય થયેલા પ્રવાહ ઉપર પક્ષપાત રહે તે જ યોગ્ય છે. એ પ્રવાહમાંની સુંદરતા જોવી, લક્ષ્યદર્શક, પારદર્શક,

દૂરદર્શક અને એવાં જે મળે તે સર્વ દૃષ્ટિનાં ઉપકારક યન્ત્રોવડે એ સુંદરતા જોવી, અને દોષ જોવા તો તેનો પ્રતિકાર કેવે માર્ગે થાય છે તે જોવાને માટે જોવા અને એ દોષ સાથે પણ કેવા કેવા ગુણ સહકારી થાય છે તે જોવું; આવી ગુણાનુરાગિણી દૃષ્ટિ તટસ્થ સાક્ષીને અનિવાર્ય છે, કારણ અનેક પ્રવાહોમાંથી કયા પ્રવાહ ઉપર પક્ષપાત રાખી તેની જ સાથે સહવાસ રાખવો એ નિર્ણય કર્યા વિના કયા પ્રવાહનો તટ પ્રિય ગણવો એ સમજવાનું સાધન નથી. એ પ્રવાહ ઉપર અને પછી તેના તટ ઉપર પ્રીતિ કરનાર તટસ્થ પ્રથમ તેમનો ગુણાનુરાગી થાય તો જ એ આ તટ ઉપરનો તટસ્થ થાય. આવા પક્ષપાતથી ગુણાનુરાગ થયા પછી પ્રત્યક્ષ થનાર દોષ ગુણના રંગથી જ રંગાય છે. સાક્ષરજીવનના દૃષ્ટિવિષયમાં આ ગુણાનુરાગ નવી જ સુંદરતા ભરે છે. કોઈ જીવનને ગુણદોષ ભરેલા સમસ્ત વિશ્વમાં જ્યાં દૃષ્ટિ ફરે ત્યાં ગુણાનુરાગ થાય છે.—**यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥** કોઈ જીવનને અમુક પદાર્થ ઉપર જ પ્રીતિ થાય છે.— **व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतुः ॥** એક માતા-પિતાનાં અનેક બાળકની અનેક રુચિઓ હોય છે, તેમ સાક્ષરજીવનમાં પણ થાય છે; ભેદ માત્ર એટલો છે કે સાક્ષરજીવનની રુચિ તે માત્ર દૃષ્ટિ નાંખવાની રુચિ છે–તેને પ્રવાહની દૃષ્ટિને સારે તેમાં પ્રવૃત્તિ કરવાની રુચિ થતી નથી. વિષયનો પ્રવાહ જોવો એ એક વસ્તુ છે, એ પ્રવાહમાં પડવું એ અન્ય વસ્તુ છે. પ્રવાહની દૃષ્ટિની સાથે એટલે તેના ઉપરાંત એ પ્રવાહમાં પ્રવૃત્ત થવાની, એટલે દૃષ્ટિ અને પ્રવૃત્તિની ઉભયની શક્તિ કોઈને હોય પણ દૃષ્ટિને સારે પ્રવૃત્તિ કરવી તો એ જીવનને પ્રતિકૂલ જ છે. વિષયના પ્રવાહમાં પડેલો પ્રાણી વિષયી છે. વિષયના પ્રવાહનો સાક્ષી એ પ્રવાહમાં ન પડતાં, એના છાંટાથી દૂર રહી, માત્ર અવલોકન-અર્થે, જગતના કલ્યાણને અર્થે, વિષયની મલિન વસ્તુઓ જાણવાનો રાગી થાય તો તે પણ શરીરવૈદ્યની સર્વગ્રાહિણી જિજ્ઞાસા જેવી જ વૃત્તિથી થવાય છે. આવી દૃષ્ટિના સંબંધમાં એક અંગ્રેજ વૈદ્ય સાક્ષર કહે છે કે—

"For my conversation, it is like the sun's with all men, and with a friendly aspect to good and bad. Methinks there is no man bad; and the worst best, that is, while they are kept within the circle of those qualities wherein



there is good: there is no man's mind of such discordant and jarring a temper to which a tuneable disposition may not strike a harmony *Magnae virtutes, nec minora vitia*; it is the poesy of the best natures, and may be inverted on the worst; there are in the most depraved and venomous dispositions certain pieces that remain untouched, which by an antiperistasis become more excellent, or by the excellence of their antipathies are able to preserve themselves from the contagion of their enemies' vices, and persist entire beyond the general corruption."
*–Sir T. Brow's Religio Medici.*

જેમ શક્તિવિશેષમાંથી ગુણવિશેષ ઉત્પન્ન થાય છે તેમ જ શક્તિવિશેષમાંથી જ દોષવિશેષ થાય છે. જે શક્તિ એક મનુષ્યને દોષને માર્ગે પ્રેરતી આપણે જોઈએ છીએ તે જ શક્તિ અન્ય મનુષ્યને ગુણને માર્ગે પ્રેરતી જોઈએ છીએ. જો એમ હોય તો એવી પણ કંઈ કળા નીકળે કે જેથી દોષોત્પાદક શક્તિને ગુણજનની કરી શકાય. ગુણદોષના પ્રવાહ આ ઉપાયચિન્તનથી સુદૃષ્ટ થાય તો ઉપાયનો કાળ આવે. દોષનો સ્વભાવ ઘણું ખરું લજ્જાશીલ હોય છે–દોષવાનના દોષ ઉપર પારકી દૃષ્ટિ પડતાં દોષવાન જન લજ્જા પામે છે; જેમ લજ્જા તેમ ભય પણ પામે છે. આ સ્વભાવ દોષની નિરંકુશતાને અટકાવવામાં એક રીતે ઉપયોગી છે. પણ બીજી રીતે દોષનો પ્રવાહ તેને જોનારની દૃષ્ટિને વિઘ્નકારક છે; કારણ એ લજ્જા અને ભય દોષની કારણભૂત શક્તિને વિકાસ પામતી અટકાવે છે. પણ એ કારણરૂપ શક્તિનો પ્રભાવ સમજાય તો તો તેને જ ગુણની જનની કરી દેવાય. દુષ્ટ મનુષ્યને ગુણી કરવાનું સાધન જેમ આમાં છે તેમ જ એ જ દોષનું અભિજ્ઞાન થાય તો તેનો સાક્ષી આત્મપરીક્ષા કરી પોતાનામાં એ દોષ છે કે નહીં તેની ચિકિત્સા કરી શકે છે. ઉપરનો જ કર્તા આ વિષયમાં કહે છે કે

"When thou lookest upon the imperfections of others, allow one eye for what is laudable

in them, and the balance they have from some excellency, which may render them considerable. While we look with fear or hatred upon the teeth of the viper, we may behold his eye with love. In venomous natures something may be amiable: poisons afford anti-poisons: nothing is totally, or altogether uselessly bad. Notable virtues are sometimes dashed with notorious vices, and in some vicious tempers have been found illustrious acts of virtue: which makes such observable worth in some actions of king Demetrius, Antonius, and Ahab, as are not to be found in the same kind in Aristides, Numa, or David Constancy, generosity, clemency, and liberality have been highly conspicuous in some persons not marked out in other concerns for examples or imitations."

ગુણ અને દોષના મિશ્ર પ્રવાહ જોઈ, તે ગુણમાં પણ કોઈક અદ્દભુત શક્તિનું અવલોકન કરી, એ ગુણના સહચારી દોષમાં પણ કદાચિત્ એ જ ગુણોની કારણભૂત શક્તિ હોય એમ વિચાર કરી, એવા ગુણની માત્રા ગમે તેટલી દોષરૂપ હોય તો તે પણ આવા આતુરૂપે પૂજનીય કલ્યાણરૂપ ગણી, એવા પ્રવાહોના તટસ્થ સાક્ષી સાક્ષરો ઉપર પ્રમાણેના ઉદ્દગાર પાશ્ચાત્યદેશમાં જ કરે છે એમ નથી; પણ જે વ્યાસે પાંડવોનો સ્વર્ગવાસ વર્ણવ્યો છે તેમણે જ ધર્મરાજને એવું દર્શન આપ્યું કે ઇન્દ્રના સ્વર્ગમાં પાંડવોનાં પહેલાં કૌરવો વિરાજમાન થયા તેણે દીઠા, અને દુષ્ટ કૌરવોને સ્વર્ગમાં ક્યાંથી સમાસ મળ્યો તેનો ઉત્તર ધર્મરાજના પિતાએ જ આપ્યો કે એ દુષ્ટ કૌરવો પણ પોતાના મહાન ગુણોથી જ આ સ્વર્ગને પાત્ર થયા છે. જે તટસ્થતા અને ગુણાનુરાગથી વ્યાસનારાયણ જેવા સાક્ષરોત્તમના જીવનમાં આવા પ્રવાહનું આવું પ્રતિબિંબ પડ્યું તે અધમ તો નહીં જ હોય. અન્ય સાક્ષરજીવનમાં પણ તેવાં જ પ્રતિબિંબ પડ્યાં છે, પડ્યા ગણ્યાં છે.



આત્મપરીક્ષકને આ દર્શનથી થતો લાભ ઉપલો જ પંક્તિ દર્શાવે છે કે

"But since goodness is exemplary in all, if others have not our virtues, let us not be wanting in their's; nor, scorning them for their vices whereof we are free, be condemned by their virtues wherein we are deficient. There is dross, alloy, embasement in all human tempers and he flieth without wings, who thinks to find ophir or pure metal in any."

આના કારણમાં કહે છે કે જગતમાં કોઈ કેવળ દોષહીન નથી –કેવળ ગુણહીન નથી—**इहं किमपि लोकेऽस्मिन् न निर्दोषं न निर्गुणम्** ॥" જગતમાં હોય કે ગુણ કશાની સંપૂર્ણતા નથી–એકતા નથી.

"For perfection is not, like light, centred in any body; but, like the dispersed seminalities of vegetables at the creation, scattered through the whole mass of the earth, no man producing all and almost all some."

આવા પ્રવાહમાં પડેલા અનેક અપૂર્ણ જીવોમાંથી તે સર્વના ગુણોનો આવિર્ભાવ કોઈ યુગમાં કોઈ મહાત્મામાં થાય છે. અને એવા એક મહાત્માનો અવતાર થાય તો તેથી પણ જગતનું કલ્યાણ છે.

"So that 'tis well, if a perfect man can be made out of many men, and, to the perfect eye of God, even out of mankind."

સાક્ષરજીવન સફલ થાય તો આવા કલ્યાણપ્રવાહોનું સાક્ષીભૂત થઈ શકે છે–એ પ્રવાહોના મર્મભાગનું દર્શન કરી શકે છે. આવા સ્વદૃષ્ટિવિષયના ઉપર તેના દોષોમાં પણ ગુણાનુરાગ રાખનાર એ વિષયોના મર્મભાગ જોઈ શકે છે. એવી રીતની ગુણાનુરાગિની દૃષ્ટિને

થઈ પ્રવાહના તટ ઉપર સ્થાન મળે ત્યારે તે પ્રવાહની તે સાક્ષિણી બને છે. "બ્રહ્મજ્ઞાન"ના પ્રવાહમાં તો સાક્ષી, પ્રવાહ, અને તટ એ સર્વનું અદ્વૈત છે; પણ એ સાક્ષીને વિષયે થયેલા કેટલાક ઉદ્ગાર સર્વ સાક્ષરજીવનને માટે પણ સત્ય છે.

પ્રવાહમાંથી નીકળી એ જીવન તટસ્થ કેમ થઈ શકે છે? પ્રવૃત્તિ એવી અને પ્રવૃત્તિમાં ન પડવું એ શું શક્ય છે? ઊંડા કૂપમાં દૃષ્ટિ કરનારને ફેર આવે અને કૂપમાં 'પડ્યો પડ્યો' થાય એવું શું પ્રવાહના સાક્ષીને નથી થતું? કેટલાક કવિજીવન રસપ્રવાહનાં તટસ્થ થતાં થતાં રસપ્રવાહમાં શું પડી ડૂબેલાં નથી? રાજ્યતંત્રના પ્રેક્ષક સાક્ષરોને અને રાજાઓના ગુરુઓને રાજ્યના વમળમાં પડવાના ઇતિહાસ શું દૃષ્ટિગોચર નથી થયા? અસ્તુ; જે થયું તે થયું જ છે—પણ જેને અશક્ય કહો છો તે અશક્ય નથી અને અન્ય જીવનની પેઠે સાક્ષરજીવનને પણ પોતાના સંસારસાગરમાં ભમરસ્થાન—પાણીના ભમર—મળે છે ને તે તેને શાંત કરે છે, પણ સાક્ષરજીવનને એ સર્વ શાંતિમાં વિશ્રાંતિ મળે છે—તેણે પ્રત્યક્ષ કરેલાં પ્રવાહનાં તત્ત્વ એનાં નેત્ર મીંચાયા પછી પણ તેમાંથી દૂર જતાં નથી, અને તેને શાંત કરી પોતાનામાં ડુબાડી મારી જનાર પ્રવાહની શક્તિ આ જીવનના અંતર્નેત્રને બંધ કરી શકતી નથી અને એ નેત્રમાં આવેલું તત્ત્વ આ જીવનને સર્વ કાળે વિશ્રાંતિ, પોષણ, અને બળ આપે છે તેનું વર્ણન વેદાંતીના સાક્ષરજીવનના ઉદ્ગાર દ્વારા જ કરીશું.

श्रद्धालुर्व्यसनी योऽत्र निश्चिनोत्येव सर्वथा
निश्चिते तु सकृत्तस्मिन् विश्वसित्यन्यदाप्ययम् ॥१॥
तादृक् पुमानुदासीनकालेऽप्यानन्दवासनाम्
उपेक्ष्य मुख्यमानन्दं भावयत्येव तत्परः ॥२॥
परव्यसनिनी नारी व्यग्राऽपि गृहकर्मणि
तदेवास्वादयत्यन्तः परसंगरसायनम् ॥३॥
धीरत्वमक्षप्राबल्येऽप्यानन्दास्वादवाञ्छया
तिरस्कृत्याखिलाक्षाणि तच्चिन्तायां प्रवर्तनम् ॥४॥
भारवाही शिरोभारं मुक्त्वास्ते विश्रमं गतः
संसारव्यापृतित्यागे तादृग्बुद्धिस्तु विश्रमः ॥५॥



विश्रान्तिं परमां प्राप्तस्त्वौदासीन्ये यथा तथा
सुखदुःखदशायां च तदानन्दैकतत्परः ॥६॥
अग्निप्रवेशहेतौ धीः शृङ्गारे यादृशी तथा
धीरस्योदेति विषयेऽनुसन्धानविरोधिनि ॥७॥
अविरोधिसुखे बुद्धिः स्वानन्दे च गमागमौ
कुर्वन्त्यास्ते क्रमादेषा काकाक्षिवदितस्ततः ॥८॥
एकैव दृष्टिः काकस्य वामदक्षिणनेत्रयोः
यात्यायात्येवमानन्दद्वये तत्त्वविदो मतिः ॥९॥
भुञ्जानो विषयानन्दं ब्रह्मानन्दं च तत्त्ववित्
द्विभाषाभिज्ञवद्विद्यादुभौ लौकिकवैदिकौ ॥१०॥
दुःखप्राप्तौ न चोद्वेगो यथापूर्वं यतो द्विदृक्
गङ्गामग्नार्धकायस्य पुंसः शीतोष्णधीर्यथा ॥११॥

—पञ्चदशी.

જે સાક્ષરજીવન પોતાના ઇષ્ટ પ્રવાહનો તટસ્થ સાક્ષી થવા યત્ન કરે છે તેના જીવનને તે કાર્યથી વિરોધી પ્રવાહમાં ગૂંચવાવું પડે ત્યારે પણ તે જીવન જીવનારો જીવ ઇષ્ટદર્શનમાં જ રહે છે, પોતાના સર્વ વ્યાપારો મધ્યે પણ એ જ દર્શન તેના હૃદયમાં સ્ફુરે છે અને તેને વિશ્રાન્તિ આપે છે, અને સર્વ સુખદુઃખમાં એનો જ આનંદ એના બાહ્ય જીવનને દૂર રાખે છે અને એને એના અન્તર્જીવનમાં રમમાણ રાખે છે. જ્યારે એ પ્રવાહ આ જીવનને પ્રતિકૂળ નથી હોતો ત્યારે તેનો સાક્ષી દૂર અને દૃઢ એમાં પગ રાખી ઊભો રહે છે. શમદમાદિના ભંગરૂપ માનસિક શત્રુ અને ઉપાધિવ્યાધિરૂપ સ્થૂલ શત્રુ જ્યારે આ જીવનને તેને ઊભા રહેવાના તટ ઉપરથી ધકેલી અથવા તટ તોડી નાંખી પ્રવાહમાં નાંખી દે છે ત્યારે એ જીવનું અંતર્નેત્ર ઊઘડે છે અને તેમાં પેઠેલું સત્ત્વ એનો ઉદ્ધાર કરી રાખે છે. એ નેત્રમાં એટલી દૃષ્ટિ ઊઘડે—એટલો સાક્ષી જાગે—કે તેની સાથે આનંદ જાતે ઉદિત થાય છે. એ આનંદ હોય તો અન્ય વિષયોની નિઃસ્પૃહતા એ જ એની તૃપ્તિ; અને પોતાને ન મળતા એવા વિષયના આનંદ અન્ય જનોને મળતા જોવા, પોતે દુઃખના પ્રવાહમાં હોવા છતાં અન્ય મનુષ્યો સુખમાં જોવા, એ સુખદુઃખના પ્રવાહમાં

ડૂબતાં ડૂબતાં પણ પારકા સુખમાં આત્માનંદ અનુભવવો એ જ—આ જીવનનું બીજું કાંઈ ફળ ન નીવડે તોપણ–સાફલ્ય છે. સાક્ષિત્વનું ભાન થતાં જ આ આનંદ ઉપરની તિરસ્કરિણી સરી જાય છે.

तैस्तैः काम्येषु सर्वेषु सुखेषु श्रोत्रियो यतः
निस्पृहस्तेन सर्वेषामानन्दाः सन्ति तस्य ते ॥१॥
सर्वकामाप्तिरेषोक्ता यद्वा साक्षिचिदात्मना
स्वदेहवत्सर्वदेहेष्वपि भोगानवेक्षते ॥२॥

—पञ्चदशी.



# પ્રકરણ ૪

## સાક્ષરજીવનનાં ભયસ્થાન

પ્રવાહ, તટ, અને પ્રવાહનો ગુણાનુરાગી સાક્ષર સાક્ષી—એ ત્રિપુટીના સંયોગથી સાક્ષરજીવન આવિર્ભાવ પામે છે. એ સંયોગવાળું જીવન એ જ સાક્ષરજીવન–એ જ contemplative life, એ જ literary life, એ જ philosopher's seclusion, એ જ scientific menની laboratoryમાંનું જીવન, એ જ પટપટથી ભરેલી કોટડીમાં નૈયાયિકનું જીવન, એ જ યોગીનો યોગ, અને એ જ વેદાંતનું સ્વાનુભૂતિ જીવન. એવું જીવન ગમે તે દશામાં, દરિદ્રતામાં, વાસનામાં, પડ્યું હોય તો તેના ઉપર દૃષ્ટિ કરનારને શું થાય ? જો તે દૃષ્ટિ કરનાર એ જીવનનો મર્મજ્ઞ હોય તો તેને એ જીવનના દોષ વસે નહીં. કાશીના ઓટલા ઉપર મ્લેચ્છ યુવતી સમેત વૃદ્ધ બ્રાહ્મણ સૂતેલો જોઈ તે જોનારને તિરસ્કાર છૂટ્યો અને તે ક્ષુદ્ર બ્રાહ્મણને આ દૃષ્ટિ કરનારે કહ્યું—

किं निःशंकं शेषे शेषे वयसि तु समागते मृत्यौ ।

પણ એ જ પામર લાગતો બ્રાહ્મણ જગન્નાથ કવિ પોતે છે તે અભિજ્ઞાન થતાં એ જ તિરસ્કાર કરી જોનાર ભડકાઈ ગયો અને એ જ બ્રાહ્મણમાં કોઈ જગન્મંગલ મૂર્તિનો સાક્ષાત્કાર કરી તેની વિશ્રાંતિ ઇચ્છતો હોય તેમ બોલ્યો કે

अथवा सुखं शयीथाः पार्श्वे जागर्ति जाह्नवी भवतः ॥

સાક્ષરજીવન ભોગવનારને જોઈ સાક્ષરજીવનના રસજ્ઞે આ આશીર્વાદ દીધો તેનું રહસ્ય સમજશે તે રસિક જીવનનો રસજ્ઞ તો ખરો જ–પણ સાક્ષરજીવનનું એક તત્ત્વ પણ તેણે કંઈક સમજવું મળ્યું. આ કવિરાજનો આ નિશ્ચલભંગ–આ પ્રવાહપાત, જે સાક્ષર વગરતિરસ્કારે કેવળ જાગૃત રહી જોશે, એ પ્રવાહ, તટ અને પાત–ત્રણે વાનાંના પ્રવાહના તટનો પળવાર તટસ્થ સાક્ષી થશે, તે સાક્ષર સાક્ષરજીવનને શિર ઊભેલો એક મહાભય જોશે, અને સાક્ષરજીવનના અભિલાષીને પ્રથમથી સાવધાન કરશે. જ્યાં મનુષ્યની વસ્તી ન હોય

તેવે સ્થાને તપ કરનાર તપસ્વીને અપ્સરાઓથી જે ભય છે તેવો જ આ ભય છે. તેમાં કવિઓને માથે તે અવિશેષ છે. જ્ઞાની જનો પણ તે ભયથી મુક્ત નથી તે "Goethe ના Faust" માં સુચવ્યું છે. એકાંતવાસને માથે એકાંત ભય છે; પ્રવાહમાં પડનારને તણાવાનો ભય છે; તટસ્થને તટ ઉપરથી પડવાનો ભય છે; અને સાક્ષીને મોહનો ભય છે.

જેમ કોઈ શબ એકાંતમાં અરણ્યમાં પડ્યું હોય તો ત્યાં થોડીવારમાં અનેક કૃમિગણ ઉત્પન્ન થાય છે અને અનેક શબાહારી પશુપક્ષીઓ આકર્ષાઈ આવે છે, તેમ કોઈ સર્વ વ્યાપારોથી નવરા સાક્ષરવાસનારૂપ ચેતનને અભાવે એકાંત પડેલા મનુષ્યના હૃદયમાં અનેક નિરક્ષર વાસનાઓની માયા ભૂતાવળી પેઠે ઊભી થાય છે અને એ હૃદયને બીભત્સ દર્શનથી ભરેલા સ્મશાન જેવું કેટલીક વેળા કરી દે છે. "કેટલીક વેળા" કહેવાનું કારણ એટલું કે એવી પણ વેળા હોય છે કે નિરક્ષર વાસનાઓમાં પણ સદ્વાસનાઓ હોય છે અને નિરક્ષર વર્ગ પણ એકાંત અને નિવૃત્તિનો સદુપયોગ કરી શકે છે. પણ તે વિષય અત્ર પ્રસ્તુત નથી. સાક્ષરોમાં પણ કેટલાક જેમ નિરક્ષર જનોના જેવી સદ્વાસનાઓ રાખે છે તેમ તેમના જેવી જ અસદ્વાસનાઓ તેમનામાં પણ સ્ફુરી શકે છે. માટે સદ્વાસનાહીન નિવૃત્તિ જેવી નિરક્ષરને ભયનું કારણ થાય છે તેવી જ સાક્ષરને પણ થાય છે. એટલું જ નહીં પણ સાક્ષરના આવા વૈપરીત્યથી તે એવો તો માયાવી રાક્ષસ થઈ શકે છે કે પોતાને અને જગતને ઉભયને વિષરૂપ થાય છે. સંસારમાં એવાં દૃષ્ટાંત શોધતાં ન મળે એમ નથી, માટે અત્ર આ ભયનું કારણ દર્શાવ્યું તે જોઈ કારણને દૂર રાખનાર કાર્યને દૂર રાખી શકશે.

સદ્વાસનાના તેજની ન્યૂનતા જેવી રીતે આમ એકાંતવાસને ભયંકર રૂપ આપે છે તેમ જ તે એ તેજનું આધિક્ય પણ પ્રસંગે તટસ્થતામાંથી ભયને ઉત્પન્ન કરે છે. કોઈ પણ જીવ એક અથવા અનેક પ્રવાહનો તટસ્થ થાય છે તેથી તે બીજા કોઈ પ્રવાહની મધ્યે ન જ હોય એમ થઈ શકતું નથી. નદીના તટ ઉપર ઊભેલાની આસપાસ વાતાવરણનો પ્રવાહ સર્વદા ચાલ્યાં કરે છે અને એનાં મુખનાસિકા અને રોમકૂપમાં થઈ એના શરીરના અંતર્ભાગમાં પણ વહન પામે છે; તે પ્રમાણે કૌટુમ્બિક, આર્થિક, રાજકીય, આદિ અનેક સાંસારિક



મહાભૂતોનું વાતાવરણ સાક્ષરજીવનની આસપાસ પણ ફરી વળે છે અને તેના અંતર્ભાગમાં સરી જાય છે. મનુષ્ય ભાગ ગમે તેટલો પ્રબળ થાય તોપણ ઘટિકાયંત્ર (ઘડિયાળ) જેવા શરીરયંત્રનાં ચક્ર કોઈક કમાનને બળે આમરણાન્ત ભ્રમણ કર્યાં કરે છે અને મનુષ્યમાત્ર તેના લોલકની પેઠે એ ચક્રોને વશ રાખવા યત્ન કરે છે. આ યંત્રની ગતિ પણ ઉક્ત વાતાવરણનું એક તત્ત્વ છે. એ સર્વ વાતાવરણ શાંત હોય છે ત્યાં સુધી તો તટસ્થ સાક્ષર નિર્બંધ રહી શકે છે, પણ તેમાંથી નાનાં મોટાં વાયુચક્ર ઉત્થાન પામે છે ત્યારે એ તટસ્થતા અને એ ચક્રો ઉભયની વચ્ચે યુદ્ધકાળ આવે છે. જો ચક્રનો વેગ અધિકતર હોય છે તો તટસ્થ પ્રવાહથી દૂર ઘસડાય છે; પણ ચક્રના વેગ સામે ટકવા અને સ્થિર ઊભા રહેવા પ્રયત્ન કરતાં તટસ્થ તટથી પ્રવાહ ભણી રહેવા અધિકતર બળ કરે છે તો જાતે પ્રવાહમાં પડી જાય છે.

આવાં વાયુચક્રથી ઇષ્ટપ્રવાહ છોડી સંસારમાં ઘસડાયેલા સાક્ષરોનાં દૃષ્ટાંત, મત્સ્યેન્દ્રનાથના જેવાં, શોધનારને અનેક મળશે. તેમને ગોરખ મળે અને જગાડે એવું સદ્ભાગ્ય પણ તેમને લલાટે લખ્યું હોય તો તે ભાગ્ય પણ વિરલ છે. પરંતુ આવા ચક્રના ઝપાટા તો વિજયી કે પરાજિત સર્વ સાક્ષર નિરક્ષરોને ખાવા પડ્યા હશે, અને ખાવા પડશે. એકાંતવાસના ભયમાંથી સાક્ષરને મુક્ત રહેવા જે સદ્વાસનાના તેજની આવશ્યકતા છે તે જ તેજ આ ચક્રો સામે ટકવા માટે પણ અવિશેષ આવશ્યક છે. જેમ સ્થૂલ શરીર અન્નવ્યાયામ આદિ કારણોના પ્રમાણમાં બળવત્તર અને સુંદરતર થાય છે તેમ જ સર્વ સદ્વાસનાઓને પણ થાય છે. એ વાસનાઓને આરંભથી અંત સુધી સ્વતંત્રતા, પોષણ, અને વ્યાયામ ઘટે છે, અને એવી રીતે ઘણા કાળની ચિન્તાથી આ વાસનાઓની પૂર્ણ અવસ્થા સચવાઈ ન હોય તો તેમની ઉત્તરાવસ્થાને આ વાયુચક્રનો ભય વિશેષ છે. સદ્વાસના એવી બળવાન થાય કે તેની પાસેથી દુર્વાસના જાતે જ સદા પેઠે દૂર જતી રહે એ માર્ગ સધાય જ તો ઉત્તમ. તેમ ન થાય અને યુદ્ધકાળ જ આવે તો તેમાં વિજય પામવાના માર્ગ સર્વ દેશકાળનાં ધર્મશાસ્ત્રોએ યથાશક્તિ શોધી રાખેલા છે તેનો વિસ્તાર અત્ર પ્રાપ્ત થતો નથી.

પણ તટસ્થને તટ ઉપરથી પ્રવાહમાં પડવાનો ભય વિચારવા

યોગ્ય છે, અને એ વિચાર પ્રમાણમાં સૂક્ષ્મ છે. તટ ઉપરથી પ્રવાહમાં પડે એટલે શું ? પોતાના જ બળનું સંસારનાં વાયુચક્રના બળ સામે પ્રતિબળ મૂકવા જતાં, એટલે ચક્રનું બળ પ્રવાહથી દૂર ખેંચે તો આ પ્રતિબળ પ્રવાહની દિશામાં ખેંચે તે પ્રતિબળ જોઈએ તે કરતાં અધિક નીવડે તે કારણથી, તટસ્થને પ્રવાહમાં પડવામાં પડવાનો ભય છે. તેમ જ સાક્ષીને પણ પ્રવાહના ઉપજાવેલા મોહથી કે ભ્રમથી પ્રવાહમાં પડવાનો ભય છે. જે ગુણાનુરાગ સાથે આ સાક્ષી સહવાસ રાખે છે તે પણ આ ભયનું કારણ વધારે છે. આ સર્વ કારણોથી ઉત્પન્ન થતા એ એક ભય ઉપર દૃષ્ટિ કરીશું.

આ ભયમાંથી દૂર રહેવું એ જેવું દુષ્કર કાર્ય છે તેવું જ તે સર્વદા આવશ્યક છે એમ નથી. ચિદાનંદના પ્રવાહનો સાક્ષી મુક્તજન એ પ્રવાહમાં જ લીન થાય છે; એ લય—એ અદ્વૈત—પોતાનો સ્વભાવ છે એમ ગણે છે; પોતાનું એ પ્રવાહરૂપ-ચિદાનન્દરૂપ-મૂર્ત પુરાણ છે, અનિવાર્ય છે, ઇષ્ટ છે; અને પ્રવાહ અને તટ, દૃશ્ય અને દ્રષ્ટા, એ ભેદ તેની બુદ્ધિમાંથી નાશ પામે છે. ઘણા કવિજન, કેવળ રસજ્ઞ મટી, રસિક રસજ્ઞ અથવા કેવળ રસિક થાય છે, રસમય થાય છે. ગ્રીસમાં એક ચિત્રકાર પોતે આલેખેલા સુંદરી-ચિત્ર ઉપર મોહિત થયો કહેવાય છે. પાસે ઊભેલી પ્રવાહમૂર્તિ ઉપર ગુણાનુરાગનો અતિશય અનુભૂત થતાં કોઈ સાક્ષી તેનો ભોગી પણ થાય છે. પ્રથમ વિચારે એમ દેખાય છે કે આ ભોગ જો આ સાક્ષીના સાક્ષિત્વને ક્ષીણ ન કરે તો આ પ્રસંગે એ ભોગની સાથે કલહ કરવાનું આપણને કારણ નથી. એ સાક્ષિત્વનો આ ભોગ વિરોધ કરે તો તો વિચાર કરવા જેવું ખરું.

કેટલીક માતા બાળકને મારે ખરી પણ તેને રોવાની ના કહે છે, અને એ આજ્ઞા પાળવી બાળકને કઠિન પડે છે. શરીરમાં કેટલાંક મર્મસ્થાનને સ્પર્શ થાય કે સ્વયંભૂ હાસ્ય થાય છે. જિહ્વાને મિષ્ટ પદાર્થનો સ્પર્શ થાય કે દ્રવે છે. ઇંદ્રિયમાત્રનો સ્વવિષય સાથે સંયોગ થાય કે તેની સાથે તે ઇન્દ્રિય પોતાના ધર્મમાં પ્રવૃત્ત થાય છે. તટસ્થ સાક્ષી પોતાના વિષયભૂત પ્રવાહને પ્રત્યક્ષ કરે, ગુણાનુરાગી થાય, તો ઉક્ત ન્યાયથી જ પ્રવાહમાં પડી તે પ્રવાહના રસનું આસ્વાદન કરે એ તેનો ધર્મ છે. એ ધર્મનો પ્રતિરોધ દોષરૂપ કેમ ન ગણાય ? એ પ્રતિરોધ



સંભવે કેમ !—શક્ય કેમ થાય ! તેની આવશ્યકતા શી છે !

મહાત્માઓનાં સાક્ષરજીવન જોતાં આ પ્રશ્નોનો ઉત્તર એવો જડે છે કે દંભમાં, રાજ્યાધિકારમાં, અને વ્યવહારમાં ગણાતાં સદ્‌ભાગ્યોમાં જેવી અનેકરંગી ગુરુતા—લઘુતા છે તેવી જ આમાં પણ છે. વ્યાસ, વાલ્મીકિ, અને વસિષ્ઠનાં જીવન કેવળ તટસ્થ ગુણાનુરક્ત સાક્ષીના રૂપની શાંત સ્થિર ચિરંજીવ જ્વાલાઓ જેવાં જણાયાં છે. પાંડવ કૌરવોના અનેક અને મહાન સંઘટ્ટનના સાક્ષી અને કવિ મહાત્મા વ્યાસ "દ્વૈપાયન" દ્વીપમાં જન્મેલા અને દ્વીપમાં વસનાર હતા. પાંડવોના ચિત્તવેધક વનવાસ થયા, લાક્ષાગૃહ અને દ્રૌપદીવસ્ત્રહરણનાં ઘોર પાપ થયાં, બે પક્ષની સેનાઓ કપાઈ મરી, સેનાપતિ કુરુભૂમિમાં પડ્યા, અને પાંડુરાજના જન્મ પહેલાં પ્રજા જેવી અનાથ હતી તેવી પાછી પરીક્ષિતની વયઃપ્રાપ્તિસુધી થઈ. પણ આ સર્વ વંશનું અને તેજનું આદિકારણ વ્યાસ પોતે હતા તે તો આ સર્વ પ્રવાહોમાંથી એક પણ પ્રવાહમાં પ્રવૃત્ત થયા નથી અને માત્ર વેદની સંહિતા, મહાભારત આદિ સમર્થ ગ્રંથો તેમના સાક્ષરજીવને ગૂંથ્યા તે ગ્રંથોથી જ એ મહાત્માનો અવતાર આપણી પાસે પ્રત્યક્ષ છે. વાલ્મીકિનું પણ તેમ છે. વસિષ્ઠનું પણ તેમ છે. અનેક શાસ્ત્રકારો, સ્મૃતિકારો, અને પુરાણકારોનું પણ તેમ જ છે. આકાશમાં તારાગણની જાળ આપણે શિર ગૂંથાઈ છે, તેમનાં તેજ અંધરાત્રિએ આપણને દિગ્દર્શન કરાવે છે, તેમને બળે પૃથ્વી અહોનિશ સતત ગતિમતી થઈ નિયમમાં પ્રવર્તે છે, અને જ્યોતિઃશાસ્ત્ર માનનીય હોય તો તો મનુષ્યનાં ભાગ્ય પણ એ જ તારાગણના પાડેલા ચીલામાં દોરાય છે. જેવી આપણે માથે આ તારાઓની જાળ ગૂંથાઈ છે તેમ આ દેશના આર્યોને શિરે ઉક્ત પ્રકારે સર્વ ઋષિમુનિઓનાં સાક્ષરજીવનની જાળ અનન્ત પ્રકાશથી ગૂંથાઈ રહી છે. આપણી અર્વાચીન દૃષ્ટિથી તે એટલી તો દૂર છે કે પાશ્ચાત્ય વિદ્વાનોનું અનુકરણ કરી કોઈ નવીન સમર્થ દૂરદર્શક કાચનલિકાઓ લઈ શોધક બુદ્ધિથી અવલોકન કરીએ નહિ ત્યાં સુધી આ આપણા તારાગણની ગતિ અને સ્થિતિ સમજાય એમ નથી. આ સાક્ષરજીવનોમાં લોકકલ્યાણની વાસના અને ચિંતા એટલી દેખાય છે કે કોઈ સ્થાને સારાં સ્થાને મીઠાં ફળ ઊગેલાં તોપણ મનુષ્યકૃતિની અપૂર્ણતા સંભારી માત્ર તેમની કલ્યાણ

કરવાની વૃત્તિ ઉપર દૃષ્ટિ કરવાથી જ ઉપકારની અશ્રુધારા છૂટે એમ છે. આપણા આવા મહાત્માઓનાં જીવનમાં આવી દુર્લભ સાક્ષિતા હતી; છતાં તેમની તટસ્થતામાં ક્વચિત્ ઇંદ્રની અપ્સરાઓ વિઘ્ન નાંખતી, તો ક્વચિત્ વ્યાસના જ પિતાને મત્સ્યગન્ધા મળતી; ક્વચિત્ ભીષ્મ-પિતામહ જેવાના જન્મને માટે ગંગા જેવીના ઉપર મન્મથના શરપ્રહારનો ઉપકાર માનવો પડે છે, તો અન્યત્ર ભરતખંડને નામ આપનાર ભરતની જનનીની જનની થવાને માટે ઇંદ્ર અને મેનકાનો ઉપકાર માનવો પડે છે અને વિશ્વામિત્રના તપોભંગને કલ્યાણકારક ગણવો પડે છે. સંક્ષેપમાં સાક્ષરજીવન જેવાં પોતાની તટસ્થતાથી કલ્યાણકારક થયાં છે તેમ તે તટસ્થતાના ભંગથી પણ થયાં છે. જો તટ ઉપરનો સાક્ષી વ્યાસ વાલ્મીકિ પેઠે તટ ઉપર જ રહી શકે તો ઉત્તમ વાત છે. પણ કોઈ સમર્થ સાક્ષી તટ ઉપર ઊભો રહેતાં રહેતાં મોહથી પ્રવાહમાં પડી જાય તો શું ? જેમ યુદ્ધમાં જનાર ક્ષત્રિયને જય, મરણ, બંધન, અને પલાયન એવા ચાર માર્ગ છે તેમ તટસ્થ સાક્ષી થવા ઇચ્છનારને માટે પણ એ ચાર માર્ગ જ છે. સાક્ષિત્વમાંથી પલાયન તો તેને અપયશકર અને અનિષ્ટ છે, અને લોકની કલ્યાણસમૃદ્ધિમાંથી ક્ષતિ કરે છે. માટે સાક્ષરજીવન સ્વીકારનાર સમર્થ વ્યક્તિ એ જીવનના યુદ્ધમાંથી પલાયન કરે તેના કરતાં તો ક્ષત્રિયની પેઠે બંધન પામે એ જ વધારે ઉચિત છે. એક વિદ્યુચ્છાસ્ત્રના શાસ્ત્રીના મનમાં એવી બુદ્ધિ થઈ કે વિદ્યુત્પ્રહારથી મરણ થતાં શરીર ઉપર કેવું પરિણામ થાય છે તેનો જાતઅનુભવ કરવો અને મરતાં મરતાં વર્ણવી જવો. એક પાસથી તેણે પોતાના શરીરને વિદ્યુતયંત્રનું સૂત્ર બાંધ્યું અને એક હસ્ત છૂટો રાખી પોતાના શરીરમાં વિદ્યુતની સંક્રાંતિથી શી અસર થઈ તે લખતો ગયો. એ લેખ લખાતો ગયો, લખનારના અક્ષરપ્રવાહને માત્ર મરણે જ બંધ પાડ્યો, અને આ તટ ઉપરથી પ્રવાહમાં પડેલા સાક્ષીના મરણથી જગતમાં કંઈ નવા "અનુભવ"નો શોધ થયો. આમ જ સાક્ષરજીવનનું આમરણાંત પ્રવાહમાં જ બંધન અને મરણ થાય તો તેથી તેની વ્યક્તિના શરીરનું અને જીવનું ભલે તે અકલ્યાણ થાય, એ વાતમાં એ વ્યક્તિનો સદ્ગુણ અને પુણ્યભાગ ગણાઓ કે દુર્ગુણ અને પાપભાગ ગણાઓ તે અન્ય ધર્મશાસ્ત્રનો ગહન વિષય છે અને આપણે તો માત્ર એટલું જ જોઈશું કે આથી જગતનું કલ્યાણ છે કે નથી અને એ જોતાં જે સૂઝે તેથી જ એ જીવનનું સાફલ્ય કે વૈફલ્ય ગણવું ઉચિત



છે. સાધારણ મનુષ્યોનો દૃશ્ય દેહ ચર્માદિસમેત સ્થૂલ અને એક જ છે; પણ યશઃ શરીરાદિ સમેત અક્ષરદેહ સાક્ષરજીવનના સ્થૂલ મરણ પાછળ દૃશ્ય અને ભોગ્ય રહે છે. જ્યારે સાક્ષરોના સ્થૂલ દેહનો વ્યવહાર દુષ્ટ હોય ત્યારે જનસમુદાય તેનો તિરસ્કાર કરે તો તેથી એ સ્થૂલ દેહને સુધરવા વારો આવે, અને જો લોક એ દેહનો સંસર્ગ કરવાનો મૂકે તો એ દેહને વનવાસ શોધવો પડે અને લોકસંસારના વિક્ષેપથી મુક્ત થઈ તે પુરુષનો અક્ષરદેહ નિવૃત્ત અને સ્વતંત્ર થાય. માટે આટલે સુધી એ દેહને શિક્ષા કરવી યોગ્ય છે; પણ તેને સ્થૂલ-દેહાંતની શિક્ષા કરવાથી તેના અક્ષરદેહનું પોષણ બંધ થાય છે અને અક્ષરદેહને શિક્ષા કરવી તે લોકસમુદાયને જ શિક્ષા કરવા જેવું છે. આવા વિચારોથી જ આ દેશમાં બ્રાહ્મણોને દેહાંતશિક્ષા ન કરતાં અન્ય શિક્ષા કરવાની શાસ્ત્રાજ્ઞા છે. આ કાળમાંના ધારાશાસ્ત્રને આ વ્યવસ્થા અપરિચિત છે, અને બ્રાહ્મણો પણ સાધારણ રીતે સાક્ષરજીવનમાં સમજતા પણ નથી, એટલે તેમને ઇતર વર્ગના જેવી શિક્ષા થાય તે આપણાં શાસ્ત્રોના આશયથી વિરુદ્ધ નથી. પણ લોકસમુદાય સાક્ષરદેહીના સ્થૂલદેહ અને અક્ષરદેહ વચ્ચેનો આવો ભેદ સ્વીકારે તો તે અકલ્યાણકર નથી. "મારું કહ્યું કરશે તે વૈકુંઠ જશે ને મારું કર્યું કરવા જશે તે નરકમાં જશે" એવું કહેવાતું કૃષ્ણવાક્ય આવા જ ભેદને ઉદ્દેશી બોલાયેલું છે. તે પ્રમાણેનો ભેદ સ્વીકારવો એટલે સાક્ષરોના સ્થૂલદેહનો ન્યાય સ્થૂલદેહના શાસ્ત્રથી કરવો અને અક્ષરદેહનો ન્યાય તેની કલ્યાણ-વૃત્તિના દર્શનથી કરવો એ માર્ગ આ દેશને પરિચિત છે, કલ્યાણપોષક છે, શાન્ત છે, અને ઉદાર છે.

આ ઉદારતા લોકસમુદાયની મનોવૃત્તિના બોધને માટે કહી છે. સાક્ષર વ્યક્તિ પોતે ન્યાય માગે તો તેણે તો તેના સ્થૂલદેહના ન્યાયથી જ જીતવા હારવાનું છે. તેનું કલ્યાણ તે ન્યાયમાં જ છે અને એથી બીજા ન્યાયમાં તેનો અધિકાર એ જાતે માગી શકે નહીં તેમાં જ જગતનું રક્ષણ છે. ગૃહસ્થને ત્યાં અતિથિ આવે ત્યારે ગૃહસ્થે સત્કારનો આગ્રહ કરવો અને અતિથિએ ગૃહસ્થની શક્તિ ઉપરાંત અને પોતાની આવશ્યકતા ઉપરાંત દાન લેવું જ નહીં, એ જ ન્યાયે લોકે સાક્ષર માટે ઉદાર રહેવું અને સાક્ષરે ઉદારતા સ્વીકારવી નહીં એવા તેમના પરસ્પર ધર્મ છે. એ ઉદારતાની ઉપર પ્રમાણે સુગમ મર્યાદા છે. પછી

દેશકાળને બળે મર્યાદાઓ ફેરવવાનું ઉચિત લાગે ત્યાં બાધ નથી, પણ આટલો ભેદ સમજ્યા પછી તે થાય તો ક્ષેમકારક છે. જે અક્ષર-સૃષ્ટિને આપણે "દયારામભાઈ"ને નામે પૂજીએ છીએ તેનું કારણભૂત સ્થૂલશરીર આજ વિદ્યમાન હોય અને તેનો ઇતિહાસ કહેવાય છે એવાં લંપટચરિતથી ભરેલો હોય તો આ યુગમાં કોઈ તેને બોલાવે નહીં; પણ તેનો સ્થૂલદેહ પડ્યો તેની સાથે તેનો ન્યાય કરવાનો દંભ કોઈને થતો નથી અને અક્ષરદેહની આરતી થાય છે. એવો મિશ્ર દેહ આપણી દૃષ્ટિએ આજ પડે તો તેના સ્થૂલ ભાગને સ્થૂલમુખથી આપણે કહેવું કે "તું વિષમય છે તેને સ્થાને અમૃતમય થાય તો તારારૂપી ઉદ્યાનમાં ઊડતું અક્ષરરૂપ જલયંત્ર ( ફુવારો ) કેવું અધિક અમૃતમય લાગે!" આપણું સ્થૂલમુખ આવો ઉચ્ચાર કરી એ સ્થૂલદેહને દૂર કાઢી તેમાં સૂતેલા અક્ષરદેહને, મુખથી નહીં, પણ હૃદયથી–જગજ્જાયને મળ્યો હતો તેવો–આશીર્વાદ દેવો કે "સુખે નિદ્રા લે, તારી પાસે સરસ્વતી દેવી અખંડ જાગ્યા કરે છે." આવો વિધિ ચતુરને દુર્ગમ નહીં લાગે.

બીજી રીતે દૃષ્ટિ કરીએ તો આવા સ્થૂલદેહ ઉપર દયાનું પૂર્ણ કારણ છે. તટ ઉપર ઊભાં રહી વાયુચક્ર સાથે યુદ્ધ કરતાં અથવા દૃષ્ટિવિષય થતા પ્રવાહે ઉત્પન્ન કરેલા મોહથી કોઈ સાક્ષરના સ્થૂલદેહની આવી દીન કે દુષ્ટ અવસ્થા થાય તો એ યુદ્ધ અને એ પ્રવાહને લીધે જ આ સ્થૂલદેહની આવી દશા થઈ ગણવી જોઈએ. કેટલાક દેશમાં આજ પણ કેટલાંક પવિત્ર સ્થાનોમાં અગ્નિ ઉપર ચાલી જવાનો વિધિ પ્રસિદ્ધ છે. એવા અગ્નિ ઉપર પવિત્ર વાસનાથી ચાલનારને ચરણે આધિ થાય તો તેટલાથી તેનું પુણ્ય ઘટતું નથી પણ વધે છે એમ ગણાય છે. એ જ ન્યાયે ઉક્ત પ્રવાહો ઉપર કલ્યાણકારક દૃષ્ટિ કરવા જતાં, વાયુચક્રથી હારી અથવા પ્રવાહમાં પડી, તટસ્થતાથી ભ્રષ્ટ સાક્ષર પોતાના આ હતભાગ્યમાટે જગતની અનુકંપા ઇચ્છે, અને માગે કે "પવિત્ર અગ્નિ ઉપર ચાલતાં મારી અશક્તિથી આ અવસ્થા થઈ છે માટે મારો ત્યાગ ન કરો અને મારા સ્થૂલશરીરના આધિવ્યાધિ શાંત કરવામાં સાહાય્ય આપો!" આમ તે માગે તો તેની પ્રાર્થના સ્વીકારવાની કયો સહૃદય સાક્ષર ના પાડશે? "માતાપિતાના ગુપ્ત અપરાધ પ્રકટ કરવા એ નિંદ્ય ગણાય છે અને તેમના આધિવ્યાધિના વગર-



ક્ષે પ્રતીકાર કરવા ધર્મ ગણાય છે તેમ જ સાક્ષરજીવનની સ્થૂલદેહનાં સ્ખલિતને માટે એવી જ ગણના કોઈ રાખે તો તેનો દોષ, તેવી ગણના ન રાખનાર અનાત્મપરીક્ષકના દોષ કરતાં, કંઈક ઓછો લાગશે.

તે ગમે તે હો તોપણ આ પ્રસંગમાં એટલું જ વધારે જાણવા યોગ્ય છે કે અસાધારણ શરીરના વ્યાધિ પણ અસાધારણ હોય છે એ નિયમ સાક્ષરજીવનના આવા વ્યાધિને તેમ તેની બુદ્ધિને પણ લાગુ પડે છે. એટલું જ નહીં પણ સર્વ પ્રકારનાં માહાત્મ્યને લાગુ પડે છે. પશુપક્ષીઓ આહારને માટે કલહ કરે છે તેવો જ કલહ–વ્યાધિ મનુષ્યલોક અનેક રૂપે અને અનેક કારણોથી અત્યધિક વેઠે છે. મનુષ્યલોકને પશુપક્ષી કરતાં બુદ્ધિ–આદિ અધિકતર છે તો તેને તેમની શારીરિક સંપત્તિ નથી, અને તેમને અપરિચિત વ્યાધિ–આધિ–ઉપાધિનો આ લોક ભોક્તા થાય છે. દેવોને તે સર્વથી મુક્ત કલ્પનાર પુરાણો, ગુલિવરના કર્તાના જેવા રસથી, એ જ દેવતાઓમાં, મનુષ્યો જેનો તિરસ્કાર કરે એવા બુદ્ધિદોષ, અને મનુષ્યોને જેનું અભિજ્ઞાન ન હોય એવા વ્યાધિ, કલ્પે છે. સાતે વારના દેવો સૂર્ય ચંદ્ર આદિના દોષ અને વ્યાધિ સકારણ પણ વિચિત્ર કલ્પ્યા છે. ઇંદ્રનો દોષ રંક તપસ્વી તપ કરવા બેસે ત્યાંથી ઊઠવા માંડે. એના બીજા દોષનું પરિણામ એ કે એનું આખું શરીર વીંધાયું અને સહસ્રાક્ષ થયો! તેનાથી મોટા બ્રહ્મદેવ, તેને પોતાની આત્મજા સરસ્વતી ઉપર મોહ થયો! આ સર્વમાંથી મનુષ્યલોકને અસ્વાભાવિક આ બ્રહ્મદેવના દોષ ઉપર દૃષ્ટાંત માટે દૃષ્ટિ કરીએ. જે બ્રહ્મદેવમાંથી સૃષ્ટિનો પ્રવાહ જન્મ પામ્યો તેમાંથી જ સરસ્વતીનો પણ પ્રભવ પામ્યો. એ સર્વ સૃષ્ટિમાં સરસ્વતી સર્વથી સુંદર નીવડી. કવિ જેમ પોતાની કવિતા ઉપર મોહ પામે તેમ આ સૃષ્ટિના કવિએ સર્વ સૃષ્ટિરૂપ કવિતા રચી, પણ સરસ્વતીરૂપ કવિતા ઉપર જ તે કવિ મોહિત થયા. પિતાએ પુત્રી પાસે તટસ્થ રહેવાનું છે તેમ આ વિશ્વરૂપ મહાભારતનો વ્યાસ બ્રહ્મદેવ એ વિશ્વના પ્રવાહ પાસે તટસ્થ રહી તેના પ્રવાહનું પોષણ વિષ્ણુને સોંપે છે અને પોતે તો માત્ર વ્યાસના જેવું સાક્ષરજીવન જ ગાળે છે. સંતતિમાંથી જે અધિકારી હોય તેને જ્ઞાન અને ધર્મનો યોગ કરાવવો એટલી અક્ષર-પ્રવૃત્તિ પોતાની પાસે રાખી આ સાક્ષરજીવન તટસ્થ અને નિવૃત્ત રહ્યું. પણ

સરસ્વતીના પ્રવાહને પોતે જન્મ આપેલો તે પ્રવાહનો તટ મૂકી, તટસ્થતા મૂકી, પોતે એ પ્રવાહમાં પડ્યા. એ એમનો પક્ષપાત, એ એમનો મોહ, અને એ જ એમની અશક્તિ. સરસ્વતીના પ્રવાહનું બળ એવું કે તે આવું છતાં કન્યા જ રહી, અને આજસુધી તેને યોગ્ય વર મળ્યો નથી. પ્રભુદેવની તટસ્થતા તૂટી તેવી જ સાધારણ સાક્ષરજીવનની તટસ્થતા તૂટે તો તેને એ જીવનને પ્રભુદેવ પાસેથી મળેલું દાય ગણી ઉદાર ક્ષમા રાખવી એ જગતનું કલ્યાણ ઇચ્છનારનો ધર્મ છે, અને શ્રીમંતોને શ્રીમંતાના અંગના રોગ થાય છે તેમ આ અસાધારણ જીવનનો રોગ ગણવો એ બુદ્ધિચિકિત્સકોને સુલભ લાગશે.

આ રોગનું આવું નિદાન સમજવામાં નીચેનાં વાક્ય ઉપયોગી થશે. એ વાક્યોમાં Genius એટલે નિસર્ગ-શક્તિ-નવીન કલ્પના કલ્પનાર શક્તિવાળી બુદ્ધિ-નું વર્ણન છે. સાક્ષરજીવનમાં આ શક્તિની સત્તા જેવી આવશ્યક નથી તેમ પ્રતિકૂલ પણ નથી, પણ હોય તો ઉપકારક છે ને ન હોય તો ચાલે એમ પણ છે. પણ આ શક્તિનાં અને અક્ષરજીવનનાં કારણભૂત થનાર વાસનાબલ અને તેની જ્વાલાઓ કેટલીક મોટી વાતોમાં સધર્મ છે, અને એ શક્તિને ઉદ્દેશી લખેલાં વાક્ય આ જીવનને પણ આ સધર્મતાને લીધે પ્રયોજ્ય-applicable-છે.

"In the present state of our knowledge, genius must be looked upon as the most signal and impressive manifestation of the tendency of nature to variation and individualisation in her organic formation which modern science is compelled to retain among its unexplained facts. Why we have a Shakespeare, a Michael Angelo, a Goethe, here and now, is a question that cannot be answered. * * * "

નિસર્ગશક્તિની પ્રેરક કોઈક મનોજ્વાલા થાય છે તેમ સાક્ષરજીવનની પ્રેરક કોઈ વાસનાજ્વાલા થાય છે. ઉભય જ્વાલાઓ સામાન્ય લોકવર્ગમાં અપરિચિત હોય છે, ઉભયની ક્રિયાઓ લોકને



પ્રશસ્ય લાગે તો પણ અનનુકરણીય લાગે છે. ઉભય જ્વાલાઓની વચ્ચે ઊભેલાં જીવન કુરુક્ષેત્રમાં નારાયણાસ્ત્રની વચ્ચે ઊભેલા **ભીમસેન** પેઠે "જ્વાલામાલી" થઈ જાય છે, અને ઉભય જીવનના અંતર્ભાગમાં એવી તો નવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે કે નવા શોધેલા અંતર્દર્શક કિરણયંત્ર-X-Rays-જેવી શક્તિથી બાહ્ય સૃષ્ટિનાં સત્ત્વોના અંતર્ભાગોને જોવા અપૂર્વ પ્રયત્ન આ જીવનમાં જ્વલિત થાય છે.

"Keenness of sensibility, both to physical (*e. g.* in Carlyle's case) and mental (*e. g.* in—Milton, Dante, and Shelley's cases) stimulli, is one of the fundamental attributes of the original mind, * * This fineness of the sentient fibre stands the closest relation to the intellectual side of genius. It is not so much an accompaniment of the creative genius as its vitalising principle. The wide and penetrating vision of the poet is the correlative of his quick, delicate, and many-sided sensibility. And the stimulus which ever urges him towards an ideal region, which makes him devote his days to the pursuit of some ravishing idea, has its origin in his rare, almost superhuman, capacity of feeling. The modest limits of the real world fail to slake his thirst for the delight of beauty, for the raptures of the sublime. Hence the impulse to fashion new worlds of his own. And by such ideal activities the emotional sensibilities which prompted them are deepened and intensified.

"All fine original work represents severe intellectual labour on the part of the producer, not necessarily at the moment of achievement,

but at least in a preparatory collection and partial elaboration of materials."

" Spiritual generation only takes place when the soul burns and throbs as with fever. At the moment of productive inspiration, the whole being is agitated to its depths, and the latent deposits of years of experience come to the surface. This full spring-tide of imagination, this cerebral turmoil and clash of currents, makes the severest demands on the controlling and guiding forces of volition. And it is only when the mind is capable of the highest effort of sustained concentration that the process of selecting and organising can keep pace with the rapid inflow of material. Hence, though in certain cases the excitement may be intensely pleasureable, it is nearly always fatiguing and wearying."

" One finds a meaning in the definition of poetic genius given by Lamartine when speaking of Byron:—" a vibration of the fibre as strong as the heart of man can hear without breaking.' * * * ' The author,' said Lord Beaconsfield on one occasion, ' is a being with a predisposition which with him is irresistible and which he cannot avoid." * * This sense of quasi-exterior pressure and compulsion is attested by more than one child of genius.'

આવા સ્વપ્નમય જીવનનાં તત્ત્વ જ અપૂર્વ થાય છે, તેના તન મનની રચના જ અલૌકિક થાય છે, એનાં શરીર અને મનની નાડીઓ



અને તંતુઓ–સર્વ વ્યવહારના પ્રવાહ ને અપરિચિત ધર્મોમાં સરે છે. તેનાં અવસ્થાન સંબંધમાં ઉપરનો લેખક લખે છે કે—

" Our conclusion is that the possession of genius carries with it a special liability to the action of the disintegrating forces which environ us all. It involves a state of delicate equipoise, of unstable equilibrium, in the psycho-physical organisation. Paradoxical as it may seem, one may venture to affirm that great original power of mind is incompatible with nice adjustment to surroundings, and so with perfect well-being."

સરણુરે ચાલવાનો સાધારણ માર્ગ મૂકી અશ્વ અથવા ઊંટ ઉપર નવા બેસનારને આરંભમાં જે ભય છે તેવો આ વધારે કાળ સુધીનો ભય છે. વ્યવહારથી જુદે માર્ગે નીકળી પડનાર પ્રજ્ઞાને તેમ સાહસજનને શિર આ ભય છે. વ્યવહારમાં પ્રવૃત્ત રહેનાર પ્રજ્ઞાવાન આ ભયથી મુક્ત છે. વ્યવહારમાં બાંધેલા માર્ગનો ઉત્તમ ઉપયોગ કરવાની બુદ્ધિ એક વસ્તુ છે. વ્યવહારને અજ્ઞાત માર્ગ ઉપર ચાલવા જનારની બુદ્ધિ ભિન્ન વસ્તુ છે.

" And it is here we see the qualitative difference between Genius and Talent. This last means superior endowment in respect of the common intelligence which all men understand and appraise. The man of Talent follows the current modes of thought, keeps his eye firm on the popular eye, produces the kind of thing which hits the taste of the moment, and is never guilty of the *folly of abandoning himself to the intoxicating excitement* of production. *To the original inventor* of ideas *and moulder* of new forms of art, *the intoxication is*, as we have seen, *everything*. He is under a kind of divine behest to make and fashion something new

and great, and, at the moment of compliance, recks little of the practical outcome to himself. And such recklessness is clearly one form of improvidence and mal-adaptation."

નિસર્ગ-શક્તિની પ્રેરણાથી કે સાક્ષાત્જીવનની વાસનાથી વ્યવહારથી જુદે માર્ગે નીકળી પડનારને વ્યવહાર સ્વાભાવિક રીતે મૂર્ખ ગણે છે. માતાપિતાના ક્ષેમકારક મંદિરમાંથી નીકળી નગરની પણ બહાર નવી સૃષ્ટિ જોવાના રસમાં ને રસમાં ચાલી જનાર બાળક જેવું, આ વ્યવહારથી જુદે માર્ગે નીકળી પડનારનું જીવન છે. આ બાળકને શિર જેવા ભય છે તેવા આ જીવનને શિર પણ છે. પણ જે બાલિશ આગ્રહથી નીકળેલા ધ્રુવને ફળ મળ્યું એવાં નહીં તો બીજી રીતનાં પણ અપૂર્વ ફળ આ જીવનને મળી શકે છે. ફેર માત્ર એટલો છે કે ધ્રુવને પોતાને રાજ્ય મળ્યું. અને આ જીવનના ભાગ્યમાં તો—નવાં સ્વપ્ન જોઈ તેની કીર્તિ ગાવાનું જ છે—નરસિંહ મહેતા પેઠે જોયેલી રાસલીલા જગતને ગાઈ બતાવવાનો જ નિઃસ્વાર્થ લોભ અને આનંદ છે, અને તે વ્યવહારમાં મૂર્ખ ગણાય છે.

એ ભલે મૂર્ખ હો, પણ એ મૂર્ખતા કરી આ પ્રજાજીવન જગતના લાભમાં કંઈક અપૂર્વ ફલસંપત્તિ આપી શકે છે.

" But if improvident, he is improvident in a high cause. Emerson and others have taught us the uses of the great man. The teacher of a new truth, the discoverer of a higher and worthier form of artistic expression, is one in advance of his age who, by his giant exertions, enables the community and even the whole race to reach forward to a further point in the line of intellectual evolution. He is a scout who rides out well in advance of the intellectual army and who, *by this very advance* and *isolation* from the main body, *is exposed to special risks.*



* * *Thus genius, like philanthropy or conscious self-sacrifice for others, is a mode of variation of human nature which, though unfavourable to the conservation of the individual, aids in the evolution of the species."*

જે જીવનથી આવો લાભ થાય તેના દોષ ઉપર ક્ષમાદૃષ્ટિ થતી નથી !

" If this be a sound view of the nature and social functions of the man of genius, it may teach us more than one practical lesson. Does it not, for example, suggest that *there is room just now for more consideration in dealing with the infirmities of great men?* There is no need of exonerating intellectual giants from the graver human responsibilities. We do well to remember that genius has its own special responsibilities, that *noblesse oblige* here too. At the same time we shall do well also to keep in mind that the life of intellectual creatures has its own peculiar besetments, and that in the very task of fulfilling his high and eminently humane mission, and giving the world of his mind's best, the great men become unequal to the smaller fortitudes of everyday life. To judge of the degree of blameworthiness of the faults of temper is a nice operation which may even transcend the ability of a clever and practised critic. *Perhaps the temper most appropriate to the contemplation of genius and most conducive to fairness of moral judgment, is one in which reverence is softened by personal gratitude, and this last*

*made more completely human by a touch of regretful pity."*

—JAMES SULLY.

આ સર્વમાં " Genius "-પ્રીભતા-ને સ્થાને "સાક્ષરજીવન" " અક્ષરદેહ " આદિ શબ્દ મૂકીએ તો તેને માટેનું ધર્મશાસ્ત્ર આપણે સૂચવી ગયા તેવું આ વાક્યોમાં આવી જાય છે. **अथवा सुखं शयीथाः पार्श्वे जागर्ति जाह्नवी भवतः** એ આશીર્વાદનો મર્મ પણ આ અંગ્રેજ સાક્ષરનાં વાક્યોમાંથી સ્પષ્ટતર થાય છે. દુર્વાસાનો ક્રોધ, વિશ્વામિત્રની ઈર્ષ્યા, પરશુરામનું વૈર, આદિ સાક્ષરજીવનને અગ્રે સ્ફુરતા દોષની ઉપેક્ષા કરી, બ્રાહ્મણોને પોતાનું રૂપ ગણવામાં શ્રીકૃષ્ણે પણ આવાં જીવનને આવો જ આશીર્વાદ આપેલો છે, અને શ્રીકૃષ્ણનો આશીર્વાદ તે ઈશ્વરની જ ઇચ્છા જગતના કલ્યાણ માટે ઉત્પન્ન થયેલી સમજની એવો બોધ તેમાં ભરેલો છે. જે અક્ષરદેહ જગતના કલ્યાણ માટે બંધાય છે તેના સ્થૂલદેહની અવદશા કરવામાં પણ ઈશ્વરનો કંઈક કલ્યાણકારક આશય હોય છે, અને એ અવદશામાં ડૂબી ગયેલા આ સ્થૂલદેહની આસપાસ-ગર્ભરૂપ પરીક્ષિતની આસપાસ તેના રક્ષણાર્થે સુદર્શન મુકાયું હતું તેમ કોઈક પવિત્ર સત્વ જાગૃત રહેલું છે એવી ઉત્પ્રેક્ષા જગન્નાથ કવિને આશીર્વાદ દેનારના હૃદયમાં સત્ય જ ભાસી હોય તો તે ઉચિત છે.

સાક્ષરજીવન સંસારથી વિપરીત દશામાં જાય છે, પ્રવૃત્તિઓના પ્રવાહોના વમળ વચ્ચે તટસ્થ થવાનો લોભ રાખે છે, પ્રવૃત્તિની ફલસમૃદ્ધિનું આસ્વાદન કરવાને સાટે તે સર્વના સાક્ષિત્વથી જ પ્રસન્ન રહેવાનો અભિલાષ રાખે છે, અને તે સર્વ કાર્યને માટે એક જાતનું તપ સાધે છે. પ્રવૃત્તિમાં પડી તેનાં ફલ શોધનાર જે શોધવાને માટે સાધે છે, તેવાં જ તપઃફળની મધ્યે ઉદાસીન અભોક્તા રહી સાક્ષરજીવન કંઈ નવા જ ઉચ્ચગ્રાહને શોધે છે.

प्राणानामनिलेन वृत्तिरुचिता सत्कल्पवृक्षे वने
तोये काञ्चनपद्मरेणुकपिशे धर्माभिषेकक्रियाः ।
ध्यानं रत्नशिलातलेषु विबुधस्त्रीसंनिधौ संयमो
यद्वाञ्छन्ति तपोभिरन्यमुनयस्तस्मिंस्तपस्यन्त्यमी ॥



સ્વર્ગના ઉત્તમ ભાગમાં વસી બ્રહ્મપુત્ર મુનિનું આ તપ તે કયા ફલના અભિલાષથી સધાતું હશે ? એવું જ તપ, એવો જ અભિલાષ સાક્ષરજીવનનો છે. કાલિદાસે પોતાના ઉત્તમ નાટકમાં ઉત્તમ સ્થાને ઉત્તમ કાળે ઋષિજીવનનું આ વર્ણન કરેલું છે. ઋષિજીવન એ સર્વશુદ્ધ સાક્ષરજીવનનો ઉચ્ચગ્રાહ છે. એ ઉચ્ચગ્રાહને પોતાના અક્ષરદેહમાં તિલકસ્થાને મૂકનાર કાલિદાસ જેવાનાં સ્થૂલદેહનાં કંઈ સ્ખલિત થયાં હશે તો આપણે તેના ઉપર કેવી દૃષ્ટિ કરીશું !

આ પ્રશ્નના ઉત્તરમાં વધારે લેખની હવે આવશ્યકતા નથી. એટલું જ કહેવું પર્યાપ્ત છે કે સૂર્યમાં પણ તે ચંદ્રના જેવાં અને તેથી મોટાં લાંછન છે પણ તેના અપૂર્વ તેજ આગળ તે લાંછન સૂઝે એમ નથી અને કેવળ રસજ્ઞોને તે જોવાથી લાભ પણ નથી. એવાં લાંછન દૂરદર્શક યંત્રથી જોવાનો અધિકાર કોઈ સાક્ષરજીવનને છે અને તે કોઈ ઉચ્ચગ્રાહને અર્થે જ. બાકી સાક્ષરજીવનનો ખરો અભિલાષ અને ઉચ્ચગ્રાહ, તો, વ્યાસ, વાલ્મીકિ, અને વસિષ્ઠનાં જેવાં શાંત દાન્ત ઉપરત અને આનંદ જીવનરૂપે, સર્વ દેશકાળને પ્રિય થયો છે, અને તેને કાલિદાસે આવી સુંદર વીર્યવતી ભાષામાં વર્ણવેલો છે. શકુન્તલાને માટે કાલિદાસે કહેવડાવ્યું છે કે " **सा हि कुलपतेरुच्छ्वसितम्.**" તેમ કાલિદાસ જેવાનાં જીવનનું પણ આવા ઉચ્ચગ્રાહ " ઉચ્છ્વસિત " જ છે. તેને માટે કંઈ ભય હોય તો તે ભયને એ ઉચ્ચગ્રાહનો અભિલાષ ગણવામાં લે એમ નથી. સંસારનો કોઈ પણ વ્યાપાર નિર્ભય નથી, તો આ અનિર્ભય પણ કલ્યાણકારક ઉચ્ચગ્રાહનો શોધક ભયને લેખામાં ન લે તો તેમાં અસ્વાભાવિક શું છે ?

**मेघा वर्षन्तु गर्जन्तु मुञ्चन्त्वशनिमेव वा ।**
**गणयन्ति न शीतोष्णं रमणाभिमुखाः स्त्रियः ॥**

એવી સ્ત્રીઓના આગ્રહ આટલા બળવાન હોય છે તો આવા ઉચ્ચગ્રાહનું બળ કેટલું હોય ?

જો આવા ભયમાંથી કોઈ આવું સાક્ષરજીવન મુક્ત નહીં રહી શકે અને ક્ષત થશે તો અપંગ અને વિકલ અરુણની પેઠે પ્રકાશરૂપ સૂર્યના આકાશગામી રથનું સારથિત્વ કરશે. જો સર્વ ભયમાંથી ઊગરી તે સપક્ષ સંપૂર્ણાંગ થશે તો કલ્યાણપ્રવૃત્તિના પોષક વાસુદેવ-સર્વવ્યાપી વિષ્ણુ-નું તે જાતે વાહનત્વ કરશે.

આવા પુણ્યફલનું સાધક સાક્ષરજીવન કેવી રીતે થાય છે ? જે પ્રવાહો એ જીવનના વિષય છે તે ઉપર આ જાણવા માટે હવે આપણે દૃષ્ટિ કરીશું.

## પ્રકરણ ૫

### પ્રવાહ, સાક્ષી, તેમનો યોગ, અને તેનાં ફળ.

સાક્ષરજીવનની વાસનાઓ, એ વાસનાથી સાક્ષીની દૃષ્ટિમાં થતો વિક્ષેપ, એ વિક્ષેપથી થતા પ્રવાહ, એ પ્રવાહનાં પ્રાકૃત સ્વરૂપ અને સાક્ષરદૃષ્ટિમાં પડતાં તેમનાં સંસ્કૃત અને સંસ્કારક પ્રતિબિંબ, અને સર્વથી એ જીવનને અને જગતને પ્રાપ્ત થતાં ફલ: એ વિષયોનો આ પ્રકરણમાં સમાસ છે.

પ્રાકૃત એટલે સામાન્ય લોકવર્ગ ચર્મચક્ષુને ચક્ષુ ગણે છે અને તેમની દૃષ્ટિમર્યાદા પ્રત્યક્ષ વ્યવહારથી આગળ ચાલી શકતી નથી, ત્યારે સાક્ષર વર્ગની દૃષ્ટિ એ મર્યાદાનું ઉલ્લંઘન કરી કોઈક નવા જ પ્રદેશમાં–નવા જ વિષયમાં–ચડી જાય છે. આવી સાક્ષરદૃષ્ટિના વિભાગ આપણામાં બે પાડેલા છે. તેમાં એક લક્ષ્યદૃષ્ટિ અને બીજી લક્ષણદૃષ્ટિ કહી છે. દેશકાળને અનુસરી ત્રીજી અને ચોથી દૃષ્ટિને આપણે શુકદૃષ્ટિ અને બાલદૃષ્ટિ કહીશું. આજના સામાન્ય સાક્ષરો લખતાં વાંચતાં જાણે છે તેમ ઘણા કાળથી બ્રાહ્મણોનો એક ભાગ અક્ષરવિદ્યાને કંઠસ્થ કરતો આવ્યો છે. એ વર્ગ પુસ્તકના અક્ષરોના ઉચ્ચાર કરે છે, અક્ષરો વાંચે છે, અને તેનું સ્મરણમાં ધારણ કરી શકે છે. આ વર્ગની દૃષ્ટિને માત્ર શુકદૃષ્ટિ કહીએ તો ચાલે. આનાથી ચડતો એક વર્ગ એવો છે કે જે કેવળ શુકદૃષ્ટિ નથી પણ વાંચેલું સમજી વિચારી શકે છે અને તેની બુદ્ધિમર્યાદા એથી આગળ વધતી નથી. આ વર્ગની દૃષ્ટિને બાલદૃષ્ટિ કહીશું. જેઓ ગમે તે પુસ્તકોને જ નહીં પણ કોઈ શાસ્ત્રને સમજી શકે છે અને તે શાસ્ત્રનાં દર્શાવેલાં લક્ષણથી દૃષ્ટ પદાર્થમાં શાસ્ત્રના નિયમનું દર્શન કરી શકે છે તેની દૃષ્ટિને આપણાં શાસ્ત્રોમાં લક્ષણદૃષ્ટિ કહી છે. જે સમર્થ સાક્ષરો દૃષ્ટ અને દૃશ્ય પદાર્થો ઉપર દૃષ્ટિ નાંખી તેમનાં લક્ષણ શોધે છે અને એવાં લક્ષ્યનાં લક્ષણો ઉપરથી સામાન્ય નિયમ-general laws-રચે છે તેઓ શાસ્ત્ર રચે છે અને તેમની દૃષ્ટિને શાસ્ત્રકારો લક્ષ્યદૃષ્ટિ



કહે છે. એ સામાન્ય નિયમોને ઉત્સર્ગ કહે છે. એ ઉત્સર્ગના અમુક સ્વરૂપને ન્યાયશાસ્ત્ર "વ્યાપ્તિ" કહે છે. આવા ઉત્સર્ગની કોઈ એક વિષયતંતુથી ગૂંથાયેલી માળા–ઉત્સર્ગમાળા–થાય તેને શાસ્ત્ર અથવા science કહેવાય છે. શાસ્ત્રી, એટલે આવાં સિદ્ધ થયેલાં શાસ્ત્રનાં લક્ષણોનો દ્રષ્ટા, તે લક્ષણદ્રષ્ટા. શાસ્ત્ર સિદ્ધ થતા પૂર્વે એટલે ઉત્સર્ગમાળા ગૂંથાયા પૂર્વે અને શાસ્ત્ર રચાયા પૂર્વે તે શાસ્ત્રના લક્ષ્ય પદાર્થો ઉપર દૃષ્ટિ કરી, તેમના લક્ષણનું દર્શન સ્વબુદ્ધિના પ્રભાવથી એ લક્ષ્ય દૃષ્ટિમાંથી ઉપજાવી તારવી કાઢી, તે લક્ષણો ઉપરથી શાસ્ત્ર નામની ઉત્સર્ગમાળા રચનારની દૃષ્ટિને જ આપણાં શાસ્ત્રોમાં દૃષ્ટિ કહી છે, અને તેમને આમ પ્રાપ્ત થયેલાં તે જ "દર્શન" કહેવાયાં છે. આપણામાં ન્યાયાદિ ષડ્દર્શન છે તે આવા અર્થથી કહેવાય છે. શુકદ્રષ્ટા, બાલદ્રષ્ટા, લક્ષણદ્રષ્ટા, અને લક્ષ્યદ્રષ્ટા–એ ચારે વર્ગ આ યુગમાં ન્યૂનાધિક શક્તિના દ્રષ્ટા સાક્ષર ગણાય છે. અન્ય વર્ગ તો અદ્રષ્ટા છે જ. આ ચારે વર્ગનાં સાક્ષરજીવનની વ્યવસ્થા વિચારવા જેવી છે.

શુકદ્રષ્ટાઓ પાસે થઈને અક્ષરપ્રવાહ ચાલ્યો જાય છે, પણ તે પ્રવાહના ગર્ભરૂપે રહેલા અર્થપ્રવાહમાં સ્નાન તો શું પણ તેના ઉપર દૃષ્ટિ સરખી તેઓ નથી કરતા. તેમના સ્મરણમાં માત્ર અક્ષરપ્રવાહનું પ્રતિબિંબ પડે છે. બાલદ્રષ્ટાઓ કેવળ પુસ્તકપ્રવાહના એટલે તેના અર્થના અને રસના સાક્ષી હોય છે. જેમ બાલકને દૃશ્યની દૃષ્ટિ કરવામાં અને તેનાથી થતા અવ્યક્ત સંસ્કારોના લાભમાં જ તૃપ્તિ રહે છે, દૂરથી સંભળાતા પણ સુસ્વર સુગીત ગાનનો સ્વર જેમ શ્રોતાના શ્રવણપુટમાં પ્રવેશ કરે છે, તેમ પુસ્તકોના અર્થ અને રસનો અન્યકૃતપ્રવાહ ક્વચિત્ અસ્પષ્ટ તો ક્વચિત્ અવ્યક્ત રૂપે બાલદૃષ્ટિમાં સંચાર કરે છે, અને મોહ ઉત્પન્ન કરેલો ઉત્તરરામમાં વર્ણવેલો છે તેવો જ બોધ અને મોહ બાલદ્રષ્ટા અનુભવે છે અને સૂક્ષ્મતર સંસ્કારોને પામે છે. લક્ષણદ્રષ્ટા પાસે એવા જ પ્રવાહ ચાલ્યા જાય છે અને તેનો એ સાક્ષી છે; પણ બાલદ્રષ્ટાઓને મળતી સામગ્રીથી તે તૃપ્ત રહેતો નથી. એ તો પાસે થઈને જતા આવતા પુસ્તકપ્રવાહનાં–તેમાંના અર્થના અને રસના પ્રવાહનાં તત્ત્વોનું પૃથક્કરણ કરે છે, એ પુસ્તકોમાં લખેલાં લક્ષણો ધરનાર વસ્તુને પુસ્તક બહારની

લક્ષ્યસૃષ્ટિમાં શોધે છે, અને તેમાં એ લક્ષણોનો આવિર્ભાવ જાણી લે છે. આવી રીતે લક્ષણદ્રષ્ટા પ્રથમ પુસ્તકપ્રવાહ ઉપર દૃષ્ટિ કરી પછીથી લક્ષ્યપદાર્થ ઉપર દૃષ્ટિ નાંખે છે. મહાત્માઓનાં વાક્યોના બોધની યથાર્થતા તેઓ, શ્રવણ મનન આદિ સર્વ ક્રિયાઓના અથવા દેશકાળ પ્રમાણે તેના જેવી જ બીજી ક્રિયાઓથી, ગ્રહી લે છે અને પ્રક્રિયાથી ઉદ્ભૂત થયેલી નવી સૃષ્ટિને આ ચર્મચક્ષુગોચર સૃષ્ટિના જીવરૂપે સ્ફુરતી આ લક્ષણદ્રષ્ટાઓ દેખે છે-તેના સાક્ષી થાય છે. દેખીતા સંસારના પ્રવાહ નીચે આવી રીતે લક્ષણદૃષ્ટિથી નવા પ્રવાહો ગોચર થાય છે. લક્ષણદ્રષ્ટા પ્રથમ લક્ષણ જોઈ લે, પછી તેનું વિષયભૂત લક્ષ્ય જુએ, અને અંતે લક્ષણવડે લક્ષ્યને સંસ્કારી કરે.

આમ, શુકદ્રષ્ટાની દૃષ્ટિ સાથે સંબંધ હોઈને બાલદ્રષ્ટાની દૃષ્ટિ કાંઈ વિશેષ પામે છે, અને બાલદ્રષ્ટાની દૃષ્ટિ સાથે સંબંધ હોઈને લક્ષણદ્રષ્ટાની દૃષ્ટિ કાંઈ વિશેષ પામે છે, પણ લક્ષ્યદ્રષ્ટાની દૃષ્ટિ એ સર્વથા ભિન્ન પ્રક્રિયાઓનો ઉપયોગ કરે છે. બાકીના ત્રણ દ્રષ્ટાઓની દૃષ્ટિ પ્રથમ પુસ્તક ઉપર પડે છે ત્યારે લક્ષ્ય દૃષ્ટિ પ્રથમથી જ લક્ષ્ય ઉપર પડે છે અથવા તો પુસ્તકને માત્ર લક્ષ્ય દર્શનના એક ઉપલક્ષણરૂપે વાપરે છે. શાસ્ત્રનો ઉદ્ભવ લક્ષ્યના કેવળ દર્શનથી નહીં પણ લક્ષ્યના અનુરોધથી જ વ્યવસ્થા કરવાથી થાય છે. લક્ષણદ્રષ્ટા પ્રથમ લક્ષણ જોઈ અંતે લક્ષણનો અનુરોધ કરી તે વડે લક્ષ્યને સંસ્કાર આપે છે; તેને સાટે લક્ષ્યદ્રષ્ટા પ્રથમથી જ લક્ષ્યને જુએ છે અને "મુંજમાંથી ઈષિકા "નીકળે તેમ એ લક્ષ્યના ગર્ભમાંથી લક્ષણ ખેંચી કાઢે છે અને એ લક્ષણવડે પણ લક્ષ્યના અનુરોધથી-લક્ષ્ય અને લક્ષણ-ઉભયને સંસ્કાર આપે છે. લક્ષણ, ઉત્સર્ગ અને શાસ્ત્ર એ ત્રણના વિધાતાને તેમના અનુરોધની અપેક્ષા નથી. **लक्ष्यैकचक्षुष्कस्तु तच्छास्त्रपर्यालोचनं विनाऽप्यपवादविषयं परित्यज्योत्सर्गेण लक्ष्यं संस्करोति*** ॥ ઉત્સર્ગરચનાના ન્યાયશાસ્ત્રને અંગ્રેજીમાં Induction અથવા વ્યાપ્તિની પ્રાપ્તિ કહે છે અને લક્ષણદ્રષ્ટાની દૃષ્ટિસૃષ્ટિના ન્યાયશાસ્ત્રને Deduction એટલે અનુમાન કહે છે. ગ્રીક સાક્ષરોના ન્યાયશાસ્ત્રમાં અનુમાન પ્રકરણ

* પરિભાષેન્દુશેખર.



પ્રસિદ્ધ છે પણ અનુમાનના મૂળરૂપે અન્વય અને વ્યતિરેકનાં ઉદાહરણોની આવશ્યકતાનો આપણા ન્યાયશાસ્ત્ર કરતાં વિશેષ છે. સાંપ્રત પાશ્ચાત્ય ન્યાયની Induction વ્યાપ્તિ પ્રાપ્તિ-માં આથી પણ વિશેષ છે, અને ઉદાહરણોનું શોધન કેમ કરવું અને કેવાં ઉદાહરણનું કેવું શોધન કરી ક્યારે વ્યાપ્તિ બાંધવી એ વિષયની ઉત્સર્ગમાળાનું પ્રકરણ આ પાશ્ચાત્ય શાસ્ત્રમાં આપણા શાસ્ત્ર કરતાં અનેકધા વિશેષ વિસ્તારવત્ અને સુઘટિત છે. આ બળને લીધે જ તેમની શાસ્ત્રસમૃદ્ધિ આજ આટલી વિકસિત છે. આપણે ત્યાં આવા અથવા પ્રાચીન રીતિના લક્ષ્યદ્રષ્ટાઓનો અભાવ છે, અને જેટલાં છે તેટલાં શાસ્ત્રોની લક્ષણદૃષ્ટિ થાય તો તે પણ નિર્ધનના ધન જેવો અમૂલ્ય ઇષ્ટ પદાર્થ છે.

લક્ષ્યદ્રષ્ટા કેવળ શાસ્ત્ર જ રચે એમ નથી. કલાભિજ્ઞ બુદ્ધિઓ પણ લક્ષ્ય જોનારી જ છે. શાસ્ત્ર અથવા Science અને કલા એટલે Art–એ ઉભયનાં શરીરમાં પુરુષ અને સ્ત્રીના શરીરના જેવા ભાવાંતર ભેદ છે. ચિત્રકાર અને ગાયક, કવિ અને નવલકથાકાર, ઇત્યાદિ વર્ગ લક્ષણદ્રષ્ટા હોય છે પણ ખરા અને નથી પણ હોતા, પણ તેઓ કલાભિજ્ઞ તો હોય છે જ. તેમને ઉત્સર્ગમાળાની અપેક્ષા આવશ્યક જ નથી અને એમ અપેક્ષાહીન રહી તેઓ લક્ષ્યદ્રષ્ટા થાય છે ત્યારે લક્ષ્ય પ્રવાહના હૃદયરૂપે સ્ફુરતા પણ પ્રાકૃત જનને અદૃશ્ય સૌંદર્યાદિ ચમત્કારોના પ્રવાહનાં પ્રતિબિંબના આ દ્રષ્ટાઓ ગ્રાહક બને છે. લક્ષ્યદ્રષ્ટાઓમાં આવી રીતે ઉત્સર્ગદ્રષ્ટા અને ચમત્કારદ્રષ્ટાઓ એવા બે વર્ગ પડે છે.

આ વ્યવસ્થા પ્રમાણે શુકદ્રષ્ટા, બાલદ્રષ્ટા, લક્ષણદ્રષ્ટા, અને લક્ષ્યદ્રષ્ટા એવા ચાર વર્ગ સાક્ષીના થાય છે. લક્ષ્યદ્રષ્ટા સાક્ષી ઉત્સર્ગદ્રષ્ટા કે ચમત્કારદ્રષ્ટા હોય છે. એમના સર્વ વર્ગની દૃષ્ટિના વિષયભૂત પ્રવાહ, વર્ગ પ્રમાણે, પૃથક્ પૃથક્ છે અને તે દૃષ્ટિઓની ક્રિયાઓ પણ પૃથક્ પૃથક્ છે તે ઉપર સંક્ષેપથી વર્ણવી છે.

એ સર્વ વર્ગમાં કલાદૃષ્ટિ હોય છે. કોઈ કલાભિજ્ઞ પુરુષ શાસ્ત્રથી લક્ષણ જાણી લઈ એ લક્ષણવડે લક્ષ્યને જુએ છે, તો કંઈક એવી પણ સ્થિતિ હોય છે કે લક્ષ્યદૃષ્ટિમાંથી ઉત્સર્ગને સ્થાને કલાનો ઉદ્ભવ પ્રથમ થાય છે અને તે કલાના વિકાસ પછી લક્ષણ અને ઉત્સર્ગ જણાય છે.

ઉપરના ચાર દ્રષ્ટા ઉપરાંત પાંચમો પર્યેષણદ્રષ્ટા છે. તે આ ચારે જાતની દૃષ્ટિઓથી અથવા તેમાંની ગમે તે એક અથવા અનેક દૃષ્ટિઓથી જુએ છે. જોતાં જોતાં અથવા જોઈને દ્રશ્ય વસ્તુની ચારે પાસે-परितः ફરી વળી એ વસ્તુનું તત્ત્વ પામવા यत्न કરે છે, અને તે પર્યેષણ કરી તે વસ્તુનું તત્ત્વ જોનાર પર્યેષકદૃષ્ટિ-philosophical eye-થી એ તત્ત્વને પામે છે. નિબંધ, શાસ્ત્રની ઉત્સર્ગ પૂર્વેની અવસ્થાના ગ્રંથો, વિચાર, વિવેચન ઇત્યાદિ પર્યેષક લેખન આ દૃષ્ટિનાં પરિણામ હોય છે. આ દ્રષ્ટા શું જુએ છે? ક્વચિત્ શુકદૃષ્ટિથી તૃપ્ત થતો તો ક્વચિત્ બાલદૃષ્ટિથી પ્રમોદ પામતો, ક્વચિત્ લક્ષણપ્રવાહના આરંભ શોધતો તો ક્વચિત્ લક્ષ્યસાગરમાં તે પ્રવાહનો સંગમ જોતો, ક્વચિત્ લક્ષ્ય સાગરની તરંગમાળાના ઉત્સર્ગ શોધતો તો ક્વચિત્ તેના ચમત્કારોથી ચમકતો, આ પર્યેષક સાક્ષી, ભિન્ન ભિન્ન દેશકાળમાં ભિન્ન ભિન્ન રૂપોથી સ્ફુરે છે; અને બીજી જાતના સર્વ દ્રષ્ટાઓએ માંડેલા સમુદ્રમંથનનું ક્વચિત્ મંદરાચલ જેવું મધ્યચક્ર બને છે તો ક્વચિત્ એ સર્વ સુરાસુરગણના જ બલોન્માદનું પોતાના મુખથી અને પુચ્છથી ઉભયથા મંથન કરનાર વાસુકીના જેવું વિષગુચ્છ બને છે; અને ક્વચિત્ સર્વ મંથનસામગ્રીના ભાર વહેનાર અને સર્વને અધોગતિમાંથી અટકાવનાર વજ્રપ્રાય કૂર્મ થાય છે.

આ સર્વ દ્રષ્ટાઓનાં જીવન સાક્ષરજીવન છે. હવે આપણે, એક પછી એક એમ એ સર્વનાં જીવનનાં મંદિર ઉઘાડી, એ જીવનના સાક્ષીસ્વરૂપ અધિષ્ઠાતા દેવોનાં દર્શન કરીશું, તેમના ગર્ભાગારમાં તેમનું પરિક્રમણ કરીશું, તેમની માત્ર દૃષ્ટિના જ પ્રસાદ માટે નૈવેદ્યસામગ્રી પેઠે પડેલા પ્રસાદવિધાનની વાસના લઈ લઈશું, અને અંતે એ દેવોના જગન્મંગલ સ્વરૂપનું સૌન્દર્ય આરાત્રિક (આરતિ) વડે જોઈ લઈશું અને ત્યારે એ સ્વરૂપને શંકરાચાર્યની મધુરવાણીથી આપણે કહેવું પડશે કે

शिरसि निहितभारं पात्रमारात्रिकस्य
भ्रमयति मयि भूयस्ते कृपार्द्रः कटाक्षः ॥



## પ્રકરણ ૯

### શુકદ્રષ્ટાઓ.

સર્વ સાક્ષરજીવનની નિસરણીનું નીચામાં નીચું પગથિયું શુકદ્રષ્ટાઓનું છે. જેને બુદ્ધિ છે તે પ્રાણીની સ્મરણશક્તિને બુદ્ધિના પ્રયોગથી જેમ બળ છે તેમ ભય પણ છે. એટલું જ નહીં પણ સ્મરણથી બુદ્ધિને પણ જેમ બળ છે તેમ જ ભય છે. પ્રત્યક્ષ પ્રમાણથી થયેલા સંસ્કારોનું સ્મરણ મનુષ્યને અને ઇતર યોનિને સામાન્ય છે ને અન્ય પ્રમાણથી સંસ્કારો મનુષ્યને જ પ્રાપ્ત થાય છે ને તેનું સ્મરણ મનુષ્ય જ અનેક યુક્તિઓથી રાખી શકે છે. આ પાછલી જાતના સ્મરણને બાદ કરી પ્રથમ જાતના સ્મરણને પાશવ સ્મરણ કહીશું; અને આ ભાગનો એટલે શુકદૃષ્ટિનો વિષય તેને જ ગણીને પ્રકરણ ચર્ચીશું.

એક કાળ એવો હતો કે જ્યારે આજનાં મુદ્રાયંત્ર સંસારમાં ન હતાં અને તેટલું જ નહીં પણ લેખનકળા પણ ન હતી. મુદ્રાયંત્ર વિનાની પણ લેખનકળાવાળી સાક્ષર પ્રજાઓએ પોતાની બુદ્ધિના પરિપાક સાચવવાને હસ્તલેખનાં પુસ્તકોથી સંતોષ ન માનતાં એથી વધારે અચલ લેખનાં સાધન શોધેલાં છે. ઇજિપ્ત દેશની અને આ દેશની પુસ્તકશાળાઓ અનેકધા નષ્ટ થઈ છે, પરદેશી રાજાઓને હાથે બળી ગઈ છે, અને અર્ધદગ્ધ અથવા અતિશ્રદ્ધ વિદ્વાનોને તેમ પોતાના પક્ષને સ્થાપવાની લાલસાવાળા વિદ્વાનોને હાથે વર્ણસંકર બની છે-છિન્નભિન્ન થઈ છે-અને વટલી છે. આ દુઃસ્થિતિમાંથી તેનું રક્ષણ કરવાને આ દેશમાં અશોક મહારાજે અને અન્ય બૌદ્ધાદિ રાજાઓએ મોટી મોટી શિલાઓ ઉપર લેખ કોતરાવ્યા છે તો ઇજિપ્તમાં રાક્ષસી પીરામિડો હજારો વર્ષના લેખોને આ યુગને માટે સાચવી રહ્યા છે. કોઈ દેશમાં સિક્કાઓ તો કોઈમાં વાસણો, કોઈમાં દેવાલયો તો કોઈમાં કબરો, એમ અનેક માર્ગોએ પ્રાચીન કાળની સરસ્વતી જડ વસ્તુઓમાં મૂર્તિમતી થઈ આ યુગને બોધ આપવા આયુષ્મતી રહી છે. પણ તેને જડ સૃષ્ટિને સ્થાને ચેતન મનુષ્યની જિહ્વાએ મૂર્તિમતી રાખવાની કળા તો આ દેશના જ આર્યોએ સિદ્ધ કરેલી છે અને એ

કળાવડે આપણા દેશમાંની શ્રુતિ જેવી સરસ્વતી આજના આપણા દેશીઓને શું પણ પરદેશી વિદ્વાનોને યે પ્રત્યક્ષ થઈ છે, ને પીરામિડના પથ્થર ઘસાયા કે ભાગ્યા હશે, પણ આપણા વૈદિક બ્રાહ્મણોના મુખમાંના મંત્રોચ્ચાર અને તેમને જિહ્વાગ્રે વસતી સર્વ સરસ્વતી, ગુજરાતમાં છિન્નભિન્ન થઈ હશે તો, કાશીનગરીમાં મણિકર્ણિકાના ઘાટ ઉપર સંભળાય છે ને શ્વેતબિન્દુ રામેશ્વરના તીર્થ આગળ પણ સંભળાય છે. હવે પછીના યુગમાં તેવું જે થાય તે ખરું પણ આજસુધી તે રહેલી છે ને તેનો લાભ લેવાને આ યુગ ચૂકશે તો તેની હત્યા પણ આ યુગને શિર જ રહેશે, અને હવે ભુલાયેલું રત્ન ફરી મનુષ્યને હાથ નહીં આવે.

જે સાક્ષરો આ સરસ્વતીને પોતાને કંઠે રાખી રહેલા છે તે આ પ્રકરણના શુકદ્રષ્ટાઓ જ છે. તેઓ એ સરસ્વતીના અર્થને સમજતા નથી ને શોધતા પણ નથી તેથી નવા વિદ્વાનોના મુખથી ગાળો ખાતા હશે અને આ કાળમાં શુકદ્રષ્ટાની આજીવિકા થવા જેટલી લક્ષ્મી પણ એ દ્રષ્ટાઓને મળવી કઠણ છે.

એક રીતે જોતાં અર્થ સમજ્યા વિનાના વેદાભ્યાસાદિકનું ફળ કાંઈ નથી ને એવા અભ્યાસીઓનું આયુષ્ય કાળજેવું વૃથા વહી જાય છે ને એ માર્ગથી તેમની આજીવિકા બંધ થાય તો તેમને પોતાને પણ પોતાનું આયુષ્ય ભારરૂપ થઈ પડે. **स्थाणुरयं भारहारः किलाभूदधीत्य यो वेदान्न विजानात्यर्थम् ॥**

" અર્થ જાણ્યાવિના વેદાધ્યયન કરનાર પુરુષ ભાર ઊંચકનાર થાંભલા જેવો છે." હાલની ભાષામાં કહીએ તો પુસ્તક ઊંચકનાર "ટેબલ" જેવો છે! એવા પુરુષનું જ્ઞાન " अनग्नाविव शुष्कैधो न तु ज्वलति कर्हिचित् ॥ અગ્નિવિનાના સૂકા લાકડા પેઠે કોઈ પણ સ્થાને જ્વલતું બળતું નથી." હાલના વિદ્વાનોને આ શુકદ્રષ્ટાઓની વિરુદ્ધ આ શ્રુતિવાક્યથી વધારે કહેવાનું ભાગ્યે જડશે.

પણ બીજી રીતે જોતાં આ જ કારણથી આ શુકદ્રષ્ટાઓનો સવિશેષ ઉપકાર આ યુગે માનવો ઘટે છે. આપણા જ આર્યબંધુ પારસીઓ ઝેન્દ-અવેસ્તાને પોતાનો પવિત્ર આગમ ગણે છે ને પાશ્ચાત્ય વિદ્વાનોના શોધ પ્રમાણે એ આગમની ભાષા ઝેન્દ અને આપણા આગમની વૈદિક ગીર્વાણ ભાષા ગુજરાતી-મરાઠી ભાષાઓ જેવો



પરસ્પર સંબંધ રાખે છે. પારસી બ્રાહ્મણો અથવા જેઓ દસ્તુર, અર્ધ્વારુ, વગેરે નામથી ઓળખાય છે તેમના પરિશ્રમથી તેમની ઝેન્દ ભાષાના ગ્રન્થ તેમની અનેક મોટી વિપત્તિઓની વચ્ચે સુરક્ષિત રહેલા છે. એ ધર્મગુરુઓએ પોતાની અગિયારીના અગ્નિને તેમ પોતાના આગમને અનેક યુગોથી એકરૂપે જાગતી રાખ્યા છે એ તેમની શુકદૃષ્ટિનો પ્રતાપ અને એ તેમની શુકદૃષ્ટિનું માહાત્મ્ય. તે જ રીતે આપણા "વેદિયા" અને "શુકલ" આદિ નામે પ્રસિદ્ધ બ્રાહ્મણોની શુકદૃષ્ટિના માહાત્મ્ય અને પ્રતાપથી આપણા ચારે વેદ અને સ્મૃતિ, શાસ્ત્ર, આદિ સર્વ ગ્રન્થોની સમૃદ્ધિ આપણા હાથમાં આવી શકી છે ને અનેક યુગના ભારથી ને અનેક પરદેશીઓને હાથે મળેલા પરાભવથી અસ્પૃષ્ટ-અભ્રષ્ટ રહી શકી છે.

આ શુકદ્રષ્ટાઓ પાસે થઈને માત્ર અક્ષરસૃષ્ટિનો પ્રવાહ નિરંતર વહ્યાં કરે છે. એ પ્રવાહના તટ આગળ તટસ્થ રહી, એ પ્રવાહ ઉપર દૃષ્ટિ કરી રહી, તેનું પ્રતિબિંબ પોતાના હૃદયમાં રાખવું અને જિહ્વાગ્રે તેને પ્રતિષ્ઠા આપવી : એટલી જ આ દ્રષ્ટાઓની વાસના હોય છે. આ વાસનાને બળે આ દ્રષ્ટાની દૃષ્ટિ આ પ્રવાહના પ્રત્યક્ષ દશ્ય કે શ્રાવ્ય-રૂપ વિના બીજા અંશ ઉપર જતી નથી ને ફરતી નથી. એ રૂપને આ દ્રષ્ટા પોતાના પાશવ સ્મરણમાં પ્રતિબિંબિત કરી લે છે ને જિહ્વાગ્રે તેના ઉદ્ગાર કર્યાં કરે છે. બિલાડી જેમ પોતાનાં બચ્ચાંને એક સ્થાનથી બીજે સ્થાને લઈ જતાં પોતાના મુખમાં તેમને રાખે છે પણ તેના ઉપર પોતાના દાંત બેસવા દેતી નથી તેમ આ દ્રષ્ટાઓ પોતાના સ્મરણવિષય ઉપર પોતાની બુદ્ધિના દાંત બેસવા દેતા નથી પણ એ વિષયના પોતાના અંગમાં જે સ્વભાવસિદ્ધ યંત્ર હોય છે તેને તેવું જ રહેવા દે છે.

આમ આ વિષય ઉપર દ્રષ્ટાની બુદ્ધિના દાંત ભૂલેચૂકે બેસી જાય નહીં તેને માટે આપણા વેદમાં સંહિતા, પદ, જટા આદિની વ્યવસ્થા કરી છે. આ વિષયનું વિવેચન કરતાં એક અંગ્રેજ ગ્રંથકાર લખે છે કે—

" This work being completed, extraordinary precautions soon began to be taken to guard the canonical text thus fixed against the possi-

bility of any change or loss. *Its result has been its preservation with a faithfulness unique in literary history.*

"The first step taken in this direction was the constitution of the "Pada" or "word" text which, being an analysis of the Samhita gives each separate word in its independent form, and thus to a considerable extent restores the Samhita text to an older stage. * * *

"A further measure for preserving the sacred text from alteration with still greater certainty was seen in the form of the *Krama-patha* or "step-text." * * Here every word of the Pada text occurs twice, being connected with that which precedes and that which follows. Thus the first four words, if represented by *a*, *b*, *c*, d, would be read as *ab*, *bc*, *cd*. The *Jata-patha* or "woven text," in its turn based on the *Krama-patha*, states each of its combinations three times, the second time in reversed order (ab, ba, ab; bc, cb, bc). The climax of complication is reached in the *Ghana-patha* in which the order is—ab, ba, abc, cba, abc; bc, cb, bcd &c. * * *

"Finally the class of supplementary works called *Anukramanis* or "Indices" aimed at preserving the Rig-veda intact by registering its contents from various points of view, besides furnishing calculations of the number, hymns, verses, words, and even syllables, contained in the sacred book.



"The text of the Rig-veda has come down to us in a single recension only; but is there any evidence that other recensions of it existed in former times?"

*(Mac Donell's History of Sanskrit Literature)*

હિમાલયથી કન્યાકુમારી સુધી ઋગ્વેદ એક જ રૂપે રહ્યો છે તેનું કારણ એના શુકદ્રષ્ટાઓની વાસનાને બળે તેમણે કરેલા ઉગ્ર તપનું આવું સામર્થ્ય છે. એ તપ એમની શુદ્ધિએ કર્યું છે. ઋગ્વેદના અક્ષરપ્રવાહ પાસે બેઠેલા આ બ્રાહ્મણોની શુદ્ધિએ તેમને એ અક્ષરો ફેરવવાના મોહમાં નાંખ્યા નથી. જ્યારે કાવ્યાદિકમાં અનેક ક્ષેપક ભાગ જોવામાં આવે છે ને વાચક વિદ્વાનોએ મૂળ લેખને સુધારવાના લોભમાં પડી મૂળ કર્તાને નામે એના ગ્રન્થની વચ્ચોવચ ગુપ્ત રીતે નવા લેખ મૂકી દીધા છે, જૂના અક્ષર ફેરવી દીધા છે, અને એક ગ્રન્થને અનેક રૂપ આપી વાચકવૃંદને સંશયમાં પાડ્યા છે, ત્યારે ઋગ્વેદાદિક અક્ષરબ્રહ્મને પૂજ્યતમ પવિત્રતમ ગણી તેના કોઈ પણ અક્ષરને, આપણે જેને "અનાદિ કાળ" કહીએ છીએ તે કાળથી તે આજસુધી ફેરવ્યો નથી, ઘટાડ્યો નથી, ને વધાર્યો નથી. શુકદ્રષ્ટાઓની શુદ્ધિ એ પ્રવાહના દ્રષ્ટાની પાસે તેના તપનો ભંગ કર્યા વિના એ "અનાદિ" કાળથી બેસી રહી છે અથવા બ્રહ્મદેવના મુખમાંથી નિકળેલી જન્મેલી આ સરસ્વતીદેવીને આ સર્વ દ્રષ્ટાઓના અચલિત બ્રહ્મચર્યે કુમારિકારૂપે રહેવા દીધી છે; અને તેનું જે કૌમારરૂપ તેના મૂળ દ્રષ્ટાઓએ દીઠું તે જ એ આદિશક્તિનું આદિરૂપ જોવા આજના આર્યો સમર્થ થયા છે અને એ રીતિએ આ બ્રહ્મચારી બ્રાહ્મણોને વિજ્ઞપ્તિ કરેલી તેનું તારતમ્ય આપણે સમજી શકીએ છીએ–તે વિજ્ઞપ્તિની કથા માત્ર એક જ મંત્રમાં આવે છે કે

विद्या ह वै ब्राह्मणमाजगाम
गोपाय मा शेवधिष्टेऽहमस्मि ।
असूयकायानृजवेऽहिताय
तस्मै मा दया वीर्यवती तथा स्याम् ॥

બ્રાહ્મણ શુકદષ્ટા પાસે જઈને, એ બ્રાહ્મણના અનાદિ તીવ્રતમ બ્રહ્મચર્યને બળે, બ્રહ્મદેવની આ બાળા એવી વીર્યવતી આજસુધી રહી શકી છે કે તે વીર્યની શક્તિ યુરોપના વિદ્વાનોને નવું તેજ આપવા સમર્થ થઈ છે ને આપણા પારસી બંધુઓના અહુરમજદના મુખની સરસ્વતીને પણ આ વીર્યે પ્રકાશિત કરી છે ને તેનું અભિનીકૃત કરેલું છે તે ઝેન્દ ભાષાના શોધકો સ્વીકારે છે.

" The deeper one penetrated into the oldest forms of Indian words and thoughts, the more striking appeared its close affinity with the Avesta words and thoughts. Many a mysterious line in the Avesta, received an unlooked-for light from the poems of the Indian Rishis and the long-forgotten past and the origin of many gods and heroes, whom the Parsee worships and extols without knowing who they were and whence they came, were suddenly revealed by the Vedas. " ( Sacred books of the East, Zend Avesta, Introduction by Prof. Darmesteter ).

શુકદષ્ટા જેવાઓના તપનું કેવું મહાફળ થયેલું છે અને તે ફળમાં કેટલું લોકકલ્યાણ સમાયેલું છે તેની કલ્પના આ ઉપરના ઉતારાઓથી થઈ શકશે. આટલા લોકકલ્યાણને અંગે એ દષ્ટાઓ પોતાનું ઐહિક કલ્યાણ શું કરે છે?

કલ્યાણ સારૂ એ દષ્ટાઓ પ્રથમ તો બુદ્ધિનો અને બુદ્ધિજન્ય ભોગમાત્રનો વિયોગ સાધે છે. વિદ્યાના અર્થ અને ચમત્કાર તેમને કંઈ પણ આનંદ આપી શકતા નથી. વ્યાકરણવિદ્યાવાળા એમના મુખને " અપશબ્દ " રૂપ મૃગોને સંતાવાનાં કોતર ગણે છે.[1] અંગ્રેજી વિદ્યા ભણેલા વિદ્વાનો તેમને મૂર્ખ અને જડ ગણે છે. બુદ્ધિ અને કીર્તિના વિષયમાં તેમનું ઐહિક અકલ્યાણ આટલું સ્પષ્ટ છે. પોતાના પારલૌકિક કલ્યાણમાં તેમને શ્રદ્ધા હોય તે જુદી વાત પણ ઇતર

૧ गणकाचिकिरतकवैदिकमुखगह्वराणि यदि न स्युः।
व्याकरणविद्भीता अपशब्दमृगाः क्व चरेयुः॥



લોકવર્ગ એ શ્રદ્ધા રાખતા નથી અને રાખે તો તે શ્રદ્ધા રાખીને તેમને એ પારલૌકિક કલ્યાણ શોધવાને માટે ઐહિક કલ્યાણનો ભોગ આપવાનું અને વૈદિક વૃત્તિ કરવાનું મન નથી થતું. આવી રીતે દયાપાત્ર થયેલા શુકદષ્ટાઓને માથે આરોપ માત્ર એટલો છે કે તેઓનો ધંધો લોકચિત્તમાં ખોટી શ્રદ્ધા ઉત્પન્ન કરી દ્રવ્ય રળી ખાવાનો છે. નવીન વિદ્યાવાળો વર્ગ આ વર્ગની ગણના ભિખારીઓ, ઢોંગિયાગરો, અને વડારા જોશીઓથી જુદી જાતની કરતો નથી.

આ સર્વ આરોપનું કારણ આ દષ્ટાઓની પાસે કોઈ દ્રવ્યના ઢગલા જોવાથી ભિન્ન થતું દેખાતું નથી. આપણો વૈદિક વર્ગ સામાન્ય રીતે કુટુંબનિર્વાહ જેટલા ધનથી વધારે ધનને પામનાર કે ભોગવનાર હોય એમ દેખાતું નથી. વિરક્ત જનના વિરાગનું લક્ષણ પણ એવું કહેલું છે કે **वर्तमानदेहस्थितिहेतुत्वनिषिद्धान्नाद्यतिरिक्तार्थेच्छाविकलतदा चेतोवृत्तिः इहामुत्रार्थभोगविरागः** ॥ ( શારીરક ભાષ્ય ઉપર આનન્દગિરિની ટીકા ). જો આમુષ્મિક શ્રદ્ધા વિનાનો એટલે ઇચ્છા વિનાનો વૈદિક બ્રાહ્મણ નિસ્પૃહી રહી શુકદષ્ટાનું જીવન ગાળે અને આજીવિકા જેટલી વૃત્તિથી તૃપ્ત રહી શકે તો તેને આ વ્યાખ્યા પ્રમાણે વિરક્ત ગણવો જોઈએ. પણ પાશ્ચાત્ય અર્થશાસ્ત્ર પ્રમાણે નિષ્ફળ જીવન ગાળનારને અન્નાદિક જેટલું કમાવાનો પણ અધિકાર નથી એવું મત છે. તેના ઉત્તરમાં શુકદષ્ટાના જીવનથી ઉક્ત પ્રકારે થતું લોકકલ્યાણ દર્શાવવાનું છે. જે બ્રાહ્મણો આવું જીવન ગાળે છે તેને દક્ષિણાદિ આપી એવા જીવનને ટેકવનાર ગૃહસ્થ એ જીવનથી થતા લોકકલ્યાણમાં સાધનભૂત થાય છે; તે સાધનતા આ દેશના ધર્મની દૃષ્ટિએ પુણ્ય છે, ને પાશ્ચાત્ય નીતિશાસ્ત્રની કસોટીએ કસતાં આ દેશના દેશીપણાનું અભિમાન ધરનારનો ધર્મ છે એટલું જ નહીં પણ યુરોપ અને અમેરિકાના દેશીઓને કલ્યાણરૂપ દર્શન પામવાનું સાધન હોનાર આ દ્રષ્ટાઓરૂપ દીવાઓની વાટને સળગતી રાખવાને તેલ પૂરવું તે સર્વ લોકના કલ્યાણને કરનાર, કંઈક અંશે, આર્ય કે અનાર્ય સર્વ અક્ષર-રસિક જનનો, ધર્મ હોવો જોઈએ; એટલું જ નહીં પણ દેશી પરદેશી રાજાઓનો પણ, આ વ્યવસ્થા એકદમ અસ્ત ન થઈ જવા દેવાનો, ધર્મ હોવો જોઈએ.

નિરુપયોગી લાગતી કેટલીક વસ્તુઓ ઉપયોગી નીવડે છે તેનું

આ આપણે મહાન દૃષ્ટાંત જોયું. એ ઉપયોગની વ્યવસ્થા કરનાર આર્ય ઋષિમુનિઓની બુદ્ધિના એક દેશનું દર્શન પણ આપણે આમ કર્યું. આવા લોકોપયોગી વૈદિક વર્ગની બુદ્ધિ આપણે જડ દેખીએ છીએ ત્યારે આપણો ધર્મ તેમનો તિરસ્કાર છોડી નવી ચિકિત્સા અને નવું ઔષધ કરવાનો થાય છે. પ્રાચીનતમ કાળમાં બ્રાહ્મણ વર્ગ બંધાયો તે કાળે તેના વ્યાપાર અને સંસ્કારમાત્રની સમાપ્તિ સાક્ષરજીવનમાં આવી ગઈ હતી. મુદ્રાંકિત થયેલાં પુસ્તકો તો શું પણ લેખનકળા પણ તે કાળે નહીં હોય એવું શોધકોનું કહેવું છે. સાક્ષરજીવનની ઉત્કૃષ્ટ પદવી શોધનારને પણ આ કારણથી પ્રથમ શ્રુતદ્રષ્ટા જ થવું પડતું હતું; તેમ કર્યા વિના તેનો છૂટકો ન હતો. જિહ્વાગ્રે ગ્રંથ થયા પછી જ એ ગ્રંથ સમજવાનો અને પોતાના જ કંઠમાં ભરેલાં ગ્રંથમાત્રનાં પાનાં ફેરવી ઉકેલી વાંચવાનો પ્રસંગ હતો. આથી પ્રત્યેક સાક્ષરપુરુષ આયુષ્યના પ્રથમ ભાગમાં, બ્રહ્મચર્યના કાળમાં, જ્યારે ધારણ સ્મરણશક્તિ અધિક હોય છે તે સમયે, પ્રથમ શ્રુતદ્રષ્ટા થતો અને તે પછી એ દૃષ્ટિના સાધનથી અન્ય દૃષ્ટિઓને સાધ્ય કરતો. દેશ તો એનો એ રહ્યો પણ કાળ ફરી ગયો, મનુષ્યની બુદ્ધિઓ તેમ સ્મરણશક્તિ હ્રાસ પામવા લાગ્યાં, પુસ્તકોની વૃદ્ધિને લીધે સ્મરણમાં રાખવાનો વિષય વિસ્તાર પામતો ગયો અને તેને માટે આયુષ્યનો વધારે વધારે ભાગ રોકવાની આવશ્યકતા થતી ગઈ, બ્રાહ્મણોનું પોષણ કરવાની વૃત્તિ લોકમાંથી ઘટતાં અને સાંસારિક ઉપાધિઓ વધતાં સાક્ષરજીવનનો વધારે કાળ નિરક્ષર વિષયોમાં રોકવો આવશ્યક થતો ગયો, અને તેમ તેમ શ્રુતદ્રષ્ટાપણું જીવનના આદિકાળને સ્થાને વધારે વધારે કાળ રોકતું ગયું; અને આજ એવો કાળ આવ્યો છે કે વૈદિક વર્ગ આખો જન્મારો શ્રુતદૃષ્ટિને સાધ્ય કરવામાં ગાળે છે. એ દૃષ્ટિ હવે તેમને અન્ય દૃષ્ટિઓની સાધક થઈ શકતી નથી તેનું કારણ આવું છે. એ દૃષ્ટિને એક અતિ મહાન અવસ્થાન આમ નડ્યું છે, એ નડતરથી તેમની દૃષ્ટિ તેમનું પોતાનું પ્રત્યક્ષ કલ્યાણ કરતી બંધ થઈ છે, અને માત્ર ઇતર લોકના કલ્યાણની સાધના કરવાની તેનામાં શક્તિ હતી તેટલી શક્તિએ ઉક્ત પ્રકારે લોકકલ્યાણ કર્યું છે. સંક્ષેપમાં બોલીએ તો શ્રુતદ્રષ્ટાઓએ પોતાની જાતનો, જાણ્યે કે અજાણ્યે પણ ઋષિમુનિઓ ઉપરની શ્રદ્ધાને બળે, ભોગ આપ્યો છે ને એ ભોગનું કલ્યાણફળ ચાખવા આજ લોકમાત્ર શક્તિવાળા થયા છે. તેમની સ્મરણશક્તિના



પ્રયોગથી તેમની પોતાની બુદ્ધિ ભયમાં આવી પડી છે અને અન્ય દ્રષ્ટાઓની બુદ્ધિઓને બળ અને પોષણ મળ્યું છે. એ અન્ય દ્રષ્ટાઓની બુદ્ધિએ એમની પોતાની સ્મરણશક્તિને આજ ભયમાં નાંખી છે એટલે શ્રુતદ્રષ્ટાઓ જેવો સ્મરણશક્તિનો પ્રયોગ આયુષ્યના આદિ કાળમાં કે કોઈ પણ કાળમાં અન્ય દ્રષ્ટાઓ કરી શકતા નથી; તેમનો જ્ઞાનવિષય ઋષિમુનિઓના કાળમાં થતા સ્મરણપ્રયોગના અને શ્રુતદૃષ્ટિના સમાગમ વિના અનુક્રમણિકાઓ, સૂચિપત્રો, અને વિવિધ જાતના કોશો ઉપર પરાધીન થઈ ગયો છે; અને એ નવી વ્યવસ્થાની સરસ્વતીના શરીરના સંધિ એવા શિથિલ થઈ ગયા છે કે તેથી પાણિનિ જેવાએ પોતાનું શાસ્ત્ર કેમ રચ્યું હશે, વ્યાસમુનિએ એક આયુષ્યમાં આટલા ગ્રંથરાશિ આટલી યુક્તિઓથી ભરી કેમ લખ્યા હશે, અને તેત્રીસ વર્ષના ટૂંકા આયુષ્યમાં શ્રીશંકરાચાર્યે આવા અદ્ભુત લેખ કેમ લખ્યા હશે એ વાતો આજના શિથિલ સંધિવાળી સરસ્વતીના ઉપાસકોને ચમત્કાર જેવી લાગે છે.

આ આપણા અર્વાચીન ઉપાસકોની એટલે આપણા જેવાઓની અને આપણા સાંપ્રત પાશ્ચાત્ય ગુરુજનોની સાક્ષર સ્થિતિનું બળ તેમ ઉક્ત પ્રકારનો ભય મુદ્રાંકનયંત્રે શ્રુતદૃષ્ટિનું કર્તવ્ય સાધવાનું કામ માથે ઉપાડવાથી પ્રાપ્ત થયો છે. પીરામિડ પર્સીપોલીસના લેખો અને આ દેશના સિક્કાઓ જેવા જડપદાર્થની ભાષાઓનાં તાળાં જે વિદ્વાનો ઉઘાડે છે તે જ આપણા શ્રુતદ્રષ્ટાઓની પાસેથી પૂરેપૂરી ફળસંપત્તિ પામશે ત્યારપછી તે સર્વના ગુણદોષની સૂક્ષ્મ તુલનાનો કાળ આવશે. એટલું જ નહીં પણ પાશ્ચાત્ય વિદ્વાનો આપણા શ્રુતદ્રષ્ટાઓના ઉદ્ગાર ઉપરથી પ્રતિબિંબિત થતા લેખ ઉપરાંત તેમના વિષયનો વિશેષ કાંઈ જાણતા નથી અને જાણી શકે એમ પણ નથી. આપણા શ્રુતદ્રષ્ટાઓના ઉચ્ચાર ઉપરથી લેખ થાય તે તો માત્ર દૃશ્ય છે, પણ તેમના ઉચ્ચાર શ્રાવ્ય છે. ઋગ્વેદની સ્વરસંપત્તિ જેવી શ્રાવ્ય છે તેવી સામવેદની ગાનસંપત્તિ પણ શ્રાવ્ય છે. આ શ્રાવ્યસમૃદ્ધિનો સર્વ વિષય હજી યુરોપને અપ્રકાશિત તેમ અલક્ષ્ય છે, એટલું જ નહીં પણ આ દેશના વિદ્વાનોમાંથી પણ તેની ગુણજ્ઞતા ક્ષીણ થવા જેવી છે. એ ગુણજ્ઞતા ઉદય પામશે ત્યારે આ શ્રાવ્યસમૃદ્ધિનો ગુણોદય પ્રકટ થશે; અને તે પ્રકટ થશે ત્યારે એ નવા યુગના લક્ષ્યદ્રષ્ટાઓ તેની તુલના કરવાને સમર્થ થશે. મુદ્રાંકનયંત્રે શ્રુતદૃષ્ટિની દૃશ્યસમૃદ્ધિની સ્પર્ધા કરી

છે તેમ "ફેનોગ્રાફ" આદિ નવાં યંત્રોનો વિકાસ આ શબ્દસમૃદ્ધિની પણ સ્પર્ધા કરે અને સ્પર્ધાની સાથે અન્ય દેશોમાં તેની કીર્તિને અને તેના ગુણોદયને પણ વધારે તો અસંભવિત નથી. તે પરિણામ કેવે પ્રકારે થશે તે આજથી અતર્ક્ય છે.

જે હો તે હો. આટલું સત્ય છે કે સાક્ષરજીવનની નિસરણીનું નીચામાં નીચું પગથિયું પણ આટલા લોકકલ્યાણનું સાધક છે અને એ જીવન જીવનારા સાક્ષરોને અક્ષરશબ્દના માત્ર જડ ભાગ સાથે જ સંબંધ છે તો પણ તેઓ પૂજનીય છે; અને નવા દેશકાળના લક્ષ્યદ્રષ્ટાઓ દૃષ્ટિગોચર થાય, અને આપણા પ્રાચીન શુકદ્રષ્ટાઓની પદ્ધતિનું સાક્ષરજીવન હવેના દેશકાળને અને આ દેશના ભવિષ્ય યુગને માટે ચિરંજીવ રહેવું જોઈએ કે નહીં અને કેવે રૂપે રહેવું જોઈએ તેનો સિદ્ધાંત એ લક્ષ્યદ્રષ્ટાઓ બાંધે ત્યાં સુધી આપણા આ શુકવર્ગ આયુષ્યમાન અને સુપોષિત રહે ને માત્ર એનાં અપસ્થાન ક્ષીણ અથવા પ્રતિકૃત થાય એટલી સિદ્ધિ આર્યાભિમાનીઓએ અને આ દેશના કે સર્વ મનુષ્યલોકના હિતચિંતકોએ સાધવા યોગ્ય છે.

અન્ય દ્રષ્ટાઓનાં પ્રકરણ હવે વિસ્તારીશું તેમાં તેમનો અને શુકદ્રષ્ટાઓનો સંબંધ દર્શાવવા યોગ્ય હશે ત્યાં દર્શાવીશું.



# પ્રકરણ ૭

## બાલદ્રષ્ટા

આ દ્રષ્ટાઓનું લક્ષણ પૂર્વે આપેલું છે ને હવે તેનો વિસ્તાર કરીશું.

જે સાક્ષરો પુસ્તકો લખવા કરતાં વાંચવાનો રસ વધારે અનુભવે છે, જેઓ લક્ષ્ય કે લક્ષણ શોધવા કરતાં ને જાણવા કરતાં પુસ્તકોમાં તેમનાં પ્રતિબિંબ જોઈ ને જ તેના ભોક્તા થાય છે, જેમને મન સરસ્વતીદેવીના અંતરાત્મા કરતાં તેના શરીરની, અવયવોની, અને લાલિત્યની મોહકતામાં તેનો રસ સમાપ્ત થાય છે અને તેટલા મોહમાં અને તજ્જન્ય ભોગમાં જેમની અધિક વાસનાઓનું શિખર આવે છે, તે સાક્ષરોને આ લેખમાં બાલદ્રષ્ટાઓ કહેલા છે. જેમ બાળકને અન્નાદિકના સ્વાદનો ભોગ છે અને તેના અર્થસત્ત્વથી પોષણ છે તેમ પુસ્તકોના રસથી બાલદ્રષ્ટાઓને ભોગ છે અને તેના અર્થસત્ત્વથી તેમનું પોષણ છે. પણ મોટી વયનાં મનુષ્યોને ખારાખાટા સ્વાદનો અને પથ્યાપથ્યાદિનો વિવેક જણાય છે પણ બાળકને નથી જણાતો તેમ ગ્રન્થકારોએ ધારેલા લક્ષ્ય પદાર્થ અને લક્ષણો ઉપર જેવી સ્પષ્ટતાથી અને જેવા વિવેકથી લક્ષણદ્રષ્ટાની દૃષ્ટિ પડે છે તેવી રીતે બાલદ્રષ્ટાની દૃષ્ટિ પડી શકતી નથી. અશિક્ષિત જીવનની દૃષ્ટિએ ગ્રન્થ તે માત્ર કાગળ, શાહી, અને અક્ષરરૂપ ચિત્રસંગ્રહનો એકઠો બાંધેલો જડ ગાંસડો છે. શુકદૃષ્ટિને મન એ જડ ગાંસડાનાં ચેતન મહાત્માઓએ લખેલા અક્ષર વાંચવાના ભરેલા છે, પણ પદ્મિની સ્ત્રીની પાસે ઊભેલા સેવકજનને તેના મુખનું પણ ધ્યાન રાખવું અથવા બુદ્ધિપૂર્વક તેને જોઈ રહેવું તે જેવું વર્જ્ય છે તેમ શુકદ્રષ્ટાના મનથી ગ્રન્થના અક્ષરોના અર્થનો વિચાર સરખો દૂર રહે છે. સ્ત્રી જેવી એ અક્ષરરચનાના અર્થનો અને રસનો ભોગ બાલદ્રષ્ટા સ્વતંત્ર બાલિશ રસબુદ્ધિથી કર્યાં જાય છે; એ રચનાનું સ્તન્યપાન વિચારશૂન્ય બાળક પેઠે કર્યાં જાય છે. શરીરવિદ્યાના પ્રાજ્ઞ પેઠે, રસશાસ્ત્રના શાસ્ત્રી પેઠે, લક્ષણદ્રષ્ટા એ રચનાના શરીરમાં, હૃદયમાં, અને આત્મામાં શાં શાં લક્ષણ અને ઉપલક્ષણ એ રચનાના વિધાતાએ નિર્ધારેલાં છે તે શોધે છે અને જાણી લે છે, અને એ લક્ષણનું લક્ષ્ય શોધી તે સાથે

લક્ષણને મેળવી તેના દૃષ્ટાંતને પણ જાણી લે છે. બાલદ્રષ્ટાને એ ક્રિયા પરોક્ષ છે, ભ્રમરૂપ છે; મત્સ્યને મન જળ બહારનું વાતાવરણ છે તેવી જ બાલદ્રષ્ટાને મન આ ક્રિયા છે.

આ પ્રમાણે બાલદ્રષ્ટાની વાસના વૃત્તિરૂપ છે, ભોગરૂપ છે. એની પાસેનો અક્ષરપ્રવાહ એની દૃષ્ટિ આગળ થઈને રસરૂપે ચાલ્યો જાય છે, વહ્યો જાય છે, અને તેમાં એની દૃષ્ટિ અને વાસના ઠરી રહે છે. પતંગ ઉરાડનારની વાસના અને દૃષ્ટિ જેવી આ દ્રષ્ટાની વાસના અને દૃષ્ટિ છે. માત્ર પતંગને વા લઈ જાય તેણી પાસ, ભમે ત્યાં, એ પતંગને–પોતાની બુદ્ધિને, વૃત્તિને, રસને, અને કલ્પનાને–ગમે ત્યાં પણ ઊંચે ઉરાડવાનો, અને તે જોવાનો અને તેથી આનંદ પામવાનો, આ દ્રષ્ટાનો ઉત્સાહ છે. ગ્રન્થકારો એ પતંગના વાયુ જેવા છે. જેમ જેમ પતંગ ઊંચે ચડે તેમ તેમ વધારે અદૃશ્ય થતી પણ એ પતંગ હાથમાં રાખનારી દોરી એ દ્રષ્ટાના હાથમાં રહે છે ને તે તુટે છે ત્યાં પતંગ, દોરી, અને દ્રષ્ટાની દૃષ્ટિ સર્વે સાગરમાં પડી જતાં રેત જેવી થાય છે. ગ્રન્થકારોની ચતુરતા એ દોરીનું રક્ષણ કરી આ દ્રષ્ટાઓના ઉત્સાહ રાખવામાં ને વધારવામાં છે.

આ દ્રષ્ટાઓની પાસે જે અક્ષરપ્રવાહ ચાલ્યો જાય છે તેનું મૂર્ત સ્વરૂપ પુસ્તકોના ચેતનભાગથી રચાય છે. શુકદ્રષ્ટાઓની પાસેના જડ અક્ષરપ્રવાહના સ્વરૂપથી આ સ્વરૂપમાં ચેતનતા એ વિશેષ છે. આ ચેતનભાગ અક્ષરને ઠેકાણે શબ્દોના, વાક્યોના, અને પુસ્તકોના અર્થસારથી ઊભરાય છે. આવા અર્થ, વિચાર, રસ, કલ્પનાઓ, તર્કો, શબ્દાલંકારના અને તર્કાલંકારના ચમત્કાર, કથાઓ, કહાણીઓ, નવીન લાગતા જ્ઞાનના વિષય, ઇત્યાદિ પુસ્તકોના ચેતનભાગ નાનામોટા તરંગો, વમળો, ભમરાઓ, પરપોટાઓ, માછલાં, પક્ષીઓ, પવનની લહેરો, તટ ઉપરના પદાર્થોનાં, આકાશનાં અને વાદળાંઓનાં પ્રતિબિંબ, નદીના પ્રવાહમાં અને પ્રવાહ ઉપર ખેંચાય છે ને તરે છે તે પ્રમાણે–આ દ્રષ્ટાની દૃષ્ટિ પાસે પ્રવાહરૂપે વહ્યાં કરે છે અને એનાં નેત્રમાં પોતાનાં પ્રતિબિંબ પાડ્યાં કરે છે.

તમોગુણની સૃષ્ટિને સ્થાને સત્ત્વગુણનાં પ્રથમ કિરણ મનુષ્ય જાતિ આવી દૃષ્ટિ ઉઘાડવાથી આમ પામે છે. મનુષ્ય જાતિનો બહુભાગ આવી દૃષ્ટિ ઉઘાડી મનુષ્યતાનો પ્રથમ અનુભવ પામે છે.



શુકદૃષ્ટિ જે સરસ્વતીદેવીના જડ ભાગનું દર્શન પામે છે તેના ચેતન ભાગના દર્શનને માટે એ દેવીનું હૃદય પ્રથમ બાલદ્રષ્ટા પાસે આવી રીતે ઉઘડે છે અથવા આ બાલદ્રષ્ટાના જન્મ સાથે એ જનનીનાં પોષક પયોધરમાં આવી રીતે પ્રથમ ધાવણ ચડે છે. એ ધાવણથી પોષણનો પરિપાક થયા પછી જ આ બાલદ્રષ્ટાનો જીવાત્મા લક્ષણ અને લક્ષ્ય દૃષ્ટિઓનાં અન્નાદિકનો અધિકારી થાય છે. એ અન્નાદિકના અધિકારી દ્રષ્ટાઓ પોતાને જોઈતું અન્ન જાતે આત્મબળથી શોધી લે છે, ત્યારે આ બાલદ્રષ્ટાઓને માટે તેમના મુખ આગળ, આ દેવીના હૃદયમાંની પ્રીતિની મૂર્તિઓ જેવી ગ્રન્થકારસૃષ્ટિ આ ધાવણથી ભરેલા પયોધરને ધરે છે ત્યારે જ એ બાળકોનાં બાળકમુખ તેમાંના ધાવણને પોતાની ચેતનશક્તિથી પીવા માંડે છે. વૈયાકરણની ક્રિયામાં સહ્ય—Passive–અને પ્રેરક–Active–એવા ભેદનું જોડું છે, તેમ સાક્ષર દ્રષ્ટાઓમાં પણ છે. શુકદ્રષ્ટા અને બાલદ્રષ્ટા—ધાવણ પામનાર–આપેલું લેનાર છે, લેખકોની દાનશક્તિના–Passive Recipients–આધાર છે; અન્ય દ્રષ્ટાઓ જાતે પોતાની–activity ક્રિયાથી જ સર્વ દૃશ્ય વિષય શોધી જોઈ લેનારા છે. બાલદ્રષ્ટાઓને ગ્રન્થકારો વિષ ધવરાવશે તો તેઓ તેને પણ પી જશે; લક્ષણદ્રષ્ટાઓ, ધાવણને સ્થાને વિષનો સ્વાદ અનુભવતાં, પરીક્ષા કરી કોગળો કરી નાંખશે; અને લક્ષ્યદ્રષ્ટાઓ એ ધાવણને ચૂસતાંની સાથે એવા વિષમય ધાવણનો પોતાના સત્ત્વથી નાશ કરી તેને સ્થાને નવું શુદ્ધ ધાવણ સુવૈદ્ય પેઠે, ઉત્પન્ન કરી શકશે. બાલદ્રષ્ટાઓની દૃષ્ટિમાં શુદ્ધ સંસ્કારિત અને સંસ્કારક પ્રતિબિંબ ભરાય તો જ તેનું શુભ ફલ છે; તો જ એ દૃષ્ટિ પરિપાક પામવાની.

આ દ્રષ્ટા પોતાના પ્રવાહ પાસે ઊભો રહે છે અને તેના પ્રતિબિંબનું ગ્રહણ કરે છે તેટલી વાર આ અહંતા અને મમતાથી ભરેલા સંસારનાથી ઊંચો ઊડે છે–એના હાથમાંની દોરી ઉપરના ઊંચે ઊડતા પતંગમાં એનો જીવ ભરાય છે–ઊડે છે અને એ ઉત્સાહને કાળે આકાશના શુદ્ધતર વાયુથી એ કંઈ નવી શક્તિને પામે છે. એનાં પુસ્તકમાં દ્રવ્ય નથી, ઇન્દ્રિયોના ભોગ નથી, અને એ પુસ્તકોના સહવાસને કાળે એ વાંચનાર, પોતાનાં દુઃખને ભૂલી જાય છે ને સંસારે ચખાડેલા સુખથી પણ છૂટો પડે છે, પોતાના અહંભાવને–હુંપણાને–સ્મરતો નથી, ખરા સંસાર ઉપર મમતા રાખતો નથી, અને

તે સર્વને સ્થાને એ પુસ્તકોમાંની નવી સૃષ્ટિમાં લીન થાય છે. આવી સ્થિતિ પામવાનો અભ્યાસ સ્થૂલ દૃષ્ટિની અને સ્થૂલ ભોગની પાશવ સૃષ્ટિમાંથી મનુષ્યસૃષ્ટિમાં ચઢી જવાનું આ દ્રષ્ટાને શીખવે છે. પુસ્તકમાંથી લેવા જેટલો બીજો લાભ એનાથી લઈ ન શકાય ને જો આટલો સાધારણ લાભ એ પામી શકે તોપણ એટલું ફળ એને પોતાને માટે થોડું નથી, કારણ આવા અભ્યાસથી પણ એની બુદ્ધિને અને વૃત્તિને મહત્તર સિદ્ધિ પામવાનું આ એક પગથિયું છે. બાકી જે જાતનું, જે વિષયનું, પુસ્તક વંચાય તે જાત અને તે વિષયને અંગે થતા લાભવિશેષ તો, લાભના સાધનના પ્રમાણમાં, કાર્યરૂપે થવાના જ.

બાલદ્રષ્ટાની પોતાની વ્યક્તિને અદ્રષ્ટાઓ અને શુદ્રદ્રષ્ટાઓ કરતાં આટલો વધારે લાભ છે, તો બાલદ્રષ્ટાઓના સમૂહની ઉત્પત્તિ તેમના દેશને કલ્યાણકારક છે એટલું જ નહીં પણ દેશની સર્વાવસ્થામાં આવશ્યક છે. જેવી રીતે બાલાવસ્થામાંથી તરુણાવસ્થામાં પહોંચતાં પહેલાં વચ્ચે કિશોરાવસ્થા આવે છે, તેમ દેશમાત્રમાં મનુષ્યો પ્રથમ અદ્રષ્ટા હોય છે, તેમાં કાળક્રમે બાલદ્રષ્ટાઓ ઉદ્ભવ પામે છે, અને તેઓમાંથી લક્ષણદ્રષ્ટાઓ અને લક્ષ્યદ્રષ્ટાઓ ઉદ્ભવ પામે છે; અર્થાત્ કોઈ પણ દેશમાં લક્ષણના અને લક્ષ્યના દ્રષ્ટાઓ બાલદ્રષ્ટાના વર્ગમાં તેમના અગ્રેસર પુરુષોમાંથી ઉત્પન્ન થાય છે, અને તેવા અગ્રેસરો ન હોય તો આ બે દ્રષ્ટાઓની જાતિ મનુષ્યોના અદ્રષ્ટાઓમાંથી સહસા ઉત્પન્ન થઈ શકતી નથી. બાલદ્રષ્ટાઓ સામાન્ય રીતે વાચકવર્ગમાં હોય છે પણ વાંચનારાઓના અગ્રેસરો જ પ્રથમ લક્ષણનાં અને લક્ષ્યનાં દર્શન કરી શકે છે, અને તે પછી તેઓ પોતાનો વિષય લખી વર્ણવી શકે છે. આવા દ્રષ્ટાઓ અને લેખકોના ગ્રાહકો પણ બાલદ્રષ્ટાઓ જ હોય છે, અને એવા ગ્રાહકો જ્યાં મ્લાન થાય છે ત્યાંથી આવા દ્રષ્ટા-લેખકો પણ, ગ્રાહક વિનાના વ્યાપારી પેઠે, ધીમે ધીમે અસ્ત થાય છે. બાલદ્રષ્ટાઓ જેવા તેલ અને વાટમાં આ બીજી જાતના દ્રષ્ટાઓ દીવા પેઠે પ્રકાશ-સ્વરૂપે ઝગે છે, અને એ બેની ચિરંજીવ સ્થિતિ આ તેલમાં અને વાટમાં વારંવાર વૃદ્ધિ થવા ઉપર આધાર રાખે છે. એ તેલ ને વાટ આ જ્યોતિરૂપ કાર્યની કારણભૂમિ છે ને સ્થિતિહેતુ પણ છે. તેમ એ તેલની વાટની પૂર્તિ કરવી તે કેટલેક અંશે એ જ્યોતિની સત્તાની વાત પણ છે.

આ વિષયનાં કેટલાંક દૃષ્ટાંત જોઈ લઈશું તો વિષય વધારે



સમજાશે; પણ તે પહેલાં બાલદ્રષ્ટાઓનાં કેટલાંક અવસ્થાન જાણી લેવા જેવાં છે, કારણ આ દૃષ્ટાંતોમાં બાલદ્રષ્ટાઓથી દેશને થતાં કલ્યાણ તેમ ભય ઉભય જણાય એમ છે. બાલદ્રષ્ટાઓની દૃષ્ટિમાં જે પ્રવાહનું મોહક પ્રતિબિંબ પડે છે તે પ્રવાહ ચેતન છે પણ તેના સત્ત્વથી બાલદ્રષ્ટાઓમાં માત્ર પોષણકાર્ય સધાય છે અને એટલાથી એ બાળકો જેવા જીવોમાં એવા પ્રવાહ ઉત્પન્ન કરવાની શક્તિ આવતી નથી. અર્થાત્ બાલદ્રષ્ટાઓનું સાક્ષરજીવન સામાન્ય રીતે વાચન અથવા શ્રવણથી અને તેના ભોગથી સમાપ્ત થાય છે, પણ તેવી બાલદૃષ્ટિના સત્ત્વથી નવો લેખ લખવાની શક્તિ આવતી નથી. બાળક ચીજુખાદિના બાહ્ય લાવણ્યથી આનંદ પામે તેટલાથી તે ગૃહસ્થ થવાને યોગ્ય થતો નથી, કારણ કે એની અને અન્ય બાળકોની સુન્દરતાના મોહ તેને મન સરખા જ છે. તે જ પ્રમાણે લક્ષણાદિના વિવેકશીલ બુદ્ધિવાળો બાલદ્રષ્ટા પોતાના દર્શન પ્રવાહના તટનો તટસ્થ મટી એ પ્રવાહ જેવા અન્ય પ્રવાહોને ઉત્પન્ન કરવાને ઇચ્છે તો પોતાનામાં લક્ષણાદિના દ્રષ્ટાઓના જેવા સત્ત્વને અભાવે તે માત્ર બાલિશ લેખનો જ લેખક થાય છે. જેમ સ્વામીના ઉપદેશનું ગ્રહણ ન કરી શકનારી ભાર્યા સમવયસ્ક સખીનો ઉપદેશ વધારે સમજી શકે છે, અને જેમ માતા પિતાના અનુભવપૂર્ણ બોધમાં અનુભવહીન બાળકને જે શ્રદ્ધા થતી નથી તેટલી શ્રદ્ધાથી અન્ય સમાન વય અને રસવાળા બાળકની કરેલી પ્રેરણાથી એ બાળક પ્રેરાય છે, તેવી રીતે સમર્થ વિદ્વાનોના લેખના ભાર નીચે દબાતા ચંપાતા બાલદ્રષ્ટાઓને અન્ય બાલદ્રષ્ટાઓના લેખ ઉપર પ્રીતિ થાય તેમાં કાંઈ નવાઈ નથી. પણ આવા લેખથી તેની બાલદૃષ્ટિના દૃશ્યવિષયનું સ્થાનભ્રમણ થાય તે ઉપરાંત કાંઈ નવું પોષણ તેને મળી શકતું નથી. કારણ દશ દશ વર્ષના બે કુમારો મળી, વીશ વર્ષના એક યુવાન પુરુષને મળતો, બાર વર્ષની કન્યાના પાણિગ્રહણનો અધિકાર મેળવી શકતા નથી. સમર્થ વિદ્વાનોના લેખનું અનુમોદન કરી તે દિશામાં પોતાના જેવા બાલદ્રષ્ટાઓને આકર્ષવાથી બાલદ્રષ્ટા લેખકો એ વિદ્વાનોના કાર્યમાં પુષ્ટિ આપે એ લાભ ઇચ્છવા યોગ્ય છે; પણ તે ઉપરાંત વધારે નવીનતા કરવા ઇચ્છનાર બાલદૃષ્ટિવાળા લેખકના પ્રયત્નથી અન્ય બાલદ્રષ્ટાઓ ઉપર જો કાંઈ આપી વધારે અસર કરે તો દલપતરામભાઈની કવિતામાં

"વાડામાંથી પાડું એક છૂટું થઈને નાઠું છે"

એ વર્ણન જેને માટે કરેલું છે તે પાડાના કરતાં વધારે ઉત્કર્ષકારક લાભ આ અક્ષરનો ભોગ થનાર બાલદ્રષ્ટાને મળી શકતો નથી. આવા લેખકોની સૃષ્ટિ જ્યારે કોઈ દેશમાં ઊભી થાય છે ત્યારે તેનાથી સર્વ બાલદ્રષ્ટાઓને આવી હાનિ થાય છે, અને એવા લેખકોના ચેપથી એવાને એવા અન્ય લેખકો વધી પડે છે, ત્યારે લક્ષણના અને લક્ષ્યના ઉભયના દ્રષ્ટાઓની સંખ્યા તેમ તેમનું બળ પ્રમાણમાં અસ્ત થાય છે. બાલદ્રષ્ટાઓ લેખક થાય તેમાં આવાં લાભહાનિ છે.

યુરોપના ઇતિહાસના વર્તમાન યુગને અર્વાચીન યુગનો ઇતિહાસ કહેવામાં આવે છે. તે પહેલાં તેનો મધ્ય યુગ ( Middle Ages ) હતો, તે પહેલાંના કાળને અંધકારનો યુગ (Dark Ages) કહ્યો છે, ને તે પહેલાં તેનો પ્રાચીન યુગ હતો. અન્ધકારના યુગમાં યુરોપની સ્થિતિ બહુ વિષમ હતી અને તેમાં લખનાર કે વાંચનાર કોઈ ન હતા એટલે વિદ્યાનો પણ અંધકાર હતો અને આખા ખંડમાં મોટા નાના સર્વ મનુષ્યો અદ્રષ્ટાઓ જ હતા. એ અંધકારયુગ પલટાવા માંડ્યો ને મધ્યયુગનો વા વાવા લાગ્યો તેની સાથે તેમાં બાલદ્રષ્ટાઓની પ્રથમ આછી આછી વસ્તી દેખાવા લાગી અને કાળક્રમે ઊભરાવા-તરવરવા-લાગી. જેમ જેમ મધ્ય યુગ રૂઢ થવા લાગ્યો તેમ તેમ આ વસ્તીમાં લક્ષણદ્રષ્ટાઓ દૃષ્ટિમર્યાદામાં આવવા લાગ્યા અને નવો યુગ બેઠો તેની સાથે લક્ષ્યદ્રષ્ટાઓ પણ દૃષ્ટિગોચર થયા.

અંધકારયુગમાં જ્યારે યુરોપના સર્વ દેશ અદ્રષ્ટાઓથી ભરેલા હતા અને આપણા દેશના જેવા શુકદ્રષ્ટાઓ ન હતા ત્યારે ત્યાં માત્ર પ્રાચીન યુગનાં પુસ્તકો જડસ્વરૂપે અપ્રસિદ્ધ પુસ્તકશાળાઓમાં પડી રહેલાં હતાં. સૈંકડો વર્ષોને અન્તે આ જૂના વારસા ઉપર અનેક પ્રસંગો અને કારણોને બળે તેના વારસોની દૃષ્ટિ પડી, પડતાં ચમકી અને એ ચમકારાની સાથે બાલદ્રષ્ટાઓના વર્ગનો જન્મ થયો.

આ અદ્રષ્ટાઓના યુગનું વર્ણન કરતાં હેલમ નામનો પ્રસિદ્ધ ગ્રન્થકાર કહે છે કે તે કાળે સ્પેનમાં હજાર ધર્મગુરુઓમાંથી એકને પણ એક સાધારણ પત્ર લખતાં આવડતો ન હતો. બીજા દેશોમાં પણ આ સ્થિતિ ઓછીવત્તી હતી અને તેવા કાળમાં થોડાક લખનાર વાંચનાર ઉત્પન્ન થયા ને તે ઘણી ઊતરતી પંક્તિના હતા, જ્યાં એ



ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન જેવા હતા ને આખા દેશમાં તેમની કીર્તિ પ્રસરી અને તેમની બુદ્ધિ અપૂર્વ ગણાવા લાગી.

સન ૧૧૩૫ માં પ્રાચીન રોમના ધારાશાસ્ત્રનું એક પુસ્તક આવા એક દ્રષ્ટાના હાથમાં આવ્યું અને તેની દૃષ્ટિમાં એનો ચમકારો થયો. આવાં આવાં બીજમાંથી જે વૃક્ષો ઊગ્યાં તે એવી રીતે ફાલ્યાં કે થોડા કાળમાં બોલોના, લોમ્બર્ડી, મોડેના, મેંટુઆ, નેપલ્સ, પેડુઆ આદિ પ્રસિદ્ધ સ્થાનોમાં આ ધારાશાસ્ત્રનો અભ્યાસ જોતજોતામાં ફેલાઈ ગયો, અને ત્યાંથી યુરોપના બીજા દેશમાં પ્રસર્યો. બાલદ્રષ્ટાઓમાં લક્ષણદૃષ્ટિના બીજ આમ વેરાયાં.

રાજાઓ અને મહારાજાઓ આ કાળમાં નિરક્ષર હતા, તેમને પણ સરસ્વતીદેવીના આકર્ષણના હેલારા લાગવા લાગ્યા અને તેમની ઉદારતાથી બારમા સૈકામાં ફ્રાન્સ આદિ દેશોમાં યુનિવર્સિટીઓ-પાઠશાળાઓ-ઊભરાવા લાગી અને તેમાં વિદ્યાવ્યસની વિદ્યાર્થીઓ-બાલદ્રષ્ટાઓ ચારેપાસથી આકર્ષાઈ તરવરવા લાગ્યા. કોઈ કોઈ પાઠશાળાઓમાં તો દશ દશ હજાર સુધી વિદ્યાર્થીઓ થયા. શાર્લમેન મહારાજા પોતે પોતાના રાજમહેલમાં એક પાઠશાળા સ્થાપી તેનો વિદ્યાર્થી થતાં 'લજવાયો નહીં.' પ્રાચીનયુગનાં અને એ નવા યુગનાં અનેક શાસ્ત્રોના અભ્યાસે લક્ષણદૃષ્ટિનો વિકાસ મહાબળથી અને મહાવેગથી કરવા માંડ્યો. સન ૧૪૫૩ માં બોલોનાની પાઠશાળામાં વિદ્યાર્થીઓની-આ બાલદ્રષ્ટાઓની-સંખ્યા વધતાં વધતાં છેક '૨૫૦૦૦' સુધીની નોંધાઈ છે.

એ સર્વેનું ફળ એ થયું કે યુરોપમાં વિદ્યાનો-પ્રાચીન વિદ્યાનો-જીર્ણોદ્ધાર થયો અને તે પ્રસંગ તેમના ઇતિહાસમાં Revival of Learning or of Classical Learning ને નામે ઓળખાય છે. યુરોપની હાલની લક્ષણદૃષ્ટિ અને લક્ષ્યદૃષ્ટિ અને અન્ય સમૃદ્ધિઓમાં આ જીર્ણોદ્ધાર ઘણે અંશે કારણભૂત હતો. એ જીર્ણોદ્ધારનું સાધન ત્યાંની પાઠશાળાઓમાંના અને તે બહારના બાલદ્રષ્ટાઓ હતા.

બાલદ્રષ્ટાઓની સૃષ્ટિ યુરોપમાં આવી રીતે લોકકલ્યાણની સાધક થઈ છે. જ્યારે વિદ્યામાત્ર અંધકારયુગમાં ત્યાં અસ્ત થઈ ગઈ ને સરસ્વતી જડ શબ જેવા સ્વરૂપને પામી ગઈ, ત્યારે બાલદ્રષ્ટાઓએ એના જીવમાં જીવ મૂક્યો. બકુલમાલાનાં-બોરસલીનાં-કરમાયેલાં જૂનાં

કળીઓમાંથી જળના સ્પર્શને બળે જૂનો સુગન્ધ ફરી નીકળવા લાગે, આઠ માસ સુધી શુષ્ક થઈ પડી રહેલી પૃથ્વીની માટીમાંથી નવી વૃષ્ટિને સ્પર્શે સુગન્ધ નીકળવા માંડે, તેમ બાલદ્રષ્ટાઓના છાંટાઓના સ્પર્શથી યુરોપના આ યુગની સરસ્વતી સૂતેલી જાગી અને તેના અનન્ય ભક્ત બાલદ્રષ્ટાઓને–વિદ્યાવ્યસની વિદ્યાર્થીઓને–નવાં લક્ષણનું અને લક્ષ્યનું દર્શન કરાવી પોષક ધાવણ આપવા લાગી.

તેમને તેણે આવો લાભ આપ્યો તો તેના અનન્ય ભક્ત મટી ગ્રન્થોના ભોગી મટી પિતા થવાની વાસનાથી બાલદશામાંથી જ ગ્રન્થકાર થનાર બાલદ્રષ્ટાઓની સૃષ્ટિ આ મધ્યયુગમાં ઊભી થઈ. તેમની પાસે આ દેવીએ પોતાના આ લક્ષણલક્ષ્યજ્ઞાનમય તરુણ સ્વરૂપને દેખાડ્યું નહીં, અને એ બાલદ્રષ્ટાઓ ઊગ્યા તેવા આથમ્યા ને બાળદશામાં જ વધારે વૃદ્ધિ પામ્યા પમાડ્યા વિના આથમ્યા. પોતાને જોવાના પ્રવાહના તટને છોડી પ્રવાહમાં પડ્યા અને અપસ્થાનના ભોગ થયા તેનું દૃષ્ટાંત હવે જોઈશું.

ફ્રાન્સદેશમાં મધ્યયુગમાં કેટલાક બાલદ્રષ્ટાઓ કાવ્યવાસનાથી કવિ થયા. ઉત્તર ફ્રાન્સમાં જે કવિઓ આવી રીતે થયા તે ટ્રુવર નામે ઓળખાયા અને દક્ષિણ ફ્રાન્સના કવિઓ ટ્રુબેડરને નામે ઓળખાયા. ઉભયવર્ગ બાલદ્રષ્ટા સાક્ષરોના હતા, અને ઉભય વર્ગ લોકપ્રિય પણ હતા. બસો વર્ષ સુધી તેમનાં કાવ્યોથી તેમના શ્રોતાલોક મોહિત થતા અને તેમની સ્તુતિ ઘણી રીતે ઘણા કાળ સુધી થઈ. પણ જ્યારે ફ્રાન્સની પાઠશાળાઓના વિદ્યાર્થી બાલદ્રષ્ટાઓ ધીમે ધીમે સમર્થ વીર્યવાન વિદ્વાન લક્ષણદ્રષ્ટાઓ થઈ ફ્રાન્સના ઉદયના કારણભૂત થઈ શક્યા અને હજુસુધી તેમના લેખની સંતતિ ચિરંજીવ છે, ત્યારે પાઠશાળાબ્હારના આ કવિઓ અંતે વિદ્યામાં કે કવિત્વમાં વધી શક્યા નહીં ને ચિરંજીવ પણ થયા નહીં. તેમના પછીની વિદ્વાન પ્રજાએ તેમને ક્ષુદ્ર કવિઓમાં ગણી કાઢ્યા, તેમના ગ્રન્થમાંથી નવી વિદ્યા જન્મી નહીં, અને હવે તેમના ગ્રન્થ જોનારને પણ તે વાંચવા ગમતા નથી. તેમનું સ્મરણ માત્ર ઇતિહાસવેત્તાઓને ઉપયોગમાં આવે છે–અંગ્રેજોની કબરો ઉપરના નામાક્ષર જેવી રીતે રસ્તાનો જનાર ક્ષણિક કુતૂહલથી વાંચી ચાલ્યો જાય છે તેમ આ કવિઓનું અને તેમના લેખનું થયું છે. કોઈ એમ કહેશે કે આ યુગને તેમનાં કાવ્ય ન ગમ્યાં તો



હવે કોઈ નવા યુગને ગમશે. તો તે હો. પણ આપણે જાણવાનું એટલું છે કે એ દ્રષ્ટાઓ નિર્વીર્ય નીકળ્યા ને તેમની સરસ્વતી કોઈ જાતનો ગર્ભ ધારી શકી નહીં અને વંધ્યાવસ્થામાં પરમનિદ્રાને પામી ગઈ. આ દ્રષ્ટાઓને તેમનું અપસ્થાન આમ નડ્યું.

આખી પ્રજાની અથવા આખા કવિવર્ગની ઇતિહાસદૃષ્ટિએ તુલના કરીએ છીએ ત્યારે આ હાનિ દૃષ્ટિગોચર થાય છે. બાકી તેમના કાળ ઉપર જ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે પણ આ કવિઓનું જીવન નિરર્થક થયું એમ કહેવાનું કારણ અથવા મત નથી. પોતાના કાળમાં પોતાના અદ્રષ્ટા અશિક્ષિત–દેશબંધુઓને તેમ પોતાના જેવા દ્રષ્ટાઓને આ કવિલોક પોતાના પ્રસ્તુત ઉચ્ચગ્રાહની તુલામાં ટેકવી શક્યા છે અને પોતાની પુષ્પો જેવી સુવાસના પોતે કરમાતા સુધી જગતમાં પ્રસારી શક્યા છે. પણ એ ક્રિયા તો આપણા ભાટચારણો અશિક્ષિત રાજરજવાડામાં ક્યાં કરી શક્યા નથી? ગામડિયાઓ પાસે માણભટ બ્રાહ્મ એ ક્રિયા ક્યાં કરી શકતા નથી? પોતાના સહવાસમાં આવતી સ્ત્રીઓ ઉપર એક કુલીન આચારવાળી સ્ત્રી જે અસર કરી શકે છે એના જેવી આ સર્વ ક્રિયા લાભકારક છે જ; પણ અમુક વ્યક્તિની કે અમુક જાતિની કે દેશની વિદ્યાની કે જ્ઞાનની સીમા વધારવામાં આવી ક્રિયા જળહીન વાદળાં જેવી નીવડે છે અને એથી પડતો દુષ્કાળ ઓછી આપત્તિ આણતો નથી. બાલદ્રષ્ટાઓ લખવા મંડી જાય છે ત્યારે આવી જાતના ભય પોતાની અને પોતાના દેશની વિદ્યાને માથે આણી મૂકે છે.

આપણા પોતાના દેશનો વિચાર કરતાં આ દેશના સંપ્રદાયને લીધે આવા ભયમાંથી આપણે આજ સુધી મુક્ત રહી શક્યા છીએ, પણ અવિચ્છિન્નપણે મુક્ત રહીશું જ એવું કહેવાનું બનતું નથી. આપણા દેશમાં પણ યુરોપના અંધકારયુગ અને મધ્યયુગ જેવા યુગ એકથી વધારે વાર પ્રવર્તેલા છે; માત્ર તેમના ક્રમ જુદી જાતના થયેલા છે. પણ આપણા અન્ધકારયુગમાં આપણા શુકદ્રષ્ટાઓએ આપણી સરસ્વતીના મૂર્છાવશ શરીરને સાચવી રાખ્યું છે તો અન્ય યુગોમાં આપણા બાલદ્રષ્ટાઓએ સરસ્વતીના અભ્યાસને છોડી ગ્રન્થકાર થવાની વાસના આજ પહેલાં પૂર્ણ કહી રાખી નથી. ઓછામાં ઓછી લક્ષણદૃષ્ટિ પરિપાક પામી જેને પ્રાપ્ત થઈ નથી.

તેવો સાક્ષર વિદ્વાનમાં લેખાતો ન હતો અને એવો વિદ્વાન થયા વિનાનો પુરુષ ગ્રન્થ લખવાનો લોભ રાખતો ન હતો. તેમાં પણ એ વિદ્વાનોમાંથી ઘણું વિદ્વાનોને તો વધારે વિદ્યાનું શોધન પડતું મૂકી લેખનમાં ગાળવા જેટલો સમય મેળવવો ગમતો ન હતો અને તે મેળવવાનું બનતું પણ ન હતું. લક્ષ્મીના અને લક્ષ્યના દ્રષ્ટાઓની આવી સ્થિતિ હતી તો બાલદ્રષ્ટાઓનું તો પૂછવું જ શું ? આ દેશમાં જેટલા વિદ્વાનો થઈ ગયા છે તેટલા ગ્રન્થકારો થઈ ગયા હોત તો રંક મનુષ્યને ઘેર ઘણાં બાળક જન્મે ને તેને પાલવવાં, પાળવાં, ને શોધી સાચવવાં પણ કઠણ પડે તેમ આપણા દેશને થાત. આ અવ્યવસ્થામાંથી આપણા પ્રાચીન દ્રષ્ટાઓની વિદ્યાશોધનની વાસનાએ આપણને બચાવ્યા છે, ને અંધકારના યુગોમાં પણ આ દેશને યુરોપના જેવા કેવળ અંધકારને વશ થવું નથી પડ્યું.

આપણા અંધકારના યુગ પણ વિદ્યાના વિષયમાં યુરોપના કરતાં વધારે પ્રકાશવાળા રહેલા છે. એવા યુગ પ્રવર્તી ગયા છે કે જ્યારે ક્ષત્રિયો અને વૈશ્યો પ્રાચીનકાળમાંના **वेदशास्त्रसंपन्न द्विज** મટી ગયા હતા, પણ વૈશ્યવર્ગ પત્ર લખવાનું ભૂલી જાય ને હિસાબ રાખતાં પણ આવડતા નથી એમ કહે એવો કાળ કદી આવ્યો નથી ને વ્યવહારને માટે જેટલી દૃષ્ટિ જોઈએ તેટલી તેઓ ઉઘાડી સર્વ કાળે રાખી શક્યા છે. ક્ષત્રિયોમાં અને શૂદ્રોમાં યુરોપના જેવો અંધકાર ઘણી વેળા જણાયો છે, પણ તેમને પણ બ્રાહ્મણોએ સંસ્કારાદિક પ્રસંગને માટે તેમ આસ્તિકતાના વિષયમાં તેમના અંધકારની વચ્ચોવચ્ચ કોઈક મધ્યરાત્રિના તારાઓ જેવો પ્રકાશ સાચવી રાખી દેખાડેલો છે. ક્ષત્રિયો રાજન્ય મટી રાજપુત્રો ને રજપૂતો કહેવાવા લાગ્યા તે પછી પણ ભાટચારણો જેવા બાલદ્રષ્ટાઓની પાસેથી, બાળકની પાસેથી બાળકો વાતો સાંભળે ને ઢૂંઢેરો પાસેથી તેમના પોતાના દેશકાળના લોકને મળી તેવી, ન્યૂન પણ કંઈક બાળદૃષ્ટિ, એ બીજી રીતે નિરક્ષર ક્ષત્રિયોને મળતી હતી. ભાટચારણો બાલદ્રષ્ટા છતાં લેખક થવાની વાસના રાખતા તે, કેવળ લખવાની કંડૂ—ચેળ—થી નહીં, પણ દેશની સ્થિતિને માટે ક્ષત્રિયોનું ક્ષત્રિયત્વ સાચવવાની વાસનાથી જ, રાખતા હતા. એમની એવી વાસનાનું તારતમ્ય સાક્ષરજીવનના વિષયમાં જમા પાસે જ આવે છે, ને તેનું ઉધાર પાસું ઓછું રહે છે. આપણે જાણવાના વિષયમાં આટલી વાત જોઈએ



તેટલી જ છે કે આપણા બાલદ્રષ્ટાઓએ આજસુધી પોતાની વાસનાને પોતાના તટસ્થપણાથી બહાર નીકળવા દીધી નથી, અને જો કદી તેમ નીકળવા દીધી છે તો અંધકારના યુગમાં અદ્રષ્ટાઓના અંધાપાના ઔષધને માટે જ તેમ કરેલું છે.

આ યુગમાં પાશ્ચાત્ય સંસ્કારોના બળથી આ દેશની વ્યવસ્થા સમજવાની શક્તિને ખોઈ બેઠેલા વ્યવસ્થાપરીક્ષકો આ દેશનાં ધર્મશાસ્ત્રનો ને આ દેશના બ્રાહ્મણોનો, આ દેશને માથે આપત્તિ આણનાર સ્વાર્થી દેશદ્રોહી સૃષ્ટિમાં સમાસ કરે છે તેમાં કંઈક અંશે સત્ય હશે તો ઉપર દર્શાવેલે અંશે, એમણે કાઢેલા ઉધાર પાસા સામે મૂકવા, જમાપાસું પણ છે. સત્ય છે કે આપણી પાસના ધર્મોમાં, ધર્મશાસ્ત્રોમાં, અને બ્રાહ્મણ ધર્મગુરુઓમાં અંધકારયુગને બળે વહેમો, અવિચાર, અજ્ઞાન, અને અનાચાર ઉભરાયેલાં છે પણ દહીંમાંથી છાશ ને માખણ જુદાં કરવાં એ નવા વિદ્વાનોના ધર્મ છે ને છાશ ભેગું માખણ જાય નહીં તે જોવાનું છે. જે માખણે આવા અંધકારમાં સરસ્વતીનું સત્ત્વ જાળવી રાખ્યું છે તે કેવળ આદરયોગ્ય છે એટલું જ નહીં પણ થોડીઘણી છાશ આપણા પેટમાં જવા પામે તેનું જોખમ વહોરી લઈને પણ આ માખણ શોધી તાવવા અને ખાવા જેવું છે. યુરોપના આવા મિશ્રણનો તત્ત્વવેત્તા ત્યાંના દીર્ઘ અંધકારયુગને ઉદ્દેશી લખે છે કે

"If it be demanded by what cause it happened that a few sparks of ancient learning survived throughout this long winter, we can only ascribe their preservation to the establishment of Christianity. Religion alone made a bridge, as it were, across the chaos, and has linked the two periods of ancient and modern civilization. Without this connecting principle, Europe might indeed have awakened to intellectual pursuits, and the genius of recent times needed not to be invigorated by the imitation of antiquity. But the memory of Greece and Rome would have been feebly preserved by

tradition, and the monuments of those nations might have excited, on the return of civilization, that vague sentiment of speculation and wonder with which men now contemplate Persepolis or the Pyramids. It is not, however, from religion simply that we have derived this advantage, but from religion as it was modified in the dark ages. *Such is the complex reciprocation of good and evil* in the dispensations of Providence, that we may assert, with an apparent paradox, that had religion been more pure, it would have been less permanent, and that Christianity has been preserved by means of its corruptions."[1]

આ પછી એ corruptions ની policy નું વર્ણન કરી આ ગ્રન્થકાર લખે છે કે

"These are certainly no excuses for keeping the people in ignorance; and the gross corruptions of the middle ages are in a great degree assignable to this policy. But learning, and consequently religion, have eventually derived from it the utmost advantage."[2]

ધર્મમાં, ધર્મશાસ્ત્રોમાં, ધર્મગુરુઓમાં દોષ જોનારે તેના ગુણ પણ શોધવા જોઈએ, અને તેમના તટસ્થ વિદ્વાન દ્રષ્ટા થઈ ઊંડા અને આપણું જમા ઉધાર કાઢવું જોઈએ તેનું એક કારણ ઉપરના ગંભીર શબ્દોના અર્થમાં રહેલા દૃષ્ટાંતમાંથી જડશે. ધર્મગુરુના વર્ગરૂપે ભાષાદ્રષ્ટા થઈ આપણા અંધકારના યુગોમાં ચિરંજીવ રહેલા બ્રાહ્મણોના દોષ વિચારતાં, તેમણે આ દેશની પ્રાચીન સરસ્વતીને અનેક ભયંકર આપત્તિઓની વચ્ચોવચ જીવતી સાચવી રાખીને આપણા હાલના યુગના હાથમાં સોંપી છે અને તેમના

1, 2. Hallam's Middle Ages, Ch. IX part. 1.



સ્વભાવના અને બુદ્ધિના દોષનો મોટો ભાગ—આ દોષનું આમ સ્મરણ કરતાં તેમણે ખમેલા આખે શરીરે પડેલા અનેક ઘાના સમૂહ જેવો—ગણવો પડશે. તેમ જ સાચવાની શક્તિ પણ ગંભીર બુદ્ધિના પ્રભાવ વિના બની શકે એમ નથી તે ફક્ત અંગ્રેજ ગ્રન્થકારના કરેલા શોધથી, તેના રહસ્યના ભાનથી, અને તે રહસ્ય જેવું આ દેશના ઇતિહાસનું રહસ્ય શોધવાથી, સમજાશે. આથી આવા દોષ ભવિષ્યમાં ચાલુ રાખવા એવો આશય નથી; આ તો માત્ર ભૂતકાળનો ન્યાય કરવાના અને વર્તમાન બ્રાહ્મણ ભાષાદ્રષ્ટાઓ ઉપર અમીદૃષ્ટિ રાખવાના એક કારણનું—સાક્ષરજીવનના એક અવસ્થાનને ઉદ્દેશીને કરેલું—દિગ્દર્શન છે.

હવે આપણા વિદ્યમાન ભાષાદ્રષ્ટાઓ ઉપર કંઈ દૃષ્ટિ કરીશું અને સાંપ્રત દેશકાળને ઉદ્દેશીને વિચાર કરીશું. એ દ્રષ્ટાઓ હાલ ચાર પ્રકારના છે. ૧. કેવળ સંસ્કૃત વિદ્યાના ઉપાસકો. ૨. કેવળ અંગ્રેજી વિદ્યાના ઉપાસકો. અને ૩. ઉભયના મિશ્રણના ઉપાસકો. ૪. એમાંથી એક પણ ભાષા ન જાણનાર પણ કેવળ ગુજરાતી ભાષાના ઉપાસકો.

આમાં કેવળ સંસ્કૃત વિદ્યાના ઉપાસક ભાષાદ્રષ્ટાઓને વિષે, સર્વ ભાષાદ્રષ્ટાઓને માટે સામાન્ય રીતે ઉપર કહેલું છે તેમાં, ઉમેરો કરવાનું બાકી રહેતું નથી. તેઓ આજ સુધી જે પદ્ધતિથી કામ કરતા હતા તેમાં બહુ ફેર થયો નથી. તેમને લેખનની વાસના વળગેલી જણાય છે ત્યારે ઘણુંખરું પોતે શાસ્ત્રલક્ષણનું દર્શન કરેલું તે અન્ય દ્રષ્ટાઓને કરાવવાના લોભ ઉપરાંત વિશેષ લોભ કે પ્રયત્ન તેમનામાં જોવામાં આવતો નથી. શાસ્ત્રાદિનાં ભાષાંતર, કથાઓ, આદિ લેખો અને ભાષણો કરવાથી ભાષાદ્રષ્ટાઓ અશિક્ષિત લોકની દૃષ્ટિને સુસ્થિત રાખી શકશે અને તેમાં પોતાનું ડહાપણ નહીં ઉમેરે ત્યાંસુધી કોઈ હાનિવિશેષ નથી—જે જાતની હાનિઓ પ્રવર્તી ગઈ છે તેની જાતમાં ઉમેરો નથી. બાકી તેમની લક્ષ્ય-લક્ષણ-દૃષ્ટિ ઊઘડવાની અને વિકસવાની આવશ્યકતા તો છે જ, અને સંસ્કૃત વિદ્યા તે કાર્યને માટે બહુ અનુકૂલ છે.

કેવળ અંગ્રેજી વિદ્યાના અને મિશ્ર વિદ્યાઓના ઉપાસકોની દૃષ્ટિના હાલ ત્રણ પ્રકાર છે. કેટલાક પોતાની ઇષ્ટ વિદ્યાના વ્યસની બાવરા છે અને લેખનકંડૂને અંકુશમાં રાખી કેવળ અભ્યાસમય સાક્ષરજીવન ગાળે છે. હિંદુસ્તાનના અન્ય પ્રાંતોમાં આ વર્ગ છે તેવો

ગુજરાતમાં ન જોયો છે. તે જ્યાં છે ત્યાં અભિનંદનીય છે. તેમની બાલદૃષ્ટિ લક્ષણ જોતાં શીખે તો તે ઇષ્ટ છે. તેમની દૃષ્ટિના ઉચ્ચભાવ તેમના વ્યવહારને વળગે તો તે તેમનો ધર્મ અને તેમની દૃષ્ટિની સફળતા છે. લખવાના વ્યસનથી તેઓ દૂર રહે તે તેમને ને દેશને લાભકારક છે તેટલું જ તેમની સંસ્કાર પામેલી દૃષ્ટિના ઉચ્ચ સંસ્કાર તેમના ગૃહસંસારમાં, તેમના વ્યવહારમાં, તેમના આચારમાં, અને તેમની બીજી સર્વ વાસનાઓમાં સ્ફુરે ત્યારે જ તેમની દૃષ્ટિનો લાભ તેમણે સારી રીતે મેળવ્યો એમ ગણવાનું છે. તેમ જ એ દૃષ્ટિના વિષયમાં આવેલા અધમ વિષય એમને ઉતરી લોભાવી એમની વાસનાઓમાં પ્રતિબિંબિત થાય નહીં અને એમને અધોગતિ આપે નહીં એ સાચવવાનું છે. કવિતાને અને રસને નામે ઘણાં મનુષ્ય અધોગતિ પામે છે. વાંચવાના અને વિચારવાના વિષયમાં વિવેક કરનાર આ અધોગતિ નહીં પામે. આ વિદ્યાઓના ઉપાસકોનો બીજો પ્રકાર વાંચવાની કે લખવાની વાસના વિનાનો છે.

આ ત્રીજા પ્રકારનો વર્ગ આપણી શાળાઓમાંથી અને યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ઉતરી કેવળ ઉદરાર્થે ઉદ્યોગમાં પડેલા ઘણા સાક્ષરોનો છે. આ સાક્ષરો એક કાળે વરેલી સરસ્વતીને સંસારને ભળે ભૂલી જાય છે અને તેમનાં ઘરમાં તે વસે છે તે રાજાઓની દુર્ભાગણ રાણીઓના કરતાં જુદી સ્થિતિમાં વસતી નથી. તેઓને તેની વાસના કોઈ કાળે પણ અંતઃકરણપૂર્વક હશે કે નહીં તે શોધવું ને કહેવું કઠણ પડે એમ છે. કાલિદાસે શૃંગારરસને ઉદ્દેશી મેઘદૂતમાં કહેલું છે કે **ज्ञातास्वादो विवृतजघनां को विहातुं समर्थः।** સરસ્વતીરહસ્યનું આવું દર્શન અને આવું આસ્વાદન આ સાક્ષરોએ કોઈ કાળે પણ કરેલું હોય તો તેનો ત્યાગ તેમનાથી થઈ શકત જ નહીં એવો અનુભવ સત્ય હોય તો એ દેવીને ભૂલી જનાર ને તેનો ત્યાગ આમ કરી શકનાર સાક્ષરોએ આવું દર્શન કે આસ્વાદન કદી કર્યું જ નથી અને પાઠશાલાદિમાં તેમનો કાળ અને પ્રયાસ આ વિષયમાં કેવળ વ્યર્થ ગયો છે અને તેમને "ડિપ્લોમા" આપનાર અધિકારીઓના ઉપદેશ એ ડિપ્લોમાના અધિકારહીન હૃદયોમાં પડ્યા છે એવાં અનુમાન કરવા યોગ્ય છે. પોતે બી. એ. આદિ પરીક્ષાઓમાં પાસ થયા તે દિવસથી જ પુસ્તકો સાથે પ્રીતિ બંધાઈ એવું ગણવાને સ્થાને તે દિવસથી જ એ બળાત્કારની પ્રીતિને અને પુસ્તકોને નવ



ગજના નમસ્કાર કરી, એક મોટા કેદખાનામાંથી છૂટ્યા હોય ને નિરાંતે શ્વાસ ખાવાનો સુખકારક અવકાશ મળ્યો હોય એવું અનુમાન કરવાનું કારણ આ વર્ગના કેટલા સાક્ષરોના કાળક્ષેપના વિધિમાંથી મળે છે ! આવા પુરુષોમાંથી વિદ્યાના વ્યસનીઓ ચાળી કાઢતાં કોઈને વાર લાગે એમ નથી એવી એ વ્યસનીઓની સંખ્યા થોડી છે. પ્રવૃત્તિમાંથી અવકાશ થોડો મળે છે એવું કારણ-નિમિત્ત-બતાવનારાઓને માટે આપણી હાઈકોર્ટના ત્રણ દેશી જજ-તેલંગ, રાનડે, અને ચંદાવરકરનાં દૃષ્ટાંત પ્રત્યક્ષ છે. લખવાની કળા સર્વમાં હોતી નથી, પણ વાંચનારનું માહાત્મ્ય ઓછું નથી તે દર્શાવવાને ગ્રન્થકાર થયા વિના કેવળ વાંચવા વિચારવાના વ્યસનથી મહત્ત્વ પામનાર પુરુષોનાં દૃષ્ટાંત રાજા સર ટી. માધવરાવ, ગ્રંથકાર થવું પડ્યું તે પહેલાંની અવસ્થામાં પણ પ્રસિદ્ધ થયેલા આપણા દેશના પરમ મિત્ર દાદાભાઈ નવરોજજી, અને મી. જસ્ટીસ ચંદાવરકર—આદિનાં જીવનમાંથી મળશે. તેઓમાં ગ્રંથકર્તા થયા વિના વિદ્યાનાં વ્યસન દેખાયાં છે. તો આપણા બી. એ. એલએલ. બી. એલ. એમ. આદિ પરીક્ષામાં સફલ થયેલા સાક્ષરો ધારે તો જીવનપર્યંત એક બાલદૃષ્ટિ સાધવામાં તેમને અવકાશ કે અન્ય અનુકૂળતા મેળવતાં તેમના પોતાના આલસ્ય અને અદૃષ્ટિ વિના બીજું કાંઈ પણ વિઘ્ન આવતું હોય એ માનવું કઠણ છે. Where there is a will, there is a way. આમને વાંચવાની વાસના તો શું પણ ઇચ્છા પણ નથી. વાંચવાથી પોતાનું કલ્યાણ થવાનું માનતા હોય તો વાંચ્યા વિના રહે નહીં. વાંચવાથી દેશનું કલ્યાણ જોવાની શક્તિ આવે છે એટલું જો તેઓ કહી શકતા હોય તો આ કલ્યાણ થાઓ કે ન થાઓ, દેશમાં હોળી લાગો કે દીવાળી થાઓ, તેની તેમને પરવા જ નથી. એ સત્ય માનવા છતાં, તેમની ઉદ્યોગવૃત્તિ આ દિશામાં જાગી શકતી જ ન હોય તો તેમની ઇચ્છા-પ્રવૃત્તિની શક્તિ-will-power નપુંસક છે એમ જ કહેવું જોઈએ, અને દેશને માથે દુષ્કાલાદિક વિપત્તિઓમાં જેવું દેશનું હીન પ્રારબ્ધ રહેલું ગણીએ છીએ તેવું જ છતી રીતે અંધકારમાં આરામ કે આનંદ માનતા કે પામતા આ સર્વ અલ્પ સાક્ષરોની આ અપ્રવૃત્તિમાં પણ દેશનું એવું જ હીન પ્રારબ્ધ રહેલું ગણવું જોઈએ.

આપણા કેવળ ગુજરાતી જાણનારા બાલદૃષ્ટાઓનાં ભાગ્ય સંસ્કૃત અને અંગ્રેજી જાણનાર દૃષ્ટાઓના લેખ ઉપર રહે છે. લક્ષ્ય અને

લક્ષણનાં દર્શન કરવાની શક્તિ પ્રથમ વર્ગમાં નથી ને તે કરવાની શક્તિ હોય તો વૃત્તિ કે પદ્ધતિ પાછલા બે વર્ગમાં નથી. જ્યાંસુધી આ તામસી વૃત્તિ ચારે પાસ વિસ્તાર પામી છે ત્યાંસુધી સામાન્ય જોનારને નિરાશા થાય તો નવાઈ નથી. એ નિરાશામાં આશાનાં કિરણ નથી એવું નથી. સંસ્કૃત ગ્રન્થોનાં ભાષાન્તર જેવી તેવી રીતે પણ પુષ્કળતાથી વધવા લાગ્યાં છે તેવાં અંગ્રેજીનાં ભાષાંતરનાં નામ પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાં જોતા નથી. એ વસ્તુના ગ્રાહક નથી માટે તેને માટે ઝાઝો પ્રયાસ નથી એ કારણ કંઈક અંશે સત્ય છે, તો કંઈક અંશે ભુલાવો ખવરાવે એવું છે. કેટલાક માસિક પત્રોમાં અંગ્રેજી કવિઓનાં અનુકરણ તેમ ભાષાંતર ઉભય આવે છે. પણ તે શ્રમ લીધા વિના સમજાય એવાં હોતાં નથી અને વર્તમાન પદ્ધતિથી વિચાર અને ભાષા બે વાનાં જુદાં પડે એટલે વાંચનાર બે વાર વાંચે અને અંગ્રેજી તેમ સંસ્કૃત ઉભયનો ભોમિયો હોય તો જ કાંઈ રસ પડે એવું હોય છે. આ લેખકોનો મોટો ભાગ બાલદ્રષ્ટાઓનો હોય છે. અને તેમ ન હોય તો પણ બાલદ્રષ્ટા વાંચનારને માટે લખતો હોય એવો આભાસ ઘણુંખરું કરાવે છે. જો આમ છે તો બાળકો જાતે ખાતાં નથી પણ સમજાવી સમજાવી પટાવી લલચાવી પ્રસન્ન કરી સહેલાઈથી પચે એવું ને રુચે ગમે એવું અન્ન બાળકોને આપીએ ત્યારે જ તે ખાય છે ને તેનો લાભ પૂર્ણ રીતે પામે છે એ પદ્ધતિ સમજી નવા લેખકો આપણા ગુજરાતી બાલદ્રષ્ટાઓને સાહિત્યના પ્રસાદ ચખાડશે ત્યારે જ તે ચાખશે ને ત્યાં સુધી તો તે પ્રસાદ ખાધા વગરના વાસી ધાન્યની દશાને જ પામવાનો. આ બાલદ્રષ્ટાઓને માટે બાલદ્રષ્ટા લેખક જેવાં થવું ને ઊંચી જાતના સ્વાદના તેમને રસિક અને પરિચિત કરવા એ આપણા અંગ્રેજી અને સંસ્કૃત વિદ્વાનોનો ધર્મ છે. પણ એ ધર્મને અંગે ચતુરતા જોઈએ છે. આપણા પ્રાચીન ગ્રન્થકારોના સહવાસના અને સંસ્કારના પટ આપી આ ચતુરતાનું અત્તર કાઢવું-કાઢનારને આવડશે તો આ દેશનાં તેમ પરદેશનાં ઉત્તમ પુષ્પોનો વાસ ચિરકાળ માટે ગુજરાતી બાલદ્રષ્ટાઓના રસનેંદ્રિયને તૃપ્ત કરી પોષવા સમર્થ થશે.

આ માર્ગે યત્ન કરવાને નિમિત્તે આપણા કેટલાક ગુજરાતી બાલદ્રષ્ટા લેખકો, સંસ્કૃત અને અંગ્રેજી ઉભય ભાષાઓમાં ગદ્ય અને પદ્યના ઉત્તમ ગ્રન્થોના માર્ગને પડતા મૂકી, સરલ ભાષાને નામે, કાવ્યચમત્કારને નામે, શ્રોતાવર્ગની સંમતિ અને અનુમતિને નામે, રૂપવાળા અને જનમનરંજક



લેખો લખ્યા જાય છે અને પોતાના વાંચનારની સંખ્યાથી અને સ્તુતિથી ભુલાવો ખાઈ, પોતાના લેખમાં ભાવી સાહિત્યને ઉત્પન્ન કરે એવું વીર્ય કે બીજ છે કે નહીં તેનો વિચાર કરી શકતા નથી. આમાં કાંઈ નવાઈ નથી, કારણ ઉપર કહેલું છે તેમ બાલદ્રષ્ટાઓનું આ મોટું ભયસ્થાન છે અને એ ભયસ્થાન ફ્રાન્સના ટ્રૂબેડૂર વર્ગને નડ્યું હતું તે જ રીતે આપણા ઉક્ત પ્રકારના બાલદ્રષ્ટાઓને નડે છે એ, નીચેના અંગ્રેજી લેખમાંની કથા સાથે આપણા આ વર્ગના લેખને સરખાવી જોવાથી અને તેમાં કેટલું બધું મળતાપણું છે તે ધ્યાનમાં લીધાથી, સમજાશે.

"The troubadours chiefly confined themselves to subjects of love, or rather gallantry, and to satires, which are sometimes keen and spirited. No romances of chivalry and hardly any tales are found among their works. There seems a general deficiency of imagination, and especially, of that vivid description which distinguishes robust genius in the rudest period of society. In the poetry of sentiment, their favourite province, they seldom attain any natural expression, and consequently produce no interest. It must be allowed, however, that we cannot judge of the troubadours at a greater disadvantage than through the prose translations of Millot. *Their poetry was entirely of that class which is allied to music, and excites the fancy or feeling rather by the power of sound than any stimulancy of imagery and passion.* Possessing a flexible and harmonious language, they invented a variety of metrical arrangements, perfectly new to the nations of Europe. The Latin hymns were striking but monotonous, the metre of the northern French unvaried;

but in Provencal poetry, almost every length of verse, from two syllables to twelve, and the most intricate disposition of rhymes, were at the choice of the troubadour. The canzoni, the sestine, all the lyric metres of Italy and Spain, were borrowed from his treasury. With such a command of *poetical sounds*, it was natural that he should inspire delight into ears not yet rendered familiar to the artifices of verse; and even now the fragments of these ancient lays, quoted by M. Sismondi and M. Ginguene, *seem to possess a charm that has evaporated in translation*. Upon this harmony and upon their facility with which mankind are apt to be deluded into an admiration of exaggerated sentiment in poetry, they depended for their influence. And however vapid the songs of Provence may seem to our apprehension, they were undoubtedly the source from which poetry for many centuries derived a great portion of its habitual language."

—*Hallam's Middle Ages.*

બાલદષ્ટાઓનો શુદ્ધ વિષય પુસ્તકોના ચેતન પ્રવાહ છે તેનો તટ છોડી, તટસ્થ મટી, એ પ્રવાહને જાતે ધકેલવાના લોભથી એ પ્રવાહના વાહક લેખકો થવાના લોભમાં એ દષ્ટાઓ પડે છે ત્યારે તે અવસ્થામાં જે લાભ અને ભય રહેલા છે તે ઉભયનું મિશ્ર દૃષ્ટાંત હૂમેહૂરોના ઇતિહાસમાં ઇતિહાસ-પર્યેષક હૅલમ ઉપર પ્રમાણે દર્શાવે છે. અખો ભક્ત કહે છે કે

"નાર નાનડી હતું પ્રસવ,
વાધતી ન વાધે નહીં અદ્ભુત."



તે રીતે જાતે નાની સમૃદ્ધિવાળા આ બાલદષ્ટાઓ જ્યારે લેખને પ્રસવ આપે છે ત્યારે તેમની પોતાની સમૃદ્ધિ વધતી અટકી પડે છે. સરસ્વતીના ચેતન અર્થ ઉપર તરવાનો મોહ અને અભ્યાસ એક કાળે હોય છે તેને લખવાના લોભનું બળ, તેમને અન્ય ગ્રન્થોમાંથી આકર્ષી લઈ, તેમના પોતાના સરજેલા ગ્રન્થોમાં ડુબાડે છે. તેમનો લક્ષ્ય વિષય આમ બદલાય છે ને લક્ષબુદ્ધદષ્ટાઓના અને લક્ષદષ્ટાઓના ગ્રન્થોની સમૃદ્ધિ તેમની દૃષ્ટિમાં ભરાવી જોઈએ તેને સ્થાને તેમની પોતાની જ બુદ્ધિની સમૃદ્ધિ તેમની દૃષ્ટિમાં ભરાવા લાગે છે. એ સમૃદ્ધિ આથી વધવાને બદલે ખરચાઈ જાય છે. અપવાસીના ઉદરમાંના જઠરાગ્નિને અન્ન મળતું નથી ત્યારે તે અગ્નિ ઉદરના પોતાના જ સત્વને અને અંશોને ચુસવા માંડે છે તેમ સમર્થ ગ્રન્થોમાંનું અન્ન મળતું બન્ધ થતાં આ લેખકદષ્ટાઓ પોતાની જ બુદ્ધિના સત્વને ચુસે છે, તેમાંથી જ તૃપ્તિ શોધે છે, અને તેમના લેખમાં આ સર્વ ક્રિયાના સારા અને નરસા આકારોનું પ્રતિબિંબ પડે છે તે આ હૂમેહૂરોના દર્પણ જેવા ઉપરના લેખમાં આવેલું છે.

મનુષ્યની બુદ્ધિને ભોજન માટે અને પોષણ માટે કંઈ પણ વિષય જોઈએ છે. જે દષ્ટાઓને આવો વિષય અન્ય લેખકોના ચેતનભાગમાંથી મેળવવાનો અભ્યાસ હોય છે તેમને જાતે લખવાનો અભ્યાસ વધતાં વાંચવાના અભ્યાસને માટે અવકાશ મળતો ઓછો થાય છે. અને તેના ઉપરનો મોહ પણ ઓછો થાય છે. સંસારરસિક બુદ્ધિઓને તેમની વિચારશક્તિ, ભેદકશક્તિ, વર્ણનશક્તિ, શોધકશક્તિ અને કલ્પનાશક્તિ એમ પાંચ શક્તિઓ સંસારની જાળ ગુંથવા અથવા ઉકેલવા પ્રેરે છે, ત્યારે પુસ્તકરસિક બુદ્ધિઓને એમની એ જ શક્તિઓ પુસ્તકોનાં લક્ષણ ગુંથવા અથવા ઉકેલવા પ્રેરે છે. જે બુદ્ધિઓ પુસ્તકરસિક હોવા છતાં તેનાં લક્ષણ જોઈ શકતી નથી પણ કેવળ બાલદૃષ્ટિરૂપ હોવાથી માત્ર પુસ્તકોની ચેષ્ટા જોઈ શકે છે, તે બાલબુદ્ધિઓ, બાળકો પેઠે, માત્ર મોટાં પુસ્તકોની ચેષ્ટાનું અનુકરણ કરી શકે છે અને ઉપર કહેલી પાંચે શક્તિઓમાં બાલભાવે સ્ફુરતી હોય છે તે આ ચેષ્ટાના અનુકરણને–ચેષ્ટાનુકરણને–પોતાના બાલભાવથી સ્ફુરિત કરે છે. ગ્રન્થકારોની ચેતન શક્તિઓમાંથી જે શક્તિના પ્રસવ પોતે જોયા હોય એવા ગ્રન્થોનું ચેષ્ટાનુકરણ આવા બાલદષ્ટાઓના લેખોમાં આવે છે. કોઈ દષ્ટા આવી રીતે રસનું તો કોઈ તર્કનું અનુકરણ કરે છે; કોઈ વિચારનું તો કોઈ ભાષાનું અનુકરણ કરે છે. અનુકરણ અનુકરણમાં યે ફેર હોય છે.

સમર્થ દૃષ્ટિવાળા દ્રષ્ટાઓ અનુકરણ નથી કરતા એમ નથી હોતું; પણ એમના કરેલા અનુકરણથી અનુકૃત લેખકના આશય ઉચ્ચ પરિપાક પામે છે ને તેમના ગુણાશય વિકાસ પામે છે. પણ બાલદ્રષ્ટાઓના કરેલા ચેષ્ટાનુકરણમાં અનુકૃત દ્રષ્ટાના આશય જડચેષ્ટાનુરૂપ અધોગતિ પામે છે ને તેમના દોષાશય વિકાસ પામે છે. રસ, વિચાર અને તર્ક એ પુસ્તકોના ચેતન આશય છે તેમાં બાલદ્રષ્ટાઓ અસાર બીજોને ઉગાડે છે અને એ આશયોના મર્મને વિકાસ આપવાને સ્થાને પોતાના પ્રમાદથી તે મર્મને જડ થવા દઈ તેની આસપાસનાં જડ છોતરાં જેવી ભાષાને જ વિકાસ આપવામાં કાર્યસમાપ્તિ માની બેસે છે. જો આ આશય જીવતા હોય ને સબળ થતા હોય તો ભાષાના ચમત્કાર-સુન્દર જીવની શરીરાકૃતિ પેઠે-પોતાના જીવ જેવા આ આશયોમાં કાંઈ વધારે પ્રોત્સાહક શક્તિ મૂકી શકે છે. સમર્થ દ્રષ્ટાઓ આવી રીતે સુવર્ણ અને સુગન્ધ ઉભયનો સંયોગ ઉત્તમ રીતે કરી શકે છે અને તેમ કરવાના પ્રસંગ-અપ્રસંગનો વિવેક રાખી શકે છે. પણ બાલદ્રષ્ટાઓમાં એ સંયોગ યોજવાની કુશળતા તેમ એ વિવેક સમજવાની શક્તિ પરોક્ષ હોય છે એટલે તેમનાં કરેલા અનુકરણમાં લેખના ચેતનભાગને કરમાઈ જવા દઈ તેના છોતરાંની પાછળ-તેની ભાષાની પાછળ શબ્દાલંકાર વગેરેની સમૃદ્ધિના શૃંગાર લટકાવવામાં આવે છે. આથી અર્થવર્ણન વડે ચિત્તને પ્રત્યક્ષ ભરવાને ઠેકાણે ધ્વન્યાત્મક વર્ણનની સામગ્રી ઓછી થાય છે; તર્કાલંકારના પ્રવાહી ફુવારાને સ્થાને અશબ્દરૂપ આપી અક્ષરનાં ચિત્ર કાઢવામાં આવે છે; હૃદયમર્મને પલાળનાર રસને સ્થાને શ્રવણમાર્ગના સુંવાળા સ્થૂલ મર્મને ઝડઝમકાદિથી ઊંચાનીચા કરવામાં આવે છે; રસાત્મક કાવ્યને સ્થાને અશબ્દ અક્ષરોના સ્વરનું ગાન ભરવામાં આવે છે ને ગાનને કાવ્ય કહેવામાં આવે છે; અને આ પ્રમાણે આ ચેષ્ટાનુકરણને બળે અનેક વ્યુત્ક્રમ ઊભા થાય છે. મનુષ્યની ચેતન બુદ્ધિને સ્થાને આ નાટકથી ગારુડીની વાદિત્રશિક્ષા સરસ્વતીદેવીના પુસ્તકમંદિરનો વહીવટ કરવાનો અધિકાર પામે છે અને બાલદ્રષ્ટાઓ તેમ પ્રાકૃત અદ્રષ્ટાઓ આ જડ વહીવટથી અધિકાધિક જડતાના પંકમાં ડૂબતા જાય છે.

ટ્રૂબેડૂરોના કાળમાં જેવી જેવી પાઠશાળાઓ ઊભરાઈ ન હોત તો તેમણે ઉપર પ્રમાણે આણવા માંડેલી અધોગતિમાંથી ત્યાંની વિદ્યા બચત નહીં. આપણા બાલદ્રષ્ટાઓને આ ટ્રૂબેડૂરોના ઇતિહાસમાંથી



પોતાના ભયનો જેટલો બોધ લેવાનો છે તેટલો જ લાભનો બોધ ત્યાંના 'ટ્રૂવર' નામના કવિવર્ગના ઇતિહાસમાંથી લેવાનો છે.

આપણા અંગ્રેજી વિદ્યાવાળા ગુજરાતી લેખકોના કેટલાક ભાગને માથે જે શુષ્ક લેખ લખવાનો આરોપ આવેલો છે તેવો જ આરોપ આ ટ્રૂવરોને માથે ગણાયો છે. તેમના અને ટ્રૂબેડૂરોના ગુણદોષ અને ભાગ્યાભાગ્ય સરખાવતાં ઇતિહાસશોધક હેલમ લખે છે કે —

"Besides these romances of chivalry, the trouveurs displayed their powers of lively narration in comic tales or fabliaux ( a name sometimes extended to the higher romance, ) which have aided the imagination of Boccace and La Foutaine. These compositions are certainly more entertaining than those of the troubadours; but, contrary to what I have said of the latter, *they often gain by appearing in a modern dress.* Their versification which doubtless had its charm when listened to around the hearth of an ancient castle, is languid and prosaic, and suitable enough to the tedious prolixity into which the narrative is apt to fall, and though we might find many sallies of that arch and sprightly simplicity which characterizes the ancient language of France and England, it requires, upon the whole, a factitious taste to relish these Norman tales, considered as poetry in the higher sense of the word, distinguished from metrical fiction."

ટ્રૂબેડૂરો અને ટ્રૂવરોના આવા ગુણદોષો છતાં ઉપરનો લેખક સરવાળું કાંઈ સૂચવતો હોય તેમ અન્ય દેશની કથા કરતાં લખે છે કે

"From the struggles of the spirited republics ( of Italy ) against the emperors and their

internal factions we might, upon all general reasoning, anticipate the early use and vigorous cultivation of their native language. Even if it were not ripe for historians and philosophers, it is strange that no poet should have been inspired with songs of triumph or invective by the various fortunes of his country. But on the contrary, the poets of Lombardy *became troubadours and wasted their genius* in Provencal love strains at the courts of princes."

ટ્રૂબેડૂરોનાં શબ્દાદિ ચમત્કૃતિ ભરેલાં કાવ્યોમાં તેમના પોતાના સમયના વર્ગને માટે ચમત્કૃતિ વધારે હતી, પણ તેમની અને લોકની સનાતન વિચારસમૃદ્ધિને માટે તે જ્યાં ત્યાં વંધ્યા નીવડી. ટ્રૂવરોનાં શુષ્ક પણ સવિચાર કાવ્યોમાં તાત્કાલિક સંભાવના મેળવવાની શક્તિ ઓછી હતી, પણ જેટલી થોડીઘણી પણ એવી શક્તિ હતી તે તેમના દેશની સાક્ષર ભાવનાની વાડીને સમૃદ્ધ કરવાને વીર્યવતી નીવડી. આવા બાલકલ્પાઓ આમ લેખકકર્મ આરંભે ત્યારે તેમની લેખિની તેમના વાંચનાર વર્ગની મનોભૂમિમાં સાક્ષરસમૃદ્ધિનાં બીજ ઉગાડી શકશે કે નહીં તે જોવાની કસોટી એવી સમજાય છે કે તેવા લેખોનાં અન્ય ભાષાઓમાં ભાષાંતર કરવાં. ભાષાંતરની ક્રિયાથી શબ્દાદિ જડ ચમત્કાર છૂટી જાય છે ને માત્ર સાક્ષરતાની ચેતન સમૃદ્ધિ અન્ય ભાષામાં સંક્રાન્ત થાય છે. અન્ય ભાષાઓમાં પણ આ લેખ પોતાની આ સમૃદ્ધિ જણાવી શકે તો તે લેખને સવીર્ય સમજવો ને ભાષાંતરમાં એ સમૃદ્ધિ દેખાય નહીં તો તે સમૃદ્ધિના શુદ્ધ બીજનો તેમાં અભાવ જ ગણવો. પુનર્જન્મ જડ વસ્તુનો થતો નથી પણ ચેતન અંશનો થાય છે તે નિયમ આમાં પણ પ્રત્યક્ષ થાય છે.

પોતાનો વાંચવાનો વિષયપ્રવાહ મૂકી લખવાના પ્રવાહમાં ભળતાં બાલકલ્પાઓને માટે જે વિવેક અને ભય છે તે ઉપર દર્શાવ્યા. સમાન વયનાં બાળક પોતપોતામાં કેટલાક અરસપરસ બોધની આપલે જેવી સહેલાઈથી કરે છે તેવી પદ્ધતિનું અનુસરણ પ્રૌઢ વયના સુશિક્ષિત ગુરુથી પણ બનતું કઠણ પડે છે, માટે બાળકને બાળક દ્વારા બોધ



કરવા દેવો કોઈક આવશ્યક થાય છે; તેમ નિરક્ષર જનોને અને બાળકલ્પાઓને બોધ મળે તો તે આકર્ષક અને સફળ થાય એટલા હેતુથી જ બાળકલ્પાઓ લેખકનું કામ આરંભે તે ઉપયોગી છે. પણ એક બાલકની સંગતિમાં પડેલું બીજું બાળક એ જ સંગતિથી વધારે બાલિશ વ્યસનમાં ન પડે અથવા પોતે હજી વધારે વયને પહોંચવાનો અને એ વધારે વયના સંસ્કારોને યોગ્ય થવા પરિપાક પામવામાં પાછળ ન પડે એટલી મર્યાદા પણ આ સંગતિને માટે આવશ્યક છે. તે જ ન્યાયે બાલકલ્પા વાંચનાર સાક્ષરતાના ચેતન ભાગના વ્યસની મટી તેના જડભાગથી મોહિત થાય તો તે મૂઢ બને છે તે ભયસ્થાનમાંથી તેને અને તેને માટે લખવા બેસનાર બાલકલ્પાને માથે મર્યાદાઓ મૂકવાની પ્રાપ્ત થાય છે. ટ્રૂબેડૂર અને ટ્રૂવરોનાં અને તેમનાથી થયેલી લોકસ્થિતિનાં દૃષ્ટાંત આ વિવેક દર્શાવવાને માટે ઉપયોગી છે, પણ તેનું સૂક્ષ્મ મનન કરવાથી જ તે ઉપયોગ સમજાશે.

આપણા દેશમાં અર્વાચીન કાળને અનુસરી બાલકલ્પારૂપે સાક્ષરજીવન ગાળનારની કેટલી આવશ્યકતા છે, તેમનો અધિકાર અને ધર્મ ક્યારે અને કેવો પ્રાપ્ત થાય છે, અને કેવા ભયમાંથી મુક્ત રહેવા તેમણે જાગ્રત રહેવાનું છે તે સર્વનું ઉપર પ્રમાણે દિગ્દર્શન થયું. હવે આપણે એથી ઉચ્ચતર સાક્ષરજીવન ભણી દૃષ્ટિ કરીશું.

# પ્રકરણ ૮

## લક્ષણદ્રષ્ટા

સામાન્ય લોકદૃષ્ટિની નિરક્ષર મર્યાદા ઓળંગી સાક્ષરદૃષ્ટિના ઉત્તરોત્તર અધિકાધિક શક્તિવાળા અને ઉચ્ચતર ભાવનાવાળા પ્રકારો જોતા જોતા આપણે એટલે સુધી આવ્યા છીએ કે અત્યાર સુધી જે કેવળ લોકોપકારક દૃષ્ટિનો પ્રકાર આપણે જોતા હતા તેને સ્થાને લોકોપકારક અને લોકોપદેશક એ ઉભય કાર્યના સાધક વર્ગની દૃષ્ટિઓનું દર્શન કરવાને આપણે હવે કંઈક પ્રયત્ન કરી શકીશું. શુદ્ધદ્રષ્ટાઓનો અધિકાર માત્ર અક્ષરોના જડપ્રવાહને દૃષ્ટિગોચર કરી સંચિત કરવાથી સમાપ્ત થાય છે, અને બાલદ્રષ્ટાઓનો અધિકાર અક્ષરોના ચેતનપ્રવાહને દૃષ્ટિગોચર કરી તેમાં લય પામવાથી સમાપ્ત થાય છે, ત્યારે બાકીના સર્વ સાક્ષર દ્રષ્ટાઓના અધિકાર પોતાને દૃષ્ટિગોચર થતા પ્રવાહને અન્ય સાક્ષરોની દૃષ્ટિઓમાં પ્રતિફલિત કર્યા વિના સમાપ્ત થતા નથી. આ પ્રતિફલનને લોક ઉપદેશ કહે છે. એ પ્રતિફલન ગ્રન્થ દ્વારા તેમ જિહ્વા દ્વારા કરવામાં આવે છે. સમાન શક્તિના સાક્ષરો જ્યારે પરસ્પર પ્રતિફલન કરે છે ત્યારે તેનું નામ ચર્ચા કહેવાય છે, અને અધિક શક્તિવાળા સાક્ષરની દૃષ્ટિમાં પડેલો વિષય ન્યૂન શક્તિવાળાની દૃષ્ટિમાં પ્રતિફલિત થાય ત્યારે તે ખરા અર્થમાં ઉપદેશ કહેવાય છે. બાલદ્રષ્ટાનું જીવન લોકોપકારક છે પરંતુ ઉપદેશ કરવાનો અથવા ગ્રન્થ લખવાનો અધિકાર તેને અમુક મર્યાદા બહાર નથી એવું આપણે પૂર્વે જોઈ ગયા છીએ. ચર્ચાના ઉદ્દેશથી કે ઉપદેશના ઉદ્દેશથી પોતાનો દૃષ્ટ વિષય અન્ય દૃષ્ટિમાં પ્રતિફલિત કરવાનો અધિકાર લક્ષણદ્રષ્ટાઓ અને લક્ષ્યદ્રષ્ટાઓને પ્રાપ્ત થાય છે તેનું કારણ એવું છે કે તેમણે દૃષ્ટિગોચર કરેલા વિષયમાં કાંઈક અપૂર્વતા હોય છે. તેમના દૃષ્ટિવિષય તેમના શરીરની સાથે નાશ પામે તો સંસારને હાનિ થાય માટે જ તે વિષયના લોકોપકારક સંગ્રહને માટે તેનું પ્રતિફલન આવશ્યક છે અને તેથી જ આ પ્રતિફલન કરવાનો આ દ્રષ્ટાઓનો અધિકાર છે.

પ્રાચીન બ્રાહ્મણો સાક્ષરજીવન ગાળતા એટલું જ નહીં, પણ



તેમનો મોટો અથવા નાનો ભાગ દેશકાળ પ્રમાણે લક્ષણદ્રષ્ટાઓનો અને લક્ષ્યદ્રષ્ટાઓનો હતો અને તેમનાં મસ્તકમાં, તેમનાં હૃદયોમાં, અને તેમની અંતર્દૃષ્ટિઓમાં કંઈ નહીં તો કંઈ પણ અપૂર્વ વિષયો એવા ભરાયેલા હોવા જોઈએ કે જેનું પ્રતિફલન સંસારને અપૂર્વ લાભ આપી શકે એવું પ્રાચીન આર્યોનું અનુમાન હતું. એ અનુમાનપુરઃસર શ્રદ્ધાને બળે તેઓ એવું માનતા કે આવા સાક્ષરજીવનની ક્ષતિથી સંસારની પાસેથી કંઈક અપૂર્વ પદાર્થની ક્ષતિ થવાનો ભય છે, અને તે ભયમાંથી મુક્ત રહેવાથી સંસારને લાભ છે એટલી તેવા સાક્ષરજીવનની વિકારજન્ય દુષ્ટતાના પ્રસંગથી સંસારને હાનિ નથી. સંસારના લાભહાનિના સરવાળાઓને જમે ઉધાર કરી પ્રાચીન આર્યો આવું સરવાયું કાઢતા, અને તેટલા માટે જ બ્રાહ્મણોને દેહાન્ત દંડની શિક્ષા કરવાનો તેમના રાજાઓને નિષેધ હતો અને બ્રહ્મહત્યા અન્ય હત્યાઓથી દુસ્તર ગણાતી. અર્વાચીન કાળમાં બ્રાહ્મણોનો મોટો ભાગ અક્ષરશૂન્ય છે અને સાક્ષરજીવનનો લોભ તો તેમનામાં પરોક્ષ છે. આથી પ્રાચીનકાળમાં તેમને મળતો લાભ આ દેશકાળમાં તેમને મળે નહીં તે જ ઉચિત છે, અને જે ઉચિત છે તેવો જ યોગ વિધાતાએ ઘડ્યો છે. બાકી આ પ્રકારના અપૂર્વ બોધપ્રદ સાક્ષરના સ્થૂલ શરીરના મોટામાં મોટા દોષ તેના સ્થૂલ સહવાસીઓને જ હાનિકારક છે ત્યારે તેના અક્ષરશરીરની ક્ષતિ તેના દૃષ્ટાદૃષ્ટ નિઃસીમ સહવાસી મંડળને છે.

આવી જાતની અપૂર્વતાબોધક દૃષ્ટિને ધરનાર વર્ગમાં પ્રથમ પગથિયે લક્ષણદ્રષ્ટાઓ છે. તેમની દૃષ્ટિ આગળ થઈને કેવળ જડ અક્ષરોનો પ્રવાહ જ ચાલ્યો જાય છે એમ નથી અને કેવળ અક્ષરોનાં ચેતન ચાલ્યાં જ જાય છે એમ નથી. જેવી રીતે નદીપ્રવાહ ચાલ્યો જાય છે ત્યારે તેની નીચેની ભૂમિ એ પાણીથી એવી રસાર્દ્ર થાય છે કે ગ્રીષ્મ ઋતુમાં સર્વ પાણી દેખીતું સુકાઈ જવા છતાં આ ભૂમિમાં આ પાણીનું સત્ત્વ ગુપ્તપણે રહે છે ને તે ખોદી જોનારને જડે છે; જેવી રીતે એ નદીપ્રવાહના તટ ઉપરની ભૂમિ આ પ્રવાહની પ્રત્યક્ષ અને પરોક્ષ સંપત્તિનું ધારણ કરે છે અને સામાન્ય ભૂમિ કરતાં સવિશેષ ફલદ્રુપ થાય છે; અને જેવી રીતે એ નદી ઉપરનું વાતાવરણ અનેકધા અનેક યોજનાંતરમાંના વાતાવરણમાં આરોગ્ય અને શીતળતા પ્રસારે છે—અને પોતાની પાસે પ્રસારે તેમાં તો નવાઈ શી!—અને તેથી એ

વાતાવરણમાં વસનારી સર્વ ચેતનસૃષ્ટિને જીવન-વિશેષ આપે છે: તેવી રીતે લક્ષણદ્રષ્ટાઓની દૃષ્ટિ પણ પોતે ગોચર કરેલા અક્ષરપ્રવાહનું સત્વ, આ ભૂમિના અને વાતાવરણના જેવા જ પ્રભાવથી, પોતાનામાં ચૂસી લે છે, અન્ય જીવોનું તે જીવન થાય એવી રીતે તેનું પ્રતિફલન કરે છે, અને ભાવદ્રષ્ટાઓથી આરંભી બીજા લક્ષણદ્રષ્ટાઓ અને લક્ષ્યદ્રષ્ટાઓની દૃષ્ટિઓને નવાં તેજ આપે છે. આ દ્રષ્ટાઓ નદીતલની ક્રિયાનું, નદીતટની ક્રિયાનું અને પોતાના ઉપરની વાતાવરણની ક્રિયાનું, અનુકરણ કેવી રીતે કરે છે તે તેનાં દૃષ્ટાંતો સાથે હવે જોઈશું.

આપણી સંસ્કૃત ભાષામાં લખનાર ભાષ્યકારો, વાર્તિકકારો અને ટીકાકારો આવા લક્ષણદ્રષ્ટાઓ છે. પરદેશમાં શેક્સપિયરના ગ્રન્થો ઉપર શ્લેગલ અને જર્વીનસ્ જેવા વાર્તિકકારો થયા તે પણ આવા લક્ષણદ્રષ્ટાઓ છે. ભાષાંતરકારો તેમ પુસ્તકોના સાર કાઢનારાઓ અને શોધકો પણ આવા જ દ્રષ્ટાઓ છે. એ સર્વની દૃષ્ટિઓ પાસે થઈને માત્ર પુસ્તકોના ચેતનપ્રવાહ ચાલ્યા જાય છે અને ઉપર કહેલી તલભૂમિ, તટભૂમિ, અને વાતાવરણની ત્રિવિધ ક્રિયાથી તે પ્રવાહના મર્મભાગના સાક્ષીભૂત થઈ આ દ્રષ્ટાઓ પોતે સિદ્ધ કરેલા પ્રકાશનું પ્રતિફલન કરે છે.

ઉપર કહેલી ત્રિવિધ ક્રિયા સમજવા માટે લક્ષણદૃષ્ટિનું સ્વરૂપ પ્રથમ વિચારીશું.

આપણામાં શાસ્ત્રની પ્રવૃત્તિ ત્રણ પ્રકારની કહી છે. ૧ ઉદ્દેશ ૨ લક્ષણ અને ૩ પરીક્ષા. આમાં ઉદ્દેશનો અર્થ કંઈક ભૂમિતિની પ્રતિજ્ઞા–Enunciation–જેવો છે. ન્યાયશાસ્ત્રોક્ત પ્રતિજ્ઞા પણ એ જ અર્થમાં વપરાય છે. કંઈક ઉદ્દિષ્ટ વસ્તુનો–વૈયાકરણ વાક્યના "કર્તા" Subjectનો–કોઈ ધર્મ–કર્મ–Predicate–કહી દઈએ અને તે પ્રસંગે તે વસ્તુનો તે ધર્મ છે એવું સિદ્ધ કરવાની ધારણા રાખીએ ત્યારે તે આપણી પ્રતિજ્ઞા અથવા આપણો ઉદ્દેશ થાય છે. શાસ્ત્રમાત્રને કંઈ પણ ઉદ્દેશ હોય છે અને તે ઉદ્દેશમાં ઉદ્દિષ્ટ વસ્તુનો ધર્મ દર્શાવવા શાસ્ત્રકાર પ્રમાણોથી પ્રયત્ન કરે છે. આ ધર્મને લક્ષણ પણ કહે છે. અમુક ઉદ્દિષ્ટ વસ્તુમાં અમુક લક્ષણ છે કે નહિ તેની પરીક્ષા પ્રમાણોથી થાય છે. જ્યારે શાસ્ત્રકારના હાથમાં કોઈ વ્યાપ્તિ અથવા ઉત્સર્ગ અથવા સામાન્ય નિયમ આવે છે અને ઉદ્દિષ્ટ વસ્તુનું અમુક લક્ષણ છે કે નહિ એ પરીક્ષા માટે એ વ્યાપ્તિનો ઉપયોગ કરવામાં



આવે છે અને તેથી અનુમાન કરી પરીક્ષા શુદ્ધ નીકળે છે ત્યારે તે લક્ષણ શુદ્ધ ગણાય છે. અનુમાનના શાસ્ત્રને અંગ્રેજીમાં "ડિડક્ટિવ સાયન્સ" કહે છે અને મી. જ્હોન મિલ વગેરેના દર્શાવવા પ્રમાણે કોઈ પણ સ્વીકૃત વ્યાપ્તિ વિના અનુમાન થતું નથી. આ અનુમાનશાસ્ત્રમાં વ્યાપ્તિપ્રમાણનું લક્ષણ ઉદ્દિષ્ટ વસ્તુમાં ઘટિત છે કે નહિ એટલું જોવાનું છે. વ્યાપ્તિમાં કેવા કેવા પદાર્થમાત્રમાં કયું લક્ષણ વ્યાપ્ત ગણેલું છે અને એ લક્ષણ ઉદ્દિષ્ટ પદાર્થમાં છે કે નહીં એ બે વાનાં જોવાં તે પ્રસ્તુત પ્રકરણના લક્ષણદ્રષ્ટાની દૃષ્ટિનો ધર્મ છે.

બ્રહ્મસૂત્રમાં વ્યાસમુનિએ કંઈ વસ્તુને ઉદ્દેશીને તેનું કેવું લક્ષણ કહેલું છે તેનું શ્રવણ કરવું અને તે લક્ષણ ઉદ્દિષ્ટ વસ્તુમાં કેવી રીતે પ્રાપ્ત થાય છે તે બોધનો મનન અને નિદિધ્યાસનથી અનુભવ કરી લેવો—પરીક્ષા કરી લેવી–તે લક્ષણદર્શનનો વિધિ. આમાંના શ્રવણમાં પુસ્તક વાંચવાની ક્રિયાનો સમાસ થાય છે. આ દ્રષ્ટા પ્રથમ શ્રવણદ્વારા વાક્યબોધ શોધે છે, પછી એ વાક્યમાંનો ઉદ્દિષ્ટ પદાર્થ લક્ષ્ય કરી લે છે અને તેમાં બોધેલું લક્ષણ ઘટે છે કે નહિ તે અનુભવી લે છે. તેની દૃષ્ટિ શ્રવણદ્વારા ઊઘડે છે, પ્રથમ લક્ષણ ઉપર પડે છે, પછી લક્ષ્ય ઉપર પડે છે, અને અંતે લક્ષ્ય અને લક્ષણના સંબંધ ઉપર પડે છે.

બ્રહ્મવિદ્યામાં લક્ષ્ય એક જ છે ત્યારે અપરા વિદ્યાઓનાં સર્વ શાસ્ત્રોમાં લક્ષ્ય વ્યક્તિઓ અસંખ્ય હોય છે અને તેમનાં સામાન્ય લક્ષણોની વ્યાપ્તિઓ બંધાય છે. ઉક્ત પ્રકારના જ શ્રવણદ્વારા લક્ષણદ્રષ્ટાઓ આમાં પણ વાક્યબોધ શોધે છે, વાક્યમાંના ઉદ્દિષ્ટ પદાર્થ લક્ષ્ય કરી લે છે, અને તેમાં બોધેલાં લક્ષણ એ પદાર્થોમાં છે કે નહીં તેની પરીક્ષા કરી લે છે. તેમની દૃષ્ટિ પ્રથમ પરબોધિત લક્ષણ ઉપર પડે છે, પછી લક્ષ્ય ઉપર પડે છે, ને પછી તેમના સંબંધ ઉપર પડે છે. ભૂમિતિમાં થોડીક વ્યાખ્યાઓ અને થોડાક સ્વતઃસિદ્ધ નિયમો ઉપરથી આખું શાસ્ત્ર બંધાયું છે તે આવી લક્ષણદૃષ્ટિને બળે થયું છે. ગણિતશાસ્ત્રની અન્ય શાખાઓમાં પણ તેમ જ થયું છે. શ્રુતિસ્મૃતિના આધારોથી ઘડાયેલાં સર્વ શાસ્ત્ર અને સર્વ ભાષ્યો પણ લક્ષણદૃષ્ટિના જ પ્રભાવની સૃષ્ટિ છે.

અંગ્રેજી ન્યાયશાસ્ત્રમાં ડિડક્ટિવ સાયન્સના નિયમ લક્ષણદૃષ્ટિનું અનુમાન શાસ્ત્ર રચે છે અને ઇન્ડક્ટિવ સાયન્સના નિયમ લક્ષ્યદૃષ્ટિનું

અનુમાનશાસ્ત્ર રચે છે એમ કહીએ તો ચાલે. એ લક્ષ્યદૃષ્ટિનું અનુમાનશાસ્ત્ર વ્યાપ્તિઓ બાંધવાનું શીખવે છે અને લક્ષણદૃષ્ટિનું અનુમાનશાસ્ત્ર વ્યાપ્તિઓ ઉપરથી અનુમાન બાંધવાનું શીખવે છે. લક્ષણદૃષ્ટિનું અનુમાનશાસ્ત્ર જ્ઞાતવસ્તુમાં સમાસ પામેલા જ્ઞાનાંશ ઉપર આપણું ધ્યાન ખેંચે છે. વ્યાપ્તિ જ્ઞાત છે ને તેના પેટામાં આવેલું જ્ઞાન જ આપણે આ અનુમાનશાસ્ત્રના અનુમાનથી જાણીએ છીએ. જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વન્હિ છે એ વ્યાપ્તિના પેટામાંથી ધૂમવાળો પર્વત અગ્નિમાન છે એમ નીકળે છે એટલે જ્ઞાત વ્યાપ્તિમાંથી આ તેમાં અવ્યાકૃત રહેલા અંશ ઉપર આપણું ધ્યાન ખેંચાયું. "જ્યાં જ્યાં ધૂમ છે" તેમાં ધૂમવાળો પર્વત આવી ગયો તો વ્યાપ્તિ ઉચ્ચારતી વેળા જ આપણે જાણવું જોઈતું હતું કે પર્વતમાં અગ્નિ હોવો જોઈએ. આપણે ન જાણ્યું તેનું કારણ એ કે "જ્યાં જ્યાં ધૂમ છે" એવા અપ્રત્યક્ષ-જ્ઞાનવિષય-object of conception-માં કેટલી પ્રત્યક્ષ વ્યક્તિઓ આવી ગઈ છે તે સર્વ ગણી ગયા વિના તેમનું ભાન આપણને થઈ શકતું નથી. આપણી જે જે વ્યક્તિઓ આપણે ગણતા જઈએ તેમ તેમ તે તે વ્યક્તિરૂપ લક્ષ્યનું આપણને ભાન થાય અને તે પછી વ્યાપ્તિબોધિત લક્ષણ પણ તેમાં હોવું જોઈએ એવું ભાન થાય તે લક્ષણ-દૃષ્ટિથી થયેલું અનુમાન છે. પંચદશીકાર "**अध्येतृवर्गमध्यस्थपुत्राध्ययनशब्द**" ઉપર ધ્યાન જતાં પુત્રની ઓળખ થવાનું દૃષ્ટાંત આપે છે તે જ વિધિથી વ્યાપ્તિમાંના અપરોક્ષજ્ઞાનવિષયમાં આવી ગયેલા વ્યક્તિરૂપ લક્ષ્યવિષય ઉપર ધ્યાન જતાં અપરોક્ષજ્ઞાનવિષયના લક્ષણની વ્યક્તિરૂપ લક્ષ્યવિષયમાં રહેલી સત્તાને આપણે ઓળખી લઈએ છીએ.

લક્ષ્યદૃષ્ટિના અનુમાનશાસ્ત્રથી મળેલી કોઈ વ્યાપ્તિ વસ્તુતઃ સત્ય શુદ્ધ છે કે નહીં તેની પરીક્ષા-Verification-કરવામાં લક્ષણદૃષ્ટિનાં અનુમાન ઘણાં ઉપયોગી છે એવું લક્ષ્યદૃષ્ટિના અનુમાનશાસ્ત્રકારો સ્વીકારે છે. વ્યાપ્તિની પરીક્ષા અન્વય અને વ્યતિરેકનાં ઉદાહરણ શોધી કરી લેવી, વ્યાપ્તિ ખોટી હોય તો અનુમાન અશુદ્ધ થાય, અને અનુમાનથી પ્રત્યક્ષ વિરોધી હોય તો વ્યાપ્તિમાં ભૂલ સમજવી, ઇત્યાદિ સૂચનાઓ પાશ્ચાત્ય નૈયાયિકોના ઉપલા સ્વીકૃત વાક્ય સાથે મળે છે. સંક્ષેપમાં બોલીએ તો લક્ષ્યદૃષ્ટિની ભૂલો સુધારવામાં લક્ષણદૃષ્ટિ ઘણી ઉપયોગી છે. જો મનનને અને નિદિધ્યાસનને અંતે વાક્યબોધિત વસ્તુમાં લક્ષણ ન જડે તો ગમે તો વાક્યમાં અને ગમે તો શ્રવણમાં જ કંઈક દોષનો સંભવ સમજવો.



ગમે તો અનુમાનાદિકથી પ્રાપ્ત થયેલું વ્યાપ્તિવાક્ય અથવા **तर्काप्रतिष्ठानात्** સૂત્ર જેવાં કારણને સ્વીકારી શ્રદ્ધાથી આપ્તવાક્ય સંપૂર્ણ રીતે ઝીલી લેવું, અને તેનું રહસ્ય, ઉપર દર્શાવેલા વિધિઓમાંથી અત્રત્ય કે પાશ્ચાત્ય ગમે તે વિધિથી, પ્રાપ્ત કરવું એ લક્ષણદૃષ્ટિની પ્રથમ ક્રિયા છે. આ વાક્યમાંના બોધ પ્રમાણે ચાર પાસની પ્રત્યક્ષ સૃષ્ટિના અથવા અંતરાત્માની અંતઃસૃષ્ટિના ગમે તે અંશને લક્ષ્ય ગણી, તેને સુદૃઢ કરી, ઉક્ત પ્રકારના વાક્યનું રહસ્ય એ અંશમાં કેવી રીતે પ્રવર્તે છે તેનું તારતમ્ય કાઢવું, અને પોતાની બુદ્ધિથી, પોતાના સંસ્કારથી, અને પોતાના અનુભવથી, આવી રીતે પ્રાપ્ત થયેલા તત્ત્વનું પોષણ કરવું : એ લક્ષણદ્રષ્ટાના દર્શનવિધિની બીજી ક્રિયા છે. એ દ્રષ્ટા પોતાની દૃષ્ટિમાં લક્ષણપ્રવાહનું પ્રતિબિંબ ગ્રાહ્ય લઈ લે અને પછી તેને અન્ય જનોની દૃષ્ટિમાં પ્રતિફલિત કરે એ એની ત્રીજી ક્રિયા છે. પ્રથમ ક્રિયાથી આ દ્રષ્ટા વાક્યબોધ પામે છે, બીજી ક્રિયાથી લક્ષણવડે લક્ષ્યને સંસ્કાર આપે છે, અને ત્રીજી ક્રિયાથી અન્ય સાક્ષરોનાં જીવનને એ સંસ્કારથી સંસ્કારિત કરે છે.

જે લક્ષણદ્રષ્ટાઓ પોતાના અંતરાત્માની સૃષ્ટિને લક્ષ્ય ગણી તેને લક્ષણવડે સંસ્કાર આપે છે તેમના બે પ્રકાર છે. આ સર્વ સૃષ્ટિ નૈયાયિકો જેને "અમૂર્ત ગુણ" કહે છે તેની બનેલી છે. પણ "સંખ્યા" નૈયાયિકમતે "ગુણ" હોવા છતાં તેને તેઓ અમૂર્ત કહેતા નથી તેમ મૂર્ત પણ કહેતા નથી, પરંતુ "મૂર્તામૂર્ત ગુણ"માં તેનો સમાસ કરે છે અને તેમ કરવાનું કારણ કહે છે કે

"**संख्या तु व्यञ्जकाभावाद् व्यक्ता स्यात्पातरादिवत् ।**
**यत्र तु व्यञ्जकं किञ्चित्तत्र संख्या प्रकाशते ॥**"

બીજા મૂર્તામૂર્ત ગુણો "પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, અને વિભાગ" છે અને તે પણ આ કારિકા પ્રમાણે વ્યક્તાવ્યક્ત થવા પામે છે. સર્વ ગણિતશાસ્ત્રના વિષય આ મૂર્તામૂર્ત ગુણોમાં સમાપ્ત થાય છે. અંકગણિત તો સંખ્યાગણિત જ છે. અક્ષરગણિત પણ અનિયત સંખ્યાનું ગણિત છે. ભૂમિતિનો વિષય પરિમાણ છે. ત્રિકોણમિતિ આદિ શાસ્ત્રો ભૂમિતિ અને અક્ષરગણિતનાં મિશ્રણ છે. આ સર્વમાં કેવળ વ્યંજકહીન એટલે અમૂર્ત વિષય છે અને તે વિષયનાં શાસ્ત્ર

અમૂર્તગુણ-ગણિત-Pure mathematics-છે. બાકીનાં ગણિતશાસ્ત્રના વિષય મૂર્તામૂર્ત-મિશ્ર-છે, માટે તે શાસ્ત્રોનો મૂર્તામૂર્તગુણગણિતશાસ્ત્ર-mixed or applied mathematics-માં સમાસ થાય છે. યંત્રશાસ્ત્ર, પ્રકાશશાસ્ત્ર, આદિમાં આવતાં ગણિત આ જાતનાં છે અને પૃથકત્વ, સંયોગ, અને વિભાગ-એ ત્રણ ગુણ વિશિષ્ટ કે અવિશિષ્ટ સ્વરૂપે તેમાં વિષયીભૂત થાય છે. સંખ્યાગણિત જેવા અમૂર્ત ગુણ-ગણિતના વિષયોમાં પણ મૂર્તવસ્તુના ગણિતનો સમાસ થાય છે. ત્રિરાશિ સ્વભાવે અમૂર્ત ગણિત છે, પણ વ્યાજ અને નફાતોટા વગેરેના ગણિતને અંગે મૂર્તગણિત તેમાં ભળે છે. ભૂમિતિનો વિષય યુક્તિવડે શોધેલો છે તે સર્વ કેવળ અમૂર્તગુણગણિતનો છે. અક્ષરગણિતનો, સંખ્યાગણિતનો, અને ભૂમિતિનો, કેવળ અમૂર્તગુણગણિત ભાગ છે તે સર્વ શાસ્ત્રના દ્રષ્ટાઓએ પોતાના અંતરાત્માની સૃષ્ટિ જ ઊર્ણનાભિની જાળ પેઠે ખડી કરી છે. થોડાક વાક્યબોધને આધારે યુક્તિવડે જે પુસ્તકજાળ રચેલાં છે તે કેવળ તેની બુદ્ધિનો પ્રભાવ છે. એટલા વાક્યબોધ ઉપરથી લક્ષણબોધ પામી, કોઈ પણ બાહ્ય પદાર્થને લક્ષ્ય ન કરતાં, પોતાનાં થોડાંક વાક્યોમાંનાં થોડાંક લક્ષણો ઉપરથી પરિભાષાનાં અસંખ્ય લક્ષણોનો બોધ પામવાની કળા આ શાસ્ત્રકારે દર્શાવી છે. લક્ષણદ્રષ્ટાઓની ઉપર કહેલી ત્રણ ક્રિયાઓમાંની બીજી ક્રિયાને સ્થાને, એટલે લક્ષણવડે લક્ષ્યને, સંસ્કાર આપવાને સ્થાને, આ શાસ્ત્રકાર માત્ર લક્ષણમાંથી લક્ષણો શોધે છે અને તેનું પ્રતિફલન કરે છે. લક્ષણવડે લક્ષ્યને સંસ્કારનાર લક્ષણદ્રષ્ટાઓને આપણે લક્ષ્યસંસ્કારક લક્ષણદ્રષ્ટા કહીએ તો કેવળ લક્ષણોમાંથી લક્ષણો શોધી કાઢી **एकोऽहं बहु स्याम्**ની વાસનાવાળા પ્રજાપતિ પેઠે ઊર્ણનાભિવૃત્ત કરનાર આ અલક્ષ્ય-સંસ્કારક લક્ષણદ્રષ્ટાને કેવળ લાક્ષણિક લક્ષણદ્રષ્ટા કહીશું.

આવા કેવળ લાક્ષણિક દ્રષ્ટાઓ લોકને કેટલા કલ્યાણકર થઈ શકે છે અને ક્યાંથી અટકે છે તે દર્શાવતાં એક જણ કહે છે કે—

"The opposition between those self-existent eternal forms, or Ideas, and the transitory individual Things, was made most easily comprehensible in geometrical figures, and thereby laid the foundation of the doctrine of Ideas which is the central point of the philosophy of



Plato, and indeed his only serious and decided theoretical dogma. In expounding it, therefore, he started from geometry. In the same sense we are told that he regarded geometry as a preliminary exercise through which the mind of the pupil accustomed itself to deal with incorporeal objects, having hitherto in practical life had only to do with corporeal things. This, then, is the sense in which Plato recommended it to the philosopher; and therefore one is not justified in extending it further. I rather recommend, as an investigation of the influence of mathematics upon our mental powers and their value for scientific culture in general, a very thorough and learned discussion in the form of a review of a book by Whewell in the Edinburgh Review of 1836. × × The conclusion, the author of this book (Sir W. Hamilton) arrives at, is this that the value of mathematics is only indirect and lies in the application to ends which are only attainable through them; but in themselves mathematics leave the mind where they find it, and are by no means conducive to its general culture and development,-nay, are even a decided hindrance. This conclusion is not only proved by thorough dialogical investigation of the mathematical activity of the mind, but is also confirmed by a very learned accumulation of examples and authorities. The only direct use which is left to mathematics is that it can accustom restless and unsteady minds to fix their attention. Even Descartes, who was

yet himself famous as a mathematician, held the same opinion with regard to mathematics."— *Schopenhauer on the World as Will aud Idea.*

ઉપર જે ભૂમિતિના શાસ્ત્રીઓ માટે કહેલું છે તે સર્વ કેવળ લાક્ષણિક દૃષ્ટાન્તોને વિષયે સત્ય છે. પણ તેટલું સત્ય પરિપૂર્ણ નથી. આવા દૃષ્ટાન્તોની દૃષ્ટિથી લોકોને થતાં લાભહાનિનો આ દેશને અવિશેષ અનુભવ છે. મનની શક્તિ વધારવાને, મનને એકાગ્ર કરવાને, અથવા એવા કોઈ પણ માનસિક આરોગ્ય અથવા વ્યાયામના હેતુને માટે જ ગણિતનો જો કંઈ ઉપયોગ હોય તો તેટલો અને તેથી અધિક ઉપયોગ વ્યાકરણ અને યોગના અભ્યાસથી સધાય છે એવું સંસ્કૃત ભાષાદ્વારા તે તે વિષય જાણનારાઓ અનુભવથી કહી શકશે પણ યુરોપમાં "સંસ્કારક વિદ્યા"–Liberal education–ને અંગે જે ગણિતથી આટલો લાભ થતો ગણાય છે તે ગણિતનો અથવા વ્યાકરણ કે યોગનો પણ અભ્યાસ કરવા વિના એ સર્વ લાભ સંસ્કૃતના અન્ય વિષયોદ્વારા પામી શકાય છે એનો આ દેશને અનુભવ છે. તેમ જ કેવળ અમૂર્ત ગુણ કે અમૂર્ત દ્રવ્યના જ્ઞાનનો પરિચય કરવા માટે પ્લેટો ગણિતને સાધન ગણે છે તે માટે પણ અન્ય સાધનો આ દેશમાં એવાં સાધન-શાસ્ત્રોના દૃષ્ટાન્તોને દૃષ્ટ વાક્યબોધ આપ્તવાક્યોથી થાય છે ત્યારે ગણિતનો વાક્યબોધ વ્યાપ્તિઓથી થાય છે અને તેટલો ફેર નાનોસૂનો નથી. પણ સર્વ વિચારતાં એમ લાગે છે કે ગણિત વગેરેનાં આવાં લાભહાનિનું ગણિત કરવું તે શૈવમાર્ગ ખરો કે વૈષ્ણવમાર્ગ ખરો તેનો નિર્ણય કરવામાં પ્રાકૃત લોકો જે ચર્ચાઓ કરે છે તેનાથી વધારે બોધક કે શોધક નથી. માટે તે માર્ગ પડતો મૂકવો જ ઉચિત છે.

બાકી આવી જાતના દૃષ્ટાન્તો જે શાસ્ત્રોને સુદૃષ્ટ કરે છે તેનું મૂલ્ય બે રીતે બાંધવું યોગ્ય છે. પ્રથમ તો જે વાક્યબોધ ઉપરથી એ દૃષ્ટાન્તો પોતાનું ચણતર રચે છે તે વાક્યોના મૂલ્ય ઉપર એ ચણતરના મૂલ્યનો આધાર છે. બીજો આધાર એ ચણતરના ફળ ઉપર છે. સામાન્ય વ્યવહારમાં અમૂર્તગુણગણિત ઉપરથી નાનાં મોટાં વ્યાપાર-કાર્યમાંનાં મૂર્તામૂર્તગણિત બંધાય છે અને તેથી તેટલા અમૂર્તગુણ-ગણિતના મૂલ્યની ગણના થાય છે તે કેવળ ઉચિત છે. તેજ રીતે લોકકલ્યાણનાં કાર્યમાં હાલના યુગમાં સર્વ મૂર્તામૂર્તગણિત એટલે



મિશ્રગણિતનો અમૂર્તગુણગણિત ઉપર આધાર છે અને એ મિશ્રગણિત ઉપરથી ખગોળશાસ્ત્ર, નૌકાશાસ્ત્ર, પદાર્થશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, અને યુદ્ધશાસ્ત્ર જેવાં અનેક શાસ્ત્રોના દૃષ્ટાન્તો દૃષ્ટિવિકાસ પામે છે, અને રાજાઓ અને પ્રજાઓ એ દૃષ્ટિવિકાસની ન્યૂનતાથી હાનિ અને અધિકતાથી લાભ અનેકધા ભોગવે છે. માટે કેવળ લાક્ષણિક દૃષ્ટિનો વિકાસ પણ લોકને અનેકધા કલ્યાણકાર થઈ શકે છે. માત્ર સ્મરણમાં એટલું જ રાખવાનું છે કે કેવળ લાક્ષણિક દૃષ્ટિ માત્ર લક્ષ્યસંસ્કારક દૃષ્ટિના સાધનરૂપે જ આવી કલ્યાણકર થઈ શકે છે, અને તેવી સાધનરૂપતાના આશ્રય વિના એ કેવળ લાક્ષણિક દૃષ્ટિનો અમસ્તો વિકાસ કે વ્યાયામ તો શતરંજમાં મનને પડતો શ્રમ, મદારીની કળા, જાદુગરની ચતુરાઈ, અને સર્કસવાળાના તથા મલ્લ લોકોના વ્યાયામ કરતાં આ વિકાસમાં કે વ્યાયામમાં કોઈ પણ રીતે વધારે ફળ કે ફેર નથી.

જો એમ છે તો લક્ષ્યસંસ્કારક દૃષ્ટિનો વિષય વિચારવો હવે યોગ્યતર થાય છે. આપ્તવાક્યથી કે વ્યાપ્તિવાક્યથી કે પછી બાલિશ-વાક્યથી જાગ્રત થયેલી બુદ્ધિ કોઈ એવાં લક્ષણની દૃષ્ટિ થાય કે તેનાથી લક્ષ્યવસ્તુને તે સંસ્કાર આપી શકે તો તે બુદ્ધિવાળો વિદ્વાન લક્ષણદ્રષ્ટાનું પદ પામવાનો અધિકારી થાય છે અને જો તે સ્વરૂપે તે સાક્ષરજીવન ગાળે તો દેશનું અને લોકનું કલ્યાણ કરવા શક્તિમાન થઈ શકે છે. જેના ગ્રન્થમાંથી ગણિત માટેનો ઉપરનો અંગ્રેજી લેખ લીધો તે જ જર્મન વિદ્વાન શોપેનહાઉઅર એ જ ગ્રન્થમાં આવી દૃષ્ટિને ઉદ્દેશી લખે છે કે—

"Wisdom and genius, these two summits of the Parnassus of human knowledge, have their foundation, not in the abstract and discursive, but in the perceptive faculty. Wisdom proper is something intuitive, not something abstract. It does not consist in principles and thoughts, which one can carry about ready in his mind as results of his own research or that of others; but it is the whole manner in which

the world presents itself in his mind. This varies so much that on account of it the wise man lives in another world from the fool and the genius sees another world from the block head. That the works of the man of genius immeasurably surpass those of all others, arises simply from the fact that the world, which he sees and from which he takes his utterances, is so much clearer, as it were more profoundly worked out, than that in the minds of others which certainly contains the same objects but is to the world of the man of genius as the Chinese picture without shading and perspective is to the finished oil-painting. The material is in all minds the same; but the difference lies in the perfection of the form which it assumes in each, upon which the numerous grades of intelligence depend. These grades thus exist in the root, in the perceptive or intuitive apprehension, and do not first appear in the abstract."

જેને એકલો વાક્યબોધ થયો છે ને જેને તેમાંના લક્ષણ કરગત જેવાં થયેલાં તે તેને વિષયે ઉપરના લેખની ભાષામાં આપણે કહી શકીએ કે he carries about ready in his mind the principles and thoughts which form the results of the research of others—બીજા વિદ્વાનોએ શોધ કરી જે તત્ત્વ શોધી કાઢેલાં તે, તેમનાં વાક્યોમાંથી આ બોધના ગ્રાહકે મધુકરકલાથી સંચિત કરેલાં છે અને જ્યારે જોઈએ ત્યારે તેને વાપરવાની તેનામાં શક્તિ છે. જેને સ્વાનુભવથી અથવા સ્વાવલોકનથી એટલે પોતાની લક્ષ્યદૃષ્ટિના પ્રભાવથી જૂની વસ્તુઓમાં નવાં લક્ષણ જણાયાં છે તેને વિષયે એ જ લેખકની ભાષામાં કહી શકીએ કે he carries about ready in his mind the principles and thoughts which form the results of his own



research—પોતે જ શોધ કરી સિદ્ધ કરેલાં લક્ષણ આ શોધકના મનોભંડારમાં સંચિત કરેલાં છે તે તેને જોઈએ ત્યારે તે વાપરે એમ છે. વાક્યબોધથી જાગેલા અને લક્ષ્યદૃષ્ટિથી જાગેલા દ્રષ્ટાઓમાં આમ આટલો સામાન્ય ગુણ છે કે તે ઉભય પોતપોતાની પાસે પોતપોતાનાં સાધનથી સંચિત કરેલા ભંડાર ભરી રાખે છે ને તેમાંનું દ્રવ્ય પ્રસંગોપાત્ત ઉપયોગમાં લઈ શકે છે. અથવા પ્રાકૃત મનુષ્ય જે પદાર્થ ઉઘાડી આંખે જોવાય એટલા જોઈ તૃપ્ત રહે છે તેને અધિકેત જોઈ લેવાને આ દ્રષ્ટાઓ વાક્યબોધથી અથવા લક્ષ્યદૃષ્ટિથી નવાં ઉપનેત્ર પામે છે. વાક્યબોધના રહસ્યલાભથી પ્રાપ્ત થયેલો ઉપનેત્ર જેવી લક્ષણદૃષ્ટિ જે જે ઐહિક કે પારલૌકિક પદાર્થને લક્ષ્ય કરે છે તેને એ ઉપનેત્રની શક્તિવડે—એ લક્ષણદૃષ્ટિની શક્તિરૂપ લક્ષણવડે—સંસ્કારી લે છે.

એકની એક વિદુષી સ્ત્રી સ્તનંધય બાળકને સ્તન્યપાન કરાવનારી દેખાય છે, સામાન્ય મનુષ્યને સ્ત્રીજાતિમાંની એક વ્યક્તિરૂપે દેખાય છે, માતાને પુત્રીરૂપે અને અનેક ચિંતાઓથી પોતાની પાંખમાં રાખવા યોગ્ય દેખાય છે, તેના કાન્તજનને મન્મથના રસસંસ્કારથી સંસ્કારવા પાત્ર લાગે છે, અને અન્ય વિદ્વાનોને તે સ્ત્રી તેની વિદ્યાના સૂક્ષ્મ પ્રભાવથી અવગત થાય છે. આમાંથી બાળકની દૃષ્ટિ નૈસર્ગિક અથવા સહજ પ્રાપ્ત છે, સામાન્ય મનુષ્યની પણ તેવી જ છે, અને માતાની પણ તેવી જ છે. ઈશ્વરે રચેલા અનિવાર્ય સંયોગને બળે તેમને તેમની ભિન્નભિન્ન દૃષ્ટિઓ પ્રાપ્ત થઈ છે અને તે સર્વ પ્રાકૃત તેમ સંસ્કૃત જનોને સામાન્ય છે. પણ કાન્તજનને અને વિદ્વાનને આના ઉપરાંત એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે અને તે દૃષ્ટિ તે સ્ત્રી ઉપર પડતાં તેના ઉપર નવો જ પ્રકાશ નાંખે છે અને તેને તે નવા રૂપથી ઓળખે છે. કાન્તજનની દૃષ્ટિ એ સ્ત્રીને રસસંસ્કારથી સંસ્કારે છે અને તેને જોઈ એ કાન્તજનનું હૃદય નવા ચમત્કારને વશ થાય છે. તે જ રીતે વિદ્વદ્દૃષ્ટિ વિદુષી સ્ત્રીના બોધરૂપ સ્વરૂપ ઉપર પડે છે અને એ સ્વરૂપનું ઉપાધિરૂપ સ્ત્રીશરીર જાણે ઊભું જ ન હોય—જાણે અસ્તિત્વમાં જ ન હોય તેમ તે શરીરને ન દેખતી ન લેખતી વિદ્વદ્દૃષ્ટિ પોતાના દૃષ્ટિપાતથી એ શરીરને એવું તો સંસ્કારી લે છે કે એ દ્રષ્ટાના હૃદયમાં એ શરીર અશરીર થઈ જાય છે અને યાજ્ઞવલ્ક્યે જનકની સભામાં ગાર્ગીને જોઈ હતી તેમ જોઈ શકે છે કહીએ તો ચાલે. હાલના યુગમાં

આ ઉપરથી વાત કંઈક આત્યંતિક–extreme–અને અસંભવિત લાગશે. પણ આપણે જોઈએ છીએ કે કામીજન અંતે જ સર્વાવસ્થામાં કામી હોતો નથી, વ્યવહારમાં ગ્રસ્ત હોય છે ત્યારે જે સ્ત્રી દિવસમાં પાંચ પળ મોહક હોય છે તેના ઉપર દૃષ્ટિ પડવા છતાં મોહ પામતો નથી, અને અંતે ક્રોધથી કે શોકથી અત્યંત ગ્રસ્ત હોય છે ત્યારે તો એ જ કામીજન એ જ પાંચ પળમાં એ જ સ્ત્રીને ઉદાસીન દૃષ્ટિથી જોઈ લે છે. જેમ રંગીન કાચનાં ઉપનેત્ર–ચશ્માં–પહેરનાર સર્વ સૃષ્ટિના રંગને કાચના રંગથી મિશ્ર થયેલો દેખે છે તેમ મનુષ્ય પોતાના મનના વિકારો અને સંસ્કારોની છાયા લક્ષ્યસૃષ્ટિના પ્રાકૃત સ્વરૂપ ઉપર એવી નાંખી દે છે કે તેમની પાસે એ સ્વરૂપને સ્થાને એ છાયાના બળથી વિકૃત કે સંસ્કૃત કોઈ નવીન રૂપ થઈ જાય છે અને તે વિધિથી જ્યારે સ્ત્રીના પ્રાકૃત સ્વરૂપને સ્થાને કામીજનના કામવિકારને બળે વિકૃત કામિનીરૂપ થાય છે, ત્યારે વિદ્વાનના વિદ્યાસંસ્કારને બળે સંસ્કૃત વિદુષીરૂપ થઈ જાય છે.

વાક્યબોધથી લક્ષણદ્રષ્ટાની અંતર્દૃષ્ટિમાં પ્રાપ્ત થયેલી લક્ષણસામગ્રી પોતાના ઉત્તમ સંસ્કારો વડે એ દૃષ્ટિના વિષયમાત્રનાં પ્રાકૃત સ્વરૂપને સ્થાને નવું સંસ્કારમયરૂપ એ દ્રષ્ટાને આમ દેખાડે તો તેમાં નવીનતા નથી પરંતુ તે તેના સ્વભાવનો જ ક્રમ છે તે આથી સમજાશે. આથી જ કહેલું છે કે લક્ષણદ્રષ્ટાઓ લક્ષ્યવસ્તુને પોતાની પાસેનાં લક્ષણોથી સંસ્કારી લે છે, મલિન ધાતુપાત્રને માંજી લઈએ તેમ આ વસ્તુને શુદ્ધ કરી લે છે, અને તે શુદ્ધતર સંસ્કારી રૂપોની સૃષ્ટિ આ લક્ષણદ્રષ્ટાઓ પાસે ઊભી થાય છે. ઉપરના અંગ્રેજી લેખમાં આ જ વસ્તુ જણાવી છે અને આપણા જગન્નાથ પંડિતે પણ કહેલું છે કે—

अन्या जगद्धितमयी मनसः प्रवृत्तिः
अन्यैव कापि रचना वचनावलीनाम् ।
लोकोत्तरा च कृतिराकृतिरार्यहृद्या
विद्यावतां सकलमेव चरित्रमन्यत् ।

અવિદ્વાન પણ ચતુર પુરુષોને ઉદ્દેશી આપણામાં કહેવત છે કે "કરનો સુનનો બોલનો ચતુરનકો કછુ ઓર" તે જ ન્યાયે વિદ્વાનોની જોવાની, સાંભળવાની ને બોલવાની સૃષ્ટિ પણ કાંઈક ઓર જ છે પણ જ્યારે ભાવદ્રષ્ટાઓ પોતાની ભાવદૃષ્ટિને પ્રભાવે સર્વત્ર કાંઈક અવ્યક્ત



ભાવચમત્કાર જ જુએ છે ત્યારે વાક્યબોધથી લક્ષણબોધ પામેલા લક્ષણદ્રષ્ટાઓ પોતાના લક્ષ્યમાત્રનું પોતાની લાક્ષણિક બુદ્ધિથી સ્પષ્ટ પૃથક્કરણ કરે છે, અને પ્રાકૃત સૃષ્ટિને એક વર્ણું લાગતાં સૂર્યકિરણ બિલોરથી અને મેઘથી પૃથક્કૃત થઈ ઇન્દ્રધનુષ્યના સુંદર અને સુવ્યવસ્થિત અનુક્રમવાળા સપ્તરંગે વ્યક્ત થાય છે તેમ લક્ષણદ્રષ્ટાએ પૃથક્કૃત કર્યામાં આવેલી લક્ષ્યસૃષ્ટિ સુંદર, સુવ્યવસ્થિત, અનુક્રમબદ્ધ સંસ્કારોવાળી થઈ જાય છે.

એક રીતે જ્યારે વાક્યબોધનાં લક્ષણોથી લક્ષ્યસૃષ્ટિ આમ સંસ્કારવાળી થાય છે ત્યારે બીજી રીતે જોતાં એ લક્ષણો abstractions–એકલાં નકામાં છે અને જ્યારે લક્ષ્યસૃષ્ટિનો યોગ્ય સંનિકર્ષ થાય છે ત્યારે જ એ સૃષ્ટિને સંસ્કારી શકે છે. જે વિદ્વાનો પોતાની વિદ્યાને "પોથીમાંનાં રીંગણાં" જેવી પોથીમાં જ બાંધી રાખે છે, જે વિદ્વાનો પોતાની તરવાર જેવી વિદ્યાને વ્યવહારના યુદ્ધપ્રસંગે બહાર ન કાઢતાં મ્યાનમાં જ કટાઈ જવા દે છે, તે વિદ્વાનો કેવળ પુસ્તકપંડિત રહે છે ને લક્ષણદ્રષ્ટાના દ્વિતીય પ્રસ્થાનને પહોંચતા નથી. આવા પાંડિત્યનો કેવળ વાક્યબોધ પણ છેક નકામો નથી. એ બોધ પામનાર વ્યક્તિને તેનો ઉપયોગ જણાવતાં અને વાક્યબોધ અથવા abstract knowledge અને લક્ષ્યસંનિકર્ષજન્ય બોધ અથવા concrete knowledge એ બેને સરખાવતાં ઉપલો ગ્રન્થકાર લખે છે કે

"The two kinds of knowledge always stand to each other in the relation of paper money and hard cash; and as there are many cases and circumstances in which the former is to be preferred to the latter, so there are also things and situations for which abstract knowledge is more useful than intuitive. If, for instance, it is a conception that in some cases guides our actions when it is once grasped it has the advantage of being unalterable and therefore under its guidance we go to work with perfect certainty and consistency."

તરવારને મ્યાનમાં રાખવી એ જેમ સાધનરૂપ છે તેમ વાક્યબોધ પામવો એ મનને સર્વદા સશક્ત અને સુવ્યવસ્થિત રાખવાનું સાધન છે. પણ સાધ્યપ્રસંગે કામમાં ન લગાડીએ તો તેની સાધના વ્યર્થ થાય છે. તે જ એ લેખક કહે છે કે

"To him who studies in order to gain insight, books and studies are only steps by which he climbe to the summit of knowledge. As soon as a round of the ladder has raised him a step, he leaves it behind him. The many, on the other hand, who study in order to fill their memory, do not use the rounds of the ladder to mount by, but take them off and load themselves with them to carry them away, rejoicing at the increasing weight of the burden. They remain always below, because they bear what ought to have borne them."

સંક્ષેપમાં જે વાક્યબોધનો આપણે વ્યવહારમાં ઉપયોગ નથી કરતા છતાં સાથે રાખીએ છીએ તે કેવળ માથા ઉપરના ભાર જેવો છે—પંચતંત્રના **चक्रं भ्रमति मस्तके**—ના ચક્રભાર જેવો છે.

વાક્યબોધનું ફળ તો, જ્યારે તેનાથી મનુષ્યની પ્રાકૃત દૃષ્ટિ બદલાઈ જતે સંસ્કારિણી થાય છે અને તેના લક્ષ્યમાત્રને–perception માત્રને–સંસ્કારી લે છે ત્યારે જ, મળે છે. જ્યાં સુધી આ ફળ નથી મળતું ત્યાંસુધી "હીરો ઘોઘે જઈ આવ્યો"—"ભુલાભટ ભાકરોળ જઈ આવ્યા" આદિ જુદે જુદે સ્થાને જુદે જુદે નામે પણ એક અર્થમાં કહેવાતી કહેવત જેવું થાય છે—શેઠે સેવકને વાક્યબોધ કર્યો કે કાલ તારે પરગામ જવું છે તે ઉપરથી શું કરવા જવું છે તે પૂછવા સમજવાની વાટ જોયા વિના સેવક (હીરો અથવા ભુલોભટ) પરગામ (ઘોઘા અથવા ભાકરોળ) ગયો, અને તે ગામનો દરવાજો જોઈ ફેર પાછો આવ્યો. શેઠ વાટ જોતા બેઠા હતા તેને સેવકે શ્રમ પ્રવાસનો ફેરો પૂરો કરી આવી કહ્યું કે તમારી આજ્ઞા પ્રમાણે પરગામ જઈ આવ્યો અને શેઠે



નિઃશ્વાસ મૂક્યો કે મૂર્ખ સેવકે કંઈ કામ ન કર્યું ને વૃથા શ્રમ લીધો. વાક્યબોધ મગજમાં ભરી ભરી લક્ષ્યદૃષ્ટિને તેથી ન સંસ્કારનાર વિદ્વાનો આવા મૂર્ખ સેવકનું કામ કરે છે તેનું વર્ણન કરતાં ઉપલો ગ્રંથકાર વિશેષ લખે છે કે

"Conceptions and abstractions which do not ultimately refer to perceptions, are like paths in the wood that end without leading out of it. The great value of conception lies in the fact that by means of them the original material of knowledge is more easily handled, surveyed and arranged. But, although many kinds of logical and dialectical operations are possible with them, yet no entirely new and original knowledge will result from these–that is to say, no knowledge whose material neither lay already in perception nor was drawn from self-consciousness. This is the true meaning of the doctrine atrributed to Aristotle: *Nihil est in intellectu, nisi quod antea fuerit in sensu.* It is also the meaning of the Lockiean philosophy, which made for ever an epoch in philosophy, because it commenced at last the serious discussion of the question as to the origin of our knowledge. It is also principally what the critique of Pure Reason teaches. It also desires that we should not remain at the *conception*, but go back to their *source*, thus to *perception;* only with the true and important addition that what holds good of the perception also extends to its subjective conditions, thus to the forms which lie predisposed in the perceiving and thinking brain as its natural func-

tions; also these at least *virtualiter* precede the actual sense-perception *i. e.* are *a priori*, and therefore do not depend upon sense-perception, but it upon them. For these forms themselves have indeed no other end, nor service, than to produce the empirical perception on the nerves of sense being excited, as other forms are determined afterwards to construct thoughts in the abstract from the material of perception."

આ સર્વ અંગ્રેજી લેખનો સાર એ છે કે સર્વ વાક્યબોધનું ઉત્થાન તે બોધના કરનારાઓમાં અનુભવ અને અવલોકનમાંથી છે, તેની ગતિ પણ અનુભવ અને અવલોકનમાં છે, જે બોધનું ઉત્થાન આમ થયું હોતું નથી તેની ગતિ આમ થઈ શકતી નથી, અને જેની ગતિ આવી થતી નથી તે બોધ નિષ્ફળ અને ભારરૂપ છે. એવી ગતિવિનાના બોધનો દ્રષ્ટા ઉક્ત દૃષ્ટાન્તમાંના ભુલાભટ અને હીરા જેવો છે. આપણા દેશની ભાષામાં બોલીએ તો પરા અને અપરા સર્વ વિદ્યાઓનાં બોધકવાક્ય પોતપોતાના લક્ષ્ય પદાર્થનું યથાર્થ સ્વરૂપ શોધી શ્રોતાને જણાવવાનું પ્રયોજન રાખે છે, અને જ્યાં સુધી એ શ્રોતા એ બોધના સાહાય્યથી એ પદાર્થના એ સ્વરૂપનું મનન અને નિદિધ્યાસન કરી શકતો નથી ત્યાંસુધી એ બોધ વ્યર્થ છે. એ મનન અને નિદિધ્યાસનથી એ શ્રોતા પોતાની આસપાસના પદાર્થોનું પ્રાકૃત સ્વરૂપ લક્ષ્ય કરી તેને પોતે બોધેલું લક્ષણોથી સંસ્કારી લે છે, અને એ જૂની પ્રાકૃત લક્ષ્ય-ભૂમિકામાંથી ચડી નવી સંસ્કારી લક્ષ્ય-ભૂમિકામાં પ્રાણપ્રાહી થાય છે. વચ્ચે બોધ અથવા conception, અને આદિ અને અંતે આ લક્ષ્ય—આ perception—હોય નહીં તો બોધ વૃથા છે; જેમ પૃથ્વીના સમુદ્રનું ક્ષારજળ આરંભે પામી અંતે એ જ પૃથ્વી ઉપર એ જ જળને પોતાના ઉચ્ચ સ્થાનના સંસ્કારથી મિષ્ટ કરી વૃષ્ટ ન કરનાર મેઘનો ઉદય વૃથા છે. એવા જંતુને થયેલો વાક્યબોધ એના ઉપનેત્રનું કાર્ય કરતો જ નથી. શાસ્ત્ર જે અપૂર્વતા બોધે છે તે અપૂર્વતાના બોધનું ગ્રહણ આ ઉપનેત્ર વિના સિદ્ધ થતું નથી.

આ પ્રકરણના આરંભમાં આપણે એવું બોલી ગયા છીએ કે



લક્ષણદૃષ્ટિ નદીતલની, નદીતટની, અને નદીઉપરના વાતાવરણની ક્રિયાનું અનુકરણ કરે છે. આ વાત હવે સમજાશે. વાક્યબોધ નદીતલની ક્રિયાને અનુકરે છે, લક્ષ્ય વસ્તુને લક્ષણવડે આપવામાં આવતા સંસ્કાર નદીતટની ક્રિયાને અનુકરે છે, અને તેનું પ્રતિફલન વાતાવરણની ક્રિયાનું અનુકરણ કરે છે.

નદીનો પ્રવાહ તલભૂમિ ઉપર થઈને ચાલ્યો જાય છે તે કાળે જ તેના સત્વને તલભૂમિ ચૂસી લે છે, અને જ્યારે દેખીતો જળપ્રવાહ ગ્રીષ્માદિક કારણથી અદૃશ્ય થાય છે ત્યારે આ તલભૂમિને ખોદી જોનારને એ ચૂસેલા પાણીના ઝરા હાથમાં આવે છે ને તેની તૃષા ભાગે છે. એક યુગના સાક્ષરો પાસે પરાપૂર્વથી આવેલો વાક્યબોધ એ સાક્ષરોમાંના લક્ષણદ્રષ્ટાઓ એવી રીતે ચૂસી લે છે અને પોતાના મૃત્યુ પછી પણ લોકના ઉપયોગને માટે પોતાના કાળના ગુફદ્રષ્ટાઓ જેવા અને પુસ્તકો જેવા અક્ષરના-મૃત્તિકા અને રેતીના કણ જેવા-જડભાગના હૃદયમાં ભરી રાખે છે તેથી અનેક યુગવિવર્ત પછી પણ એ જડભાગ ખોદી જોનાર પ્રવાસીઓને અન્ય યુગમાં પણ એ પાણી અમૃતજીવન થઈ પડે છે.

લક્ષણદ્રષ્ટાઓને જાગ્રત અને સજીવ કરે એવા લેખમાત્ર લક્ષ્યદ્રષ્ટાઓ અને લક્ષણદ્રષ્ટાઓ જ લખી શકે છે, વિદ્યાની અમરતા તેવા લેખોથી જ સધાય છે, અને નદીની તલભૂમિનું કૃત્ય પણ તેવા લેખો જ કરી શકે છે. ગ્રીક પ્રજાઓનાં રાજ્ય અસ્ત થયાં અને તેમને રોમન લોકે જીત્યાં તે કાળે ગ્રીકદ્રષ્ટાઓના લેખોએ રોમન વિદ્વાનોની, રાજપુરુષોની, અને મહારાજાઓની લક્ષણદૃષ્ટિ ઉઘાડવામાં આ નદીતલનું કૃત્ય કર્યું. જે કાળે રોમન મહારાજાઓનાં શસ્ત્રોએ ગ્રીસના સ્વાતંત્ર્યને નષ્ટ કર્યું તે જ કાળે રોમના મહાપુરુષોની બુદ્ધિઓ પાસે ગ્રીસની બુદ્ધિએ ઉછેરેલી વિદ્યાનું દાસીત્વ કાર્ય કરાવનાર મુહૂર્તની ઘડી માંડી.

રોમનું મહારાજ્ય નષ્ટ થયું, તેના જૂના વિજયના દેશમાત્ર તેના નવા પરાજયના અને જંગલી લોકના ભાગ્યોદયના સાક્ષી થયા, અને રોમના મહાવિદ્વાનોનાં નામસરપ્યાં અસ્ત થયાં—એ કાળ પણ આવ્યો. તે પછી અનેક વર્ષ શતકો વીતતાં યુરોપના મધ્યયુગને અંતે ભાલદ્રષ્ટાઓનાં પ્રકરણમાં ઉપર કહ્યો છે તે ઇતિહાસ ખડો થયો, રોમના વિદ્વાનો પોતાની કબરોમાંથી વિજયધ્વનિ કરવા લાગ્યા, તેમનાં

પારાશાસ્ત્ર અને અપર લક્ષ્યદર્શનના લેખો નવા યુરોપની બુદ્ધિમાં ધરતીકંપ ઊભો કરી તેમાંથી જ્વાળામુખીના અગ્નિપ્રવાહ પેઠે નીકળવા લાગ્યા, અને યુરોપ આજ જે છે તે થવાનો દિવસ ઉદય પામ્યો. ધન્ય અને અંધકાર ભરેલા યુગોની વચ્ચોવચ થઈ ને—સમુદ્રમન્થનમાંથી પ્રથમ હાલાહલ નીકળે ને અંતે પદ્માસના મહાલક્ષ્મી પ્રકટ થાય તેમ ગ્રીસ અને રોમના લક્ષ્યદ્રષ્ટાઓએ મૂકેલા દટાઈ ગયેલા લેખ નવા યુરોપમાં પ્રકટ થયા અને અંધકારનો નાશ કરી યુરોપમાં નવા લક્ષ્યદ્રષ્ટાઓને અવતાર આપવા લાગ્યા, અને એ અવતારોના આપેલા લક્ષ્યસંસ્કારોએ અને તેનાં પ્રતિફલને પાશ્ચાત્ય દેશોમાં, વિશ્વામિત્રની નક્ષત્રસૃષ્ટિ પેઠે, નવા સુરવર્ગની સૃષ્ટિ રચી. આ શુભ યુગનું આરંભમુહૂર્ત-Revival of Learning-સરસ્વતીના જીર્ણોદ્ધારને નામે ઓળખાય છે. ગ્રીસ-રોમના લક્ષ્યદ્રષ્ટાઓએ મૃતપત્ર પેઠે મૂકી રાખેલો કેવળ વાક્યબોધ આવી જાતના જગત્કલ્યાણનું સાધન થયો. તેવો બોધ અસ્તિત્વમાં ન હોત તો આજ યુરોપ કેવું પામર હોત તે કલ્પાય એમ નથી.

યુરોપના લક્ષ્યદ્રષ્ટાઓએ કરેલું આ પરાક્રમ આપણા દેશમાં અન્ય રીતે યુગેયુગે થયેલું છે. ચારે વેદની સંહિતાઓના વાક્યબોધની પછી અને બ્રાહ્મણભાગના લેખથી પહેલાંના તેમ ઔપનિષદીય લેખની પહેલાંના કાળમાં રાજ્યવિવર્ત, પ્રજાવિવર્ત, વિદ્યાવિવર્ત, અને બુદ્ધિવિવર્ત અનેકધા થયેલા સ્પષ્ટ સમજાય છે. છતાં મૂળ સંહિતાના વાક્યબોધે બ્રાહ્મણભાગના લક્ષ્યદ્રષ્ટાઓને તેમ ઔપનિષદીય દ્રષ્ટાઓને જાગૃત કરેલા જણાય છે. બૌદ્ધયુગને અંતે શંકરાચાર્યાદિક દ્રષ્ટાઓ પણ એ દ્રષ્ટાઓના એ આવા જ બોધથી ઉત્થાન પામી ગર્જેલા છે. આજ પણ આપણાં શાસ્ત્રોને આધારે પ્રાચીન વસ્તુ ઉપર દૃષ્ટિ નાંખનાર અને દૃષ્ટિ કરાવનાર લેખકો લક્ષ્યદ્રષ્ટાઓના જ ધર્મ માથે લે છે. એટલું જ નહીં પણ મેક્સમ્યૂલરે ત્રીસ વર્ષ ઋગ્વેદસંહિતાના શોધનમાં ગાળ્યાં અને આખા યુરોપના સર્વ દેશોમાં આપણાં શાસ્ત્રોનું સંશોધન કરનાર વર્ગ તરવરતો જોવામાં આવે છે તેને પ્રથમ તો લક્ષ્યદ્રષ્ટારૂપે જ આરંભ કરવો પડે છે. અને તેમનો અગ્રેસર ભાગ હાલમાં લક્ષ્યદ્રષ્ટાનું કામ કરે છે. આ દેશમાં અંગ્રેજી વિદ્યા વધારવી કે સંસ્કૃતફારસી વિદ્યાઓના પ્રચારથી રાજ્યકર્તાઓએ તૃપ્ત રહેવું એ પ્રશ્નની ચર્ચા પચાસ વર્ષ ઉપર નીકળી હતી ત્યારે પ્રખ્યાત મેકોલે



એવું લખી ગયો હતો કે મારા કબાટના એક પાટિયા ઉપરનાં થોડાંક પુસ્તકોનું ગૌરવ અને મૂલ્ય આ દેશની પ્રાચીન ભાષાઓનાં પુસ્તકોની આખી પુસ્તકશાળા કરતાં અધિક છે. એ પણ કાળ હતો અને આ પણ કાળ છે કે આ દેશની પ્રાચીન ભાષાએ આજના અનેક વિદ્યાઓથી સમૃદ્ધ યુરોપને પણ કેવા કેવા સમૃદ્ધ અને અપૂર્વ બોધ અનેકધા આપે છે. એવા વિષય ઉપર યુરોપના મોટા મોટા પંડિતો આજ ગંભીર વિવેચન કરે છે, અને એક કબાટના પાટિયાને સાટે આ દેશમાં જેવડી નથી એવડી વિસ્તીર્ણ પુસ્તકશાળાઓ યુરોપ-અમેરિકામાં આપણી પ્રાચીન ભાષાઓના પુસ્તકભંડારની ભરે છે, અને એની બેસંટ જેવી તેમની વિદુષી આ દેશમાં આવી એ ભંડાર પાસેનો બોધ લઈ એ બોધના ગૌરવ વિશે આપણા જ લોકને જાગૃત કરવા મથે છે, અને યુરોપ-અમેરિકાની પાઠશાળાઓમાં સંસ્કૃત અભ્યાસ પૂરવેગે ચાલે છે. આપણા લક્ષ્યદ્રષ્ટાઓની દૃષ્ટિ આ દેશના દીર્ઘ અંધકારને અંતે આજ પાછી આવો પ્રકાશ આપવા લાગી છે અને તેની શક્તિ આવી વીર્યવતી થવા લાગી છે.

ગ્રીષ્મ ઋતુમાં અને દુષ્કાળના પ્રસંગમાં સુકાઈ ગયેલી નદીની તલભૂમિ તૃષાર્ત પ્રવાસીને કામ લાગે તેમ એક યુગના લક્ષ્યદ્રષ્ટાઓનાં ઉરમાં નીતરેલો વાક્યબોધ બીજા યુગના લક્ષ્યદ્રષ્ટાઓ રેતી જેવાં થઈ ગયેલાં જડ પુસ્તકોમાંથી આવી રીતે પામે છે અને પામશે.

વાક્યબોધ જ્યારે આમ સંસારમાં નદીની તલભૂમિનું કામ કરે છે ત્યારે લક્ષ્યદ્રષ્ટાઓએ આપેલા લક્ષ્યસંસ્કાર* અથવા લક્ષ્યદ્રષ્ટૃસંસ્કાર* નદીતટનું કામ કરે છે. પૃથ્વીમાં સ્થળે સ્થળે વનસ્પતિનાં બીજ સૂક્ષ્મ દશામાં પડેલાં હોય છે, અથવા જતાં આવતાં પક્ષીઓની ચાંચોમાંથી અને પ્રવાસી વ્યાપારીઓનાં વાહનોમાંથી ગરે છે, અથવા કૃષિકારવર્ગ કૃષિના ઉદ્દેશથી નાંખે છે. અનુકૂળ વૃષ્ટિ, તાપ, પવન અને ઋતુની ક્રિયાથી આ બીજો ઊગી નીકળે છે અને જે ભૂમિ ઉપર ગઈ કાલ કાંઈ દેખાતું ન હતું ત્યાં રંગ, ગન્ધ, આકાર, રૂપ, ઉપયોગ, આદિની વૈચિત્ર્યતાથી ભરેલી વનસ્પતિસૃષ્ટિનો મેળો જામે છે. મેઘનું જળ સાધારણ રીતે નિષ્પક્ષપાતપણે વર્તે છે અને ઉચ્ચ નીચ

---

*લક્ષ્યને અપાતા સંસ્કાર તે લક્ષ્યસંસ્કાર, અને લક્ષ્યદ્રષ્ટાએ અથવા લક્ષ્યદ્રષ્ટાના જે સંસ્કાર અપાય તે લક્ષ્યદ્રષ્ટૃસંસ્કાર. ઉભય શબ્દ આ લેખમાં પર્યાયરૂપે વાપરેલા છે.

અધિકારની સર્વ ભૂમિઓ પોતાના અધિકાર પ્રમાણે તેનો લાભ લે છે, ત્યારે નદી પોતાની તટભૂમિનો પક્ષપાત કરે છે, અને સામાન્ય મેઘ અન્ય ભૂમિને જે ફળ આપે છે તેના કરતાં નદીતટનો પ્રદેશ, ગર્ભશ્રીમંત પેઠે, સવિશેષ લાભ પામે છે અને કાંઈ નવી જ સૃષ્ટિને દેખાડે છે. નદીનાં પૂર તટભૂમિ ઉપર જે કચરો મૂકી જાય છે તે પણ ઉત્તમ ખાતર થઈ આ સૃષ્ટિનું પોષક અન્ન થાય છે ને ભૂમિમાં પડેલું પૂરનું પાણી અને તલભૂમિના સાંનિધ્યને લીધે નીચે ચાલતા શાશ્વત ઝરાનું પાણી એ પોષક અન્નનો રસ થાય છે. આવી ગર્ભશ્રીમત્તા ભોગવનારી તટભૂમિમાંથી જન્મેલી આવી વનસ્પતિસૃષ્ટિમાં જણાતા સંસ્કાર કાંઈક ઓર જ હોય છે.

સમર્થ દ્રષ્ટાઓના કરેલા વાક્યબોધ જે વિદ્વાનોના સહવાસી થાય છે તે વિદ્વાનોની દૃષ્ટિઓ પણ આ તટભૂમિ ઉપરના પ્રદેશ જેવી સંસ્કારિણી થાય છે, અને એ દૃષ્ટિઓને બળે જ્યાં કાંઈ પણ પદાર્થ લક્ષ્ય ન હતો ત્યાં નવી વનસ્પતિઓ એ સંસ્કારો સાથે સમૃદ્ધ અને લક્ષ્ય થઈ જાય છે. નદીનાં પૂર, નદીતલમાંથી આવતા પ્રવાહ, આદિ ઉક્ત પદાર્થો જેવાં લક્ષણોવડે તટ ઉપરનો લક્ષ્યપ્રદેશ સંસ્કાર પામે છે અને જૂના જગતને સ્થાને નવો મેળો જામે છે.

લક્ષ્યસંસ્કારના આવા ઐન્દ્રજાલિક પ્રભાવનાં દૃષ્ટાંત હવે આપણે દૃષ્ટિગોચર કરી લઈશું. પણ તેને અંગે બે ત્રણ વસ્તુ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. પ્રથમ તો મનુષ્યસૃષ્ટિમાં કાંઈ પણ પદાર્થ સંપૂર્ણ–કેવળ સારો અને નિર્દોષ–નથી અને જ્યાં જ્યાં જૂના વિદ્વાનોના વાક્યબોધથી નવા લક્ષ્ય પદાર્થો સંસ્કારિત થયા છે ત્યાં ત્યાં બોધિત વાક્યોના ગુણ અને દોષ ઉભય પ્રસ્ફુરિત થયા છે. એટલું જ નહીં પણ પંચતંત્રમાં સુથારનું અનુકરણ કરતાં અને લાકડા વચ્ચે સુથારોએ વહેરવા માંડેલા લાકડામાં મૂકેલો ખીલો કાઢવા જતાં, લાકડામાં પડેલા ચીરાની ચપટી વાનરને ભરાઈ એવું પણ ઘણી પ્રજાઓને થયેલું છે. જે વસ્તુ એક પ્રજાના વિદ્વાનોને પ્રાચીન અભ્યાસને બળે સહજ હોય છે તે બીજી અનભ્યસ્ત પ્રજાને પ્રતિકૂળ પડતાં વાર લાગતી નથી. બોધિત વાક્યોના ગુણના સંસ્કાર બેસતાં પહેલાં શિખાઉ પ્રજાને તેમાંથી આટલો ભય છે તો એ વાક્યોના દોષ દૂર રાખવાનું ભાન અને પાટવ આવતાં એથી વધારે વાર લાગે તો તેમાં નવાઈ નથી. બોધિત વાક્યોના



દેશકાળમાં અને નવા બોધના દેશકાળમાં ફેરફારના પ્રમાણમાં પણ એ વાક્યોના સંસ્કારનું ગ્રહણ ઘણું વિષમ થઈ પડે છે. ચોખ્ખા અને સારા સપાટ કાચનું પ્રતિબિંબ ગોળ કાચમાં પડે ત્યારે તેમાં સપાટ કાચનું પ્રતિફલન પણ વિકૃત થાય છે તો તે સપાટ કાચમાં પડેલાં પ્રતિબિંબોનાં પુનઃપ્રતિફલન વિકૃતતર થાય તો તેમાં નવાઈ નથી.

પાશ્ચાત્ય ખંડમાં ગ્રીસ દેશની વિદ્યા પ્રાચીન રોમમાં ગઈ એ, ઉપર તેને નદીતલની સાથે સરખાવતાં, કહ્યું છે. ગ્રીસની વિદ્યાની લક્ષણભૂત રસજ્ઞતા અને રસિકતા બહુ ઉચ્ચ ભાવનાવાળી હતી અને પાછલા કાળમાં પ્રાકૃત બુદ્ધિના વર્ગમાં જવા પામતાં એ ઉચ્ચતાથી ભ્રષ્ટ થઈ પ્રાકૃત દશાને પામી. ગ્રીકવિદ્યા રોમમાં આવી ત્યારે રોમન લોક વ્યવહારમાં કુશળ, સદ્ગુણાદિની ભાવનામાં દાન્ત અને નિયત, અને રસભાવનામાં સ્થૂલ હતા અને એ ગુણદોષના મિશ્રણને લીધે યુદ્ધોમાં અને રાજ્યનીતિમાં બહુ વિજય પામ્યા. ગ્રીકવિદ્યાના સંનિકર્ષથી એ વિદ્યાનો વાક્યબોધ રોમના મોટાનાના વર્ગોમાં ચમકવા લાગ્યો અને એ બોધને કેવળ સાંભળીને જ એ વર્ગ બેસી ન રહ્યા પણ તેમાંથી પ્રાપ્ત થયેલાં રસલક્ષણ વડે પોતાની લક્ષ્યસૃષ્ટિને સંસ્કારવા લાગ્યા. આથી ગ્રીકવિદ્યાની ઉચ્ચ ભાવનાઓ, કાળક્રમે રોમના વિદ્વાનોની દૃષ્ટિમાં સ્ફુરવા લાગી અને પ્રાકૃત ભાવનાઓ પ્રાકૃતવર્ગના જીવનને નવા વિકારોથી ભરવા લાગી.

ગ્રીકવિદ્યાના વાક્યબોધથી જેણે પોતાના લક્ષ્યમાત્રને સંસ્કાર્યું એવા રોમના વિદ્વાનોમાંના ત્રણ મહાત્માઓનાં દૃષ્ટાંત આપણે પ્રત્યક્ષ કરીશું.

રોમના ઉત્તમ વર્ગમાં મહારાજ માર્કસ ઓરેલ્યસ, મધ્યમ વર્ગમાં સેનેકા, અને રંક વર્ગમાં એપિક્ટિટસ, એ ત્રણનાં દૃષ્ટાંત આપણા કાર્યને માટે જોઈએ તેવાં છે.

રંક એપિક્ટિટસ મૂળ એક ફ્રીજિયાનો ગ્રીક વિદ્વાન તે રોમ-નગરમાં દાસ-ગુલામ થઈને વસતો હતો. ગ્રીસની વિદ્યાના વાક્યબોધે તેની રંક પરાધીન અવસ્થાને એવી તો સંસ્કારી હતી કે તે દશામાં અન્ય જીવો રહે તેના કરતાં તે જુદી સ્થિતિમાં રહેતો. સોક્રેટિસના ઉપદેશ પેઠે તેણે પણ મુખથી જ ઉપદેશ કરેલો છે તે

તેના એરિયન નામના શિષ્યે પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરેલો છે અને તે પુસ્તકનાં આઠ અંગમાંથી આજ માત્ર ચાર જ વિદ્યમાન છે. એપિક્ટિટસને સ્વતંત્રતા મળવા પછી પણ સુખ થયું હોય એમ જણાતું નથી અને અંતે તેને રોમમાંથી દેશનિકાલ પ્રાપ્ત થયો હતો. મહારાજ ઑરેલ્યસ આ મહાત્માનાં વાક્યોનો બોધ રુસ્ટિકસ નામના પોતાના એક ગુરુ પાસેથી પામ્યો હતો. એપિક્ટિટસ પોતે ગ્રીક દેશના સ્ટોઇક દર્શનનો અનુયાયી હતો. સ્ટોઇક દર્શન રસગ્ર ગ્રીસના શાંતરસને પ્રત્યક્ષ કરતું હતું, મનના નિગ્રહમાં અને સમસુખની પ્રાપ્તિમાં મનુષ્યનું મનુષ્યત્વ માનતું હતું, અને વૈરાગ્યમાં અને શમદમમાં પોતાના વિચાર પ્રમાણે આચારનું સંરક્ષણ કરવામાં પોતાના સંપ્રદાયનું સફલત્વ માનતું હતું. જ્યારે ગ્રીસ કેવળ અધોગતિને પામ્યું અને રોમને વશ થયું ત્યારે એ અધોગત દેશનાં આવાં આવાં પ્રાચીન શાસ્ત્રો અને પુસ્તક માત્ર ત્યાંની રંક વસ્તીના હાથમાં અને હૃદયોમાં પડી રહેવા લાગ્યાં હતાં તે એપિક્ટિટસ જેવા રંક દાસોદ્વારા રોમના અતિશ્રીમાન અધિકારીઓ પાસે આવવા લાગ્યાં અને એવા રંક લોકનાં દુઃખ-તિમિરમાંથી તેમને ઉદ્ધારવાના સાધનભૂત થયાં.

ઉપર કહેલું છે કે રોમનલોકની મૂળપ્રકૃતિ સદ્ગુણાદિની ભાવનામાં દાન્ત અને નિયત હતી પણ રસશૂન્ય હતી. રોમનો વૈભવ અને અધિકાર દિગ્વિજયી થતાં આ ભાવના શિથિલ કરનારી સાધનસૃષ્ટિ ઊભી થઈ અને તપસ્વી લોકને ચળાવવા ઇન્દ્રની અપ્સરાઓ રોમના મહારાજ્યમાં ઘેર ઘેર પ્રવૃત્ત કરવા લાગી. આવા રાજ્યની અધોગતિ જોનાર રોમનાં સ્વદેશાભિમાની ચિત્ત પોતાનાં શસ્ત્ર નકામાં થતાં જોવા લાગ્યાં તે કાળે પોતાના પૂર્વજોની દાન્ત ભાવનાનો જીર્ણોદ્ધાર કરે એવી વસ્તુ તેમની પાસેના વિદ્વાન ગ્રીકદાસોના વાક્ય-બોધમાં જણાતાં તેમણે યથાશક્તિ તેનું ગ્રહણ કરવા માંડ્યું, અને એ દાસબોધમાંથી પ્રાપ્ત થયેલાં લક્ષણોને ઉપનેત્રને સ્થાને યોજી જીવનના વ્યવહારમાત્રને તેના પ્રકાશથી અને રંગથી સંસ્કારી લીધા. આ ઉપરથી કહેવાયું છે કે જે કાળે રોમે ગ્રીસને શસ્ત્રવડે જીતી લીધું તે જ કાળે ગ્રીસે પોતાની વિદ્યાદ્વારા રોમને લીધું.

સ્ટોઇક દર્શન પ્રમાણે આ વિશ્વરૂપ સમષ્ટિ તે પ્રકૃતિનું સ્થૂલ શરીર છે, ઈશ્વર એ પ્રકૃતિનો સૂક્ષ્મ આત્મા અથવા પરમાત્મા છે, પ્રકૃતિના સર્વ અવયવ ઈશ્વરની બુદ્ધિમાંથી આવિર્ભાવ પામેલા નિયમોને



તેમ ચાલ્યાં જતી હતી. પણ એ સત્તાની અને એ વ્યવસ્થાની ભાવના કેવળ ઐહિક હોવાથી દિવસે દિવસે સૌને કર્કશ લાગવા માંડી, અને વૈભવની વૃદ્ધિએ તેને ભ્રષ્ટ કરવા માંડી ત્યારે આ કર્કશતાને લીધે તે વ્યવસ્થાનો ત્યાગ કરવા ઉન્મુખ થયેલા જનસમૂહે એ સડકો તોડી નાખી નવી ભ્રષ્ટતામાં આનંદ માન્યો.

જે કાળે આ ભ્રષ્ટતાથી રોમન રાજ્યમાં અવ્યવસ્થા નિરંકુશ થવા પામી તે કાળે ગ્રીસનો દાસબોધ દેશવત્સલ રોમનોને તેમની પ્રાચીન ભાવનાનું સ્મરણ આપવા લાગ્યો અને એ ભાવનાની ઐહિકતાને સ્થાને શાંતરસની ભાવનાનું આવાહન કરી પ્રાચીન આચારના શરીરમાં નવા વિચારનું ચેતન મૂકવા લાગ્યો. ભ્રષ્ટતાનો રોગ દેશમાં એવો વધી ગયો હતો કે આવું સમર્થ ઔષધ એ રોગપ્રકોપનો પ્રતિકાર છેવટ સુધી કરવા જતાં અંતે ફાવ્યું નહીં. છતાં એ ઉપચારના દિવસોનું મનોવેધક ચિત્ર સર્વ દેશોદ્ધારકોને માટે અતિબોધક છે, અને એ બોધકતાનાં કારણોમાં એ ચિત્રના જીવન જેવા લક્ષણદ્રષ્ટાઓના લક્ષ્યસંસ્કાર અગ્રેસર છે.

આવા વિદ્વાનો દાસત્વના બંધનમાં હતા એ વિચાર આપણને દુઃસહ લાગે છે તો તે દાસત્વનું જીવન જીવનાર મનુષ્યને કેટલું દુઃસહ હોવું જોઈએ ! હબસીઓનાં દાસત્વ હજી આપણાં નેત્ર આગળ તરે છે અને તેના વર્ણનથી આપણાં હૃદય દ્રવે છે. તો આવા વિદ્વાનોનાં દાસત્વ વિચારતાં તો સહૃદયનાં હૃદય ચિરાવાં જોઈએ. છતાં જે દુઃખો જોનારને વિષમ લાગે છે ને વાંચનારને કંપાવે છે, તે દુઃખોના અનુભવની જ્વાળા વચ્ચે, ચિતા ઉપર બેઠેલી સતીઓ પેઠે, બળતા જ્વળતા અને સ્થૂલ દુઃખથી સ્થૂલ શરીરને નષ્ટ થતું જોતા આ વિદ્વાનો પોતાનાં સૂક્ષ્મ શરીરોની માનુષી પ્રકૃતિને દેવતાઓની દિવ્ય પ્રકૃતિ આપતા અને પ્રાકૃત મનુષ્યો જે દુઃખને દુઃખરૂપ દેખી તેના ભારથી ચંપાઈ જઈ અધોગતિ સ્વીકારે છે તે દુઃખમાંથી સર્વ સૃષ્ટિરૂપ લક્ષ્ય-પદાર્થને આ લક્ષણદ્રષ્ટાઓ પોતે હૃદયમાં સ્વીકારેલાં લક્ષણોવડે એવી રીતે તો સંસ્કારી લેતા કે એ સર્વ સૃષ્ટિ તેમની પાસે શૂન્ય જેવી થઈ જતી અને તેના સર્વ પ્રહાર શરીર પર પડતા જ ન હોય એવી અન્ય સૃષ્ટિ તેમનાં મન પાસે ખડી થતી. તેમના લક્ષ્યસંસ્કાર આ રીતે નદીતટનું કાર્ય કરતા. તે સૃષ્ટિને જોઈને, આપણા લોકે આર્યત્વનું લક્ષણ બાંધેલું છે તે સ્મરણમાં તરી આવે છે કે

અનુસરી વ્યવસ્થિત રહે છે, અને મનુષ્યનું વ્યષ્ટિજીવન પણ એ જ સમષ્ટિના નિયમોને અનુસરી વ્યવસ્થિત રહે તે જ મનુષ્યનો ધર્મ છે. મનુષ્યસૃષ્ટિ જેમ આ સમષ્ટિમાં આવી જાય છે તેમ દેવસૃષ્ટિ પણ આવી જાય છે. આ સંબંધમાં પ્રાચીન બોધને અનુસરી એપિક્ટિટસ કહી ગયો કે મનુષ્યે દેવતાઓની પ્રકૃતિ કેવી છે તે શોધી લેવી, અને એ પ્રકૃતિ જોઈ જોઈ તેમના જેવી પ્રકૃતિ કરી દેવી, કારણ તેના તેમ કરવાથી દેવતાઓની આજ્ઞા પળાય છે અને દેવતાઓ પ્રસન્ન થાય છે.

આ ઉપદેશનો આ છેલ્લો ભાગ પ્રથમ દૃષ્ટિએ કદાચિત્ કંઈક વિચિત્ર લાગશે. પણ આપણા લોકને તેનો અર્થ આપણા જ શાસ્ત્રમાંથી જડે એમ છે. આપણી શ્રુતિ કહે છે કે ઈશ્વરને અને જીવને એક વૃક્ષને વળગેલાં બે પક્ષી જેવાં ગણી, અભોક્તા અને પ્રકાશરૂપ ઈશ્વર-પક્ષીની અને ભોક્તા જીવ-પક્ષીની ભિન્નતા માની, ઈશ્વર-પક્ષી ઉપર જીવ-પક્ષીનું માત્ર નેત્ર પડતાં, જીવ-પક્ષી ઈશ્વર-પક્ષીનું સામ્ય પામે છે, ભોક્તા છતાં અભોક્તા થાય છે, અભોક્તા થતાં પુણ્ય-પાપમાંથી, શોકમાંથી, અને ગુહ્યગ્રન્થિઓમાંથી મુક્ત થાય છે. (આ શ્રુતિવાક્ય તથા તેનું ભાષાંતર સરસ્વતીચંદ્ર, ભાગ ૩ પ્રકરણ ૬, પૃષ્ઠ ૧૩૨-૩૩ ઉપર આપેલું છે). જેવી રીતે આમાં ઈશ્વરને જોઈ તેનું સામ્ય પામી ઈશ્વરની ભિન્નતા સફળ કરવા સૂચવેલું છે તે અર્થના રહસ્ય જેવું જ એપિક્ટિટસના ઉક્ત વાક્યનું રહસ્ય છે. ફેર એટલો છે કે જ્યારે શ્રુતિવાક્યમાં એક ઈશ્વરને જ જીવ જુએ છે અને તેનું સામ્ય પામે છે ત્યારે એપિક્ટિટસના વાક્યમાં મનુષ્ય અનેક દેવતાઓની-ઈશ્વરરૂપ એક જ્યોતિના અનેક સ્ફુલિંગોની-પ્રકૃતિ શોધી તેનું સામ્ય પામે છે. બીજી રીતે ઉભય વાક્યોના ઉચ્ચગ્રાહ (ideal) લગભગ સમાન છે.

રોમની પ્રાચીન દાન્તભાવનાનું મૂળ ત્યાંની કુટુંબ વ્યવસ્થામાં હતું. પૈતૃકસત્તા (Patria Potestas) અથવા પિતાની સત્તા જ વ્યવસ્થાનું મૂળ હતું. આપણામાં પિતાની આજ્ઞા માની પરશુરામે માતાનો અને ભ્રાતાઓનો વધ કરવામાં **आज्ञा गुरूणामविचारणीया**નું સૂત્ર સફળ કર્યું તેવી જ તીવ્રતા રોમની પૈતૃકસત્તાના વ્યવહારમાં હતી. જ્યાં સુધી એ સત્તા ઉપર લોકની પ્રીતિ હતી ત્યાં સુધી રોમની કૌટુંબિક અને રાજકીય વ્યવસ્થા અસ્થિરતાની સડક ઉપર ચાલતી હોય



प्राप्यापदं न व्यथते कदाचिद् ।
उद्योगमन्विच्छति चाप्रमत्तः ॥
दुःखं च काले सहते महात्मा ।
धुरंधरस्तस्य जिताः सपत्नाः ॥
न वैरमुद्दीपयति प्रशान्तं ।
न दर्पमारोहति नास्तमेति ॥
न दुर्गतोऽस्मीति करोत्यकार्यम् ।
तमार्यशीलं परमाहुरार्याः ॥

જે આર્યતા આપણે ત્યાં આવી છે તે જ ગ્રીસ રોમમાં ગઈ એવું ભાષાશાસ્ત્રથી આજ સિદ્ધ થયું છે તેમાં પુષ્ટિ આપે એવી આ કથા થાય છે કે જેને આપણા લોકો આમ **आर्यशील**તાનું લક્ષણ ગણતા તે જ લક્ષણ આ પાશ્ચાત્ય આર્યોમાં પણ પ્રકટ થયું હતું અને તેમની ભાવનાઓને વશ તેમની સૃષ્ટિને કરતું હતું.

આવી જ આર્યશીલતાથી દાસ એપિક્ટિટસ પોતાના દાસત્વરૂપ પ્રત્યક્ષ લક્ષ્યને સૂક્ષ્મ લક્ષણથી સંસ્કારી લેતાં કહે છે કે "સ્વાધીનતા એ સદ્ગુણનું નામ છે અને દાસત્વ એ દુર્ગુણનું નામ છે"—જ્યાં એ બે, મનુષ્યની પોતાની ઇચ્છાથી, ઉદ્ભવતાં હોય ત્યાં પણ જ્યાં તે તેની ઇચ્છાનાં ફળ નથી ત્યાં સ્વાધીનતામાં અને દાસત્વમાં સદ્ગુણ કે દુર્ગુણ કશાનો લેપ નથી." આ લેપ વિના સુખદુઃખ થતાં નથી છતાં શારીરિક દાસત્વ સામાન્ય મનુષ્યોમાં દુઃખ શાથી ઉત્પન્ન કરે છે તે સમજાવવા આ વિદ્વાન વિવેક દર્શાવે છે કે "પણ જીવને શરીર ઉપર સ્વામિત્વ ભોગવવાનો અભ્યાસ છે," તે અભ્યાસને બળે મનુષ્યો મોહ પામી ભૂલે છે કે શારીરિક અવયવોને એ ઇચ્છા ઉપરના સ્વામિત્વમાં ભાગ નથી, અને જેની (આ માનસિક સ્વવિષયની) ઇચ્છા સ્વતંત્ર છે તેવો કોઈ પણ મનુષ્ય દાસ નથી." વળી કહે છે કે "આ બે બંધન અનિષ્ટ છે—શરીરને ભાગ્યનું બંધન અને જીવને દુર્ગુણનું બંધન—એ બે અનિષ્ટ છે. (પરંતુ) શરીરને વિષયે જે સ્વતંત્ર છે પણ જીવને વિષયે બદ્ધ છે તે દાસ છે. પણ એથી વિરુદ્ધ રીતે જે શરીરને વિષયે બંધનમાં છે પણ જીવને વિષયે સ્વતંત્ર છે તે સ્વતંત્ર છે." બીજી રીતે કહીએ તો શરીરની સ્થિતિ ભાગ્યને વશ ન હોતાં જીવને વશ હોય તો તે ઇષ્ટ થાય, પરંતુ તેની ઇષ્ટ કે અનિષ્ટ—

આત્મથી બદ્ધ કે મુક્ત સ્થિતિથી મનુષ્યની દાસતા કે સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી, પણ તે તો તેના જીવની સ્થિતિથી પ્રાપ્ત થાય છે અને જીવ સ્વતંત્ર હોય તો શરીર દાસ હોવા છતાં મનુષ્ય સ્વતંત્ર જ છે, અને જીવ દાસ હોય તો મનુષ્ય રાજા હોવા છતાં દાસ છે. આ જ અર્થનું વાક્ય શંકરસ્વામી મણિરત્નાવલીમાં કહી ગયા છે કે

**"बद्धो हि को यो विषयानुरागी को वा विमुक्तो विषयेष्वरक्तः॥"**

જ્યારે પ્રાકૃત દૃષ્ટિ એપિક્ટિટસને દાસરૂપે પ્રત્યક્ષ કરી લેતી ત્યારે સ્ટોઇકદર્શનથી બોધ પામી સિદ્ધ થયેલી એની લક્ષણદૃષ્ટિ એ દાસતારૂપ લક્ષ્યને લક્ષણથી સંસ્કારી લઈ એ દાસતાનું અસ્તિત્વ જ નથી એમ ગણતી અને પોતાના હૃદયની સ્વતંત્રતાની વાડી પોતાની દૃષ્ટિ આગળ ખડી કરતી. એમ લાગે છે કે એ કાળના સામાન્ય મનુષ્યો એવા દાસત્વથી ત્રાસી આત્મઘાત કરતા હતા અને રોમના અને બીજા દેશોના તત્કાલીન મહાજનોમાં આત્મઘાત એ દુઃખમાંથી મોક્ષનો રસ્તો ગણાતો અને ગ્રીસના સ્ટોઇક વિદ્વાનો તો ભ્રષ્ટ સંસારના સંસર્ગથી મુક્ત રહેવાનો તેને માર્ગ ગણતા.

એપિક્ટિટસની લક્ષણદૃષ્ટિએ એ જ વિદ્વાનોની ભૂલ સુધારી આત્મઘાતને હેય ગણ્યો. ઉપર કહેલું છે કે લક્ષ્યદ્રષ્ટાએ મૂકેલા વાક્ય-બોધમાંની ભૂલો લક્ષણદ્રષ્ટાઓના લક્ષ્યસંસ્કારને બળે પરીક્ષિત થઈ સુધરે છે તેનું આ એક દૃષ્ટાંત છે.

વાક્યબોધ પામવો અને તેથી નવાં લક્ષણનું રહસ્ય પામવું તે કોઈ ગામગપાટા પેઠે એક કાને સાંભળી બીજે કાને કાઢી નાંખવાને માટે નથી, પણ સંસારમાં તેનો ઉપયોગ કરવાને માટે છે અને મનુષ્યને એક સૃષ્ટિમાંથી અન્ય સૃષ્ટિમાં લેવાને માટે છે—તેના ઉદ્ધારને માટે છે એવું રોમના આ લક્ષણદ્રષ્ટાઓ વ્યવહારમાં વર્તન કરી બતાવતા અને તે તેમનું પરાક્રમ ગણાયું છે.

એપિક્ટિટસના પોતાના બોધનું પ્રતિફલન લોકદૃષ્ટિમાં એકદમે થયું નથી, કારણ તે દાસ અને રંક હતો. પરંતુ તેનો શિષ્ય એર્યન, એરિયન અથવા એરિયેનસ નામનો હતો. તેણે પોતાના ગુરુના મુખથી થયેલો ઉપદેશ ગ્રન્થરૂપે ગૂંથી દીધો તે ઉપર કહેલું છે. વળી ઉપર એવું પણ કહેલું છે કે આવા લક્ષણદ્રષ્ટાઓના કરેલા બોધનું પ્રતિફલન નદીઉપરના વાતાવરણનું કાર્ય કરે છે તેવું આ દાસના કરેલા બોધનું



પ્રતિફલન કેટલું થયું હશે તે સમજવાને એક મિતાક્ષર દૃષ્ટાંત પર્યાપ્ત થશે. નદીઉપરનું વાતાવરણ નદીનાં શૈત્યને અને રસદીપકત્વને ઘણા દૂર પ્રદેશોમાં અદૃશ્યરૂપે પ્રસારે છે, કારણ જે વાતાવરણ નદીઉપર છે તે જ છેટેના રાજભવનમાં તેમ રંક લોકનાં ઝૂંપડામાં પ્રસરે છે અને નિરાધાર રંક જનોને વગર-માગ્યો ઉત્સાહ આપે છે તો રાજાઓ જેવાનાં હૃદયોનો, તેમની આજ્ઞા પૂછ્યા વિના, સ્પર્શ કરે છે. અંધકારમાં પડેલી વનસમૃદ્ધિની અને એકાંત પડેલી નદીના રસની કીર્તિ પવન આમ અનેક ગમ્યાગમ્ય સ્થાનોમાં પ્રસારે છે.

"અંધકારમાં છવાઈ રહેતી અકૃત ધરી બહુ સુન્દરતા,
કોમળ કુસુમકળી રહે બહેકી; વાયુ તેની કીર્તિ કરતા;
જોજનભર જોજન ગૂંથેલો સુગંધજાળનો પટ એવો,
દંપતી પતિ નૃપ રંક સહુને લીન કરે સુખમાં કેવો!"

—સ્નેહમુદ્રા ૯૭ (૩)

રંક અને દાસ એપિક્ટિટસની લક્ષણદૃષ્ટિનું પ્રતિફલન આવા વાતાવરણની ક્રિયાથી રોમના મહારાજ્યના સિંહાસનપર ચડી મહારાજ ઓરેલ્યસનાં નેત્રમાં થવા પામ્યું, અને એ મહારાજે પોતાના વિસ્તીર્ણ રાજ્યના જે જે લક્ષ્ય પદાર્થને સંસ્કાર્યો તે મહાકાર્યમાં આ દાસનાં નેત્રમાંથી થયેલું પ્રતિફલ અંશભાગી થયું, એટલું જ દૃષ્ટાંત આ પ્રતિફલની કલ્યાણશક્તિની નિઃસીમતા દર્શાવવાને બસ છે.

પ્રાકૃત દૃષ્ટિએ રંક દેખાતા એપિક્ટિટસ અને મહારાજ દેખાતા ઓરેલ્યસની વચ્ચેની પંક્તિનો લક્ષણદ્રષ્ટા સેનેકા હતો. એનો પિતા સામાન્ય વર્ગનો મનુષ્ય હતો. સેનેકાને ગ્રીક દર્શનના અભ્યાસનો રસ હતો, પણ પિતાની ઇચ્છાને લીધે તેણે રોમનાં ધર્મસ્થાનો પાસે પક્ષમંત્રી-બારીસ્ટરનો ધંધો કરવા માંડ્યો. કેલિગ્યુલા નામના રોમના મહારાજ પાસે કોઈ કામ ચલાવવા પ્રસંગ આવતાં તેની વક્તૃત્વશક્તિ ઉપર એ મહારાજને ઈર્ષ્યા આવી, કારણ મહારાજ પોતે પણ મહાન વક્તા હતો. વળી તે ઉપરાંત સેનેકાએ એવી નિર્ભયતાથી ને સ્વતંત્રતાથી પોતાની વક્તૃત્વશક્તિ વાપરી કે તે પણ મહારાજાને વિષમ લાગી—આથી તેણે સેનેકાનો વધ કરવા ધાર્યો. અંતે રાજભવનમાં મહારાજની કોઈ ઉપસ્ત્રી—રાખ—ની સહાયતાથી તે જીવથી બચ્યો પણ ધંધો મૂકી

દેવી પડ્યો. આ મહારાજાના મરણ પછી બે ત્રણ મહારાજાઓ થઈ ગયા તેમની પ્રીતિના વારાફેરા સેનેકાએ અનુભવ્યા, અને એ પ્રીતિમાં ટકવાને રાજ્યાધિકારીઓને લલાટે લાગેલી નટકળાઓ તેને વાપરવી પડી. અને મહારાજાઓ, મહારાણીઓ, અને બહારના તેમ અંતરના અધિકારીઓ સાથે ખટપટમાં એને ભળવું પડ્યું. આ મહારાજાઓમાં છેલ્લો મહારાજ સેનેકાનો શિષ્ય નીરો હતો. નીરો મહારાજ અતિ ક્રૂર અને સ્વચ્છંદી હતો અને એક દિવસ આખા રોમ નગરને આગ લગાડી ચારે પાસથી તે બળવા લાગ્યું ત્યારે રાજભવનની અગાશીમાં બેસી ગ્રીક કવિ હોમરે વર્ણવેલા ટ્રોય નગરના અગ્નિદાહનું કાવ્ય સારંગી લઈને ગાવા બેઠો હતો. નીરોને અભિષેક થયો ત્યારે તેનું વય અઢાર વર્ષનું હતું અને તે પછી થોડા સમયમાં સેનેકા એનો ગુરુ મટી પ્રધાન થયો, અને શિષ્ય પણ મહારાજની અકારણ અકૃપાનો પાત્ર થતાં ગુરુ પણ પ્રધાનને વાર ન લાગી. તેણે પોતાનું પદ છોડી, વાનપ્રસ્થ થઈ, પોતાના જૂના મિત્ર સ્ટોઈક દર્શનના સહવાસમાં બાકીનું આયુષ્ય પૂરું કરવાનો ઉપક્રમ કર્યો. મહારાજને એટલાથી તૃપ્તિ ન થઈ. તેની આજ્ઞાથી રાજ્યાધિકારીઓ આ નિવૃત્ત વિદ્વાનના ઝૂંપડામાં આવ્યા. અને એવી રાજઆજ્ઞા વિદિત કરી કે સેનેકાએ પોતાને હાથે નસો ચીરવી[1] ને તેથી તેનું મૃત્યુ થાય ત્યાં સુધી તેમાંથી લોહી વહેવા દેવું! એની સ્ત્રીએ સ્વામીને શિક્ષા થતી જોઈ પોતાને માટે પણ એ શિક્ષા સાથેલાગી માગી લીધી. દંપતીની નસો સાથેલાગી ચિરાઈ. રીબાઈ રીબાઈને આ વિદ્વાન આ રીતે મરણ પામ્યો અને તેની સ્ત્રીના ઘા રાજઆજ્ઞાથી બંધ કરાવ્યા ને તે જીવી. આ ક્રૂર અને જંગલી રાજઆજ્ઞા સેનેકાએ અતિ સ્વસ્થ અને શાંત વૃત્તિથી સાંભળી, સ્વીકારી, અને નસો ચિરાઈ ત્યાંથી તે મૃત્યુએ એનો એ તીવ્ર વેદનામાંથી છુટકારો કર્યો ત્યાં સુધી સેનેકાએ પોતાનો કાળ પોતાની પાસે બેઠેલા મિત્રો સાથે શાંત જ્ઞાન-વાર્તાનો ઉપદેશ કરવામાં ગાળ્યો.

આવી જાતના જીવનનો વિષય કોઈ પણ વિચારનારને ગંભીર વિચારોમાં નાખે એવો છે. એપિક્ટિટસ તો એવું કહી ગયો હતો કે શરીરની સ્થિતિ અનિચ્છાથી પ્રાપ્ત થાય તો તેથી તે શરીરનો અધિષ્ઠાતા જીવ દાસત્વ પામતો નથી. તો એ જ મતના અનુયાયી સેનેકાએ શા

1. નસો ચીરવી નહિ પણ બીજા પાસે ચિરાવવી એવો પણ પાઠ છે.



માટે આવું જીવન શોધ્યું અને સ્વીકાર્યું! રાજાઓની પાસે આવાઓનો ખપ નથી પણ ભર્તૃહરિ કહી ગયો છે તે સાધારણ રીતે ઘણાખરા રાજાઓના સહવાસને માટે સત્ય છે કે

न नटा न विटा न गायका न च तथ्येतरवादिनो वयम् ।
नृपसंसदि नाम के वयं स्तनभारानमिता न योषितः ॥

અને તેમાં પણ નીરો જેવા આસુરી સંપત્તિવાળા રાક્ષસનો સહવાસ તો સેનેકાએ જાતે શોધેલાં સ્ટોઈક વાક્યબોધમાંનાં લક્ષણોથી વિરુદ્ધ ન હતો! એ બોધનાં ક્યાં લક્ષણવડે આ વિદ્વાને પોતે આવું જીવન શોધ્યું ને અંગીકાર્યું!

સેનેકાએ રાજ્યાધિકાર શોધ્યો તેમાં પ્રાકૃત મનુષ્યોનાથી એને કોઈ પ્રકારે જુદી ભાવના હતી એવું કહેવાને કે માનવાને શું કારણ છે? સેનેકા લોકોની પ્રશંસા-વખાણ-કરતો હતો. પણ પોતાને માટે સંસાર શું ધારે છે કે કહે છે તે વિષયે એને ઉદાસીનતા હતી અને પોતાની નિન્દા રોકવાને માટે કે સ્તુતિ કરવાને માટે એ પોતાના હોઠ ઉઘાડે એવું ન હતું. "જો કોઈ સત્કૃત્ય કરવા જનાર સુજ્ઞને માટે લોક અવળો અભિપ્રાય બાંધે તો તેમાં એને ઓર આનંદ મળવાનું કારણ છે. જે પોતાના સત્કૃત્યની કીર્તિ ઇચ્છે છે તે પોતાના સદ્ગુણથી નહીં પણ દાંભિક વૃત્તિથી ઇચ્છે છે. જ્યાં પ્રતિષ્ઠા મળે ત્યાં જ ન્યાયી રહેવું એ બસ નથી, પણ ભય અને અપવાદ વેઠવાનાં હોય એવે પ્રસંગે પણ ન્યાયી રહ્યાં કરવું એ આવશ્યક છે." આ વાક્યોનો બોધ કરનાર ક્ષુદ્ર સંસારી જનોની દૃષ્ટિમાં સારો મનાવાને માટે કાંઈ બોલ્યો ન હોય તો તેથી એ સારો ન હતો એવું માનવાનું કારણ નથી.

એને દ્રવ્યને વિષયે ઉદાસીનતા હતી તે જાણવાને માટે એક વાત બસ છે કે જ્યારે એના વિરોધી પક્ષે એની દ્રવ્યસંપત્તિના માર્ગ અશુદ્ધ હોવાનો આરોપ મૂક્યો ત્યારે ઉત્તરમાં બીજું કાંઈ ન બોલતાં એણે પોતાની સર્વ સંપત્તિ નીરો મહારાજના ચરણમાં પાછી સોંપી દેવાની તત્પરતા દર્શાવી અને ઇતિહાસવેત્તાઓ એ તત્પરતા શુદ્ધબુદ્ધિપૂર્વક હતી એવું માને છે. તેના મંદિરમાં કાંઈ વૈભવ હતો એવું કોઈએ કહેલું નથી અને જે દ્રવ્ય સામાન્ય અને નિર્દોષ માર્ગે એની પાસે આવ્યું તેનો એણે સ્વીકાર કર્યો એટલી વાત તો ખરી. તે જ પ્રમાણે એણે અધિકાર પણ સ્વીકાર્યો એ વાત પણ ખરી. તે આપણા ચતુર્થાશ્રમના

પરિચિત લોકમાં જન્મ્યો ન હતો અને સ્વામીના મરણવિધિ જેવો મરણવિધિ માગી લેનારી અને પરલોકમાં પણ સહગમન ઇચ્છનારી સતીનો પતિ હતો. એવી સ્થિતિવાળા આ લક્ષણદૃષ્ટાએ કયાં લક્ષણોથી ઉક્ત પ્રકારનું જીવન સંસ્કારી લીધું હોવું જોઈએ એ જાણવાને એના દેશ કાળ અને લેખ—એ ત્રણનું અનુસંધાન આવશ્યક સાધન છે અને તે પછી સાત્વિકદૃષ્ટિથી એ સાધનમાંથી તેના સાધ્યને શોધીશું.

જે કાળે મહાપ્રવાસથી, મહાબુદ્ધિથી, અને મહાશૌર્યથી પોતાના યુગમાં પૃથ્વીમાં બલિષ્ઠ બની રોમના મહારાજ્યે પોતાના મધ્યાહ્નની સમાપ્તિ દીઠી અને તેની સાથે જ તેનો દિવસ વગર પ્રવાસે અસ્ત થવા લાગ્યો અને અસ્ત થતાં થતાં તેનો સાયંકાળ છેક પાસે આવી ઊભો તે કાળે સેનેકા જન્મ્યો અને ઉપર પ્રમાણે રોમના મહારાજાઓના સમાગમમાં આવ્યો.

ત્યાંનું પ્રજાસત્તાક રાજ્યતંત્ર અસ્ત થઈ તેને સ્થાને સ્વચ્છંદી મહારાજાઓનાં સિંહાસન ખડાં થયે પચાસેક વર્ષ વીતી ગયાં હતાં. રોમના દાન્ત અને નીતિમાન આર્યોની સંખ્યા દૃષ્ટિગોચરતામાંથી દિવસે દિવસે ક્ષીણ થઈ ગઈ હતી, અને લક્ષ્મી ચારેપાસ દેશમાં રેલાવા લાગી હતી. અધિકારીઓ સાર્વભૌમ સત્તાના દર્પથી અપર પ્રજાઓને એક પાસથી તૃણવત્ ગણવા લાગ્યા તેની સાથે જ તેને સ્થાને આઘાત-પ્રત્યાઘાતના નિયમથી એ પ્રજાઓનાં પૂર છેક રોમના ઝાંપામાં રેલાઈ આવવા લાગ્યાં અને તેમના છાંટા એ નગરના એક કાળે રાજયોગી જેવા પુરુષોને હવે ભ્રષ્ટ કરી, વટલાવી, તેમની દૈવી સંપત્તિને આસુરી કરી નાંખવા લાગ્યા હતા. એ આસુરી સંપત્તિના ઉદયથી રોમના ઉદાત્ત તેમ અપર વર્ગનાં સ્ત્રીપુરુષો અને બાળકો ત્યાંની નાટકશાળાઓમાં દાસવર્ગનાં મનુષ્યોની પાસે કટારોવડે વગર હાથે વગરકવચે યુદ્ધ કરાવતાં અને તે દીન લોકનાં શરીરોમાં ઘા ઉપર ઘા પડે અને ત્યાંથી લોહીના ફુવારા ઊડે તે જોઈ આ જોનાર વર્ગ રાચતો હતો, તાળીઓ પાડતો હતો, અને જાણે ચોપટમાં જડ સોકટી એક બીજા ઉપર ટીચાતાં હોય તેમ કૂદી કૂદીને આનંદની અને ઉત્સાહની ગર્જનાઓ કરતો હતો. સેનેકા લખે છે કે "એક દિવસ મધ્યાહ્નકાળે હું અકસ્માત નાટકશાળામાં જઈ ચઢ્યો, અને એવું ધારતો હતો કે ત્યાં કંઈ બુદ્ધિવાળી હાસ્યબાજી થતી હશે અથવા બુદ્ધિવાળા



વિનોદપ્રસંગ ચાલતા હશે. અને પ્રાતઃકાળે મનુષ્યોને લોહીલુહાણ થતાં જોઈ જે ત્રાસ્યા હશે તે અત્યારે કોઈ બીજી રીતે વિશ્રાન્તિ શોધતા હશે. પણ અહીં તો તેવું કંઈ ન હતું. પ્રથમ જે યુદ્ધ દીઠું હતું તેમાં તો આના આગળ સરખાવી જોતાં દયાળુતા પ્રવર્તી હતી. નાની વાતો તો પડતી મૂકું છું; પણ અહીં તો મનુષ્યના કતલખાના વિના બીજાનું કંઈ ન દીઠું." આ ત્રાસજનક દેખાવનું વર્ણન સેનેકા હજી વધારે કંપાવે એવું કરે છે તેનું આટલું દિગ્દર્શન આપણે માટે બસ છે. જે વસ્તુ વાંચતાં આપણને ત્રાસ છૂટે છે તે રોમના આસુરી સંપત્તિવાળા માનવો પ્રાતઃકાળે ને બપોરે ત્યાંની નાટકશાળામાં જોતા અને રાચતા. મહાભારતના અને રામાયણના રાક્ષસો આથી વધારે ક્રૂર આનંદ ભોગવતા ન હતા. પ્રાતઃકાળે મનુષ્યોની કતલ સિંહ અને વાઘ પાસે કરાવતા અને બપોરે મનુષ્યને હાથે મનુષ્યને મરાવતા. જ્યાં સર્વ લોકસંઘ દેખાદેખી આવો થતો હતો ત્યાં લોકમાં ભળવું જ નહીં એ ઉપદેશ આ જોનાર સેનેકાએ કર્યો.

લોકમાં ભળવું નહીં એ ઉપદેશ કર્યો પણ જ્યારે ચારે પાસનો યુગ આવો થઈ જાય ત્યારે જ્ઞાની પુરુષે શું કરવું ? એણે લોકનો ત્યાગ કરી વાનપ્રસ્થ ક્યારે થવું અને લોકમાં ભળી લોકસંગ્રહણ ક્યારે કરવું ?

"જ્યારે ભિન્ન ભિન્ન આકસ્મિક પ્રસંગોથી અથવા પોતાની સ્થિતિને લીધે ઉદ્યમમય જીવનમાં વિઘ્ન આવવાથી મનુષ્ય પોતાની ધારણાઓ સિદ્ધ કરી શકે નહીં ત્યારે તે વ્યવહારની પ્રવૃત્તિમાંથી કેવી રીતે વિરામ પામવો અને નિવૃત્તિ લેવી તે જાણવું એક વિરલ સદ્ગુણનું કાર્ય છે. કારણ સદ્ગુણી મનુષ્યની પાસે કંઈપણ સત્કાર્ય કરવાનું સાધન રહે નહીં એવો સંકડામણનો પ્રસંગ વ્યવહારમાં કદી પણ આવતો નથી એ વાત હું સ્વીકારું છું." આના દૃષ્ટાંતમાં સેનેકા સોક્રેટિસનું જીવન દર્શાવી કહે છે કે જ્યારે એના નગરમાં દુષ્ટ સૈનિક લોકનું એટલું બધું પ્રાબલ્ય થયું કે તેમણે ત્યાંના તેરસો નાગરિકોને કતલ કરી દીધા અને ઘેરે ઘેર આ ત્રાસથી રોતાં કૂટતાં માતાપિતાઓને આશ્વાસન આપવાને કોઈની છાતી ચાલે એમ ન હતું ત્યારે પોતાના જીવને જોખમમાં નાંખી તે આશ્વાસન આપવાનું કામ સોક્રેટિસે પોતાને શિર લીધું. અર્થાત્ ગમે તેવી સંકડામણ આવી તો પણ આટલું

અકાર્ય કરવાનું તેને જડ્યું અને અકાર્યની પ્રવૃત્તિમાંથી વિરામ લેવાયો નહીં. "જો હૃદય અપને શરણ થઈ જઈ બંધનમાં પડે નહીં એટલી સંભાળ રાખીએ અને ઉદ્યમમાંથી વિરામ પામીએ નહીં તો, રાજ્યસત્તા અથવા લોકસત્તાનો પ્રવાહ ગમે તે પાસનો હોય તો પણ, અને ભાગ્ય અનુમતિ આપવામાં ગમે તેવું કૃપણ હોય તો પણ, તેના પ્રમાણમાં આપણે આપણી શક્તિ પ્રવૃત્તિને નાની મોટી કરી શકીએ છીએ એટલું જ નહીં પણ જ્યારે સર્વ પાસ ભય વર્ષી રહ્યો હોય, જ્યારે એક પાસથી તરવારો અને બીજી પાસથી કેદખાનાની બેડીઓની સાંકળો ખડખડાટ કરી કાનને બહેરા કરી મૂકતી હોય, તે સમયે પણ જે નિરાશ થતો નથી અને નાસી જતો નથી તે જ પુરુષ ખરેખરો પુરુષ છે."

મહાભારતનું રૂપક અર્જુનને ક્રિયા અને સ્વરૂપ આપે છે અને તે અર્જુન દીન થતો નથી કે નાસતો નથી.

"अर्जुनस्य प्रतिज्ञे द्वे न दैन्यं न पलायनम् ।
आयू रक्षति मर्माणि स्वायुः कृन्तति जीवितम् ॥"

એ રૂપકવાળો અર્જુન ને સેનેકાનો આ ન નાસનાર અને ન નિરાશ થનાર પુરુષ તે એક જ છે. દેશોમાં યુગે યુગે કૌરવો અને પાંડવોનાં યુદ્ધ મચે છે અને એક પાસ સો કૌરવો તો બીજી પાસ માત્ર પાંચ પાંડવો એમ સામસામાં સેનાઓ સાથે ઊભા રહે છે. રોમન મહારાજ્યમાં સેનેકાએ કૌરવોનું પ્રાબલ્ય જોયું અને તેમની આસુરી સંપત્તિ જામી જતી જોઈ તે આપણે ઉપર જોઈ ગયા છીએ. તેવા દેશકાળમાં પાંચ પાંડવો જેવા ચાર પાંચ જે કોઈ મહાત્માઓ રહ્યા હોય અને જેનામાં માહાત્મ્ય પામવાનું બીજ હોય એવાઓનું સારથિપણું કરવાને, એવાઓને ઉત્સાહિત કરવાને, એવાઓને સ્વધર્મ પ્રેરવાને સેનેકા આ ઉપલાં વચન બોલતો હોય એવો શું આ વચનોમાં સ્પષ્ટ ધ્વનિ નથી ? અન્ય મહાત્માઓને આવો સ્વધર્મ બતાવનાર તત્ત્વદર્શી સેનેકાને પોતાને શિર પણ પોતે બતાવેલા સોક્રેટિસના દૃષ્ટાંત પ્રમાણે વર્તવાનો ધર્મ પ્રાપ્ત થયો ન હતો ?

રોમના નાગરિકો ઉપર આસુરી સંપત્તિની ચડાઈ થતી અટકાવવામાં પૃથ્વીના સર્વ દેશોનું હિત હતું. "એકલા રોમ નગરના કિલ્લામાં ભરાઈ ને બેસી ન રહેતાં આપણે સર્વ પૃથ્વીની સાથે વ્યવહારમાં શું



પડ્યા નથી ? અને સદ્ગુણના ઉદ્યાનને વિકાસ પામવાને મોટું ક્ષેત્ર આપવાને માટે શું આપણે આખી પૃથ્વીને આપણો દેશ કર્યો નથી ?" જ્યારે રોમનું મહારાજ્ય પૃથ્વી ઉપર શસ્ત્રદ્વારા વિસ્તાર પામતું હતું ત્યારે ત્યાંનો સાક્ષરવર્ય સેનેકા એ વિસ્તારમાં આવી રીતે રોમની દૈવી સંપત્તિનો પરમાર્થ વિસ્તાર દેખતો હતો, રોમમાં દૈવી કે આસુરી સંપત્તિ વિજૃંભણ પામે તો તેનાથી સર્વ પૃથ્વીની સંપત્તિની દૈવી કે આસુરી પ્રકૃતિનું બીજ રોપાતું જોતો, અને રોમમાં દૈવી સંપત્તિનો કાલ સામ્રાજ્ય પામે તેને માટે યત્ન કરવો એમાં પોતાના કાળના સર્વ લક્ષણદર્શીઓનાં કર્તવ્યધર્મનું બીજ આમ સ્પષ્ટ જોતો હતો.

પોતે જે ધર્મને આમ જુએ તે શક્તિ વિના કેવી રીતે પાળવો ? "સેનાને અગ્રભાગે જગા તને ન મળતાં બીજાને મળી હોય તો પાછળ ઊભો ઊભો તે સ્થાનેથી તારું કર્તવ્ય કરી જા, તારા કંઠમાં બળ હોય તેટલે મોટે સ્વરે યુદ્ધ કર–બીજામાં ઉત્સાહ અને શૌર્ય જગવ, જેના પોતાના હાથ કપાયા હોય છે તે સાથે ઊભેલાઓને જીભથી ઉત્સાહ આપી, બૂમો પાડી, નાસવાને સાટે ઊભો રહે છે ને શૌર્ય આપે છે. રાજ્યતંત્રમાં તું ઊંચ અગ્રભાગે ને પ્રથમ પંક્તિમાં ભાગ્યવશાત્ ન આવ્યો હોય તો તારે પણ તેજ પ્રમાણે કરવું. તારું મોં બંધ કરવામાં આવ્યું હોય તોપણ ઊભો રહે અને મૌનવડે સાહાય્ય આપ. એક સારા નાગરિક જનની પ્રવૃત્તિ કદી પણ તેના નગરને નિરુપયોગી નથી હતી; કારણ, તેના સાંભળવાથી, તેના જોવાથી, તેની મુખાકૃતિથી, તેણે કરેલી સંજ્ઞાથી, તેના હઠીલા મૌનથી, અને એના પગની ગતિથી પણ, એ બીજાઓને લાભ આપી શકે છે. જેમ કેટલાંક ઉત્તમ ઔષધ તેના આસ્વાદન કે સ્પર્શ વિના, માત્ર તેના સુગંધથીજ ઘણું સુખ કરે છે તેમ સદ્ગુણ બહાર પ્રકટપણે પ્રસરતો ન હોય ને પેટીમાં તાળું વાસી તેને પૂરી રાખ્યો હોય તોપણ ઘણાઓનાં કંઈક મોટાં કલ્યાણ કરે છે."

"આપણું જીવન એ એક યુદ્ધ છે. તેમાં જેને ધક્કે ચડાવી ઊંચાં ઉછાળવામાં આવે છે, જે ઊભા અને ઊંડા ધરાઓમાં ઊંચ ઉપર ચડે છે ને પાછા ઊંડ નીચે પડે છે, જે અતિશય જીવસટ્ટાનાં કામ માથે લે છે, તે જીવનના જીવનારા અતિ વીરપુરુષ ગણાવા જોઈએ."

"પણ પોતાનો સહચરવર્ગ જ્યારે દુઃખ ભોગે છે ત્યારે સર્વવ્યાપિની શાન્તિ તેના કોમળ ભુજવડે જેમને છાતી સરસી ચાંપી રાખે છે તેઓ રંક કબૂતરો જેવા છે—તેઓ શરીરે અને મનમાં ક્ષેમકુશળ—ભયથી મુક્ત-વસે છે, પણ તેઓ દોષથી મુક્ત નથી વસી શકતા, તેમનો જીવાત્મા ક્ષેમકુશળ નથી."

રોમના દેશકાળ, તેની આસુરી સંપત્તિવાળી અધોગતિ, તેમાં રહેલાં પૃથ્વીનાં કલ્યાણ-અકલ્યાણનાં બીજ, પોતાની સાંસારિક સામાન્ય સ્થિતિ અને માનસિક સૂક્ષ્મ સંપત્તિ, એ સ્થિતિની ભાગ્યવશ મર્યાદા, અને સંપત્તિના પુરુષકારની ભવ્ય શક્તિ: એટલા પદાર્થો ભરેલી અંતર્ભોગ સૃષ્ટિ સેનેકાની દૃષ્ટિની લક્ષ્યભૂત હતી. સ્ટોઈક દર્શનનાં વાક્યલોપનાં રહસ્યભૂત લક્ષણો આ દ્રષ્ટાને પ્રાપ્ત થતાં, માતાના શરીરમાં ગર્ભનું શરીર બંધાતાં તેમાં ચેતન પ્રસરે તેમ, એ લક્ષણો આ સૃષ્ટિને સંસ્કારવા લાગે તો તેમાં શી નવાઈ છે? સ્ટોઈક દર્શનના આશય પ્રમાણે અને સેનેકાના અભિપ્રાય પ્રમાણે તત્ત્વદૃષ્ટિ—ફિલોસોફી—અમસ્તી વાતો કરવાને માટે જન્મતી નથી પણ જેનામાં એ પ્રકટ થાય તેવાં જીવનની શક્તિ થાય છે! "તત્ત્વદૃષ્ટિ કાંઈ લોકને દેખાડવાની ચીજ નથી, અને એ બોલીને વિરામ પામતી નથી, પણ ભાસા વિના જંપતી જ નથી. એ કાંઈ વિનોદને માટે પ્રિય લાગનાર ઉત્સવસ્થાન નથી કે અવકાશના કાળમાં રસનેન્દ્રિયને સ્વાદ આપવાના અધિકારથી તૃપ્ત થાય એમ નથી. પણ એણે આપણાં મનને રૂપ રંગ આપવાં જોઈએ, આપણી પ્રવૃત્તિ ઉપર રાજ્ય કરવું જોઈએ, અને આપણે શું કરવું અને શું ન કરવું તે વિષે આજ્ઞાઓ આપવી જોઈએ." આ દેવીએ આપેલી દૃષ્ટિ તત્ત્વદ્રષ્ટાને "જે સ્થિતિ પ્રાપ્ત થાય તે સ્થિતિમાંનું ઉત્તમમાં ઉત્તમ માખણ દ્રષ્ટા પાસે કઢાવે છે, અને જે જે પ્રસંગો તેને પ્રાપ્ત થાય તેમની પાસે એના ભાગ્યની સેવા કરાવે છે." કેટલાક મનુષ્યોમાં એવી શક્તિ હોય છે કે ક્રૂરમાં ક્રૂર પ્રાણીઓને તે શક્તિથી વશ કરે છે; સિંહ પાસે તેના રક્ષક પણ બહુ મનુષ્યને તે આલિંગન દેવડાવે છે. અત્યંત સંકડામણની સ્થિતિ સૂજ્ઞ પુરુષ પાસે આવી જાય છે; તેઓ ગમે તેટલી ભયંકર હોય તોપણ એકવાર આ પુરુષની પાસે આવે ત્યાં ગરીબ ગાય જેવી થઈ જાય છે." સેનેકાની પાસેની લક્ષ્યસૃષ્ટિ સંસ્કારિત થતાં તેમાં કેવું



ચેતન જન્મ્યું તેના અનુભવનો એ વસ્તુતઃ આવા શબ્દોમાં ઉદ્ગાર કરે છે.

રોમના મહારાજ્યની સ્થિતિ ત્યાંના પ્રાકૃત જનોને ભવ્ય અને શ્રેષ્ઠ લાગી અને તેમના સ્થૂલ વૈભવ અને ક્રૂર વિનોદનું સાધન થઈ પડી. પણ તત્ત્વદ્રષ્ટાની દૃષ્ટિ તો "ભૂત વસ્તુઓને તેમ ભાવિ વસ્તુઓને લક્ષ્ય કરે છે અને સારા અથવા નરસા ભાગ્યથી તેમને અજેય કરે છે. રોમની ભૂતસૃષ્ટિમાં પૃથ્વીના સર્વ દેશોનું અને પ્રજાઓનું નિયામકપણું આપણા દ્રષ્ટાને જણાયું અને ભાવિમાં પણ તેજ જણાયું. પણ પ્રાકૃત દૃષ્ટિએ જ્યારે તે નિયામકપણું સ્થૂલ શસ્ત્રોની આસુરી સંપત્તિમાં દીઠું ત્યારે સેનેકાની દૃષ્ટિએ, રોમના પ્રાચીન સદ્ગુણોમાંથી જન્મ પામેલી, પણ સોક્રેટિસ જેવા મહાત્માઓની ભૂમિમાંથી આવેલી લક્ષણદૃષ્ટિના ચેતન સંસ્કારની અપેક્ષા-જીર્ણોદ્ધારને માટે-રાખનારી, તે સંસ્કારો વિના જડ થઈ જતી, અને પોતાના જેવા દ્રષ્ટાઓના દૃષ્ટિમાંનાં પ્રતિફલનથી દીર્ઘાયુષી થાય એવી, દૈવી સંપત્તિનું ચિત્ર દીઠું.

સેનેકાની દૃષ્ટિ, કેવળ વિચારમયી રહી, વિચારરૂપ નિરાકારરૂપ રહી, તેટલાથી સમાપ્ત થાય એવી ન હતી, પણ આચારમયી હતી. એની દૃષ્ટિમાં પડેલું લક્ષણપ્રતિબિંબ એના હૃદયમાં નીતરી જઈ એની આખી પ્રવૃત્તિને પોતાના તત્ત્વમયી કરતું. દેવોની અને અસુરની વચ્ચે ભમી રહેતાં યુદ્ધોને આપણા ધર્મો તો માને છે, પણ આર્યોના સર્વ અને અનાર્યોના ઘણાક ધર્મ પણ એ જ માને છે. ગ્રીક અને રોમન આર્યોના દેવો આપણા દેવો પેઠે પૃથ્વીમાં અવતરતા અથવા ચર્મચક્ષુથી તિરોહિત રહી દૈવી સંપત્તિવાળાં મનુષ્યોને અસુરો સામે સહાયભૂત થતા. એ દેવોના જેવા થવું અને એમની સાથે સામ્ય પામવું એ સ્ટોઈક દર્શનનો ઉચ્ચગ્રાહ હતો. જ્યાં રોમમાં આસુરી સંપત્તિની ચડાઈ સેનેકાએ દીઠી ત્યાં રોમમાંથી એ સંપત્તિનો હ્રાસ કરવો, દૈવી સંપત્તિનો ઉદય કરવો, અને દેવોની સાથે સામ્ય પામવું એ આપણા સાક્ષર લક્ષણદ્રષ્ટાના આચારમય જીવનનું પ્રથમ પ્રસ્થાન થયું. રોમની નાટકશાળાઓમાં પ્રાતઃકાળે અને મધ્યાન્હકાળે તેણે મનુષ્યરૂપે અસુરોને દીઠા. એ અસુરોનો ક્ષય કરવો એ સત્કાર્ય કરવામાં પોતાની કાંઈ પણ શક્તિ હોય નહીં એટલી 'સંકડામણનો પ્રસંગ' પોતાને જણાયો નહીં, અને તે જણાયો નહીં ત્યાં સુધી

-હાથ જોડીને ન બેસવાનો ધર્મ તેને સ્પષ્ટ દેખાયો હોવો જોઈએ એમ કહીએ તો તેમાં શું ખોટું છે! સોક્રેટિસનું દૃષ્ટાંત તેની દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ હતું અને તેના જેવું જે મરણ પોતે અંતે પામ્યો તે પામવા તેની પ્રથમથી તત્પરતા હતી અને તેવા સ્થૂલ મરણના તિરસ્કારથી દેવો સાથેનું તેનું સામ્ય ષોડશકળાથી થશે એવી દૃષ્ટિથી તેણે પોતાના અંતરાત્માને સિદ્ધ કરી સંસ્કારી લીધો હતો. આમ અસુરોનો હ્રાસ કરવાને માટે અને સર્વ મનુષ્યોમાં દેવોના અંશ આણવાને માટે બે સાધન હતાં, એક પોતાની દૃષ્ટિનું પ્રતિફલન અને બીજું સાધન રાજ્યાધિકાર.

તેને પોતાના દેહને માટે રાજ્યાધિકારનો ખપ ન હતો, પણ રાજ્યાધિકાર વિના આસુરી સંપત્તિનો ક્ષય થાય એમ ન હતું. મોટા મોટા અધિકારીઓ તો શું પણ તેમના ઉપરના મહારાજાઓ જાતે કેવી આસુરી બુદ્ધિવાળા હતા તે આપણે જોયું છે. તેમની દૃષ્ટિઓમાં દૈવીસંપત્તિનું પ્રતિફલન કરવાનું દુસ્તર કાર્ય સાધવું એ એકલા સેનેકા જેવા બ્રાહ્મણ સધર્મ જનથી બને એમ ન હતું. એને માટે તો સર્વ અધિકારીઓનો મર્મભાગ-હસ્તીના કુંભસ્થળ પેઠે-હાથમાં આવે તો જ પછી તેને અંકુશમાં આણાય એમ હતું અને તે અંકુશમાં આવે તે તો રાજકીય પ્રવૃત્તિ સ્વીકાર્યા વિના થાય એમ ન હતું. સંકટામણને પ્રસંગે શ્રીકૃષ્ણે યુદ્ધમાં ચક્રનું ધારણ કર્યું, ક્ષાત્ર ઉદ્રેકને નિવારવાને પરશુરામે ક્ષાત્ર પરશુ સ્વીકારી, ઇત્યાદિ આપણા દેશનાં દૃષ્ટાંતોથી રાજ્યાધિકાર સ્વીકારવા કે શોધવામાં સ્ટોઇકદ્રષ્ટા સેનેકાનો જે આશય હતો તે સમજાશે. 'ભાગ્યના પ્રમાણમાં' પોતાની 'શક્તિને નાની મોટી' કરવાની શક્તિનું સ્વરૂપ સમજનાર અને કાન બહેરા કરી મૂકનાર તરવારો અને બેડીઓ વચ્ચે ઊભાં રહી દૈન્ય અને પલાયનને વર્જ્ય ગણનાર લક્ષ્યદ્રષ્ટાએ રાજ્યાધિકારની પ્રવૃત્તિ પોતાને માટે સ્વપ્રવાહપતિત ગણી અને શોધી સ્વીકારી. પૃથ્વીમાત્રને દૈવીસંપત્તિ આપવાની શક્તિ ધરનાર રોમનગરની દૈવી સંપત્તિના પ્રવાહના મૂળસ્થાન આગળ બેસી એ પ્રવાહને રોકનાર સર્વ જડ પથરાઓને અને કચરાને દૂર કરવાનો માર્ગ જો પોતાના હાથમાં દેખાય તો વિચાર અને આચારની એકરૂપતાનો દ્રષ્ટા તે માર્ગને વશ કરે એ અનિવાર્ય વિધાન હતું તે સેનેકાને પ્રાપ્ત થયું.



તેને આવશ્યક મહાધર્મરૂપ સત્કાર્ય લાગનાર આ લોકસંગ્રહનાં આશયરૂપ સાધ્યને સિદ્ધ કરવા તેણે વાપરવા માંડેલાં સાધનોને વિષે સ્તુતિ-નિન્દા અનેકધા થઈ છે. તેના ગુણદોષમાં ઊતરવાને અત્રે પ્રસંગ નથી. આ લેખના વાંચનારને આ ચર્ચાનું દિગ્દર્શન સમજાવવા એટલું કહેવું બસ છે કે પાંડવોને શ્રીકૃષ્ણે અમુક પ્રસંગે બતાવેલા અમુક ધર્મ ધર્મ્ય હતા કે નહીં, તેમણે દુર્યોધનની જંઘા ભીમ પાસે તોડાવી તે ધર્મ્ય હતું કે નહીં, ઇત્યાદિ પ્રશ્નોનું સમાધાન અને સેનેકાની વર્તણૂકના પ્રશ્નોનું સમાધાન લગભગ એક રીતે સરખું છે. એક વિષયમાં સેનેકાએ લીધેલા પક્ષની ધર્મ્યતા એક ગ્રંથકાર બતાવે છે તે ભીષ્મપિતામહે પોતાના પક્ષની ધર્મ્યતા બતાવી હતી તેવી જ છે. અંગ્રેજ ગ્રંથકાર કહે છે કે

"Even if Britannicus was murdered by Nero, which is doubtful, it cannot be shown that Seneca was an accomplice. Perhaps *Seneca's greatest misfortune was to have known Nero.* Probably no firmness on his part even had his ambiguous position allowed him to exercise it, would have made Nero other than he was. * * The murder of Agrippina was, no doubt, a questionable act; but considering her political influence, it may be regarded more as a *coup d'etat* than as the capricious and heartless act of a tyrant. Disappointed in the hope that her son would be a tool in the hands of herself and her advisers, she was prepared to try conclusions with him; *civil war and a divided rule were probably the alternatives to her death. It is easier to condemn his action than to suggest what he ought to have done under the circumstances.*"

દુર્યોધનને અને તેના મિત્રોને વશ રાખવામાં ભીષ્મપિતામહને મહાપ્રયાસ કરવો પડ્યો હતો, તે પ્રયાસને સાધ્ય ગણી, સત્કાર્ય ગણી,

મોટા વિષયમાં પોતે ફાવે માટે નાના વિષયોમાં દુર્યોધનની ઇચ્છાનો પ્રતિરોધ કરવો અનુચિત લાગ્યો હતો, અને પોતે જાતે નિઃસ્પૃહી બ્રહ્મચારી નિયત અને દાંત હતા તે છતાં રાજ્યનું અને પ્રજાનું અકલ્યાણ આ માર્ગે કે તે માર્ગે તો અનિવાર્ય છે તો ઓછું અકલ્યાણ કયે માર્ગે છે એટલું જોઈ તે માર્ગ સાચવી રાખવો અને બાકીના માર્ગ પ્રભુની ઇચ્છાને વશ રહેવા દેવા અને તેમાં વચ્ચે પડી પોતાના પકડેલા માર્ગની ક્ષતિ થવામાં સાધનભૂત થવું નહીં એટલી વાત દેશકાળને અનુસરી ભીષ્મપિતામહે શિષ્ટ ગણી હતી અને જેવી ધર્મ્ય હતી તેવી જ શિષ્ટતા ને ધર્મ્યતા સેનેકામાં ઉપરના અંગ્રેજ લેખકે ગણેલી છે.

આવા જીવનમાં આમ કંઈક અંશે પોતાના ઉચ્ચગ્રાહનો ભોગ કંઈક મહાત્માઓએ આપેલો ઇતિહાસ-પુરાણોમાં જોયો વિદિત છે ત્યારે એવા પણ મહાત્માઓનાં દૃષ્ટાંત છે કે જે પોતાનો ઉચ્ચગ્રાહ એટલે અંશે જાળવી રાખે છે કે તેમના ઉચ્ચગ્રાહનો ભોગ આપવા તેઓ સ્પષ્ટ ના પાડે છે. મહાભારતમાં ભીષ્મ જો આવો ભોગ આપનારનું દૃષ્ટાંત છે તો રામાયણમાં વિભીષણ પોતાના ઉચ્ચગ્રાહને વળગી રહેનારનું દૃષ્ટાંત છે. આપણા આધુનિક અંગ્રેજી રાજ્યતંત્રમાં પ્રધાનોની અને ગવર્નરોની રાજ્યનીતિની આજ્ઞા ગમે તેવી હોય તોપણ પાળવી એમ માનનાર અધિકારીઓ ઝાઝા છે તો બીજી પાસથી ઉપરીઓની આજ્ઞાનું પાલન કરવું અધર્મ્ય લાગતાં એ આજ્ઞાનું પાલન કરવાનું નિમિત્ત થઈ પડનારા રાજસેવાનો ત્યાગ કરનાર અંગ્રેજ અધિકારીઓ પણ ક્વચિત્ નીવડી આવ્યા છે. આપણી પેશવાઈના કાળમાં પણ એવી જ રીતે એક પ્રસંગે થયું હતું. નારાયણરાવ પેશવાની હત્યા પછી રઘુનાથરાવ સિંહાસને બેઠો ને એ હત્યાનો દોષ એને માથે સિદ્ધ થયો, ત્યારે રાજ્યના અમાત્યોમાંથી રામશાસ્ત્રીએ આ રાજાની સેવા અને સંસર્ગ છોડ્યાં પણ નાના ફડનવીસ વગેરે અમાત્યોએ રાજસેવાનો ત્યાગ ન કર્યો અને તેનું ફળ એ આવ્યું કે નારાયણરાવની વિધવા રાણીને પુત્રપ્રસવ થતાં તેઓ રઘુનાથરાવની સત્તાને અસ્ત કરી શક્યા અને ત્યાંસુધી રાજ્યતંત્ર શિથિલ થઈ જતું અટક્યું. રાજ્યતંત્રમાં અપ્રતીકાર્ય ભેદ અને વ્યગ્રતા પ્રવેશ કરવા પામે નહીં માટે પોતાના સત્કાર્ય-પ્રસંગની વાટ જોઈ રાજા અથવા રાજ્યાધિકારીઓનાં દોષ-અંશ ઢાંકી રાખવાં અથવા અંકુશમાં રાખવાં પણ તેનો કેવળ ત્યાગ જ કરવો નહીં



એવો રાજ્યનીતિનો આમ એક પક્ષ છે અને તેવા દુષ્ટ લોકના સંસર્ગથી મુક્ત રહેવું એ બીજો પક્ષ છે. તેમાં પ્રથમ પક્ષ વ્યવહારમાં ફળદાયી છે ત્યારે બીજો બ્રાહ્મણબુદ્ધિના ઉચ્ચગ્રાહનો સંગી છે. આ બે પક્ષમાંથી એકને ધર્મ્ય અથવા સત્યદર્શી અને બીજાને અધર્મ્ય અથવા અસત્યદર્શી કહીને ચર્ચા કરવી યોગ્ય નથી, કારણ ધર્મમાત્ર પ્રવાહપતિત સ્થિતિ પ્રમાણે પ્રાપ્ત થાય છે અને એક પ્રવાહમાં ઊભેલા મનુષ્યનો જે ધર્મ હોય છે તે બીજા પ્રવાહમાં ઊભેલાને માટે અધર્મ થાય છે. જેમ કે મનુષ્યહત્યા કરવાની આજ્ઞા આપવી તે સામાન્ય વ્યવહાર-પ્રવાહમાં ઊભેલા મનુષ્યમાટે અધર્મ છે પણ ન્યાયાધીશને માટે તે જ ધર્મ છે. પોતાનો માર્ગ મૂકી વિમાર્ગગામી થનાર મનુષ્યને જ અધર્મનો ભય છે, અને તેટલા માટે મનુસ્મૃતિ એવો માર્ગ દર્શાવે છે કે જેણે બ્રાહ્મણવૃત્તિ પાળવી હોય તેણે પ્રથમથી જ બુદ્ધિ વાપરવી અને અધર્મના અંશમાત્રના સંગી રાજાની પાસેથી પ્રતિગ્રહ કરવો નહીં. પણ દૈવવશાત્ જે આવો પ્રતિગ્રહ કરી બેસે છે તેને માટે તો **आरब्धस्यान्तगमनम्** એ ધર્મ પ્રસંગવશાત્ પ્રાપ્ત થાય છે ને તે પ્રાપ્ત થતાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને દીનમુખે એકવાર એમ કહેવું પડ્યું કે "શું કરીએ ? દુર્યોધનનું આજ સુધી અન્ન ખાધું છે તે આ પ્રસંગે ઋણમુક્ત થવાનો અમારો ધર્મ છે; બાકી ધર્મ તમારા પક્ષમાં છે ને અમારો આશીર્વાદ પણ તેને જ છે," તેમ બીજે પ્રસંગે શરશય્યા ઉપરથી તેમણે યુધિષ્ઠિરને શાન્તિપર્વનો બોધ દેવા આમંત્રણ કરતાં કહાવ્યું કે "શા માટે મારું કંઈ અહિત તમે કર્યું હોય એમ સમજો છો ! અધર્મપક્ષની સેવા કરવાનો ધર્મ પ્રાપ્ત થયો માટે અમે લડ્યા ખરા, પણ એ અધર્મપક્ષની સેવા હતી માટે અમારા સર્વ પક્ષને અધર્મનું જે ફળ મળ્યું તે અમારે ભોગવવું પડે છે તે કેવળ ધર્મ્ય છે ને તે ફળ તમે અમને આપ્યું તે પણ ધર્મ્ય જ છે." રાજ્યયંત્રમાં અવયવીભૂત થનારાઓને આવાં ધર્મવૈચિત્ર્ય પ્રાપ્ત થાય છે. મનુષ્યમાત્ર જે પ્રવાહને પામે છે તે પ્રમાણે તેનો દ્રષ્ટા થાય છે, અને જે સત્કાર્યની શક્તિ એની દૃષ્ટિમાં આવી રીતે પ્રવાહપતિત થાય તે તેને ધર્મ થાય છે. સેનેકાની લક્ષણદૃષ્ટિ જે લક્ષ્યને સંસ્કારતી હતી તેમાં તેણે પોતે આરંભવા યોગ્ય સત્કાર્ય દીઠું અને તેથી તે કાર્ય કરવાં એ એનો ધર્મ થયો. તે ધર્મને અંગે પોતાના ઉચ્ચગ્રાહનો ભોગ તેણે આવશ્યક જાણ્યો હોય અને તે છતાં તે ભોગ આપવાથી તેને કંપારી વછૂટે

અને તેથી તે પુરુષ તે ભોગ આપે નહીં તો પોતાના સ્વચ્છ હાથ ન ખરડાવવાના અભિલાષથી જે માતા પોતાનાં બાળકનાં મળમૂત્ર દૂર ન કરે તેના જેવો અધર્મી આ પુરુષ થાય.

એમ કરતાં ધર્મતુલા હાથમાં રાખી કર્મમાત્રને તેમાં તોળી તોળી વ્યવહાર પાળનાર મહાત્મા, દૃષ્ટિદોષથી અથવા એવા કોઈ કારણથી અથવા તજ્જન્ય લાલસાના આવેશથી, એ તુલનામાં ભૂલ કરે ત્યારે તેનો દોષ, યુદ્ધમાં જનાર ઘવાય અને ચડે તે પડે ઇત્યાદિ ન્યાયથી, ક્ષમાયોગ્ય છે. બેકન જેવો મહાત્મા આવી જાતનો દોષ કરી બેઠો તે પાશ્ચાત્ય દેશનું દૃષ્ટાંત છે અને **नरो वा कुञ्जरो वा** કરનાર યુધિષ્ઠિર પણ આપણા દેશનું દૃષ્ટાંત છે. એવા પુરુષોના આટલા દોષ દુઃસહ લાગવાનું કારણ તે દોષનું ગૌરવ નથી પણ તે મહાત્માઓનું માહાત્મ્ય જ છે. તેમનાં જાજ્વલ્યમાન અંતશ્ચરિતની પ્રભા એટલી બધી હોય છે કે તેમાં આટલો નાનો દોષ જોતાં તે બહુ મોટો હોય એવો ભાસ આપણા હૃદયમાં પડે છે અને આપણે ચમકીએ છીએ. લૌકિક કહેવત પ્રમાણે આ સોનાની થાળીમાં આટલી લોઢાની મેખ આપણને ત્રાસ આપે છે; બાકી અન્યત્ર જ્યાં જોઈએ ત્યાં લોઢાના ઢગલા જ દૃષ્ટિએ પડે છે તેથી આ મેખથી થતા ત્રાસનો અંશ પણ થતો નથી. એ મેખને જોઈ આખી સોનાની થાળી પડતી મૂકવાની મૂર્ખતા કરનારને કેવળ મૂર્ખ ન ગણવો, પણ પોતાનામાં લોઢાના ઢગ વ્યાપ્ય ગણે છે ને આ મહાત્માની આટલી ભૂલને માટે તેનો આખો ત્યાગ કે તિરસ્કાર કરે છે માટે તેને અધર્મી ગણવો. બ્રાહ્મણોને અપૂર્વ દ્રષ્ટાઓ ગણી તેઓ હત્યા કરે તોપણ તેમને જીવતા રાખવાની આજ્ઞા કરનાર ધર્મશાસ્ત્રો આવા દ્રષ્ટાઓને દેહાંતદંડની શિક્ષા કરવામાં લોકને પૂર્વોક્ત પ્રકારની હાનિ જોતાં, એટલું જ નહીં પણ આખો અધર્મ પણ જોતાં. આપણું પાશ્ચાત્ય ધારાશાસ્ત્ર ક્રોધાવિષ્ટ મનુષ્યે કરેલા અપરાધોને ઓછાવત્તા ક્ષંતવ્ય ગણે છે, જે મનુષ્યને શરણ ન આપવું એવી રાજાજ્ઞાનો તિરસ્કાર કરી દંપતી એક બીજાને શરણ આપે તે અપરાધ થતો નથી, ઇત્યાદિ અપરાધોમાં જે કારણથી હાલ અપવાદ ગણેલા છે તે જ ન્યાયે સાક્ષરજીવનમય દ્રષ્ટાઓનાં સોનાની થાળી જેવાં જીવન જ તેમાંની લોઢાની મેખને માટે ભૂંસી નાંખવામાં એ આ દેશના આર્યો સંમતિ આપતા ન હતા. સેનેકાને માથે આવેલા આરોપ સત્ય હોય



અને તેથી અથવા અન્ય કારણથી નીરોના પહેલાંના કોઈ મહારાજાએ તેના જીવનનો અંત આણ્યો હોત તો નીરોને અંકુશમાં રાખી એ મહાત્મા રોમના સર્વ લોકનાં જે કલ્યાણ કરી શક્યો તે કરવા બીજા કોઈની શક્તિ ન હતી અને તેની દૃષ્ટિનું તેના લેખદ્વારા જે પ્રતિફલન થયું છે તે યુરોપમાં થાત નહીં તો યુરોપને કલ્યાણકર નીવડેલા કયા કયા હીરાઓ પ્રકટ્યા ન હોત! આવા દ્રષ્ટાઓનું આયુષ્ય ક્ષીણ કરનારની કથા પડતી મૂકી આવે પ્રસંગે દ્રષ્ટાઓ કેવી દૃષ્ટિ રાખે છે તે જોઈ લઈએ. ઉપર દર્શાવ્યું છે તે પ્રમાણે ભીષ્મપિતામહે પોતે અધર્મપક્ષની સેવા કરી તેથી પોતાના શરીરની હત્યાને, સર્વ કૌરવોની હત્યાની પેઠે, કેવળ ક્રમપ્રાપ્ત દીઠી. **यतो धर्मस्ततो जयः** એ ક્રમ આપણા પૂર્વજોએ માનેલો હતો તે ક્રમ પોતાને પ્રાપ્ત થયો અને છતાં પોતે સ્વધર્મસ્થ રહી શક્યા માની પિતામહ શરશય્યા ઉપર સ્વસ્થ રહ્યા. નીરોની અવકૃપા થઈ, તેણે નસ ચીરવા આજ્ઞા કરી તે પ્રમાણે વર્તવું પડ્યું, અને તે સર્વ ભયંકર પ્રસંગે પણ સેનેકાએ સ્વસ્થતાથી જ્ઞાનવાર્તા જ કર્યાં કરી, અને સોક્રેટિસ પણ એવું જ માહાત્મ્ય જાળવી શક્યો—તે સ્વસ્થતાનું કારણ શું? દુષ્ટ સંસાર, સંસારના ક્રમ પ્રમાણે વર્તી જાય અને દૈવી સંપત્તિના દ્રષ્ટાઓ પોતાની સંપત્તિના ક્રમ પ્રમાણે વર્તી જાય એ ઉભય અવસ્થા સોક્રેટિસે તેમ સેનેકાએ ક્રમપ્રાપ્ત દીઠી, અને એ દૃષ્ટિવડે તેમણે પોતાના અવસાનકાળને ઉક્ત પ્રકારે પણ સત્કારી લીધા.

આવી જાતની તપશ્ચર્યા કે જીવનચર્યા કહો, તેનાથી સેનેકા પોતાના લોકનું કે રાજપ્રજાનું કે રાજાનું શું કલ્યાણ કરી શક્યો તે વર્ણવતાં ઇતિહાસવેત્તાઓ લખે છે કે

" The best years of Nero's reign undoubtedly coincide with the period of Seneca's ascendancy."

—*W. Clode.*

" The first five years of Nero's principate, the famous "*Quinquennium Neronis*" *were long celebrated as an era of virtuous and able government.* Under Seneca's guidance (for Seneca,

assisted by the manly sense of Burrhus, was the ruling spirit of the time,) Nero held the balance between the Senate and the people and succeeded in gratifying both. His teachers did perhaps the best they could, both for him and his subjects, in the general counsels of moderation and clemency which, they showered upon him. 'Be courteous,' they said, 'and moderate; shun cruelty and rapine; abstain from blood; let youth indeed enjoy its pleasures; amuse yourself, but hurt no man.' And to these counsels the favourite of fortune, flattered on all sides, with every wish gratified, had for a time no difficulty in conforming himself."

—*Merivale.*

આ લક્ષ્યદ્રષ્ટા મહાત્માએ કેવો વાક્યબોધ સુદૃઢ કર્યો, અને તે વાક્યોમાંનાં લક્ષણો વડે પોતાના આમરણાન્ત આયુષ્યને અને પોતાને પ્રવાહપતિત થયેલા રાજ્યસંસારને કેવી રીતે સંસ્કારી લીધાં તે આપણે જોઈ લીધું. એ સંસ્કારનાં વિધાન અને ફળ પણ જોયાં. એની લક્ષ્યદૃષ્ટિએ વિધિથી નદીતટની પેઠે કેવી નવી સૃષ્ટિ પોતાના સાંનિધ્યમાં ઊભી કરી તેનું કંઈક સવિસ્તર દર્શન આપણે કર્યું. જ્યારે રોમના પ્રાકૃત વર્ગમાં ગ્રીક વિદ્યાની અધોગતિ પામેલી ભાવનાઓ પોતાનું નીચ કામ કરતી હતી ત્યારે એ વિદ્યાની ઉચ્ચ ભાવનાઓ ઉપર પડેલી દૃષ્ટિએ સેનેકાના જીવનમાત્રમાં કાંઈક ઓર સૃષ્ટિ જ ઊભી કરી. દેશપ્રદેશથી કચરા જેવા પદાર્થોને ખેંચી આણી પોતાની તટભૂમિમાં જેમ નદી ભરી રાખે છે ને તેમાં ઊંચા ખાતરમાંનાં વનસ્પતિપોષક અન્ન ભરે છે તેમ સેનેકાની બુદ્ધિમાં એના લક્ષ્યસંસ્કારે કચરા જેવા પદાર્થોને આણી તેની ભાવનાઓના પોષક કર્યા અને એ ભાવનાનાં પોષણ એના જીવનને નવી શક્તિઓથી ભરવા લાગ્યાં. એ જ સંસ્કારોએ સ્ટોઈકદર્શનની તલભૂમિ સાથે એનું સાંનિધ્ય રચી તેમાંના શાશ્વત ઝરાઓના રસને એના જીવનની સર્વાવસ્થાઓમાં



દૈવી સંપત્તિના દાતાર કર્યો. એ શક્તિઓથી ને એ સંપત્તિઓથી એના લોકસામાન્ય જીવનમાં, એની સવિશેષ પ્રવૃત્તિઓમાં, એના ધર્મવિચારમાં, એના તદનુસાર આચારમાં, અને એની જીવનભૂમિ ઉપર ઊગેલી સર્વ વનસ્પતિમાત્રમાં, એવી તો સંસ્કારિત સૃષ્ટિ અને સમૃદ્ધિ ઊભી થયેલી આપણે જોઈ લીધી છે કે તેનાથી, એ યુધિષ્ઠિરની પેઠે અને એની પોતાની ભાષામાં, સ્વદેહે જીવતાં દેવરૂપ અથવા દેવલોક પામ્યો છે એવું કહીએ તો તેને વિષયે કરેલું વર્ણન વિચારતાં, અતિશયોક્તિ નથી થતી. એક સામાન્ય સ્થિતિમાં જન્મેલો મનુષ્ય માત્ર લક્ષ્યદૃષ્ટિની સહાયતાથી કેટલું લોકકલ્યાણ કરવા સમર્થ થયો તેનું પણ આ બોધકારક દૃષ્ટાંત છે.

રોમના મહારાજ્યમાં લક્ષ્યદૃષ્ટિના આવિર્ભાવકાળે પ્રકટ થયેલા લક્ષ્યદ્રષ્ટાઓમાંથી ત્રીજું અને છેલ્લું દૃષ્ટાંત ત્યાંના મહારાજ ઓરેલ્યસનું લેવા આપણો સંકલ્પ હતો.

સેનેકા પછી લગભગ એક શતક સંવત્સર વીતી જવા આવ્યા અને રોમનાં અસ્તકાળનાં પ્રકટ પગલાં વાગવા માંડ્યાં. તેવામાં રોમના રાજ્યમાં ઓરેલસ સિંહાસન ઉપર હતો. તેના રાજ્યકાળનો મોટો ભાગ આપણા લોકના ગણિત પ્રમાણે રુદ્રની વીશીમાં હતો* અને જે લોકવિપત્તિઓ રુદ્રની આખી વીશીમાં આપણે પ્રત્યક્ષ કરીએ છીએ તેવી જ વિપત્તિઓ અને તેનાથી પણ અધિક વિપત્તિઓ શિર ભમતી અને પ્રત્યક્ષ થતી જોવાનું આ મહારાજના ભાગ્યમાં લખ્યું હતું. સ્ટોઈકદર્શનના રહસ્યના આ લક્ષ્યદ્રષ્ટાએ પોતાના આવા યુગને

* વીસ વર્ષ બ્રહ્માનાં એટલે ઉત્પત્તિયુગનાં, વીસ વિષ્ણુનાં એટલે સ્થિતિપોષણનાં, અને વીસ રુદ્રનાં એટલે સંહારનાં. મળી કુલ સાઠ વર્ષનો યુગ આપણા દેશમાં મનાય છે. સન ૧૮૯૪–૯૫ માં પ્રભાસપાટણમાં હિન્દુ-મુસલમાનોનો વિગ્રહ થયો તેવામાં રુદ્રની વીશી આરમ્ભાઈ તે પહેલાં સન ૧૮૩૫ થી ૧૮૫૫ સુધી રુદ્રની વીશી હતી તેવામાં પણ આ દેશમાં આગો, ધરતીકંપ, યુદ્ધો, રાજદ્રોહ વગેરેનો પ્રસંગ હતો. ૧૮૯૫ થી ૧૯૧૫ વર્ષ પહેલાં એટલે ૨૯ વાર વીસ વર્ષ પહેલાંની વીશી સન ૧૫૫ થી ૧૭૫ સુધી પહોંચતી હતી અને ઓરેલ્યસનું રાજ્ય સન ૧૬૧ થી ૧૮૦ સુધીના કાળમાં હતું.

જેવી દૃષ્ટિથી સંસ્કારી લીધો હતો એટલી વાત જાણી આ દૃષ્ટાંત સમાપ્ત કરીશું. કારણ એ દર્શનનું રહસ્યબીજ સેનેકાનો પ્રસંગ જોઈ લેતાં આપણે જોઈ લીધું છે એટલે તે વિશે પુનરુક્તિ કરવાનું કારણ નથી.

જ્યારે આ મહારાજને રાજ્યાભિષેક થયો ત્યારે એ રાજ્યાધિકારનો અનુભવી ન હતો પણ કેવળ વિદ્વાન હતો અને સ્ટોઈકદર્શનનાં શાસ્ત્રો વિના અન્ય વિષયોમાં કે વ્યવહારમાં પરિચિત ન હતો. આથી તે કેવું રાજ્ય કરશે તે વિશે સર્વને શંકા રહેતી અને આ મહારાજાને માથે ભયંકર વિપત્તિઓ ભમતી હતી તેનો પ્રતીકાર કરવા તે સમર્થ થશે કે નહીં તે તો અત્યંત સંદિગ્ધ હતું. તેને નહોતો યુદ્ધનો અનુભવ કે નહોતો રાજ્યચક્રનો અનુભવ. પણ ગ્રીક વિદ્વાન પ્લેટો લખી ગયો છે કે "જો રાજામાત્ર તત્ત્વજ્ઞાનીઓ જ હોય અથવા તત્ત્વજ્ઞાનીઓ જ રાજાઓ થતા હોય તો સંસારની વ્યવસ્થા અતિકલ્યાણી થાય." એ વાક્યમાં ઓરેલ્યસને પૂર્ણ શ્રદ્ધા હતી અને એ શ્રદ્ધાને સત્ય પાડવાનો તેનો નિશ્ચય અથવા અભિલાષ હતો. હાલના પાશ્ચાત્ય ઇતિહાસપર્યેષકો પ્લેટોના આ વાક્યમાં હેત્વાભાસ દેખે છે ને ઓરેલ્યસની આ શ્રદ્ધાને બાલિશ અને હસનીય ગણે છે. આ દેશના આર્યોના કેટલાક અંશને આ પર્યેષકોની દૃષ્ટિ આસુરી ભાસશે અને કેટલાકને અર્વાચીન લાગશે. પણ એટલું તો એ પર્યેષકોને પણ સ્વીકારવું પડ્યું છે કે આ મહારાજ જેવા સર્વ મહારાજાઓ પ્રકટ થતા હોય તો સંસારમાં સ્વર્ગ જેવું થાય.

આ મહારાજે પોતાના ગૃહસંસારને કેવી રીતે સંસ્કાર્યો, રાજ્ય-સત્તાને કેવી રીતે સંસ્કારી, અને પોતાના રાજ્યચક્રમાં ભમતા અતિભયના અને વિપત્તિઓના પ્રસંગોને કેવી રીતે સંસ્કારી લીધા તે ત્રણ વાનાં આપણે જોઈ લઈશું. યુરોપના સાંપ્રત ગ્રંથકારોને આ મહારાજની લક્ષ્યદૃષ્ટિનું તારતમ્ય જોઈએ તેવું સ્પષ્ટ ગોચર થતું નથી અને તેમને ગૂંચવાડા પડે છે. પણ પૂર્વોક્ત પ્રકારે સ્ટોઈકદર્શનમાં અને આ દેશના વેદાન્તદર્શનમાં કેટલીક સમાનતા દર્શાવી છે તે ધ્યાનમાં રાખી જેવી રીતે મહારાજ જનક વિદેહીના ચરિત ઉપર આપણે દૃષ્ટિ કરીએ છીએ તેવી રીતે આ પાશ્ચાત્ય મહારાજના ચરિત



ઉપર દૃષ્ટિ કરીશું તો આપણને કંઈ ગૂંચવાડો પડવાનું પ્રયોજન નહીં રહે.

ઓરેલ્યસના પહેલાં રોમનો મહારાજ એન્ટોનીનસ 'ધર્મિષ્ઠ' હતો. ઓરેલ્યસ અને બીજો એક વ્હીરસ એમ બે જણ એન્ટોનીનસના દત્તક પુત્ર હતા, પણ ઓરેલ્યસની સદ્વૃત્તિ જોઈને અને વ્હીરસની દુર્વૃત્તિ જોઈને એ ધર્મિષ્ઠ પિતાએ પ્રથમથી જ નિશ્ચય કર્યો હતો કે પોતાની પાછળ ઓરેલ્યસને રાજ્ય મળે અને પોતાની પુત્રી ફૉસ્ટીના રાજકુમારીનો વિવાહ રોમની પદ્ધતિ પ્રમાણે ઓરેલ્યસ સાથે કર્યો હતો.

ધર્મિષ્ઠ અને નીતિજ્ઞ પિતાએ બે પુત્રોમાંથી એકને આમ વધારે ગણ્યો તે તેના ગુણની પરીક્ષાનું ફળ હતું. ઓરેલ્યસ શારીરિક વ્યાયામનો અને યુદ્ધકળાને યોગ્ય અભ્યાસનો સર્વ રીતે વ્યાસંગ રાખવામાં ન્યૂનતા રાખતો ન હતો, પણ એની મનોવૃત્તિ એને પોતાની પુસ્તકશાળામાં જ કેદી પેઠે રાખતી. રાજ્યનીતિની અને રાજ્યવ્યવહારની ચિંતામાં તે બહુ સ્થિરતાથી અને ધૈર્યથી પોતાનું મન પરોવતો, પણ પ્રાચીન કાળના પંડિતોનાં પુસ્તકોના અને તેમના સ્વરૂપના વર્તમાન ઉપદેશકોના સહવાસમાં જ એનું હૃદય ઠરતું અને પોતાના પિતાનું શરીર હતું ત્યાં સુધીના કાળમાં માત્ર બે જ રાત્રિઓ પોતાના વિદ્યાશ્રમથી બહાર નીકળ્યો હતો અને તે વિના કોઈ દિવસ રાત્રિને સમયે એ આશ્રમમાં તે ન હોય એવું થયું ન હતું. આનું શરીર યુદ્ધમાં, તંબુઓમાં, અને ઘોડા ઉપર, શી રીતે શ્રમ સહન કરશે તે એની આ વિદ્યાર્થી અવસ્થામાં સમજાય એવું ન હતું. પણ એના એ સર્વ ગુણોને લીધે ધર્મિષ્ઠ પિતાએ એને જ પોતાના અનુયાયી થવા યોગ્ય ગણ્યો, પોતાના અવસાન સમયે વ્હીરસને પડતો મૂકી પોતાની પુત્રીની તેમ પોતાની પ્રજાની સુપ્રત એને જ કરી, અને ભાગ્યદેવીની પ્રતિમાને (જે રોમના મહારાજાઓના મંદિરના શયનાગારમાં રાખવાની પદ્ધતિ હતી તેને) પોતાના મંદિરમાંથી ઉપાડી ઓરેલ્યસના મંદિરમાં મોકલાવી દીધી.

ધર્મિષ્ઠ પિતા પોતાનું કર્તવ્ય પાળી યોગ્ય પુત્રને પોતાના અનુયાયી-પદ ઉપર સ્થાપી મરણ પામ્યા, પણ ધર્મિષ્ઠ પિતાના સાધુ પુત્રે પોતાના દત્તક ભ્રાતા વ્હીરસને પોતાની જોડે સંયુક્ત મહારાજનું

પદ અપાવવા રોમની રાજ્યસભા પાસે પ્રયત્ન કર્યો અને તે સફળ થયો. એટલું જ નહીં પણ વ્હીરસ સર્વ પ્રકારે અયોગ્ય હોવા છતાં રાજ્યમાં તેની યોગ્યતા અને પ્રતિષ્ઠા વધારવાનો પ્રયત્ન કરવામાં તેણે બાકી રાખી નહીં અને તેને પોતાનો જમાતા કર્યો. પણ એની આટલી પ્રીતિના અને ઉદારતાના કુપાત્ર વ્હીરસની વર્તણૂક દિવસે દિવસે રાજ્યને માટે વધારે અનુચિત અને હાનિકારક થતી ગઈ, અને તેનો પ્રતીકાર અત્યંત સહનશીલતાથી, ઉદારતાથી, પ્રીતિથી, અને ધૈર્યથી ઓરેલ્યસ એવી રીતે કરતો કે કુપાત્ર વ્હીરસને હાનિ પહોંચે નહીં ને પ્રજાનું અકલ્યાણ થાય નહીં. અંતે વ્હીરસનું શરીર વેળાસર પડ્યું અને આ મહારાજા પોતાની પ્રજાને એક એવા અંતઃશત્રુથી મુક્ત થયેલી જોવા પામ્યો કે જેના પ્રતિ અંતઃકરણપૂર્વક મિત્રતા પાળવી એ તે પોતાનો ધર્મ સમજતો હતો.

આ મહારાજનાં ગૃહસંસારને અંગે તેના ભ્રાતૃભાવની ઉદારતા આવી હતી તો બીજી બાજુથી તેની ભર્તૃભાવની ઉદારતા એથી અધિક હતી. એની મહારાણી ફૅાસ્ટિના એવી તો નિર્લજ્જ વ્યભિચારિણી હતી કે કોઈ રંક સ્વામીની સ્ત્રી હોત ને એવા સ્વામીને હાથ તેની હત્યા થઈ હોત તો પણ એ દેશકાળમાં તેની ઉચિતતા જ ગણાત. તો આ તો એ દેશકાળના મહારાજના ગૃહમાં એવી સ્ત્રીને શી શિક્ષા કરવી અનુચિત ગણાત ? મહારાજને પોતાને આ સ્ત્રીની આ વર્તણૂક સુવિદિત હતી. પ્રકૃતિપુરુષોએ આ મહારાજને હાથે આવી શિક્ષા થવી અશક્ય ગણી માત્ર એટલી જ સૂચના કરી કે તેના અને મહારાજના લગ્નનું ઉચ્છેદન* ધર્માધિકારદ્વારા કરાવવું. મહારાજે તેટલાની પણ ના પાડી. કૅશ્યસ નામના રાજદ્રોહી સેનાપતિ સાથે આ રાણીએ સંબંધ બાંધ્યો કહેવાયો. તોપણ મહારાજે પોતાના અભિપ્રાયને ફેરવ્યો નહીં. એ રાણી અંતે ગુજરી ગઈ. મહારાજે તેની પાછળ તેની અપકીર્તિ ન વધારતાં તેની દેવપ્રતિષ્ઠા કરાવી. જ્યારે કોઈ મહાપુરુષ ગુજરી જાય ત્યારે તે દેવપિતૃલોકમાં ગયો એવી ભાવના ઉત્પન્ન કરવા તેની પ્રતિમાની દેવપ્રતિષ્ઠા × કરવાની પદ્ધતિ રોમમાં હતી તેને અનુસરી આ પ્રતિષ્ઠા થઈ. મહારાજની અપ્રીતિના પાત્ર મનુષ્યની પાછળ તો તે

* છૂટાછેડા=Divorce.

× Apotheosis, deification.



થાય જ નહીં; તે અપ્રીતિની ભાવના દૂર કરવાને માટે આ દેવપ્રતિષ્ઠા સાધનરૂપ હતી.

એક દેશકાળની પરિચિત અને અનેક દેશકાળની અપરિચિત દૃષ્ટિવાળા દ્રષ્ટાને આ મહારાજની આ ઉદારતા વિચિત્ર લાગશે. આવી વ્યભિચારિણી સ્ત્રીને કેવી લક્ષણદૃષ્ટિથી આ મહારાજાએ સ્વીકારી લીધી અને તેના ઉપર આવી ઉદાર દૃષ્ટિ રાખી તે જાણવા જેવું છે.

આપણા દેશમાં પામરજનની અને જ્ઞાનીની અથવા યોગીની દૃષ્ટિઓ વચ્ચે જેવો અંતરાય છે તેવો જ અંતરાય પ્રત્યક્ષ કરવાનું આ મહારાજને તેની લક્ષણદૃષ્ટિએ શીખવ્યું હતું.

આ મહારાજે લખેલી "વિચારમાળા" ( Meditations )ના અગિયારમા અધ્યાયમાં પોતાના આચારવિચારને માટે તેણે દશ નિયમ યોજેલા છે. એ નિયમોમાં એક વાત તે એવી લખે છે કે કોઈના ઉપર ક્રોધ ઉપજે તે પહેલાં કરવાના વિચારમાં એક વિચાર એ છે કે કોઈ મનુષ્ય જ્યારે પોતાનું સત્ય કર્તવ્ય પાળે તો તેના ઉપર ક્રોધ કરવાનું પ્રયોજન જ નથી, પણ જો તે પોતાનું કર્તવ્યકર્મ ચૂકીને અકર્તવ્ય કામ કરે ત્યારે એ પ્રશ્ન કરવો કે એણે શાથી આ ચૂક કરી ! ગમે તો તેણે અજ્ઞાનથી એ ચૂક કરી અને ગમે તો એણે પરવશતાથી એ ચૂક કરી એટલું સ્પષ્ટ છે. "જેની આજ્ઞા સર્વ વસ્તુઓને વ્યવસ્થિત રાખે છે તે આજ્ઞાપક અને વ્યવસ્થાપક તો પ્રકૃતિ છે. જ્યારે કોઈ મનુષ્ય ઉપર આ પ્રકૃતિ જ બલાત્કાર કરે ત્યારે તે મનુષ્યનો દોષ શો ?" ( અધ્યાય ૧૦ ). "આ સર્વ યંત્રનાં સૂત્ર ખેંચી તેને ભ્રાન્ત આપનાર સત્ત્વ તો મનુષ્યના અંતર્ભાગમાં સુગૂઢ છે, અને તે જ તેનું જીવન છે. એ કારણસત્ત્વને તેનાથી અધિષ્ઠિત થયેલી તેની ચારે પાસની નૌકાથી જુદું પાડીને અને તેને બાંધી લીધેલાં ( હલેસાં વગેરે ) સાધનોથી જુદું પાડીને જોઈ લે. લેખકની કલમ અને ગાડીવાળાની ચાબુકના કરતાં આ કારણસત્ત્વની આસપાસની આ વસ્તુઓમાં વધારે શક્તિ નથી." આ કારણસત્ત્વ, આ પ્રકૃતિ, સર્વ મનુષ્યોના મર્મભાગમાં વસી તેમને ચલવે તેમ તે મનુષ્યો ચાલે છે. તો તેને પરવશ રહેલાં મનુષ્ય એ પરવશતાથી પ્રવર્તે તેના ઉપર ક્રોધ કોને થાય !

આપણામાં ગીતાવાક્ય છે કે

"ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया॥"

તે જ વાક્યના અર્થ પ્રમાણે મનુષ્યોના હૃદયમાં વસી તેમની ક્રિયાઓને ચક્રની પેઠે ભમાવનાર પ્રકૃતિમાં–સત્ત્વમાં–સર્વ ક્રિયાઓનું કર્તૃત્વ આ લક્ષણદ્રષ્ટા મહારાજ આરોપતો હતો. સત્પુરુષોનાં તેમ દુષ્ટોનાં હૃદયોને બેને ચલાવનાર કોઈ એક આવું સામાન્ય સત્ત્વ તેણે જોયું. અર્જુન અને શ્રીકૃષ્ણે કહ્યું છે કે

स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशो हि तत्॥

અને તે જ ન્યાયે દુષ્ટ દુર્યોધને પોતાની પરવશતા જણાવતાં ઉદ્ગાર કર્યો કે

जानामि धर्मं न च मे प्रवृत्ति-
र्जानाम्यधर्मं न च मे निवृत्तिः।
केनापि देवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि॥

"હું ધર્મ પણ જાણું છું ને અધર્મ પણ જાણું છું. પણ શું કરું? મારા હૃદયમાં ભરાયેલું કોઈક સત્ત્વ મને પ્રેરે છે તેણી પાસ પ્રવર્તું છું ને તેને પરવશ રહી ધર્મ સુદૃષ્ટ હોવા છતાં તેમાં હું પ્રવૃત્ત થઈ શકતો નથી અને અધર્મ પણ સુદૃષ્ટ હોવા છતાં તેમાંથી નિવૃત્ત થઈ શકાતું નથી."

અજ્ઞાનથી અને આવી પરવશતાથી દુષ્ટ પ્રવૃત્તિમાં પડનાર જીવો ઉપર ક્રોધ નહીં પણ દયા જ ઘટે એવું આપણા જ્ઞાનીઓ ગણી ગયા છે તે જ દૃષ્ટિને આ મહારાજે સ્ટોઇકદર્શનના સાધનથી આમ પ્રાપ્ત કરી હતી અને એ જ દૃષ્ટિને મળેલાં લક્ષણ વડે પોતાની વ્યભિચારિણી અને દુષ્ટ રાણીને તેણે સત્કારી લીધી હતી. તે દૃષ્ટિને બળે એ મહારાજ આ દુષ્ટામાં આવી અનુકંપનીય પરવશતા પ્રત્યક્ષ કરતો હતો અને એ દૃષ્ટિસૃષ્ટિને યોગ્ય ધર્મ પાળતો હતો. એ ધર્મની દૃષ્ટિમાં તો આવા પરવશ જીવો ઉપર દયા રાખવી એ જ ધર્મ છે એટલું જ નહીં, પણ દુષ્ટ મનુષ્યો સાધુજનના આચાર



પાળી શકે એ ધારણા જ ઘેલછાભરેલી છે, એ ધારણા આપણા ગુજરાતી કવિએ કહ્યું છે તેમ ગર્દભને ગાય થવા ઇચ્છવા જેવી અશક્ય વાતની અપેક્ષા રાખે છે, અને એ પરવશ દુષ્ટ ચિત્તો પાસે એ અપેક્ષા પૂરી પડાવવા મનુષ્યોને અધિકાર આપવો એ જ વાત બુદ્ધિશૂન્ય અને જુલમભરેલી છે. જે ધર્મિષ્ઠ મહારાજ એન્ટોનીનસે પોતાને અવસાન-સમયે જેવું પોતાનું મહારાજ્ય ઓરેલ્યસને સોંપ્યું હતું તેવી જ રીતે અને તે જ ક્ષણે ભલે તેવી પણ પોતાની પ્રિય કુમારીને પણ એ રાજ્યની પેઠે ઓરેલ્યસને સોંપી હતી. તે રાજકુમારી ભલે તેવી હોય તો પણ તેની પરવશ વૃત્તિઓને માટે તેના ઉપર દયા આણવાને સાટે એ ધર્મિષ્ઠ પિતાની પરમ કૃપાનું પાત્ર મહારાજ ઓરેલ્યસ પોતાનું વ્રત મૂકી એ રાજકુમારી ઉપર ઉક્ત પ્રકારનો બુદ્ધિશૂન્ય જુલમ વાપરે એ આશા રાખવી તે તો 'મેરુ ચળે, રવિ પશ્ચિમ ઊગે,' અને 'સમુદ્ર મર્યાદા લોપે' ઇત્યાદિ પ્રકારની આશા રાખવાના વિષયમાં આપણા લોક કહે છે તેવું જ થાય.

એવી દુષ્ટતાને પરવશ થયેલાં ચિત્તોને તો બને તો એ પરવશતા-માંથી મુક્ત થતાં કોમળતાથી શીખવવું એ જ લક્ષણથી ઓરેલ્યસ પોતાના ધર્મને પ્રત્યક્ષ કરે છે. એ મહારાજને આ સ્થિતિમાં પોતાને માટે તો કાંઈ અસંતોષનું કારણ લાગતું નથી. એના જેવો જીવ તો 'પોતાનું શરીર પોતાનાથી દૂર મુકાયેલું જ' જુએ છે. આપણા આર્યોની ભાષામાં 'મૃત્યુએ એના કેશ ઝાલ્યા હોય'—એમ એ 'ધર્મનું આચરણ કરે છે'—**गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्।** ઈશ્વરે એને જે સ્થિતિ આપી છે, જે સ્થિતિ એને સહજ પ્રાપ્ત થઈ છે—ક્રમપ્રાપ્ત થઈ છે, તે સ્થિતિને ઉચિત કાર્ય કરી તૃપ્ત રહેવું, અને જે કાર્ય પોતે કરે છે તે ન્યાયથી વિરુદ્ધ નથી એટલી સંભાળ રાખવી–એ વાનામાં આવા જીવનનું સંસારમાં સર્વ કર્તવ્ય પૂરું થાય છે. ઈશ્વરની ઇચ્છાને અનુકૂળ થવાનું અને એણે દર્શાવેલા નિયમનું પાલન કરવાનું કામ આ જીવને માટે ટૂંકું ને ટચ છે. તેમાં એને કાંઈ ગૂંચવાડો પડે એમ નથી. ઈશ્વરે જે સ્થિતિ આપી તેમાં પ્રતિકૂળતા દેખી ભય પામવો અથવા શોક પામવો એમાં તો આ મહારાજને ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરવા જેવું લાગતું. પોતાના ગૃહસંસારને તેમ રાજ્યા-ધિકારને પણ આ મહારાજ આવાં લક્ષણથી સત્કારી લેતો અને આવી રીતે લક્ષમાત્રને અધ્યાત્મસ્વરૂપે દૃષ્ટિગોચર કરી સર્વત્ર 'અભય'

જોઈ લેતો હતો અને આપણા લોકના **तरति शोकमात्मवित्** એ બોધનું સ્વયંભૂ દૃષ્ટાંત બનતો હતો.

રોમ ઈટાલિમાં આવેલું છે અને ઈટાલિના પૂર્વ, પશ્ચિમ, અને ઉત્તર ભાગમાં આવેલા યુરોપના સ્પેન, ફ્રાન્સ, ઇંગ્લાંડ, અને ગ્રીસ સહિત, ઘણાખરા દેશોમાં આ મહારાજની સત્તા જામેલી હતી. ઉત્તર આફ્રિકામાં તેમ પશ્ચિમ એશિયામાં હિંદુકુશના પ્રાંતભાગ સુધી એના સૂબાઓ એની આણ વર્તાવતા હતા. આ સર્વ દેશમાં એક પાસથી આણ વર્તતી હતી તો બીજી પાસથી એ વિસ્તીર્ણ મહારાજ્યના સર્વ સીમાડાઓ ઉપર શત્રુઓ ઘુમાઈ રહ્યા હતા અને ઠેકાણે ઠેકાણે આગ લાગવાની તૈયારી હતી. ઓરેલ્યસ રોમનો મહારાજ થયો ત્યાંથી જ આ સર્વ ચિન્તાઓ સાપના ભારાઓ પેઠે સુસવાટા કરતી એની પાસે ખડી થતી હતી, અને જેમ જેમ વર્ષ જવા માંડ્યાં તેમ તેમ ઠેકાણે ઠેકાણેથી ધુમાડાઓના ગોટેગોટ નીકળવા લાગ્યા અને ધુમાડાની નીચે ઢંકાઈ રહેલા અગ્નિ પણ ભભૂકવા લાગ્યા. લઘુદૃષ્ટિ મહારાજની લક્ષ્યસંસ્કારક દૃષ્ટિનો પ્રતાપ અજમાવવા જગન્નિયન્તાની ઇચ્છા થઈ હોય એમ ઓરેલ્યસે મુકુટ ધરવા માંડ્યા પછી થોડા જ કાળમાં રુદ્રની વીશીના જેવા આ સર્વ ઉત્પાત એની દૃષ્ટિ પાસે અંધકાર રચવા લાગ્યા અને રોમરાજ્યની ચારે પાસ જંગલી રાજાઓની સેનાઓ ફુંજારો કરી રહી. આ સ્થાને આપણે ઇતિહાસ લખતા નથી કે આ ફુંજારાનું સવિસ્તર વર્ણન કરી શકીએ. પણ વાંચનારને ઓરેલ્યસની ચિન્તાઓની કલ્પના થાય તેને માટે એ સિંહાસનપર બેઠો ત્યારપછીનાં સાત વર્ષમાં ઉપરાઉપરી એના મહારાજ્યના જુદા જુદા ભાગોમાં તેમ સીમાડા ઉપર કેટલા બધા દેશોમાં યુદ્ધો જાગ્યાં તેની સંખ્યા જ દર્શાવવા જેટલો પ્રયત્ન કરીશું. પશ્ચિમ યુરોપમાં લ્યુસિટેનિયા ( પોર્ટુગલ), સ્પેન, ગોલ ( ફ્રાન્સ ), ગ્રીશિયા ( જર્મનીનો ભાગ ), બ્રીટન ( ઇંગ્લાંડ ), કેલિડોનિયા ( સ્કોટલેન્ડ ), ઈટાલિમાં જ પશ્ચિમમાં કેમ્પેનિયા ને ઉત્તરમાં આલ્પ્સ પર્વત, ઈટાલિથી પૂર્વમાં એડ્રિઆટિક સમુદ્ર ભણી ઈલિરિકમ ( ટર્કીના આસ્ટ્રિયાનો ભાગ ), ડેન્યૂબ નદીના તીર ઉપરના દેશો, આગળ જતાં એશિયા માઈનોર ભણી ટાઇગ્રિસ અને યુફ્રેટિસ નદી ઉપરના પ્રદેશો, આર્મીનિયા, કેપેડોશિયા અને સીરિયા: એમ નાનામોટા મળી ઓછામાં ઓછા પંદર દેશોમાં રોમની સત્તા સામે કોઈક પોતાની પ્રજાનું બંડ તો કોઈક આજ સુધીના મિત્ર કે માંડલિક



રાજા સાથે યુદ્ધ અને કોઈક અજાણ્યા, રાજાઓ સાથે યુદ્ધ તો કોઈક જંગલી રાજાઓએ અને સેનાઓએ રોમની અધિકારભૂમિ ઉપર ઊતરી આવી કરેલી ચઢાઈઓ એમ ચારે પાસ અપૂર્વ યુદ્ધકાળનાં વાદળાં નવા મહારાજના રાજ્ય ઉપર ગર્જના કરતાં માત્ર સાત વર્ષમાં સામટાં ચઢી આવ્યાં.

આથી પૂરું ન થતું હોય તેમ મરકીનો ઉપદ્રવ કેવળ રોમ નગરમાં નહીં પણ આખા ઈટાલિદેશમાં અને તે પણ આ અરસામાં ફાટી નીકળ્યો. યુફ્રેટીસ નદી ઉપર મેસોપોટેમિયાના દેશમાં ગયેલી રોમની સેનાએ આ ભયંકર ચેપી ઉપદ્રવને આણ્યો. કેટલાંક વર્ષથી દુકાળની મોંઘવારી જેવાં ચિહ્ન આ દેશમાં જણાતાં જ હતાં ત્યાં આ મરકીએ કાળો કેર વર્તાવ્યો. સંખ્યાબંધ ગામડાંઓ, નગરો, અને જમીનો એવી તો ઉજ્જડ થઈ ગઈ કે ત્યાં ન રહ્યો ખેડુ અને ન રહી વસ્તી, અને ઠેકાણે ઠેકાણે જંગલો અને ઝાડીઓ ઊગી ગઈ. ઈટાલીની લગભગ અર્ધી વસ્તી નાશ પામી ગઈ અને આ મહારાજ્યની સેનાનો મોટો ભાગ યમના મુખમાં મરકીથી જ હોમાઈ ગયો. એ મરકીનું વર્ણન આપણા અનુભવમાં આવતી મરકીથી જુદું ન હતું. સ્થળે સ્થળે મંદવાડ, અશક્તિ અને મરણના દેખાવ ખડા થયા એટલું જ નહીં, પણ હાલના યુગમાં દેખીએ છીએ એવો દૈવકોપ અનેક રૂપે ફુવારાની ધારાઓ પેઠે ફૂટી નીકળવા લાગ્યો. દુષ્કાળ તો ખરો, ધરતીકંપ તો ખરા, અને આગ પણ ઘૂમવા લાગી. એક પછી એક બીજાણીની ત્વરાથી આ વિપત્તિઓ દેશપર જોતજોતામાં તૂટી પડી, અને આપણી હાલની રુદ્રની વીશીમાં આખી પૃથ્વી ઉપર આ સૌ વિપત્તિઓ ઉગ્રરૂપે, ચંડિકાની જોગણીઓ પેઠે અને મહારુદ્રનાં ભૂતપ્રેત અને ગણની સૃષ્ટિ પેઠે, ખડી થતી આપણે પ્રત્યક્ષ કરીએ છીએ અથવા વર્તમાનપત્રો દ્વારા વાંચી, જાણી, ત્રાસ પામીએ છીએ તેથી અનેકધા વિષમ અવસ્થા રોમના મહારાજ્ય ઉપર તે કાળની રુદ્રની વીશીમાં આવી રીતે આવી પડી.

એક પાસથી આવો ભૌતિક પ્રકોપ અને બીજી પાસથી ચારે પાસ વીંટી લેતાં યુદ્ધનાં વાદળાં તે સૌની વચ્ચે ઊભેલા એક કાળે અતિ સમર્થ ગણાયેલા રોમના મહારાજ્યને શિર મહારાજા ઓરેલ્યસને મૂક્યો હતો તેના ધૈર્યનું, તેની ગંભીરતાનું, તેના જ્ઞાનનું,

તેની રાજ્યભારધુરંધરતાનું, અને આવે કાળે તેની શાંત સ્વસ્થ બુદ્ધિમતી નિર્ભય અને કાર્યચતુર સ્વાધીન-મનસ્કતાનું, વર્ણન વાંચીએ છીએ ત્યારે ગમે તો એ જનકવિદેહીની સ્થિતિનું આપણને ભાન કરાવે છે અને ગમે તો વીજળીના કડાકાઓ અને મુશળધાર વર્ષતા મેઘાડંબર વચ્ચે અંધારી રાત્રિને સમયે અનેક હાથીઓનાં ટોળાં વચ્ચે ઊભેલા એકલા એકલ સિંહના જેવી સ્થિતિ આ મહારાજની હતી તે આપણી દૃષ્ટિ આગળ તરી આવે છે. એ વર્ણનમાં આપણે બહુ કાલક્ષેપ નહીં કરીએ પણ તેના ઉપર થોડીક દૃષ્ટિ કરી લઈ મહાપુરુષોને કંપાવી નાંખે એવી આ સ્થિતિવાળી સૃષ્ટિને આ મહારાજે કેવી રીતે સંસ્કારી લીધી તે જોવાનો પ્રયત્ન કરીશું.

એક પાસથી આ યુદ્ધકાળ ઉદય પામ્યો અને બીજી પાસથી રોમ નગરમાં જ એક મહારાજ ભલે હોય તે આવશ્યક લાગ્યું તેથી ઓરેલ્યસ પોતે રોમમાં રહ્યો અને વ્હીરસને સીરિયામાં મોકલવા ધાર્યો અને તેમાં એવી ગણના કરી કે યુદ્ધના પ્રસંગોમાં સેનાધિપતિઓનું ચાલશે ને રોમમાં વ્હીરસની બાલિશતા ઉઘાડી નહીં પડે. રોમની સેનાઓનો ચડાવ જોઈ પ્રથમ તો સીરિયાવાળા કંઈક હઠી ગયા, પણ મહારાજાઓને નવા ગણી પાર્થિયાવાળાઓને તેમના સામા થવાનો પ્રસંગ અનુકૂળ લાગ્યો. ત્યાં એક નવો બંડખોર ઊભો થયો. રોમની સેના દીર્ઘકાળની શાન્તિથી યુદ્ધની અપરિચિત અને અનુત્સાહી થઈ ગઈ અને સેના કે સેનાધિપતિમાં તોફાની શત્રુઓ સામે ચડવાનું બળ ન હતું. આથી રોમની ઉપરાઉપરી હારો થવા માંડી. ઓરેલ્યસનો પોતાનો બાપ ઈટાલિમાં કેમ્પેનિયામાં હતો ત્યાંથી તેણે વ્હીરસને છૂટો પાડી, એશિયામાં મોકલવા વિદાય કર્યો પણ તેણે રસ્તામાં જ રસળવા માંડ્યું. ત્યાંના શત્રુઓ એટલામાં તો ચડી આવ્યા પણ રોમને ભાગ્યે તેના સેનાપતિઓમાં કેસ્યસ નામના એક ત્યાંના પ્રાચીન સેનાપતિઓની પંક્તિમાં મૂકવા યોગ્ય સેનાપતિ નીકળી આવ્યો તેના હાથમાં રોમની આખી સેનાનું સેનાપતિપણું સોંપવામાં આવતાં તેણે ભાગ્યનું ચક્ર ફેરવ્યું ને લૉર્ડ રોબર્ટ્સ ટ્રાન્સવાલમાં જતાં ઇંગ્લાંડનું ભાગ્ય સુધર્યું તેમ કેસ્યસના હાથમાં સત્તા આવતાં રોમનું ભાગ્ય સુધર્યું એટલુંજ નહીં પણ સ્થાને સ્થાને રોમની સેનાઓને શિર નવા નવા શૂર અને ચતુર સેનાપતિઓ નીકળી આવ્યા અને રોમનો વિજય ચારે દિશામાં પ્રવર્તાવવા લાગ્યા. આ બધો કાળ



વ્હીરસ મહારાજ રમતગમતમાં ગાળતો હતો અને જે યશ આ સેનાપતિઓને મળતો જોઈએ તે પોતે ભોગવવા લાગ્યો.

ઓરેલ્યસ રોમમાં રહ્યો એક પાસથી આ સર્વ યંત્રનું સૂત્રધારપણું કરતો હતો અને બીજી પાસથી રોમમાં પણ તેને ઓછું કામ ન હતું. એક પાસથી દુકાળ અને બીજી પાસથી પાણીની રેલો એ રાજનગરમાં એનો કાળ રોકતી હતી. પોતાનાં પ્રિય પુસ્તકોને બાજુ કરી આ મહારાજ લોકને આ વિપત્તિઓમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો અને બીજી પાસથી પોતાના રાજ્યનાં મુખ્ય યંત્ર ત્યાંની રાજસભા અને મંત્રીમંડળ-એ બેની રચના સડો પામી ગઈ હતી તેને સુધારવા મંડ્યો. મુખ્ય સ્થળ-રાજનગર-ઉપર એના સર્વ મહારાજ્યનો અને સેનાઓનો આધાર હતો અને એ સર્વનું કેન્દ્રસ્થાન સુધરે તો જ અન્ય સર્વ સુધરે તેમ હતું. અનેક કારણોથી ત્યાંની રાજ્યસભાની પ્રતિષ્ઠા મહારાજને પણ રાખવી ધર્મ્ય હતી તે સભામાં તેમ અન્ય સ્થળે દ્રવ્યાદિકથી સમર્થ પણ સામાન્ય બુદ્ધિના અને શંકાપાત્ર નીતિવાળા અધિકારીઓ પક્ષથી કે ખટપટથી પ્રતિષ્ઠિત થઈ ગયા હતા. ઓરેલ્યસે ધીમે ધીમે આ સર્વ સ્થાન રાજ્યતંત્રમાં નિપુણ વિદ્વાનોથી ભરી દીધાં, તેમની પ્રતિષ્ઠા અને શ્રીમત્તા વધારી. અને જેવી રીતે દૂર ગયેલી સેનાઓમાં ઉત્તમ સેનાપતિઓ ઊભા કર્યા તેમ રાજનગરમાં અને રાજ્યમાં ઉત્તમ મંત્રીઓ ઊભા કર્યા. એ સર્વના ઉત્કૃષ્ટ સાહાય્યથી અને ધીર વિદ્વાન બુદ્ધિમાન મહારાજની અનુપમ જાગૃતતાથી અને ધુરંધરતાથી આ ડોલવા લાગેલું મહારાજ્ય સ્થિર થવા લાગ્યું, અને એ જ્ઞાની મહારાજનું સૂક્ષ્મ હૃદય જેમ અભયને પ્રત્યક્ષ કરતું હતું તેમ એવા જ અભયને પ્રજાની બાહ્ય વૃત્તિઓ અનુભવવા લાગી. આ મહારાજની અને આ મંત્રીઓની ચિન્તાઓને બળે એક પાસથી વ્યાધિથી નષ્ટ થતી સેનાઓને સ્થાને નવી સેનાઓ ઊભી થઈ આવતી તેની સાથે એ નવી સેનાઓમાં પણ રોગના ઉપદ્રવ જાગતા. અધૂરામાં પૂરી મહારાજની નિષ્પક્ષપાત વૃત્તિ સામાન્ય નીતિના અધિકારીઓને ભારે થઈ પડતી ને તેઓ કકળવા લાગ્યા. યુદ્ધના દેશકાળ પણ ગમે તો હિમના હુમલાઓ વચ્ચે ને ગમે તો ગ્રીષ્મઋતુના ઉગ્રતમ તાપ વચ્ચે આવવા લાગ્યા. એ સર્વ આપત્તિઓ વચ્ચે મહારાજે પોતાની નિષ્પક્ષપાત નીતિ છોડી નહીં. નીતિભ્રષ્ટ મનુષ્યોને એ નિષ્પક્ષપાત ભારે પડતો તો સાધુ અને

પ્રવીણ અધિકારીઓને ગુણજ્ઞતાથી અને ઉદારતાથી પ્રસન્ન અને પ્રતિષ્ઠિત કરવામાં મહારાજ ચૂકતા નહીં. આ સર્વ વિષમ કાળનાં અને મહાશયતાના વિરોધને અંતે મહારાજને એક મહાયુદ્ધમાં એવો વિજય મળ્યો કે તરત તો શત્રુ માત્ર ધ્વસ્ત થઈ ગયા.

આ વિષમ પ્રસંગમાં મહારાજનો મોટો રાજકુમાર દીર્ઘ વ્યાધિ સહી ગુજરી ગયો. એક યુવાવસ્થામાં પહોંચેલી પુત્રી પણ ગુજરી ગઈ. અને બાકી રહેલો કુમાર, સારા વિદ્વાનોને સોંપેલો હોવા છતાં દુષ્ટતાના સંસ્કારોવાળો જણાયો! મહારાણીના વ્યભિચારની વાત તો ઉપર કહી છે જ. એની સાથે જારકર્મ કરનારાઓમાં મુખ્ય પુરુષ પૂર્વમાં મોકલેલો સેનાપતિ કેસ્યસ હતો અને પૂર્વમાં રોમનો ભાગ્યોદય રચનાર પણ એ જ હતો તે ઉપર જણાવેલું છે. પોતાના પરાક્રમથી ફૂલી જઈ આ સેનાપતિએ મહારાણીની સહાયથી મહારાજને મારી નાંખી તેનું પદ પ્રાપ્ત કરવાનો લોભ ધર્યો. વ્હીરસ મહારાજે પોતે જીવતાં ઓરેલ્યસને આ વિષયે ચેતાવ્યો હતો અને બીજા સ્થાનથી પણ એને સૂચનાઓ આવી હતી. મહારાજે સર્વ સમાચાર સત્ય ગણ્યા પણ તેનો પ્રતીકાર કોઈ રીતે કરવાની ના પાડી. પ્રતીકારની સૂચના અને વિજ્ઞપ્તિ કરનારાઓને તેણે માત્ર શાંતિથી પોતાના શાસ્ત્રવિચારને બળે એટલો જ ટૂંકો ઉત્તર આપ્યો કે "કોઈ રાજાએ પોતાના અનુયાયીને કદી માર્યો નથી"—અર્થાત્ "જે મનુષ્ય પોતાનો અનુયાયી થવા ઈશ્વરેચ્છાથી જ નિર્મેલો છે તે તો જીવવાનો જ છે ને કેસ્યસ મારો અનુયાયી થવા નિર્મેલો હશે તો હું પ્રથમ મરીશ ને એ પાછો મરશે. ને જો એ મારા પહેલાં મરે એવી ઈશ્વરેચ્છા હશે તો મારે એને શું કરવા મારવો પડે?" આવા ગર્ભિતાર્થવાળું પોતાનું વાક્ય કહી વધારામાં પોતાના વંશમાં થઈ ગયેલા મહારાજ હેડ્રિયનનું વાક્ય ઓરેલ્યસે કહી બતાવ્યું. "અમુક મનુષ્ય મને મારી નાંખશે એવો પોતે રાખેલો ભય જેના મરણકાળે જ ખરો પડે છે તેવા રાજાઓ કેવા ભાગ્યહીન હોય છે?" પોતે જીવિતનિરપેક્ષ વૃત્તિનો છે તે માનીને તે પ્રમાણે કરવા ઇચ્છતો હોય તેમ આ મહારાજે પોતાના જીવિતના રક્ષણ માટે આવા જ્ઞાનવિચારથી કંઈ પણ ઉપાય યોજ્યો નહીં. કેસ્યસે સીરિયાદેશમાં બેઠે બેઠે બૂમ ઉડાડી કે ઓરેલ્યસ મરી ગયો છે અને મેં મહારાજનું પદ ધાર્યું છે માટે સર્વ સેનાએ મારું પદ સ્વીકારી મારી આજ્ઞા માનવી. જે મહારાજે પોતાનું રક્ષણ કરવા ના પાડી તેના રક્ષણ માટે કેસ્યસની પોતાની આજ્ઞામાં સોંપાયેલી



સેનાએ કેસ્યસને વધયોગ્ય ગણી તેનો શિરચ્છેદ કર્યો ને તેનું શિર મહારાજ પાસે આણ્યું. તેનું કપાયેલું શિર પોતાની પાસે આવતાં આ જ્ઞાની અને સાધુ મહારાજનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. "એ જીવતો હોત તો એણે આપને શું કર્યું હોત?" એવો પોકાર પાસે ઊભેલા રાજભક્તો કરી ઊઠ્યા, તેને મહારાજે શાંતિથી પોતાની ધર્મિષ્ઠતા ઉપર દૃષ્ટિ કરવા કહ્યું ને ઉપદેશ કરી બતાવી આપ્યું કે મારા પહેલાંના જે જે મહારાજાઓ પ્રજાના મનુષ્યોને હાથે મૂઆ છે તે સર્વ મહારાજાઓ પોતાનાં કરેલાં કર્મને દોષે પોતાની શિક્ષાપાત્રતાને લીધે જ મૂઆ છે. આ રાજદ્રોહમાં ભળેલા અપરાધીઓનો ન્યાય કરી ઘણાકને તેણે છોડી મૂક્યા ને જેને શિક્ષા કરી તેને પણ હળવી શિક્ષા કરી ત્યારે રાજસભામાં પણ થોડાક એ અપરાધીઓ ભળેલા હતા તે સમેત એ સભા ઉપકારથી એનું સ્તોત્ર ગાતી હોય તેમ ગદ્ગદ કંઠે છિન્નભિન્ન વાક્યો એ સભાના મુખમાંથી નીકળી ગયાં કે "ઓ ધર્મિષ્ઠ મહારાજ! દેવતાઓ તારું રક્ષણ કરી તને દીર્ઘાયુ કરો! ઓ દયાળુ મહારાજ! દેવતાઓ તારું રક્ષણ કરો! જે શિક્ષા કરવાનું તારા હાથમાં છે તે પણ તું કરતો નથી!" ઇત્યાદિ અનેક ઉદ્ગારો કરી એના જ્ઞાનને, એની કુલીનતાને, અને એની નિષ્કલંકતાને અને એના ધૈર્યને ધન્યવાદ આપતી ગર્જનાઓ રાજસભામાં સર્વનાં મુખમાંથી ઊઠી રહી.

વળી શત્રુઓની સેનાઓ સીમાડાઓ ઉપર ઊભી થઈ અને આ વેળા તેની સંખ્યા, તેનું બળ, અને તેનો ઉદ્રેક પૂર્વના યુદ્ધકાળથી તેમ રોમનાથી અધિક હોય તેમ લાગ્યું અને તેને માટે બીજાં દશ વર્ષનો યુદ્ધસમારંભ ચાલશે એવું લાગ્યું. પ્રથમના યુદ્ધકાળમાં મહારાજ જાતે સેનાઓના સેનાપતિ થઈ નીકળ્યા હતા તેણે વળી પાછાં શસ્ત્ર અને કવચ ધારણ કર્યાં. આ વેળા તેની ચિન્તાઓનો પાર ન હતો પણ વિજય ઉપર વિજય મળ્યો. છતાં ત્રણ વર્ષ સુધી પોતે એ યુદ્ધોમાં પોતાનું શરીર ઘસી નાંખ્યું અને અંતે શરીર જ ન પહોંચતાં તેને જ્વર આવ્યો અને જ્વરમાંથી મરણ નીપજ્યું. પોતાનો અંતકાળ એણે પોતાની પાસે ઊભેલો પ્રત્યક્ષ કર્યો અને કૃતકૃત્ય વૃત્તિથી, નિર્ભય દૃષ્ટિથી, સાથે રહેલા પણ પાછળ રહેનારને પહેલો નીકળનાર યાત્રાળુ છેલ્લા પ્રણામ કરે તેમ સૌને પ્રણામ કરી લીધા. છેલ્લે દિવસે તેણે પોતાના કુમાર વિના બીજા કોઈને પોતાના ખંડમાં આવવા દીધા

નહીં. તે કુમાર સુખથી ન હતો તેને પણ કાંઈક થોડાં વચન કહી બહાર મોકલી દીધો, પોતાના મુખ અને માથા ઉપર વસ્ત્ર ઓઢી લીધું, અને આ ક્ષુદ્ર સંસારના કોઈ જીવને પોતાના શરીરના સાંનિધ્યમાં રાખ્યા વિના, કોઈની પાસેથી વધારે સેવા સ્વીકાર્યા વિના, મહારાજની ઉપાધિથી મુક્ત થઈ, છતે દેહે વિદેહ વૃત્તિનો અનુભવી આ મહાત્મા પરમ અભયપદને પામ્યો.

મોટાં નાનાં પશુઓથી ભરેલાં વનમાં મૃગરાજ એકલો પર્યટન કરે તેમ પામર મનુષ્યોથી ભરેલા ગૃહસંસારમાં અને વાઘ, વરુ, શિયાળ આદિ જેવા અંતઃશત્રુઓ અને બાહ્ય શત્રુઓથી ભરેલા મહારાજ્યમાં એ સર્વ પ્રાણીઓથી કેવળ ભિન્ન જાતિના કોઈ અપૂર્વ એકલ સત્ત્વ પેઠે આ મહાત્માએ પોતાનું જીવનમાત્ર જ્ઞાનદૃષ્ટિથી સંસ્કારી લીધું. વ્યભિચારિણી મહારાણીના અને કેસ્યસના પ્રસંગોને કેવી દૃષ્ટિથી એણે સંસ્કારી લીધા તે આપણે ઉપર જોયું છે. ચિંતાનો ભાર માથે લેવો ખરો પણ એ ભાર માથે ન જ લીધો હોય એમ પુષ્પ જેવો હલકો થઈ જાય એટલું જ નહીં પણ એ ભારના દુષ્ટવહનથી એ ભારમાંથી પુષ્પસુગન્ધ જેવા સંસ્કાર નીકળે અને વહેનારની પ્રાણશક્તિને તેમ મસ્તકશક્તિને પણ તૃપ્ત અને શક્તિમાન કરે એવાં સ્ટોઈકદર્શનનાં લક્ષણોથી આ મહારાજપદ ઉપર ભાગ્યક્રમે પ્રાપ્ત થયેલા જીવનને આ અભોક્તા રહેલા મહાત્માએ એવું તો સંસ્કારી લીધું કે તે સંસ્કારી જીવનના રહસ્યને આજના પાશ્ચાત્ય વિદ્વાનો સંપૂર્ણ રીતે સમજી શકતા નથી, ત્યાંના આજના ઇતિહાસલેખકને સમુદ્ર જેવા એ જીવનની ગંભીરતામાં પ્રચ્છન્ન નૈરાશ્યની છાયા જણાય છે, અને એક પાસથી આવા દયાર્દ્ર અને બીજી પાસથી આવા વજ્ર હૃદયમાં કંઈ કંઈ વિરોધાભાસ જણાય છે ને એની વિચારમાળાનાં વાક્યોને વિષયે ક્વચિત્ સંકલ્પ વિકલ્પની ભાવનાઓને ઊભી કરે છે. આપણે માટે તો એવા વિરોધાભાસને ભવભૂતિ જેવાનું રામચંદ્રને વિષયે કહેલું વાક્ય બસ છે કે

**वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।**
**लोकोत्तराणां चेतांसि कोऽत्र पारयितुं क्षमः ॥**

સેનેકાના ગ્રંથ સામાન્ય લોકને માટે સ્પષ્ટ ભાષામાં લખેલા છે ત્યારે આ મહારાજની વિચારમાળાના વિચાર તેના પોતાના



જ્ઞાનયોગને માટે યુદ્ધાદિકના વિષમ પ્રસંગોને કાળે થોડોઘણો અવકાશ મળતાં સ્ફુરી આવ્યા તેમતેમ નોંધી લીધેલા છે. એમાં સ્ટોઈકદર્શનના મર્મભાગ સ્થાને સ્થાને વિકસે છે પણ એ દર્શનના મનન અને નિદિધ્યાસનને અંતે કરેલા અનુભવના સંક્ષિપ્ત ઉદ્ગારરૂપ હોવાથી એવા અનુભવને લક્ષ્ય ન કરનારથી સહસા સમજી શકાય એવો તેનો ઘણો ભાગ નથી. પણ આ દેશના અને ગ્રીસ રોમના આર્યોની દૃષ્ટિમાં એટલી બધી સામાન્યતા છે કે એ મહારાજના સંક્ષિપ્ત ઉદ્ગારોને આપણા ઋષિમુનિઓના સંક્ષિપ્ત ઉદ્ગારોની સાથે મૂકતાં તેમનું રહસ્ય ઘણે અંશે લક્ષ્ય થશે માટે આપણે તે માર્ગે આ બોધ સમજી લઈશું.

એ ઉદ્ગારોનો વિસ્તાર ઝાઝો છે તે સર્વ અત્ર જોઈ લેવાનો પ્રસંગ નથી. પણ એ ઉદ્ગાર કરનાર મહારાજાનું જીવન અને તે જીવનનો વિષય એ આપણે જોઈ લીધાં છે. એ જીવનને અને એ જીવનના વિષયને જે ઉદ્ગારોમાંનાં લક્ષણો વડે આ મહારાજે સંસ્કારી લીધાં છે તેટલા જ ઉદ્ગારનાં લક્ષણ આપણે જોઈ લઈશું. અગ્નિથી અને શુદ્ધોદકથી જડ પદાર્થોને સંસ્કારી લઈએ છીએ ત્યારે તેમને વળગેલા મલિન પદાર્થ બળી જાય છે અથવા ધોવાઈને જુદા પડી જાય છે તેમ લક્ષણોથી સંસ્કારેલાં જીવન પણ શુદ્ધ થઈ જાય છે અને તેની દૃષ્ટિ આગળથી મલિન ભાગ જુદા પડી જાય છે અથવા બળી જાય છે. આજ રીતે રોમના લક્ષણદ્રષ્ટા મહારાજના આન્તિક દૃષ્ટિપથમાંની વ્યભિચારિણી રાણીમાંથી વ્યભિચારદોષનાં પડ ભેદી નાંખી તેની આરપાર કંઈક નવું જ સત્ત્વ એ મહારાજને દૃષ્ટિગોચર થયું. આ જ રીતે પોતાના વિસ્તીર્ણ મહારાજ્યમાં જાગી જતી વિકટ વિપત્તિઓના પ્રસંગોએ એ વિપત્તિઓનાં પડને ભેદી નાખી તેને સ્થાને આ મહારાજની દૃષ્ટિએ કાંઈક નવાં જ સત્ત્વ દીઠાં અને તે સત્ત્વોના દર્શનથી પોતાના જીવનમાં મોહ, શોક, અને ભયની ત્રિપુટીને સ્થાને સંસ્કારેલું અભય અને અશોક જ્ઞાનદૃષ્ટિમય સત્ત્વ અનુભવ્યું એ ચમત્કારનું સ્વરૂપ એના પોતાના ઉદ્ગારોના સાહાય્યથી આપણે સમજી લઈશું.

આપણામાં વેદાન્તબોધનાં સાધનચતુષ્ટય (વિવેક, વિરાગ, ષટ્સંપત્તિ, અને મુમુક્ષુત્વ) ગણ્યાં છે, તેમ સ્ટોઈકદર્શનમાં મનુષ્ય-જીવનમાં સાધનચતુષ્ટય ગણ્યાં છે. ૧ શુભાશુભનો વિવેક અથવા

શુદ્ધતા. ૨ ન્યાયધર્મ અથવા પોતાના પ્રવાહપતિત જીવનમાં જેના પ્રતિ જેટલો અધિકાર હોય તેટલી તેના પ્રતિ કર્તવ્યતા, અને તે ઉપરાંત સર્વ પદાર્થ પ્રતિ વિરામ. ૩ તિતિક્ષા. ૪ મિતભોક્તૃત્વ અથવા પોતાના અધિકારને અંગે સંસારના સંસર્ગથી દેહાદિકના પોષણને માટે જે જે ભોગનો સ્વીકાર કરવો પડે તેમાં ધન્યતા—તે દ્વિજવર્ય ભોજનને આરંભે અને અંતે આચમન કરે છે તે પ્રકારની બુદ્ધિવડે જન્ય, અને બાકીના વિષયમાં શમ, દમ, અને ઉપરામ. સ્ટોઇકદર્શનથી મનુષ્યને આ ચાર પ્રકારનાં સાધનનું જ્ઞાન થતું અને તે પામવા તે પ્રેરાતો હતો. એ દર્શનનું કારણ પ્રારબ્ધયોગિની શ્રદ્ધા હતી. એ સાધનની પ્રાપ્તિથી મનુષ્ય ઈશ્વર સાથે અથવા બીજી ભાષામાં પ્રકૃતિ સાથે સામ્ય પામે અને દુઃખના અને મરણના ભયથી મુક્ત થઈ જીવન્મુક્તિ પામે. સ્ટોઇકદર્શન મનુષ્યજીવનના આવા પુરુષાર્થને આવા પ્રકારનો સાધ્ય પદાર્થ ગણતું. એ પદાર્થની ઇચ્છા એ મુમુક્ષુત્વ અને તેની તીવ્રતાના પ્રમાણમાં મનુષ્ય જીવન્મુક્ત થાય. ઓરેલ્યસ મહારાજે પોતાના જીવનમાત્રને અને રાજ્યાધિકારમાત્રને સંસ્કારી લઈ તે સાધનથી આવી જીવન્મુક્તિ ભોગવી.

સ્ટોઇકદર્શનની અદ્વૈતશક્તિના અનુભવથી આવી જીવન્મુક્તિ સાધ્ય થતી. આ અદ્વૈત પામતા પહેલાં દેખીતા દ્વૈતની સંભાવના આ દર્શનમાં એવી થાય છે કે પુરુષ અને પ્રકૃતિ એવા જ પદાર્થમાં 'વિશ્વ' (All) અથવા 'સર્વ' સમાસ થાય છે. મનુષ્યના દેહમાં જેમ નિયંતૃક ચેતન જીવરૂપ છે તેમ આ વિશ્વનું નિયંતૃક કારણ ચેતન છે. આ કારણ ચેતન તે પુરુષ અને આ વિશ્વ તે પ્રકૃતિ. આ પ્રકૃતિને અને તેના સર્વ અવયવને એક યંત્રપેઠે આ નિયંતા પુરુષ કોઈક અકલ્પ્ય ક્રમથી ચલવે છે. આપણા આ યુગના વેદાન્તમાં આ પ્રકૃતિ માયા નામથી ઓળખાય છે અને તેના નિયમ સમજવા આપણી બુદ્ધિઓ પામતી નથી અથવા તો તેના એવા નિયમ કે ક્રમ છે જ નહીં માટે તેને **અઘટિતઘટનાપટીયસી** કહેલી છે અને તેના શોધનમાં કાળક્ષેપ કરવો વૃથા છે અને તેને સાટે એક જ સદ્વસ્તુના શોધનમાં આયુષ્ય ગાળવું એ જ માનુષ દેહનું સાર્થક્ય મનાય છે. આદિ કાળના આપણા દ્રષ્ટાઓ આ મતને સ્થાને **ઋત** અને **સત્ય** એ પ્રમાણે પદાર્થમાત્રના ભાગ યોજતા અને જેને હાલ આપણે સદ્વસ્તુ કહીએ છીએ તેનો સત્યમાં સમાવેશ કરતા અને જેને સ્ટોઇકદર્શન નિયમક્રમથી નિયત



પ્રકૃતિ ગણે છે તેનો ઋતમાં સમાવેશ કરતા. એ ઋતનો અર્થ કંઈક વિસ્તારથી સરસ્વતીચંદ્ર ભાગ ૪ પ્રકરણ ૨૫નાં ૪૬૫ આદિ પૃષ્ઠોમાં અને તેના પદ-ટિપ્પણોમાં આપેલો છે. આ ઋત પામનારી બુદ્ધિને આપણા મુનિલોકે ઋતંભરા પ્રજ્ઞા કહી છે. સ્ટોઇકદર્શનની પ્રકૃતિ તે આપણા લોકનું આ ઋત છે, અને ઋતના ક્રમ ઋતંભરા પ્રજ્ઞાદ્વારા મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે અને એવી પ્રાપ્તિથી એ ઋતના નિયંતા પુરુષ સાથે સામ્ય પામે છે. એ ઋતચક્રના સંસાર અનિત્ય છે અને આપણાં દેહાદિક એ અનિત્ય વસ્તુ છે—એ સંસારરૂપ છે. જેમાં પામર મનુષ્યો આત્માનું અભિમાન રાખે છે તેનો ત્યાગ કરી ઋતચક્રના નિયંતાનો હું ચેતન અંશ છું એવો અનુભવ મનુષ્ય કરે અને ઋતંભરા પ્રજ્ઞાથી ઋતના અંશ પ્રમાણે પોતે વર્તે ત્યારે એ મનુષ્ય એ ઋતના દ્રષ્ટા અને નિયંતા સાથે અદ્વૈત પામે છે, એ ઋતના દ્રષ્ટા દેવો જેવો દ્રષ્ટા અને અભોક્તા થાય છે, અને પુરુષ, પ્રકૃતિ, અને પોતે ત્રણનું એકત્વ અનુભવે છે. ઓરેલ્યસે આવા એકત્વની વૃત્તિથી પોતાના અસ્મદ્યુષ્મત્-પ્રત્યયના વિષયમાત્રને સંસ્કારી લીધા હતા.

હાલની એક પાશ્ચાત્ય કથામાં જેમ એક ઢાલનાં સોનેરી ને રૂપેરી એમ બે પાસાંની આખ્યાયિકા છે તેમ અસ્મત્ વિષય અને યુષ્મદ્વિષય એ ઉભય ઓરેલ્યસની દૃષ્ટિએ એક પદાર્થનાં બે પાસાં મળ્યાં છે. એ યુષ્મદ્વિષય અથવા ઋતના સંસારથી તો નિયંતા પુરુષ પ્રસન્ન રહે છે અને તે સંસારથી જ જૂની સૃષ્ટિને સ્થાને નવી સૃષ્ટિ ક્ષણે ક્ષણે ઊભી થાય છે અને તેથી આખું "વિશ્વ સનાતન કાળમાં યુવાવસ્થ અને સંપૂર્ણ રહે છે." આ ઋતનો નિયંતા પોતાના ચેતન અંશના સંસર્ગથી મનુષ્યના ચેતન અંશને—અગ્નિના સંસર્ગથી દીવા પેઠે—પ્રગટ કરે છે: એના ચિત્સ્વરૂપનો આભાસ ચિદાભાસ થઈ મનુષ્યના સચેતન શરીરને પ્રવૃત્ત કરે છે. એ ચિત્સ્વરૂપ તે જ એક આત્મા છે ને બાકીનો સર્વ ભાગ તેના વસ્ત્ર જેવો, તેની ઇન્દ્રિયો જેવો, તેનાં સાધન જેવો છે. એ ભાગને ચિદાભાસરૂપ માનુષ જીવ પોતાના વર્તમાન સંસારને અર્થે સાધનરૂપે પ્રયોજે છે, જેને શ્વાસ લેવો હોય તેના પ્રાણરૂપ થવાને માટે પવન સર્વત્ર વ્યાપી રહેલો છે તેમ જેને ચિત્સ્વરૂપની સત્તાની સાથે અદ્વૈત અનુભવવું હોય તેને માટે એ સત્તા સર્વત્ર પવનની પેઠે જ સર્વવ્યાપિની અને સ્વતંત્રતાથી સુપ્રાપ્ય પરાવર રહેલી જ છે. એ જ મનુષ્યની દૈવી સ્થિતિ—બ્રાહ્મી સ્થિતિ,

અને તેની પ્રાપ્તિ તે જ તેની દૈવી સંપત્તિ. એ સંપત્તિનું કારણભૂત બુદ્ધિરૂપ સત્ત્વ તે જ મનુષ્યના હૃદયભાગમાં રહેલો દેવ; તે જ તેને સંસારના ધર્મોમાં પ્રવૃત્ત કરનાર, માર્ગ દેખાડનાર, અને શાંતિ આપનાર અને તેનો ચેતન અંશ. આવા અંશ-અંશી ભાવનું એકત્વ અનુભવનાર લક્ષણદ્રષ્ટા મહારાજ ઍરેલ્યસ ફૌસ્ટીના રાણીના વ્યભિચારમાં કે કૈસ્યસના રાજદ્રોહમાં, પોતાના વિજયમાં કે શત્રુઓને મળતા વિજયમાં, એક પરમાત્માની યોજેલી પોતાના જ અંશોની વ્યવસ્થા દેખે અને એ પરમાત્માનું કૃત્ય તે પોતાનું જ ભેદભાવ વિનાનું ઉપાદેય સમજી રાગદ્વેષને ન સ્વીકારે અને હર્ષ શોક ન પામે તે જ એની ઋતંભરા પ્રજ્ઞાનું ઉચિત કાર્ય છે. આ પ્રજ્ઞા જ એની પાસે ઉદ્‌ગાર કરાવે છે કે "સમષ્ટિના હિતને અર્થે જે સમારંભ થાય છે તેને માટે તેના વ્યષ્ટિરૂપ એક અંશે દોષ કાઢવો જોઈએ નહીં. તો તું શા માટે ક્ષોભ પામે છે? તારા પ્રધાન કરણને (ચિદાભાસને) પૂછ કે તું શું મરી ગયું છે, કે ભ્રષ્ટ થયું છે કે તું શઠતા કરે છે, કે શું તું પશુરૂપ થઈ બીજાં પશુઓનાં ટોળાં સાથે ભળી તેમના ભેગું તૃણાદિક ચરવા નીકળી પડ્યું છે?" (વિ. મા. અધ્યાય ૯. પાદ ૩૯)-અથવા આપણા શ્રુતિવાક્યની ભાષામાં બોધીએ તો **द्वा सुपर्णा** વાળી શ્રુતિમાંનું અનીશ પક્ષી પોતાની જાતને પૂછે છે કે આ "ઈશનું સામ્ય પામવાનો અભિલાષ છોડી, અભોક્તા મટી, અનીશરૂપે જ પિપ્પલનું આસ્વાદન કરવા અને અનીશ મૂઢ બની રોવા શું તું તત્પર થાય છે!" (સરસ્વતીચંદ્ર ભાગ ૩, પ્રકરણ ૬ પાનાં ૧૩૨-૩.) ગૃહસંસારનો તેમ રાજ્યનો અધિકાર સાચવવાને માટે ઈશ્વરે નિયોજેલો જીવ પોતાનું પરાશાવશ કર્તવ્ય કરતો કરતો તેને અંગે થતાં સુખદુઃખાદિ ફળનો આમ ભોક્તા થતો નથી. પ્રકૃતિથી નિયત થયેલા એકત્વ વિશ્વનો પોતે એક અંશ છે અને પોતાના જેવા જ અન્ય અંશો સાથે અને એ અંશોની અંશિની સમષ્ટિ સાથે પ્રકૃતિએ પોતાનો (ઍરેલ્યસનો) સમવાયસંબંધ યોજેલો છે તે સંબંધયોજનાને હિતકર જે જે કાર્ય ઉપર પ્રકૃતિ એનો નિયોગ કરે તેનાથી તેને સુખ થાય કે દુઃખ થાય પણ તેથી અસંતોષ પામવાનું કંઈ કારણ આ મહાત્મા જોતો નથી: (વિ. મા. અ. ૧૦ પા. ૬.) અથવા ઋષિલોકની ભાષામાં એનું ભાષાન્તર કરીએ તો **को मोहः कः शोक एकत्वमनुपश्यताम्** ॥ પ્રકૃતિ આપે અને પ્રકૃતિ લે; પ્રકૃતિને કહેવું કે 'ગમે તે લઈ લે;' અને આ વાક્ય અહંકારથી નહીં પણ સંતોષથી



કહેવું. (વિ. મા. અ. ૧૦ પા. ૧૪.) **ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत्। तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यचिद्धनम्।** એ શ્રુતિમાં **कस्यचित्** એટલે પોતાનું તેમ પારકું એ અર્થ કરનાર ભાષ્યના જેવો ઍરેલ્યસના આ ઉદ્‌ગારનો બોધ છે.

"જ્યારે તને કોઈ વાતનો શોક થાય છે ત્યારે તેનું કારણ તારા મોહનું આવરણ છે. આ આવરણથી તું સત્ય વાત ભૂલી જાય છે કે મનુષ્યમાત્રનો ચેતન અંશ દેવરૂપ છે અને પરમ દેવમાંથી પ્રકટેલો સ્ફુલિંગ છે; તું ભૂલી જાય છે કે કંઈ પણ વસ્તુ મનુષ્યની પોતાની નથી, પણ તેના સર્વ પદાર્થ અને તેનાં બાળક અને તેનું શરીર પણ એ પરમદૈવત પાસેથી આવેલું છે; તું ભૂલી જાય છે કે આ જે દેખાય છે તે તે સર્વ માત્ર તારા મનનો અભિપ્રાય છે અને તું ભૂલી જાય છે કે મનુષ્ય માત્રનું જીવન કેવળ વર્તમાનમાં જ છે અને તે પણ ખોવાઈ જાય છે." (વિ. મા. અ. ૧૨, પા. ૨૧.)

આમાંનાં છેલ્લાં બે વાક્યનો અર્થ આપણને પરિચિત છે. તેમાંના પ્રથમ વાક્યનો વિસ્તાર કરતાં અન્યત્ર તે કહે છે કે "અન્ય મનુષ્યોનાં કર્મ જ્યારે આપણને અપ્રિય લાગે છે ત્યારે સત્ય જોતાં એ કર્મ કંઈ આપણને અપ્રિય થતાં નથી, પણ તેને માટેનો આપણો અભિપ્રાય એ અપ્રિયતાને ઉત્પન્ન કરે છે. તે અભિપ્રાય ભૂંસી નાંખીએ તો એ અપ્રિયતા પણ ભુસાઈ જાય." (વિ. મા. અ. ૧૧. પા. ૧૭.) એ જ આશયનું વચન આપણા મહાત્માઓ કહે છે કે

**न रम्यं नारम्यं प्रकृतिगुणतो वस्तु किमपि।**
**प्रियत्वं वस्तूनां भवति खलु तद्ग्राहकवशात् ॥**

"મનુષ્યમાત્રનું જીવન કેવળ વર્તમાનમાં જ છે અને તે પણ ખોવાઈ જાય છે" એ વાક્યને સ્થાને વધારે વિસ્તારવાળું વાક્ય આપણા કવિ મહારાજ હરિશ્ચન્દ્રના મુખમાં મૂકે છે કે

**मध्ये व्यक्तमनादिविभ्रमवशादव्यक्तमाद्यन्तयोः**
**पञ्चत्वं प्रकृतिः स्मृतास्य जगतस्तत्पञ्चधा संभृतम्।**
**संसारार्णववीचिभङ्गवलनैर्योगा वियोगैः समा-**
**स्तन्मोहादपरं न वेद्मि विदुषां मोहस्य यत्कारणम् ॥**

મનુષ્યનું જીવન તો શું પણ સર્વ પ્રકૃતિ પોતે મધ્યકાળમાં જ વ્યક્ત થઈ જાય છે અને આદિમાં અને અંતમાં ભુસાઈ જાય છે. જેમાં આ સંસારસાગરના તરંગો ભાગી જાય છે ને વળી જાય છે તેવા વિયોગ તે યોગના સમાન જ છે; માટે વિદ્વાનોને તો શોકનું કારણ મોહ વિના અન્ય કાંઈ નથી. ( ચંડકૌશિક )

આવી રીતે આ પ્રાચીન પાશ્ચાત્ય આર્ય લક્ષણદ્રષ્ટાએ દીઠેલું 'એકત્વ' કેટલેક અંશે આપણા પ્રાચીન દ્રષ્ટાઓએ પ્રત્યક્ષ કરેલા એકત્વ જેવું જ છે અને એ ઉભય દ્રષ્ટાઓના શોક અને ભય એ એકત્વદૃષ્ટિથી વિરામ પામ્યા છે. તે બે વચ્ચેના ફેરમાં મુખ્ય એ છે કે આપણા ચતુર્થાશ્રમના જેવું કાંઈ પણ એરિસ્ટોટલના દર્શનમાં હતું નહીં એટલું જ નહીં પણ તેવી સ્થિતિ પ્રકૃતિના ઋતક્રમથી વિરુદ્ધ ગણાતી. આથી ત્યાંના જ્ઞાનીઓ જનકવિદેહી અથવા શ્રીકૃષ્ણના આશ્રમના જેવા આચાર પાળતા, અને તેમના જ્ઞાનનું ફળ યોગવાસિષ્ઠથી રામને અને ગીતાથી અર્જુનને પ્રાપ્ત થયેલાં જીવન જેવાં જીવનથી સિદ્ધ થતું. જ્યારે આપણા બ્રહ્મચારી અથવા ગૃહસ્થ આશ્રમો તેમ વાનપ્રસ્થ અને ચતુર્થ આશ્રમના આશ્રમીઓ દ્રવ્યથી કેવળ વિરક્ત રહી અથવા અન્નપૂર્ણાના પ્રસાદથી તૃપ્ત અને વિશેષ દ્રવ્યથી અનાસક્ત રહી કેવળ સાક્ષરજીવન ગાળતા, ત્યારે પ્રાચીન પાશ્ચાત્ય વિદ્વાનો અર્થોપાર્જન-આદિ વ્યવહારના પુરુષાર્થમાં પ્રવૃત્ત રહી પ્રાચીન વાક્યોઘનું દોહન કરતા અને તેનાં લક્ષણોવડે પોતાની પ્રવૃત્તિમાત્રને સ્વીકારી લઈ, ફલેષણાનો ત્યાગ કરી અને સત્કર્મતાને સ્વીકારી, એ સંસ્કારવાળી પ્રવૃત્તિઓદ્વારા સંસારનું કલ્યાણ કરતા તે આપણે એ દેશનાં પ્રત્યે દૃષ્ટાંતોથી જોઈ લીધું. તેમનાં જેવાં પ્રવૃત્તિજીવનથી લોકકલ્યાણ વિશેષ થાય કે આપણા લોકનાં જેવાં નિવૃત્તિજીવનથી વધારે થાય તે સહસા કહેવું કઠણ છે અને એની યોગ્ય તુલા કરવા વિના કંઈ પણ કહેવાથી તો અયથાર્થ જ્ઞાન જ થાય. પરંતુ પ્રથમ દર્શનથી એટલું તો જણાય છે કે આપણા લોકનું યોગશાસ્ત્ર ભ્રમરૂપ છે એવું આજની પાશ્ચાત્ય વિદ્યાનું કહેવું અસત્ય હોય, તેમ સ્ટોઇકદર્શનના કરતાં આપણા આર્યોના સચ્ચિદાનંદાનુભવમાં ઋતક્રમ ઉપરાંત કાંઈ વિશેષ સત્યાનુભવ હોય, તો તો આપણાં નિવૃત્ત સાક્ષરજીવનથી જ આ દેશને એ વિષયનું જ્ઞાન થયું તેટલી આવાં જીવનની ફલાધિકતા છે. તેમ જ બીજી પાસથી



વિચાર કરીએ તો પાશ્ચાત્ય પ્રાચીનોની લક્ષણદૃષ્ટિએ ઋતક્રમના સંસ્કારોથી ત્યાંના લોકની પ્રવૃત્તિને એવી તો સંસ્કારી છે કે તેનો લાભ આજના પાશ્ચાત્યો પણ ઐહિક વિષયમાં ભોગવે છે અને તે લાભ આપણા લોકમાં જણાતો નથી એટલી વાતમાં સ્ટોઇકદર્શનના પ્રવૃત્તિજીવનની ફલાધિકતા છે. હાલના યુગમાં પાશ્ચાત્યોના સંસર્ગવશાત્ આપણા લોકનાં જીવનમાં આવાં પ્રવૃત્તિજીવનની આવશ્યકતા પ્રાણપોષક પવનની આવશ્યકતા જેવી છે તો નિવૃત્તિજીવનની આવશ્યકતા જલપાનની આવશ્યકતા જેવી છે એ આગળ જતાં આપણે જોઈશું. અત્ર તો એટલું જાણવું બસ છે કે આ બે જીવન વચ્ચે દેખાતો વિરોધ સૂક્ષ્મદૃષ્ટિએ જોતાં વિરોધાભાસ જ છે. ઉભય જીવન સાક્ષરજીવન છે, કારણ ઉભયની સ્થિતિ વાક્યઓઘના પ્રવાહ પાસે સર્વકાળ રહે છે અને ઉભયની દૃષ્ટિમાં એ પ્રવાહનાં પ્રતિબિંબ વાહન પામ્યાં કરે છે અને તેમાંથી એક અથવા અન્યરૂપે પ્રતિફલિત થયાં કરે છે.

આ બે જીવનની વચ્ચે વ્યાવર્તક વસ્તુ માત્ર આ જ છે કે લક્ષણદ્રષ્ટાના કેવળ નિવૃત્તિજીવનની દૃષ્ટિમાં પડેલાં પ્રતિબિંબનું પ્રતિફલન અન્ય પુસ્તકોમાં થાય છે અથવા આ પુસ્તક-ઉપદેશથી અન્ય જીવોમાં થાય છે ત્યારે એ જ દ્રષ્ટાના પ્રવૃત્તિજીવનની દૃષ્ટિમાં પડેલાં પ્રતિબિંબનું પ્રતિફલન, તેવી જ રીતે થવા ઉપરાંત, એ જીવન જીવનારની પ્રવૃત્તિમાત્રમાં થાય છે અને આ બીજી જાતના પ્રતિફલનને આપણે લક્ષ્યસંસ્કાર અથવા લક્ષણસંસ્કાર નામથી ઓળખ્યું છે. આથી એ જીવનની સાક્ષરતામાં કોઈ જાતની ન્યૂનતા આવી જ જોઈએ એવું નથી.

—અપૂર્ણ*

* 'સાક્ષરજીવન' નો આ લેખ કર્તાએ અહિંથી અધૂરો મૂક્યો છે.–પ્ર૦

# પરિશિષ્ટ

## તરજુમા અને ટિપ્પણ

આ તરજુમા શબ્દશઃ કોઈક જ સ્થળે છે; ઘણું સ્થળે તરજુમો અને ખુલાસો, તરજુમો અને કર્તાએ પોતાની દલીલમાં તે જે અર્થમાં પકડ્યો હોય તે, તરજુમો અને ટિપ્પણ, એમ સેળભેળ છે; કેટલેક સ્થળે મૂળને વિસ્તાર્યું છે, તો ક્વચિત્ ટૂંકાવ્યું પણ છે.

ટિપ્પણને નામે જેટલું લખાણ કર્યું હોય તેટલું થઈ શકે એવો આ ગ્રંથ છે. પણ અહીં કર્તાનો આશય સમજવામાં સુગમતા કરી આપવાને માટે જેટલાં અનિવાર્ય લાગ્યાં એટલાં જ ટિપ્પણ લખ્યાં છે. નિબંધમાં કોઈ કોઈ ઠેકાણે ઉતાવળને લીધે અસ્પષ્ટ કે ક્લિષ્ટ લખાણ રહી ગયું છે, ત્યાં પૂર્વાપર સંબંધ જોતાં જેવો અર્થ બેસે છે તેવો ટૂંકામાં જણાવ્યો છે.

વળી સમાલોચકમાં આ નિબંધ છપાયેલો તેમાં ઘણી અશુદ્ધિઓ છે; તેમાંથી ઘણીખરીના મને સૂઝે છે એવા સુધારા અહીં સૂચવ્યા છે.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

**૪૨ यस्मागमः—**

જેની વિદ્યા તેની કેવળ સ્મૃતિ–તેનું નિર્વાહસાધન માત્ર છે, તેને વિદ્વાન નહીં પણ જ્ઞાન નામે વસ્તુને વેચનાર વાણિયો કહે છે.

**૪૩ તે श्रोत्रियाः—**

તે પૂજ્ય શ્રોત્રિયો–ઉત્તમ વેદિયા–બ્રહ્મતત્ત્વનો પાકો નિશ્ચય મેળવવાને માટે અતિવિસ્તીર્ણ અને શાશ્વત એવા શ્રુતિસરિ–વેદ અને વેદવિદ્યાઓ–નું સેવન કરે છે. વિદ્યાસેવન બીજા કોઈ પુરુષાર્થ માટે ઉપયોગી હોય એટલું કરવું એ દૃષ્ટિ આવાઓને ઓછી લાગે છે; વિદ્યાસેવન જ એમનો પરમ પુરુષાર્થ છે.

**૪૪ પંક્તિ ૬–૮: દ્રવ્યને માટે દ્રવ્ય—**

**સંસારો** શબ્દ અહીં યૌગિક (etymological) અર્થમાં લેવાનો છે: ઉત્સાહ, ભોગ, દુઃખ આદિ ચંચળ તુચ્છ મનોવૃત્તિઓ. **દ્રવ્યજીવનઃ** દ્રવ્યમય દ્રવ્યપરાયણ જીવન. **દ્રવ્યલોકઃ** આવા દ્રવ્યજીવન જીવનારાઓનો બનેલો લોક. **અન્યદાઃ** અન્ય કાળે.

૪૭ પંક્તિ ૧૨: મધુવનના મોહક—મોહન જોઈએ.



**૫૩ And the minds—**

અને માણસોનાં મન સૂર્યોની ગતિ સાથે–દિવસ પર દિવસ જતા જાય છે તેમ તેમ–વિશાળતર થતાં જાય છે.

ટેનિસન કૃત લોક્સ્લી હોલની જે પંક્તિ આ અવતરણનું મૂળ છે તેમાં અહીં કર્તાએ minds અને largened લખ્યું છે તેને બદલે thoughts–વિચારો અને widened એ શબ્દો છે. તેમાંથી બીજાને બદલે largened લખાયું એ સ્મૃતિક્ષતિ અને તેની ઉતાવળમાં પણ અસલ સાંભરી પડે એવી છે. વળી મૂળમાં આ પંક્તિઓ કાવ્યનાયકની માનવપ્રગતિમાં પરમ શ્રદ્ધાના ઉન્નત ઉદ્ગાર છે, તેને બદલે અહીં પૈસા જોડનાર માણસનો લોભ દિન પર દિન વધી નિઃસીમ થઈ જતો કુદરતી છે, એ વિચારના સમર્થનમાં આ પંક્તિનો ઉપયોગ થયો છે, તે જાણે એક સપનો સારણ પક્ષીના સ્વરમાં શુદ્ર જગ્યે એ પ્રકારની અસંગતિ થઈ છે.

### ૫૪ પંક્તિ ૪–૧૮: તત્ત્વદર્શી સાત્વિક...સ્વસ્થ બને છે.

ઉતાવળને લીધે આ ભાગ કંઈક અસ્પષ્ટ રહી ગયો છે. વિચારશૂન્ય માણસ સાધ્ય–ધ્યેય–પરમાર્થના ભાન વગરનું જીવન જીવે છે તે કેવળ જડ કે પાશવ જીવન છે. પામર જીવોનું આવું જીવન આવે. બીજાઓમાં ઓછે-વત્તે મનુષ્યત્વનો ઉદય થાય છે. વિચારબીજમાંથી જીવનસાર્થક્યના ભાનનો આ ફણગો પ્રકૃતિ પરિસ્થિતિ કેળવણી દેશકાળ આદિ ભેદને લઈને જુદા જુદા માણસોમાં જુદાં જુદાં રૂપનો દેખાય છે.

૧. જ્ઞાની થઈ શકે એવા માણસો વેદાન્તના સ્વરૂપાનુસંધાન માટે કે વિજ્ઞાનના પરમતત્ત્વના અનુભવને માટે મથે; ભાવિક હોય તે વિષ્ણુ, તીર્થંકર, ઈશ્વર, કે બીજા ઇષ્ટદેવમય થવા મથે : સાધ્યભાન રૂપ ફણગાનો એક પ્રકાર આ : આવા પુરુષો તત્ત્વદર્શી.

૨. કેટલાક બહુભાવથી પ્રેરાય, તેને જ પરમ પુરુષાર્થ ગણે, અને લોકકલ્યાણના અનંતવિધ નાનામોટા આશયોમાંથી એક કે વધારેને માટે મથે : રાજકારણને, વ્યાપારઉદ્યોગવિસ્તારવૃદ્ધિને, વિજ્ઞાનની ઉપકારક શોધોને, સાહિત્યને, કલાને, કેળવણીને, અથવા તો રોગાદિ ઓછા થાય એવી, ગરીબાઈ અજ્ઞાન અને તજ્જન્ય મોહ દુઃખ આદિ ઓછાં થાય એવી, અને એવી એવી બીજી કોઈ પ્રવૃત્તિમાંથી એક કે વધારેને પોતાનું જીવન સમર્પવામાં કૃતકૃત્યતા માને: સાધ્યભાન રૂપ ફણગાનો બીજો પ્રકાર આ : આવા પુરુષો પુણ્યદર્શી.

૩. કેટલાક કુટુંબધર્મ કે જ્ઞાતિધર્મને જ ઉત્તમ પદે સ્થાપી કુટુંબીઓ અને જ્ઞાતિજનોના અભ્યુદય સાધવા પાછળ મંડે : ત્રીજો પ્રકાર આ : આવા પુરુષો દેહદર્શી.

હવે આમાંથી પહેલા ઉદ્દેશથી પ્રેરાતા હોય છે એવા માણસોની દૃષ્ટિમાં

દ્રવ્ય એક ગૌણ સાધન તરીકે પણ નકામું પડી જાય છે; બાળક અન્નપ્રાશનની ઉંમરે પહોંચતાં ધાવણ તેને જેમ નકામું પડી જાય છે તેમ.

પણ બીજા બે કારણોથી પ્રેરાતા માણસોની દૃષ્ટિમાં દ્રવ્ય એટલું નકામું પડી જતું નથી; પહેલો સ્વાવલંબી અને પોતાનો મુખ્ય ધર્મ પોતાની સ્ત્રી અને સંતતિ તરફ જ છે એમ જાણનારો માણસ વૃદ્ધ માબાપની સાથે રહેતો હોય છે અને એ માબાપ તરફ એની જેવી વૃત્તિ અને વર્તણૂક હોય છે, તેવી આ જાતના માણસોની વૃત્તિ અને વર્તણૂક દ્રવ્ય તરફ થાય છે.

વળી વિશેષમાં આ પણ સમજવાનું છે કે આ જાતના માણસોમાંથી વધારેઓમાં એવા પણ દેખાય છે કે તેમનાં દ્રવ્ય માટેનાં મથન અને કાળજી સત્યજ્ઞાનનો ઉદય થયા પછી યે સ્થૂલ દૃષ્ટિને તો પહેલાંના જેવાં જ ચાલુ રહેલાં લાગે છે; અને તો પણ સૂક્ષ્મ વિવેકથી જોઈ શકાય છે કે એવા લોકોમાં પણ વિચારણીજના પરિપાકથી આટલો ફેર તો પડેલો જ છે કે પહેલાં જ્યારે એમની દૃષ્ટિમાં કશું જ સાધ્ય હતું નહીં અથવા તો દ્રવ્ય જ સાધ્ય હતું, ત્યારે સત્યજ્ઞાનનો ઉદય થયા પછી એવા લોકોની દૃષ્ટિમાં યે દ્રવ્ય હવે માત્ર સાધન છે. દ્રવ્યની આશા નિઃસીમ આશા જેવી મટીને ભલે તેવી વિશાળ તો પણ તટવાળા સમુદ્ર જેવી થાય છે એમ જે લખ્યું છે, તે રૂપ આવા પુરુષોને ઘટે છે.

### ૫૫ Man wants but—

માણસને આ અવનીતલ ઉપરના વાસ દરમિયાન અવશ્ય જોઈએ છે—બહુ જ થોડું, અને તે પણ કંઈ લાંબી મુદત માટે નહીં.

### ૫૭ क्षीणे पुण्ये—

સ્વર્ગલોકની કાંખી થાય એટલું એમનું પુણ્ય, ત્યાં ટકી શકવા જેટલું પુણ્ય નહીં, એટલે બીચારાને રહેવાનું તો મૃત્યુલોકમાં જ; તૃપ્તિની કાંખી થાય ખરી, પણ રહેવાનું એમને સર્જ્યું છે અતૃપ્તિના મુખમાં જ. આટલું દ્રવ્ય મેળવ્યું છે તે ઓછું નથી, હવે વધારે મોટા પ્રયાસથી વિરક્ત થઈ બીજી કોઈ પ્રવૃત્તિમાં જોડાઈએ તો બહેતર એમ વિચાર આવે ખરો, પણ એમનું પુણ્ય–એમની ઊર્ધ્વગતિ–આ વિચાર આવ્યો એટલાથી જ બસ; એ વિચારને અનુરૂપ આચરણ એઓ રચી શકે નહીં; એમનાં આચરણ તો ચાલ્યા કરે પહેલાના જેવાં જ. અને વળી એમાંથી કેટલાક–પેલા શિયાળથી દ્રાક્ષનો ઝૂમખો લેવાયો નહીં એટલે મોં બગાડીને તે ઊંચેરી દ્રાક્ષને ભાંડવા લાગ્યો કે 'એ તો ખાટી છે, ખાટી! હું તો મોંમાં આવીને પડે તોય થૂંકી નાખું!' એ પ્રમાણે–એથી ઊલટાં આચરણ તો મૂર્ખતા કહેવાય એવો પક્ષપાત પણ કરે!



### ૫૮ धर्मो विशेषो—

હે રાજન્, માણસજાતમાં જે વિશેષ છે, જે ગુણ માણસ જાતને બીજી જાતોથી વ્યાવર્તક છે, તે ધર્મ છે; માણસજાતમાં જે માણસો ધર્મહીન તે પશુતુલ્ય.

### ૫૯ We must have—

આ દુનિયામાં આપણને ઈશ્વરવાણી–બાઈબલ–ઉપરાંત પણ કંઈ ને કંઈ અવશ્ય જોઈએ. જુઓને આ નહેરો, આ પુલ જેવા ઊંચા ચઢેલા એમના પાકા પેલિયા, આ કોયલાની ખાણોના ઊંડાણમાં ચાલતાં એંજિનો, અને પાણી–શહેર આગળ આર્કરાઈટની ફિરકીઓના કારખાના. માણસને ઈશ્વરવાણી ઉપરાંતનું પણ કંઈ જ્ઞાન હોય તો જ, હું ધારું છું કે, તે આવી વસ્તુઓ બનાવી શકે. આપણા ધર્મોપદેશકોમાંના કેટલાક તો એવો જ ઉપદેશ કર્યા કરે છે કે આપણે માણસને બીજું કશું યે કર્તવ્ય હોય નહીં, તેણે આખો જન્મારો બસ આંખ મીંચી રાખવી, અંતરદૃષ્ટિમાં જ લીન રહેવું. અને બેશક દરેક માણસને ઈશ્વર ઉપર પ્રેમ–ખરો આત્માનો પ્રેમ–હોવો જ જોઈએ. વળી બાઈબલ છે તે ઈશ્વરવાણી છે એ પણ નિઃસંશય. પરંતુ બાઈબલમાં જ શું કહ્યું છે? જુઓ, બાઈબલ જ કહે છે ને કે જે કારીગરે દેવાલય બનાવ્યું તેનામાં ઈશ્વરે પોતાનો અંશ મૂક્યો, અને તેથી તે કારીગરની આંગળીઓમાં કુશળતા આવી અને તે દેવાલય તેમ બીજી યે શોભા કરી શક્યો. [જુઓ ઓલ્ડ ટેસ્ટામેન્ટ–એક્ઝોડસ, પ્ર૦ ૨૫–૩૧, ઇત્યાદિ.] મારું કહેવું મારી દૃષ્ટિ પણ એ જ છે, બધી ચીજોમાં અને દરેક વસ્તુમાં ઈશ્વરનો અંશ છે જ; રવિવાર ઈશ્વરનો તેમ બીજા વાર તેના છે. દરેક મોટા કામમાં ને નવી શોધમાં, શિલ્પમાં અને યંત્ર–કારીગરીમાં ઈશ્વરસાંનિધ્ય છે જ. આપણા આત્માઓમાં ઈશ્વરની પ્રેરણા છે એટલું જ નહીં પણ આપણા હાથ–આંગળીઓમાં અને આપણા બુદ્ધિ–વ્યાપારોમાં પણ તેની પ્રેરણા છે. અને જો કોઈ મજૂર મજૂરીના કલાકો ઉપરાંતની ફુરસદમાં કંઈ કંઈ કામ કરે,—તેની વહુને સારુ ચૂલો ચણી આપે, કે તેના બેચાર હાથ ભોંયના વાડામાં ખોદખાદ કરીકરીને પટેટાં કે બીજું ઉછેરે, તો વખતનો આવો ઉપયોગ પણ સદુપયોગ છે, અને તેની આવી મજૂરી દરમિયાન ઈશ્વર તેની પાસે જ છે એમ જાણવાનું છે,—તે કોઈ ધર્મોપદેશકનો ઉપદેશ સાંભળતો હોય અને પ્રાર્થના કરતો હોય અને ખરી લાગણીથી પશ્ચાત્તાપનાં રુદન રોતો હોય, તે દરમિયાન ઈશ્વર તેની પાસે હોય તેટલો જ.

### ૬૧ Dinah, how can—

દાઈનાહ, આપણે એક જીવનનાં થઈ રહીએ અને આપણાં જીવન એક કરી શકીએ, એમાં વળી સદાચરણથી પ્રતિકૂળ જેવું કંઈ યે શેનું હોય જે? આ

આપણી જબરી પ્રીત આપણાં હૃદયોમાં કોણે ઊભી કરી? એ કરતાં વધારે પવિત્ર કંઈ યે હોઈ શકે ખરું?

Yes, Adam—

હા એડમ, હું જાણું છું કે લગ્નની ગાંઠ પવિત્ર છે, જે લોકોની એ ગાંઠ જોડવાની પ્રેરણા સાચેસાચી હોય, અને જેમને બીજી પ્રેરણા જ ન હોય, તેમને માટે.

### ૬૨ પંક્તિ ૨૨: સુવર્ણઅંડ—

જુઓ (ઉ. ત.) મનુસ્મૃતિમાં સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન; સ્વયંભૂએ પ્રવાહીઓ (જેવાં–आपः नाराः) સર્જ્યાં, તેમાં બીજ મૂક્યું, સોનેરી ઇંડું થયું, જેનો પ્રકાશ સૂર્યના જેટલો; સ્વયંભૂએ પોતે આ ઇંડામાંથી બ્રહ્મા આદિના પુરુષ રૂપે જન્મ લીધો ઇત્યાદિ.

ઉત્તરોત્તર સંક્રાન્તિ (evolution ઇવોલ્યૂશન) ના સૃષ્ટિક્રમમાં અમુક આદિ વસ્તુ વધારેવધારે સૂક્ષ્મ ઊંચા રૂપમાં ઉત્તરોત્તર જન્મતી કે ખીલતી કે ચડતી કે પરિપાક પામતી જાય છે. કાળની દૃષ્ટિએ જે રૂપ મોડું એટલે પાછળનું છે, તે મૂલ્યની દૃષ્ટિએ તેના આગલા રૂપ કરતાં–તેના પિતૃરૂપ કે માતૃરૂપના કરતાં ચઢતું છે. પરંતુ આ પુત્રરૂપ જન્મે છે, મૂર્તાકૃતિ ધરે છે, તે પહેલાં તે સ્વયંભૂના ચિદાકાશમાં વિચારરૂપે સ્ફુરે છે; અને એ વિચાર ઉપર સ્વયંભૂ સંકલ્પ કે ઇચ્છાશક્તિ જે એકાગ્રતા કરે છે, તે એ વિચારોનો મૂર્ત જન્મ ઉપજાવવા માટેનું એનું તપસ્ છે, જે એ વિચારબીજમાં વધારે વધારે તેજ જમાવી એની પ્રસવદશા આણે છે. આ વિચાર–તપ–તેજ તે સુવર્ણઅંડ.

મનુષ્યમાં યે સ્વયંભૂનો અંશ છે. એટલે માણસ વિચાર કરે, સાધ્ય એની દૃષ્ટિએ ચડે, સાધ્યથી આકર્ષાઈને એ તેને સિદ્ધ કરવા નિશ્ચય કરી પ્રવૃત્તિ માંડે. એટલે આ સાધ્ય ઊંચા વિચારબીજ રૂપ ધર્મના સુવર્ણ-અંડમાં એની આગવી વૃત્તિ-પ્રવૃત્તિનું આખું તંત્ર–એની આખી પ્રકૃતિ–પોતાનું અસલ રૂપ ક્રમેક્રમે ત્યજી સંક્રાન્ત થવા માંડે. સાધ્ય પોતે પણ લાંબા કાળ સુધી એક જ રૂપનું રહેતું નથી. આગવી આગવી વૃત્તિ-પ્રવૃત્તિને સંક્રાન્ત કરતું કરતું એ અંતે પણ સંક્રાન્ત થતું જાય છે. વળી महाजनो येन गतः स पन्थाः એ ન્યાયે આવી સંક્રાન્તિ પ્રથમ થોડા માણસોમાં આરંભાય છે, તે ક્રમેક્રમે આખી પ્રજામાં પ્રસરે છે. દેશદેશના દેશધર્મ અને યુગયુગના યુગધર્મ આ પ્રમાણે ઊગે છે, ફેલાય છે, મધ્યાહ્નદશામાં તપે છે, અને (નવા દેશધર્મ યુગધર્મના ઘડતાં જતાં તેજ આગળ) આથમે પણ છે.

### ૬૩ श्रुतयो विभिन्नाः—

શ્રુતિઓ જુઓ તો અનેક અને એક બીજાથી જુદી જુદી; સ્મૃતિઓનું પણ એમ જ; એનું વચન પ્રમાણ ગણી શકાય એવા કોઈ એક જ મુનિ-મહામુનિને શોધવા જઈએ, તો એવા પણ એક જ ક્યાં; ખરે, ધર્મનું પરમ



તત્ત્વ ગહન અતલ ઊંડાણમાં હોઈ તેનો તાગ પમાય એમ જણાતું નથી; અને આચરવો તો કંઈને કંઈ ધારીએ અને પછી કરવો જ પડે છે:—માટે સર્વસામાન્ય સરલ સુગમ ધોરણ આ જ છે કે મહાજનને, પ્રતાપી પ્રતિષ્ઠિત મહાપુરુષને, જેવાં આચરણ કરતો જોઈએ તેવાં આપણે પણ (આપણાથી બને એટલો વિવેક વાપરીને) કરવાં; દુનિયામાં જે મહાપુરુષ તરીકે અંકાઈ ચૂક્યો હોય એવા કોઈ એકને પગલેપગલે આપણે પણ યથાશક્તિ પગલાં ભરવાં.

Laughing philosopher—હસતો ફિલસૂફ, ગ્રીસનો ડિમોક્રિટસ, જે પરમાણુવાદ (atomic Philosophy) ના આદિ ફિલસૂફ તરીકે વધારે જાણીતો છે.

Weeping philosopher—રડતો ફિલસૂફ, ઇફીસસનો હિરેક્લાઇટસ, જેની ફિલસૂફી જૈન સ્યાદ્વાદના એક રૂપને મળતી આવે છે.

Cynics—એથેન્સમાં સાઇનોસાર્જિસ (Cynosarges) નામે એક કસરતશાળામાં સોક્રેટિસના કેટલાક શિષ્યો વાદવિવાદ માટે મળતા; આ ઉપરથી તેઓમાંના એકનો મત જ્યારે પ્રસિદ્ધિમાં આવ્યો ત્યારે એ અને એના ચેલાઓ સાઇનિકો કહેવાયા; સાઇનિક-વાદનો આરંભ એન્ટિસ્થિનીસથી થયો; સાઇનિક ફિલસૂફોમાં સૌથી વધારે જાણીતો સાઇનોપીનો ડાયોજિનિસ થઈ ગયો.

Epicureans—ગ્રીસના એપિક્યૂરસના અનુયાયીઓ.

આ સર્વના મત એકબીજાથી જેમ તેટલા ભિન્ન હો તથાપિ એ અને બીજા સર્વ મહત્પૂર્ણ તેમ જ્ઞાનિ મતમતાંતરો 'વસ્તુ આત્મસાક્ષાત્કારનું કારણશરીર ધર્મવિચારરૂપ છે તે સર્વત્ર તે જ અધિકાર ભોગવશે'—એટલું જ અહીં કર્તા કહેવા માગે છે, તેથી એમાંના જેટલાંનાં નામ અહીં ઉ. ત. ગણાવ્યાં છે તેના પણ મત આપવાનું લંબાણ કરતો નથી. સ્ટોઇકવાદની રૂપરેખા કર્તાએ પોતે આગળ પૃ. ૧૬૮ થી આરંભી છે તે આ આખું અંગના અંત સુધી ચાલે છે.

૬૪ પંક્તિ ૫ : કાળધારી જોઈએ. કદાચ 'કાળમેરી' લખ્યું હશે.

પંક્તિ ૮–૯ : રસિકતા, આદિ...સુરમ્યોને દર્શાવવાની, 'રસિકતા, આદિ વડે...સુરમ્યોને દર્શાવતી' એમ કદાચ કર્તાએ લખ્યું હશે.

### ૬૪ પંક્તિ ૩૦ : મનુષ્યના કારણદેહના—

મનુષ્યનો કારણદેહ: મનુષ્યનું મનુષ્યત્વ જે વડે તે, એનો મનુષ્યભાવ, એનો ધર્મ.

જઠરેંદ્રિય કોષણી આકારે અંકાયેલું છે. ઇત્યાદિ અનેક પ્રવાહીઓ સાથે ભળીને અન્ન, મધ કે સોડા જેવા રૂપમાં જઠર-કોષણીમાં ભરાય છે, તેનું પાચન–તેની રુધિર આદિ રસક્રિયા–એ કોષણીથી થાય છે; તે એ કોષણીની શક્તિ–એ કોષણીનું ચેતન–છે. સાધ્યવસ્તુ કે પરમાર્થને ઉપર સુવર્ણ–અંડ કહેલું તે રૂપક અહીં પણ લેવાનું છે. સુવર્ણ–અંડ કે જડશક્તિ રૂપ મનુષ્યભાવમાં અન્ન રૂપ પરિણામ સંક્રમે છે (evolves).

**૬૫ પંક્તિ ૨: ઉદ્યોગમીમાંસકો—**

ધર્મબુદ્ધિ-નિઃશ્રેયસાકાંક્ષા-તો બહુ થોડા માણસને પ્રેરે છે. ઘણાખરા સ્થૂલ દ્રવ્ય, ભોગ, વિજય, કીર્તિતૃપ્તિ. જે કરતા કોઈએ તેમાં ઉત્તરોત્તમ આનંદ અને ફળ મેળવવાં, ઇત્યાદિ માટે મથે છે. આથી પણ શરીર, બુદ્ધિ, હૃદય, કલ્પના, ટેક આદિ મનુષ્યની પાશવ તેમ દૈવી બધી શક્તિઓ ખીલે છે. ઉપર (જુઓ પૃ. ૫૪ નું ટિપ્પણ) સુવર્ણ-અંડના સમુત્ક્રમ (evolution ને ઇશારો આવી ગયો છે, અને પશુમાત્રનો સમુત્ક્રમ અને સમુત્ક્રાન્ત થતા આવતા મનુષ્યમાત્રથી થાય છે એમ બતાવ્યું છે. એ સિવાય સ્વતંત્ર રીતે પણ પશુમાત્રનો સમુત્ક્રમ થાય, પશુમાત્રપણું ઓછું ને ઓછું રહે અને તો પણ સમુત્ક્રાન્તિ થાય, આખા મનુષ્યની સમુત્ક્રાન્તિ થાય, એ અહીં સ્વીકારવામાં આવે છે. અને આ નવા પ્રકારનો સમુત્ક્રમ ઉપર પ્રગટેલા સમુત્ક્રમનો વિરોધક નથી, ઉપકારક જ છે, એમ બતાવવાનો આશય છે, જો કે લખાણ જોઈએ એટલું સ્પષ્ટ નથી.

**૬૬ यत्र योगेश्वर—**

જ્યાં યોગેશ્વર કૃષ્ણ, જ્યાં બાણાવળિ અર્જુન, ત્યાં શ્રી, ત્યાં વિજય, ત્યાં ઐશ્વર્ય, ત્યાં અવિચલ નીતિ-એ મારી મતિ છે.

**अन्या जगत्—**

મનની પ્રકૃતિ જગતનું બંધારણ કરનારી અને અજબ. વાણીના પ્રવાહની રચના અવર્ણનીય સુંદર અને અજબ, વળી કૃતિ લોકોત્તર. આકૃતિ દર્શકોનાં હૃદયને હરી લેનારી, એમ વિદ્વાન હોય તેનાં તનમન, ઓળીઘોળી સર્વ કંઈ અજબ જ!

**૭૦ How prospered—**

આટઆટલી શારીરિક ઉથલપાથલો દરમિયાન એના પંડની દશાના કંઈ સમાચાર! આસુરી સંપત-શયતાનની ઓલાદ કબૂલ્યાં તો ખરાં, પરંતુ હજી યે તે એનામાં છૂપીછપાતી હાજર છે, કે ના એ જુવાળવળથી તે તદ્દન મુક્ત થઈ શક્યો છે! જવાબમાં એમ પણ કહી શકાય કે જીવે કે રોગીનાં ચિહ્નો આશા પ્રેરે એવાં ને એવાં આવે છે...એ કહી શકીએ છીએ કે શયતાની ઓલાદને સમસ્ત જડમૂળમાંથી ઉખેડી નાખી છે અને ખોદી મૂકી છે, અને તેની જગ્યામાં બીજું કંઈક દાખલ થયેલું જણાતું તો નથી.

**૭૧ What highest—**

આ નિરંતર સંસારમાં ઉચ્ચમાં ઉચ્ચ સ્થાને પણ મેં કોણ જોયા, જે મને કેવળ છાયાઓ-આકારો-નો શિકારી અને છાયાઓનો શિકાર ન લાગ્યા-જેનાં ઉપાધિ-આવરણોનો અપડો ભેદીને આરપાર જોતાં તે મને તુચ્છ જંતુ



ન લાગ્યા! એવો કોણ મેં જોયો જેના વિશે મને આવો વિચાર ન ઉઠ્યો:—અરે, તારી મહેચ્છાઓ તમામ પૂર્ણ બની, પણ, પણ, તે દરેકે દરેક સિદ્ધ થઈ હોત એમ માનીએ, તો પણ શું! પેલો ફિરોજ સિકંદર પોતાને જીતી લેવાને માટે એક શહુ જ હતો કે નહીં. એટલા માટે રડ્યો—બિચારો! આખું સૂર્યમંડળ કે એક આખું બ્રહ્માંડ કોઈ હતે; તેથી પણ શું! જ્યારે જ્યારે હું આ તારાઓ સામે નજર માંડું છું, ત્યારે ત્યારે તેઓની મારા ભણીની નજર કેવી યે હોય છે—એમનાં શાંત પરમ શાંત ધામોમાંથી નીચી નીચી ઊતરતી, દયાર્દ્ર, અહીં માનવ જીવનની અનિર્વચનીય ક્ષુદ્રતા માટે દૈવી આંસુએ ચળકતી! માનવજાતની હજારો પેઢીઓ, દરેક બે-ચોવીસના ભરતી જ આવરદાની, તે સર્વને કાલમહોદધિ ગળી ગયો છે, એનું નામ નિશાન હવે માત્ર રહ્યું નથી; અને આર્દ્રા (Arcturus) અને મૃગ (Orion) અને લુબ્ધક (Sirius) અને કૃત્તિકાઓ (the pleiades), શિનારના મેદાનમાંના ભરવાડે એમને પ્રથમ જોયાં તેવાં ને તેવાં જ અમર અજર પોતપોતાના અયનોમાં ફરતાં છે. અરે પૂ! આ કૂતરાની કોટડી જેવી નમાલી પૃથ્વીની તે શી વિસાત! અને એમાં કૂતરા જેવો જ રોતો તું યે કોણ માત્ર! તું કંઈયે નથી: કોઈ યે નથી: એ જ વાત સાચી છે. પણ ત્યારે કંઈયે દેખાય એવું, કોઈ પણ, શું છે-કોણ છે? તારો માનવજાતિ માત્રને ખપ જ નથી: તને તે નાત-બહાર કાઢે છે; તું તેનું એક કાપી નાખેલું અંગ જ છે. વારુ, એમ તો એમ; કદાચ એ જ બહેતર છે! ...હું હવે પહોંચ્યો હતો આ રાગશૂન્યતાની દશાઃ જે એક અંધવર્તી બિંદુ છે: લૌકિક પામરતાના બિંદુથી નીકળીને લોકોત્તર મહત્તાના બિંદુએ જે કોઈને જવું હોય તે સર્વને માટે આ રાગવિમુક્તિના મધ્યબિંદુમાં થઈને જ માર્ગ છે.

**૭૨ પંક્તિ ૩: કૂતરાની કોટડી—**

લુબ્ધક (Sirius)ને કૂતરો (dog-star) પણ કહે છે, બલ્કે એ જ એનું પ્રાકૃત નામ છે, એટલે પૃથ્વી માટે 'કૂતરાની કોટડી'ની ઉપમા મૂળમાં કુદરતી રીતે આવે છે. અનેક વાંચનારને વિચારક્રમ ઝટ તો લાગતો નથી.

**૭૩ It is Night—**

માનવસૃષ્ટિમાં રાત ચાલે છે, અને દિવસ ઊગતાં હજી ઘણો કાળ લાગશે; આપણે ધુમાડિયાં ખંડેરોના તેલબાટમાં રહીએ છીએ અને સ્વર્ગના સૂર્ય અને તારા વચ્ચેથી આપણે ભુલાઈ ગયા છે, અને દંભ અને અશ્રદ્ધા-બે કારમાં ભૂત-તેમની પ્રતીત વિશ્વાસશક્તિની સાથે સાથે પૃથ્વીને ખૂંદી વળે છે અને પાતાળી બને છે; આવા સમયમાં શાંતિના અધિકારી તો તેઓ જ જેઓ જગતના વ્યવહારને પોકળ માયા ગણીને તે વ્યવહારમાં ઊંઘણશી જેવા ફરે છે.

When the whole—

જ્યારે આખો મનુષ્યંશ હાસ્ય, રુદન, અને વિસ્મયનો અપાર ગબડાટ મચાવી રહ્યો હતો ત્યારે આપણો મુનિ મૌનમાં બેઠો હતો.

We say as—

ઉપર પ્રમાણે ફરી કહીશું કે આ માણસની અસાધ્ય સત્વહીનતા છતાં પણ એના હૃદયમાં કેવી કેવી યે ઉન્મત્ત આશાઓ સ્ફુરતી હતી!

૭૪ Silence as of—

મૃત્યુના જેવી નીરવતા, કેમ કે આ અતિશિતર પ્રદેશોમાં યે અપ્રશાંતિ પોતાની વિશિષ્ટતા રાખી રહે છે; એ સ્થળે સંભળાય છે અને દેખાય છે માત્ર પર્વતોની ઉબડખાબડ ભેખડો, અને મંદશીલ ધ્રુવસમુદ્રનો શાંતિપોષક ગડગડ, અને તે ઉપર છેક જ કિનારે લટકતો નીચો અને આળસુ સૂર્ય, જાણે એ પણ ઊંઘતો હોય એવો. તથાપિ એનો વાદળ-ડોલિયો તેજસ્વી ગોળ કુંદનમય મસ્તકનો હોય એવો છે અને એનો તેજરાશિ તરફ અસ્તિત્વ હોય એમ સમુદ્રના દર્પણમાં ફરફરતો લિસોટો ઊતરી જાય છે અને મારા પગ તળે ક્યાંક છૂપી જાય છે. આવી સ્થળોમાં એકાંત પણ અમૂલ્ય બને છે; કેમ કે વસ્તિ જ્યાં આખો યુરોપ અને આફ્રિકા-માત્ર મોકળાશે ભાડ કરીએ તો-ગાઢ નિદ્રામાં પોઢેલ છે, અને સામે જોઈએ તો, આપણો સૂર્ય પણ જેના આગમનનો એક હીરો માત્ર છે, તેવો અમૃત-પ્રસાદ અને ભવ્ય મૌનિ મહાપ્રકાશ વિસ્તરે છે. ત્યાં કોઈ સાથે બોલવા ઇચ્છે, અગર કોઈની દૃષ્ટિએ ચડવા ઇચ્છે, એવો તે કોણ હોય જે!

૭૫ The imprisoned Chrysalis—

કોશેટા-પંજરમાં પૂરેલો કીટ હવે પાંખધર રૂપ બન્યો છે, અને એનાં આવિ ઉડ્ડયન ભલે ગમે ત્યાં થાઓ, પણ રૂપાંતરમાં આવ્યો તે હવે સદા યે રહેવાનો રૂપ જ.

The passivity given—

જન્મથી જ એ મંદશાળી છે, તે એનો ગુણ એના આશ્રયકને આંટે આંટે વધતો આવે છે. પાણીમાંથી જેમ તેલબિંદુ અલગ થાય, તેમ દરેક ધંધામાંથી અને જાહેર પ્રવૃત્તિ માત્રથી તરછોડાતો તરછોડાતો એ પડે છે આખરે ગાઢ એકાંતમાં અને સેવે છે જીવન કેવળ ધ્યાનનું. એની શક્તિઓનું સત્વસર્વસ્વ વર્ષો ને વર્ષો સુધી એક જ સાધના સાધે છે,—જે દુઃખનો ઉપાય જ નથી તે બસ સહેવું. સર્વત્ર વસ્તુઓનાં નામ-રૂપ એને દમે છે, એની સામે ઝગરે છે, એનો સત્યાનાશ કરવા મૂંઝી રહે છે: નામ-રૂપના પડ પછી પડને ચીરીચીરીને



તેમનામાં ગૂઢગાઢ રહેલાં વસ્તુનાં સત્વોને પામવામાં એ વિજયી નીવડે, તો જ એને શાંતિ અને ઠરવાનો ઠામ મળી શકે. પણ આ નામ-રૂપ આ આવરણ-ભિન્ન વીંધી વસ્તુઓને પોતાને જોવી, એ તો શું (એવું આગળ જતાં ઉપજાવ્યો તે) ચલનવાદનું–વસ્ત્રક્રિયસૂરીનું–પદેશવહેવું રેખાદર્શન નહીં? એટલે આ સર્વ ઉપરથી આપણને નથી લાગતું શું કે એવી ક્રિયસૂરીના શુદ્ધ હાર્દ વસ્તુ એને આવું કોઈ અણસારે અણસારે બોલાવી રહ્યું છે? અને આવા માણસના હાથમાં અને આવા દેશકાળમાં એ ક્રિયસૂરીનું કેવું થાન પડશે તે પણ આ સર્વ ઉપરથી આપણે નથી કહી શકતા શું?

૭૬ Through many a—

આપણે ઘણુંય છિદ્રો દ્વારા ઝાંખ્યું છે ટ્યુફેલ્સડ્રોખનું મનોરાજ્ય: એનું વિવિધ સહસ્ત્ર-રેખ ઝળહળ જાદુઈ વિચિત્રિત; અને તે રેખા રેખા નખતાં કેવી રીતે ચીતરાયું તે હવે આપણને છેક અગમ્ય નથી.

His outward biography—

એટલે એના જીવનની બાહ્યકથા, જે ઉપર નિર્દિષ્ટ ઝ્યુમાર્ગ-પ્રેમ-પ્રપાત આગળ પડી પછી અતલ ખડકોમાં ચકોરાઈ આપણાઓના ઊંડતા મેઘનું રૂપ ધરતી આપણે જોઈ ગયા, તે ભલે એ ને એ રૂપમાં અત્યાર સુધી રહો પણ આપણને બહુ ચિંતા જેવું નથી. આપણા હેતુને માટે એટલું પૂરતું છે કે (એમાંથી જુદી જુદી જગાએ પડી પાણી ફરી જોઈ શકાતા) કેટલાક 'છૂટા-છૂટા પત્રકો'ની મારફત ઉપરથી એ ઊંડતા મેઘની ગતિની સામાન્ય દિશા વિશે અમે અટકળ બાંધી શક્યા છીએ. અને અહીં સુધીના વર્ણન ઉપરથી પણ આપણે નથી જોઈ શકતા શું કે એ મેઘ પાછો હવે અહીં કે પછી, આ માર્ગે કે બીજે માર્ગે, એક કારણથી કે અન્ય કારણથી, વરસી ગયો છે, અને તેને પાછું એક વહેતા જળપ્રવાહનું દૃશ્ય રૂપ પ્રાપ્ત થયું છે? ઝ્યુમાર્ગ ટ્યુફેલ્સડ્રોખની પ્રીતિપાત્રનું નામ છે. કેટલાક શબ્દો અવતરણ ચિહ્નો વચ્ચે આવે છે તેનું કારણ કે એ શબ્દો નાયકના જ પોતે ઉતારી લીધા છે એમ કર્તા બતાવવા માગે છે.)

૭૭ પંક્તિ ૧૯: આકાલિક—

છે તે 'આકાલિક' જોઈએ. આકાલિક એટલે આજ બપોરે માંડીએ અને આવતી કાલે તે જ વખતે પૂરું થવાનું હોય એવું ભવિષ્ણુ મુહૂર્તનું. એ અર્થ અહીં નથી. સરખાવો 'આકસ્મિક.'

૭૮ But it is—

પણ અત્યારે તેમ જ વિદે—સૃજનકાર્યનો આરંભ પ્રકાશથી છે.

**આંખને દૃષ્ટિ મળે નહીં** ત્યાંસુધી આખો અવયવસંઘ બેડીઓમાં કેદ છે. ખરે જ તે પણ કેદરૂપ છે, જેમાં સંજ્ઞાશૂન્ય આત્મોદધિ ઉપર શબ્દ થાય છે, જેવો સૃષ્ટિની ઉત્પત્તિક્ષણમાં અરૂપ અવર્ણ્ય અબ્ધાન્ધોદધિ ( chaos ) ઉપર શબ્દ થયો હતો, કે—થાઓ પ્રકાશ પ્રકટો! [ જુઓ, ઓલ્ડ ટેસ્ટામેન્ટ-જેનેસિસ, પહેલા જ શ્લોકો. ] ઉત્તમોત્તમ માણસને પણ એવી પળનો અનુભવ ઈશ્વરની અસ્તિ કથનારો અને ચમત્કૃતિમય નથી શું ? સામાન્યમાં સામાન્ય માણસને પણ એવો અનુભવ એની મગજના પ્રમાણમાં પણ તત્ત્વતાએ એ જ પ્રકારનો નથી શું ? મૂળ પ્રકૃતિની મત અવર્ણ્ય અરૂપતા ( Discrod ) [ ઈશ્વર જ જાણે શી રીતે-પણ ] શમે છે; અન્યોન્ય ઘર્ષણમાં મચેલાં આખ મહાભૂત વ્યવસ્થાતત્ત્વ પામતાં જુદાંજુદાં જ્યોતિર્મંડલ બંધાય છે; મહાસર્ગના તલમાં ઊંડા વિશાલ ખડક-પાયા નખાય છે; ઉપર ગોળ જ્યોતિર્મુખટ તેના સનાતન જ્યોતિઓ સમેત વિલસે છે; અને વ્યર્થ અંધ અભાવ ( chaos ) ની જગાએ ખીલતી, ફળદ્રુપ, મહતચેષ્ટિત પૃથ્વી ઊપસે છે. હું પણ હવે મારી જાતને કહી શકશો:—હે પિંડ, હો મહ, પોત વિસ્તાર! આ તેજોમય સુવ્યવસ્થિત બ્રહ્માંડમાં તું પણ હવે ને છેક જ લઘુ પરિમાણનું તથાપિ એક બ્રહ્માંડ [ ब्रह्मणः खण्डं अर्थात् ब्रह्मणाधिष्ठितमण्डं ] થા!

૭૯ The Thing Visible—

દૃષ્ટ માત્ર, કલ્પિત માત્ર, અરે કોઈ પણ પ્રકારે દૃશ્ય તરીકે કલ્પી શકીએ તે સર્વ, પેલી અપર વસ્તુનું આવરણ કે વસન માત્ર નથી તો એ બીજું હોય જ શું?—પેલી અપર લોકાતીત ઇંદ્રિયાતીત કલ્પનાતીત અનામી વસ્તુ, જે સ્વકીય તેજ તેજના અંબારને લીધે જ અદૃશ્ય છે!

The beginning of—

જ્ઞાનસંપત્તિનું પહેલું પદ આ છે કે આવરણ વસ્ત્રાદિ તરફ ધારીધારીને જોયા કરવું. સુતેજ દૃષ્ટિ વડે જોયા કરવું, એ ભાગ પડે પારદર્શક બને ત્યાંસુધી. આ દેશકાલનો સુજ્ઞ-એક [ જર્મન મહાકવિ Goethe ] કહે છે કે, "કિંવદંતીનું સ્થાન તો મધ્યમાં જ." વાહ, કેવું ગંભીર સત્ય! એક તરફથી શિખરસ્થ સંત એની દૃષ્ટિમાં આવતે, અને બીજી તરફથી જે નીચામાં નીચું છે તેને પ્રાણ એની દૃષ્ટિ સંસ્કારી થઈ પોતા સમાન કરે, તે જ કલ્પનીય સર્વનો સમાન સમન્વયીભાવ, તે જ ખરો મધ્યસ્થ કિંવદંતી.

## ગુણભૂતો—

હે સજ્જન, જે મા-બાપ-નામરૂપનો પગ-સ્વામી અને તેની સિદ્ધિઓ જાય તો એ ગુણ-એક અંગ તરીકે આવી જાય જ.



૮૦ Happy he who—

**સુખી તે**, જે કોઈ પણ માણસના વસનાદિ ( જેવાં કે વસ્ત્રાલંકાર, શરીર, વિલાસ દસ્તાવેજાદિ, પ્રતિષ્ઠા-પદવી-રાજ્ય-આદિ ) આરપાર વીંધી તેના સ્વ-ભાવને સુદૃષ્ટ કરી શકે; અને ઉ૦ ત૦, આ કે પેલા આદિલજાદી મહારાજમાં મંદમંદ જઠરાગ્નિથી કમતાકત થયેલું દેહયંત્ર નિહાળી શકે, તો એથી ઊલટું કોઈ કનિષ્ઠમાં કનિષ્ઠ કસબાઈ કનાર [ કલ્યાણિના ધ્યાનમાં અહીં 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' નામના જગદ્‌વિખ્યાત રૂપકનો કર્તા બનિયન Bunyan છે ] માં એક અગમ્ય સત્ય ચમત્કૃતિ નિહાળી શકે.

Reader, the Heaven-inspired—

વાંચનાર, ઈશ્વરદત્ત પ્રતિભાવાન મધુર કવિ, શ્રેષ્ઠ પદવીનો અમીર, કે રાજકુમાર; તારી પોતાની વિશ્વતમા, જે દિવ્યાલયે જન્મપામી લલિતમાલિનીને તું માલા છે, અને દેવી સમાન પૂજે છે-( જે તે છે જ, જે અર્થમાં નરનારી માત્ર દેવદેવી છે તે અર્થમાં ); સર્વ; અને વળી તું પોતે;—ઊતરી આવ્યાં છે પેલાં કદ્રૂપ, બીભત્સ, પાપાચાર, પુરાણ, નરકકુંડ મહાવાનરમાંથી! અધ-માધમ નરકકુંડમાંથી સમુત્ક્રમે છે ( evolves ) નરત્વ-નારીત્વ; કેવલ અધાતિ-શયમાંથી નિરસે છે સૌંદર્ય. કાલપટે નહીં તો પણ કાલના પ્રવાહમાં કેવાકેવા ફેરફાર થાય છે! કેમકે એટલી માનવજાતિ તો શું પણ જે જે પ્રવર્તે છે યા સાક્ષી છે તે તે સર્વ ખીલ્યા જ કરે છે, અવતાર જન્મ ધર્યા જ કરે છે, સુઉન્નતર સંસ્કાર પામ્યા જ કરે છે.

૮૧ Cast forth thy—

તારી કૃતિ, અર્થાત્ તારો શબ્દ, આ સદા-સર્જન સદા-ચરિષ્ણુ જગતમાં ફેંકેલ; એ પણ એક બીજ છે, જે અમર છે; અને, એક કહે છે, આજે ભલે ને એ કોઈનું પણ લક્ષ ન ખેંચે; એક હજાર વર્ષમાં તો એ ફાલીફાલીને એમાંથી એક અડાબીડ વડલાઓનું જંગલ થઈ રહ્યું હશે-કે કદાચ, અરેરે, એક હિંસાકહીની ઝાડી!

## વિયસ્તરજની—

આ કાલ-નદ સંબંધ વહે છે, ચાલ્યા જ કરે છે, અને યોનિ માત્રને કોઈ માત્રને સમ ઉપજે એ પ્રકારે વહે છે, કેમ કે એના બંને તટના કિનારા અને સાક્ષ્ય કકડાઓ એમાં તૂટી તૂટીને પડયા જ કરે છે; વળી એમાં જે કોઈ પડે છે જે કંઈ પડે છે તેને આલંબન નામે મળતું નથી કે નથી તે કદાપિ પાછું નીકળી શકતું. છતાં આવા ભયાના નાદથી કોઈ પાછું વળતું નથી-આવે દૂરદૂર ખસી જતું નથી, મહાપુરુષો પણ એને છાંડી શકતા નથી, એવો તે મદમલિન એવો મોહ ખરે અજબ છે!

**यस्मिन्वस्तु—**

જે વસ્તુઓ મને ભારી લાગે છે તે જ વસ્તુઓ હૃદયને ચિંતા, ક્લેશ, દુઃખ આદિ કરનારી છે; ત્યારે જે વસ્તુ તરફ હું ઉદાસ છું તેમાં જ મને સ્વ-આત્મ સંતોષનો પરમ આનંદ મળે છે.

**नास्माकं—**

અમારે નથી મેના-પાલખી, નથી કેડમાં કડાં આદિ શાલ પાઘડીનાં માન, નથી પાલુહિદાર ઘોડો, કે કોઈ અનુચર, કે રેશમીનું એક પણ વસ્ત્ર. હા, અહીં એક વસ્તુ છે ખરી: ભૂતલના સાહિત્યકલાવિલાસી અખલિત વિદ્વત્સંઘની પ્રસાદીરૂપ, સર્વાંગસુંદર, ચિત્તમાં શાંતિશાંતિ વર્તાવી રહે એવી, અને બુદ્ધિને નમ્રતાનો સ્વભાવ પાડી દે એવી વિદ્યા અમારી છે ખરી.

**૮૨ उद्न्वत्—**

પૃથ્વીના વિસ્તારનું પરિમાણ-સમુદ્ર. જ્યાંજ્યાં સમુદ્ર શરૂ થાય ત્યાં ત્યાં પૃથ્વીનો છેડો સમુદ્રનું પરિમાણ-સો યોજન: ગગનનું પરિમાણ-નિત્યપ્રવાસી સૂર્ય રોજ રોજ માપી લે છે તેટલો ચકરાવો: આમ નાનામોટા પ્રમાણોને માટે અમુક માપની મર્યાદાના નિયમ છે; ત્યારે સત્પુરુષોની પ્રજ્ઞાના ચમત્કારિક ઉન્મેષોના વિજયને મર્યાદા જ નથી.

**अमृतजलधेः—**

પ્રતિભાશાળી સાક્ષરોની વાણીના ઉદ્‌ગાર ક્ષણ કઠિન તો લાગે, પણ તેમાંથી સદાસર્વદા અમૃત વર્ષા કરે છે. એ ઉદ્‌ગારોને માટે બંધબેસતી આવે એવી ઉપમા જ નથી. હા, જો મેઘ સમુદ્રનાં ખારાં પાણીને બદલે અમૃતથી ભરેલા કોઈ સમુદ્રનાં પાણી પીયા કરતો હોય, અને પૃથ્વી જો કેવળ ખડકમય હોય, અને એવી પૃથ્વી પર ઉપર વર્ષાવી ગયા એવો મેઘ સુંદર તારાઓના આકાશનાં ક્યાં જ વર્ષાવતો હોય,-તો એવાં ક્યાં એ ઉદ્‌ગારો સાથે સરખાવી શકાય ખરાં!

પંક્તિ ૨૨-૩ કરી કાસ્વી, કરી કસવી. પણ ' કરી-કાસ્વી ' કાઠિયાવાડમાં બોલાય છે.

**साहित्ये सुकुमार—**

ન્યાય-નિતરાં સિદ્ધ એવા ન્યાયદર્શનના દ્રવ્યગુણ આદિ સાત પદાર્થો અહ; સિદ્ધાન્ત.

હું સંવિધાન-ગ્રંથરચના-કરતો હોઉં ત્યાં ભારતી-મારી સરસ્વતી-ને બમે



તે વિષય હોય છે તો પણ એક સરખો લીલા-એકસરખો આનંદ-થઈ રહે છે; સુકુમારવસ્તુ સાહિત્યમય હોય, અથવા તો ન્યાયદર્શનના સિદ્ધ પદાર્થોના સિદ્ધાંતોવડે દૃઢ ગુંથેલો-ગાંઠેલો-કોઈનો ભાર નહીં કે જરા શિથિલ કરી શકે એમ રચેલો તર્કગ્રંથ હોય, બને સરખું છે: પતિ જો હૃદયંગમ હોય તો સ્ત્રી સુંવાળી શોભીતી હો વા માત્ર દર્ભાં કુરની શેય હો, પણ સ્ત્રીને એકસરખો આનંદ આવે છે. અહીં કુમાર અને ન્યાય એ બે વ્યાકરણોનાં નામ પણ છે, જે બે વચ્ચે કવિ સૂચવે છે એવો ભેદ પણ છે.

**૮૪ व्यतिषजति—**

સૌ પદાર્થોને અન્યોન્ય સાંધનાર કોઈ આન્તર હેતુ હોય છે. દશાની દૃષ્ટિમાંથી અમુક વિચાર-દ્રવ્યગ્રાહ-વહે છે, અને પદાર્થ માત્ર કાર્ય માત્ર તેની સૃષ્ટિમાં-સૃષ્ટિનું જે દર્શન તે સ્વીકારે છે તેમાં-પોતાના આન્તર હેતુના જે જે પ્રમાણમાં પોષક, તે તે પ્રમાણમાં તે દરેક પદાર્થ-કાર્ય-આદિનું તે વસ્તુઓનું મૂલ્ય આંકે છે.

આ સાક્ષર એકદેશી. ત્યારે यत्र यत्र मनो याति० એ જેને લાગુ પડે છે તે સાક્ષર સર્વદેશી.

For my conversation—

સૌ સાથેના સમાગમ વાતચીત આદિમાં તો મારું વર્તન, સૂર્ય જગતના સારા નરસા સર્વ પદાર્થો તરફ રાખે છે તે જ પ્રમાણે એક સરખું રાખું છું; સારા અને નરસા સર્વ તરફ (સૂર્યની માફક હું પણ) મિત્રતાનો મ્હોરો ધરું છું. વળી માનું છું કે કોઈ પણ માણસ કેવળ નરસો હોતો નથી. સામાન્ય રીતે નરસા ગણાય એવા માણસોમાં પણ ઘણી સારપ હોય છે, એટલે કે એમનામાં જે જે સારપના અંશ હોય છે તેટલામાં જો આપણે તેમને રાખી આપણો તેમની સાથેનો સમાગમ એ ક્ષેત્ર પૂરતો જ રાખીએ તો, કોઈ પણ માણસની પ્રકૃતિ એવી વિસંવાદી અને કાન ફોડનારી હોતી જ નથી, કે તેની સાથે વાતમાં મીઠો સૂર પેદા કરે એવી બીજી કોઈ પ્રકૃતિ મળી જ ન આવે. હા, પ્રાચીન સૂત્ર સત્ય છે કે સદ્‌ગુણ મોટામોટા તો દુર્લભ પણ સામી તુલામાં મુકાય એવા! ઓછા ન તરે એવા! સદ્‌ગુણ ઉત્તમ પ્રકૃતિઓમાં ઘણે ભાગે કવિતા જેવો (કલ્પના પણ રીઝે એવો) ઉન્નત ઓપ ધરે છે, તો એથી ઊતરતી પ્રકૃતિઓમાં દુર્ગુણો પણ પોતાની શિખરાવસ્થાએ પહોંચે છે. અને તો પણ એક પાપલિપ્ત અને ખારા ઝેર થઈ ગયેલા સ્વભાવોમાં પણ કેટલાક ભાગ નિર્મળ રહી ગયા હોય છે, જે પરિસ્થિતિના અત્યંત વિરોધમાંથી જ ઘણે ભાગે શક્તિ મેળવતા હોય, ચારે તરફના ઘેરી સંસર્ગથી જ ઘણે પોતાનું શુદ્ધ રૂપ પ્રેરક ખીલવતા હોય, એમ અનેરા તેજથી પ્રકાશી રહે છે.

૮૫ પંક્તિ ૨૩ : પ્રવાહ તેને જોનારની.
આમાં 'તેને' ન જોઈએ.

૮૫-૬ When thou lookest—

જ્યારે તું બીજાઓનાં દૂષણો નિહાળતો હોય, ત્યારે જરૂર એમનામાં જે કંઈ ભૂષણ હોય તે પણ એક આંખે જોજે, અને વળી ભૂષણ-દૂષણનો તાળો પણ તપાસજે. એકતરફી દૂષણના દર્શનને બદલે આમ સમગ્ર અવલોકન કરીશ તો ઘણા માણસો, ઘણાં પ્રાણીઓ, ઘણી વસ્તુઓ, તેમનાં દૂષણો છતાં પણ, સરવાળે તને વખાણવા જેવાં જણાશે. વિષધરના દાંત જોતાં આપણને ભય અને દ્વેષ થઈ આવે ખરો, પણ તેની જ આંખ જોતાં આપણને સાનંદાશ્ચર્ય થયા વગર નહીં રહે. ઈશ્વરની પ્રકૃતિઓમાં પણ કંઈક આવી જાતિએ એવો ભાગ હોય છે; વિષ વિષના જ ઉતાર હોય છે એ પેઠે, સદંતર અને કેવળ પણ સારપના મેળ વગરની દુષ્ટ કોઈ કરતાં કોઈ પણ ચીજ નથી. બહુ મોટા માણસોમાં એવા સદ્ગુણોમાં કેટલીક વાર અતિશય નિંદ્ય દોષો ઓતપ્રોત હોય છે. તો કેટલાક દુર્જનોનાં ચરિત્ર કોઈકોઈ મનોહર સદ્ગુણથી ઊજળાં પણ હોય છે. એરિસ્ટાઈડીસ, ન્યૂમા કે ડેવિડ જેવા સાધુ પુરુષોનાં ચરિત્રોમાં પણ ડિમિટ્રિયસ, એન્ટોનિયસ, અને આહાબ જેવા બહુ ઊતરતી પંક્તિના પુરુષોએ કરેલાં (વિરલ તથાપિ) અતિશય પ્રશસ્ત કૃત્યો જોવામાં આવતાં નથી; બીજી કોઈ રીતે આદર્શ રૂપ કે નકલ કરવા લાયક ન ગણીએ એવા માણસો પણ વફાદારી, ઉદારતા, દયા, અને દાનશૂરતા જેવા ઊંચા સદ્ગુણો વડે ચરિતાર્થ થઈ ગયા છે.

આહાબ (અંગ્રેજો આ નામનો ઉચ્ચાર 'એહબ' કરે છે) માટે જુઓ ઓલ્ડ ટેસ્ટામેન્ટ-૧ કિંગ્સ, પ્રકરણ ૧૬ થી ૨૨.

૮૭ But since goodness—

જ્યારે ગુણવત્તા જ્યાં હોય ત્યાં જે રૂપની હોય તેની અનુકરણીય છે. એટલે આપણે એ સાર લેવો ઘટે છે કે બીજાઓમાં આપણા સદ્ગુણ ન હોય એવું જોઈજોઈને ફુલાવાને બદલે બીજાના સદ્ગુણ આપણામાં ન હોય, એ આપણી ઊણપ આપણે દૂર કરવાને મથવાનું છે. બીજાના જે દુર્ગુણોથી આપણે મુક્ત હોઈએ તે માટે તેમને તિરસ્કારપાત્ર ગણવાને બદલે તેઓના જે સદ્ગુણોમાં આપણે ઊતરતા હોઈએ એ આપણી પોતાની તિરસ્કારપાત્રતા આપણે દૂર કરવાની છે. દુનિયાનું બંધારણ જ એવું છે કે દરેક દરેક માણસમાં કંઈ ને કંઈ કચરો કેમ સરખામાત્ર હોય જ, અને કોઈ પણ માણસમાં નર્યું શુદ્ધ કાંચન હોવાની આશા રાખે તે તો હવાઈ કિલ્લા જ બાંધે છે.

इदं किमपि—

આ લોકમાં કેવળ નિર્દોષ કે કેવળ નિર્ગુણ કશું જ દેખાતું નથી.



For perfection—

પ્રકાશ અમુક અમુક વસ્તુઓમાંથી ચારે તરફ ફેલાય છે, એટલે કે તે તે વસ્તુઓ પ્રકાશનાં પ્રધાન અધિષ્ઠાન છે. સંપૂર્ણતાને આવાં અધિષ્ઠાન છે નહીં. સૃષ્ટિનો પ્રસવ થયો તે ઘડીએ વનસ્પતિ માત્રનાં બીજ તેઓના પેટાળમાં હોવાને બદલે જેમ આખી પૃથ્વીમાં સર્વત્ર હતાં તેમ સંપૂર્ણતા-સંપૂર્ણ ગુણવત્તા-પણ આખી જનતામાં સર્વત્ર વ્યક્ત છે. કોઈ પણ એક માણસમાં તે સોળે કળા જણાતી નથી તો ઓછીવત્તી દરેક માણસમાં જણાય પણ છે.

So that 'tis well—

તાત્પર્ય કે ઘણાઘણા માણસોના વખાણેલા ગુણો એકત્ર કરી સંપૂર્ણ ગુણવત્તાના અધિષ્ઠાન રૂપ એક આદર્શ માણસ કલ્પી શકાય ખરો. અથવા તો ઈશ્વરની સંપૂર્ણ ગુણગ્રાહી દૃષ્ટિ આખી માનવજાતમાં એક આદર્શ માણસ જોઈ શકે ખરી.

"કોઈ યુગમાં કોઈ મહાત્મામાં સર્વના ગુણોનો આવિર્ભાવ થાય છે" એ દૃષ્ટિ અને આ પ્રાકૃતની દૃષ્ટિ વચ્ચે ઘણો મોટો ફરક છે.

૮૮ પંક્તિ ૧૫ : એનાં નેત્ર મીંચાયાં પછી પણ :

એ તટ ઉપરથી પ્રવાહમાં પડી જઈ પ્રવાહની લહરીઓમાં ડહોળાય છે, હાલે છે, વમળિયાં ખાય છે, સપાટી તળે ખેંચાય છે ત્યારે પણ; તટસ્થ અભિજ્ઞતા ભરી એમનો જ 'ભોગ'—ભોગ્ય—ની જેમ એટલે સુધી ભોક્તૃપણામાં તણાય છે ત્યારે પણ તે દ્રષ્ટા મટતો નથી. એક વાર ખરેખરો દ્રષ્ટા થયો તે પછી દ્રષ્ટા મટતો નથી.

૮૮-૯ अवातुर—

(૧) સાક્ષાત્કારના ઉત્તરોત્તર વિકસાવવાના આગ્રહવાળો અને એ દર્શનનો વિકાસ જ પોતાને માટે પરમ પુરુષાર્થ છે એવી શ્રદ્ધાવાળો માણસ માત્ર [જુઓ મૂળ ગ્રંથ પંચદશી માં આ પહેલાંના શ્લોક] એટલે સાક્ષાત્કારનું પ્રથમ પગથિયું પ્રાપ્ત થતાં જ પાકો નિશ્ચય કરી લે છે અને પછી એ નિશ્ચયને કાયમ વળગી રહે છે. (૨) સાક્ષાત્કારનો આનંદ-એ જ મારો પરમ પુરુષાર્થ છે એવો નિશ્ચય પાકો થયા પછી પણ એકસરખો અનુભવાતો નથી. માણસની પ્રકૃતિ જ એવી છે કે સ્વીકારેલા કર્તવ્યમાં તેને એકસરખો ઉત્સાહ વર્તી રહે એવો સંભવ નથી. પણ નિરુત્સાહના ગાળાઓમાં પણ બીજા આનંદો-પ્રવાહમાં તરવાના, વિષયોને ભોગવવાના આનંદો-ને એ ગૌણ જ ગણે છે અને પોતાની ભાવનાને જ વફાદાર રહે છે. (૩) દાખલા તરીકે, વ્યભિચારિણી ગૃહિણી પોતાના જાર સાથેના સમાગમનો પરમ આનંદ પોતે ગૃહિણી હોવાને લીધે કોઈ કોઈ વિરલ અનુકૂળ પ્રસંગે જ મેળવી શકે છે; તેનો ઘણો ખરો વખત તો ગૃહિણી તરીકેનાં કાર્યોમાં અને એ કાર્યોના આનંદોમાં જ જવાનો; પણ એ

કાર્યો અને તદ્રૂપ આનંદો એને મન ગૌણ અતિગૌણ છે; એ કાર્યો અને આનંદો દરમિયાન પણ એ શ્રી અસ્ત્રા સમાગમના સ્મરણ ચિંતન આદિ માનસિક સમાગમસુખમાં જ મગ્ન રહે છે. (આપણા દેશમાં જૈન ગ્રંથોમાં આવાં દૃષ્ટાંતો આવે છે, જેથી હાલના વાંચનાર મુંઝાય છે. પરંતુ વ્યભિચાર માટેનો તિરસ્કાર આવાં દૃષ્ટાંતોના સ્વારસ્યનું ગ્રહણ કરવામાં આડે આવે એ તો આપણા કર્તાએ કટાક્ષ કર્યો છે તેમ ભાષામાં માખણ જાય અને વધુ દૂધ-મંદમતિ-જ ગ્રહાય (પૃ. ૧૦૩), એવી વાત છે. બ્રહ્મજ્ઞાન કે સાક્ષરજીવનની તલ્લીનતાને વખાણે માણસ લૌકિક દૃષ્ટિએ વ્યભિચારી છે એ આવાં દૃષ્ટાંતોનું તત્ત્વ છે. વળી બીજી રીતે જુઓ. આત્મા દેહી છે ત્યાં સુધી તે પરણેલો છે-કુદરતે તેને વળગેલો છે-દેહની દુનિયાને. આ લગ્ન જનેતાના ગર્ભાશયમાંથી જ થયેલું છે. પછી સમજણો થતાં તે દુનિયાથી પર એવા બ્રહ્મ સાથે-વ્યવહારના પ્રવાહથી પર એવા તટ સાથે-નવી પ્રીત બાંધવા જાય છે. આ પર-પુરુષ-પ્રીત એટલે વ્યભિચાર જ છે.)

આ પછીનો મુક્તમનો એક શ્લોક કર્તાએ અહીં છોડી દીધો છે. (૪) અક્ષ=ઇન્દ્રિયો અને ઇન્દ્રિયવિષયો સામાન્ય વ્યવહારમાં પરોવાતી બધી શક્તિઓ અને એ શક્તિઓ સાથે વળગેલો છૂટે નહિ એ પ્રમાણે સંકળાયેલો આખો વ્યવહાર. આ સર્વ સંસારનું આકર્ષણ ભલે ગમે તેટલું પ્રબલ હોય તોપણ તેને તજીઓ શકે, કદી કદી આખું જ રાખી શકે, પોતાના ઇષ્ટ વ્યાપાર અને આનંદમાં જ કદી કદી વધુવધુ પ્રવર્તી શકે, તેજ ખરો ધીર પુરુષ. (૫) આ આનંદ એક શબ્દકોટિ માત્ર નથી, ખરેખરા અનુભવનો છે; મોરલિયો પોતાનો બોરલો ઉતારીને જે આનંદ અનુભવે છે તેના જેવો આનંદ આ જ્ઞાની કે સાક્ષર વ્યવહાર-ગુંહરી માથેથી કાઢીને અનુભવે છે. એ ગુંહરીમાંથી જેમ જેમ તે વધારે વાર અને દરેક વખતે લાંબા કાળ સુધી મુક્તિ મેળવે છે તેમતેમ તે વધારે સુખી છે. (૬) માણસ ગમે તેટલો 'ધીર' હોય પણ ફરીફરીને તે સંજોગોનો ભોગ થઈ જ પડે; સંસાર તેના ઉપર વારંવાર આક્રમણ કરે જ કરે. નિરુત્સાહની દશા નહીં છે, આવાં આગંતુક સુખદુઃખોની દશા નહીં છે. આ વિશે કહે છે, એવી દશાઓમાં પણ જ્ઞાની કે સાક્ષર નિત્યનંદતત્પર રહે છે. (૭) અને સ્વાનંદાનુસંધાનવિરોધી આવાં સુખદુઃખોને તે ધિક્કારે છે; અગ્નિ-પ્રવેશ માટે તૈયાર થયેલ પુરુષ (કે સ્ત્રી-સતી) જેમ શૃંગારાદિ વિક્ષેપોને ધિક્કારે છે તેમ. (૮-૯) નિરુત્સાહી સ્થિતિનો ખુલાસો થઈ ગયો; સુખદુઃખના આગંતુક હેલારાઓ વિશે ખુલાસો થઈ ગયો; હવે ત્રીજી બાબત સંસાર ભોગ આદિમાંથી કેટલુંક ખરું લેતાં વિરોધ હોય છે; પરમાર્થવિરોધી હોતું નથી. આ પ્રકારના વ્યવહાર કે પ્રવાહપાત વિશે બે દૃષ્ટાંત કહે છે. પહેલું કાગડાનું. કાગડાની બે આંખ વચ્ચે એક જ કીકી હોય છે. કાગડો ડાબી આંખે જુએ છે ત્યારે કીકી ત્યાં હોય છે જમણી આંખમાં નથી હોતી; જમણી આંખે જુએ છે ત્યારે કીકી ડાબી આંખમાં નથી હોતી. અને એ ચપળતાથી પણ બહુ



ચપળતાથી ડાબા જમણી જોયા જ કરે છે; એની કીકી આમતેમ જા આવ કર્યા કરે છે. અનુસંધાનને વિરોધી નહીં એવા વ્યવહારમાં તેમ અનુસંધાનમાં જ્ઞાની-સાક્ષરની દૃષ્ટિ આ પ્રમાણે આવજા કર્યા કરે છે. (૧૦) બીજું બે ભાષા જાણનારનું. લૌકિક ભાષા અને વેદભાષા બન્ને જાણનારની બુદ્ધિ બન્નેમાં આવજા કર્યા કરે છે, તેમ અવિરોધી એવા લૌકિક આનંદમાં અને વેદોક્ત શાશ્વત આનંદમાં જ્ઞાની-સાક્ષરની બુદ્ધિ ગમાગમ કર્યા કરે છે. (૧૧) અથવા તો એકસાથે પણ બન્ને અનુભવે છે; અર્ધ કાય જલમાં અને અર્ધ ઉપર, એ પ્રમાણે ગંગામાં નહાનાર શીતલતા અને ઉષ્ણતા બન્ને સાથે અનુભવે છે તે પ્રમાણે. શરીર વાયુતત્ત્વ અને જલતત્ત્વ બન્નેમાં હોય એમ જ્ઞાની-સાક્ષર દ્વિદૃક-બેવડી દૃષ્ટિવાળો છે. વાયુતત્ત્વમાં જ હોય તે એકલી ઉષ્ણતા અનુભવે-વ્યવહારમાં જ હોય તે એકલું દુઃખ અનુભવે-ત્યારે જ્ઞાની સાક્ષર જલતત્ત્વમાં-બ્રહ્મદશામાં પણ હોવાથી શીતલતા સુખ પણ અનુભવે છે. આ શ્લોક ત્રણે દશાને લાગુ પડે એવો છે; એટલે કર્તાએ અવતરણ અહીં જ પૂરું કર્યું છે. નિરુત્સાહ દુઃખ, આગંતુક દુઃખ, કે અવિરોધી એવા વ્યવહારનું પણ બંધનદુઃખ અનુભવવું પડે, ત્યારે પણ જ્ઞાની-સાક્ષરને સાથે સાથે ઇષ્ટ પરમસુખનો અનુભવ અનુભવાય જ. એકદા દ્વિદૃક થયો તે સદા દ્વિદૃક. અથવા આ બીજું નેત્ર આવ્યું તે જ શાશ્વત; તેને પછી પહેલું નેત્ર ધીમેધીમે બહેરું જ પડવાનું; એક પ્રીતમાંથી બે કરી તેમાંની પહેલી જ ખોટી પડી જવાની. છેવટ, આ ત્રણે દશાઓ-નિબંધમાં ઉપર સાક્ષરોના ત્રણ વર્ગ જોઈ ગયા છીએ તે મુજબ-એક બીજાથી ભિન્ન રહેવાની નથી, ઉદાસીનતા લૌકિક જીવનનો સ્થાયીભાવ છે; વિરોધ અવિરોધી વ્યવહારો પણ લૌકિક જીવનમાં ચાલ્યા જ કરે; અને અન્તર્દૃષ્ટિ એક વાર ઊઘડી એટલે જ્ઞાની-દશામાં તે એના સ્થાયી આવર્તક ગુણ-ધર્મ-જાણી જાય છે; આ પ્રકારના જીવનસ્રોતમાં અહર્નિશ આગંતુક સુખદુઃખ, ભરતી અને ઓટ, ઝરણો અને વમળ અને આસુ-પાસના નાનામોટા સ્રોત, અનુકૂલ પ્રતિકૂલ કે વક્રગતિ મંદ કે તોફાની પવન, આવે અને જાય; સમુદ્રની પૂરી થતાં સુધી ઘણી વાર આવે અને જાય, પછી પ્રમાણમાં ધીર ઠરેલવાળા, ખારાબોયાવાળા, પવનવાળા પ્રદેશમાં થઈને સ્રોત વહે એટલી વાર આવાં આક્રમણો વધારે નહિ; ઇત્યાદિ

૮૯ પંક્તિ ૧૪ : જે સાક્ષરજીવન

છે ત્યાં 'જે સાક્ષર' અથવા 'જે સાક્ષરજીવન ભોગવનાર' એવો અર્થ છે.

**૯૦ તૈસ્તૈઃ—**

આ-સાર્વભૌમ રાજ્યથી માંડીને બ્રહ્મા પર્યંતના ઉત્તરોત્તર ચડતી પંક્તિના જીવોની-કામનાઓ અને તેમનાં સુખો જ્ઞાની-સાક્ષરને (ઉપર દશ્યુલેસડ્રીંખના દાખલાથી આપણે જોઈ ગયા તેમ) તૃણવત્ છે. આ શ્રોત્રિય પુરુષ એ સર્વ વિશે નિસ્પૃહ છે; એ સર્વને પોતપોતાના આનંદોમાં જે તૃપ્તિ છે તે કરતાં,

આને એવી નિસ્પૃહતામાં વિશેષ તુષ્ટિ છે. અથવા બીજા સર્વ જે ભોગવે છે તે સર્વ છે. તે તે લોકોમાં જ આને પોતે જ એ સર્વ ભોગવતો હોય એટલો આનંદ છે. આણે સ્વાર્થ–અહંકાર–ઇચ્છા છે અને હરકોઈ સાથે તાદાત્મ્ય કરવાની શક્તિ મેળવી છે એ રીતે, અથવા તો કામના માત્રને છતી નિસ્પૃહતા મેળવી છે એ રીતે, આણે સર્વકામાપ્તિ–અભિલાષી પ્રાણીમાત્રના અભિલાષમાત્રની પરિપૂર્તિરૂપ અવસ્થા–પોતાના નિજાનંદમાં સિદ્ધ કરી છે.

૯૧ Contemplative આત્મચિંતક નિવૃત્તિપરાયણ, તટસ્થ. Literary સાહિત્ય-રત, કલા-શોખી, રસિક. Philosopher's seclusion ફિલસૂફનો એકાંતવાસ–વાનપ્રસ્થાશ્રમ–સંન્યાસ. Scientific વૈજ્ઞાનિક કે શાસ્ત્રીનું પ્રયોગશાળા કે સ્વાધ્યાયમાં—અગ્નિહોત્રના જેવી દીક્ષામાં—પરોવાઈ રહેલું જીવન.

## કિં નિઃશંકં—

અરે તું જડ જેવો આમ નચિંત કેમ પોઢે છે? તારું બાકી રહ્યું આયુષ્ય જ છે, મૃત્યુ નજીકમાં છે, એ કશું ભાન જ નથી શું? અથવા મારી જ ભૂલ જ છે, તારી બાજુમાં તારા અંતરમાં જાહ્નવીનાં પરમ પાવક જળ અખંડ થાય છે. તારી બાજુમાં તારા અંતરમાં જાહ્નવીનાં ... અનિમેષ જાગે છે, જાગે તું ઊંઘ બહારથી જોનારને દરિદ્રતા, નીચતા, મોહ-મુગ્ધતા, પાપરક્તતા આદિ જે જે પ્રકારના દોષ જણાય તે સર્વના પરિહારમાં આ અન્યોક્તિ રહેવાની છે, એ રીતે દોષનો પરિહાર કરતાં અહીં કર્તાએ મ્લેચ્છ યુવતીની ઉતારી છે એવી તે તે વિષયને બાજુએથી જોડીતુંડી કહાણીઓ જોડીને અર્થ કનિષ્ઠ અધિકારીના હૃદયમાંયે ઉતારો એ આપણા ટીકાકારો પૌરાણિક હરદાસો આદિની શિક્ષણકલા જાણીતી છે.

શ્લોકમાં મ્લેચ્છ યુવતીની વાત નથી. પણ આ અન્યોક્તિપરથી આખ્યાયિકા દીક્ષિતે જગન્નાથ પંડિતને ટોણો માર્યો કહેવાય છે, અને જગન્નાથ પંડિત લવંગી નામની એક મ્લેચ્છ સુંદરી પર મોહી પડેલો પણ કહેવાય છે. એટલે કર્તાએ એ વાત જોડી દેવાની હરદાસકલા અહીં વાપરી છે.

## ૯૨ પંક્તિ ૨૦: વૈપરીત્ય

સહવાસના–એક પરમ સત્ માટે વાસના, ભાવના, આખા જીવનનું તેને સમર્પણ–એ તો સાક્ષરનો આવર્તક ગુણ કે ધર્મ: ત્યારે તેનો જ એનામાં કોઈકોઈ કાળે અભાવ થાય એ કેટલું બધું વિપરીત! એ કાળે એને 'સાક્ષર' નામ નહીં પણ એ શબ્દના અક્ષર વિપરીત કરતાં જે નામ–રાક્ષસ–થાય છે, તે જ યથાર્થ પડે, વળી અસહવાસના થાય તો તે તૃપ્ત કરવા માટે એની પાસે સામાન્ય મનુષ્યોના કરતાં ઘણી વધારે કલાઓ હોય છે, માટે પણ એ 'માયાવી શક્સ.'



## પંક્તિ ૨૬ તેમ જ તે:

આલ્હનકારી પ્રયોગ 'તેમજ' વડે ઉક્ત આરંભી તૃપ્ત ન થતાં વધારે ભાર દેવા માટે 'તે' ઉમેર્યો છે. જુઓ આગળ પૃ૦ ૧૦૭ પંક્તિ–૯ 'સૂર્યમાં પણ તે.'

## ૯૩ પંક્તિ ૨–૧૩ મનુષ્યભાગ......પ્રવાહમાં પડી જાય છે.

મનુષ્યભાગ—ધર્મ, કર્તવ્યબુદ્ધિ, સાધ્યને જ–ભાવનાને જ–વળગેલી દૃઢ એકાગ્રતા. આ આખા શરીરયંત્ર અને વ્યવહારચક્રનો નિયામક થવા મથે છે. પણ ઘડિયાળ જેવા શરીરમાં અનેક કમાનો છે જેમાંની કેટલીક પોતપોતાની સ્વતંત્ર ગતિથી પણ ચાલે છે, અને તે ગતિને આખા યંત્ર ઉપર સ્થાપવા મથે છે. વ્યવહારચક્રમાંની પણ કેટલીક સ્થાયી કે આગંતુક ગતિઓના પોતપોતાના સ્વતંત્ર પ્રવાહોમાં આ ટુકડા પડેલા છે જ, અને આ પ્રવાહો–એ ગતિઓ–તેના આખા જીવનને પોતાને વશ કરવા મથે છે; આમાંની કેટલીક સામાન્ય રીતે આપણા દૃઢાની સાક્ષિતાની અવિરોધી હોય છે, તથાપિ તે પણ વખતોવખત અવિરોધી મટી વિરોધી બની જાય છે. અંદરમાંથી જન્મતી કે બહારથી જન્મતી આવી કોઈ ગતિનો વેગ વધી પડે છે તો તેટલો વખત ટુકડા ટુકડા મટી જાય છે. કાં તો તે એ ગતિમાં એ પ્રવાહમાં એ ભોગાનુભવમાં ડૂબે છે. પણ જો કદાચ એ પામરતામાં ન પડવા માટે એની ભાવના વિશેષ બળ કરી વિજયી બને છે–તેને પહેલી રીતે ડૂબતો બચાવે છે,–તો કેટલીક વાર એ જય-અતિશય બીજી જાતના પ્રવાહપાતનું રૂપ ધરે છે. જે વિષયના–જે સુંદર સૃષ્ટિના–સાક્ષીપણામાં એકાગ્ર થવાની એની ભાવના છે, તે સૃષ્ટિપ્રવાહમાં જ એ પડી જઈને તેનો કેવળ પ્રેક્ષક મટી ભોક્તા-પ્રેક્ષક બને બને છે, અથવા તો કેવળ ભોક્તા પણ બની રહે છે.

ઘડિયાળયંત્રનો દાખલો લીધો એટલે મનુષ્યભાગને ચાલક કહેવાનું પ્રાપ્ત થયું: બીજું, અનેક ઘડિયાળોનું એક જ સામાન્ય ચાલક એ પ્રકારનું રૂપક લેઈએ, પણ એ રૂપકનો એવો વિકાસ ઘડિયાળયંત્રના સ્વરૂપથી વિરુદ્ધ છે; ત્રીજું, વ્યવહાર–વાતાવરણોમાંથી ઉત્થાન પામતાં વાયુચક્રોનું બીજું જે રૂપક લીધું છે તે અને આ પહેલું રૂપક બને સાથે સંકળાય એવાં છે નહીં. આ પ્રમાણે વર્ણન કિલષ્ટ થઈ જાય છે.

## ૯૩ પંક્તિ ૨૬ પૂર્વ અવસ્થા સચવાઈ ન હોય—

એક અંગ્રેજ કવિઓના જીવનચરિતોનો જ પ્રદેશ જોઈએ તો ફ્રેન્સિસ ટોમ્પસન, જોન કીટસ, લૉર્ડ બાયરન, રૉબર્ટ બર્ન્સ, ક્રિસ્ટોફર માર્લો, એમ આના અનેક મોટા દાખલા મળશે.

## ૯૪ પંક્તિ ૨–૩: પોતાના જ બળનું પ્રતિબળ એમ સંબંધ છે.

પોતાનું જ બળ બીજા બળ સામે પ્રતિબળ તરીકે એમ અર્થ છે. પં. ૨૩. પ્રફુલ્લ પુરાણુ છે, ત્યાં 'પ્રફુલ્લ છે, પુરાણુ છે,' એમ અર્થ છે.

પં. ૬૨ ધર્મ=(૧) ભાવનાનુસંધાન, ઉચ્ચ સાધુપરતા; (૨) કુદરતનો નિયમ, સૃષ્ટિક્રમ, 'ઇંદ્રિય પોતાના ધર્મમાં પ્રવૃત્ત થાય' એ સૃષ્ટિક્રમ રૂપ ધર્મ. સુંદર સૃષ્ટિના ગુણોનો અનુરાગી-રસજ્ઞ-પોતે રસભોગ કરવા જાય, રસિક રસમય થાય, રસનો શિકારી રસ-શિકારીનો જ શિકાર બને, એ ધર્મ અર્થાત્ કુદરતી છે, સૃષ્ટિક્રમ છે. તત્ત્વતાની ભાવનાનું અનુસંધાન એ ધર્મ આ સૃષ્ટિક્રમ રૂપ ધર્મના પ્રતિરોધ વડે જ સાધ્ય છે. સૃષ્ટિક્રમનો પ્રતિરોધ—ઇંદ્રિયોનો નિગ્રહ, રસના આકર્ષણનું નિયમન, શક્ય હોય તો જ અને તેટલે જ દરજ્જે ભાવનાનુસંધાનરૂપ ધર્મ શક્ય છે. Self માં ideal self અને lower self એવા ભેદ હોય તો અને એ ભેદ હોય તેટલા અંશમાં જ lower self નો control શક્ય છે; અને control શક્ય છે તે જ પ્રમાણમાં higher self પ્રતિ self-reverence અને higher self નું self-realisation શક્ય છે. માટે 'એ ધર્મનો પ્રતિરોધ દોષરૂપ કેમ કહાય?' એ વાક્ય તો ખોટું છે; તેને બદલે ઉપર સૂચવ્યા પ્રમાણે 'એ ધર્મનો પ્રતિરોધ દોષરૂપ કેમ ન કહાય?' અથવા તો 'એ ધર્મનો પ્રતિરોધ જ ધર્મરૂપ કેમ કહાય?' અથવા તો 'એ ધર્મનો પ્રતિરોધ ન કરે તે દોષરૂપ કેમ કહાય?' એ પ્રમાણે વાંચવું.

૯૫ પં. ૨૦ દિગ્દર્શન : દિશાઓનું દર્શન એટલો યૌગિક અર્થ જ.

**૯૬ પં. ૨૬-૩૨ આમ જ સાક્ષરજીવનનું...ઉચિત છે.**

આ લાંબા સમુચ્ચયવાક્યમાં બીજું મુખ્ય ક્રિયાપદ 'નિર્ણય' છે એ ક્રમભંગ છે. તે 'નિર્ણય છે' એમ લેતાં દૂર થાય છે. ગોળામાં ગોળો બે વિરામ ચિહ્નો પણ ઉમેરી લેવાં; (૧) 'વિષય છે' પછી, અને (૨) 'છે નથી' પછી

**૯૮ પં. ૧૧-૧૪ આપણું સ્થૂલ મુખ .....જાગ્યાં કરે છે.**

આ સમગ્ર વાક્ય ગુંચવાઈ ગયું છે, મુદ્દો કાઢવા ગોળામાં ગોળા બે વધારા અને એક સુધારો કરવા પડશે: **કાઢી તેમાં** છે ત્યાં 'કાઢે અને તેમાં' એમ વાંચવું. અને **તેવો આશીર્વાદ** છે ત્યાં 'તેવો આપણે આશીર્વાદ' વાંચવું.

૯૯ પં. ૬ **તેને**=ઘડાયેલા જેવા પ્રવાહ-પાતને.

**૧૦૦** In the present—

સજીવ-સંઘ (Organic)-સૃષ્ટિમાં દરેક જાતિમાં નવીનતાઓ અને વિશિષ્ટ-અસામાન્ય-વ્યક્તિઓ ઉત્પન્ન થયા જ કરે છે. આવું કારણ શું હશે



તે અર્વાચીન વિજ્ઞાન હજી કહી શકતું નથી, તથાપિ સંઘ સૃષ્ટિમાં આમ બન્યા જ કરે છે, સંઘ સૃષ્ટિનો એ એક સ્વભાવ જ છે, એ હકીકત સર્વમાન્ય છે. માનવ જાતિમાં નિસર્ગશક્તિ વિષેનું આપણું જ્ઞાન હજી એટલું અલ્પ છે કે નિસર્ગશક્તિવાળી વ્યક્તિઓ પેદા થાય છે એ હકીકતને સૃષ્ટિના ઉપલા સ્વભાવનો એક અતિ નામાંકિત અને મનનીય દાખલો ગણીને જ આપણને ચલાવી લેવું પડે છે. શેક્સપિયર, માઇકેલ ઍન્જેલો, કે જેઓ પોતપોતાના દેશકાળમાં શી રીતે ઉત્પન્ન થયા, એવાએવા સવાલનો આપણી પાસે જવાબ જ નથી.

**જ્વાલા** : સળગતા અખંડ ચાલ્યા કરતી, ઈંધન: નહીં ત્યારે પણ અચિંત ધખાવતી, વચ્ચેવચ્ચે ભભૂકી ઊઠતી અને અજબ કૃતિઓ રૂપે પરિણમતી પ્રવૃત્તિ, શરીરમનના બીજા સર્વ વ્યાપારો અને શક્તિઓને પોતાને અધીન અને ઉપકારક બનાવવાની શક્તિવાળી પ્રવૃત્તિ, જેમાં વ્યક્તિનું બધું સત્ત્વ તેલ વાટ આદિ રૂપે હોમાય છે એવી પ્રવૃત્તિ, સૂર્યની જેમ બીજાને પ્રકાશ અને ઉત્તેજન આપતી પ્રવૃત્તિ-સ્વયંપ્રકાશ અને બીજી અનેક ગૌણ વ્યક્તિઓને પ્રકટાવતી. ૧ લી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી કરેલાં વ્યાખ્યાનમાં પણ કવિએ આ શબ્દ આ જ અર્થમાં વાપર્યો છે.

**૧૦૧** Keenness—

આપણી સર્વ શારીરિક તેમ માનસિક શક્તિઓ ઉપર આંતર તેમ બાહ્ય અસંખ્ય વસ્તુઓ સ્થિતિઓ ગતિઓ ગુણો આદિ અસર કરે છે એ જાણીતું છે. નિસર્ગશક્તિવાળી વ્યક્તિનો એક વ્યાવર્તક ધર્મ એ છે કે આવી અસરો તેના ઉપર એટલી બધી થાય છે કે મુકાબલે સામાન્ય માણસોને જાડાં ચીકણાં જડ કહેવાં પડે. નિસર્ગશક્તિવાળી વ્યક્તિઓને શારીરિક અસરો કેટલી બધી વધારે થાય છે તે કાર્લાઇલના દાખલાથી જોઈ શકાય છે. માનસિક અસરોને માટે મિલ્ટન, દાન્તે, અને શૈલિના દાખલા જાણીતા છે...લાગણીઓની આવી નાજુક ગ્રહણશક્તિને બુદ્ધિશક્તિની લોકોત્તરતા સાથે ગાઢ સંબંધ છે. નિસર્ગશક્તિવાળા માણસોમાં આ ગુણ હોય છે એમ કહેવાને બદલે આ જ નિસર્ગશક્તિનું ઉત્કટ બીજ છે એમ જ કહેવું પડે છે. કવિનું વિશાલ તલસ્પર્શી દર્શન તેની ચંચલ નાજુક અને બહુરૂપ લાગણીઓમાંથી જ ઉદ્ભવે છે. કવિ ભાવનામય વિહારો તરફ જાણે પરાધીન હોય તેમ તણાય છે. રાત અને દિવસ કોઈ અજબ—સામાન્ય જડ માણસોને અદૃશ્ય એવી—સુંદરતાના લોકોત્તર અધિષ્ઠાનો પાછળ ભૂત જેવો ભમે છે. તે આ એની અનન્ય લોકોત્તર લાગણીઓનું જ કાર્ય છે. વાસ્તવિક સૃષ્ટિની ચોતરફ સીમમાં સૌંદર્યામૃતપાનની એની તૃષા છીપતી નથી, સત્યતાના અનુસંધાનની એની આરત શાંત પડતી નથી. આથી

કરીને જ એ અનુપમ અવનવા સર્ગો કરવા પ્રેરાય છે, અને આવા ભાવના-પ્રધાન વ્યાપારોથી કવિની પોતાની લાગણીઓ પણ પાછી વધારેવધારે તીવ્ર અને તીક્ષ્ણ થતી આવે છે.

સ્વતંત્ર સર્ગની રચના પાછળ કર્તાને સખ્ત માનસિક શ્રમ પડે છે, સર્ગ મૂર્ત રૂપ ધરે તે ઉત્સવી ઘડીઓમાં નહીં, તેટલું તે માટેનાં સાધનો એકઠાં કરવામાં અને ઉપયોગમાં લઈ શકાય એવું તેમને રૂપ આપવામાં.

અને આવા સર્ગના પ્રસવ વખતે કર્તાનો આખો આત્મા જાણે જ્વર આવ્યો હોય એમ તપાય છે અને ધ્રૂજે છે. સર્ગ માટેની પ્રેરણાઓ મળે છે ત્યારે વર્ષોના અનુભવનો જ્ઞાનનો એકઠો થયેલો હોય તેનાં ઊંડામાં ઊંડાં પડ આરપાર ભેદાઈને તેમાંથી આ નવા ફણગા તીવ્રવેગે ફૂટી નીકળે છે અને કર્તારૂપ એ આત્મા ક્યારામાં જાણે ભૂકંપ અને ઉત્પાત થાય છે. કલ્પનાની વસ્તુતત્ત્વનો આ ભાંડાર, ચિત્તસમુદ્રમાંનાં આ તોફાન અને ગર્જન, ઇચ્છાશક્તિરૂપ લગામના (માર્ગદર્શક) રશ્મિઓ અને (પ્રચાલક) કાંટાઓને મોટાં જ શિખવે છે. સાધનસામગ્રી એટલા તો વેગથી બુદ્ધિની સપાટી ઉપર ધસી આવે છે કે લાંબા વખત સુધી બહુ જ ઊંચા પ્રકારની એકાગ્રતા સાધી શકે તે જ કર્તા એ સામગ્રીનો ઘટતો ઉપયોગ કરી બંધબેસતું વિધાન કરવી શકે. આથી કર્તાને આવો સર્ગવ્યાપાર કોઈકોઈ વાર આનંદનાં શિખરોનો અનુભવ કરાવે છે, તો પણ તેનાથી ઘણુંખરું થાક પણ બેસુમાર લાગે છે.

લામાર્ટીન (નામે ફ્રેન્ચ લેખક) બાયરન વિશે બોલતાં કવિપ્રતિભાની વ્યાખ્યા આપે છે તે સૂચક છેઃ કવિપ્રતિભા એટલે "અંતઃકરણના તંતુઓનું માનવ અંતઃકરણને માટે તદ્દન અસહ્ય એટલા બધા આવેગવાળું આંદોલન."...કોઈ બીજાસ્ત્રીએ એક પ્રસંગે કહ્યું છે કે "કર્તાની પ્રકૃતિમાં એવું નૈસર્ગિક વલણ હોય છે કે તેને પોતાના કાબૂમાં રાખવાને બદલે પોતે જ તેના કાબૂમાં જઈ પડે છે." પોતાને કોઈ બાળક જેવું બલ પ્રેરે છે, અવશ બનાવે છે, તેની બંદાગીરી કરાવે છે, એમ અનેક પ્રતિભા-સંપન્ન કલાકારે પોતાનો નત-અનુભવ વર્ણવતાં સ્વીકાર્યું છે.

## ૧૦૩ Our conclusion is—

સુખી સફલ સ્વસ્થ જીવન એટલે પરિસ્થિતિને અનુકૂલ અને અનુકૂલ કરી લેવાની શક્તિવાળું જીવન. આ પરિસ્થિતિ-સાનુકૂલ્ય સાધવામાં સામાન્ય બુદ્ધિશાળી મનુષ્યો એટલા વિજયી નીવડે છે, તેટલા વિજયી અસામાન્ય બુદ્ધિવાળા પ્રતિભાસંપન્ન માણસો નીવડવા સંભવ નથી એ આપણો ઉપદનો નિર્ણય આવે છે. વધારે બુદ્ધિ અને શક્તિવાળા વધારે વિજયી થાય એ સામાન્ય નિયમમાં આ પ્રતિભાસંપન્ન પુરુષોની આપણને અપવાદ મળેલો પ્રાપ્ત થાય છે. કારણ કે એવા પુરુષોની બુદ્ધિ અને શક્તિઓ અને આખું માનસબંધારણ



અસાધારણ છે એટલું જ નહીં પણ અસાધારણ નાજુક છે. પરિસ્થિતિમાંના પ્રતિકૂળ અપકર્ષક અથડાતી અસરોની સાથે નાનામોટા સર્વને વાગે છે. એવી અસરોથી પોતાનું જતન કરી લેવામાં પ્રતિભાવાન વ્યક્તિઓ એમની પ્રતિભાને લીધે જ કમતાકાત જણાય છે.

## And it is—

અને અહીં આપણે પ્રતિભા અને બુદ્ધિપ્રભાવ વચ્ચેનો વ્યાવર્તક ભેદ જોઈ શકીએ છીએ. બુદ્ધિપ્રભાવ એટલે જે માનસિક શક્તિઓ માણસમાં સામાન્ય રીતે હોય છે, અને એના ગુણ અને કિંમત સૌ કોઈ જાણે છે, તેનો અતિશય. જે માણસમાં આવી સામાન્ય બુદ્ધિનો અતિશય જ હોય, તે વર્તમાન વિચાર-સરણીને જ અનુસરે છે, લોકવલણ લોકમત આદિનું તલસ્પર્શી અવલોકન કરે છે, તત્કાલ લોકો વાહવા કરે એવી કૃતિઓ ઉપજાવે છે, અને અસલ સર્ગ-વિધાનની ઉન્મત્તાવસ્થામાં જંપલાવવું એ એક જાતનો ગુનો કે એક જાતની મૂર્ખાઈ હોય એમ તેનાથી દૂર ભાગી આઘો રહે છે. આથી ઊલટું નવીન સ્વતંત્ર સર્ગોના ઉત્પાદકને, કલાના નવા અવતારોના વિધાયકને, સર્ગકાલની ઉન્મત્તાવસ્થા જ, આપણે જોઈ ગયા તેમ, જીવન-સર્વસ્વ છે. જે બળનો વશ બની તે પોતાની પ્રવૃત્તિમાં પડે છે તે એના મનને દૈવી જેવું વસે છે, અને સર્ગકાલમાં, પોતાની પ્રવૃત્તિનું, પોતાને કે અન્ય કોઈને પણ, વ્યવહારુ પરિણામ શું આવશે, તેની એને થોડી જ તમા હોય છે. અને કહેવાની જરૂર નથી કે આવી બેતમાઈ જે પરિસ્થિતિ-સાનુકૂલ્ય અને જે પહોંચથી માણસો વિજય મેળવે છે તે કરતાં ઊલટી જ છે.

## ૧૦૪ But if improvident—

વ્યવહારજ્ઞોની દુનિયામાં એ માણસ ભાઈલો છે, પણ એ એની બાહ્યસ્થિત કોઈ મહાન સહીં છે. મહાપુરુષો કેવી કેવી પ્રશસ્ય રીતે ઉપયોગી છે તે ઇમર્સન અને બીજાઓએ આપણને સમજાવ્યું છે. કોઈ નવા જ સત્યનો દ્રષ્ટા, કોઈ ઉચ્ચતર મંજુલતર કલારૂપોનો શોધક, પોતાના જમાનાના લોકસંઘથી ઘણો આગળ નીકળી ગયેલો નાયક છે, અને એના મહાભારત પ્રયાસોનું પરિણામ કાલપરિપાકે એ આવે છે કે એની પ્રજા માત્ર નહીં પણ સમગ્ર જનતા માનસિક સમુત્ક્રાન્તિનું એક પગથિયું ઊંચે ચડી શકે છે. આવો માણસ સર્વવ્યાપી જીવનવિગ્રહમાં બુદ્ધિવડે લડતા સૈનિકદલમાં હારથી છૂટો પડી મોખરે વધી ઘણો આગળ નીકળી ગયેલો સૈનિક છે. એ પોતાના હારથી છૂટો પડી ગયો છે, આગળ વધી ગયો છે, અને શત્રુના પટમાં એકલો જ ઘૂસેલો છે. તેથી કરીને એને અસાધારણ મોટાં જોખમો ખેડવાં પડે છે...આ પ્રમાણે જોઈ શકીએ છીએ કે પ્રતિભાને દાનશૂરતા કે આત્મભોગના જેવી ગણવી ય છે. કુદરત વ્યક્તિઓની નવી નવી તરેહ ઉપજાવ્યા જ કરે છે. તેમાંથી

કેટલીક પરિસ્થિતિ-આનુકૂલ્ય આપી શકે છે ને વિજયી નીવડે છે; કેટલીક એ શક્તિ વગરની નીવડી પરાજય પામે છે. પ્રતિભા ( અર્થાત્ પ્રતિભાસંપન્ન વ્યક્તિ ) વ્યક્તિજીવનના જયપરાજય જ જોઈએ તો પરાજયના મુખમાં જઈ પડવી સંભવિત એવી તરીકે જણાય છે; પરંતુ જો સમષ્ટિ-જીવનના જયપરાજય પણ જોઈએ, તો એ તરીકે સમષ્ટિની સમુત્ક્રાન્તિમાં અતુલ ઉપકાર કરી શકે એવી લાગે છે.

**૧૦૫ If this be—**

પ્રતિભાવાનની પ્રકૃતિ અને લોકોપકારકતા વિશેનું ઉપલું વિવરણ વાસ્તવિક હોય તો તેમાંથી આપણે વ્યવહારમાં પાળવા જોઈએ એવા એકથી વધારે ધડા નીકળે છે. ઉ. ત. ઉપલું વિવરણ નથી સૂચવતું શું કે મહાપુરુષોની ખોડખાંપણો વિશે આપણે વધારે ઉદાર દષ્ટિ રાખવી ઘટે ? સંસારની જે અંગીતર જવાબદારીઓ સૌને માથે છે તેમના સંબંધમાં પ્રતિભાવાનોને માટે જુદું ધોરણ રાખવાની જરૂર નથી એ ખરું. વળી વધારે શક્તિ તેને માથે વધારે ધર્મ એ ન્યાયના પ્રતિભાવાનોને અપવાદ ગણવાની પે જરૂર નથી. તથાપિ પ્રતિભાવાનો પોતાનાં વિશિષ્ટ કર્તવ્ય મનમાનતી રીતે બજાવી શકે એમાં જગતનો અતાર્ક્ય લાભ સમાયેલો છે, અને પ્રતિભાવાનોની પ્રકૃતિ જ એવી છે કે તેમાં કેટલાક ખાસ આધિવ્યાધિ અપલક્ષણ આદિના મેળ અને એમાં હોય એમની એ પ્રકૃતિનો જ મુખ્યત્વે ગણવાનો છે, એટલું ધ્યાનમાં રાખીશું તો જણાશે કે સંસારીઓને જે યમનિયમાદિ સામાન્ય આચારનીતિ સુલભ છે તે આવા માણસોને એટલી સુલભ નથી. લોકસમૂહના ન્યાયાન્યાયનાં સ્થૂલસૂક્ષ્મ ધોરણ ક્યાં ક્યાં સુધારવાં ઘટે છે-કેટલાં અને શાથી કચાશથી દુષ્ટ છે, એની મીમાંસામાં સમર્થ ગણાયેલા પંડિતો પણ ઠોકર ખાઈ જાય છે. તેથી આપણે એટલું જ કહીને વિરમીશું કે પ્રતિભાવાનોના સ્વભાવ ચારિત્ર્ય આચાર અને સેવાનાં તોલનમાં ન્યાય અને સમભાવનું યથાયોગ્ય મિશ્રણ જળવાય તે માટે લોકોએ એમના પ્રતિ ત્રણ જુદીજુદી લાગણીઓના સમન્વયવાળી વૃત્તિ કેળવવી ઘટે છે. એક તો આપણે એમના તરફ પૂજ્યભાવ રાખવાનો છે. પણ પૂજ્યવસ્તુને આપણે અતિ ઉચ્ચ અને દૂર ગણીએ છીએ, તેની અને આપણી વચ્ચે ઘણું અંતર રાખીએ છીએ, અને આવું અંતર સમભાવને પ્રતિકૂલ છે. આપણા પોતા ઉપર ખાસ ઉપકાર કર્યો હોય તેના તરફ જેવી અંગત અનુગ્રહ-બુદ્ધિ સ્ફુરે છે તેવી અંગત અનુગ્રહબુદ્ધિ પણ આપણે પ્રતિભાવાનો તરફ રાખવાની છે. પણ આવી અંગત અનુગ્રહબુદ્ધિ હોય ત્યારે પણ ઉપકાર કરનાર અને ઉપકારવશ બંનેના હૃદય અન્યોન્ય આલિંગે એવા આર્દ્ર માનુષી ભાવથી સંધાયેલાં હોતાં નથી. માટે પ્રતિભાવાનોની સામાન્ય જનો માટે દુષ્કર, પોતા માટે સુસાધ્ય નાનીમોટી વિચિત્રતા, અસહિષ્ણુતા, અનીતિ આદિ ક્ષતિઓ પ્રતિ કંઈક ઉપેક્ષાદષ્ટિને



ત્રીજે એવી ક્ષતિઓમાં પ્રતિભાવાનો દૈવાધીન હોઈ તેમ એ ક્ષતિઓથી એમને પોતાને પણ ઘણુંઘણું ખમવું પડતું હોઈ, તેઓ ક્ષમા અને દયાને પાત્ર છે, એવો ભાવ પણ આપણે એમના તરફ રાખવાનો છે.

**૧૦૬ प्राणानाम्—**

કલ્પના કરો અને તરત તે ફળ આપે એવાં વૃક્ષ તે કલ્પવૃક્ષ. આવાં વૃક્ષોનાં વન ને વન લાગી રહ્યાં છે એવા આ આશ્રમમાં પણ આ તપસ્વીઓ વાયુના જ આહાર વડે દેહ ટકાવે છે. અહીંનાં કાંચનપદ્મ માત્ર રંગે નહિ પણ વાસ્તવિક કાંચનનાં છે, અને એવાં પદ્મો અહીં એટલાં બધાં ખીલે છે અને કરમાય છે કે ઝરણું કુંડ તળાવ નદી કૂવા આદિ સર્વ જળાશયોનાં પાણી આ કાંચનરેણુના અનંત પ્રમાણને લીધે રંગે કાંચન જેવાં જ પીળાં છે; એ પાણીમાંથી કાંચન જોઈએ એટલું કાઢવા કરો તોયે ખૂટે એમ નથી; પરંતુ આ તપસ્વીઓ એ પાણીને નાહવાધોવા આદિ ધર્મ્ય અને નિર્દોષ ક્રિયાઓમાં જ કામમાં લે છે. રત્ન જેવી જ નહિ પણ વાસ્તવિક રત્નની શિલાઓ ને શિલાઓ જ્યાં ને ત્યાં અસંખ્ય પડેલી છે; રત્નશિલાઓના ડુંગરોમાં આ તપસ્વીઓ વસે છે. પરંતુ આ તપસ્વીઓ એ રત્નશિલાઓનો આસન માટે જ ઉપયોગ કરે છે અને ધ્યાનમાં જ મગ્ન રહે છે. રત્નનું રત્નપણું જોતા પણ નથી. સદાસર્વદા યૌવનવતી અને આલિંગનાદિમાં પતિ અને પરના સાંસારિક નીતિબંધનને બાંધે નહિ એવી અપ્સરાઓ અહીં જોઈએ એટલી અને ઇચ્છો ત્યારે આવી મળે એમ છે; આ સ્થાનમાં એવી અનુકૂળતા છે કે ભોગવિલાસ ઇચ્છો એટલા કરી શકાય, ઉત્તમોત્તમ નાયિકાઓ સાથે, અને વળી તેમાં અધર્મની છાયા પણ નહિ. પરંતુ આ તપસ્વીઓ સંયમીજીવનને જ સાચું જીવન માને છે. અને જેઓ માને છે તે અવિશુદ્ધ આચારમાં મૂકે એવા અસીમ સંકલ્પબળવાળા છે. દુનિયામાં, મુનિઓમાંના પણ ઘણા તપ કરે છે, અમુક અમુક વાંછિત મેળવવાને માટે; અતિ કઠિન તપનાં મોંઘેરાં ફળ જેવાં એ ઉત્તમોત્તમ વાંછિતો પણ અયત્નલભ્ય નિસર્ગસિદ્ધ એક સામાન્ય વસ્તુઓની કોટિમાં આણી મૂકે એવું આ સ્થાન છે. એવા સ્થાનમાં વસનારા આ મહામુનિઓ શું વાંછે છે શું આચરે છે ?—કેવળ તપોજીવન ! 'ભાવનાસદૃશી સિદ્ધિઃ' એ સૂત્ર કોઈના સંબંધમાં પણ સંપૂર્ણ સત્ય હોય તો આ અસીમ સંકલ્પબળવાળા મહાત્માઓના સંબંધમાં જ હોય, તેઓનાં જીવન અને તેઓની ભાવના એકાકાર જ હોય. એટલે મનુષ્યજીવનનો શુદ્ધતમ ઉચ્ચઆદર્શ તપોજીવન છે એના આ મહામુનિઓ જીવંત આદર્શ છે.

**૧૦૭ सा हि—**

એ તો કુલપતિ કણ્વના શ્વાસ અને પ્રાણ છે.

**मेघा वर्षन्तु—**

ભલે મેઘો વર્ષે અને વીજળીઓ ચમકે; તોપ કે બંદૂકો છૂટે; કંઈ જ અભિસારિકા દેખતી નથી, પોતાના હૃદયમાં રમી રહેલાને મળવા માટે એટલી તો ઉત્સુક થઈ રહી છે કે નાકની દાંડી વાટે ધસી જ જાય છે.

પં. ૩૧ વાહનત્વ :—કલ્યાણપ્રકૃતિ રૂપ વિષ્ણુનું એ સાક્ષર ગરુડ રૂપ સપક્ષ વાહન બનશે.

૧૦૮ પં. ૪ સંસ્કારક : પ્રવાહને સંસ્કાર દેવું, સમુત્ક્રાન્ત કરવું, ઊંચી કોટિએ ચડાવવું.

૧૦૯ પં. ૧૩ દ્રષ્ટા-સાક્ષિ-૨ : ક્ષર નહીં તે અક્ષર; અક્ષરજ્ઞાનવાળા તે સાક્ષર; અક્ષ એટલે ઇન્દ્રિય અને ઇન્દ્રિય વિષય એ અર્થ ઉપર ૮૯ મા પૃષ્ઠે આવી ગયો છે; અહીં અક્ષિ—આંખનો અર્થ લઈ સાક્ષી-સાક્ષ એટલે દ્રષ્ટા એમ દ્રષ્ટા શબ્દનો સકલ અર્થભાર પણ આ 'સાક્ષર' શબ્દમાં ભરવાના હેતુથી કર્તાએ આ પ્રમાણે ભાગ પાડીને લખ્યું છે.

પં. ૨૫ : ઉત્તરરામ : ઉત્તરરામચરિત નાટક.

**૧૧૦ પં. ૬ પ્રક્રિયાથી ઉદ્ભૂત—**

ચર્મચક્ષુગોચર સૃષ્ટિ એટલે સૃષ્ટિ. પ્રક્રિયા-યોગ્ય ક્રમે યથાર્થ મેળવેલું શાસ્ત્રજ્ઞાન: એથી ઉદ્ભૂત ઊગી સૃષ્ટિ એટલે શાસ્ત્રજ્ઞ શાસ્ત્રચક્ષુવડે સૃષ્ટિને જે રૂપની જુએ છે તે; પ્રાકૃત સૃષ્ટિના દેહમાં ખરું તત્ત્વ-તેનો જીવ-આ શાસ્ત્રદર્શિત સૃષ્ટિ છે. પ્રાકૃત નેત્રો સૃષ્ટિને જ જુએ છે ત્યારે શાસ્ત્રજ્ઞો એ પ્રવાહને શાસ્ત્રદૃષ્ટિ વડે સંસ્કારીને જુએ છે.

પં. ૧૮ લક્ષ્યના **અનુરોધથી** જ વ્યવસ્થા : લક્ષ્ય = પદાર્થો પદાર્થોને વળગીવળગીને પડીએ, પદાર્થો પોતે આપણે સ્વીકારતા હોય એવી પદ્ધતિ, એક પણ અકારણ અપવાદ રહી ન જાય એવી પદ્ધતિ, પડલા પણી એટલી બંધબેસતી અને ચારે તરફ પ્રકાશ ફેલાવતી લાગે કે આ પૂર્વે કોઈને કેમ ન પડી, કોઈને કેમ ન સૂઝી એવી તે ઊઠીને આંખે વળગે, એનું નામ શાસ્ત્રવ્યવસ્થા.

**પં. ૨૧ મુંજમાંથી ઇષીકા : —तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषीकाम् (કઠોપ૦)**

મુંજ ઉપનયનમાં બ્રાહ્મણ બટુકને બાંધે છે તે. એ ઘાસમાં વચ્ચે સળી હોય છે તેની આસપાસ પાંદડાં એવાં તો ચોંટેલાં હોય છે કે પાંદડાંમાં પેલી ફોલવા જતાં સળી પોતે ભાગી ન જાય તે માટે બહુ બહુ સંભાળવું પડે છે. આત્માની આસપાસ શરીરાદિ પાંચ કોષ-પડ-આ જ પ્રમાણે સજ્જડ ચોંટેલા હોય છે તે ધીર પુરુષ બડી સાવધાની કળા અને ખંતથી અલગ પાડી આત્માને



પોતાને ઓળખી લેવાનો છે. શાસ્ત્રકારે લક્ષ્યમાંથી લક્ષણ પણ આ પ્રમાણે લોકોત્તર ચતુરતા અને અવિરત એકાગ્રતાથી કાઢવાનાં છે.

પં. ૨૨-૪ **લક્ષણ, ઉત્સર્ગ, અને શાસ્ત્ર** : લક્ષણોમાંથી કરવી, વર્ગો પાડવા, વ્યાખ્યાઓ રચવી, અસંખ્ય વ્યક્તિઓ જોઈ જોઈને તથા સમાનધર્મ વ્યક્તિઓને તેમના વર્ગમાં સંગ્રહીને વર્ગો પાડવા અને દરેક વર્ગની વ્યાખ્યા બાંધવી, એ પહેલું પગથિયું; આ વર્ગો અને વ્યાખ્યાઓમાંથી સામાન્ય નિયમો ઉપજાવવા અને તે સિદ્ધ કરી દેખાડવા જેવા કે ન્યૂટનના "ગતિના નિયમો," એ બીજું પગથિયું; અનેકાનેક સિદ્ધ કે માત્ર દૃષ્ટ (empirical) નિયમોમાંથી તેમના પરસ્પર સંબંધ આદિની વ્યવસ્થા કરવી એનું નામ નવું શાસ્ત્ર રચવું, જેવું કે ખગોળશાસ્ત્ર, એ ત્રીજું પગથિયું.

**लक्ष्यैकचक्षुष्कः—**

લક્ષ્યને જ જોઈ રહેનારો, શાસ્ત્રની પર્યાલોચના વિના પણ, ઉત્સર્ગો બાંધે છે, અપવાદો ન નડે એવા ઉત્સર્ગો બાંધે છે, અને એ ઉત્સર્ગોવડે લક્ષ્યવિષયને, તેમાંના પદાર્થસમૂહને સંસ્કારી લે છે.

૧૧૨ પં. ૧૭ : **સામગ્રીના** છે તે 'સામગ્રીનો' જોઈએ, પણ 'સામગ્રીઓના ભાર' એમ ભાર બહુવચને લઈએ તોયે ચલાય.

**शिरसि निहित०**

ઉપર (૭૭) 'આકાલિક'નો અર્થ આપ્યો છે તે પ્રમાણે રોજ ને રોજ રાત પડતે કરવાનું કાર્ય તે આરાત્રિક—આરતી આપણે પાત્રને પણ આરતી કહીએ છીએ.

આ આરતીના થાળ પાત્રનો ભાર માથા ઉપર લઈને તેને ઘુમાવું છું—આરતી હાથે નહીં પણ માથાવડે ઉતારું છું—તામિલ નટીઓના જેવી કળાથી આરતીને જરા આંચ ન આવે એમ માથે સ્થિર રાખીને મારું આખું શરીર એવી રીતે ફેરવું છું કે આપની આરતી અનવદ્ય ઊતરે-એવા આ આપના દાસને આપના કૃપાજીના દૃષ્ટિપાતનો અનુગ્રહ ફરી એક વાર કરો !

૧૧૩ પં. ૧૯ **વર્ણસંકર**, વર્ણ એટલે અહીં અક્ષરો અને શબ્દોનો જ અર્થ છે.

૧૧૩-૪ પં. ૨૭—૭ **પણ તેને......સંભળાય છે.** આ લાંબું અધૂરું વાક્ય ઉતાવળનું જ પરિણામ છે; 'સિદ્ધ કરેલી છે' આગળ અર્ધવિરામ ઉમેરી લેવું.

૧૧૪ પંક્તિ ૧૪ : 'શાહપ્યાલી' એ શબ્દ છોડી દઈએ તો પણ ચાલે.

### ૧૧૫ This work being—

આ કાર્ય પૂરું થતાં, આ પ્રમાણે નિશ્ચિત કરેલા પાઠનું જતન થાય, તેમાંથી લેશ પણ ખોવાય નહીં કે ફેરફાર થવા ન પામે, તે માટે અસાધારણ ઉપાયો યોજવા માંડ્યા. અને એ જતનથી એ પરિણામ આવ્યું છે કે મૂળ પાઠ આટલા બધા લાંબા સમય સુધી આમ બિલકુલ હાનિ કે અશુદ્ધિ વગર પૂરેપૂરો યથાવત્ જળવાઈ રહ્યાનો માનવસાહિત્યના આખા ઇતિહાસમાં બીજો એક પણ દાખલો છે નહીં.

પ્રથમ 'સંહિતા'નાં વાક્યોમાંનો દરેક શબ્દ છૂટો પાડી આ શબ્દશઃ પાઠ ગોખાતો: સંહિતાનું આ રૂપ **પદપાઠ** કહેવાય છે. પછી પદપાઠનો દરેક શબ્દ તેની આગળના શબ્દ જોડે એક વાર, અને તેની પાછળના શબ્દ જોડે બીજી વાર એમ ગોખાવા લાગ્યું; સંહિતાનું આ રૂપ **ક્રમપાઠ** કહેવાય છે... પછી ક્રમપાઠનો દરેક અવયવ પાછો બેવાર ગોખવાનું શરૂ થયું; એકવાર એના મૂળ ક્રમમાં આખો અવયવ બોલાય કે તે પછી તેનો ઉત્તરાર્ધ પ્રથમ અને પૂર્વાર્ધ બીજો મૂકીને તેને ફરી બોલવો એમ ગોખાવા લાગ્યું; સંહિતાનું આ રૂપ **જટાપાઠ** કહેવાય છે... **ઘનપાઠ**માં પદપાઠનાં પદોની આ કરતાંયે વધારે પુનરુક્તિ (દરેક પદ સાત વાર) અમુક ક્રમમાં આવે છે ... ... ... ઉપરાંત, 'અનુક્રમણીઓ' થઈ, જેમાં ઋગ્વેદાન્તર્ગત વિષયો શબ્દો આદિ અનેક જુદીજુદી યાદીઓમાં સંગ્રહેલાં છે, અને જેમાં ઋગ્વેદમાંની ઋચાઓ, શ્લોકો, પંક્તિઓ, શબ્દો, અને અક્ષરોની પણ સંખ્યા આપેલી છે.

અત્યારે ઋગ્વેદનો એક જ પાઠ મળે છે; પરંતુ એકથી વધારે પાઠ આગળ કોઈ કાળે પણ હતા કે હશે એવી શંકા ઉઠાવવાનું કરીએ તે માટે લગારે પુરાવો ક્યાં છે ?

### ૧૧૭ विद्या ह वै—

વિદ્યા બ્રાહ્મણ પાસે આવી અને બોલી: "મારું સંરક્ષણ કર; હું તારો ખજાનો છું; દોષદૃષ્ટિ, કુટિલ, કે કોઈનું પણ અહિત વાંછનારને મને ન આપ; જેમજેમ એવાથી મારું જતન કરીશ તેમતેમ મારું વીર્ય જોર ખીલશે."

### ૧૧૮ The deeper one—

વેદના શબ્દો અને વિચારોનાં પ્રાચીનતમ રૂપોમાં જેમજેમ ઊતરી શકીએ છીએ તેમતેમ એમનું અવેસ્તાના શબ્દો અને વિચારો સાથેનું નિકટ સગપણ વધારે જોવી આવે છે. અવેસ્તામાંની અનેક અગમ્ય પંક્તિ વેદના ઋષિઓના ગ્રન્થોનો પ્રકાશ તેના ઉપર પડતાં આબૂબની રીતે ઉકેલી શકાય છે, અને લાંબા વખતથી ભુલાઈ ગયેલો ભૂતકાળ, અને પારસી લોકો જે ઘણું રહેલા અને બીજાઓને તેઓ કોણ હતા ક્યાંથી આવ્યા શી રીતે ઉત્પન્ન થયા એમનું કશું



ચે અથવા વગર પૂછે છે અને સ્વરે છે તે, વેદના પ્રકાશ વડે એકએક માત્ર નામ કે શબ્દ મટીને સગમ્ય એવી વસ્તુઓની કોટિમાં આવ્યા છે.

### પાદટીપ : बाणक—

અમૃતશાસ્ત્રી, વૈદ્ય, અને વૈદિકના મુખ રૂપ હોતસે ન હોત તો વ્યાકરણ-શાસ્ત્રરૂપ સિંહથી બીધેલા અપશબ્દ રૂપ મૃગો નાસીને ક્યાં સ્થાનમાં ભરાઈ શકત ?

### ૧૧૯ વર્તમાન—

ચાલુ દેહ ટકે એટલું અને અનિષિદ્ધ અન્ન પામવાની ઇચ્છા કુદરતી છે અથવા તો અપરિહાર્ય છે અથવા તો પરિહરવી અશક્ય છે: એ ઉપરાંત લેશ પણ લૌકિક ઇચ્છા અધર્મ્ય એવી દૃઢ મનોવૃત્તિ તે વિરાગ; પરલોકના ભોગવિલાસ પણ અધર્મ્ય એવી દૃઢ મનોવૃત્તિ તે વિરાગ; ઉભય લોકના ભોગવિલાસને અધર્મ્ય ગણતી દૃઢ મનોવૃત્તિ તે વિરામ.

૧૨૦ પં. ૨૧ : **નિરક્ષર વિષયોમાં** પઠનપાઠનાદિ સ્વાધ્યાય સિવાયના (આજીવિકા મેળવવા માટેના) વિષયોમાં.

૧૨૩ પં. ૧૧-૧૨ **અર્થસત્ત્વ** : (૧) અન્નનો અર્થ એટલે કે તેનું સત્ત્વ; (૨) પુસ્તકના અર્થરૂપ સત્ત્વ.

પં. ૧૯ **વાંચવાના ભરેલા છે** : વાંચનરૂપ વસ્તુ તેમાં ભરેલી છે; 'અક્ષર' આ વસ્તુથી ભરેલા છે.

### પં. ૨૦ પદ્મિની સ્ત્રી—

આગલા પ્રકરણમાં विद्या ह " એ મંત્ર ટાંક્યો છે અને સરસ્વતી બોલાવતાં પણ કુમારિકા રહી એ દૃષ્ટાંત આપ્યું છે તેના અનુસંધાનમાં જ આ રૂપક લખ્યું છે. આગળ પૃ. ૧૨૭ વગેરે સ્થળે પણ આ ખુલાસો પડે છે.

૧૨૫ પં. ૭ **દેવીના હૃદયમાંની પ્રીતિની મૂર્તિઓ જેવી ગ્રંથકાર સૃષ્ટિ** :—દેવીના પ્રીતિપાત્ર ગ્રંથકારો.

પં. ૧૭ **નવું શુદ્ધ ધાવણ** : ખોટા કે હાનિકારક ગ્રંથના પ્રતીકાર માટે ભલા હિતકર ગ્રંથ રચશે.

પં. ૨૪ : **પોતાના પ્રવાહ પાસે**, જે પ્રવાહ પોતાનું લક્ષ્ય છે તે પાસે.

### ૧૨૮ પં. ૨ : તે પાડાના કરતાં વધારે ઉત્કર્ષકારક લાભ—

બાળકોના ભલું તો 'સમર્થ વિદ્વાનોના લેખ'નાં અવલોકન અનુકરણ આદિવડે બીજા બાળકલ્પોને મૂળ સમર્થ લેખ તરફ આકર્ષે પણ આથી

વધારે ક્રમ્ય પ્રકાર—કોઈ પણ કૃતિનો સ્વતંત્ર લેખ-આલેખનને શક્ય જ નથી; સ્વતંત્રતા નામે જેમ બાળકને કે તેના શયાનપમાં પાડાને શક્ય કે ઇષ્ટ નથી તેમ; એવી સ્વતંત્રતામાં સંપડાવે તો તે ભાલેખનનો અનર્થ—વિનાશ-જ થાય; જડું-'વળતી વાવે વીચા પરાણે એવું દુખિયું થયું અન્તનું' એ દશાને પામ્યું તેમ.

**૧૩૧-૨ પં. ૨૯...૧૦ અભ્યાસને છોડી ગ્રંથકાર થવાની વાસના આજે પહેલાં પૂર્વે કદી રાખી નથી આ અવ્યવસ્થામાંથી આપણા પ્રાચીન દ્રષ્ટાઓની વિદ્યાશોધનની વાસનાએ આપણને બચાવ્યા છે.**

આ મત નિરાધાર લાગે છે. ભારતવાસીઓ, મામૂરો, વગેરે વિશે કર્તાએ જ ઉપર અને આગળ લખ્યું છે. એ બનતા 'ભાટ' કર્તાઓની યુગેયુગે સૈકેસૈકે જમાનેજમાને અસંખ્ય કૃતિઓ નિરાશ્રય થયેલી અને વળીઓથી ફેલાઈ વહેલીમોડી અસ્ત થયેલી. આવી કૃતિઓમાંથી પ્રસિદ્ધિમાં વધારે વધારે આવતી જાય છે; જૂના સંગ્રહોમાં પણીયે પડી છે; અને એવા કેટકેટલા સંગ્રહોનો અને એવી કેટકેટલી કૃતિઓનો નાશ થયો છે તેની ગણના કોણ કરી શકશે? ગુજરાતી વાઙ્મયનો જ ઇતિહાસ લઈએ છીએ તો ભાલણ અને પ્રેમાનંદ—શામળ વચ્ચેના ગાળામાં કેટલા બધા 'ભાટ' કર્તાઓ જોવામાં આવે છે! અત્યારે નામનિશાન કશું જ જાણવામાં નથી એવા બીજા કેટલા બધા થઈ ગયા હશે એ કોણ કહી શકશે! મુદ્રણકલાનું સાધન યુરોપમાં સામાન્ય ઉપયોગમાં આવ્યું ત્યારથી આગળના પાંચ છ સૈકાના લેખકોની મળી આવી તે કૃતિઓ છાપી શકાઈ એટલે સ્થૂલ અમરતા પામી. તેમ આપણા દેશમાં મુદ્રણકલાનું સાધન ઓગણીસમી સદીમાં ઉપયોગમાં આવ્યું છે, તો તેરમા ચૌદમા સૈકાથી થયેલી આવી કૃતિઓમાંથી જેટલી બચી હશે તેમાંની ઘણીખરી મોડીવહેલી સ્થૂલ અમરતા પામશે.

વળી પ્રવાહપાત કર્યો નથી અગર કર્યો છે તો "અંધકારના યુગમાં અક્ષરાઓના બચાવના ઔષધને માટે જ" (પૃ. ૧૩૩), એ બચાવ જો ભારતવાસીઓ, મામૂરો આદિને લાગુ પાડીએ, તો ટુવર-ટ્રેવેલરને પણ એ બચાવથી જે મળી શકે તે લાભ આપવો ઘટે

**૧૩૩ If it be demanded—**

આ લાંબી ઘોર રાત્રિમાં પ્રાચીન વિદ્યાના દીવડા બળતા કાયમ બળતા રહ્યા એનું શું કારણ, એ સવાલના જવાબમાં ખ્રિસ્તી ધર્મની સ્થાપનાને જ કારણરૂપે સ્થાપવાનું પ્રાપ્ત થાય છે. પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિ વચ્ચેના લાંબા અસંસ્કૃત ગાળા ઉપર ખ્રિસ્તી ધર્મનો એક જ પુલ હતો જેણે એ બંને



સંસ્કૃતિઓને સાંધવાનું કાર્ય એકલે હાથે કર્યું છે. આ એકલ પુલ વગર પણ અર્વાચીન સંસ્કૃતિનો ઉદય થયો હોત એ સંભવિત છે ખરું, અર્વાચીન કાળમાં પ્રકટેલી પ્રતિભાના વિકાસને માટે પ્રાચીન કાળની વિદ્યાશાસ્ત્રસંસ્કૃતિ આદિના અનુક્રમની આવશ્યકતા માનવાની જરૂર નથી એ પણ ખરું. પરંતુ ખ્રિસ્તી ધર્મરૂપ સંસ્કૃતિપુલે પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિઓને સાંધેલી ન હોત તો અર્વાચીન સંસ્કૃતિનો ઉદય થતાં ગ્રીસ અને રોમની સંસ્કૃતિની આછી આછી સ્મૃતિ,—પર્ક્લિયેટિસ અને મિસરની સંસ્કૃતિ જેમ તેના પિરામિડ આદિ સ્થાપી પુરાવા હોવા છતાં કોઈ અજાણ્યાં ગણ્યાંત સત્ત તરીકે અશાસ્ત્રીય અનિર્ણયાત્મક તર્કપરંપરા અને અટકળો જ ઉપજાવી શકે છે તેમ-લગભગ વ્યર્થ જાત, એમાં શક નથી. અને વળી એ પણ આપણે ખૂબ સમજવાનું છે કે ગ્રીસ અને રોમની સંસ્કૃતિનો જે વિશેષ લાભ આપણને મળ્યો છે તે ખ્રિસ્તી ધર્મ રૂપ પુલે એ સંસ્કૃતિને આપણી સંસ્કૃતિને સાંધી આપી તેને લીધે છે, એટલું જ નહીં પણ, એ પુલનું—એ ધર્મનું એ અંધકારના યુગ અને સૈકાઓમાં જે વિશિષ્ટ રૂપ પ્રવર્ત્યું તેને લીધે જ છે. એ અંધકારના યુગના ખ્રિસ્તીધર્મના સ્વરૂપમાં શુદ્ધ ધર્મના કરતાં વહેમના દશ વિશેષ હતા એ કબૂલ. પરંતુ **ધર્મ અને વહેમ સત્ય અને અસત્ય શુદ્ધિ અને અશુદ્ધિનાં મિશ્રણ દ્વારા જનતાનો ઉત્ક્રમ પગલે પગલે સાધવો એ જ જગન્નિયંતાનો આશય જણાય છે.** અને વળી એ અંધકારના યુગમાં વધારે વિશુદ્ધ રૂપનો ધર્મ એટલો સ્થાપી કે એટલો વિજયી ન થાત એટલે કે ખ્રિસ્તી ધર્મ આ અંધકારના સૈકાઓમાં તેની અશુદ્ધ-રાજસી તામસી-ઉપાધિઓને લીધે જ પ્રવર્તો એ પણ સ્વીકારવું ઘટે છે.

**૧૩૪ These are certainly—**

ખ્રિસ્તી ધર્મની એ અશુદ્ધિઓનું વર્ણન કરીને આપણો કર્તા આગળ ચલાવે છે કે—બેશક, લોકોને અજ્ઞાન રાખવાની નીતિના બચાવ માટે આ કારણો પૂરતાં ન ગણાય; અને "અંધકારના" સૈકાઓમાં ધર્મને નામે અનેકાનેક ઢોંગ ધતિંગ ચારે તરફ ફેલાયાં લોકોનાં અજ્ઞાનને લીધે જ. અને તો પણ આવી પરિસ્થિતિમાંથી જ પરિણામે ધર્મ અને વિદ્યાનો શુદ્ધ પુનરુદ્ધાર પ્રકટ થઈ શક્યો.

**૧૩૭ પં. ૯ : ગ્રંથકાર થયા વિના...રાજા સર ટી. માધવરાવ :** આમણે કંઈ જ લખ્યું નથી એ વાત ખરી નથી; એ વડોદરાના મુખ્ય દીવાન હતા તે વખતના એમના અહેવાલો અને ઉછરતા સયાજીરાવને એમણે આપેલા રાજ્યનીતિ શિક્ષણના વ્યાખ્યાનોનું પુસ્તક બરોબર વધારે પ્રસિદ્ધ થતાં જોઈએ, આજ આટલે વર્ષે પણ એ બંનેમાં કેટલીક સ્થાયી બોધ સુંદર સુઘટિત રૂપમાં મૂકેલો જોવામાં આવશે.

પંક્તિ ૧૧ : એક બાલદષ્ટિ સાધવામાં. મતલબ કે તેઓએ બી. એ. આદિ ઉપાધિઓ મેળવી છે ખરી પરંતુ 'બાલદષ્ટા' પણ થયેલા જણાતા નથી! તેઓ—જુઓ આગળ—પદવી ભલે 'સાક્ષર' વર્ગમાં જણાતા પણ ખરી રીતે 'અદષ્ટા' જ—આંધળા જ—છે પણ જ છે.

૧૩૮ પ્રથમ વર્ગ : જુઓ પૃ. ૧૩૫ ના ચાર વર્ગ.

**૧૩૮ પં. ૨૫ આપણા પ્રાચીન ગ્રંથકારોના—**

અહીં કરેલી ટીકા અને અહીં આપેલી સલાહના વિસ્તાર માટે જુઓ કર્તાનું ૧ લી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ભાષણ.

**૧૩૯ The troubadours chiefly—**

ટ્રૂબેડૂર કવિઓના વિષયમાં મુખ્યત્વે કરીને પ્રેમ અથવા દાક્ષિણ્ય અને અન્યોક્તિઓ હતાં; એમની અન્યોક્તિઓ લક્ષ્યવેધી અને જુસ્સાદાર હતી. એમની કૃતિઓમાં વીરકથાઓ કે શૃંગારકથાઓ કે કોઈ પણ જાતની કહાણીઓ જોવામાં આવતી નથી. એમની કૃતિઓમાં કલ્પના નામે જણાતી નથી. ઉઠ અસંસ્કૃત જમાનાઓમાં પણ પ્રતિભાસંપન્ન કવિઓની કૃતિઓમાં રસો અને વિગતોથી ભરચક વાસ્તવિક વર્ણન જુસ્સાદાર હોય છે, તે પણ આ કૃતિઓમાં શોધ્યું જડતું નથી. લાગણીઓના લલિત લલકાર જ એમનો વહાલો વિષય છે, અને તેમાં પણ એઓનું શબ્દસામર્થ્ય મોળું પડે છે, એટલે કથાથી રસ ઉત્પન્ન કરે એવું એમના જમાનામાં થોડું જ દેખાય છે. એટલું, એમની કવિતા સંગીતપ્રધાન હતી, અને ગદ્ય તરજુમાઓમાં સંગીતની ખૂબી આવી જ ન શકે, એટલે એવા તરજુમા ઉપરથી એમની કૃતિઓની તુલના કરવામાં એમને અન્યાય થાય એ દેખીતું છે. અલંકાર રસ કે અર્થચમત્કૃતિ કે વિચારગાંભીર્યના કોઈ પણ પ્રકારને બદલે જે કૃતિઓની વિશેષતા સ્વરચમત્કૃતિ અને શબ્દલાલિત્યમાં જ મુખ્યત્વે હોય, તેમના તરજુમામાં તેમની એ ખાસિયતો ઊતરવી લગભગ અશક્ય છે. તેમની ભાષા માધુર્ય અને પ્રસાદવાળી હતી, અને તેઓએ અનેક અવનવી છંદચમત્કૃતિઓ યોજી અને લોકપ્રિય બનાવી. એમની અનુપ્રાસોની નવીનવી ગોઠવણો પણ પછીના જમાનાઓનો મૂલ્યવાન વારસો બની. એ એમની રચનાઓ જ્યાં લગભગ અવનવી લાગ્યા કરી ત્યાં લગભગ મોહક અને આનંદદાયક લાગે એ પણ કુદરતી છે. એમની તાત્કાલિક લોકપ્રિયતાનો ખુલાસો આ એમની કૃતિઓનાં લક્ષણોમાં છે. અને હવે આપણને એ સર્વ કૃતિઓ છેક નીરસ અને અર્થહીન ભલે લાગે, પરંતુ એ કૃતિઓ લાંબા વખત સુધી લોકપ્રિય રહી હતી, અને લાંબા વખત સુધી કવિતાને નામે એમનાં અનુકરણ થયા કર્યાં હતાં, એ નિર્વિવાદ છે.

૧૪૨ પં. ૧૬ : **ધ્વન્યાત્મક વર્ણન** : ધ્વનિ એટલે અહીં માત્ર સ્વર અવાજ-Sound.



પં. ૨૧ : **અશબ્દ રૂપ આપી અક્ષરનાં** : અર્થવાળો અક્ષરસમૂહ તે શબ્દ; અર્થ નહીં જેનો હોય એવો અક્ષરસમૂહ તે અશબ્દ અક્ષરચિત્ર. આગળ અશબ્દ અક્ષરો પણ આ અર્થમાં.

**૧૪૩ Besides these romances—**

'શિવલિ'માં આ કથાનકો ઉપરાંત ટ્રૂવેરોની કૃતિઓમાં કિસ્સાઓ અને હાસ્યાત્મક ટુચકાઓ રૂપે અસરકારક વર્ણનોનો પ્રકાશ હતો, જેનો લાભ આગળ જતાં બોકેશિયો અને લા ફૅન્ટેન જેવા પ્રતિભાવાન લેખકોએ લીધો. ટ્રૂવેરોની કૃતિઓની બીજી વિશેષતા એ છે કે એ કૃતિઓને અર્વાચીન ભાષા આદિનો વેશ સજવતાં તે ઊલટી વધારે ખીલી આવે છે. તેમની પદ્યરચના બેશક તેમના કાળના અમીરવર્ગના તેમ સામાન્ય વર્ગના શ્રોતાઓને કર્ણપ્રિય થયેલી હશે, જો કે તેમાં ગદ્ય જેવા અને મંદગતિના લાંબા કકડાઓ વારંવાર આવે છે, અને અગર જો કે તેમાં વચ્ચેવચ્ચે દીપી ઊઠે એવા સરસ અને સચોટ ફકરાઓ આવ્યા કરે છે, તોપણ એકંદરે એ કૃતિઓ કવિતા તરીકે ઊતરતી અને માત્ર આખ્યાનો—પદ્યમય વાર્તાઓ—તરીકે જ ચલાવી લેવાય એવી ગણવી પડે એવી જણાય છે.

**From the struggles—**

ઇટલીની પ્રજાસત્તાક નગરીઓના (હોલિ રોમન-) શહેનશાહો સામેના વિગ્રહો અને એ નગરીઓમાંના આંતર કલહોનો ઇતિહાસ જોતાં આપણે એવું અનુમાન કરીએ કે ત્યાં કવિઓ પોતાની માતૃભાષામાં આ વિષયો ઉપરથી વિજયનાં અને શત્રુપક્ષને પ્રજાળે એવાં કટાક્ષનાં કાવ્યો રચશે. પરંતુ આવું એક પણ કાવ્ય રચાયું નહીં એ વિચિત્ર છે. એથી ઊલટું એ સ્થળોના કવિઓ ટ્રૂબેડૂરો જ બન્યા અને એમના વિષયોના અનુકરણોમાં જ પોતાની સર્વ શક્તિઓ તેમણે ગુમાવી.

**૧૪૪—પં. ૨૫ ભાષાંતર કસોટી...પુનર્જન્મ જડ (માત્ર શબ્દચમત્કૃતિ રૂપ કે સંગીત રૂપ) વસ્તુનો થતો નથી.**

આ કસોટી અમુક હદમાં જ ઉપયોગી છે. બંકિમચંદ્રની નવલકથાઓના અંગ્રેજી તરજુમા પ્રકટ કરવા કોઈ મિત્રે ઇચ્છા કરી ત્યારે કર્તાએ પોતે તેને વાર્યો હતો, એ કારણ આપીને કે "મારી વાર્તાઓમાં એક ઉપર બીજી પત્ની કરવાની વગેરે હકીકતો આવે છે, જે હિંદુ સંસારથી અત્યંત ભિન્ન એવા અંગ્રેજી સંસારના વાતાવરણમાં ઊછરેલા વાંચનારાઓને અત્યંત રસક્ષતિ કરનારી લાગ્યા વગર નહીં રહે, માટે એ કરવા જેવું નથી." વેદાંતનું કે હેગલ જેવાની ફિલસૂફીનું વિચારતંત્ર આખું ને આખું અન્ય રૂપ પામે તો જ તે અન્ય રૂપ તેનું યોગ્ય પ્રતિબિંબ ગણાય, અને એવું પ્રતિબિંબ ઉપજાવવા જતાં એના મૂલ દૃષ્ટાંતો ખંડનમંડન આદિ ઘણે ભાગે એમને એમ જ ઉતારવાં પડે છે. કાબરાજી આદિ પારસી લેખકોએ અનેકાનેક અંગ્રેજી નવલકથાઓ અને નાટકોના પારસી સંસારને બંધબેસતા અનુવાદ ઉપજાવવા પ્રયાસ કરેલા છે, પરંતુ તેમાં એક

ઑસ્ટિન, થેકરે, આદિ પ્રથમ પંક્તિના નવલકારોની કૃતિઓના અનુવાદ તેઓ કરી શકેલા નથી. માટે ભાષાંતર સહન કરી શકે તે જ 'ખરેખરું' સાહિત્ય, અને ભાષાંતરથી અસદ્‌ગતિ જ પામે તે જ ઉત્કૃષ્ટ સાહિત્ય, એ બન્ને પરસ્પર વિરુદ્ધ નિયમો પોતપોતાની મર્યાદામાં ખરા છે, એવું વિધાન જ સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારવું પડે છે. 'પ્લુટાર્ક' કે અંતઃસ્થાનની સર્વતોબદ્ધ વ્યવહાર-નીતિ ઈત્યાદિ બેહદથી ભાષામાં ઊતરે છે, ત્યારે હોમર કે મિલ્ટનના કાવ્યનો સાર્વભૌમ નિનાદ મૂળ ભાષામાં જ શાશ્વત થાય છે.

૧૪૫ પંક્તિ ૯-૧૦ : અવસ્થાનમાંથી તેને છે ત્યાં 'અવસ્થાનમાંથી તેને બચાવવાને માટે તેને' એ પ્રમાણે હોય તો વધારે સ્પષ્ટતા આવે.

## ૧૫૦ अध्येतृवर्ग—

આખો વર્ગ મોટેથી ભણે છે; એ વર્ગમાંના શિષ્યોમાં પોતાનો પુત્ર છે અને બીજાઓ સાથે એ પણ મોટેથી ભણે છે; પણ પિતા આખા વર્ગનો એકઠો અવાજ સાંભળે છે; પોતાના પુત્રનો અવાજ જુદો તેનાથી પરખાતો નથી; તે પ્રમાણે પ્રાણી માત્ર મર્ત્ય છે એ વ્યાપ્તિમાં જ લોર્ડ કર્ઝન મર્ત્ય છે એ આવી જાય; પણ લોર્ડ કર્ઝન પણ પ્રાણી છે એવું ભાન સ્પષ્ટ રીતે સ્ફુરે નહીં ત્યાં સુધી એ પણ મર્ત્ય છે એ ભાન પણ સ્પષ્ટ રીતે ન સ્ફુરે. કદાચિ આ ખંડ અહીં જુદી રીતે ઘટાવી લીધો છે તે પણ યોગ્ય છે. લોર્ડ કર્ઝન પણ પ્રાણી છે એ ભાન થતાં સુધી એ મર્ત્ય છે એવું ભાન સ્ફુરતું નથી એ ઉક્તિમાં અને લોર્ડ કર્ઝન પણ પ્રાણી છે એ ભાન થયા પછી જ એ મર્ત્ય છે એવું ભાન સ્ફુરે છે એ ઉક્તિમાં ફેર નથી. પુત્ર વર્ગમાં છે માટે એનો અવાજ આ એકઠા અવાજમાં હોવો જોઈએ એમ કરીને પિતા એકઠો અવાજ વધારે ધ્યાનથી સાંભળે છે તો તેમાં તેને પુત્રનો અવાજ પરખાય પણ છે.

## ૧૫૧ तर्काप्रतिष्ठानात्—

તર્ક નિશ્ચલ ન હોવાથી બીજી પણ કોઈ રીતે અનુમાન કરીએ તે પણ—અનુમાન માત્ર, તર્કપરંપરા માત્ર—તર્કની અનિશ્ચિતતા રૂપ દોષવાળાં ગણવાં જ પડશે; માટે સ્વીકારવું જ પડે છે કે નિશ્ચિત એવા જ્ઞાનની ઉપલબ્ધિ માટે તર્ક એકલો પૂરતો નથી; જ્ઞાન માત્રના અવિચલ પાયા માટે અશ્રદ્ધાને લેશ પણ અવકાશ ન હોય એવા આપ્તવાક્ય—વાક્યોથી આરંભ કર્યા વગર છૂટકો જ નથી. (ब्रह्मसूत्र—૨:૧:૧૧)

તર્કની અનિશ્ચિતતા ઉપરથી કોઈ અજ્ઞેયવાદ (philosophy ending in the unknowable) કોઈ નાસ્તિકવાદ અને કોઈ ઉપર પ્રમાણે શ્રદ્ધાવાદમાં જાય છે. એ ખ્રિસ્તી દેશોમાંના ફિલસૂફીના ઇતિહાસમાં અનેક વાર જોવામાં આવ્યું છે. અંગ્રેજના probability in the guide of life; સુનિશ્ચિત સત્ય અગમ્ય છે, જીવનના વ્યવહાર માત્રની ઇમારત સંભાવ્યતાના પાયા ઉપર



જ રચવાની છે—એ સૂત્ર ઉપરથી જેમ્સ મિલ જેવા નાસ્તિક થયા તો કેબલ અને ન્યૂમેન જેવા વધારે શ્રદ્ધાળુ બન્યા એ ઇતિહાસ તાજો હતો, ત્યારે આપણી શારદાપીઠના ઉત્તમ વિદ્યાર્થીઓનું તે એક પ્રિય મનનસ્થાન હતો. આ જમાનો ૧૮૯૦–૯૫ સુધી ચાલ્યો.

## ૧૫૧ संख्या तु—

'પ્રાતર્' 'સાયં' આદિ શબ્દ 'આજ' પ્રાતઃકાલે કે 'કાલ' સાંજે કે એવો કોઈ વિશેષ નિર્દેશ સાથે ન જોઈએ કે સમજી લઈએ ત્યાંસુધી અસ્પષ્ટ રહે છે, ખોખાં કે બીબાં જેવા જ રહે છે; તેમ 'પાંચ' 'સાત' આદિ સંખ્યાનું પણ સમજવું. પાંચ 'પાંડવ', સાત 'સૂંઢ' આદિ મૂર્ત વિષય સાથે જોઈએ ત્યારે જ સંખ્યાવાચક શબ્દ પૂરો પ્રકાશ આપે છે.

૧૫૨ પં. ૧૨–૩ ઊર્ણનાભિની જાળ. यथोर्णनाभिः सृजते गृह्णते च (मुण्डकोप०) કરોળિયો સૃષ્ટિ પોતામાંથી જ સર્જે છે અને પાછો પોતામાં જ લીન કરે છે. અહીં પૂર્વાર્ધની—સૃષ્ટિ ખડી કરવાની બીજ કલ્પના જ સાધન વગર ઊભી કરવાની—વાત છે.

## ૧૫૨ The opposition—

સ્વયંભૂ વિકાસસિદ્ધ ભાવો અને નાશવંત મૂર્ત વસ્તુઓ વચ્ચેનો વિરોધ ભૂમિતિની આકૃતિઓ દ્વારા બહુ જ સરલતાથી અવગમ્ય છે (comprehended); અને ભાવો—ભાવનાઓ (Ideas-Ideals) ની સત્તા (existence) ના વાદ (doctrine) નો એ વિરોધ પાયો છે. તથા ભાવો—ભાવનાઓની સત્તા પ્લેટોની ફિલસૂફીનું કેન્દ્રસ્થાન છે, બલ્કે એની ફિલસૂફીમાં અમૂર્ત સિદ્ધાંત એ એક જ છે; એટલે એ સિદ્ધાંતના પ્રતિપાદનમાં એણે ભૂમિતિથી આરંભ કર્યો. આપણને કહેવામાં આવે છે કે પોતાની ફિલસૂફીના અભ્યાસનો શિષ્ય આરંભ કરે તે પહેલાં પ્લેટો તેને તૈયારી દાખલ ભૂમિતિનો પરિચય કરાવતો અને આજ સુધી વ્યવહારમાં જે એની બુદ્ધિને મૂર્ત વસ્તુઓનો જ પરિચય હતો તેને બદલે આ પ્રમાણે તેને અમૂર્ત ભાવોના વિષયમાં પ્રવેશ કરાવતો. ફિલસૂફીને માટે ભૂમિતિની ઉપયોગિતાનું સ્વરૂપ આવું છે. એટલે ભૂમિતિનો આથી વધારે કે જુદી જાતનો ઉપયોગ કંઈ નથી. ભૂમિતિ જેનો વિભાગ છે તે આખી ગણિતવિદ્યાને માટે પણ આ વસ્તુમાં સમજવાનું છે. ગણિત શાસ્ત્રો પોતે બુદ્ધિને પોષકસામગ્રીથી ભરતાં નથી, બુદ્ધિની સામાન્ય સંસ્કૃતિ કે વિશુદ્ધિને પોષતાં નથી. જે બુદ્ધિઓ અતિચંચળ અસ્થિર હોય છે તેને એકાગ્ર કરવામાં ગણિતશાસ્ત્રો ઉપયોગી છે ખરાં; પરંતુ આ ઉપરાંત એમનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપયોગ ઉપર જણાવ્યો તેટલો જ છે. ડેકાર્ટ જેવા વિખ્યાત ગણિત-શાસ્ત્રીનું પણ ગણિતની ઉપયોગિતા વિશે આથી ઊંચું મત નથી.

**૧૫૫ પં. ૬ માત્ર સ્મરણમાં—**

ઉતાવળથી વાક્ય કથવું છે. 'અમસ્તો વિકાસ કે વ્યાયામ' 'મસ્ત હોશિના વ્યાયામ કરતાં કોઈ પણ રીતે જુદો કે વધારે ફળદાયી નથી' એમ લેઈએ; અથવા તો 'શારીરિક શક્તિના અમસ્તા વિકાસ કે વ્યાયામમાં' 'મસ્ત હોશિના વ્યાયામ કરતાં કોઈ પણ રીતે વધારે ફળ કે ફેર નથી' એમ લેઈએ; બન્ને રીતે 'આ વિકાસમાં કે વ્યાયામમાં' એ પુનરુક્ત અંશ તજી શકાય છે.

**૧૫૫ Wisdom and genius—**

ડહાપણ અને પ્રતિભા, આ બે માનવ જ્ઞાનગિરિનાં શિખરો, તો પાયો અમૂર્ત અનુમિતિપ્રવૃત્તિ નથી પણ પ્રત્યક્ષાનુભવની સંગ્રહણપ્રવૃત્તિ છે. ડહાપણ એ એક ઉચ્ચ કોટિની દૃષ્ટિ છે, તર્કપરંપરાફલ નથી. પોતાના કે બીજાના તર્ક કે શોધથી મળેલા સિદ્ધાંતો અને વિચારો સ્મૃતિમાં ભર્યા હોય તે ડહાપણ નથી—વિદ્યાભાર તે ડહાપણ નથી; આખી સૃષ્ટિને બુદ્ધિ અમુક વિશિષ્ટ દૃષ્ટિએ જુએ છે અને સંસ્કારે છે તે એ શક્તિ છે. આ દૃષ્ટિ દરેક વિષયમાં એટલી તો વ્યાપ્તિ ઉપજાવે છે કે મૂર્ખ અને ડાહ્યા માણસની સૃષ્ટિઓને એ એક બીજાથી છેક જ જુદી જુદી વસ્તુઓ બનાવી પડે છે. બુદ્ધિહીન અને પ્રતિભાસંપન્ન માણસની સૃષ્ટિઓ પણ બે અત્યંત જુદીજુદી સૃષ્ટિઓ છે. પ્રતિભાની કૃતિઓ બીજા સર્વની કૃતિઓ કરતાં અમાપ પ્રશસ્ત હોય છે. તેનું કારણ કેવળ આ છે, કે પ્રતિભા જે સૃષ્ટિને જુએ છે અને એના વિશે પોતે ઉચ્ચાર કરે છે, તે સૃષ્ટિમાં બીજાઓ જુએ છે તે જ પદાર્થો આદિ હોય છે એ ખરું, તથાપિ બીજાઓ એ પદાર્થોને એક ચીનાઈ ચિત્ર જેવા બધે તેમ ખીચડામાં પડેલા જુએ છે, ત્યારે પ્રતિભા એ જ વસ્તુઓને કોઈ સર્વાંગસુંદર ચિત્રમાં ગોઠવાયેલી હોય એ પ્રમાણે, તેમના અન્યોન્ય બાહ્યાન્તર સંબંધોને સુસ્પષ્ટ ગ્રહણ કરીને જુએ છે. સ્થૂલ ઇંદ્રિયવિષયો દરેક બુદ્ધિ આગળ એ ને એ પડેલા છે; પણ બુદ્ધિબુદ્ધિમાં અનેકાનેક કોટિ છે, અને દરેક કોટિની બુદ્ધિ ઇંદ્રિયવિષયોને અમુક પ્રકારે જ અમુક રૂપમાં જ અમુક સંબંધોમાં જ જોઈ શકે છે. અર્થાત્ આ ભેદો સર્વ કૃતિઓનું મૂળ જે દૃષ્ટિ તેમાં છે, તેમાંથી કૃતિભેદ રૂપે અવતરે છે, એ ભેદો અમૂર્ત તર્કબુદ્ધિના નથી.

૧૫૮ પંક્તિ ૧૦: **તેમની પાસે.** તેની પાસે, મનુષ્યની પાસે આ વાક્યમાં વિરામચિહ્ન ઉમેરી લેવાં; રચના ચોખ્ખી નથી પણ અર્થ સ્પષ્ટ છે.

**अन्या जग**—જુઓ ઉપર પૃ. ૧૬ ઉપરનું ટિપ્પણ.

**૧૫૯ The two kinds—**

આ બે જાતના 'બોધ'ના અન્યોન્ય સંબંધ, ચલણી નોટ અને નક્કર



નાણા વચ્ચેના સંબંધ જેવો છે. ઘણા પ્રસંગો સ્થળો અને સમયોમાં ચલણી નોટ વધારે સારી પડે છે, તેમ ઘણા પ્રસંગો સ્થળો અને સમયોમાં 'ઇંદ્રિય-સંનિકર્ષજન્ય બોધ'ના કરતાં 'વાક્યબોધ' વધારે ઉપયોગી થાય છે. દાખલા તરીકે, જો આપણી કોઈ પ્રવૃત્તિ વાક્યબોધ જેવા અમૂર્ત તત્ત્વમાંથી પેદા થઈ હોય છે, તો એ અમૂર્ત તત્ત્વ પોતે અવિચલ એકરૂપ જ હોવાથી આપણે એને પૂરેપૂરા વળગીએ કે આપણી પ્રવૃત્તિમાં પણ સંપૂર્ણ એકરૂપતા અને દૃઢતા ઊતરી આવે છે.

**૧૬૦ To him who—**

જે ડહાપણની દૃષ્ટિ-પ્રજ્ઞાનેત્ર-પ્રાપ્ત કરવાના હેતુથી વિદ્યા ભણે છે, તે પુસ્તકો અને વિદ્યાઓને પગથિયે પગથિયે જ્ઞાનના શિખર તરફ ચડતો જાય છે. એક પગથિયું ચડ્યો કે તેને પાછળ મૂકી તે ઉપલે પગથિયે ચડવા મંડે છે. પરંતુ વિદ્યાનું સેવન કરનારા સામાન્ય માણસો સ્મૃતિમાં પુષ્કળ સમૃદ્ધિ ભરવા માટે જ મંડે છે. તેઓને પગથિયાંઓ ઉપર ચડવાનાં સાધન બનતાં નથી કેમ કે દરેક પગથિયું છૂટું પાડીને તેઓ પોતાનું કરવા મંડે છે, તેનો ભાર પોતાના મસ્તક ઉપર લાદે છે, અને આવો ભાર વધતો જાય છે તેમતેમ તેઓ રાખે છે. (પગથિયાં) એમને ઉપાડી ઊંચે લેનારાં છે તેને જ તેઓ ઊલટે ઉપાડી ઊંચે (મસ્તકમાં) રાખે છે. એથી કરીને તેઓ ઊંચે ચડી શકતા નથી.

**चक्रं भ्रमति मस्तके—**

જુઓ 'पंचतंत्र' માં પાંચમા તંત્રની કથા ૩ જી.

**૧૬૧ Conceptions and—**

પ્રત્યક્ષ વિષયોના સમાગમમાં આવ્યા વગરનાં અમૂર્ત તત્ત્વો જંગલમાં ઊંડા ઊંડા પેઠી જતા અને પાછા બહાર ન નીકળતા રસ્તાઓ અને પગથીઓ જેવાં છે. અમૂર્ત તત્ત્વો અમૂલ્ય છે એટલા માટે કે પ્રત્યક્ષ વિષયો અનંતાનંત છે તેનાં જ્ઞાન ગ્રહણ વ્યવસ્થા આદિ આ તત્ત્વોના આધાર વડે સુગમ બને છે. એ તત્ત્વબીજોમાંથી અનુમિતિઓ અને તર્કપરંપરાઓનાં વૃક્ષ ને વૃક્ષ નીપજે છે ખરાં, પરંતુ સ્વસંવિત્ કે પ્રત્યક્ષમાંથી આધાર લીધા વગર કેવળ એ તત્ત્વોના પરિશીલનથી નવું અને સ્વતંત્ર એવું લેશ પણ જ્ઞાન મળી શકે એમ નથી. એરિસ્ટોટલને નામે નીચેનો સિદ્ધાંત ચાલે છે તેનો ખરો અર્થ આ છે; "બુદ્ધિમાં પોતાનામાં કંઈ નથી, જે ઇંદ્રિયો તેને આણી આપતી-તેમાં મૂકી આપતી—નથી" લોકની ફિલસૂફીનું પણ ખરું તાત્પર્ય આ છે; અને એ ફિલસૂફીથી જ આપણા જ્ઞાનના ઉદ્ગમસ્થાનનો પ્રશ્ન પ્રથમ પંક્તિના ગંભીર પ્રશ્નોની કોટિમાં આવ્યો, અને તેની શાસ્ત્રીય ચર્ચા વિશ્વને ઘેર એ પ્રમાણે થવા માંડી. કૅન્ટ કૃત ક્રિટીક ઑફ પ્યોર રીઝનનું પણ મુખ્ય શિક્ષણ આ છે.

અને તેમાં કેન્ટ આટલો અગત્યનો અને વાસ્તવિક વધારો કરે છે, કે ઇંદ્રિય-વિષયનું પ્રત્યક્ષ ગ્રહણ ઇંદ્રિયો અને બુદ્ધિના બંધારણને લીધે જે ઢાળાઓ (forms categories)માં કુદરતી રીતે પડે છે, અને જે પ્રત્યક્ષમાંથી તાત્ત્વિક અમૂર્ત તત્ત્વ નથી પરંતુ વિષયબીજો આપણા ચેતનતંત્ર રૂપ યોનિમાં ઝિલાય અને તેમાંથી પ્રત્યક્ષજ્ઞાન રૂપે પ્રસવે તે ઇંદ્રિયબીજ એ યોનિએ તેમને આપેલા નામરૂપ આદિ છે,—તે ઢાળાઓ આદિ આપણા ચેતનતંત્રના બંધારણ અને વૈલક્ષણ્યો વા ધર્મોનું પણ પરિણામ આવશ્યક છે.

## ૧૬૩ પં. ૧૦ : એક યુગના સાક્ષરો પાસે પરાપૂર્વથી આવેલો વાક્યબોધ એ સાક્ષરોમાંના લક્ષણકલ્પનાઓ—

પરાપૂર્વથી આવેલો વાક્યબોધ પ્રથા અને વિદ્વાનોની સ્મૃતિ આદિમાં—નદીતલમાં ભરી રાખેલાં જળની માફક—સંચિત હોય છે. તે યુગયુગના સાક્ષરોમાંના લક્ષણકલ્પનાઓ... એવો અર્થ છે.

૧૬૩ પંક્તિ ૨૫ : **દાસીત્વ કાર્ય** છે ત્યાં દાસીકાર્ય હોય તો બહેતર, વળી **ઘડી માંડી** છે તે કાળને કર્તા ગણીએ તો ચાલે, પણ વાક્યના પૂર્વાર્ધમાં **કાળ** કર્તા નથી, એટલે અંટાઈ વાંચવું.

પૂર્વાર્ધના **કાળે** શબ્દની વિભક્તિ સાતમી છે, ઉત્તરાર્ધના **કાળેની** વિભક્તિ કદાચ ત્રીજી આપવામાં ક્રમભંગની દરકાર ન રાખી, અને **માંડી** લખ્યું.

૧૬૪ પંક્તિ ૧ : **અપર**—(૧) બીજા, (૨) અપર=સામાન્ય, લૌકિક-વિદ્યાઓને લગતા, એ બંને અર્થ છે.

૧૬૬ પં. ૧૧ **વાક્યબોધ જે વિદ્વાનોના સહવાસી**—વાક્યબોધના જે વિદ્વાનો સહવાસી.

પંક્તિ છેલ્લી : **વારે-વાર** પણ.

૧૬૭ પંક્તિ ૧૨ : **સ્થૂલ હતા** પાસે અહંનિરાશ ઉમેરવું. વચ્ચે વચ્ચે કર્તાએ કૌંસને છેડી જ મૂકેલી છે ત્યાં વાક્યો પાર વગરના લાંબા જેવાં થઈ ગયાં છે, અને વિરામચિહ્નો છે તે કરતાં ઘણાં વધારે જોઈએ, અને જે છે તેમાંથી કેટલાંક ખોટાં મુકાયેલાં છે.

૧૬૮ પં. ૨૪ **ગ્રીકદાસો** : જિતાયેલી ગ્રીક પ્રજાના ફિલસૂફો શાસ્ત્રજ્ઞો કલાનિજ્ઞો આદિ. **દાસ** શબ્દનો અહીં આથી વધારે અર્થ નથી. એ વિજેતા રોમનોમાંથી એપિક્ટેટસની માફક પોતાના જીવનના અમુક ભાગમાં ખરેખર દાસ થયેલા ચેતક જ હતા.

પં. ૨૬ **દાસબોધ** : રામદાસકૃત મરાઠી દાસબોધનું સૂચન થાય



પૂરતો જ પ્રવેશ પેઠો; સ્ટોઇક દર્શન કે ગ્રીક લક્ષણસૃષ્ટિ અને ભારતીય ફિલસૂફી અને લક્ષણસૃષ્ટિ વચ્ચે નિકટનો સંબંધ સૂચવવાનો આશય નથી.

## ૧૬૯ आज्ञा गुरूणां—

વડીલ—પૂજ્યની આજ્ઞા થતાં જ તે પાળવી; તે વિષે સંકલ્પવિકલ્પાદિ વિચાર કરવા બેસવું એ પણ પાપ છે. જુઓ પૃ. ૧૮ પં. ૩૯-૧ 'માતાપિતાના સુખ અપરાધ...'

## ૧૭૦ प्राप्यापदं—

આપત્તિ આવી પડે તો પણ કદાપિ વ્યથા પામતો નથી; જરા પણ આળસ વગર રોજરોજ ઉદ્યોગવસ્તુ શોધે છે અને ઉદ્યોગમાં જ રહે છે; દુઃખ આવે તો તે તે કાળે મહાત્માની માફક સહી લે છે-ટેક સિદ્ધાંત આર્જવ કે શાંતિ લેશ પણ ફરજ્યા વગર સહે છે; એવો ધુરંધર છે કે દુશ્મનો હોય કે પાપ તો તેઓ નહીં પણ એ જ જીતે; વેરના કાર્યો કર્યાં પણ તપી ન જતાં પ્રશાંત રહે છે; ગુમાનમાં કદિ તણાતો નથી, કોઈનાથી ક્યાંથી ક્યારે પણ અંજાતો-ફુલાતો-તો નથી જ; અને તેવી સંકટમાળામાં યે 'શું કરું ?' 'બીજો ઇલાજ જ શો ?' એમ કર્તવ્યમૂઢ થઈ અકાર્ય—ન કરવા જેવું—કરતો તો નથી જ. આવી આવી પ્રકૃતિના માણસને જ શુદ્ધ **આર્ય** કહે છે.

આર્યત્વના લક્ષણોનું આ તેજસ્વી વર્ણન સંસ્કૃત શ્લોકો યાદ રાખી શકે તે દરેક સ્ત્રીપુરુષે કંઠસ્થ રાખવા જેવું છે.

પં. ૨૦ **શારીરક** હાસના શારીરિક જોઈએ; શારીરક શારીરિકના અર્થમાં પણ વપરાય છે ખરું પરંતુ शरीरः एव शारीरकः जीवः અને शारीरकस्य जीवस्य इदं शारीरकम् એ એ અર્થમાં જ શારીરક શબ્દ વાપરવો વધારે યોગ્ય છે.

## ૧૭૨ बद्धो हि—

બદ્ધ કોણ ? વિષયમાં લપટાયો-જકડાયો હોય તે; વિમુક્ત કોણ ? વિષયથી અનાસક્ત-અલિપ્ત-અળગો હોય તે.

પં. ૧૨-૩ **આત્મઘાતને** આગલા સ્ટોઈકો સંસારને દુઃખમય માની તેમાંથી છૂટવાના માર્ગરૂપે જોતા અને તેને નિંદતા નહીં, પણ એપિક્ટેટસે આત્મઘાતને સ્ટોઇક સિદ્ધાંતોવડે જ સૂક્ષ્મતર તર્કશૈલીથી વર્જ્ય અને નિંદ્ય બતાવી આપ્યો.

૧૭૩ પં. ૨ **રસદોષકત્વ** : આ શબ્દ બેસતો નથી. કર્તાએ **રસદાયકત્વ** લખ્યું હશે ? કર્તાના તાત્પર્યને માટે **રસને** એટલું પણ પૂરતું જણાય છે.

પં. ૧૫ **પ્રતિફલ, પ્રતિફલન, પ્રતિફલિત** વસ્તુ.

**૧૭૯ न नटा—**

અહીં નથી નટ, નથી વિટ, નથી વેશ્યા, નથી અસત્યવાદી—સાચું ન બ્હું બનાવામાં ટેવાઈ ગયેલા, નથી દુરાચારે લથી પડતી હોય એવા આળા કરનારી સ્ત્રીઓ: રાજરાજ્યોની મેહફિલમાં—રાજાઓના આવાસોમાં એવો પણ પાક છે—અમે તે કોણ ? અમારો ભાવ કોણ પૂછે ? શેનો જ પુછાય !

૧૮૦ **પણ પોતાનો સહચર વર્ગ॰** ફિલસૂફીમય પ્રશાંત ચિંતનજીવન આવા સંજોગોમાં ક્યાંથી જ હોઈ શકાય છે. પ્રવૃત્તિમય જીવનમાં અને તે પ્રકારે ઝંપલાવીને સહચરવર્ગના દુ:ખોના અંશભાગી થવું અને એ આખી સ્થિતિ સુધારવા સરખારવા માટે બનતાં સુધી મથવું એ જ ખરો પુરુષાર્થ છે. સેનેકાના આ વચનામૃતનો આશય આવો છે. કર્તા આગળ ચાલતાં લખે છે તેમ "સેનેકાની દૃષ્ટિ કેવળ વિચારમયી રહી, વિચારરૂપ નિરાકારરૂપ રહી, તેટલાથી સમાપ્ત થાય એવી ન હતી, પણ આચારમયી હતી."

૧૮૨ પૃ. ૧૫ **શાશ્વત સ્વધર્મ જન** : કેવલ સત્યશુદ્ધી માણસ.

**૧૮૩ Even if—**

બ્રિટેનિકસનું ખૂન નીરોએ કર્યું–કરાવ્યું એ વાત સાબિત નથી છતાં તેને સાબિત માનીએ તોપણ આમાં સેનેકાનો પણ હાથ હતો એમ માનવા કે કલ્પવાને પણ આધાર નથી. **સેનેકા અને નીરોની એકબીજાની ઓળખાણ એ જ કદાચ સેનેકાનું મોટામાં મોટું દુર્ભાગ્ય હતું.** નીરો સાથેનો એનો સંબંધ એવો કહેવાય હતો કે સેનેકા ઠગતાનો પર્વત હોત તોપણ તે પોતાની ઠગતાનો વ્યવહારુ પ્રયોગ કેટલો કરી શકત એ શક પડતું છે અને એ ઠગતાનો પ્રયોગ મનમાનતો કરત તોપણ નીરોમાં કંઈ યે ફેર પડત કે કેમ એ વળી વધારે શક પડતું છે...એગ્રિપિનાનું ખૂન ખરેખર બચાવ ન હોઈ શકે એવું કૃત્ય છે. તથાપિ તેણીની રાજકીય ખટપટીઓ ધ્યાનમાં લેતાં પક્ષપાત થઈ શકે એમ છે કે નીરોનું એ કૃત્ય એ આપણી અને કૂર નુકસાન-કાર રાજ્યનું ગણવાને બદલે તેને પોતાના એક બાહોશ અને ભયંકર હરીફને એક વડાકે ઉડાવી દેનારું ગણી શકીએ એમ છે. પુત્ર પોતાના અને પોતાના વિશ્વાસુઓના હાથમાં એક રમકડું થઈ રહેશે એવી આશાઓ તૂટી જતાં તેણી રાજ્યસત્તા પોતાના જ હાથમાં રાખી રાખવાને માટે ગમે તેવા ઉપાયો યોજવા સજ્જ હતી. **નીરોએ તેણીને જ એકાએક ઉડાવી દીધી ન હોત તો આન્તર વિગ્રહ જાગત અને કદાચ રોમન સામ્રાજ્યના કેટલાક વખત સુધી બે ભાગ પડી જાત એવા સંજોગો હતા. એટલે નીરોએ માતૃહત્યાનું જે ઘોર કૃત્ય કર્યું તેને નિન્દવું જેટલું સહેલું છે, તેટલું જ તેણે આને બદલે આવા સંજોગોમાં અન્ય ઉપાય–ઉપાયો શા શા યોજવા જોઈતા હતા તે સૂચવવું મુશ્કેલ છે.**



૧૮૪ પૃ. ૯૧ **અને જેવી ધર્મ્ય હતી**—અને તેમાં જેવી ધર્મ્યતા હતી...એવો અર્થ છે.

**૧૮૫ आरब्धस्या०—**

જેનો આરંભ કર્યો હોય તેના અંત સુધી તેને વળગી રહેવું, વચ્ચેથી પડતું ન મૂકવું.

**૧૮૬ नरो वा कुञ्जरो वा—**

મહાભારતમાંના આ પ્રસંગની ચર્ચા પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા આદિએ કરેલી છે તે માટે જુઓ વસંત વિ. સં. ૧૯૬૯ ના અંક.

**૧૮૭ The best years—**

નીરોની મહારાજ તરીકેની કારકિર્દીનો ઉત્તમ ભાગ જે વર્ષો દરમિયાન સેનેકા તેનો મુખ્ય મંત્રી હતો તે જ હતો એ નિ:સંદેહ.

**The first five—**

નીરોના અમલનાં પહેલાં પાંચ વર્ષનો કાળ પછી લાંબા વખત સુધી સદ્‌ગુણી અને ન્યાયી અમલના કાળ તરીકે પંકાયો. સેનેકા અને બરહાની બુરહસ આ સમયના મુખ્ય મંત્રીઓ હતા; રાજ્યના ખરા આત્મા આ સમયે એ જ હતા; અને સેનેકાના મંત્ર પ્રમાણે ચાલી નીરોએ સેનેટ (રોમ મહારાજ્યનું સર્વોપરિ રિક્ષમંડળ) અને પ્રજા બન્નેને સમાન કરવામાં રાખ્યાં, અને બન્નેની પ્રીતિ સંપાદન કરી. એના ગુરુઓએ પોતાથી બન્યું તે સર્વ કરી એનું અને પ્રજાનું બન્ને હિત સાધ્યાં; તેમણે એના ઉપર દયા અને મિતાચાર (moderation)ના બોધના વર્ષાદ વરસાવ્યા. તેઓ નીરોને કહ્યા જ કરતા—'મહારાજ, વિનયવિવેક રાખો, અતિને વર્જો, ક્રૂરતા કાપાકાપીને ત્યજો, રક્તપાતને પરહરો, ભોજનને અનુકૂળ ભોજનમંડપ કરી ભાગો, પણ કોઈ પણ પ્રાણીને ઈજા ન કરો.' અને આ આચાર્યોના આનીવાની સૌ ખુશામદ કરવું. તેની દરેક ઇચ્છા થતી તેવી જ સિદ્ધ થતી, એટલે એને આ બોધને અનુસરવામાં કેટલાક વખત સુધી તો જરા યે અરુચિ ન લાગી.

૧૮૮–૯ યુધિષ્ઠિર સ્વદેહે દેવલોક પામ્યા, સેનેકા જીવતાં જ દેવરૂપ પામ્યા.

૧૮૯ પૃ. ૧૭ **રુદની ચોરી** : આ અજાતરી પ્રમાણે તો ૧૮૯૪ માં આરંભાઈ રુદની ચોરી ૧૯૧૩ માં પૂરી થાય અને ૧૯૧૪ થી—યુરોપીય મહાભારત શરૂ થયું તે સાચવી–બચાવની ચોરી બેઠી એમ ગણવું પડે ! રાજદ્રોહના પ્રસંગ ૧૮૫૭–૫૭–૫૮ સુધીમાં. એ હિસાબે ગણ્યાર વર્ષ આખું અંકિત લાગીએ તો આ સાલથી કે ગઈ સાલથી કે આવતી સાલથી ચાલવાની ચોરી આરંભાય ! આપણી જેટલી પ્રાચીન એટલી નાનીમોટી સર્વ વસ્તુમાં

અદર્શ જ જોયો અને દેખાડયો, વાણીતોડીને પણ. એ વચણ કુદરતી નહીંએ-સર્વ સુશિક્ષિત હિંદુ માટે કુદરતી હોવું જોઈએ એ સ્વીકારીએ, તોપણ એ વચણ વિવેકની સામાન્ય સીમાને ઓળંગી જાય ત્યાં ત્યાં તો દોષરૂપ જ ગણવું પડે.

૧૯૩ પં. ૧૪ કોઈ મનુષ્ય જ્યારે પોતાનું સત્ય કર્તવ્ય ધારો ધારણ કરે, ઉઠાવે, તેનું ખરેખર જે કર્તવ્ય હોય તે બજાવતો હોય,-એવો અર્થ છે.

**૧૯૪ ઈશ્વર—**

હે અર્જુન, પ્રાણી માત્રનાં અંતરમાં ઈશ્વર રહે છે, જે પોતાની માયા વડે પ્રાણીમાત્રને ચકડોળે ચઢાવેલી ચીજોની માફક-ભમાવે છે, ચકર ચકર ફેરવે છે.

**स्वभावजेन—**

હે કુંતીપુત્ર, તારું પોતાનું જ કર્મ, તારી પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થયેલું કર્મ, તને એવો તો મોહપાશમાં નાખશે-જકડશે, કે એ અવશ દશામાં તું તારી મેળે જે કરવા ઇચ્છે જ નહીં તેવું પણ કરી બેસીશ.

૧૯૫ પં. ૯ **તેની પરવશ વૃત્તિઓને માટે** જે વૃત્તિઓની તે ગુલામ બની ગઈ હતી તે વૃત્તિઓ તેમ તજ્જન્ય કુટેવોને માટે.

**૧૯૬ तरति शोकमात्मवित्—**

આત્માને જાણનારો શોકસાગરને શોકસંસારને તરી જાય છે. ખરું આત્મજ્ઞાન થતાં અધ્યાત્મદૃષ્ટિ ખરેખર ઊપડતાં શોક જેવું કંઈ રહેતું જ નથી.

**૨૦૨ પં. ૧૦-૧૧ કોઈ અપૂર્વ એકલ સત્ત્વ—**

ગ્રીક ફિલસૂફીના અને આપણા તત્ત્વચિંતન કે ઉપનિષદોની ભાવનાઓને મહાત્મા-અતિમાનવ લોકોત્તર જીવન્મુક્ત મનુષ્ય આ પ્રકારના છે. નીત્શે (Nietzsche) અને બીજા આધુનિક જર્મન લેખકોનો Super-man સુપર-મેન-આ ભાવનાઓ ન પચતાં થયેલાં અજીર્ણનું વમન માત્ર છે: ઉચ્છિષ્ટ, ગંધાતું, વિષમય, અને અસંખ્ય અસહ્ય જંતુઓ દ્વારા ઉપદ્રવ ચારે તરફ ફેલાવતું.

૨૦૨ પં. ૧૫ **દુષ્ટવહન** અતિદુઃખદાયક અતિકઠિન વહન. ભારવહનમાં ભાર ઊંચે અને માથું નીચે હોય છે; ભાર માથાને કચરે છે. પરંતુ આ દૃષ્ટાંતમાં આ માથું એવું લોકોત્તર છે કે તે કચરાતું તો નથી જ અને ઊલટું ઉપર રહેલા ભારને પણ-ચકીનું નીચલું પડ તે ઉપરના દાણાને કચરીકચરીને દાણાના ભુક્કાસરખામાં ફેર પાડી દે છે તેમ ફેર પાડે છે. ચાક. ઘંટીના ડુંપકમાં તો દાણા ઉપર પણ ઘંટીનું ઉપલું પડ હોય છે. અહીં એવું ઉપલું પડ નથી તેનું કેમ? ના, છે: આ મહાત્માની લક્ષણબુદ્ધિ તે જ એ ઉપલું પડ. અને તેને મુકાબલે માથું તે નીચલું પડ ગણવાને પાત્ર છે. **સમુદ્ર જેવા એ જીવનની ગંભીરતા** એ જીવનની સમુદ્ર જેવી ગંભીરતા.



**वज्रादपि—**

લોકોત્તર-અલૌકિક મહાત્માઓ-નાં હૃદય કુસુમથી પણ કોમળ જણાય છે તેમ વજ્રથી પણ કઠોર જણાય છે, તેના પાર આ લોકમાંનો કોણ પામી શકે એમ છે!

૨૦૩ પં. ૪ **ઉદ્ધારરૂપ હોવાથી** કલ્યાણરૂપ એ વિચારમાળા હોવાથી એવો અર્થ છે. **તેની દૃષ્ટિ** આગળથી મલિન ભાગ, બીજાં જીવનોને લક્ષણ-દૃષ્ટિથી સત્કારી શકે એવા જ્ઞાનયોગીની દૃષ્ટિ આગળથી એ બીજાં જીવનોના મલિન ભાગ.

પં. ૩૧-૨ **મનુષ્યજીવનમાં સાધનચતુષ્ટય ખરું**—મનુષ્યજીવન પ્રાપ્ત કરવા માટે સાધન ચતુષ્ટય: માત્ર પામર વાસનાઓને અધીન પામર જીવનમાંથી ઊંચે ચઢી આત્માનુભવ વા સ્વરૂપાનુસંધાન (સેલ્ફ રીઅલાઈઝેશન Self-realization) સિદ્ધ કરવા માટેનાં સાધન.

૨૦૪ પં. ૧ **પ્રવાહપતિત,** પ્રકૃતિ-પ્રાપ્ત; પ્રકૃતિ એટલે સ્ટોઇક દર્શનમાં નેચર Nature—એ આપણી જાત આપણા અહંને બાદ કરતાં જે શેષ રહે તે આખું બ્રહ્માંડ: આ જડ અને ચેતન ઉભયમિશ્રિત પ્રકૃતિ: સ્ટોઇક દર્શનમાં આને જ સ્થૂલદૃષ્ટિએ ઈશ્વરનું સ્થાન અપાય છે, સૂક્ષ્મદૃષ્ટિએ એ દર્શનમાં જડ અને ચેતનનો ભેદ સ્વીકારાય છે. જડ પોતે ગતિહીન, ક્રિયાહીન, નિર્જીવ, માત્ર માતૃકા કે ઢાળા જેવું મનાય છે, અને ગતિ, ક્રિયા, જીવ માત્ર ચેતનનું સ્ફુરણ મનાય છે. એટલે સૂક્ષ્મદૃષ્ટિએ બ્રહ્માંડવ્યાપી જે ચેતન તેને જ સ્ટોઇક દર્શનમાં ઈશ્વરનું સ્થાન અપાય છે. આપણી બુદ્ધિ, આપણું મન, આપણું ચેતન તે આ દર્શનમાં બ્રહ્માંડના મહાચેતનનો સ્ફુલિંગ મનાય છે.

પં. ૫ **ઇયત્તા** અર્થાત્ સ્તોત; એટલા જ માપનું મહત્ત્વ એથી વધારે ગમે તેટલું આપીને પડે પરંતુ તે વધુ અભોક્તવૃત્તિ.

પં. ૧૩ **ઇચ્છા એ મુમુક્ષુત્વ,** ઇચ્છા તે આ દર્શનનું મુમુક્ષુત્વ એવો અર્થ છે.

પં. ૧૮ **દેખીતા દ્વૈતની સંભાવના,** સામાન્ય રીતે દરેક જીવાત્માને પોતાનું વ્યક્તિત્વ જણાય છે, અને દરેક વસ્તુનું વિશિષ્ટત્વ જણાય છે તેનો પ્રથમ પગલે સ્વીકાર, અને પછી ફિલસૂફી-પૃથક્કરણે પરિહાર-ખુલાસો.

**અઘટિતઘટના પટીયસી:** પટુ, કાબેલ; પટીયસ્, ખાસ કાબેલ.

૨૦૫ પં. ૩ **અંત પામનારી બુદ્ધિ,** નિયતિના નિયમક્રમ વીંટનારી વિજ્ઞાનાત્મક બુદ્ધિ.

૨૦૬ પં. ૨૫ **અંશોની અંશિની,** સર્વ અંશો ભેગા કરતાં જે બની રહે છે તે, વસ્તુમાત્ર વ્યક્તિમાત્ર જેના અંશ છે તે.

પં. ૨૬ સમવાય સંબંધ, છૂટું પાડી ન શકાય એવું અદ્વૈત; ઓતપ્રોત સંબંધ.

को मोहः—

ઠામે ઠામે, જ્યાં જ્યાં જુએ ત્યાં, ચારે તરફ, સર્વદા, અને તે પ્રતિ-સ્થિતિમાં પણ એકત્વ અનુભવનારને વળી મોહ શો અને શોક શો!

૨૦૭ ઈશાવાસ્ય—

જગત્યાં સૃષ્ટિ ઉપર જે કંઈ જગત્ સંચારનારું જન્મમરણ પામતું ઉત્પત્તિ-સ્થિતિલયાદિ દશાઓ અનુભવતું હોય તે સર્વ ઈશથી વ્યાપ્ત થવા યોગ્ય છે; ઈશવ્યાપ્ત છે; ઈશનું છે. તેન ઈશે એમાંથી જે કંઈ ત્યજેલું દેખાય તે તું ભલે ભોગવ. Render unto God the things that are God's. કસ્યચિત્ જે કંઈ બીજાનું હોય એવું, તારું નહીં એવું તારી સ્વાંગ માલિકીનું નહીં એવું, ઈશનું હોય એવું, દેખાય તે લેતો ખબરદાર! અને તું પોતે? તું પણ ઈશાવાસ્ય ખરો કે નહીં? થઈ શકે કે નહીં? થવું જ પડે છે કે નહીં? તારી અનિચ્છાએ પણ બનવાનો ખરો કે નહીં?

न रम्यं नारम्यं—

કોઈ પણ વસ્તુ અંતે નથી રમ્ય તેમ નથી અરમ્ય કે રમ્યેતર; રમ્યતા-રમ્યેતરતા અનાદિસિદ્ધ ગુણ નથી. વસ્તુઓની રમ્યતા-રમ્યેતરતાનો બધો આધાર ગ્રાહક ઉપર છે; એક ગ્રાહકને જે રમ્ય લાગે તે જ બીજા ગ્રાહકને રમ્યેતર લાગે.

मध्ये व्यक्त—

૧ થી ૩ છ અને ૪ થી પંક્તિઓનો અર્થ ઠીક પાછી જ તુરત આપ્યો છે. ધંધલો મરણ, નાશવંત હોવાનો ગુણ. આ જગત નાશવંત છે અને ભૂતપ્રમાણે જ બધું બનેલું છે. ૧ લી પંક્તિમાં વિભવ એટલે માયા. જગત્ મધ્યકાળમાં વ્યક્ત થાય છે તે પણ આ માયાને લીધે. એના આદિ અને અંત અવ્યક્ત જ રહે છે તેમ જે એ નાશવંત છે જ.

૨૦૮ પં. ૧૦ ઓરેલ્યસના દર્શનમાં, એ રોમન-ગ્રીક પ્રજાઓની દૃષ્ટિસીમામાં, અનુભવમર્યાદામાં.

પં. ૨૫ તુલના કરવા વિના, તુલના વિના.

# ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન

## ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનના પ્રમુખપદેથી આપેલું પ્રવચન

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

સને ૧૯૦૫ના જૂનની ત્રીસમી અને જુલાઈની પહેલી તથા બીજી તારીખે મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના પહેલા અધિવેશનના પ્રમુખપદેથી આપેલું આ ભાષણ પુરુષોત્તમ વિશ્રામ સાહિત્યમાળાના ચોથા અંક રૂપે પ્રગટ થયું હતું. પહેલી પરિષદના રિપોર્ટમાં પણ તેનો સમાવેશ થયો હતો. પરંતુ હવે એ બંને અપ્રાપ્ય થવાથી સાહિત્યના અભ્યાસીઓના ઉપયોગ માટે આ વ્યાખ્યાનનો અહીં સમાવેશ કર્યો છે.

# ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન

(પહેલી સાહિત્યપરિષદમાં પ્રમુખ શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ આરંભમાં કરેલા આ ભાષણના જે કંઈ અસલ ભાગ મળ્યા તેની અને બાકીના ભાગને માટે તેમણે સંક્ષેપમાં કરી રાખેલી અસલ નોટની નકલ આ ટિપ્પણમાં લીધી છે અને તેમાં તેમને હાથે કંઈક વિસ્તાર કરાયો છે.)

સાક્ષર બન્ધુજનો,

## ઉપોદ્ઘાત

આજનો પ્રસંગ કેટલીક રીતે ગૂંચવાડા ભરેલો લાગે છે. તેનું કારણ સાહિત્યની બાબતો જેટલી સાક્ષરોને ઉપયોગી છે તેટલી સામાન્ય વર્ગને જણાશે કે કેમ તે જોવાનું છે. આ સભાના કાર્યક્રમમાં જોડણી, લિપિ વગેરે શાસ્ત્રીય વિષયો છે, તેમાં સામાન્ય માણસને રસ ન પડે, છતાં આટલા બધા ગૃહસ્થો આનંદ સાથે પધારેલા છે અને પંદર સોળ ગૃહસ્થો પોતાનાં લખાણ મૂકશે તે તમે કેટલી ધીરજથી સાંભળશો અને તેમાં તમને રસ પડશે કે નહીં તે વિષે ગંભીર શંકા છે. પ્રથમથી એટલા માટે જણાવું છું કે જેઓ ઘણો શ્રમ કરી આવ્યા છે તેઓ નિરાશ ન થાય તે માટે તૈયારી રાખવી જોઈએ. જે લેખ આવ્યા છે તે દરેક મહત્ત્વના છે અને તે વિશ્વાસ તથા આશાથી સાંભળશો. સાહિત્ય બહુ જરૂરનું છે; પરંતુ હાલમાં સાહિત્ય લખનારને હિંદમાં કોઈ પૈસો આપનાર નથી, અને જેમ લોકો તરફથી તેમ સરકાર તરફથી ટેકો મળતો નથી, તેમ સાહિત્ય બહાર પાડનાર પુસ્તકો બહાર પાડે છે, પણ વાંચનાર મળશે કે નહીં તે વિચાર મનમાં ઉત્પન્ન થાય છે. માટે તેવાઓએ ધૈર્યથી કામ લેવાની ફરજ સમજવી એવી વિનંતિ છે.

બીજી વાત. પ્રમુખને કામ સોંપેલું છે, તે કામ એક રીતે કઠણ નથી અને બીજી રીતે જોખમ ભરેલું છે. બીજી સભામાં "ઠરાવો" થાય છે, જે એક પક્ષના હોય છે. આમાં તેવું કંઈ નહીં મળે.

સાધારણ રીતે આપણે વખત વિચારીને એવી યોજના કરી છે કે જે વિચાર મુકાશે અને જેનાં લખાણ વંચાશે તે સંબંધે ચર્ચા

રાખવાની નથી. હાલ તો વકીલની માફક પુરાવો એકઠો કરવો છે. એટલી લિપિ વગેરેમાં મતભેદ છે અને એક યુગ જાય અને બીજો આવે તેવી સ્થિતિ છે. હાલ તો સંધ્યાકાળની સમીપે છીએ અને રાત્રિ વીતીને મળસકું થાય ત્યારે સિદ્ધ સ્વરૂપ આખરે પ્રકટ થાય.

કોઈ કહેશે કે જુદા જુદા અભિપ્રાય દર્શાવે તેમાં ફળ શું, પરંતુ તેમાં જ ફળ છે. સૌ ઊભરા કાઢયા પછી પાશ્ચાત્ય શાસ્ત્રના નિયમ પ્રમાણે અનેક ચર્ચા થયા પછી જે ઉત્તમ હશે તે જય પામશે. હાલની વસ્તુમાં તમારું કામ સાંભળી રહેવાનું છે, અને ધૈર્ય રાખવાનું છે.

આ સભાનો ઉપક્રમ આપણા મંત્રીએ વિસ્તારથી દર્શાવેલો છે. તે ઉપક્રમનો નિર્વાહ સભ્યજનોએ કરી બતાવવાનો છે, અને તે પછી તેનો ઉપસંહાર યથાશક્તિ યથામતિ મારે શિર છે; તો આ આરંભસ્થાને તે વિષયોથી તટસ્થ રહેવામાં અને અન્ય વક્તાઓના મધુર ગુંજારવથી પ્રસન્ન થઈ, તે પછી તેમનું અનુકરણ કે તેમના વિષયોનું અનુસ્તવન કરવામાં તેમના પ્રતિ મારો ધર્મ વધારે સચવાશે એમ ધારી આ સ્થાને મને તમારા પ્રમુખસ્થાને પ્રતિષ્ઠા આપવા માટે તમારો ઉપકાર માનું છું, અને હવે પછી જે વિષયો ચર્ચાવાના છે તેના સિવાય કાંઈ અન્ય વિષયોમાં ચંચુપાત કરવાની રજા માગું છું.

## આ યુગના તાલબંધ

બન્ધુજનો, આ યુગ, રાજકીય, સાંસારિક અને અન્ય વિષયના સમાજનો છે. કોઈ સ્થાને કોન્ગ્રેસો તો કોઈ સ્થાને કોન્ફરન્સો, કોઈ સ્થાને ક્લબ નામે તો કોઈ સ્થાને એસોસિએશન નામે, સમાજો આ તેમ અન્ય દેશોમાં ભરાય છે. જ્યાં સર્વ પાસ આવા સતારના રણકારા સંભળાય છે ત્યાં આપણા એકતારાનો ધ્વનિ પણ તેમાં ભળે અને સામાજિક પ્રવૃત્તિના લક્ષમાં કાંઈક વૃદ્ધિ કરે તો તે ચિત્ર દેખાવું સુન્દર જ છે. જ્યાં ચારે પાસ ગાનતાન મચી રહેલું હોય એવા પ્રદેશમાં ઊભું રહેલું પ્રાણી ગાનાદિકમાં કુશળ નહીં હોય તો બોલ્યા વિના હૃદયમાં ગાન ઉતારવા માંડશે, તેના હાથપગ તેની પ્રેરણા વિના તાલ આપતા હોય તેમ નૃત્ય કરશે, અને પ્રસિદ્ધપણે વર્તતા ગાનમાં અપ્રસિદ્ધપણે આ હૃદય અને શરીર લય પામશે. જો ગાનમાં કુશળ ન હોનાર આવો લય પામશે તો ગાનમાં પ્રવીણ સત્વો પ્રકટપણે એવા ગાન જેવું ગાન કરવા મંડી જશે. આવી જાતના લયનું કારણ આ સૃષ્ટિ



માત્રનો જડચેતનવ્યાપી એક નિયમ છે અને તે નિયમનું નામ Rhythmic Law–તાલબન્ધ અથવા અનુપ્રાસયોજના–આપીએ તો સમજાય એવું છે. આપણી સાહિત્ય-પરિષદ આખા આર્યાવર્તના એક સમાજ પ્રવર્તક નૃત્યમાં આવા તાલબન્ધ નિયમના બળથી ઊભી થઈ છે. જે સરસ્વતી દેવીને આપણા ઋષિમુનિઓએ વીણાધારિણી ગણેલી છે તે દેવીના ભક્તો આવા નિયમ પાળે તો તે દેવીની પૂર્ણ કૃપાવાળી થશે એવી આશા કેવલ શુકવાદ જેવી નથી

## તાલભંગમાં તાલબંધ

આ "આશા શુકવાદ જેવી નથી" એ શબ્દોનો ઉચ્ચાર કરું છું ત્યાં એક શંકા મારા હૃદયમાં ઊભી થાય છે. આવા તાલબન્ધ એકપાસથી દૃષ્ટિગોચર થાય છે તો બીજી પાસથી તાલભંગનાં કઠોર ચિત્ર પણ દૃષ્ટિગોચર થયા વિના રહેતાં નથી. કોન્ગ્રેસમાં ઐક્યની ગર્જનાઓ જે કાળે થાય છે તે જ કાળે તેમાં નૃત્ય કરનારાઓના ચરણો ઉપર કોઈ ગુપ્ત રીતે તો કોઈ પ્રકટ રીતે લાકડીઓ મારી તેમને લૂલાલંગડા કરી દેવાના પ્રયત્ન કરનારાઓનાં ચિત્ર પણ જોઉં છું. સોશ્યલ કોન્ફરન્સને પણ એવા જ ઘાત થાય છે અને તમે જે કોઈ સામાજિક કામ કરશો તે સર્વમાં પણ એક પાસથી તાલબન્ધ તો બીજી પાસથી આવો જ તાલભંગ પણ જોશો. આવે પ્રસંગે તાલબન્ધના પક્ષનાં કોઈક હૃદયો નિરાશ થાય છે તો કોઈક હૃદયોમાં વધારે શૌર્ય ચઢતું દેખું છું. કોઈક પગ ભાગી જઈ નૃત્ય કરનારમાંથી એક જણને ઓછો કરે છે તો કોઈ સ્થાને એ એકને સ્થાને બીજા બે નૃત્ય કરનાર ઊભા થાય છે, કોઈક સ્થાને પૃથ્વીપરથી પડતી લાકડીઓના પ્રહારને બળે ભાંગી પડવાને સાટે કેટલાકના ચરણો વધારે વધારે ઊંચા ઊછળી ઊછળી વધારે વધારે નૃત્ય કરે છે. આ સર્વ જોઈ હું નિરાશ થતો અટકું છું. ધીમે ધીમે તાલભંગમાં પણ તાલબન્ધની જ સાંકળો દેખું છું, ને તાલબન્ધ અને તાલભંગ ઉભયને પ્રેરનાર એક પરમતત્વને જોઈ તેનામાં શ્રદ્ધા પામું છું. એ પરમતત્વને બળે જેમ દાંડિયા રમનારા એક બીજાના હાથના દાંડિયાને પોતાના હાથના દાંડિયાવડે ઝાપટે છે તે જ રીતે તાલભંગવાળાના પ્રહારથી ઝપટાતા તાલબન્ધમાં અને તાલબન્ધને પ્રેરતા તાલભંગમાં હું કોઈ મહત્તર તાલબન્ધ દેખું છું. ગણિતશાસ્ત્રીઓ વત્તા અને ઓછાનાં ચિન્હ—plus અને minus—વાળી સંખ્યાઓ એકઠી કરી એક કોઠામાં મૂકી તેનો ઉપયોગ કરે છે તેમ

સંસારના મિશ્રિતનો પરમશાસ્ત્રી પણ આ તાલબન્ધ અને તાલભંગને આવા જ ક્રૌંસમાં મૂકી કોઈ પરમ સાધ્યને સાધે છે, તેને પાશ્ચાત્ય શાસ્ત્રીઓ Evolution કહે છે.

### ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો ધર્મ

ગુજરાતી સાહિત્યનો વિસ્તાર વધારવો અને એ સાહિત્યને લોકપ્રિય કરવું, એ આ સભાનો ઉદ્દેશ છે. ઉદ્દેશના વિષયમાં તાલભંગ થવાનો સંભવ દેખાતો નથી, કારણ આ સભાના સભાજનો સાક્ષર હોવાથી આ વિષયના નિર્ણયમાં તાલબન્ધ કરે એવું જ અનુમાન છે. બાકી સભાથી બહાર નીકળશો તેની સાથે જ એવાં મનુષ્યો મળશે કે જેઓ ગમે તો ગુજરાતી સાહિત્યને દેશકાલના ઉદય માટે નિરર્થક ગણશે, ગમે તો સાહિત્ય માત્રને વેઠિયાં ઢોરને માટે ગામ આગળ કાઢેલી ગોચર જમીન જેવું ગણશે, કોઈ વળી એવું ગોચર કાઢી નાંખી ખેડાણ જમીનમાં ભેળવી દેવું યોગ્ય ગણશે; અને ગમે તો કોઈ વ્યવહારકુશળ અને દેશાભિમાની મનુષ્યો એટલે સુધી કહેશે કે આવી સભાઓમાં આપણે કાળક્ષેપ અને શક્તિનો વ્યય કરીએ તેના કરતાં કંઈ વધારે લોકોપયોગી કામમાં ચિત્ત ઘાલીએ તો દેશનું કલ્યાણ થાય. આ સર્વ ચર્ચાઓ લોકમાં સભાબ્હાર ઊઠે અને આપણી સભામાં તેથી ભય પ્રાપ્ત થાય ત્યાં સુધી સાક્ષરસભામાં આ અક્ષરવિરોધનો પ્રતીકાર કરવાનું કારણ નથી. હું આ વાત ઉપર આજથી ધ્યાન એટલા માટે ખેંચું છું કે આવતા વર્ષની સભાને પ્રસંગે આવો ભય જણાય તો તેને માટે સભાજનો સજ્જ રહે. આ સભાના તાલબન્ધને વિસ્તાર આપવાના ઉદ્દેશનો ફલોદય આપણે જે સાધનો વાપરીશું તેના ઉપર વધારે આધાર રાખશે, માટે બહારનાં વિઘ્નો કરતાં આપણાં અંદર અંદરનાં વિઘ્નો ઉપર અને તેને દૂર કરવાનાં સાધનો ઉપર તેમ જ આપણા ઉદ્દેશના ફલોદયનાં સાધનો ઉપર હું બે શબ્દ કહેવા ઇચ્છું છું.

### કઈ પદ્ધતિની કવિતા શિષ્ટ ગણવી તેમાં મતભેદ–સમુદ્રમંથન જેવા વિષયોની ચર્ચા

આપણાં અંતર્વિગ્રહોથી પ્રાપ્ત થતો તાલભંગનો ભય તો સમીપ જ છે. ગુજરાતી લેખનપદ્ધતિનો વિષય આપણા ઐક્ય અથવા તાલબન્ધના સંબંધમાં **प्रथमग्रासे मक्षिका** જેવો થઈ પડે એમ છે. કઈ પદ્ધતિની કવિતા શિષ્ટ ગણવી એ વિષયમાં મતભેદ તો એટલો



થઈ ગયો છે કે **तत्र युद्धं कचाकचि**—એ યુદ્ધમાં પડનારા તો એક બીજાથી રીસાઈને જ બેસે છે. ધર્મવિષય, રસવિષય, સંસારસુધારાનો વિષય, રાજકીય વિષય, ઇત્યાદિ સર્વ વિષયોની ચર્ચા સાક્ષરવર્ગમાં સમુદ્રમંથન જેવું મંથન પામે છે અને દેવદાનવો જેવા હૃદયભેદ ઉત્પન્ન કરે છે. આ છેલ્લા વિષયો એક રીતે સાહિત્યના વિષયો છે ને બીજી રીતે નથી. રાજકીય સાહિત્ય, ધર્મવિષયકસાહિત્ય, ઇત્યાદિ નામો જોઈએ તો વિષયમાત્ર સાહિત્યગમ્ય છે. આવા બાહ્યવિષયોની અપેક્ષા રાખનાર સાહિત્યને બાદ કરી, તેના સિવાયના સાહિત્યને જ સાહિત્ય કહીએ તો ઉક્ત વિષયો સાહિત્ય નથી. આમને સાહિત્ય કહેવું કે ન કહેવું, એ ચર્ચામાં ન પડતાં આવા બાહ્ય વિષયોની અપેક્ષા રાખનાર સાહિત્યને આપણે **સાપેક્ષ** સાહિત્ય કહીશું અને તે વિનાના શુદ્ધ કેવળ સાહિત્યને **નિરપેક્ષ** સાહિત્ય કહીશું. આ સભાનાં કાર્યની યાદી જોતાં **શાસ્ત્રસાહિત્ય** અને કાવ્યાદિક **કેવળસાહિત્ય** એવા ભેદ સ્વીકારતાં ઘણી અનુકૂળતા થશે.

આ ચાર શબ્દોની પરિભાષા શુદ્ધ જ છે એમ હું કહેતો નથી. માત્ર મને આ પ્રસંગે તે સ્ફુરી આવે છે અને એ તમારાથી સમજાય એવા શબ્દો છે એમ ગણીને અનુકૂળતાનો વિચાર કરી એ શબ્દો હું વાપરું છું. આટલો મારો આશય ધ્યાનમાં રાખશો તેને મારી સાથે તાલભંગની વાસના નહીં થાય.

### સાપેક્ષ સાહિત્ય અને કેવળ નિરપેક્ષ સાહિત્યને અંગે તાલભંગનાં દૃષ્ટાંત

હવે આ સભાના યોજેલા વિષયોમાંથી સાપેક્ષ સાહિત્ય દૂર રાખેલું છે એટલે તેના અંતર્વિગ્રહનો એક પ્રદેશ દૂર રહેલો છે. પરંતુ કેવળ નિરપેક્ષ સાહિત્યને અંગે પણ આવાં વિઘ્નો-આવા તાલભંગનાં દૃષ્ટાંત હવણાં જ દેખાયાં છે. હું "હવણાં" લખું છું, કોઈ "અહુણાં" લખશે, કોઈ "હમણાં" લખશે, અને કોઈ "અહુના" લખશે. આ મહાન તાલભંગ થાય છે, અને આ એક શબ્દ લખવામાં કયા કયા અક્ષર ભેગા કરવા તેને માટે સાક્ષરો પુષ્કળ અક્ષર-યુદ્ધ કરે છે, "ભગજભારી" થાય છે, અને કલેશ તેમ જ કલહ પણ જાગે છે. આ સર્વ તાલભંગ વચ્ચે હું પોતે એવો તાલબન્ધ રાખું છું કે એ સર્વ જુદી જુદી લેખનપદ્ધતિઓ સાથે સમભાવ રાખું છું. તેમના

લેખોના ઉદ્દેશોનું અહણ પ્રીતિથી કરું છું, અને એ સર્વ પદ્ધતિઓ ઉપર દ્વેષ કે તિરસ્કારની દૃષ્ટિ કરવામાંથી મુક્ત રહી અને અનુકૂળ પડતી પદ્ધતિનો પક્ષપાત કરી તેને વળગી રહું છું. આવી રીતે મારી લેખનપદ્ધતિ અન્ય પદ્ધતિઓ સાથે તાલમેળ રાખતી નથી, ત્યારે મારું હૃદય તે સૌની સાથે તાલમેળ રાખે છે. કેટલાક ચોપટ અને શેતરંજ રમનારાઓ રમતાં રમતાં અંતે લડી પડે છે ત્યારે કેટલાક રમનારાઓ બાજી પરનાં દાંતનાં અને લાકડાંનાં રમકડાંને રમાડતાં, એ રમકડાંના જયપરાજયથી પોતાના હૃદયને જયપરાજયની વૃત્તિઓથી પરાભવ પમાડતા નથી. રાજા વજીરો, અસીલોને માટે યુદ્ધ કરવામાં આગ્રહ રાખે છે, અને તે કાળે જ એક બીજાના સ્નેહભાવને હીન કરતા નથી. એક પાસથી તેઓ અસીલને માટે લડે અને બીજી પાસથી તેમનાં હૃદય હસી હસી અન્યોન્યની પ્રીતિ કરે એવો એ ધંધાનો અનુભવ છે. તમે પરસ્પર સાથે પૂરા આગ્રહથી ચર્ચા ચલાવો તેની સાથે જ એ ચર્ચા કરતાં કરતાં પ્રીતિ અને બન્ધુતાની ચન્દન-અર્ચાથી ચર્ચાવ, અને તમારાં હૃદય વધારે સંધાય, એ કળા તમે પામશો, તો આ સભામાં હૃદયના તાલભંગનો સ્પર્શ નહીં થાય. ઉત્તરરામચરિત નાટકમાં લવ અને ચન્દ્રકેતુ રણયુદ્ધ કરતાં કરતાં હૃદય-પ્રીતિ પામી ગયા, એ આર્યોની પદ્ધતિનું અનુકરણ આપણી સભાના સભ્યજન ધારશો તો કરી શકશો.

એવી પ્રીતિથી થોડો ભાગ-ગુજરાતી સાહિત્ય રચનાના પાંચ પર્વ (પેરાઇઓ) મૂકવા માગું છું.

## ગુજરાતી સાહિત્યના ઉદય પહેલાં કેવું સાહિત્ય હતું ?
### બ્રાહ્મણ તથા જૈન વિદ્વાનોનું સાહિત્ય
### રાજકીય ઇતિહાસ અને અસર

ગુજરાતી સાહિત્ય, શેરડીને જેમ પેરાઈ હોય તેમ પેરાઈ નાંખીને વધેલું છે; ને નરસિંહ મહેતાની પેરાઈ નાંખી વધેલું છે તે મૂકવા માગું છું. ૧૮૫૦ પછી અર્વાચીન કવિઓને બાદ કરવામાં આવ્યા છે, કારણ હાલના વિદ્વાન પુરુષોને તે પ્રસિદ્ધ છે. ગુજરાતી ભાષાના થડ-મૂળ ક્યારે બંધાયાં, નરસિંહ મહેતા પહેલાં કેવું સાહિત્ય હતું તે બતાવવાની જરૂર છે. હાલ જ્યારે કોઈ કવિતા લખવા બેસે છે ત્યારે મનમાં કાંઈ વિચાર ઉત્પન્ન થાય તે ઉપરથી લખે છે; પરંતુ



નરસિંહ મહેતા અને મીરાંબાઈને તેમ થયું નહોતું. જેમ જ્વાળામાંથી કડાકા થઈ નવો અગ્નિ પ્રગટે તેમ તેમને થયું હતું. જે તેમના ઇતિહાસથી જણાતું છે.

### પર્વ ૧: મૂળ અને થડ

૧. ગુજરાતમાં ગુજરાતી સાહિત્યના ઉદય પહેલાં કેવું સાહિત્ય હતું, કઈ ભાષામાં હતું? રાજકીય સ્થિતિ કેવી હતી? તે વિષે જાણવાની જરૂર છે. તેના ગુણથી ગુજરાતી સાહિત્યનાં મૂળથડની જનની ભૂમિની ઓથે Heredityથી શું ઊતર્યું ?? તે વિષે જાણવાની જરૂર છે.

(અ) રજપૂત રાજાઓનો કાળ:—ઈ. સ. ૭૪૬-૧૨૯૮. વનરાજથી કર્ણદેવ વાઘેલો. અણહિલવાડ પાટણમાં સંસ્કૃત સાહિત્યનો યુગ તે ગુજરાતી સાહિત્યના આદિ યુગનો પૂર્વજ હતો.

ઈ. સ. ૮૨૫ — યાદવોએ દ્વારકા છોડ્યું અને તેઓના નાયક દઢપ્રહાર રાજાની સાથે દક્ષિણમાં ચન્દ્રાદિત્યપુર અથવા શ્રીનગરમાં જઈ વસ્યા.

ઈ. સ. ૧૦૧૦-૪૧ — ધારાના વિદ્વાન રાજા ભોજે અણહિલવાડ, લાટ દેશ (સુરત સુધીના) વગેરે ઉપર ચડાઈ કરી. તેણે રચેલાં પુસ્તકો—સરસ્વતીકંઠાભરણ, રાજમૃગાંકકરણ, વગેરે.

ઈ. સ. ૧૦૧૦ — આનંદપુર (વડનગર)ના ઉવ્વટે અવન્તિમાં વાસનેય સંહિતા ઉપર ભાષ્ય લખ્યું.

ઈ. સ. ૧૦૨૪ — જિનેશ્વર નામના જૈન યતિએ અણહિલવાડના રાજા દુર્લભ પાસેથી 'ખરતર' પદ મેળવ્યું; એણે ખરતર ગચ્છ સ્થાપ્યો અને અષ્ટકવૃત્તિ તથા લીલાવતી લખ્યાં.

ઈ. સ. ૧૦૫૦-૫૫ — વિક્રમાંકદેવચરિત. (૧૦૫૦ માં લખાયેલું; તેમાં સોમેશ્વર ચાલુક્યે ધારાના ભોજ ઉપર મેળવેલી જીતનું વર્ણન છે.)

ઈ. સ. ૧૦૫૦ — ત્રિલોચનપાલ ચાલુક્યનું લાટ દેશ પર રાજ્ય હતું, એ સંબંધી સુરતનો તામ્રલેખ છે.

ઉપરનાં તમામ પુસ્તકો સંસ્કૃત ભાષામાં રચાયેલાં છે.

ઈ. સ. દશમા — શતકથી ભાષાસાહિત્યની શરૂઆત થાય છે.

ઈ. સ. ૧૦૫૧ તામિલમાં હાલાસ્યમાહાત્મ્યનું રૂપાંતર મદુપુરાણ લખાયું.

ઈ. સ. દશમા શતકમાં હીંદી ભાષા હતી પણ એનું સાહિત્ય નહોતું.

ઈ. સ. ૧૩ મું શતક–મલ્લિનાથ ટીકાકાર અને તેમના પુત્ર નરહરિ–કાવ્યપ્રકાશના સરસ્વતીતીર્થ નામના–ટીકાકાર થયા.

ઈ. સ. ૧૨૧૦ દેવગિરિના યાદવરાજા મહાદેવે ગુજરાત ઉપર ચઢાઈ કરી અને વિશળદેવ ઉપર વિજય મેળવ્યો. તેનો મુખ્ય અમાત્ય હેમાદ્રિ એણે ચતુર્વર્ગચિન્તામણિ નામનો ગ્રન્થ તથા વાગ્ભટ્ટ પર ટીકા લખી. હેમાદ્રિનો આશ્રિત બોપદેવ હતો. તેણે હરિલીલા, શતશ્લોકી વગેરે ગ્રન્થો લખેલા છે–બધા સંસ્કૃતમાં છે.
આ વખતમાં તામિલ વ્યાકરણ લખાયું છે.

ઈ. સ. ૧૨૯૨ સંસ્કૃત ગ્રન્થો ઉપર વાર્તિક લખનાર જિનપ્રભસૂરિ અને હેમચંદ્રની સ્યાદ્વાદ–મંજરી ઉપર ટીકા લખનાર મલ્લિષેણસૂરિ હતા.

ઈ. સ. ૧૨૯૩ કાવ્યપ્રકાશ ઉપર જયન્તી ટીકા લખનાર જયન્ત–ગુજરાતના સારંગદેવના રાજ્યમાં હતો.

ઉપસંહાર–સુરતસહિત આખા ગુજરાત કાઠિયાવાડમાં રજપૂત રાજાઓનો અમલ હતો અને સાહિત્ય સંસ્કૃત હતું. જૈન વિદ્વાનોમાં પણ ઘણુંખરું સંસ્કૃત સાહિત્ય હતું. ગુજરાત બહાર પણ એ જ સાહિત્ય હતું, પણ હિન્દી ભાષાનો અને તામિલ સાહિત્યનો ઉત્તર દક્ષિણમાં જન્મ થયો હતો. રજપૂત રાજાઓ વિષે ભાટચારણોના રાસા વગેરે –રાસમાલા–ગુજરાતી ભાષાની બ્હેનપણી પ્રાકૃત અને અપભ્રંશ ભાષા –એમાં લખાયા. કંઈક મારવાડી, કંઈક વ્રજ અને કંઈક બીજી ભાષામાંથી મિશ્રણ–તે રાજકવિઓની ભાષા હતી અને ઘાઙણું જૈન વિદ્વાનોના સાહિત્યની ભાષા સંસ્કૃત હતી. જન્મ પામતી ગુજરાતી એ સર્વના મિશ્રણરૂપે બોલાતી હોવી જોઈએ. સાંપ્રત કચ્છી ભાષા જેવી કદાચ તે વખતની ગુજરાતી ભાષા હશે. કચ્છી ભાષામાં સંસ્કૃત શબ્દો ઘણા થોડા ફેરફાર સાથે બોલાય છે ( જેમકે, દૌહિત્રને સ્થાને દોત્રો, પૌત્રને સ્થાને પોત્રો વગેરે ), પણ તેમાં સાહિત્ય નથી.



## મુસલમાન યુગમાં ગુર્જર સાહિત્ય

(આ) ૧૨૫૯–૧૪૨૦

(અણહિલવાડ પાટણ અલાઉદ્દીન તરફથી સર થયા પછી મુસલમાન સુબાઓ વગેરેની હાકમારીમાં પડ્યું ત્યાંથી તે ૧૪૧૭ માં અમદાવાદ બંધાતા સુધી.)

### રાજકીય ઇતિહાસ.

ઈ. સ. ૧૨૯૮. સોમનાથ, અણહિલવાડ અને ખંભાત અલાઉદ્દીનના મોગલ સુબાઓએ સર કર્યાં.

૧૩૦૮. અલાઉદ્દીને ઝાલાવાડ જીત્યું.

૧૩૧૫. ગુજરાતમાં બંડ.

૧૩૨૦. કાઠિયાવાડમાં લાખા ફુલાણીનો વિજય.

૧૩૩૯. મહમદ તઘલખ દીલ્હીને સાટે દૌલતાબાદને (દેવગિરિને ) રાજનગર કરે છે.

૧૩૪૫. ગુજરાતમાં બંડ.

૧૩૪૬. "

૧૩૪૭. ગુજરાતમાં આબપ્રીશાહીનો આરંભ

૧૩૪૯. મહમદ તઘલખે જૂનાગઢ લીધું.

૧૩૫૦. મહમદ તઘલખ ગોંડળમાં.
( પછી ગુજરાતમાં સુબાઓનો કાળ.)

૧૩૭૬. ગુજરાતના સુબાનું બંડ.

૧૩૯૧. ગુજરાતમાં બંડ.

૧૩૯૪. સુબો ઝફરખાન ફંદર જીતે છે.

૧૩૯૬. એ જ સુબો સોમનાથ દેવાલયનો નાશ કરે છે અને પોતે સ્વતંત્ર થાય છે.

૧૩૯૯. તૈમુર.

૧૪૦૫. તૈમુરના મરણના સમાચાર ગુજરાતમાં આવે છે.

૧૪૦૭. ગુજરાત અને માળવા વચ્ચે વિગ્રહ ( મુસલમાનો બે પાસ.)

૧૪૧૩. " "

૧૪૧૭. પહેલા અહમદશાહે ૧૪૦૦માં બંધાવવા માંડેલું અમદાવાદનું કિલ્લાકામ સંપૂર્ણ થયું.

૧૪૨૦. અહમદશાહે ગુજરાતમાં શાંતિ પ્રવર્તાવી.

## ધાર્મિક સાહિત્ય.

૧૩૦૦. મેરુતુંગ (જૈન)
૧૩૨૨. સાતમા મધ્વગુરુ વિદ્યાતીર્થનું મૃત્યુ.
૧૩૩૪. હરિભદ્રસૂરિની જમ્બુદ્વીપસંગ્રહિણી ઉપર પ્રભાનન્દસૂરીની ક્ષેત્રસંગ્રહિણી વૃત્તિ.
૧૩૩૯. આઠમા મધ્વગુરુનું મૃત્યુ.
૧૩૪૩. નવમા મધ્વગુરુનું મૃત્યુ.
૧૩૪૮. જૈન કર્તા મેરુતુંગ (૧૩૦૦ ના મેરુતુંગથી ભિન્ન.)
૧૩૫૩. તપાગચ્છના કુલમંડનનો જન્મ.
૧૩૬૮. સોમતિલકસૂરિ (શીલતરંગિણીના કર્તા) નું મૃત્યુ.
૧૩૭૩. વિમલચંદ્રસૂરિની પ્રશ્નોત્તરમાલા ઉપર દેવેન્દ્રની ટીકા.
૧૩૭૬. દશમા મધ્વગુરુનું મૃત્યુ.
૧૩૮૪. અગિઆરમા મધ્વગુરુનું મૃત્યુ.
૧૩૯૬. અભયદેવસૂરિનું "તિજયપહુત" સ્તોત્ર.

## અન્ય સાહિત્ય

૧૩૦૦. કય્યટ: પતંજલિના મહાભાષ્ય ઉપર ભાષ્યપ્રદીપનો કર્તા.
૧૩૧૦. ગુજરાતના રાજા સારંગદેવ (કરણઘેલાનો બાપ) ના મન્ત્રી વિક્રમનો પુત્ર તેજસિંહ તે દેવાલંકૃતિનો કર્તા.
૧૩૧૦. અલંકારનો ગ્રંથ-પ્રતાપરુદ્રીય-તેનો કર્તા વિદ્યાનાથ ઓરંગમાં થયો.
૧૩૩૬. જયવલ્લભ કૃત પ્રાકૃત વજ્જાલય નામના ગ્રંથ ઉપર છાયાકાર રત્નદેવ.
૧૩૪૩. રુદ્રપાલીયગચ્છના જિનપ્રભની પદ્ધતિની.
૧૩૪૯. રાજશેખરસૂરિએ (દીલ્હીમાં) "પ્રબંધકોશ" કર્યો અને અન્યત્ર શ્રીધરની ન્યાયકન્દલી ઉપર "પંજિકા" રચ્યાં.
૧૩૫૦. સાયણાચાર્ય અને માધવાચાર્ય (વિજયનગરના મંત્રીઓ.)
૧૩૬૬. ચારિત્રસુંદરગણિ—ગુરુ જયતિલકાચાર્યનું કુમારપાલચરિત્ર.
૧૩૭૨. રત્નશેખરસૂરિનું શ્રીપાલચરિત્ર.

**ઉપસંહાર**—અણહિલવાડ પાટણ પડ્યા પછી સવાસો વર્ષ વીત્યા બાદ ગુજરાતના સાહિત્યનાં મૂળ નરસિંહ મહેતા વગેરેએ રોપવા માંડ્યાં તે પહેલાંના આ સવાસો વર્ષનો **મુસલમાન યુગ**—તેમાં:



(ક) ગુજરાતની બહાર કય્યટનું ભાષ્યપ્રદીપ (૧૩૦૦) વિદ્યાનાથનું પ્રતાપરુદ્રીય (૧૩૧૦) અને સાયણાચાર્ય અને માધવાચાર્ય (૧૩૫૦) ના સંસ્કૃત સમર્થ ગ્રન્થો રચાયા છે ત્યારે તેજસિંહના એક ગ્રન્થ (૧૩૧૦) વિનાના સર્વ ગ્રન્થો ગુજરાતમાં માત્ર જૈનસાધુઓના રચેલા છે. એ ગ્રન્થો પણ મોટા ભાગે ધર્મસાહિત્યના અને સંસ્કૃત સાથે પ્રાકૃતમાં પણ છે. એ સાધુઓએ તેમના "ગચ્છો" નો આશ્રય પામી આટલું સાહિત્યવૃક્ષ ઊગવા દીધું છે, ત્યારે બ્રાહ્મણાદિક અન્યવર્ગનું સાહિત્ય જે રજપૂત રાજાઓના કાળમાં જ સ્ફુરતું હતું તે કેવળ અસ્ત થયું, અને એ સાહિત્ય કેવળ અસ્ત થયા પછીના કાળમાં ગુજરાતી સાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું.

(ખ) દીલ્હીના બાદશાહો, ગુજરાતના સુબાઓ, અને અન્ય નાના મોટા સરદારોના વિગ્રહ આ યુગના આરંભથી તે ૧૩૫૦ સુધી ચાલ્યા, અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જૂનાગઢ, ગોંડળ વગેરે કાઠિયાવાડના ભાગોમાં અને બાકીના ગુજરાતમાં ચાલી રહ્યો હતો. તેવામાં જૈનગચ્છોના ચાર પાંચ સાધુઓ ઉક્ત સાહિત્યના એકલા આધારરૂપ હતા. તે પછીનાં પચીસેક વર્ષમાં એટલે ૧૩૭૬ સુધીમાં રાજકીય શાંતિ જેવું પ્રમાણમાં હતું તેમાં પણ બીજા પાંચેક જૈન સાધુઓ જ એવા આધારભૂત હતા. અને તે પછી લગભગ પચાસ વર્ષ સુધીમાં તો જૈનસાહિત્ય પણ લગભગ શાંત થઈ રહ્યું. અનેક બંડો, ઈડર અને સોમનાથ ઉપર મુસલમાન સરદારોની ચડાઈઓ, તૈમુરલંગે આખા હિંદુસ્તાનમાં વર્તાવેલો ભયકંપ, અને અંતે ગુજરાત અને માળવાના સુલતાનો વચ્ચેના વિગ્રહ—એ બનાવો ગુજરાતમાં પચાસ વર્ષોમાં ક્ષોભના વમળ વિસ્તારે છે અને સાહિત્યને કેવળ અસ્ત કરી દે છે.

## ભ્રમણયુગમાં સાહિત્ય

(ગ) પણ પ્રશ્ન એવો ઊઠે છે કે, જૈન સાધુઓ જેટલી સાહિત્ય-ધારા ટકાવી શક્યા તેનો કાંઈ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો? તેઓ ક્યાં ભરાઈ બેઠા હતા? આના ઉત્તરમાં દંતકથામાંથી એવો ઉત્તર નીકળે છે કે તેઓ ઘરબાર છોડી અન્ય ઘરબાર શોધવાના વમળમાં પડ્યા હતા. વાણિયા-બ્રાહ્મણોના ઉદ્યોગ અણહિલવાડ પાટણમાં અશક્ય થતાં તેઓ પોતાનું સર્વસ્વ લઈ અન્ય સ્થાનો શોધવા લાગ્યા. આજના કાળમાં ગુજરાત કાઠિયાવાડમાં અનેક સ્થાનોમાં વાણિયા-બ્રાહ્મણની અનેક જ્ઞાતિઓ જોવામાં આવે છે તેમાંની કેટલીક અણહિલ-

વાડ પાટણની આસપાસ આવેલાં એક વેળાનાં નગરોમાંથી આવી છે. કોટીશ્વર અથવા કોટચર્કને ઇષ્ટદેવ ગણનારા ખડાયતા બ્રાહ્મણવાણિયાનું મૂળ સ્થાન ખડાલ કે ખડાત જે હોય તે; **હાટકેશ્વરને** ઇષ્ટ દેવ ગણનાર નાગર બ્રાહ્મણો અને નાગરવાણિયાનું મૂળ સ્થાન વડનગર અને વીસનગર; ઝારોળા વાણિયાઓનાં ઝારોળ ગામ અને **હીમજમાતા;** દેશાવળ વાણિયાનાં દીસા અને **સિદ્ધેશ્વરી;** શ્રીમાળી બ્રાહ્મણ વાણિયાઓનાં સ્થાન શ્રીમાળ અને ભિન્નમાળ અને ઇષ્ટ દેવી **મહાલક્ષ્મી;** અને મોઢ બ્રાહ્મણવાણિયાનું મોઢેરા. આ સર્વ જ્ઞાતિઓનાં આ મૂળ સ્થાનો અને ઇષ્ટદેવોનાં દેવાલયો અણહિલવાડ પાટણની આસપાસના પ્રદેશમાં આવેલાં છે, અને રજપૂત રાજાઓને આશ્રયે ઉદય પામેલાં ઉદ્યોગ અને વિદ્યાઓમાં વળગેલી આ જ્ઞાતિઓ આશ્રય ભંગ થયે અન્ય આશ્રય શોધવા નીકળી પડેલી દેખાય છે. અમદાવાદ એ શતકમાં બંધાયું ન હતું. ચાંપાનેર, સુરત, મથુરા, કાશી, વગેરે સ્થાનો સુધી આ નાસતી ભાગતી જ્ઞાતિઓ પ્રસરી ગઈ, પણ ગુજરાત કાઠિયાવાડમાં આખરે ઠરેલી જણાય છે. આ યુગ એમને માટે **ભ્રમણયુગ** હતો અને એવા યુગમાં ગચ્છોના આશ્રયમાં રહેલા જૈન સાધુઓ જેટલું સાહિત્ય ટકાવી શક્યા તેનો અંશ પણ આ સંસારીઓ કેમ ન જાળવી શક્યા એ એમના આશ્રય ઇતિહાસથી સ્પષ્ટ થાય છે. જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનને બળે શુદ્ધ અને સરલ રૂપે તેમના સાહિત્યમાં સ્ફુરે છે ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ અને રાજ્યકર્તા મુસલમાન વર્ગ એ ઉભયના સંસર્ગથી બ્રાહ્મણ-વાણિયાઓની નવી ભાષા કેવી રીતે જુદું બંધારણ પામી બંધાઈ, તે પણ તેમના આ ભ્રમણના ઇતિહાસથી જ સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની ઉભયની ગુજરાતી ભાષા આમ જુદે જુદે રૂપે બંધાવા પામી તેની સાથે ઉક્ત યુગને અંતે ઉક્ત કારણોથી સંસ્કૃત વિદ્યા અને સાહિત્ય લોપ પામી ગયાં, અને જો કોઈ નવું સાહિત્ય ઊગવા સરજેલું હોય તો તેની ભાષા, લોકની આ નવી ગુજરાતી જ હોવી જોઈએ એવું અનુમાન આટલા ઇતિહાસમાંથી ફલિત થાય છે. ઈ. સ. ના દશમા શતકમાં હિંદી ભાષા ઉત્તર હિંદુસ્તાનમાં જન્મી તે કાળે ગર્ભરૂપે સ્ફુરવા પામેલી ગુજરાતી ભાષાના અસ્થિપંજરમાં ચારસો પાંચસો વર્ષોની ગર્ભસ્થિતિએ પરિપાક દશા આણી. સંસ્કૃત સાહિત્યનો લોપ થતાં ગુજરાતી ભાષામાં સાહિત્યજીવન સ્ફુરવા લાગ્યું



હોય એમ સમજાય છે, કારણ આપણા આદિકવિઓની ભાષા તેવા પરિપાકને પામેલી સ્થિતિમાં પ્રકટ થાય છે.

### સાહિત્યવૃક્ષનો ઋતુ

(ઘ) આ જ યુગમાં ગુજરાત બહાર અને શંકરાચાર્યના દેશમાં જ તેમના અદ્વૈતમાર્ગના વિજયધ્વજોને પાછા હઠાવે એવો મધ્વમાર્ગ પ્રવર્તે છે અને દશ મધ્વગુરુઓ એક પછી એક આ પ્રવર્તનના આધાર બને છે. મધ્વાચાર્ય અને રામાનુજ ઉભય ધર્મગુરુઓ દક્ષિણમાં બારમા શતકમાં ઉદય પામ્યા હતા. પણ તેમના પંથ ગુજરાત સુધી હજી સુધી આવ્યા ન હતા. એમના પૂર્ણોદયનો કાળ કાંઈક આ યુગમાં જ હતો અને તેમના સાધુઓ ગુજરાતમાં અને ઉત્તર હિંદુસ્તાનમાં કાંઈક આ યુગને અંતે આવવા લાગ્યા હશે એમ હવેના યુગના ઇતિહાસથી સમજાય છે. ગુજરાતની ઉક્ત પ્રકારની ભૂમિમાં અને ઉક્ત પ્રકારના ઋતુમાં બારથી ઉક્ત પ્રકારનો પવન વાવા લાગ્યો તેવામાં આપણા આદિકાળના કવિઓની શક્તિથી આપણા સાહિત્યવૃક્ષનાં બીજને રોપાયાં.

### (૨) આદિ ગુર્જર સાહિત્ય : ૧૪૦૦-૧૫૦૦ સુમારે

આ બીજ આખા ગુજરાતમાં રોપાયાં નહીં, પણ જૂનાગઢ, દ્વારકા, પાટણ, અને સિદ્ધપુરમાં પ્રથમ પ્રકટ થયાં. આ **બીજયુગ** લગભગ પંદરમા શતકના અંત સુધીનો છે.

### આ યુગમાં રાજકીય ઇતિહાસ અને આર્યાવર્તમાં સાહિત્ય અને ધર્મ

(અ) અમદાવાદના સુલતાનોની ચડાઈઓ—માળવા ઉજ્જન વગેરે ઉપર (૧૪૨૨), ઈડરના રાજા પુંજાનું યુદ્ધમાં મરણ (૧૪૨૮), ઝાલાર-વાડના રાજાની હાર (૧૪૩૦), સુરત પાસેનું ભગવાન (૧૪૩૨), ચાંપાનેર ઉપર ચડાઈ (૧૪૪૯), માળવાવાળા મહમદની કપડવણજ આગળ હાર (૧૪૫૧).

(આ) અમદાવાદ જુમા મસ્જિદ બંધાઈ રહી (૧૪૨૯), હાથ-મતી ઉપર અહમદનગરનો પાયો (૧૪૨૭), અહમદશાહનું મરણ (૧૪૪૨) અને મહમદ કરીમશાહને ગાદી.

(ઇ) માળવા અને ગુજરાતની સંયુક્ત સેનાઓ ઉપર મેવાડના રાણા કુંભાનો વિજય (૧૪૪૦), કુંભાની ગુજરાત ઉપર ચડાઈ

(૧૪૫૮), મહમદ બેગડો–ચાંપાનેર ઉપર (૧૪૮૩ થી ૧૪૮૪); સિરોહી રાજા ગુજરાત ઉપર (૧૪૮૭), કુંભાનો પુત્ર ગાદી ઉપર (૧૪૮૯), ઈડર ઉપર બેગડો (૧૪૯૬.)

(ઇ) ગિરનાર ઉપર પાંચમા રા' માંડલિકનો લેખ (૧૪૫૯). રા' માંડલિક હાર્યો ને વટલાયો (૧૪૭૧).

(એ) લાહોરમાં શીખ ગુરુ નાનકનો જન્મ (૧૪૬૯), અને મરણ (૧૫૩૮); વલ્લભાચાર્યનો જન્મ (૧૪૭૯), બંગાળાના નદિયામાં વૈષ્ણવ ગુરુ ચૈતન્યનો જન્મ (૧૪૮૫), કબીરજીનો ઉદય (૧૪૯૦).

(અ) ગીતગોવિન્દના કર્તા **જયદેવ** (૧૨ મું શતક) બંગાળામાં; રામાનંદ આગ્રામાં; કબીર બનારસમાં; વિદ્યાપતિ બિહારમાં: તેણે રાધાકૃષ્ણનું રૂપક લખ્યું (ભીમદેવના સમયમાં); મીરાંબાઈની ગીતગોવિંદ ઉપરની ટીકા; વલ્લભાચાર્ય બનારસમાં; આગ્રામાં સૂરદાસ, અને તુલસીદાસ અકબરના રાજ્યમાં, તેઓએ આધ્યાત્મિક રહસ્ય વિષે લખ્યું. તેમાં તુલસીદાસે રામસીતા વિષે (રામાયણ) લખ્યું, અને સૂરદાસે રાધાકૃષ્ણસંબંધે લખ્યું. તુલસીદાસે ઉત્તર હિંદુસ્તાનમાં રામની ભક્તિનો ઉપદેશ કર્યો, તેવો ઉપદેશ અમદાવાદમાં દાદુએ કર્યો, અને દાદુના શિષ્યોએ રજપુતાનામાં કર્યો. બંને જહાંગીરના વખતમાં થયા.

(ઓ) નરસિંહ મહેતો (૧૪૧૫-૮૧), મીરાં (૧૪૦૩-૧૪૭૦), પાટણનો ભાલણ (૧૪૩૯-૧૫૩૯); સિદ્ધપુરનો મોઢબ્રાહ્મણ ભીમ હયાત હતો (૧૪૮૪); એ જાતે ઉદીચ્ય હતો.

## બીજરૂપ કવિઓ–નરસિંહ વગેરે

આ શતકના પૂર્વાર્ધમાં નરસિંહ અને મીરાં અને ઉત્તરાર્ધમાં ભાલણ અને ભીમ થઈ ગયાં.

પૂર્વાર્ધ:—અમદાવાદમાં પ્રથમ સુલતાનીનો પાયો નંખાયો અને આખા ગુજરાતમાં તેમના તરફનો ક્ષોભ વ્યાપી રહ્યો હતો તે વખતે માત્ર બે સ્થાને, નરસિંહના જૂનાગઢમાં અને મીરાંબાઈના દ્વારકામાં, જેની ઉજ્જ્વળ સ્થિતિએ કોઈ રાજાને કે સુલતાનને આખા શતક પછી આકર્ષી નથી ત્યાં જ શાંતિ અને ઉદય હતાં. કુંભો ગુજરાત



ઉપર ચડાઈઓ કરતો હતો પરંતુ તેના બીજા ખૂણામાં પડેલી દ્વારામતીમાં જઈ શકે એમ ન હતું. તે દ્વારાવતીએ મીરાંને શાંતિ અને આશ્રય આપ્યાં હતાં ત્યારે નરસિંહને સ્વદેશે આશ્રય આપ્યો હતો. ગૃહકુટુંબ અને જ્ઞાતિ સાથે ઉભય ભક્તોએ સંબંધ છોડ્યો હતો અને શ્રીકૃષ્ણ સાથે નવો સંબંધ બાંધ્યો હતો. ઉભયની કવિતામાં અકૃત્રિમ શૈલી અને હૃદયપ્રસાદ છે. કોઈ શક્તિએ દીવાસળી બનીને એમનાં હૃદયમાં નવી જ્વાલાઓને પ્રકટી, અને કયા તેથી એ જ્વાલાઓ તેમનાં મરણ સુધી હોલાઈ નહીં, અને તેમના ઉત્તરાધિકારીઓને આબાદ કરતી ગઈ, એટલા પ્રકરણના શીર્ષમાં ચમત્કૃતિ હોવી જોઈએ. ગુજરાતના આ આદિ કવિઓમાં આ જ્વાલાઓ ગુજરાત બહારના કોઈ પ્રસિદ્ધ નવા ધર્મપ્રવર્તકોમાંથી નથી આવી; કારણ તે સર્વ આ કવિયુગના આયુષ્ય પછી જન્મ્યા, અથવા ઉદય પામ્યા છે. (જુઓ ઉપર 'એ') તેમજ સર્વ પ્રવર્તકોના ઉપદેશનાં બીજ નરસિંહ અને મીરાંનાં કાવ્યોમાં છે, અને આ બેની કીર્તિ ગુજરાત બહાર કાશ્મીર અને સમુદ્ર સુધી પ્રસરી હતી. એ બે વાત ધ્યાનમાં લઈએ છીએ ત્યારે ગુજરાતનાં આ બે રત્નની અમર પ્રભાઓથી આ સર્વ પ્રવર્તકોને ઉપદેશબીજ મળ્યાં છે એવું ભાન થવાને પ્રસંગ છે. કોઈ નવો યુગ બેઠો હોય તેમ આખા હિંદુસ્તાનના સર્વ ભાગમાં આ પ્રવર્તકો નવા દીવા પેઠે પ્રકટ્યા હતા અને (જયદેવ અને મીરાં સિવાયના સર્વ) તે દીવાઓના મૂળ દીવા નરસિંહ અને મીરાં ગુજરાતમાં તેમનાથી આગળ પ્રકટ્યા હતા.

આ મૂળ દીવાઓમાં કોઈ પણ અન્ય જ્યોતિના પ્રભાવથી જ્વાલાઓ પ્રકટી હોવી જોઈએ. તે વિષે તેમની દંતકથાઓ ઉપરાંત કાંઈ પુરાવો શોધીએ તો તેમાંથી પણ ફળ જડે એમ છે.

(૧) **મીરાંબાઈ**—(જુઓ " ઈ ").

(૨) શ્રીમદ્ભાગવતની અસર—આ શતકના ઉત્તરાર્ધના ભીમ ઉપર થઈ:-બૃ. કા. ભા. ૪. પૃ. ૪૭; ભાગવત માહાત્મ્ય. પૃ. ૪૯–૫૧ : ભાગવતના અધ્યાયોનો સાર, અને પૃ. ૧૫૨ માં ફલશ્રુતિનો શ્લોક–

" પંડિત બોપદેવ દ્વિજ એક, કીધો હરિલીલા વિવેક,
તેને આધારે કીધી કથા, સરોવર જમલો કૂવો યથા."

શ્રીમદ્‌ભાગવત બોપદેવનું કરેલું છે એમ આજ કેટલાક માને છે અને કેટલાક નથી માનતા; પરંતુ બોપદેવે વર્તમાન ભાગવતરૂપે અથવા અન્ય ભાગવતરૂપે કંઈ પણ ગ્રન્થ તો કરેલો જ હતો. અને તે ગ્રન્થનો આત્મા આ કાળે ગુજરાતમાં સ્ફુરતો હતો, એટલું આથી સિદ્ધ થાય છે. બોપદેવના દેશના રાજાએ ગુજરાત ઉપર સવિજય પ્રયાણ ઈ. સ. ૧૨૬૦ માં કર્યું હતું એ આપણે જોયું છે, અને તેણે રચેલી **હરિલીલાને** આધારે આપણા ભીમ કવિએ પણ ઉક્ત પ્રકારે હરિલીલા રચી છે ને તેમાં ભાગવતના અંશ આવે છે. એ રાજાના કાળથી તે ભીમના કાળ સુધી જે બોપદેવની ભાગવતકથા ગુજરાતમાં કીર્તિમતી હતી તે જૂનાગઢના રજપૂત રાજ્યમાં અપ્રસિદ્ધ નહીં હોય અને એ કથાનાં બીજ અને રહસ્ય આપણા નરસિંહ મહેતાના હૃદયની જ્વાલારૂપ થયાં હતાં એમ એવા ગ્રન્થોમાં સ્પષ્ટ સ્ફુરે છે.

મીરાંને ગમેલું ગીતગોવિંદ અને નરસિંહને ગમેલી રાસલીલાવાળું ભાગવત* એ ઉભય ગ્રન્થોનું પૃથક્કરણ કરીએ તો દેવકથા અને

* રા. આનંદશંકર ભાઈ આપણા "વસન્ત" માં, (૧) મુંબાઈ સમાચારના એક લેખકે આપેલી મીરાંબાઈની જન્મમરણ તિથિઓ ઉપરથી અને (૨) ચૈતન્યાનુયાયી જીવા ગોસાંઈના પ્રસંગથી એવું અનુમાન કરે છે કે મીરાં સોળમા શતકની મધ્યમાં (૧૫૪૦ માં) વિદ્યમાન હતાં, અને એમના હૃદયની જ્વાલા ચૈતન્ય સંપ્રદાયથી પ્રકટી હતી. જે ગોસાંઈના પ્રસંગની કથા મીરાંની ગાઈ છે તે જીવા ગોસાંઈની જ હતી એમ માનવાનું કારણ મીરાંના કે કોઈ ઐતિહાસિક લેખમાં નથી. તેમાં ફક્ત જન્મમરણ તિથિઓને માટે કાંઈ આધાર નથી, અને હોય તો તે બીજી કોઈ મીરાં સંબંધે હોવો જોઈએ, કારણ કર્નલ ટોડ આપણાં મીરાંબાઈને મેવાડના કુંભા રાણાની રાણી ગણે છે. અને તેની તારીખો ત્યાર આપણ પ્રમાણે છે. આજ પર્યંત વગેરેના લેખોમાં પણ એ જ તારીખો છે અને બાબર બાદશાહે હરાવેલા રાણા સંગ (સંગ્રામસિંહ)નો કુંભો પિતામહ હતો: માર્શલ કૃત હિસ્ટરી ઓફ ઇંડિયા, પૃષ્ઠ ૨૯૭. આ છેલ્લા પુસ્તકના પૃષ્ઠ ૨૮૪ ઉપરથી મહમદ બેગડાએ કરેલો પાંચમા સં માંડલિકનો પરાજય પણ ઈ. સ. ૧૪૭૨ માં છે, અને પૃષ્ઠ ૨૬૫ પ્રમાણે કબીરની તારીખ ઈ. સ. ૧૪૯૦ છે. કબીર અને નરસિંહની હૃદયજ્વાલાઓના અમુક લેખની સમાનતા સ્વીકારતાં બાધ નથી, પણ કાલક્રમ ઉપરથી જ અનુમાન કરીએ તો કબીરની હૃદયજ્વાલાનું બીજ નરસિંહમાંથી પ્રાપ્ત થયું હતું એમ કહેવું ઉચિત છે. નરસિંહમાં ભાગવતનો કે જયદેવનો અંશ વિશેષ હતો, એ ચર્ચામાં આ પ્રસંગે ઉદાસીનતા છે. ગો. મા. ત્રિ.



દેવરહસ્ય એવા અંશ બેમાંથી નીકળે છે અને તે ઉપરાંત ભાગવતમાંથી અધ્યાત્મજ્ઞાન, યોગ વગેરે પણ નીકળે છે, અને એ સર્વ અંશોનું શિખરસ્થાન પરાભક્તિમાં આવે છે.

આ યુગનાં ચારે કવિજન સંસ્કૃતનાં સંસર્ગી હતાં. તીર્થસ્થાન સિદ્ધપુરમાં આ શતકના પાછલા ભાગમાં રાજકીય શાંતિ રહેલી જણાય છે, અને અણહિલવાડ પાટણમાંથી ઊગેલા અંકુર જેવા પાટણ નગરમાં જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃત સાહિત્યને રચવામાં લાગ્યા હતા અને રાજકીય સ્થાન મટી એ પણ તે કાળે તીર્થ નહીં તો તીર્થ જેવું જ આ સાધુઓએ કરેલું જણાય છે. અન્ય વર્ણોનો ભ્રમણયુગ સમાપ્ત થતાં ભીમ અને ભાલણને આ સ્થાનોમાં સંસ્કૃત અભ્યાસનો યોગ થયો છે અને ઘણા કાળથી મૂકી દેવાયેલા સંસ્કૃત સાહિત્યને સ્થાને ગુજરાતી સાહિત્ય રચવા લાગ્યા. એ સાહિત્યમાં દેવકથાનો ઉત્કર્ષ થયો અને ભાલણે કાદમ્બરી જેવા માનુષ કથાનું સંસ્કૃતમાંથી ભાષાંતર કર્યું. પણ તેમણે તો જ્યારે ભીમની ભાષા બોલીને કહીએ તો સરોવર કઠિના કૂવાનું પાણી પાયું છે, ત્યારે નરસિંહે અને મીરાંએ પોતાના હૃદયપાતાલના ઝરાઓમાંનું પાણી પાયું છે. દેવકથા ઉપરાંત દેવરહસ્યના ચમકારા ઉભય હૃદયમાં થઈ રહ્યા છે. મીરાંબાઈ એમ જાણતાં હતાં કે વ્રજમાં તો એક જ પુરુષ છે અને સ્થૂલ શરીરના સર્વ પુરુષો તો ભક્તદૃષ્ટિએ સ્ત્રીઓ જ છે. આવું જ દેવરહસ્યજ્ઞાન અને તે ઉપરાંત અધ્યાત્મજ્ઞાન એ ઉભયના સંયોગ વિયોગ નરસિંહની કવિતામાં સ્ફુરે છે, આથી તેનાં જ્ઞાનભક્તિનાં પદ સમજી તેમાંથી મળેલા પ્રકારની ભાવનાથી તેની દેવકથા વાંચનારને જ એ કવિની અન્ય કવિતાઓનું માહાત્મ્ય સમજાશે.

### રાસલીલા–નરસિંહનાં અધ્યાત્મ પદ

રાસલીલાને અન્તે ભાગવતકાર પૂર્વપક્ષ કરી પૂછે છે કે "ગોપીઓ કૃષ્ણ સાથે રાસ રમવા આખી રાત ગઈ હતી. તેમના સ્વામીઓએ તેમની અસૂયા કેમ ન કરી?" તેના ઉત્તરમાં તે સમાધાન કરે છે કે "એ સ્વામીઓએ તો પોતાની સ્ત્રીઓને પોતાની પાસે જ દીઠી છે, એટલે ગઈ દીઠી નથી તો અસૂયા શાની થાય?" અર્થાત્ ગોપીઓનાં સ્થૂલ શરીર તેમનાં સ્વામીઓ પાસે જ રહેલાં હતાં અને તેમને વ્યભિચાર-દોષ થયો ન હતો; માત્ર તેમનાં સૂક્ષ્મ શરીર શ્રીકૃષ્ણ સાથે

રાસલીલા રમવા ગયાં હતાં, અને એ કૃષ્ણ તો ગોપીઓનાં તેમ તેમના સ્વામીઓનાં સર્વના હૃદયમાં અધ્યક્ષ હતા. અને તેમની સાથે સમાગમ પામેલાં ગોપીઓનાં સૂક્ષ્મ શરીરને એ રાસલીલાનો સમય તે "બ્રહ્મરાત્રિ" નો સમય હતો. અન્ય ભૂતોની નિદ્રાને કાળે આ ગોપીઓનો આ જાગર-કાળ તે તેમની બ્રહ્મરાત્રિ. વલ્લભપન્થમાં પુરુષો પ્રતિજ્ઞા લે છે કે "હું વ્રજની ગોપી છું." તે આવી રીતની બ્રહ્મરાત્રિના આવા ભક્તિરસના રાસને ઉદ્દેશીને કહેવાય છે, અને નરસિંહનો "સુરતસંગ્રામ" પણ એ જ બ્રહ્મરાત્રિની સૂક્ષ્મશરીરભાવનાઓને ઉદ્દેશે છે.

નરસિંહના અધ્યાત્મપદની સંગતિ કરીએ છીએ ત્યારે તેના આવા આશય સ્પષ્ટ થાય છે. "નિર્ગુણ નાથને નીરખી ન શકો, સગુણ સુરતી તારે કેમ જાણે?" એ પંક્તિમાં કવિ સ્પષ્ટ કહે છે કે નિર્ગુણનાથના અધ્યાત્મજ્ઞાન થયા પછી તેના સ્વરૂપ-પ્રત્યયના દૃઢીકરણ માટે "સગુણની સુરતી" અર્થાત્ ભક્તિયોગ છે, અને એ નિર્ગુણની ઉપેક્ષા કરી કેવળ સગુણને સાધનાર તો, કવિના મત પ્રમાણે "ચૈતન્ય નિન્દા કરે, જડનું વન્દન કરે, અચેત ભૂલ્યા તે ભિન્ન ભાવ આણે." એ નાથ ક્યાં છે એ પ્રશ્નના ઉત્તરમાં કવિ કહે છે કે "નેત્રમાં નાથ છે" અને તે ઉત્તરમાં છાન્દોગ્ય ઉપનિષદ્‌ના "**य एषोऽक्षिणि पुरुषो दृश्यते**" એ વાક્યનો આશય છે. એ દર્શનથી એક "અકલ અનુપમ મૂર્તિ" ભાસશે. વિશ્વ તે રાસના સંગીતથી ઊભરાયેલું ભાસશે, અને "ભાસશે ઘણી વ્રજવનવેલી"-બ્રહ્મરૂપ વ્રજવનની વેલી આ રાસમાં પ્રત્યક્ષ થશે. વળી યોગદૃષ્ટિ પામી કવિ કહે છે કે "નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે" ત્યારે "તે જ હું"ના સંસ્કૃત અક્ષર "**सोऽहम्**" સંભારી એક બીજા કવિનું વાક્ય સ્મરણમાં આવે છે કે "સોહં જાપ જપંતાં પામે બ્રહ્મને પળમાં યોગી" એ બ્રહ્મ-એ હરિ-પાસે છે-પોતાનામાં છે, પણ તેની અને મનુષ્યની સ્થૂલ દૃષ્ટિની વચ્ચે "ઓંકાર આડો પડેલો છે" એવું કવિ ગણે છે. આ "ઓંકાર" કયો? માણ્ડૂક્યોપનિષદ્‌માં વર્ણવેલા ચતુષ્પાદ બ્રહ્મના ત્રણ પાદ-જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ-રૂપ ઓંકારના ત્રણ પાદ દૂર કરો, તો ચતુર્થ પાદમાં નિર્ગુણ હરિ પ્રત્યક્ષ થાય છે. એ માત્રારહિત ચતુર્થ બ્રહ્મપાદ આ માત્રાવાળા ત્રિપાદ ઓંકારમાં વર્તે છે. તે ઓંકારને ભેદી ચતુર્થ પાદ જોવો, જાગરિત સ્વપ્ન-સુષુપ્તિરૂપ ઓંકારપાદ આડા પડેલા છે તે દૂર કરી, તેમાં રહેલું



નિર્ગુણ આત્મતત્ત્વ અનુભવવું, એ જ અભિપ્રાયવાળી ગોપી પાસે નરસિંહ કહેવડાવે છે કે

"પ્રભુજી છે પાસે રે, હરિ નથી વેગળા રે, આડડાને પડ્યો છે ઓંકાર,
દિનકર રૂંધ્યો રે જેમ કોઈ વાદળે રે, થયું અજવાળું મટ્યો અંધકાર,
વાદળું ને મટ્યું રે, લાગ્યું જેમ દીસવા રે, ભાનુ કાંઈ દેખાયો ને તે વાર,
લોકડિયાંની લાજ રે, બાઈ મેં તો નાખીપો રે, મેલી કુળતણી કંઈ લાજ,
આદવાને માથે રે છેડો થઈ નાંખિયો રે, ત્યારે પ્રભુ-વર પામી છું આજ."

મીરાંબાઈએ વ્રજમાં જે એક જ પુરુષ સર્વના પતિરૂપ દીઠેલો તે જ આ ગોપી જુએ છે; એ પતિની અને ગોપીની દૃષ્ટિ વચ્ચે પ્રથમ માયાનો ઓંકાર વાદળા પેઠે વચ્ચે પડ્યો હતો, તે દૂર થતાં ભાનુ પ્રકાશે છે અને ગોપી પ્રભુ-વરને પામે છે. નિર્ગુણ અમાત્ર આત્મતત્ત્વ વિના ગોપીનો આ બીજો વર નથી. ભક્તમાત્ર એ તત્ત્વની ઉપાસક ગોપી છે. એ ઉપાસક ગોપીરૂપ બુદ્ધિઓ અનેક છે. પણ તે સર્વમાં અનેક પ્રતિબિમ્બોરૂપે વસેલું આત્મતત્ત્વનું વસ્તુરૂપ બિમ્બ તે સર્વ બુદ્ધિઓમાં વિલસે છે ત્યારે ભક્તિરસના રાસ મચે છે. કવિ તેને "અનંત ઓચ્છવ"નું નામ આપી તેનું ફળ ઉપાસકને પ્રત્યક્ષ થતું વર્ણવતાં કવિ કહે છે કે

"જળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં હેમની કોર જ્યાં નીસરે તોલે,
સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે સોનાનાં પારણાંમાંહી ઝૂલે."

જ્યાં આ સોનાના પારણામાં ઝૂલતા સચ્ચિદાનંદને કવિ કહી છે ત્યાં ઈશાવાસ્યોપનિષદ સોનાના પાત્રમાં સત્યતત્ત્વને ગુપ્ત રહેલું ગણી કહે છે કે

**हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।**
**तत्त्वं पूषन्नपावृणु सत्यधर्मस्य दृष्टये ॥**

અધ્યાત્મદૃષ્ટિ સોનાના પાત્રમાં સચ્ચિદાનંદને જુએ છે તો ભક્તકવિ તેને સોનાના પારણામાં જુએ છે ને ઝુલાવે છે.

સાંપ્રત ગુજરાતી સાહિત્યવૃક્ષનાં થડ અને મૂળ પંદરમા શતકમાં આ પ્રમાણે બંધાયાં, અને રજપૂત રાજાઓના કાળમાં સંસ્કૃત સાહિત્યભૂમિ ગુજરાતમાં ખેડાતી હતી તેમાં ઊગેલા વનસ્પતિઓના અંશમાંથી ગુજરાતી સાહિત્યનાં પ્રથમ મૂળમાં સત્ત્વ પ્રકટ્યું. ગુજરાતી

જૈન સાહિત્ય પંદરમા શતકમાં નથી. બાકી ભીમભાલણમાં દેવકથા અને માનુષીકથાનાં સાહિત્યમૂળ પ્રકટ થયાં, પણ દેવરહસ્યને પ્રકટ કરનારી જ્વાલાઓ તો મીરાંમાં અને નરસિંહમાં પ્રકાશી. તેમાં પણ દેવકથા, દેવરહસ્ય અને અધ્યાત્મવિષય એ ત્રણુની રમણીય ફૂલગૂંથણી નરસિંહમાં જેવી પ્રકટ થઈ છે તેવી પાછળના કવિઓમાં પણ નથી થઈ. હિન્દી ભાષાની ઉત્પત્તિ અને તામિલ સાહિત્યની ઉત્પત્તિ ગુજરાતી પહેલાં થઈ, પણ તામિલ ભાષાનું સાહિત્ય જાણવા પ્રમાણે નરસિંહ જેવું હજી નથી અને હિન્દી કવિઓ તો નરસિંહના અનુયાયી જેવા કાળક્રમમાં છે.

## પર્વ ૨ : સોળમું ઈસવી શતક : કવિઓ

માત્ર ત્રણુ કવિઓ (૧) વસ્તો, (૨) વછરાજ, (૩) તુળસી.
તે માટે જુઓ પરિશિષ્ટ.

વછરાજ—જંબુસર—કબીરપંથ-

રસમંજરી } માનુષી કથા—સામળની પદ્ધતિનું મૂળ.
ચોચરિત }

વસ્તો: બોરસદ } દેવકથા-પ્રેમાનંદની પદ્ધતિનું મૂળ.
તુળસી: જૂનાગઢ, કુતિયાણા }

વસ્તાનું ને તુળસીનું મૂળ નરસિંહ. અને વાર્તાવિસ્તાર તેમનો પોતાનો. કબીરપંથી વછરાજે દેવકથા મૂકી દીધી ને વાર્તાવિસ્તાર રાખ્યો.

## પર્વ ૩: સત્તરમું શતક : કવિઓ

**અખો**, અમદાવાદ. **પ્રેમાનંદ**, વડોદરા. **સામળ**, સીંહુજ.

ગોપાળદાસ, રત્નેશ્વર, શિવદાસ, દ્વારકાદાસ, નાકર, મુકુંદ, વલ્લભભટ, વીરજી, હરિદાસ વગેરે.

પ્રેમાનંદ—દેવકથા; અખો—અધ્યાત્મ; અને સામળ—માનુષી-કથા.

**પ્રેમાનંદની** દેવકથા—વાર્તાવિસ્તાર સોળમા શતકનો, પંદરમાં નરસિંહનાં બીજનો વિકાસ, સંસ્કૃત કવિઓના અલંકાર આલેખના ધ્વનિ, દેવકથામાં માનુષ હૃદયનાં રસસ્થાનની પ્રતિષ્ઠા—પ્રેમાનંદની જાતશક્તિનો વિકાસ.



**સામળની** માનુષી કથા—સોળમા શતકની માનુષી કથાનો વિસ્તાર; પણ તેનું અનંત શાબ્દિત્વ, વાક્ચાતુર્ય, અનુભવબુદ્ધિ, રૂઢિમાર્ગ વગેરે—સામળની જાતશક્તિનો વિકાસ.

અખો—અધ્યાત્મબીજ નરસિંહનાં, પણ દેવરહસ્યની જ્વાલાઓ શૂન્ય. કબીર વગેરેની અસરથી ? વાક્યપ્રહાર—બીજ નરસિંહમાંથી. અખાનું ગુરુઅંગ અને નરસિંહનાં "અંધ ગુરુએ વળી નિરંધ ચેલા કર્યાં" "કરણી તો કામની, હોડ કરે હંસની" વગેરે, પણ વિસ્તાર અખાની જાતશક્તિમાંથી.

## પર્વ ૪ : અઢારમું શતક : જૈન કવિતાનો પ્રથમ ઉદય.

અખો, પ્રેમાનંદ, અને સામળની શક્તિનો **અભાવ**. થોડા પણ મહાન અંગારને સાટે સ્ફુલિંગો, તડતડિયા ને તણખા: સુંદર નાનાં રમણીય કાવ્યો.

આ અને સત્તરમા શતકમાં ફેર શાથી ?—Classical Poets નામના લેખમાં મેં લખ્યું છે. જુઓ પરિશિષ્ટ.

કવિઓ:—(અ) દ્વારકો, ધનદાસ, નરભેરામ, પ્રીતમદાસ, બ્રહ્માનંદ, ભાણુદાસ, વલ્લભ ભટ (અમદાવાદી), શિવાનંદ, બાપુસાહેબ ગાયકવાડ(?) દીવાથી.

(આ) જૈનકવિ-ઉદયરત્ન.

અધ્યાત્મ, દેવકથા, માનુષી કથા, વગેરે પાછલા યુગના **તણખા**. નવું કાંઈ નહીં. જૈન કવિતાનો ગુજરાતીમાં પ્રથમ ઉદય—અન્ય કવિઓથી જુદો પડતો અને ઉક્ત પ્રકારની જૈન શૈલીના અને જૈન વિરક્તિના ગુણોથી ભરેલો—પણ તણખા જેવો જ.

## પર્વ ૫: ઓગણીસમું શતક : ૧૮૫૦ સુધી : કવિઓ.

૧૮૫૦ સુધી (અઢારમાના ઉત્તરાર્ધથી).

**પ્રથમ ભાગ**—ગીરધર અને રણછોડજી દીવાન—સવિસ્તર દેવકથા.

**બીજો ભાગ**—ધીરો, મનોહર, ભોજો, અધ્યાત્મ અને યોગ: પાછલા યુગોનો વિકાસ; યોગ-નવો.

**ત્રીજો ભાગ**—પરચુરણ સર્વ—મુક્તાનંદ, નિષ્કુળાનંદ, પ્રેમાનંદસ્વામી, બાપુ, રણછોડ ભક્ત, હરિભટ, હરિરામ, નીરાંત અને રાધાબાઈ. અઢારમા શતક જેવા તણખા. ઉપરચોટિયા કવિની સંખ્યા—માત્ર વીસ પચીસ અને એ પણ તણખા જ. તણખા-તે વૃક્ષને શિખરે આવેલાં નાનાં નાનાં ખરી પડતાં ફૂલો જેવા.

**ચોથો ભાગ**—જૈન કવિઓ, બે ચારેક, અઢારમા શતક પેઠે.

**પાંચમો ભાગ**—દયારામ: દેવરહસ્ય-નરસિંહ પછી દયારામમાં જ; અધ્યાત્મ-અલ્પ; દેવકથા વિસ્તારવાળી તેમ તણખા જેવી, બે જાતની, પણ માનુષી વૃત્તિઓથી ભભરાતી, છતાં પણ પ્રેમાનંદના જેવા માનુષી હૃદયના ઉચ્ચ અને સ્થાયી વિકારોની પ્રતિષ્ઠાને સાટે નિરંકુશ અને ઉછળતા ક્ષણિક વિકારોની પ્રતિષ્ઠા એ પોતાની શક્તિ; વૈરાગ્ય અને ભક્તિ શુદ્ધ, પણ મનુષ્યહૃદયની નિર્બલતાને સ્વીકારીને તેમાંથી ઉદ્ધાર માગવા હરિશરણ; નરસિંહ અને મીરાંનાં હૃદયમાં વિશુદ્ધિના બળથી પ્રભુ સાથે ઐક્ય.

ઉપર કહી ગયા છીએ તે પ્રમાણે જોતાં જણાશે કે પુણ્ય અને પાપમાં ઇષ્ટદેવોની વૃદ્ધિ થતી જાય છે એ 'ભ્રમણશાન્તિ'નું સ્પષ્ટ ચિહ્ન સ્ફુટ થાય છે. (જુઓ પરિશિષ્ટ)

## ઉપસંહાર

પાંચ પેરાઈઓ નાંખી ઊગ્યું ઊગેલું ગુજરાતી પ્રાચીન સાહિત્યનું વૃક્ષ આમ સમાપ્ત થાય છે. તે પછી હાલની વિદ્યાનું-અર્વાચીન સાહિત્ય એ જ વૃક્ષમાંથી બીજી વડવાઈઓ પેઠે નવી ભૂમિમાં મૂળ નાંખી ઊગ્યું છે. એ નવી ભૂમિ એક પાસથી અને પ્રાચીન વૃક્ષ સાથે બીજી પાસથી જોડાયેલા વડવાઈઓરૂપે વિસ્તાર પામતા આપણા અર્વાચીન સાહિત્યવૃક્ષની સ્થિતિ સુપ્રસિદ્ધ છે અને તેને માટે આજ અવકાશ નથી, પણ જે પ્રાચીન વૃક્ષ સાથે એ નવીન વૃક્ષ જોડાયેલું છે તે વૃક્ષની સુસ્થિતિ ઉપર નવા વૃક્ષની સુસ્થિતિનો પણ આધાર છે. માટે પાંચસો વર્ષથી પાંચ પેરાઈઓ નાંખી ઊગી નીકળેલા આપણા પ્રાચીન સાહિત્યના રસથી આપણે ભોમિયા થઈશું, તો જ તેના રસાયણનો ઉત્તમ લાભ પામીશું.

એ પ્રાચીન વૃક્ષની ભૂમિ રજપૂત રાજાઓના કાળના કેવા કેવા



સમર્થ સંસ્કૃત ગ્રન્થોની બંધાઈ હતી, અને એ ભૂમિમાંથી આપણા આદિ કવિઓએ કેવી રીતે બીજ અને પોષણ લીધાં છે, તે નરસિંહના દૃષ્ટાંતથી આપણે જોયું. એ આદિ કવિઓના સાહિત્યમાં ચડેલાં તત્ત્વ-કથાભાગ, રસભાગ, રહસ્યભાગ, અને જ્ઞાનભાગ, થડમૂળમાંથી ચડતા રસ પત્રપુષ્પાદિકમાં ચડે તેમ આપણા પ્રાચીન સાહિત્યની છેલ્લામાં છેલ્લી પેરાઈઓમાં અને તેમનાં અંશોમાં ચડ્યા છે તે આપણે જોયું. આપણી અર્વાચીન વડવાઈઓ ભલે નવી ભૂમિઓમાં પ્રવેશ કરે પણ તેમનું મૂળ પોષણ તો પ્રાચીન વૃક્ષોમાંથી જ સતત ધારારૂપે ચાલ્યું આવશે તો જ તે આપણા લોકનાં જીવનમાં ફળી શકશે. નવા સાહિત્યના પોષકોએ આ વાત ભૂલવા જેવી નથી અને તેમાંનાં કેટલાકના લેખને સામાન્ય વાંચનારાઓ ગમે તો રોષ દૃષ્ટિથી જુએ છે અને ગમે તો જોતા જ નથી. તે સાહિત્યરોગનું કારણ એક એ છે કે આ નવા સાહિત્યકારો આપણા પ્રાચીન વૃક્ષના રસોનું સેવન યથેષ્ટ કરતા નથી અને એ સેવન વિનાના પાક લોકને પચતા નથી.

બીજી પાસથી દૃષ્ટિ કરીએ છીએ તો આપણા પ્રાચીન વૃક્ષના ઇતિહાસમાં તેનાં થડમૂળની સ્થિતિ અને ત્રીજા પર્વની એટલે પ્રેમાનંદના યુગની સ્થિતિ એ બે ભાગ જેવા બલિષ્ઠ નીવડ્યા છે તેવા બળવાળા અન્ય ભાગ નીવડ્યા નથી. છેલ્લા પર્વમાં દયારામે પણ બલિષ્ઠતા ઘણી દર્શાવી છે અને હાલમાં તેની કવિતામાંના કેટલાક અંશ નિન્દ્ય ગણાવાથી તેનું બળ હીન થઈ ગયું છે. પરંતુ આ પરિણામને માટે કેટલીક રીતે એ મહાકવિની ઉચ્છૃંખલતાને માથે મુકાયેલો આરોપ યોગ્ય છે તો બીજી રીતે એ કવિની વાણીના શક્તિપાત ઝીલવામાં હાલના લોકની અશક્તિ પણ દેખાય એવી છે. નરસિંહ મહેતાના કાળ પછી દેવરહસ્યનો મર્મજ્ઞ વર્ગ નષ્ટ થયો છે. તે રહસ્યોનો પુનરુદ્ધાર કરવા દયારામ જે પ્રયત્ન કરે છે તે તેના રસિકવલ્લભ આદિ કાવ્યોમાંથી જડશે. આવા મર્મજ્ઞ વર્ગ વિના ભક્તિની જ્વાલાઓ પૂર્ણ કલાથી પ્રકટ થવી કઠણ છે. આપણા જૂના વર્ગના વડીલોમાં ભક્તિની જ્વાલાઓ છે પણ તે અસમંજસ અને અપૂર્ણ હોય છે અને રહસ્યની મર્મજ્ઞતા તેમનામાં દિવસે દિવસે ક્ષીણ થાય છે. આપણા અંગ્રેજી સાહિત્યમાં ઉછરેલા વિદ્વાનો મોડા વહેલા આ મર્મજ્ઞતાને પામી શકવાનો સંભવ છે. પણ ભક્તિની જ્વાલાઓ તેમનાં હૃદયમાં શુદ્ધ સત્તાથી પ્રકટ થઈ શકશે તે ઘણા

કાળ સુધી કઠણ નીવડશે. પણ કેશવચન્દ્રના જેવાં હૃદય આ વર્ગમાં કોઈ દિવસ નીવડી શકશે એવી આશા એ જ મહાત્માના દૃષ્ટાન્તથી સાર્થક થાય છે. જ્યારે એવો કાળ આવશે ત્યારે જે સાહિત્યબળ આપણા પ્રાચીન વૃક્ષે ધારેલું છે તેવું બળ નવીન વૃક્ષ પણ ધારી શકશે.

દૈવરહસ્ય અને ભક્તિરસને વિષયે આવી આશા છે તો પ્રેમાનંદની, શામળની અને દયારામની કવિતાઓમાં સ્ફુરતા માનુષ વ્યવહારના હૃદયરસ એ કવિઓના જેવું બળ પ્રાપ્ત કરવામાં આવશ્યક છે. શૈલી અને વર્ણ્યઅર્થના ઉત્કૃષ્ટ હૃદયરસ આપણે ચાર અંગ્રેજી જાણનારાઓને પ્રિય લાગે તે સ્વાભાવિક છે, અને તેથી આપણા સાહિત્યનો ઉત્કર્ષ સંભવે છે. પરંતુ તે જ રસનું આપણા લોકના રસની ભાવભાષામાં કાંઈક અવતરણ કર્યાં વિના આ ઉત્કર્ષ લોકમાં પ્રસરવાનો નથી. એ અવતરણ કેવી કળાથી કરવું તેનાં દૃષ્ટાંત નરસિંહ મહેતાની અને અખાની વાણીમાંથી જડશે. કારણ તેમણે તેમના કાળના લોકના હૃદય-કિલ્લાઓ સર કર્યાં હતા, તે, લોકનું કેવળ અનુસરણ કરીને નહીં, પણ લોકપ્રવાહના સામા મોરચા માંડીને સર કર્યાં હતા.

પ્રેમાનંદ પેઠે ભાવવર્ગ ભરેલા લોકને અનુસરી વશ કરવામાં તેમ નરસિંહ અને અખાની પેઠે તેમને સર કરી વશ કરવામાં જે જે કળાઓ શોધવાની છે, તે જ શોધનમાં પ્રાચીન અને અર્વાચીન સાહિત્યવૃક્ષોના સાંધેલામાં પોષણ વીર્યવૃદ્ધિ અને ઉત્કર્ષ છે. તે શોધન આવી સાહિત્ય-પરિષદોથી સિદ્ધ થાય, તો તેમાં જૂના અને નવા સર્વ વર્ગનું કલ્યાણ સમાયેલું છે.

---

## પરિશિષ્ટ

પંદરમા સૈકામાં ઉત્તર ગુજરાત, અમદાવાદના સુલતાનના તાબામાં હતું, અને છેક પશ્ચિમમાં આવેલા જૂનાગઢને ૧૪૭૨ માં જે તિથિએ સુલતાન મહમદ બેગડાએ સર કર્યું તે તિથિ નરસિંહ મહેતાની કારકિર્દીના અંતકાળનો સમય બતાવે છે. પણ તે પછી સુલતાન પૂર્વ ગુજરાતમાં પોતાના વિજયની હદ વધારતો જતો હતો અને મૂળ ગુજરાત દેશની રાજધાની ચાંપાનેર કે જે હાલમાં ખંડેર થઈ ગયું છે તે છતવામાં તે રોકાયેલો હતો; અને જ્યારે તે સત્તાહીન થયો



ત્યારે એક શતક કરતાં વધારે ગુજરાતમાં અંધેર હતું, અને આવા સમયમાં કાવ્યનું પોષણ અશક્ય હતું. ૧૫૭૩ માં અમદાવાદ અકબર બાદશાહે કબજે કર્યું, પરન્તુ તે સૈકાના અંત સુધી પ્રજામાં સુલેહ પ્રસરી દેખાતી નથી. અને જ્યાં દેશમાં સુલેહ શાંતિ પ્રસરી ત્યારે કવિઓની ઝાંખી પણ દેશમાં થવા લાગી. આટલા દીર્ઘકાળ પર્યન્ત કવિતાનો વિષય અતિશય શૂન્ય રહ્યો તેનું કારણ દેશની છિન્નભિન્ન દશા જોતાં સમજાય છે. અને ચાંપાનેર કે જેનું નામ રસસંસ્કારથી શૂન્ય નથી તેમાં પણ કાંઈક કવિતા ઉદય પામી હોવી જોઈએ અને આ નગરના નાશ સાથે તે નાશ પામી હોય એવું પણ હોવાનો સંભવ કેમ ન હોય! સત્તરમા સૈકામાં શાંતિ અને સુલેહ ઉદય પામ્યાં તેની સાથે જે ત્રણ મહાકવિઓની ઝાંખી આપણી દૃષ્ટિમર્યાદામાં આવે છે તે પ્રેમાનંદ, શામળ અને અખો છે. આ ત્રણમાંના દરેક જણે પોતપોતાની નવીન પદ્ધતિપર કામ આરંભ્યું છે. દરેકે બીજાની કૃતિમાં રહેલી ન્યૂનતા પૂરી પાડેલી છે, અને દરેક જણ પોતાના મહાકાર્યમાં ઉત્તમ નિવડ્યા છે. આજ સુધી કવિતાના વિષયમાત્રમાં ધર્મ અને ભક્તિના પ્રવાહ એકલા જ જોવામાં આવતા હતા. તેના કરતાં તે બાંધી હદના દર્શનને સ્થાને આ નવા યુગમાં કાંઈ વિશેષ દર્શન થવા માંડ્યું જોઈ આપણને બહુ અનુકૂળ પડતી નવાઈ લાગવાનો પ્રસંગ આવે છે. કારણ કે હવે આ દેશમાં કવિતાની ઇમારત પોતાના સ્વતંત્ર પાયા ઉપર પહેલવહેલી વાર જ બંધાય છે અને આ કવિતા જાતે કૃત્રિમ બંધનોમાંથી આમ મુક્ત થઈ એટલે, મનુષ્ય જાતિની બુદ્ધિઓની અને ભાવનાઓની વિકાસશક્તિ અને ઉન્નતિ આપવાના પોતાના કર્તવ્યનો એ કવિતા હવે આરંભ માંડે છે. ધાર્મિક કવિતા હલકી પાડવાના આશયથી આ કહેવામાં આવ્યું નથી. પરંતુ જાણે કે કવિતાને પોતાનો સ્વતંત્ર વિષય કાંઈ હોય જ નહીં તેવી રીતે જે સ્થાનિક વહેમોએ કવિતાને આ દેશમાં સેંકડો વર્ષો સુધી ફક્ત ધાર્મિક વિષયની માત્ર દાસી જેવી કરી રાખી છે તે લોકવહેમોને અસ્ત કરવાના આશયથી ઉપર પ્રમાણે કહેવામાં આવ્યું છે. આ પ્રકારે આ મહાન અને સર્વમાન્ય કવિઓના ગ્રંથો જનસમૂહને યોગ્ય રીતે સમજાવવાની જરૂર છે, તેનું મુખ્ય કારણ એવું છે કે, ઉપર કહ્યા પ્રમાણે કવિતાના સ્વતંત્ર કાર્યારંભથી જે લાભ મળી શકે એવો છે તે કાંઈ નાનોસૂનો

નથી. (Classical Poets, Pages 27–28.) (ભાષાન્તર કરનાર: બળવંતરામ ગુલાબરામ ત્રિવેદી.)

અખો, પ્રેમાનંદ અને સામળ, સત્તરમા શતકમાં ગુજરાતી કવિતાની ભૂમિપર પ્રકાશ આપનાર ત્રણ મુખ્ય તારા છે. અને ઉત્તરોત્તર સૈકાના ઇતિહાસથી જણાઈ આવે છે કે ગુજરાતી સાહિત્યના આખા ઇતિહાસમાં આ ત્રણ જ કવિઓએ ધર્મ વિષયના કેવળ દાસત્વ સિવાયની શુદ્ધ અને સ્વલક્ષણવતી કવિતા લખી છે. આ દેશની પ્રજાનો સુલેહ અને આબાદીએ હજી વધારે વિકાસ થવા દીધો હોત તો આ કવિત્રિપુટીએ અને પ્રેમાનંદના સાડત્રીસ શિષ્યોએ જે પદ્ધતિ પર કાવ્યની અભિવૃદ્ધિ કરી તે પદ્ધતિ જનસમૂહની પ્રકૃતિને આરોગ્ય અને દીર્ઘતા આપવામાં કાંઈ થોડી સાધનભૂત ન થાત, અને અર્વાચીન ગુજરાત દેશમાં હાલ જે જાતની પ્રજાઓ વસે છે તે કરતાં વધારે બુદ્ધિશુદ્ધિવાળા અને લક્ષણવાળા ફળો ઉદય પામ્યા હોત. પરંતુ દૈવે તેથી ઊલટું જ ઇચ્છયું. બાદશાહ શાહજહાનનો અમલ પૂર્ણ થયો, ને ઔરંગઝેબનું તખ્તનશીન થવું–આ બે બનાવ જાતે જ વિનાશકારક હતા એટલું જ નહીં પણ તેની સાથે સાથે મરાઠાના લૂંટારા ટોળાંનું અભ્યુત્થાન થયું કે જેના આવવાથી કવિઓના અને વ્યાપારી વર્ગના દેશને કાંઈ સારા શકુન થયા નહીં.

અઢારમા સૈકાનો આરંભ ગુજરાતમાં થયો તેવું જ તેનું પોત અવ્યવસ્થાના પ્રવર્તનથી તેણે પ્રકાશ્યું. પોતાના સૂબાઓ અને સેનાપતિઓનો ઔરંગઝેબને વિશ્વાસ નહોતો તેમ તેઓ એક બીજાના પર પણ વિશ્વાસ રાખતા નહીં, અને તેઓને માંહોમાંહે એક બીજાનાં ચારકર્મ અને વિનાશ કરવાને રાખવામાં આવતા હતા તેથી તેઓએ ગુજરાતને પોતાના યુદ્ધોનું, ખટપટનું ક્ષેત્ર બનાવી મૂક્યું. બળતામાં ઘી હોમવાને જુદા જુદા મરાઠા સરદારોએ આ દેશમાં તે જ પ્રમાણે વર્તવા માંડ્યું. અને તેઓની એક બીજા સાથેની તેમ મુગલોના ફુટેલા સરદારોની સાથેની અનિયમિત અને સંતાકુકડી જેવી યુદ્ધકળાથી આખા ગુજરાતમાં ચારે પાસ લૂંટ અને વિગ્રહના સર્વવ્યાપી અગ્નિનો ભડકો પ્રસરવા લાગ્યો. ત્રીસ વર્ષ સુધી આવી અસ્ખલિત લડાઈ થયા પછી છેક ૧૭૩૨માં વડોદરાને રાજધાની શહેર ગાયકવાડો મુકરર કરવા પામ્યા. અને આ પછી કેટલાક દશકા સુધી લડાઈ તથા અવ્યવસ્થા



બંધ પડ્યાં નહીં. અઢારમા સૈકાના પૂર્વાર્ધમાં એવા અનેક પ્રસંગો આવતા કે જ્યારે ચાર મરાઠા અને બે મોગલ સરદારો મળી સાથેસાથે પોતાની તરવારોનો ડર બતાવી જેની જે માગે તે ગુજરાતની વસ્તીએ પૂરી પાડવી પડતી; અને જ્યારે નામની રાજસત્તા તેઓમાંથી એક અથવા બીજા પાસે થોડા કાળ માટે દેખાતી ત્યારે પણ લડાઈ અને લૂંટની બીક તો હમેશ રહેતી. આ સૈકાની લગભગ મધ્યમાં જ્યારે મુગલોને બિલકુલ હાંકી કાઢવામાં આવ્યા ત્યારે સુલેહનો શબ્દ પહેલવહેલો જણાયો પણ હજુએ પેશ્વા અને ગાયકવાડ, દેશમાં પાસે પાસે એક બીજાની ઈર્ષા કરી રાજ્ય કરતા હતા. આ પ્રસંગનો લાભ લેવા કોળી તથા ઇતર લોકોની જાતિ ચૂકી નહીં. અને એમ કહીએ કે આખું સૈકું અને ઓગણીસમા સૈકાનાં થોડાં વર્ષ આખા દેશમાં લૂંટ અને વિગ્રહનાં હતાં તો તે ખોટું નથી. શાંતિકાળની કળાઓના ઉદયને માટે વડોદરામાં પણ અવકાશ ન હતો, કારણ જ્યારથી રાજાઓનું તે રાજનગર થયું ત્યારથી હમેશ મોટા અને નાના વર્ગની ખટપટોનું મધ્યસ્થાન પણ થઈ પડ્યું હતું.

આના પહેલાના સૈકામાં કવિતાનો જે વિકાસ આ દેશમાં થયો હતો તેવા કાંઈ પણ વિકાસને દેશની આવી સ્થિતિએ બિલકુલ બંધ કર્યો એ વાત સમજી શકાય એવી છે, પરન્તુ એક વખત સળગેલી જ્વાળા કેવળ હોલવાઈ જાય એવું ન થયું. તે જ્વાળા માત્ર એક જુદા રંગથી અને ઓછા જોસથી સળગવા લાગી. શુદ્ધ કવિતાના ઉદ્‌ગાર શુદ્ધ કવિતારૂપે બંધ થયા, પરંતુ આ અંધકારના યુગમાં અનેક નવા ધર્મના પંથોને ઉદ્‌ભવ પામવાની અનુકૂળતા મળી અને ભૂતકાળની કવિતામાંથી તેમને પોષણ મળ્યું. નરસિંહ, મીરાં અને પ્રેમાનંદ તથા અખાના અમર આત્માઓ પ્રથમ અખંડ ગ્રહોની પેઠે પ્રકાશ્યા હતા તેના હવે કટકા થઈ તેમાંથી અનેક ગુહખંડો બંધાયા અને જેમ જેમ અઢારમું શતક પૂરું થવા આવે છે ને ઓગણીસમું શતક ઉદય પામવા માંડે છે તેમ તેમ આ નાના કવિઓ અને કવિ-બટુકો દષ્ટિમર્યાદામાં ઊભરાવા માંડે છે અને તેમની સંખ્યાઓ વધારે વધારે ગાઢી થતી જાય છે.

તેમના પહેલાના શતકમાંના મહાકવિઓમાંથી એક અથવા બીજા કવિની ભાવનાના વારસાની સ્પષ્ટ નિશાનીઓ આ નવા કવિઓમાં

જણાઈ આવે છે. પરન્તુ અંદરથી અને બહારથી આ દેશ ઉપર જે અનેક ધર્મપંથોના પોષવા એકદમ છોડવામાં આવ્યા હતા તેમાંના એક અથવા બીજા પંથની વિચારણાઓથી અને શ્રદ્ધાઓથી આ કવિઓમાંના એકે એકની કવિભાવના છવાઈ ગયેલી છે. ગુજરાતની ઉત્તરમાં મીરાંના પતિનું રાજ્ય મેવાડ છે. સમકાલીન નરસિંહ મહેતાની પેઠે આ આર્ય સ્ત્રીની શ્રદ્ધા વિષ્ણુધર્મ ઉપર હતી. મેવાડના રાજાઓનો ધર્મ એ આર્યોનાથી એ જીવતાં જુદો જ હતો. અને તેથી ખટપટ અને સતાવણી એમાંથી બચવાને તેને ગુજરાતમાં નાસી આવવું પડ્યું હતું. પરંતુ મેવાડના લલાટમાં તેના ધર્મનો અંગીકાર કરી તેનો ખંગ વાળવા લખેલું હતું. આ પંથનો સ્થાપનાર વલ્લભાચાર્ય હતો કે જેને મુંબઈમાં ચાલેલા મહારાજા લાઈબલ કેસે પ્રસિદ્ધિમાં આણ્યો છે, તેનો ૧૪૭૯માં મીરાં અને નરસિંહ મહેતાના કવિજીવનના અંતસમયની લગભગમાં જ જન્મ થયો. વલ્લભ મેવાડના જૂના કાળથી ચાલતા આવેલા એકલિંગના ધર્મને સ્થાને આ નવો પંથ સ્થાપવામાં વિજયી થયો અને એ અરસિક અને વિરક્ત પંથને સ્થાને વલ્લભે એક એવો પુષ્ટિમાર્ગનો સંપ્રદાય નવો ચલાવ્યો કે જેમાં નરસિંહ મહેતાની ભાવનાઓને જન્મ આપનાર જ્ઞાનમાર્ગ અને કાવ્યરસના ચોકામાં, ઈશ્વરદત્ત વિધિનિષેધ અને પ્રતિજ્ઞાઓની અમુક સંખ્યાઓને ચલાવવા માંડી; અને નિરંતર ભક્તિએ ધીમે ધીમે આ વિધિનિષેધોનો અને પ્રતિજ્ઞાઓનો સ્વીકાર તેમના સ્વરૂપને સ્થાને દેખીતા વિષયવાસના ભરેલા શબ્દાર્થ, સમજીને કર્યો. હવે ગુજરાતના ચોસર જેવા આદિ કવિનાં રૂપો, ધર્મમાં તેમ જ કવિતામાં અજ્ઞાત થઈ ગયાં. આ પંથોની સમગ્ર રચના અશિક્ષિત જનસમૂહ માટે સ્થૂલ પદાર્થમાં, પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓમાં અને પૌરાણિક કથાઓમાં દેવભાવનાનું મિશ્ર સ્વરૂપ પામી જાય છે. પ્રાચીન રૂપો ભુલાઈ જવા છતાં આ કાળના કવિઓ વખતોવખત મનુષ્યની કરેલી મૂર્તિઓમાં વિશ્વના અદૃષ્ટ નિયંતાની ચિરંજીવ સંજ્ઞાઓને સાચવી રાખે છે, અને ભક્તજનમાં એવી ભાવનાને ભરે છે કે જેથી તે ભક્ત પ્રતિમાના આકારના ધ્યાનમાં લીન થઈ અંતે નિરંજન ઈશ્વરને પ્રત્યક્ષ કરે અને પ્રત્યક્ષમૂર્તિમાં વિશેષરૂપે પ્રત્યક્ષ થતા પરમ દૈવતની અંતઃકરણથી પૂજા કરે અને અંતે પુરાણોક્ત ઈશ્વરાવતાર ઉપરની પ્રીતિમાં સંક્રાન્ત થઈ તે દ્વારા નિરંજન નિરાકાર પરમાત્માને માટે અમૂર્ત પ્રીતિ રાખવાનું સાધન પામે. કવિઓની આ



રચના પદ્ધતિ, પછી તે વિષ્ણુ, શિવ કે શક્તિ વાસ્તે હો તો પણ તે પદ્ધતિ ઉક્ત કાળના કવિઓમાં સામાન્ય લક્ષણરૂપ છે. જે સૈકામાં અખો કવિ આ અને અન્ય ધર્મની સામે મર્મપ્રહારો કરતો હતો તે શતક વખતે આખા ગુજરાતમાંથી વલ્લભની સત્તા નિર્મૂલ નહીં કરી શક્યું હોય તો પણ ગુજરાતી કાવ્યોમાંથી તો વલ્લભની તે ધર્મસત્તાને દૂર રાખેલ છે. પણ જ્યાં આ સૈકું સમાપ્ત થયું અને તે પછીના સૈકાના રાજકીય અવ્યવસ્થા અને અંધકારે આ દેશને કેવળ રાજકીય નહીં પણ ધાર્મિક અને નૈતિક વિષયમાં ચઢાઈ કરી આવનારાઓને શરણ કર્યો, તે ક્ષણે જ વલ્લભના શિષ્યો દેશમાં ટોળાબંધ આવવા લાગ્યા, અને પુરુષો તેમ સ્ત્રીઓ તેમાં ઘણે ભાગે વણિક વર્ગે ઉન્માદનો આ નવીન પંથ સ્વીકાર્યો. આ કવિઓ કે જેઓ સાધારણ સમયમાં દૃઢ મગજના રહી શકત, તેઓ આ નવા પંથનું આવી અસ્તવ્યસ્ત સ્થિતિમાં આવી પડેલા સૈકામાં મહદ્રૂપે ગાણું ગાવા લાગ્યા. પરોક્ષ વા અપરોક્ષ આ પંથને માનનારા બીજા બાર કવિઓ આ દેશને આ કાળમાં એવી જાતની ઘણું કવિતા પૂરી પાડે છે કે તેમાં નથી જોવામાં આવતાં નરસિંહ મહેતાના તત્ત્વજ્ઞાન તથા શક્તિપાત કે નથી જોવામાં આવતી મીરાંની કોમળ શુદ્ધતા. ( Classical Poets–Pages 56–61; ભાષાન્તર કરનાર બ. શુ. ત્રિવેદી.)

### ક્લાસિકલ પોએટ્સ : પાન ૬૨–૬૩ નો સાર

આ શતકમાં આ ભોગવિલાસના પંથના અનેક કવિઓ આમ થઈ ગયા તો વિરક્તમાર્ગની છાયાઓ દૃષ્ટિમાંથી છેક ખસી ગઈ નથી. અને વલ્લભને દૂર રાખી વિષ્ણુને પૂજનાર વર્ગ કાઠિયાવાડમાં સબળ થતો હતો ને જૂના કવિઓની ભક્તિથી જીવન પામતો હતો. સ્વામીનારાયણના પંથના દીર્ઘદર્શી અને વ્યવહારનિપુણ પાયો નાખનારા, રામાયણના અવતારી પુરુષના શાંત અને સદ્ગુણી પૂજક, મહાયોગી શિવજીના ઉગ્ર ભક્તો, ચુંવાળના મેદાનોમાં તેમ ચાંપાનેરનાં ખંડેરો પાસે પાવાગઢના શિખરો ઉપર તેમ આરાસુરના શિખરો ઉપર કોઈક અગમ્ય મુહૂર્તોમાં પ્રતિષ્ઠા પામેલી જગદંબાના ભક્તો, અને અંતે પ્રાચીનતર કાળથી આબુ અને શેત્રુંજયના શિખરો ઉપર ટોળાંબંધ જાગેલા પ્રાચીન અને વિનીત જૈનો–આ અને બીજા ઘણાક ધર્મપંથો આ દેશની અંદરથી અને બહારથી ચોમાસાના ઘાસ પેઠે ચારે પાસ ઊગી નીકળ્યા, આખા

દેશમાં દેવાલયોની એક વિશાળ જાળ પ્રસારી રહ્યા, સર્વ જ્ઞાતિઓ અને વર્ગોને પોતાની સત્તામાં મહાબળથી લઈ રહ્યા, વિષ્ણુના દેવાલયોની સંખ્યાને પોતાની સંખ્યા કરતાં ઓછી કરી દીધી અને કવિતાના વિષયોમાં પણ આ યુગમાં આ પંથો તરી આવ્યા. આશરે ચાર જૈન જતીઓ, સ્વામીનારાયણ પંથના દસ સાધુઓ, ૭ રામભક્ત અને શિવ તથા શક્તિના ચાર પૂજકો કવિતાના વિષયમાં પોતાનાં ભાગ્ય અજમાવે છે અને તેમાં ઓછોવત્તો જશ પામે છે. જો વૈષ્ણવ માર્ગના કવિઓમાં ભક્તિપદ દયારામ, બહુલેખક ગિરધર અને રત્ના ભાવસારના જેવા કેટલાક હૃદયવેધક અને નાના શૃંગારપદ લખનારા બીજા થોડાક કવિઓ આ યુગમાં પ્રકટ ન થયા હોત તો ઉપર લખેલ અન્ય પંથના કવિઓ સંખ્યામાં અને ગુણોત્કર્ષમાં વૈષ્ણવ કવિઓ કરતાં વધી જાત. કારણ ઉપર લખેલા કવિઓ ઉપરાંત આશરે પંદર જ્ઞાનમાર્ગી કવિઓ પણ આ યુગમાં પ્રકટ થાય છે. અને અખો તથા કબીર વગેરેના જેવા તો છેક નહીં પણ તેમનાથી ઊતરતા તોપણ સુંદર અને ઉચ્ચ ભાવનાવાળા સંસ્કારોને આ કવિઓ પોતાની કવિતાથી ગુજરાતની વસ્તીના હૃદયોમાં આ યુગમાં ભરવા મંડે છે; અને કોને નમવું અને કોને માનવું તે સૂઝી ન શકવાથી આ સર્વ દેવો અને કવિઓ વચ્ચે ઊભેલો મનુષ્ય આ દેશના ધર્મવૈચિત્ર્યમાં જન્મ પામેલો હોઈ ભ્રમિત થઈ જાય છે, અને માત્ર એક વાત સિદ્ધ થવું છે કે સર્વ દેવોને, સર્વ સત્તાઓને અને સર્વ કવિઓને, નમ્રતાથી નમસ્કાર કરવા અને દૃઢ શ્રદ્ધાપૂર્વક માનવો તો માત્ર પોતાના કુટુંબના ઇષ્ટદેવને જ.

★